॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૩૬

અનુવાદ શ્રેણી સર્જક -

મુનિ દીપરત્નસાગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# દશવૈકાલિક

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૩૬ માં છે...

૦ દશવૈકાલિક-મૂળસૂત્ર-૩-

-૦- અધ્યયન-૧-થી

આરંભીને

-૦- અધ્યયન-૧૦ સુધી

— તથા —

-૦- ચૂલિકા-૧ અને ૨ સંપૂર્ણ

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ સટીક અનુવાદના

આ ભાગ 3૬ ની

સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવ

શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.ના સમુદાયના

**સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ.**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિ જૈન સંઘ**

**અંધેરી, મુંબઈ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુદાન દાતા

***આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા***

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૰પૂ૰ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૰મૂ૰પૂ૰ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૰ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૰ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૰ તપ૰ સંઘ, માંગરોળ - તરફથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(3) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૰ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૰ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૰ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૰દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૰સા૰**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૰**ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૰મૂ૰પૂ૰ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૰દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૰ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૰સા૰ના સુશિષ્યા **સા૰ સૂર્યપ્રભાશ્રીજી** મ૰ની પ્રેરણાથી – "શ્રી ભગવતી નગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૰ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૰ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૰મૂ૰પૂ૰ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૰મૂ૰પૂ૰ તપા૰ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૰ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૰મૂ૰પૂ૰ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ३. आगमसुत्ताणि-सटीकं
### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે ક્રાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ**

**નમો નમો નિમ્મલદંસણસ્સ**

પ.પૂ. આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ - ૩૬ :-

૦ આ ભાગમાં દશવૈકાલિક નામક મૂળ સૂત્રનો સંપૂર્ણ સમાવેશ થાય છે. 'દશવૈકાલિક' નામ સંસ્કૃત અને ગુજરાતીમાં પ્રસિદ્ધ છે. પણ પ્રાકૃતમાં તેનું નામ 'દસવેયાલિય' છે. કેટલાંક 'દસાકાલિય' સૂત્ર પણ કહે છે. તે પણ શાસ્ત્રીય છે. આ આગમમાં કુલ ૧૦ અધ્યયન તથા ૨ - ચૂલિકાઓ છે.

આ સમગ્ર આગમ ચરણકરણ અનુયોગની મુખ્યતાવાળું છે. શ્રમણ જીવનના પાલન માટેની નિયમાવલી સ્વરૂપ આ આગમની રચના શય્યંભવસૂરિજીએ પુત્ર મનકમુનિને માટે કરેલી છે.

મૂળસૂત્રો ચાર છે, તેમાં આ ત્રીજું મૂળસૂત્ર છે. આગમોમાં આ આગમનો ક્રમ - ૪૨ મો છે. તેમાં નિર્યુક્તિ, ભાષ્ય અને હરિભદ્રસૂરિ રચિત વૃત્તિ સહિત મૂળ દશવૈકાલિક સૂત્રનો અનુવાદ અહીં કરેલ છે. તેમાં શ્રી જિનદાસગણી કૃત ચૂર્ણિના અંશો પણ સમાવેલ છે. તે સિવાય શ્રી અગત્સ્યસિંહ સૂરિની ચૂર્ણિ પણ મળે છે. તેમજ બે-ત્રણ ટીકાઓ પણ જોવા મળે છે. જેમાં શ્રી અગત્સ્યસિંહ સૂરિકૃત ચૂર્ણિ તો અલગથી અનુવાદ કરવા યોગ્ય છે, જે પ્રૌઢ પ્રાકૃતમાં રચાયેલી છે.

પ્રસ્તુત અનુવાદમાં અમે સટીક વિવેચન શબ્દ એટલે પ્રયોજ્યો છે, જેથી આ માત્ર કોઈ એક જ વૃત્તિનો અનુવાદ ન બની રહેતા તેમાં સંદર્ભો પણ ઉમેરી શકાય, કેટલાંક ન્યાયો, વ્યાકરણ આદિ બાદ પણ થઈ જાય અને અને આવશ્યક્તા મુજબ સંક્ષેપ કે વિસ્તાર પણ થઈ શકે. જો કે શ્રી હારિભદ્રીયવૃત્તિની મુખ્યતા તો છે જ અને જ્યાં વૃત્તિ છોડેલ હોય ત્યાં - x - x - x - આવી નિશાની પણ કરી છે. શ્રમણ જીવન માટે નિતાંત ઉપયોગી અને આચારાદિ સૂત્રોની કેટલીક અનુવૃત્તિરૂપ આ આગમ માત્ર વાંચવા-લાયક જ નહીં પણ મનનીય અને ચિંતનીય છે સાથે આચરણીય પણ છે જ, કેમકે સમગ્ર યતિદિન ચર્ચાનો તેમાં સમાવેશ થયેલો છે. હાલ આ આગમના યોગોદ્વહન પછી જ સાધુ-સાધ્વીને વડીદીક્ષા રૂપ ઉપસ્થાપના કરાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૪૨ દશવૈકાલિક મૂલસૂત્ર-૩

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ શ્રી શય્યંભવસૂરિજી વિરચીત દશવૈકાલિક સૂત્રની શ્રી હરિભદ્રસૂરિકૃત બૃહદ્‌વૃત્તિથી અનુવાદ આરંભતા માંગલિકને કહે છે -

● મંગલ -

**ગાથા** - (૧) અન્ય તેજોને જિતનારા, સુર અને અસુરના ઇંદ્રોથી સેવિત, નિર્મળ, ત્રાસ રહિત, ત્રિલોક ચિંતામણી વીર પ્રભુ જય પામે છે.

**વિવેચન** - અહીં અર્થથી અરહંત પ્રણિત, સૂત્રથી ગણધર રચિત પૂર્વગત શ્રુત ઉદ્ધરીને, શરીર અને મનના કટુક દુઃખ પરંપરના વિનાશ હેતુથી દશકાલિક નામક શાસ્ત્રના અતિ સૂક્ષ્મ અને મહાર્થ વાળી વ્યાખ્યા કહીએ છીએ - તેમાં પ્રસ્તુત અર્થને પ્રગટ કરવાને ઇષ્ટદેવતા નમસ્કાર દ્વારથી સર્વ વિઘ્નના વિનાશમાં સમર્થ પરમ મંગલના આલય સ્વરૂપ આ પ્રતિજ્ઞા ગાથાને નિર્યુક્તિકાર કહે છે -

● **નિર્યુક્તિ - ૧**

સિદ્ધિ ગતિ પ્રાપ્ત અને કર્મ વિશુદ્ધ એવા સિદ્ધોને નમસ્કાર કરીને દશકાલિકની નિર્યુક્તિ હું રચીશ - સ્તવીશ.

● **વિવેચન - ૧**

સિદ્ધિ ગતિ પામેલને નમીને દશકાલિક નિર્યુક્તિ હું કરીશ. તેમાં સિદ્ધિ પામે છે - આમાં સંપૂર્ણ અર્થ પ્રાપ્ત કરેલા છે તે સિદ્ધિ - લોકાગ્ર ક્ષેત્રરૂપ. કહ્યું છે - અહીં શરીર છોડીને ત્યાં જઈને સિદ્ધ થાય છે. જવાય છે તે ગતિ, સિદ્ધ ગતિને સમીપતાથી પામેલા અર્થાત્ સર્વ લોકાંત ક્ષેત્રને પામેલા ને. - x - તેમાં પૃથ્વી આદિ એકેન્દ્રિયો પણ કર્મને વશ ત્યાં જવાથી યથોક્ત સ્વરૂપવાળા થાય છે. તેથી આગળ કહ્યું - જ્ઞાનાવરણીયાદિ કર્મથી રહિત - કર્મ કલંક રહિત એવાને.

(શંકા) જો એમ છે તો "સિદ્ધિ ગતિ પ્રાપ્ત" એવું ન કહો. કેમકે કર્મવિશુદ્ધ જ સિદ્ધિ ગતિ પામે છે. (સમાધાન) આ વિધાન ગમે તે ક્ષેત્રના વિભાગમાં રહેલા સિદ્ધજીવોને માનનાર દુર્નયના વાદને નિવારવા માટે છે. તેઓ તીર્થાદિ સિદ્ધ ભેદથી અનેક પ્રકારે હોય છે. આ ૧૫ ભેદ આ પ્રમાણે - તીર્થસિધ્ધ, અતીર્થસિધ્ધ, તીર્થકર સિદ્ધ. અતીર્થકર સિદ્ધ, સ્વયંબુદ્ધ, પ્રત્યેક બુદ્ધ, બુદ્ધબોધિત સિદ્ધ, સ્ત્રીલિંગ સિદ્ધ. પુરુષલિંગ સિદ્ધ, નપુંસકલિંગ સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ, ગૃહીલિંગ સિદ્ધ, એક સિદ્ધ, અનેક સિદ્ધ. તેથી "સર્વ સિદ્ધ" કહ્યા છે. - x - x - x -.

"કર્મથી વિશુદ્ધ"ને નમસ્કાર. આ વિશેષણ વડે જેઓ કર્મ - વાળા - અણિમાદિ વિચિત્ર ઐશ્વર્યવાળા સિદ્ધ માને છે, તેમની માન્યતાનું ખંડન કરેલ છે. - x - x - x - કેમ કે અણિમાદિ સિદ્ધિઓની વાંછાથી તેઓ નામના જ સિદ્ધ છે, જે મુમુક્ષુએ ઇચ્છવા લાયક નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ સિદ્ધોને એ વિશેષણથી સિદ્ધના પંદર ભેદો બતાવીને સર્વથા અદ્વૈતપક્ષનું ખંડન કરેલ છે. કેમકે તેઓ એક જ ભૂતાત્માને દરેક ભૂતમાં રહેલો માને છે. જો એક જ ભૂત હોય તો તે મોક્ષમાં જતાં મોક્ષપ્રવાહ બંધ થઈ જાય અને બીજા જીવોને મોક્ષનો અભાવ થઈ જાય.

'નમીને' આના વડે નિત્ય અને અનિત્ય એવા બે એકાંત વાદ માનનારાઓનું દૂષણ બતાવે છે - x - x - બંનેમાં ક્ત્વા પ્રત્યય ન લાગે તેમ વ્યાકરણના નિયમોથી - x - x - બતાવેલ છે. - x - x -

હવે સર્વે સિદ્ધોને નમીને શું કરે છે? તે જણાવે છે - હું દશકાલિકની નિર્યુક્તિનું કીર્તન કરીશ - રચીશ. તેમાં કાળ વડે નિર્વૃત્તતે કાલિક અર્થાત્ 'પ્રમાણ કાળ' વડે, એ ભાવ છે. દશ અધ્યયયના ભેદરૂપ હોવાથી દશ પ્રકાર 'કાલિક' છે. તેમાં પ્રકાર શબ્દના લોપથી 'દશકાલિક' શબ્દ થયો. 'વિ' શબ્દનો અર્થ અમે આગળ કહીશું.

ण्निर्युक्ति - નિર્યુક્ત જ સૂત્ર અને અર્થોની યુક્તિ એટલે પરિપાટી તે નિર્યુક્તિયુક્તિ. આમાં યુક્તિ શબ્દનો લોપ થવાથી 'નિર્યુક્તિ' શબ્દ બન્યો. તે છુટી - જૂદી બાબતોની યોજના ખુલાસાથી કહીશું.

શાસ્ત્રો આદિ, મધ્ય અને અંતમાં મંગલના ભાગી થાય છે.

● **નિર્યુક્તિ - ૨ -**

શાસ્ત્રોના આદિ, મધ્ય અને અંતમાં વિધિપૂર્વક મંગળનો પરિગ્રહ કરીને...

● **વિવેચન - ૨ -**

શાસ્ત્રની આદિમાં - પ્રારંભે, મધ્યમાં, અવસાને - અંતમાં, મંગલનો પરિગ્રહ કરીને કઈ રીતે? વિધિ વડે - પ્રવચનમાં કહેલ પ્રકારથી. ત્રણ મંગલની પરિકલ્પના શા માટે? બધાં વિઘ્નો દૂર કરવા માટે ઇચ્છિત શાસ્ત્રાર્થનો પાર પામવાને માટે, મધ્યમંગલનો પરિગ્રહ તેના સ્થિરીકરણને માટે છે, અંત્ય મંગલનો પરિગ્રહ તે જ સૂત્રાર્થ શિષ્ય પરંપરામાં નાશ થયા વિના ચાલે તે માટે છે. અહીં સાક્ષેપ - પરિહાર આવશ્યકના વિવરણથી જાણવો.

સામાન્યથી આ સર્વ શાસ્ત્ર મંગલ છે. જેમ નિર્જરાર્થે કરતાં તપની જેમ જાણવું. આ હેતુ અસિદ્ધ નથી. કેમકે વચનવિજ્ઞાનરૂપ આ શાસ્ત્ર છે. જ્ઞાનથી નિર્જરારૂપ સાર્થકતા સ્વીકારેલી છે. કહ્યું છે કે - નૈરયિક જે કર્મ ઘણાં કરોડ વર્ષે ખપાવે છે. તે ત્રણ ગુપ્તિવાળો જ્ઞાની શ્વાસોચ્છ્વાસ માત્રમાં ખપાવે છે, ઇત્યાદિ. અહીં આદિ મંગલ "દ્રુમપુષ્પિકા" અધ્યયનાદિ છે. કેમ કે તે ધર્મ પ્રશંસા પ્રતિપાદક સ્વરૂપવાળા છે. મધ્ય મંગલ - ધર્મ, અર્થ, કામ અધ્યયનાદિ છે, કેમકે તેમાં આચારકથા વિસ્તારતી કહેવાયેલ છે. ચરમમંગલ ભિક્ષુ અધ્યયનાદિ છે. કેમકે તેમાં ભિક્ષુ ગુણો આદિનું અવલંબન છે. આ પ્રમાણે અધ્યયનના વિભાગથી ત્રણ મંગલ બતાવ્યા,

હવે સૂત્રવિભાગથી બતાવે છે - તેમાં આદિમંગલ "ધમ્મો મંગલ ઇત્યાદિ સૂત્ર, કેમકે તેમાં ધર્મ બતાવેલો હોવાથી તે મંગલનો હેતુ છે. મધ્ય મંગલ 'णाणदंसणो'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇત્યાદિ સૂત્ર છે. કેમકે જ્ઞાનની સાથે સંબંધ કરવાથી તે જ્ઞાન મંગલનો હેતુ છે. અંત્ય મંગલ "નિક્ખમમાણા" આદિ૦ છે. કેમકે ભિક્ષુગુણોના સ્થિરીકરણાર્થે વિવિક્તચર્યાનો વિષય હોવાથી ભિક્ષુ ગુણોનું મંગલરૂપ જાણવું.

'મંગલ' શબ્દનો અર્થ શો છે? - x - x - જે વડે હિત મંગાય તે મંગલ. મંગાય અથવા સધાય તે મંગલ અથવા 'મઙ્ગ' એટલે ધર્મ. લા - લાવે તે. અથવા ધર્મને લાવે તે મંગલ. અતવા મને સંસારથી ગાળે - છૂટો કરે તે મંગલ અર્થાત્ સંસારથી દૂર કરે તે. તે નામાદિ ચાર ભેદે છે. તે આ રીતે ૦ નામ મંગલ, સ્થાપના મંગલ, દ્રવ્યમંગલ, ભાવ મંગલ. આનું સ્વરૂપ આવશ્યકના વિવરણથી જાણવું. તેને માટે નિર્યુક્તિકાર કહે છે -

**● નિર્યુક્તિ - ૨/૨ -**

નામાદિ મંગલને ચાર પ્રકારે પ્રરૂપીને...

**● વિવેચન - ૨/૨**

તે પૂર્વે ક્ત્વા પ્રત્યયના વિધાનથી બતાવીને શું? તે કહે છે -

**● નિર્યુક્તિ - ૩ -**

શ્રુતજ્ઞાનમાં અનુયોગ વડે પ્રાપ્ત કરેલ, તે ચાર પ્રકારે છે - ચરણાકરણાનુયોગ, ધર્માનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ.

**● વિવેચન - ૩ -**

શ્રુત એવું જે જ્ઞાન તે શ્રુતજ્ઞાન. તે શ્રુતજ્ઞાનમાં અનુયોગ વડે અધિકાર છે. અહીં આવી ભાવના છે - ભાવમંગલ અધિકારમાં શ્રુતજ્ઞાનથી અધિકાર છે. જે શ્રુત વડે જ બીજાનો અને પોતાનો અનુયોગ થાય છે. તેનું દૃષ્ટાંત પ્રદીપ માફક સમજવું. તેના ઉદ્દેશાદિ પ્રવર્તે છે. - x - તેમાં જે પહેલાં કહેવાય. તેમાં પહેલાં ઉદ્દેશ કરાયેલનો સમુદ્દેશ, પછી તેની સમનુજ્ઞા થાય. તે ત્રણેના સાથે હોવાથી 'અનુયોગ' થાય છે. તેથી નિર્યુક્તિકારે અહીં કહ્યું કે - "શ્રુતજ્ઞાનમાં અનુયોગ વડે અધિકાર છે. તે ચાર ભેદે છે -

(૧) ચરણકરણાનુયોગ - આચરાય તે ચરણ અર્થાત્ વ્રત આદિ. કહ્યું છે કે - વ્રત, શ્રમણ ધર્મ, સંયમ, વૈયાવચ્ચ, બ્રહ્મગુપ્તિ, જ્ઞાનાદિત્રિક, તપ, ક્રોધનિગ્રહાદિ ચરણ છે. કરાય તે કરણ - પિંડ વિશુદ્ધિ આદિ. કહ્યું છે - પિંડ વિશુદ્ધિ. સમિતિ, ભાવના, પ્રતિમા, ઇંદ્રિયનિરોધ, પંડિલેહણ, ગુપ્તિ અને અભિગ્રહ તે કરણ છે. આ ચરણ - કરણનો અનુયોગ તે ચરણકરણાનુયોગ. અનુયોગ એટલે અનુરૂપયોગ - સૂત્રનો અર્થની સાથે અનુરૂપ સંબંધ - વ્યાખ્યાન.

(૨) ધર્મકથાનુયોગ; (૩) કાલ - ગણિતાનુયોગ, (૪) દ્રવ્યાનુયોગ.

તેમાં કાલિક શ્રુત તે ચરણકરણાનુ યોગ છે. ઋષિભાષિત, ઉત્તરાધ્યયન આદિ ધર્મકથાનુયોગ, સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ ગણિતાનુયોગ અને દૃષ્ટિવાદ તે દ્રવ્યાનુયોગ છે. અહીં અર્થથી અનુયોગ બે ભેદે છે - અપૃથક્ત્વ અને પૃથક્ત્વ. એક જ સૂત્રમાં ચારે અનુયોગ કહેવાય તે અપૃથક્ત્વ જાણવા કેમકે સૂત્રોના અનંત ગુણ અને પર્યાય હોવાથી બધાં અનુયોગ સાથે લેવાય. પૃથક્ત્વ અનુયોગમાં કોઈ સૂત્રમાં ચરણ કરણ, કોઈકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મકથાનુયોગ આદિ અનુયોગ જૂદા જૂદા આવે છે. આર્ય વ્રજ સુધી ચારે અનુયોગ કાલિકાનુયોગ સાથે હતા. પછી કાલિક શ્રુતમાં અને દૃષ્ટિવાદમાં જૂદા જૂદા અનુયોગ થયા. આ બધો વિસ્તાર વિશેષાવશ્યક સૂત્રથી જાણવો. અહીં પૃથકત્વ અનુયોગથી અધિકાર છે. તેથી નિર્યુક્તિકાર કહે છે -

**● નિર્યુક્તિ - ૪ -**

અપૃથકત્વ અને પૃથકત્વ બતાવીને અહીં અધિકાર છે. અહીં ચરણકરણ અનુયોગના દ્વારો આ પ્રમાણે છે -

**● વિવેચન - ૪ -**

અપૃથકત્વ પૃથકત્વનો કંઈક નિર્દેશ કરીને અહીં પ્રક્રમમાં અધિકાર છે - ચરણકરણ અનુયોગથી. ચરણકરણાનુયોગના પ્રવેશ મુખ કહેવાનાર લક્ષણવાળા થાય છે, આ ગાથાર્થ કહ્યો.

**● નિર્યુક્તિ - ૫ -**

નિક્ષેપ, એકાર્થક, નિરુક્ત, વિધિ, પ્રવૃત્તિ, કોના વડે, કોનો? તે દ્વારના ભેદ, લક્ષણ, તેની યોગ્યતા, પરિષદ્ સૂત્રાર્થ વર્ણન.

**● વિવેચન - ૫ -**

આનો વિસ્તાર આવશ્યકના વિવરણથી જાણવો. સ્થાન શૂન્યાર્થે, તેનો સંક્ષેપાર્થ કહીએ છીએ. 'નિક્ષેપ' અનુયોગનો નિક્ષેપ કરવો. તે આ પ્રમાણે - નામ અનુયોગ ઇત્યાદિ. તેના જ એકાર્થિકો કહેવા, તે આ પ્રમાણે - અનુયોગ નિયોગ ઇત્યાદિ. તેનું જ નિરુક્ત કહેવું. અનુયોજન તે અનુયોગ અથવા અનુરૂપ યોગ ઇત્યાદિ. તેની જ વિધિ કહેવી. વક્તા અને શ્રોતાના અધિકાર બતાવવા. તેમાં સૂત્રનો શબ્દાર્થ કહેવો તે પહેલું નિર્યુક્તિ મિશ્રિત તે બીજો, ત્રીજું સંપૂર્ણ કથન, આ અનુયોગની વિધિ છે.

શ્રોતાની વિધિ આ પ્રમાણે - મૂંગો, હુંકાર, બાઢકાર, પ્રતિપૃચ્છા, વિમર્શ, પછી પ્રસંગ પારાયણ, પરનિષ્ઠા એ સાત ગુણ છે.

અનુયોગની પ્રવૃત્તિ અને વક્તવ્યતા ચાર ભંગાનુસારથી જાણવી - (૧) ગુરુ પ્રમાદી - શિષ્ય અપ્રમાદી, (૨) ગુરુ અપ્રમાદી - શિષ્ય પ્રમાદી, (૩) બંને પ્રમાદી. અહીં ત્રીજામાં કોઈ પ્રવૃત્તિ થતી નથી. પહેલાં અને બીજામાં થોડી-થોડી પ્રવૃત્તિ થાય, ચોથા ભંગમાં સંપૂર્ણ પ્રવૃત્તિ થાય.

અહીં દૂધ દેનારી ગાયનું દૃષ્ટાંત છે. (૧) ગાય વસૂકી ગયેલી, દોહનાર હોંશિયાર. (૨) ગાય દૂધ દેનારી, દોહનાર આળસુ. (૩) બંને નકામા. (૪) બંને કુશળ. આ ઉપમાથી આચાર્ય અને શિષ્યોને જાણવા. ગાય સમાન ગુરૂ, દોહનાર માફક શિષ્યો, દૂધ માફક અર્થ સમજવવાની પ્રવૃત્તિ. તે બીજા અને ત્રીજા ભંગમાં શૂન્ય જાણવી. ઇચ્છા ન હોય તો ગુરૂ યત્કિંચિત્ શિષ્યને પ્રાપ્ત કરાવી શકે. ચોથામાં પણ ગુરુની આકાંક્ષા અને શિષ્યના અપ્રમાદથી લાભ થઈ શકે છે.

અનુયોગ કોણે કરાવવો તે કહે છે - તેમાં જે આવા પ્રકારના આચાર્ય હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના વડે કરવો - ઉત્તમ દેશ, કુળ, જાતિ, રૂપવાળા હોય. સંઘયણી, ધૃતિયુક્ત, આકાંક્ષા રહિત, વિકથા ત્યાગી - બહું ભાષી ન હોય, અમાયી, જેનું વચન બીજા માન્ય કરે તેવા, જિતપર્ષદ્ - પરપ્રવાદીથી ક્ષોભ ન પામે તેવા, અપ્રમત્ત હોવાથી જિતનિદ્ર, મધ્યસ્થ સંવાદક, દેશકાળભાવજ્ઞ, આસન્નલબ્ધપ્રતિજ્ઞા, વિવિધ દેશની ભાષાનો જ્ઞાતા, પંચવિધ આચાર યુક્ત, સૂત્ર - અર્થ - તદુભયના વિધિજ્ઞ, આહરણ - હેતુ - કારણ - નયનિપુણ અને શીખવવામાં કુશળ, સ્વ સિદ્ધાંત - પર સિદ્ધાંતમાં વિદ્વાન, ગંભીર, દિપ્તમાન, શિવ, સૌમ્ય, શત ગુણોથી યુક્ત, પ્રવચનનો સાર કહેવાને યોગ્ય.

આ બધાંનો અર્થ બૃહત્કલ્પ સૂત્રથી જાણવો. જોકે અહીંથી વૃત્તિકારે દશકાલિકના વ્યાખ્યાનમાં કંઈક કહેલો છે - જેમકે આર્ય દેશમાં ઉત્પન્ન - વાક્યનો અવબોધ સુખેથી થાય, માટે દેશનું ગ્રહણ કર્યુ. પછી પિતાના કુળનું ગ્રહણ - ઉંચકેલ ભારના વહનથી ન થાકે. માતાની જાતિ - વિનયયુક્ત થાય છે ઇત્યાદિ - x - x - x - પ્રવચન એટલે આગમ, તેનો સાર કહેવાને માટે યોગ્, જેનાથી અનેક ભવ્યજીવોને પ્રબોધનો હેતુ થાય છે. કહ્યું છે કે ગુણયુક્ત વચન ઘી અને મધથી સીંચેલા અગ્નિ માફક દીપે છે અને ગુણહીનનું વચન ઘી વિનાના દીવા જેવું છે. વળી સારું બોલેલું પણ દુરાચારીનું વચન લોકો માનતા નથી, પણ ગુણવાન્ માણસનું વચન માનનીય થાય છે. અને પુષ્ટિકર બને છે. શિયાળાની ઠંડીમાં અને મહેનતથી મેળવેલ અગ્નિ જેમ કોઈ શ્મશાનમાં સેવતું નથી, તેમ પતિતનું વચન હિતકર હોય તો પણ લોકો ગ્રહણ કરતા નથી. તેવી રીતે સત્પુરુષો, સિદ્ધાંતના જાણકાર પણ ચારિત્ર હીન હોય તો તેનું સેવન કરતા નથી. જેમ ઠંડા પાણીથી ભરેલા ચંડાળના કુવામાં પણ ઉચ્ચ જાતિના લોકો પાણી પીતા નથી.

હવે શાનો અનુયોગ કરવો તે કહે છે - તેમાં સર્વે શ્રુતજ્ઞાનનો પણ અનુયોગ થાય છે. અહીં પ્રારંભને આશ્રીને દશકાલિકનો કરીશું. (પ્રશ્ન) 'દશ કાલિક નિર્યુક્તિ કરીશ' એમ કહેવાથી જ પ્રકૃત દ્વારનું કથન સમજાઈ જાય છે, તો પછી આ ઉપન્યાસ નિષ્ફળ છે. (સમાધાન)ના, એમ નથી. અહીં શાસ્ત્રકારે શાસ્ત્રની વિધિ બતાવી અને નિર્યુક્તિકારે તેના બળ વડે નિર્યુક્તિ અધિકાર કહેલો છે, માટે કોઈ દોષ નથી.)

નિર્યુક્તિની અર્ધ ગાથા બતાવી, પશ્ચાર્દ્ધ ગાથા અધ્યયન અધિકારમાં અવસરે વ્યાખ્યા કરીશું. ત્યાં જ ઉપક્રમાદિ અનુયોગદ્વાર, આનુપૂર્વી આદિ, તેના ભેદોનું તથા સૂત્રાદિનું લક્ષણ પણ કહેવા યોગ્ય છે. હવે ચાલુ વાતને જ નિર્યુક્તિકાર કહે છે -

**● નિર્યુક્તિ - ૬ + વિવેચન**

આ નિક્ષેપાદિ દ્વારોની વ્યાખ્યા કરીને બૃહત્કલ્પમાં વર્ણવેલ ૩૬ - ગુણોથી યુક્ત ગુરુ વડે દશવૈકાલિક શાસ્ત્રમાં કહેલ વિધિથી કથન કરવું જોઈએ. હવે ન જાણતો શિષ્ય પૂછે છે કે - જો દશકાલિક નો અનુયોગ છે, તો તે દશકાલિક હે ભદંત! એક અંગ છે કે અનેક અંગ છે? શ્રુતસ્કંધ છે કે શ્રુતસ્કંધો છે? અધ્યયન છે કે અધ્યયનો છે? ઉદ્દેશક છે કે ઉદ્દેશકો છે? એવા આઠ પ્રશ્નો છે. આની વચ્ચે ત્રણ વિકલ્પો પ્રયોજાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તે આ પ્રમાણે - દશકાલિક એકશ્રુતસ્કંધ, અનેક અધ્યયનો, અનેક ઉદ્દેશા છે. તેથી 'દશ' આદિનો નિક્ષેપ કરવો જોઈએ. તે આ પ્રમાણે - દશનો, કાળનો, શ્રુતસ્કંધનો, અધ્યયનો, ઉદ્દેશકનો છે. નિર્યુક્તિકાર કહે છે -

● નિક્ષેપકથન -

● નિર્યુક્તિ - ૭ + વિવેચન -

"દશકાલિક' શબ્દાર્થ પૂર્વે નિરૂપીત છે. એવું જે નામ તે સંખ્યા અને કાળથી તેનો કાળમાં નિક્ષેપ કરવો અર્થાત્ વિશેષ અભિધાન. આનું નિબંધન વિશેષ પ્રકારે આગળ કહીશું. તે મનક મુનિને આશ્રીને છે 'દશકાલિક' તેમાં કાળથી નિવૃત્ત તે કાલિક. દશ શબ્દ અને કાળ શબ્દનો નિક્ષેપ, નિર્વૃત્ત અર્થ તે નિક્ષેપ. તથા શ્રુતસ્કંધ તથા અધ્યયન. ઉદ્દેશ - તેના એક દેશભૂત, કઈ રીતે? આનું વિષયમાં સ્થાપન કરી કથન કરવું.

પહેલાં 'દશ' શબ્દનો નિક્ષેપ કહે છે - તેમાં દશ ને એક આદિને અનુસરીને વર્તે છે. એકના અભાવે દશનો પણ અભાવ થાય છે. તેથી એકનો જ નિક્ષેપ પ્રતિપાદિત કરવાની ઇચ્છાથી કહે છે -

● નિર્યુક્તિ - ૮ + વિવેચન -

અહીં એક તે જ એકક છે. તેમાં નામ એક, સ્થાપના એક, સુગમ છે. દ્રવ્ય એક તે સચિત્ત આદિ ત્રણ છે. તેમાં સચિત્ત એક તે પુરુષદ્રવ્ય, સચિત્ત એક તે રૂપકદ્રવ્ય, મિશ્ર તે જ કટકાદિ ભૂષિત પુરુષદ્રવ્ય. એક માતૃકાપદ, તે આ પ્રમાણે - "ઉત્પન્ને ઇ વા, વિગમે ઇ વા, ધ્રુવે ઇ વા" અહીં પ્રવચનમાં દૃષ્ટિવામાં સમસ્ત નયવાદ બીજભૂત માતૃકાપદો હોય છે. અથવા આ માતૃકાપદો અ, આ, ઈ, ઈ' તે પણ માત્રક પદ જાણવા. સર્વ શબ્દનો વ્યવહાર વ્યાપક પણે હોવાથી માતૃકાપદો કહેવાય છે. - x - x - સંગ્રહ શબ્દથી એકમાં પણ સમુદાય આવી જાય. જેમકે ચોખા લાવ્યો એમ કહેવાથી એક દાણો પણ 'શાલિ' કહેવાય. ઘણાં દાણા પણ 'શાલિ' કહેવાય. અહીં આદિષ્ટ અને અનાદિષ્ટ એવા સાલિના બે ભેદ છે. જેમકે કલમશાલી તે કલમના જ ચોખાનો આદેશ છે, પણ જો કલમ શાલી ન કીધા હોય તો ગમે તે ચોખા સમજવા, તે અનાદિષ્ટ છે. યથાયોગ્ય યોજના કરવી.

પર્યાય એક તે એક પર્યાય. પર્યાય એટલે વિશેષ ધર્મ, તે અનાદિષ્ટ વર્ણ આદિ છે. આદિષ્ટ વર્ણ તે 'કૃષ્ણ' આદિ છે.

બીજા આચાર્યો - બધાં શ્રુતસ્કંધની વસ્તુની અપેક્ષાએ આવી વ્યાખ્યા કરે છે - અનાદિષ્ટ તે શ્રુતસ્કંધ અને આદિષ્ટ તે દશકાલિક. નામે છે. આદિષ્ટ તે અધ્યયનવિશેષ 'દ્રુમપુષ્પિકા' આદિ કહે છે. પણ આ જોઈએ તેવું મનોહર નથી. કેમકે દશકાલિક નામ કહેવાથી આદેશ સિદ્ધ છે.

એક ભાવ - અનાદિષ્ટ કોઈ પણ ભાવ, આદિષ્ટ તે ઔદયિકાદિ.

આ સાત અનંતરોક્ત એક - એક થાય છે. અહીં દશ પર્યાય - અધ્યયન -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષનો સંગ્રહ હોવાથી તેનો જ અધિકાર જાણવો. બીજા કહે છે - શ્રુતજ્ઞાન ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે. તેથી ભાવ એકમાં તેનો અધિકાર છે. હવે બે વગેરેનો છોડીને સીધો 'દશ' શબ્દનો નિક્ષેપ પ્રતિપાદન કરે છે -

**• નિર્યુક્તિ - ૯ + વિવેચન -**

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ 'દશ'નો નિક્ષેપ છ ભેદે છે. - x - તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દશ દ્રવ્ય - સચિતાદિ ત્રણ ભદે પૂર્વવત્. ક્ષેત્રદશક તે દશ ક્ષેત્ર પ્રદેશ. કાળ દશક તે દશ કાલ - વર્તના આદિ રૂપત્વથી કાળની દશ અવસ્થા વિશેષ છે. તે બાલ, ક્રિડાદિ છે. ભાવ દશક તે દશ ભાવ તે સાન્નિપાતિક ભાવમાં સ્વરૂપથી ભાવવા અથવા તે જ વિષયમાં વિવેચન કરવા વડે આ દશ અધ્યયન જાણવા. આ પ્રમાણે દશ શબ્દનો નિક્ષેપો બહુવચનવાળો હોવાથી છ પ્રકારે થાય છે.

હવે પ્રસ્તુતમાં ઉપયોગી હોવાથી કાળના દશ દ્વાર કહે છે -

**• 'કાલ' આદિ દ્વાર -**

**• નિર્યુક્તિ - ૧૦ -**

બાલા, ક્રીડા, મંદા, બલા, પ્રજ્ઞા, હાયની, ઇષત્ પ્રપંચા, પ્રાગ્ભારા, મૃન્મુખી, શાયિની આ દશ અવસ્થા - પ્રાણીની અવસ્થા વિશેષ કહે છે -

(૧) મનુષ્યને જન્મથી માંડીને પહેલાં દશ વર્ષમાં સુખદુઃખનો અનુભવ થવાનો બહુ સંભવ નથી. (૨) બીજા દશકામાં કંક સમર્થ થતાં કામભોગ સિવાયની બીજી કળામાં ખલે છે, કામ ક્રીડામાં ઓછી મતિ હોય છે. (૩) ત્રીજા દશકામાં પાંચે ઇંદ્રિયો સંપૂર્ણ હોવાથી અને ઘરમાં વસ્તુ હોવાથી ઇંદ્રિયોના વિષય ભોગ ભોગવવા સમર્થ થાય છે. (૪) ચોથી દશામાં પોતાનું બળ દેખાડવાને જો નિરૂપદ્રવી હોય તો સમર્થ થાય છે.

(૫) પાંચમામાં પોતાના ઘર અને કુટુંબને સુખી કરવા ઇચ્છે છે અથવા ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરવાની ચિંતા કરે છે. (૬) હાયની દશામાં ઇંદ્રિયો થાકવાથી ભોગથી વિમુખ થાય છે. (૭) ઇંદ્રિયો વધુ થાકતા ખાંસી થાય, બળખા પડે, (૮) આઠમીમાં પોતાના શરીરની ચામડી સંકોચાઈને વળીયા પડે છે. વૃદ્ધાવસ્થાને લીધે સ્ત્રીઓમાં અનિચ્છિત બને છે. (૯) મૃત્યુમુખ અવસ્થામાં પડેલો બુઢ્ઢાપણામાં ઘરમાં રહી મરેલા માફક પડી રહે છે. (૧૦) દશમી અવસ્થામાં મૃત્યુવાંછુ, દીનમુખી, વિપરીત ચિંતવનારો, દુઃખી પડી રહે છે.

હવે કાળ નિક્ષેપનું વર્ણન કરવાને કહે છે -

**• નિર્યુક્તિ ૧૧ + વિવેચન -**

દ્રવ્ય, અદ્ધા, યથાયુષ્ક, ઉપક્રમ, દેશ, કાળ, પ્રમાણ, વર્ણ, ભાવ અને પ્રકૃત એ દશ ભેદે કાળ છે. તેમાં - (૧) દ્રવ્યકાળ - વર્તનાદિ લક્ષણ, (૨) અદ્ધાકાળ - ચંદ્ર, સૂર્યાદિ ક્રિયા વિશિષ્ટ અઢીદ્વિપ સમુદ્રવર્તી કાળ, જે સમયાદિ લક્ષણ છે. (૩) યથાયુષ્ક કાળ - દેવાદિ આયુ લણ, (૪) ઉપક્રમ કાળ - અભિપ્રેત અર્થને નીકટ લાવવા રૂપ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને સામાચારી અને આયુષ્ય ભેદથી ભિન્ન કહેવો. (૫) દેશકાળ - તેમાં દેશ, પ્રસ્તાવ, અવસર અને વિભાગ એ પર્યાય શબ્દો છે. (૬) કાળ કાળ - ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિનો સમય તે કાળ, અહીં એક 'કાળ' શબ્દનો અર્થ પૂર્વે કહ્યો છે, બીજો સામાયિક, કાલ એટલે મરણ કહેવાય. મરણ ક્રિયાનું કલન તે કાળ છે.

(૭) પ્રમાણકાળ - અદ્ધા કાળ વિશેષ દિવસાદિ રૂપ. (૮) વર્ણકાળ - વર્ણ એવો આ કાળ. (૯) ભાવકાળ - ભાવ - ઔદયિકાદિ, સાદિસાંત આદિ ભેદથી ભિન્ન જાણવો. (૧૦) પ્રકૃત કાળ - તે અહીં દિવસ પ્રમાણ કાળનો અધિકાર જાણવો. તેમાં પણ ત્રીજી પોરિસિ લેવી. તે પણ બહુકાળ વીતી ગયા પછી - (આ શાસ્ત્રની ઉત્પત્તિ કહી છે)

શંકા - 'પ્રકૃત ભાવથી' એમ જે તમે કહ્યું, તેનાથી વિરુદ્ધ કેમ નથી? (સમાધાન) ક્ષાયોપશમિક ભાવકાળમાં શયંભવ સૂરિએ આ શાસ્ત્ર ઉદ્ધર્યુ. પ્રમાણકાળમાં કહેવાથી તેમાં વિરોધ નથી. અથવા પ્રમાણકાળ પણ ભાવ કાળ જ છે. તેના અદ્ધાકાળના સ્વરૂપત્વથી તેનો ભાવકાળ જ છે. અવયવાર્થ સામાયિક્તા વિશેષ વિવરણથી જાણવો. તે નિર્યુક્તિકાર કહે છે -

**● નિર્યુક્તિ - ૧૨ - વિવેચન**

સામાયિક - આવશ્યકનું પહેલું અધ્યયન છે. તેનો અનુક્રમ - અથવા સામાયિકમાં અનુક્રમ તે સામાયિકનુક્રમ. તે સામાયિક અનુક્રમથી વર્ણવવાને માટે. અનંતર કહેલ ગાથા દ્વારો ક્રમથી કહે છે વિગત પોરિસિમાં જ જાણવું 'નિર્યૂઢ' - પૂર્વગતમાંથી ઉદ્ધરેલ. કિલ શબ્દ પરોક્ષ આપ્ત આગમ વાદ સંસૂચક છે. ચૌદપૂર્વી શયંભવસૂરિ વડે દશકાલિક ઉદ્ધરેલ છે. તે કારણે તેમણે રચેલ છે તેમ કહ્યું.

શ્રુત અને સ્કંધનો નિક્ષેપ ચાર ભેદે જાણવો. જેમ અનુયોગદ્વારમાં કહેલ છે. સ્થાન ખાલી ન રાખવા કંઈક કહે છે - અહીં નોઆગમથી જ્ઞ શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યક્ષુત તે પુસ્તક પાનામાં લખેલ જાણવું અથવા સૂત્રમંડજ આદિ જાણવું.ભાવશ્રુતમાં આગમથી જ્ઞાન અને ઉપયુક્ત હોય. નોઆગમથી આ દશકાલિક સૂત્ર જાણવું. કેમકે નો શબ્દનું દેશવચનત્વ છે. એ પ્રમાણે નોઆગમથી જ્ઞ શરીર ૦ ભવ્ય શરીર - વ્યતિરિક્ત દ્રવ્યસ્કંધ સચેતન આદિ છે. તેમાં સચિત્ત તે દ્વિપદ આદિ છે. અચિત્ત તે દ્વિપદેશિકાદિ છે. મિક્ષ તે સેનાદિનો સમૂહ. ભાવસ્કંધ તે આગમથી તેના અર્થના ઉપયોગનો પરિણામ જ. નો આગમથી દશકાલિક શ્રુત સ્કંધ જ. કેમકે નો શબ્દ દેશવચન છે.

હવે અધ્યયનના ઉદ્દેશનો પ્રસ્તાવ કહે છે - તે અનુયોગ દ્વારના પ્રકરણમાં આવેલા દરેક અધ્યયનને જ્યાં બને ત્યાં સમુદાયને આશ્રીને નિક્ષેપામાં થોડું સમજાવવા માટે આગળ કહીશું. તેથી કહેવું કે દશકાલિકના શ્રુતસ્કંધને અધ્યયન ઉદ્દેશાનો નિક્ષેપ કરવા માટે તેનો અનુયોગ કરવાનો છે, તે અંશથી કહ્યું. હવે વર્તમાન શાસ્ત્રમાં રહેલ કથન કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● નિર્યુક્તિ - ૧૩ - વિવેચન

જે આચાર્યે જે વસ્તુને સ્વીકારીને આત્મપ્રવાદાદિ પૂર્વમાંથી જેટલાં અધ્યયન જે જે પ્રકારે ઉદ્ધરીને સ્થાપ્યા છે. તે આચાર્યે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે અનુક્રમે કહેવું. ગાથાર્થ કહ્યો, અવયવાર્થ તો નિર્યુક્તિકારે અવસરાનુસાર કહેલ છે. તેમાં અધિકૃત શાસ્ત્રકર્તાના સ્તવ દ્વારથી અવયવાર્થ પ્રતિપાદન કરતાં કહે છે -

● શાસ્ત્ર અને શાસ્ત્રકર્તા :-

શય્યંભવ ગણધર, ગણધર તે અનુત્તર જ્ઞાન - દર્શનાદિ ધર્મ ગણને ધારણ કરે છે, તે ગણધર. તે જિનપ્રતિમા દર્શનથી પ્રતિબોધ પામ્યા. તેમા રાગ - દ્વેષ - કષાય - ઇંદ્રિય - પરીષહ - ઉપસર્ગાદિ ને જીવાથી જિન. પ્રતિમા - સદ્ ભાવ સ્થાપના રૂપ, તેનું દર્શન, તે હેતુથી, શું? પ્રતિબદ્ધ - મિથ્યાત્વ - અજ્ઞાન - નિદ્રા દૂર રહેવાથી સમ્યકત્વ વિકાશ પ્રાપ્ત. મનક નામક સંતાનના પિતા. 'દશકાલિક' પૂર્વે નિરૂપિત છે. નિર્યૂહક - પૂર્વગત ઉદ્ધૃત અર્થ વિરચના કર્તાને હું વંદન કરું છું. ગાથાર્થ કહ્યો. હવે ભાવાર્થ : -

અહીં વર્ધમાન સ્વામી ચરમ તીર્થંકરના શિષ્ય તીર્થ સ્વામી સુધર્મા નામે ગણધર હતા. તેને પણ જંબૂ નામે તેને પણ પ્રભવ નામે શિષ્ય હતા. ક્યારેક મધ્યરાત્રિએ ચિંતા થઈ - મારા ગણનો ધારક કોણ થશે? પોતાના ગણમાં અને સંઘમાં બધે જ ઉપયોગ મૂક્યો. કોઈ પણ સંભાળ લેનાર ન જોયું, ત્યારે ગૃહસ્થામાં ઉપયોગ મૂક્યો. ઉપયોગ મૂક્તાં રાજગૃહમાં શય્યંભવ બ્રાહ્મણને યજ્ઞ કરતો જોયો. ત્યારે રાજગૃહ નગરમાં આવીને સંઘાટક - સાધુને જણાવ્યું કે તે યજ્ઞપાટકમાં જઈને ભિક્ષાર્થે ધર્મલાભ આપો. ત્યાં તમે જઈને બોલજો કે - "કષ્ટની વાત છે કે તત્ત્વને જાણતા નથી." ત્યાં જતાં સાધુને નિષેધ કર્યો, તે બંને સાધુ બોલ્યા - "કષ્ટની વાત છે કે તત્વને જાણતાં નથી." ત્યારે શય્યંભવે દ્વારમૂલે રહીને તેનું વચન સાંભળ્યુ. ત્યારે તે વિચારે છે - આ બંને ઉપશાંત અને તપસ્વી અસત્ય ન બોલે.

એમ વિચારીને શય્યંભવ અધ્યાપક પાસે જઈને કહે છે - તત્ત્વ શું છે? તે કહે છે - વેદો. ત્યારે તેણે તલવાર ખેંચી લીધી - જો મને તત્ત્વ ન કહ્યું તો હું તમારું મસ્તક છેદી નાંખીશ. ત્યારે અધ્યાપકે કહ્યું - "વેદ તે તત્વ છે." ફરી મસ્તક છેદવાનું કહ્યું. હવે હું કહીશ કે અહીં તત્ત્વ શું છે? આ યૂપની નીચે સર્વ રત્નમથી અરહંત પ્રતિમા છે. તે આર્હત ધર્મતત્ત્વ ધ્રુવ છે. ત્યારે તે તેમના પગે પડી ગયો. યજ્ઞનો સામાન તેને જ આપી દીધો.

ત્યાર પછી તે જઈને તે બંને સાધુને શોધે છે. આચાર્ય પાસે જાય છે. આચાર્ય પાસે જાય છે. આચાર્યને વાંદીને સાધુને કહે છે - મને ધર્મ કહો. ત્યારે આચાર્યએ ઉપયોગ મૂક્યો કે - આ તે (ગણ-ધર) છે. ત્યારે આચાર્ય એ સાધુધર્મ કહ્યો. શય્યંભવ બોધ પામ્યો, દીઘા લીધી. ચૌદપૂર્વી થયા. જ્યારે તેમણે દીક્ષા લીધી. ત્યારે તેમની પત્ની ગર્ભિણી હતી. તેણે દીક્ષા લેતા તેના સ્વજન લોકો રડવા લાગ્યા. કે - યુવા સ્ત્રીનો પતિ પુત્ર વિનાની મૂકીને સાધુ થઈ ગયો. પછી તે સ્ત્રીને પૂછ્યું કે - તારે કં છે? અર્થાત્ ઉદરમાં કંઈ છે? તેણી બોલી મનાક્ છે. પછી કેટલાક કાળે તેણીને પુત્ર થયો. બાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસ વીત્યા પછી તેના સ્વજનોએ 'મનક' નામ રાખ્યું. કેમકે માતાએ પૂર્વ 'મનાક્' એવું કહેલું હતું.

જ્યારે તે આઠ વર્ષનો થયો ત્યારે તેણે માતાને પૂછ્યું કે મારા પિતા કોણ છે? તેણી બોલી - તારા પિતા સાધુ થઈ ગયા છે. ત્યારે તે બાળક નાસીને પિતા પાસે જવા નીકળ્યો. ત્યારે આચાર્ય ચંપાનગરીમાં વિચરતા હતા. મનક પણ ચંપાનગરી આવ્યો. આચાર્ય સંજ્ઞા ભૂમિ જતા હતા, તેણે બાળકને જોયો. બાળકે આચાર્યને વંદન કર્યા. આચાર્યને પણ તે બાળકને જોતાં સ્નેહ જન્મ્યો. તે બાળકને પણ સ્નેહ થયો. ત્યારે આચાર્યએ પૂછ્યું - હે બાળક! તું ક્યાંથી આવે છે? તે બાળક બોલ્યો - રાજગૃહથી. આચાર્ય બોલ્યા - રાજગૃહમાં તું કોનો પુત્ર કે પૌત્ર છે? તે બોલ્યો - હું શય્યંભવ નામે બ્રાહ્મણનો પુત્ર છું. તેમણે દીક્ષા લીધી છે. ત્યારે આચાર્યએ પૂછ્યું - તું કયા કાર્યથી આવેલ છે? તે બોલ્યો - હું દીક્ષા લઈશ.

પછી તે બાળક બોલ્યો - તમે તે આચાર્યને જાણો છો? આચાર્ય બોલ્યા - હું જાણું છું. મનકે પૂછ્યું - તે ક્યાં છે? આચાર્ય બોલ્યા - તે મારો મિત્ર છે, અમે એક શરીરરૂપ છીએ. તું મારી પાસે દીક્ષા લે. મનકે કહ્યું - ભલે. આચાર્યએ ઉપાશ્રયે આવીને આલોચના કરી. સચિત્તની પ્રાપ્તિ કરી. મનકે દીક્ષા લીધા. પચી આચાર્યએ ઉપયોગ કર્યો. કે આ કેટલો કાળ જીવશે? જાણ્યું કે માત્ર છ માસ આયુ છે. ત્યારે આચાર્યએ વિચાર્યુ કે - આનું આયુ અલ્પ છે. શું કરવું?

ચૌદપૂર્વી કોઈ પણ કારણ ઉત્પન્ન થતાં શ્રુતને ઉદ્ધરે છે. તથા દશપૂર્વી જે છેલ્લા હોય તે નિશ્ચે ઉદ્ધરણ કરે છે. મારે પણ તેવું કારણ ઉત્પન્ન થયેલ છે. તેથી હું પણ ઉદ્ધરણ કરીશ. પછી ઉદ્ધરવાનો આરંભ કર્યો. તે ઉદ્ધરણ કરતાં વિકાલે ઉદ્ધૃત કર્યુ, થોડો દિવસ બાકી હતો, તેથી તેને દશવૈકાલિક કહે છે. આ કથાનક વડે જેણે તેનો ઉદ્ધાર કર્યો તે દ્વારનો ભાવાર્થ કહ્યો. જેના વડે ઉદ્ધાર કરાયો તે પણ કહી દીધું. તે જ નિર્યુક્તિકાર કહે છે -

• **નિર્યુક્તિક - ૧૫ + વિવેચન -**

મનકને આશ્રીને શય્યંભવે દશ અધ્યયનો નિર્યૂઢ કર્યા. વિકાલે સ્થાપ્યા - રચ્યા તેથી 'દશકાલિક' નામ કહ્યું. - મનક નામના પુત્રને આશ્રીને. શય્યંભવ સૂરિ વડે પૂર્વગત શ્રુતથી ઉદ્ધર્યુ - રચ્યું, દ્રુમપુષ્પિકાદિ દશ અધ્યયન. વિગત કાલ તે વિકાલ અથવા વિકલન તે વિકાલ અથવા વિકાલ એટલે થોડો ખંડ. તે વિકાલ - ચરમ દિવસમાં રચ્યુ તેથી 'દશકાલિક' નામ છે અથવા 'દશવૈકાલિક' નામ છે. કેમકે વિકાલે રચાયુ છે. દશ અધ્યયનનું નિર્માણ વિકાલે હોવાથી દશવૈકાલિક કહે છે - વિકાલમાં ભણાય છે માટે વૈકાલિક કહ્યું - એમ ચૂર્ણિકાર કહે છે. જેને આશ્રીને રચાયું તે કહ્યું.

હવે જે અધ્યયનો જ્યાંથી ઉદ્ધર્યા તે કહે છે -

• **નિર્યુક્તિ - ૧૬ થી ૧૮ - વિવેચન**

આત્મપ્રવાદ પૂર્વ જેમાં આત્માના સંસારી અને મુક્ત આદિ અનેક ભેદ ભિન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપનું કથન છે. તેમાંથી ધર્મ પ્રજ્ઞપ્તિ આર્થાત્ છ જીવનિકા અધ્યયન ઉદ્ધર્યું. કર્મપ્રવાદ પૂર્વથી પિંડની ત્રણ પ્રકારની એષણા ઉદ્ધરી છે. કર્મ પ્રવાદ પૂર્વ - જેમાં જ્ઞાનાવરણીયાદિ કર્મના નિદાનાદિનુ કથન છે તેથી. શું? પિંડની એષણા ત્રણ ભેદે છે - ગવેષણા, ગ્રહણૈષણા, ગ્રાસૈષણા. તેની રચના કરી. તે વળી આ સંબંધથી આવે છે - આધા કર્મના ઉપભોક્તા જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ પ્રકૃતિ બાંધે છે. શુદ્ધ પિંડના ઉપભોક્તા શુભપ્રકૃતિ બાંધે છે. આટલું પ્રસંગથી કહ્યું. હવે ચાલુ વાત કહે છે -

સત્ય પ્રવાદ પૂર્વેથી વાક્ય શુદ્ધિ અધ્યયન રચ્યું. તેમાં સત્યપ્રવાદ એટલે જેમાં જનપદસત્ય આદિનું કથન છે. વાક્યશુદ્ધિ નામે સાતમું અધ્યયન છે. બાકીના પહેલું, બીજું આદિ અધ્યયનો નવમાં પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી વસ્તુમાંથી ઉદ્ધરેલ છે. બીજો પણ આદેશ - વિધિ સાથે જ ગણિપિટક - આચાર્યના સર્વસ્વથી દ્વાદશાંગ - આચારાદિ લક્ષણ રૂપથી આ દશકાલિક ઉદ્ધર્યું છે. કોના માટે? મનકના અનુગ્રહાર્થે. હવે જેટલાં અધ્યયન છે તે સંબંધે કહે છે -

**● નિર્યુક્તિ - ૧૯ - વિવેચન**

દ્રુમપુષ્પિકા એ પહેલું અધ્યયન છે. ત્યાંથી 'સભિક્ષુક' સુધીના દશ અધ્યયનો જાણવા. 'ખલુ' શબ્દથી વિશેષથી જણાવે છે કે - 'બે ચૂડા' છે ત્યાં સુધી જાણવું. આ દ્વાર વડે જ કહેવાની ઇચ્છાથી સંબંધપણા વડે અડધી ગાથા કહે છે. તેથી અધિકાર પણ એક એક ગાથામાં કહીશું. તેમાં અધ્યયનના અંત સુધી જે અનુસરે તે અધિકાર જાણવો.

**● નિર્યુક્તિ - ૨૦ થી ૨૩ - વિવેચન.**

પહેલા અધ્યયનમાં શો અર્થાધિકાર છે, તે કહે છે - 'ધર્મપ્રશંસા' દુર્ગતિમાં પડતા આત્માને ધારી રાખે છે, તે ધર્મ, તેની પ્રશંસા - સ્તવ. બધાં પુરુષાર્થોમાં ધર્મ જ પ્રધાન છે. - x - ઇત્યાદિ. આ ધર્મ તે જિનશાસનમાં જ જાણવો. કેમકે આ ધર્મ બીજે નથી. અહીં જ નિરવધ વૃત્તિના સદ્ભાવથી છે. આ પ્રમાણે જરૂર પડતાં આગળ પણ કહીશું.

ધર્મનો સ્વીકાર કરનાર નવદીક્ષિતને અધૈર્યતા, સંમોહ ન થાઓ. તેના નિરાકરણાર્થે આ બીજું અધ્યયન છે. કહે છે કે - બીજા અધ્યયનમાં આ અધિકાર છે. ધૃતિથી હેતુ વડે કરવાને શક્તિમાન થાય છે. આ જૈન ધર્મ ધૈર્ય આપે છે. કહ્યું છે - જેને ધિરજ છે, તેને તપ છે, જેને તપ છે તેને સદ્ગતિ સુલભ છે. જે અધૈર્યવાળા પુરુષો છે તેમને તપ પણ દુર્લભ છે. વળી આ ધૃતિ આચારમાં કરવી, અનાચારમાં નહીં. આ જ વાતને બતાવનાર ત્રીજું અધ્યયન છે.

(પ્રશ્ન) ત્રીજા અધ્યયનમાં શો અર્થાધિકાર છે?

(ઉત્તર) આચાર ગોચરા કથા તે આચાર કથા. તે સંક્ષેપ અને વિસ્તારના ભેદથી કહેલ છે. તેમાં ક્ષુલ્લિકા - લધ્વી અહીં કહી છે. તેમાં આત્માના સંયમનો ઉપાય છે. કબ્જામાં લેવું તે સંયમ. આત્માનો સંયમ તે આત્મસંયમ, તેનો ઉપાય, - x - તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર છ જીવનિયકાય ગોચર પ્રાય છે, એ પ્રમાણે હવે ચોથું અધ્યયન છે. અથવા આત્મ સંયમ - તેથી અન્ય જીવ પરિજ્ઞાન પરિપાલન જ તત્ત્વથી છે, તેથી તેના અર્થાધિકારવત્ જ ચોથું અધ્યયન છે. તથા જીવ અને સંયમનો પણ ચોથા અધ્યયનમાં અધિકાર છે. અપિ શબ્દથી આત્મસંયમ પણ તે ભાવને ભાવે છે. કહ્યું છે કે - છ જીવનિકાયમાં જે પંડિત સદાજયણા થકી વર્તે છે, તે જ ખરો પંડિત અને પરમાર્થથી તે જ સંયત છે. ઇત્યાદિ, આ જ ધર્મ છે. તે નિરોગી દેહથી જ સમ્યક્ પળાય છે. આહાર વિના પ્રાયઃ સ્વસ્થ થતાં નથી, - સમાધિ રહેતી નથી.

આહારના બે ભેદ છે - સાવદ્ય અને નિરવદ્ય. તેમાં નિરવદ્યનું ગ્રહણ કરવું. તેથી તેના અર્થાધિકારથી જ પાંચમું અધ્યયન છે. કહ્યું છે - ભિક્ષાની વિશુદ્ધિ એ તપ અને સંયમને ગુણકારી છે અને તે જ પાંચમાં અધ્યયનમાં અર્થાધિકાર છે. તેમાં માંગવું તે ભિક્ષા. તેની વિશોધિ સાવદ્યનો ત્યાગ અને નિરવદ્યનું કથન. તે તપ-સંયમને ગુણકારી છે કહ્યું છે કે - "તે જ સંયત જાણવો જે નિરવદ્ય આહાર લે છે. તે ધર્મકાયમાં રહેલો અને શુભ યોગોને સારી રીતે સાધનાર જાણવો. ઇત્યાદિ.

ગૌચરી ગયેલ સાધુને આચાર પૂછવામાં આવે અને તે જાણવા છતાં પણ લોકસમૂહ આગળ વિસ્તારથી કથન ન કરે, પણ પોતાના સ્થાનમાં ગુરુ કહેશે એવું કહે. આ અધિકાર છટ્ઠા અધ્યનનમાં છે. આ અધ્યયનમાં મહતી - મોટી આચાર કથાનો અધિકાર છે. નાની આચાર કથાનો નહીં. ઉચિત એવી વિશિષ્ટ પર્ષદા સમક્ષ કહે. - x - ઉપાશ્રયમાં પણ પોતે એટલે જે ગુરૂ હોય અને બોલવાના ગુણ - દોષ જાણતા હોય તેણે નિરવદ્ય વચન વડે આચાર કથા કહેવી. તે અધિકારવાળું સાતમું અધ્યયન છે.

કહેલ છે કે "વચન વિભક્તિ" ઇત્યાદિ. વચનની વિભક્તિ તે વચન વિભક્તિ. ખુલાસાથી કહેવું તે વિભક્તિ. એવા પ્રકારનું તે અનવદ્ય અને આવા પ્રકારનું તે સાવદ્ય. પુનઃ શબ્દ શેષ અધ્યયન અર્થાધિકારથી આનો અધિકૃત અર્થાધિકાર વિશેષણાર્થે સાતમા અધ્યયનમાં અર્થાધિકાર છે - x - x -.

આ નિરવદ્ય વચન, આચારમાં જે પ્રણિહિતને હોય છે, તેના અર્થાધિકારવત્ જ આઠમું અધ્યયન છે. કહ્યું છે કે - આઠમાં અધ્યયનમાં અધિકારપણાથી પ્રણિધાન કહેલ છે. પ્રણિધાન એટલે વિશિષ્ટ પ્રકારે સ્થાપિત ચિત્તધર્મ. કહ્યું છે કે - પ્રણિધાન રહિત બોલવું તે નિર્દોષ હોય તો પણ સાવદ્યતુલ્ય જાણવું. અધ્યાત્મથી અહીં 'સંવર' જાણવું.

આચાર પ્રણિહિત જ યથોચિત વિનય સંપન્ન થાય. તેનો અર્થાધિકારથી જ નવમું અધ્યયન છે. આ નવમાં અધયનમાં વિનયનો અર્થાધિકાર છે. કહે છે કે - "આચારમાં જેનું ધ્યાન છે તે જ પંડિત યોગ્ય વર્તન કરે છે, જ્ઞાનાદિમાં જે વિનયવાળો છે, તે મોક્ષની ચિકિત્સા - આકાંક્ષા રાખનારો જાણવો. ઇત્યાદિ.

આ નવ અધ્યયનમાં જે લીન રહે તે ઉત્તમ રીતે ભિક્ષુ છે. આ સંબંધથી 'સ ભિક્ષુ' અધ્યયન જાણવું. કહે છે કે આ દશમાં અધ્યયનમાં આ સાધુની ક્રિયાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવનારું દશમું અધ્યયન સમાપ્ત કર્યું. આ ક્રિયા યુક્ત જ ભિક્ષુ છે, તેથી આ ભિક્ષુ છે. તે એવા પ્રકારે ગુણયુક્ત ભિક્ષુ કદાચ કર્મપરતંત્રત્વથી અને કર્મના બલત્વથી સીદાય, તો તેના સ્થિરીકરણ કરવાને માટે તેના અર્થાધિકારથી બે ચૂડા કહેલ છે -

**● નિર્યુક્તિ - ૨૪ - વિવેચન**

બે અધ્યયન, તેમાં શું છે? તેમાં બે ચૂડા છે. તેમાં પ્રમાદને વશ થઈ કોઈ સાધુ વિષાદ પામે તો સાધુને સંયમમાં સ્થિરીકરણ કરવું પહેલાં સ્થિરીકરણનું ફળ કહ્યું. તે જ પ્રમાણે તેમાં સંસાર પ્રતિ દોડનાર સાધુને બતાવ્યું કે ઘેર જઈ દુઃખથી જીવાશે અને મૃત્યુ બાદ નરકાદિ દુર્ગતિમાં ફળ ભોગવવાના છે. એવા દોષો બતાવેલા છે.

બીજી ચૂડામાં તે પ્રમાણે જ વિવિક્તચર્યા વર્ણવે છે. કેવી? ન સીદાનારને ગુણાતિરેકનું ફળ. તેમાં વિવિક્તચર્યા તે એકાંત ચર્યા - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં અસંબદ્ધતા. ઉપલક્ષણથી આમાં અનિયત ચર્યાદિ જાણવા. આ ચૂડાનું ફળ છે "ચારિત્રમાં ખેદ આવતો નથી."

**● નિર્યુક્તિ - ૨૫ + વિવેચન -**

દશકાલિકનો પૂર્વ નિરૂપિત શબ્દાર્થનો અનંતરોક્ત સામાન્ય અર્થ સંક્ષેપથી પ્રતિપાદિત કર્યો. હવે આગળ એક એક અધ્યયનને હું ખુલાસો કરીને કહી. પુનઃ શબ્દનો વ્યવહિત ઉપન્યાસ છે.

તેમાં પહેલું અધ્યયન - "દ્રુમપુષ્પિકા". આના ચાર અનુયોગ દ્વારો છે. તે આ પ્રમાણે - ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. આ ચારે પણ અનુયોગ દ્વારોનું અધ્યયનમાં પહેલાં વર્ણન છે. આ પ્રમાણે ક્રમને સ્થાપિત કરતાં જે પ્રયોજન છે, તે વિશેષ આવશ્યકના વિવરણથી જાણવું. ત્યાં પ્રાયઃ સ્વરૂપ મળતું આવે છે.

અહીં ચાલું અધ્યયનમાં શાસ્ત્રીય ઉપક્રમમાં આનુપૂર્વી આદિ ભેદોમાં સ્વબુદ્ધિથી સંબંધ યોજવો. વિષયનો અધિકાર કહેવો.

આ પ્રમાણે નિર્યુક્તિકાર કહે છે - (હવે અધ્યયન આરંભે છે)

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**દશવૈકાલિક - ભૂમિકાનો ટીકાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૧ "દ્રુમપુષ્પિકા" ❂

——x——x——x——x——

૦ હવે દશવૈકાલિકના અધ્યયન - ૧ નો આરંભ કરે છે -

**● નિર્યુક્તિ - ૨૬ + વિવેચન -**

પહેલું અધ્યયન "દ્રુમપુષ્પિકા" તેના નામનિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે, તના શબ્દાર્થને કહીએ છીએ. તેના ચાર અનુયોગ દ્વાર છે. ઉપક્રમ આદિ મનન કરીને ધર્મ પ્રશંસા વડે અધિકાર કહેવો. આ ગાથાર્થ છે.

નિક્ષેપ ત્રણ પ્રકારે છે - ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપક નિષ્પન્ન. તેમાં ઓઘ એટલે સામાન્ય સૂત્રનું નામ. નિર્યુક્તિકાર કહે છે -

**● નિર્યુક્તિ - ૨૭ + વિવેચન -**

ઓઘ એટલે સૂત્રનું સામાન્ય નામ - શ્રુતનામ, તે ચાર ભેદે છે. કઈ રીતે? અધ્યયન, અક્ષીણ, આય અને ક્ષપણા તે સમાનાર્થી છે. આ પ્રત્યેકને જૂદા જૂદા કહે છે. શું?

**● નિર્યુક્તિ - ૨૮ - વિવેચન -**

નામાદિ ચાર નિક્ષેપા વર્ણવીને, તે આ પ્રમાણે - નામ અધ્યયન, સ્થાપના અધ્યયન, દ્રવ્ય અધ્યયન, ભાવ અધ્યયન. એ પ્રમાણે અક્ષીણાદિનો પણ ન્યાસ કરવો. શ્રુતાનુસાર - અનુયોગદ્વાર નામે સૂત્રાનુસારથી, શું? દ્રુમપુષ્પિકા અધ્યયનમાં પ્રકૃત અધ્યયન છે. ચારેમાં પણ અધ્યયનાદિમાં ક્રમથી ભાવવા.

હવે ભાવ અધ્યયનાદિ શબ્દાર્થને કહે છે -

**● નિર્યુક્તિ - ૨૯ થી ૩૩ - વિવેચન**

અજ્ઝપ્પસાણાયણ નો અર્થ અધ્યયન છે. ભાવાર્થ આ પ્રમાણે છે - આત્મામાં વર્તે છે, તે નિરુક્ત વડે અધ્યાત્મમ્. તે ચિત્ત તેમાં લાવવું જેના વડે તે અધ્યયન. અહીં કર્મ બળથી રહિત આત્મા જ ચિત્ત શબ્દથી લેવો. જેમ અવસ્થિત શુદ્ધ ચિત્તને લાવવો તે તે અભ્યાસથી જ થાય છે. જ્ઞાનાવરણાયાદિ આઠ કર્મનો અપચય એટલે ઘટાડો કરવો. તે કર્મ મિથ્યાત્વાદિ કર્મ બંધનના કારણથી બંધાય છે, એવો ભાવ છે. એ પ્રમાણે નવાં આવતાં કર્મોનો અપચય એટલે ઘટાડો કરવો. એ પ્રમાણે અધ્યાત્મ આનયન જ અધ્યયન શબ્દનો અર્થ છે.

જેના વડે વિષયો સમજાય તે અધિગમન. તે ઉપરોક્ત અર્થનું દર્શક હોવાથી એવા વચનને અધ્યયન કહે છે. અથવા અધિક નયન કહેવાય એમ આચાર્યો ઇચ્છે છે, તેનો પણ ઉપરોક્ત અર્થ જ છે. તે જ વચનનો આ અર્થ છે. અયન નો અર્થ પરિચ્છેદ છે. અધિક જ્ઞાનમાં ઉતારે તે અર્થથી અધ્યયનને ઇચ્છે છે. ચ શબ્દને ગૂઢાર્થ છે. અધિક તે સાધુને પામે છે. તો વડે એમ સમજવું કે - આ કરણભૂત અધ્યયન વડે સાધુ બોધ - સંયમ - મોક્ષ પ્રતિ અધિક અધિક જાય છે. એમ હોવાથી અધ્યયન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દને ઇચ્છે છે. અહીં સર્વત્ર અધિક નયન તે અધ્યયન એમ યોજના કરવી.

૦ હવે અક્ષીણ શબ્દનો અર્થ :- તે ભાવ અક્ષીણ આ જ છે. શિષ્યને આપવાથી તે અક્ષયત્વને પામે છે. જેમ દીવા વડે સો દીવા પ્રગટાવાય છે, તે દીપ પણ દીપે છે. એ પ્રમાણે દીપતુલ્ય આચાર્ય પોતાની નિર્મળ બુદ્ધિ વગેરના ઉપયોગ સહિત હોવાથી કર્મ નિર્જરા અને જ્ઞાનના પ્રકાશ વડે પ્રકાશે છે અને પોતાની નિર્મળ બુદ્ધિથી શિષ્યને નિર્મળ બુદ્ધિવાળા બનાવે છે.

૦ હવે આય શબ્દનો અર્થ :- ભાવથી આ પ્રમાણે છે - જ્ઞાનમાં મતિ આદિ, દર્શન - ઔપશમિકાદિ, ચારિત્ર - સામાયિકાદિ વગેરનો લાભ છે. એ લાભ વડે જે થાય તે ભાવઆય. આય એટલે લાભ. અધ્યયનના હેતુ વડે જ્ઞાનાદિનું આગમન થાય છે.

૦ હવે ક્ષપણા શબ્દનો અર્થ :- તે પણ ભાવથી આ પ્રમાણે છે - આઠ પ્રકારની કર્મ રજ, તેમાં જીવ રગદોળવામાં પરવશપણે હોવાથી રજ તે "કર્મરજ" પુરાણું તે પૂર્વવત્. યોગ એટલે અંતઃકરણાદિથી અધ્યયન કરતાં - કારણમાં કાર્યના ઉપચારથી 'ક્ષપણા' કહ્યું. તે પ્રમાણે આ ભાવ અધ્યયનની યોજના કરવી. શેમાં? અધ્યયન. અક્ષીણ. આય અને ક્ષપણામાં ગાથાર્થ કહ્યો. આ ઓઘ નિષ્પન્ન નિક્ષેપ બતાવ્યો. હવે નામ નિષ્પન્ન કહે છે - તેમાં ઓઘનિષ્પન્ન તે અધ્યયન અને નામનિષ્પન્ન તે દ્રુમપુષ્પિકા. દ્રુમ - દ્રુ એટલે જે દેશમાં વિદ્યમાન છે તે એનું છે અથવા એમાં છે તેને મ લાગતાં દ્રુમ શબ્દ બન્યો.

હવે દ્રુમ અને પુષ્પ બંનેના નિક્ષેપાની પ્રરૂપણા કહે છે -

**● નિર્યુક્તિ - ૩૪ - વિવેચન**

નામદ્રુમ - જેનું દ્રુમ એવું નામ છે તે. સ્થાપનાદ્રુમ - વૃક્ષ રૂપે જેની સ્થાપના છે તે. દ્રવ્યદ્રુમ તે ભાવદ્રુમ છે. તેમાં દ્રવ્ય દ્રુમ બે ભેદે છે - આગમથી અને નોઆગમથી. આગમથી જ્ઞાતા ઉપયુક્ત ન હોય. નો આગમથી ત્રણ ભેદે છે - જ્ઞશરીર, ભવ્યશરીર, ઉભય વ્યતિરિક્ત. તે આ પ્રમાણે - એક ભવિક બદ્ધાયુષ્ક અભિમુખ નામ ગોત્ર, તેમાં એક ભવિક - જે એક ભવના અંતરે દ્રુમમાં ઉત્પન્ન થશે. બદ્ધાયુષ્ક - જેણે દ્રુમ નામ ગોત્રમાં કર્મ બાંધેલ છે, અભિમુખ નામ ગોત્ર જેના વડે તે નામ અને ગોત્ર કર્મ ઉદીરણાવલિકામાં નાંખે છે. આ ત્રણે પણ ભાવિ ભાવ દ્રુમ કારણ પણાથી દ્રવ્ય દ્રુમ છે. ભાવ દ્રુમ પણ બે ભેદે છે. આગમથી અને નોઆગમથી. તેમાં આગમથી જ્ઞાતા ઉપયોગ વાળો હોય. નો આગમથી દ્રુમ જ દ્રુમ નામ અને ગોત્ર કર્મને વેદે છે.

જેમ દ્રુમના કહ્યા તેમ પુષ્પના પણ ચાર નિક્ષેપો કહેવા. હવે વિવિધ દેશમાં જન્મેલ શિષ્યગણના સંમોહાર્થે આગમમાં 'દ્રુમ' શબ્દના પર્યાયોના પ્રતિપાદનાર્થે કહે છે -

**● નિર્યુક્તિ - ૩૫ - વિવેચન -**

દ્રુમ, પાદપ, વૃક્ષ, અગમ, વિડિમા, તરુ, કુહા, મહીરૂહ, વચ્છા, રૂપક, રંજક વગેરે પર્યાયો નામો છે. તેમાં દ્રુમની અન્વર્થ સંજ્ઞા પૂર્વવત્. પગ વડે જે પીએ તે પાદપ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે યથાસંભવ અન્વર્થ સંજ્ઞા કહેવી.

હવે પુષ્પના એકાર્થક શબ્દો કહે છે -

● નિર્યુક્તિ - ૩૬ + વિવેચન -

પુષ્પ, કુસુમ, ફૂલ, પ્રસવ, સુમન, સૂક્ષ્મ એ બધાં પર્યાયો છે.

હવે એકવાક્યતાથી દ્રુમપુષ્પિકા અધ્યયનનો શબ્દાર્થ કહે છે - દ્રુમનું પુષ્પ તે દ્રુમપુષ્પ. - x - તેમાંથી 'દ્રુમપુષ્પિકા' શબ્દ બન્યો. દ્રુમપુષ્પના ઉદાહરણથી યુક્ત તે દ્રુમપુષ્પિકા, એવું તે અધ્યયન તે દ્રુમપુષ્પિકા અધ્યયન. તેના એકાર્થકને પ્રતિપાદન કરતાં કહે છે -

● નિર્યુક્તિ - ૩૭ - વિવેચન

તેમાં દ્રુમપુષ્પના ઉદાહરણ યુક્ત તે દ્રુમપુષ્પિકા. જેમકે જહા દુમસ્સ પુપ્ફેસુ. આદિ આહારની એષણા તે આહારૈષણા. એષણાના ગ્રહણથી ગવેષણાદિ લેવા. તેથી તેના અર્થસૂચકત્વથી આહારૈષણા. ગોચર એટલે ગાયની માફક ચરવું તે. ગોચરને બદલે ગોચાર રૂપ પણ થાય. તે ગોચર અર્થનું સૂચક હોવાથી આ અધ્યયને ગોચર કહે છે. આ રીતે બધે ભાવના કરવી. ભાવાર્થ એ છે કે - જેમ ગાય ચરે છે, તેમ અવિશેષથી સાધુએ પણ ફરવું . પણ વૈભવને આશ્રીને ઉત્તમ, મધ્યમ, અધમ કુળમાં ન જાય. અથવા વણિક્ વત્સના દૃષ્ટાંતથી વર્તવું. તથા ત્વચ્‌ની જેમ અસારને ભોગવવું તે અર્થનું સૂચક છે. પરમમુનિએ કહેલ છે - જેમ ચાર ઘુણા કહેલાં છે, તે આ પ્રમાણે - ત્વચાને ખાનાર, છાલને ખાનાર, કાષ્ઠને ખાનાર, સારને ખાનાર. એ પ્રમાણે ભિક્ષુ પણ ચાર ભેદે કહેલાં છે. તે આ પ્રમાણે - ત્વચાને ખાનાર ઇત્યાદિ. અહીં ચતુર્ભંગી છે - ત્વચા ખાનાર પણ સાર ખાનાર નહીં, સાર ખાનાર પણ ત્વચા ખાનાર નહીં, ત્વચા પછી ખાનાર અને સાર પણ ખાનાર, બંને ન ખાનાર. ત્વચા ખાદક સમાન ભિક્ષુને સારખાદક સમાન તપ થાય છે - x -

ભાવાર્થ આ પ્રમાણે - ત્વક્‌ભોક્તા ને કર્મભેદને આશ્રીને વજસાર જેવો તપ થાય છે. તથા 'ઉંછ' અજ્ઞાત પિંડ ઉંછ સૂચક છે. 'મેષ' થોડાં પણ પાણીમાં પાણીને ડોળ્યા વિના પાણી પીએ છે. એ પ્રમાણે સાધુ પણ ભિક્ષા માટે પ્રવેશે ત્યારે બીજ આક્રમણાદિમાં આકુળ થયા વિના ભિક્ષા લેવી. એવા અર્થને સૂચવનાર આ અધ્યયન છે. જલૌકા - અનેષણા પ્રવૃત્તિમાં દેનાર હોય તેના મૃદુ ભાવને નિવારણાર્થે આ સૂચના છે. 'સર્પ' - જેમ તેની એક દૃષ્ટિ હોય છે. એ પ્રમાણે ગૌચરી ગયેલ સાધુ સંયમ એક દૃષ્ટિવાળા થવું. એ અર્થને સૂચવે છે. અથવા જરા પણ સ્પર્શ કર્યા વિના જેમ સાપ બિલમાં પ્રવેશે એ પ્રમાણે સાધુએ પણ સ્વાદ કર્યા વિના આહાર કરવો. 'વ્રણ' રાગ-દ્વેષ કર્યા વિના ગુમડા ઉપર લેપ કરે તેમ ખાવું જોઈએ. 'અક્ષ' ઉપાંગ દાનની માફક - સાધુ માત્ર કાયાનો ઘસારો રોકવા જ આહાર લે. - x - x - .

'ઈસુ' બાણ. જેમ રથિક પ્રમાદયુક્ત થઈ બાણ વડે લક્ષ્ય સાધે તો વીંધી શક્તો નથી. તે જ રીતે સાધુ ગૌચરી જતાં બીજાં સ્થાને ધ્યાન રાખે તો સ્વપરને પીડાકારી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ પડે. 'ગોલ' જેમ લાખનો ગોળો અગ્નિથી ઘણો દૂર કે ઘણો નીકટ ન હોય તો લાખનો ઉપયોગ થઈ શકે છે. તેમ સાધુ ગૃહસ્થની અતિ નીકટ કે દૂર ન રહે તો સંયમ લક્ષી જાણવો. દૂર રહેતો અનેષણા અને અદર્શનાદિ થાય. બીજાને ચોરની શંકા થાય, તેથી ગૌચરીને માટે ગયેલ સાધુ પરિમિત ભૂમિમાં ઉભો રહે.

'પુત્ર' - પુત્રના માંસની ઉપમાથી ભોજન કરવું. અહીં 'સુષમા'નું દૃષ્ટાંત કહેવું. ઉદક - પૂતિ ઉદકના ઉપમાનથી નિશ્ચે અન્નપાન વાપરે. દૃષ્ટાંત આ પ્રમાણે - જેમ એક વણિક્ દારિદ્ર દુઃખથી અભિભૂત થઈ કોઈ રીતે ભટકતાં રત્નદ્વીપે પહોંચીને ત્રિલોકમાં સુંદર અનર્ઘ્ય રત્નો પ્રાપ્ત કર્યા. તે ચોરોથી આકુળ અને દીર્ઘકાળ સુધી ભયને લઈને તે રસ્તો ઓળંગીને આવવા શક્તિમાન ન હતો. તેથી તેણે બુદ્ધિ કૌશલ્યથી રત્નોને એકાંત પ્રદેશે સ્થાપીને બીજા જૂના પત્થરો લઈને ગાંડાનો વેશ લઈને નીકળ્યો અને બોલવા લાગ્યો "રત્નવણિક્ જાય છે, ત્રણ વખત બોલવા છતાં કોઈ ઉભું ન થયું ત્યારે રત્નો લઈને નીકળી ગયો. જંગલમાં ઘણી તરસ લાગવાથી જેટલામાં કુથિત પાણીનું ખાબોચીયું જોયું. તેમાં ઘણાં હરણાદિ મરેલાં હતાં. તેનાથી બધું પાણી ચરબીરૂપ થઈ ગયેલ. તે વણિકે ન છુટકે સ્વાદ કર્યા વિના તે પાણી પીધું. રત્નો ઘેર લાવ્યો. એ પ્રમાણે સાધુને રત્ન સમાન જ્ઞાનદર્શન - ચારિત્ર જાણવું. ચૌર સ્થાને વિષયો જાણવા. કુથિત જળના સ્થાને પ્રાસુક એષણીય સંત-પ્રાંત આહારાદિ કરે. ત્યારે તેના બળથી જેમ વણિક્ આ ભવે સુખી થયો. એ પ્રમાણે સાધુ પણ સુખી થશે. આવી સ્થાને રહેલ સંસારનો નિસ્તાર - છૂટકારો થશે. આ બધાં એકાર્થિક છે. અર્થાધિકારથી જ અનેક અર્થ છે. ગાથાર્થ કહ્યો. નામ નિષ્પન્ન કહ્યો.

હવે સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે. છતાં તેને કહેતા નથી. કયા કારણે? કેમકે અહીં ત્રીજો અનુયોગદ્વાર 'અનુગમ' નામે છે. તેમાં નિક્ષિપ્ત અહીં નિક્ષેપ થાય છે. લાઘવતાર્થે ત્યાં નિક્ષેપ કરીશું. હવે અનુગમ કહીએ છીએ - તે બે ભેદે, સૂત્ર અનુમગ અને નિર્યુક્તિ અનુગમ. તેમાં નિર્યુક્તિ અનુગમ ત્રણ ભેદે છે - નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ. ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમ અને સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ. તેમાં નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ તે આ અધ્યયનાદિ નિક્ષેપ કહ્યો તે જાણવો. ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમ બે દ્વારગાથાથી જાણવો. તે આ પ્રમાણે - ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાળ, પુરુષ, કારણ, પ્રત્યય, લક્ષણ, નય, સમવતારણ, અનુમત, શું, કઈ જાતનું, કોનો, ક્યાં, શેમાં, કેવી રીતે, કેટલીવાર, કેટલાં આંતરાવાળું, અવિરહિતા, ભવ આકર્ષ, સ્પર્શના અને નિરૂક્તિ. તેનો વિશેષાર્થ વિશેષાવશ્યકથી જાણવો.

ચાલુ યોજનામાં આ પ્રમાણે છે - તીર્થંકરે ઉપોદ્‌ઘાત કરીને આર્ય સુધર્માને તથા તેમનું પ્રવચન પછી જંબૂ સ્વામીને, પછી પ્રભવ સ્વામીને પછી આર્ય શચંભવને કહેવાયું. તેણે આનો ઉદ્ધાર કર્યો, તે પ્રમાણે કથન કર્યું. જેને આશ્રીને આ રચાયુ, તે પૂર્વે કહેલ છે. કેમકે અંતરાલમાં ઉપોદ્‌ઘાત ત્યાં સ્વીકારેલ હતો, તેથી ત્યાં કહેલું છે, ત્યાં પણ ઉપયોગી જ હતું. - x -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપોદ્ઘાત નિર્યુક્તિ અનુગમ પુરો થયો.

હવે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ અવસર છે. તે સૂત્ર હોય તો જ થાય છે. (શંકા) જો એમ હોય તો આ ઉપન્યાસ નિરર્થક છે. (સમાધાન) ના. એમ નથી. નિર્યુક્તિ પણ સમાન પણે છે. સૂત્ર તે સૂત્રાનુગમમાં જ કહેવાય. તે અવસરપ્રાપ્ત જ છે. અહીં અસ્ખલિતાદિ પ્રકાર શુદ્ધ સૂત્ર ઉચ્ચારવું જોઈએ. તે આ પ્રમાણે - અસ્ખલિત, અમિલિત, અવ્યત્વ, અમ્રેડિત. વગેરે જેમ અનુયોગદ્વારમાં કહ્યું છે, તેમ દોષ ટાળી બોલવું. એ રીતે ઉચ્ચારતા કેટલાંક સાધુ ભગવંતોના કેટલાંક અર્થાધિકાર સમજાઈ જાય છે. કેટલાંક નથી સમજાતા. તે ન સમજાયેલા તે સમજાવવા મંદબુદ્ધિવાળા શિષ્યોની જાણ માટે દરેક પદે કહેવું. વ્યાખ્યાનું લક્ષણ આ છે - સંહિતા, પદ, પદાર્થ, વિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન એ છ ભેદ છે. હવે મૂળ સૂત્ર કહે છે -

**● સૂત્ર - ૧**

***ધર્મ ઉત્કૃષ્ટ છે. તે ધર્મ - અહિંસા, સંયમ, તપ રૂપ છે, જેનું મન સદા ધર્મમાં લીન છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.***

**● વિવેચન - ૧**

અસ્ખલિત પદ ઉચ્ચારણ તે સંહિતા, તે પાઠ સિદ્ધ જ છે. હવે પદ કહે છે - ધર્મ, મંગલ, ઉત્કૃષ્ટ, અહિંસા, સંયમ, તપ, દેવ ઇત્યાદિ.

'ધૃ' ધાતુ ધારણ અર્થમાં છે, તેને મ પ્રત્યયથી 'ધર્મ' શબ્દ બન્યો છે. 'મંગલ' પૂર્વવત્. કૃષ્ ધાતુ વિલેખન અર્થમાં છે, તેમાંથી ઉત્ ઉપસર્ગપૂર્વક ઉત્કૃષ્ટ શબ્દ બન્યો છે. ઇત્યાદિ *(અહીં વૃત્તિમાં વ્યાકરણ પ્રયોગો જ છે, તે આ અનુવાદનું કાર્યક્ષેત્ર ન હોવાથી છોડી દીધેલ છે.)*

૦ હવે પદાર્થ કહે છે :- ધર્મ - દુર્ગતિમાં ન પડતાં આત્માને ધારી રાખે તે. કહ્યું છે કે - દુર્ગતિમાં પડતા જીવોને જે ધારે છે તથા શુભ સ્થાનમાં સ્થાપે છે, તેથી ધર્મ કહેવાય છે. મંગલ - જેના વડે હિત મંગાય તે. ઉત્કૃષ્ટ - પ્રધાન. અહિંસા - હિંસા નહીં તે, પ્રાણાતિપાતવિરતિ. સંમય - આશ્રવદ્વારથી અટકવું તે. તપ - અનેક ભવના એકઠા કરેલા આઠ પ્રકારના કર્મોને ખપાવે - તપાવે તે તપ - અનશનાદિ ભેદે છે. દેવ - ક્રીડા કરે, દીપે છે તે. દેવો પણ અર્થાત્ મનુષ્યો તો કરે જ, પણ દેવો પણ નમે છે. કોને? જે જીવોનું પૂર્વોક્ત ધર્મમાં સર્વકાળ મન - અંતઃકરણ હોય તે.

પદવિગ્રહ - પરસ્પર અપેક્ષાવાળા સમાસને ભજે છે, પણ અહીં તેવો સમાસ ન હોવાથી બતાવેલ નથી. ચાલના એટલે શંકા અને પ્રતિ અવસ્થાન એટલે સમાધાન, તે પ્રમાણ વિચારણામાં અવસર મુજબ આગળ કહીશું. પણ તેની પ્રવૃત્તિ આ ઉપાય વડે બતાવે છે -

**● નિર્યુક્તિ - ૩૮ - વિવેચન**

ક્યારેક કંઈક ન સમજાતા શિષ્ય પૂછે કે આ કેવી રીતે? આ જ ચાલના. ગુરુ કહે તે પ્રત્યવસ્થા આ બંનેની પ્રવૃત્તિ છે. તે પ્રમાણે કોઈ વખત ન પૂછે તો પણ શિષ્યોના હિતને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે પૂર્વ પક્ષની આશંકા કહીને આચાર્યો સમાધાન આપે છે. આ શિષ્ય તીક્ષ્ણ બુદ્ધિવાળો છે, એમ સમજીને પ્રભુતતર - વિસ્તારથી કહે છે આ પ્રમાણે ટુંકમાં વ્યાખ્યા લક્ષણ યોજના કહી. જેમ આ સૂત્રમાં કહી, તેમ બીજા સૂત્રોમાં પણ સમજી લેવી. બધે કહીશું નહી. સૂત્રની સાથે સ્પર્શિત અનુગમ નિર્યુક્તિના વિભાગ વિશેષથી વિશેષાવશ્યકમાં કહેલ છે તે જાણવો. - x - x - x - ધર્મ પદને સૂત્ર સ્પર્શિત નિર્યુક્તિથી કહે છે -

● **નિર્યુક્તિ - ૩૯ + વિવેચન -**

નામ ધર્મ, સ્થાપના ધર્મ, દ્રવ્ય ધર્મ, ભાવ ધર્મ. તેના જૂદા જૂદા ભેદને અનુક્રમે કહીશું. હવે નામ અને સ્થાપના સુગમ હોવાથી દ્રવ્ય ધર્મને આગમ અને નોઆગમથી કહે છે, તેમાં પણ જ્ઞાતા અનુપયુક્ત, જ્ઞશરીર - દ્રવ્ય શરીર ભેદોને છોડીને તદ્વ્યતિરિક્ત દ્રવ્યધર્માદિ કહે છે -

● **નિર્યુક્તિ - ૪૦ - વિવેચન -**

અહીં ધર્મ ત્રણ ભેદે છે, તે આ પ્રમાણે - દ્રવ્ય ધર્મ, અસ્તિકાય ધર્મ અને પ્રચારધર્મ. તેમાં દ્રવ્ય વડે ધર્મ અને ધર્મીમાં કંઈક અંશે અભેદ હોવાથી દ્રવ્યધર્મ કહેવાય છે. અસ્તિકાયમાં અવયવનો જ સમુદાય શબ્દનો ઉપચાર હોવાથી અસ્તિકાયધર્મ કહેવાય. પ્રચાર ધર્મ વડે આ ગ્રંથથી દ્રવ્યધર્મનો દેશ કહે છે. ભાવધર્મથી ભાવધર્મનું સ્વરૂપ કહે છે.

હવે પૂર્વોક્ત ત્રણે ધર્મોના સ્વરૂપને કહે છે. દ્રવ્યના પર્યાય જે ઉત્પાદ, વિગમ વગેરે છે તે ધર્મ તે દ્રવ્યના કહેવાય માટે દ્રવ્ય ધર્મ તે પર્યા છે. હવે અસ્તિકાયાદિ ધર્મ સ્વરૂપ પ્રતિપાદન કરવા કહે છે -

● **નિર્યુક્તિ - ૪૧ - વિવેચન -**

ધર્મના ગ્રહણથી ધર્માસ્તિકાય લેવું. તેથી ધર્માસ્તિકાય જ ગતિનો આધાર અસંખ્ય પ્રદેશવાળો અસ્તિકાય ધર્મ જાણવો. બીજા કહે છે - ધર્માસ્તિકાયાદિ સ્વભાવવાળો અસ્તિકાય ધર્મ કહેવો. આ મત અયુક્ત છે કેમકે તેમાં ધર્માસ્તિકાયાદિના દ્રવ્ય ધર્મથી અભિન્નપણું છે. પ્રચાર ધર્મ તે વિષયધર્મ જ છે. તેમાં પ્રચરણ તે પ્રચાર અર્થાત્ પ્રકર્ષગમન. તે જ આત્મસ્વભાવથી ધર્મ એ પ્રચારધર્મ છે. તે કેવી રીતે? જેમાં પ્રાણીઓ સીદાય તે વિષયો રૂપ, ગંધ આદિ છે. તે ધર્મ પ્રમાણે ખરી રીતે વિષય ધર્મ તે જ આ રાગાદિવાળો જીવ તેમાં પ્રવર્તે છે. એટલે ચક્ષુ આદિ ઇંદ્રિય વશ થઈ રૂપાદિમાં પ્રવર્તે છે, તે પ્રચાર ધર્મ જાણવો. સંસારના પ્રધાન નિબંધનત્વ અને મુખ્ય પદ આપવાને દ્રવ્ય ધર્મથી જૂદો કહ્યો છે.

હવે ભાવધર્મ કહે છે, તે લૌકિકાદિ જૂદા જૂદા ભેદવાળો છે. તેમાં લૌકિક તે કુપ્રાવચનિક, લોકોત્તર તે જૈન વચન. લૌકિક ધર્મ અનેક પ્રકારે છે, તે જ અનેક વિધત્વ કહે છે -

● **નિર્યુક્તિ - ૪૨ - વિવેચન**

ગમ્યધર્મ - જેમ કે દક્ષિણાપથમાં મામાની દિકરી અપાય ઉત્તરાપથમાં નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે ભક્ષ્યાભક્ષ્ય પેયાપેયની યોજના કરવી. પશુધર્મ - માતા આદિ સાથે પ્રવિચાર. દેશધર્મ - દેશાચાર, તે જૂદા જૂદા દેશમાં પહેરવેશ આદિ જૂદા છે. રાજધર્મ - પ્રતિ રાજ્યમાં ભિન્ન કર આદિ છે તે. પુરવરધર્મ - પ્રતિ પુરમાં - નગરમાં કંઇક-ક્યાંક વિશિષ્ટ પણ છે, જેમાં ભાષા પ્રદાનાદિ લક્ષણ જાણવું. અથવા સ્ત્રી બીજું ઘર માંડે તે. ગ્રામધર્મ - તે પણ પ્રતિગ્રામે ભિન્ન હોય છે. ગણધર્મ - મલ્લ આદિ ગણ વ્યવસ્થા. ગોષ્ઠી ધર્મ - ગોષ્ઠી વ્યવસ્થા. સમ વ્યસ્કોનો સમુદાય તે ગોષ્ઠી. તેઓ વસંત આદિમાં ગોઠ કરે તે. રાજધર્મ - દુષ્ટનો નિગ્રહ અને સારાનું પ્રતિપાલન છે. એની ભાવ ધર્મના ગમ્યાદિની વિવક્ષાથી ભાવ રૂપ પણે છે અથવા દ્રવ્ય પર્યાયપણાથી છે. તે દ્રવ્યની અપેક્ષા વિના વિવક્ષા કરવાથી અતવા લોકમાં તેને ભાવધર્મ તરીકે માનવાથી ભાવમાં ગણેલ છે. દેશ રાજાદિનો ભેદ એક દેશને આશ્રીને કહ્યો છે - x -.

આ પ્રમાણે હવે લૌકિક કુપ્રાવચનિક કહે છે. આ પણ સાવધ પ્રાયઃ લૌકિકકલ્પ જ છે. અવદ્ય - પાપ, તેની સાથે તે સાવધ. તુ શબ્દ અવધારમાર્થે છે. તેથી સાવધ જ છે. કયો ધર્મ? ચરક પરિવ્રાજકાદિ કુતીર્થિ ધર્મ. શા માટે? જિનેશ્વર અને અન્ય વિદ્વાનોએ તેને પ્રશંસ્યો નથી. કેમકે તે આરંભ - પરિગ્રહનું કારણ છે. - x - x -

હવે લોકોત્તર ધર્મ કહે છે -

**● નિર્યુક્તિ - ૪૩ - વિવેચન**

લોકોત્તર - લોક પ્રધાન ધર્મ બે ભેદે છે. શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મ. તેમાં શ્રુત - દ્વાદશાંગ, તેનો ધર્મ તે શ્રુત ધર્મ. તે નિશ્ચે વાચનાદિ ભેદો વડે આશ્ચર્યકારી છે. શ્રુતધર્મ સ્વાધ્યાય તે વાચનાદિ રૂપ છે. તત્ત્વ વિચારણામાં ધર્મના હેતુરૂપ ધર્મ છે. તથા ચારિત્રધર્મ, તેમાં અનિંદિત ચાલે છે, જેના વડે તે ચરિત્ર - ક્ષયોપશમ રૂપ છે, તેનો ભાવ તે ચારિત્ર છે. બાકી રહેલાં કર્મોના ક્ષયને માટેની ચેષ્ટા, તે ચારિત્ર જ ધર્મ છે. આ જ શ્રમણધર્મ છે, તેથી ચારિત્રધર્મ તે શ્રમણ ધર્મ છે. તેમાં શ્રમ લેવો તે શ્રમણ. શ્રમ લે છે - તપસ્યા કરે છે. અહીં એવું કહે છે કે - દીક્ષાના દિવસથી આરંભીને બધાં સાવધ યોગ વિરતિમાં ગુરુના ઉપદેશથી અનશન આદિ યથાશક્તિ કરે છે. બીજા જીવોને દુઃખ ન દેવા પડે પોતે દુઃખ વેઠીને તપ કરે છે. કહ્યું છે કે - જે બધાં જીવોમાં - ત્રસ અને સ્થાવરોમાં સમ છે, તે શુદ્ધાત્મા તપને આચરે છે, તેને શ્રમણ જાણવો. તેનો ધર્મ - સ્વભાવ, તે શ્રમણ ધર્મ છે. જે ક્ષાંતિ આદિ લક્ષણ કહેવાશે.

ધર્મ કહ્યો હવે મંગલનો અવસર છે. તે શબ્દનો અર્થ પૂર્વે નિરૂપણ કરેલ છે. તે નામ આદિ ભેદથી ચાર પ્રકારે છે - તેમાં નામ અને સ્થાપના ગૌણ હોવાથી તેને છોડીને દ્રવ્ય ભાવ મંગલ કહે છે -

**● નિર્યુક્તિ - ૪૪ - વિવેચન**

દ્રવ્યને આશ્રીને ભાવ તો ભાવમંગલ છે. તેમાં દ્રવ્યમંગળમાં પૂર્ણ કળશ આદિ છે. આદિ શબ્દથી સ્વસ્તિકાદિ લેવા. ધર્મ તો પોતે જ ભાવ મંગલ છે. શા માટે? તે કહે છે - આ ક્ષાંત્યાદિ લક્ષણ ધર્મથી મોક્ષ છે, તેથી ભવનું ગાલન તે મંગલ છે. આ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ - પ્રધાન મંગલ છે. કેમકે તે એકાંતિક અને આત્યંતિક છે. તે પ્રમાણે પૂર્ણકળશ આદિ દ્રવ્ય મંગલમાં નથી. કેમકે તે એકાંતિક કે આત્યંતિક નથી.

હવે હિંસાનો વિપક્ષ તે અહિંસાને પ્રતિપાદિત કરે છે -

**● નિર્યુક્તિ - ૪૫ - વિવેચન**

પ્રમાદના યોગના પ્રાણનું વ્યપરોપણ તે હિંસા. આ હિંસામાં પ્રતિપક્ષ - અપ્રમત્તપણાને શુભયોગપૂર્વક પ્રાણનું અવ્યપરોપણ છે. કેમકે તે અહિંસા છે. તે અહિંસા ચાર પ્રકારે છે. (૧) દ્રવ્યથી અને ભાવથી, (૨) દ્રવ્યથી પણ ભાવથી નહીં. (૩) દ્રવ્યથી નહીં પણ ભાવથી (૪) દ્રવ્યથી પણ નહીં અને ભાવથી નહીં. તથા શબ્દ સમુચિત છે. તેમાં ત્રણ ભંગનો ઉપન્સાચ છે, કેમકે તેમાં સમુચ્ચય શબ્દનો અર્થ બતાવેલ નથી. કહ્યું છે કે તેમાં - સમુચ્ચય, નિર્દેશ, અવધારણ, સાદૃશ્ય, પ્રકાર. વચનોમાં વપરાય છે. તેમાં આ ભંગ - દ્રવ્યથી અને ભાવથી છે. તે આ -

જેમ મૃગ વધ કરવાની બુદ્ધિમાં વર્તતો કોઈ માણસ મૃગને જોઈને, ધનુષ્યને ખેંચીને બાણ છોડે. તો તે વખતે તે મૃગ તે તીર વડે મરે. આ હિંસા દ્રવ્ય અને ભાવ બંનેથી જાણવી પણ સાધુ ઇર્યાસમિત હોય, કારણે જતાં કોઈ જીવ મરે તો તેમાં દ્રવ્યથી હિંસા ખરી પણ ભાવથી નહીં. કહ્યું છે કે - પગ ઉપાડતા ઇર્યાસમિતિ યુક્ત થઈ ચાલતાં સાધુથી અજાણતાં કોઈ જીવ મરે તો તે નિમિત્તે સાધુને સૂક્ષ્મપણ બંધ સિદ્ધાંતમાં કહેલ નથી. કેમકે તે સાધુ અપ્રમત્ત છે. હિંસા પ્રમાદીને જ બતાવેલી છે. જેમાં ભાવથી હિંસા છે, પણ દ્રવ્યથી નહીં તે આ રીતે - કોઈ પુરુષ પરોઢિયાના મંદ પ્રકાશમાં વળેલી દોરડીને સાપ માનીને તેનો વધ કરવાના હેતુથી તલવાર વડે છેદે તે. ચોથો ભાંગો શૂન્ય છે. આવા પ્રકારની હિંસાનો પ્રતિપક્ષ તે અહિંસા જાણવી.

એકાર્થિકા ને જણાવતાં કહે છે - હિંસા નહીં તે અહિંસા. જીવનો અતિપાત નહીં તે અજીવાતિપાત તથા તે પ્રમાણે જ સ્વ કર્મનો અતિપાત થાય છે. અજીવ તે કર્મ એ ભાવવું. ઉપલક્ષણથી અહીં પ્રાણાતિપાત વિરતિ આદિ લેવા. ---

હવે સંયમની વ્યાખ્યા કહે છે -

**● નિર્યુક્તિ - ૪૬ વિવેચન**

પૃથ્વી આદિથી લઈને પંચેન્દ્રિય સુધી તેઓને સંયમ થાય તેથી ત્રણે કરણ અને યોગથી સંઘટ્ટન ન કરે. જે ગ્રહણ કરવાથી અસંયમ થાય તે અજીવ અહીં જાણવા, જેમ કે - પાંચ પ્રકારે પુસ્તક વસ્ત્ર, તૃણપંચક અને ચર્મ પંચક, પુસ્તક પંચક - ગંડી, કચ્છપી, મુષ્ટિ, સંપુટ ફલક અને સૂપાટિકા એ પાંચ વીતરાગે કહેલ છે. તેમાં (૧) ગંડી પુસ્તકમાં પાનાં લંબાઈ - પહોળાઈમાં તુલ્ય અને દીર્ઘ હોય છે. (૨) કચ્છપીમાં અંતે પાતળાં અને મધ્યે પહોળા જાણવા. (૩) મુષ્ટિપુસ્તક - ચાર આંગળ લાંબુ અને ગોળાકાર હોય છે અથવા ચાર આંગળ લાંબુ અને ચોખૂણું હોય છે. (૪) સંપુટક - તે બે ત્રણ પાટિયાવાળું હોય છે. (૫) સૂપાટિકા - પાતળાં પાનાવાળું. ઉંચા રૂપવાળું એમ પંડિતો કહે છે અતવા દીર્ઘ, હ્રસ્વ કે પહોળું તેને વિદ્વાનો સૂપાટિકા પુસ્તક કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે બે પ્રકારે વસ્ત્ર પંચક કહે છે - તે અપ્રતિલેખિત અને દુષ્પ્રતિલેખિત જાણવું. અપ્રતિલેખિત વસ્ત્ર તે તૂલી, ઉપધાનક કે ગાલમસૂરીયા જાણવા તે સીવેલા હોવાથી તેનું પડિલેહણ ન થાય. ખરડીયો, સલોમપટ, ભુરવીગા, જીર્ણ, સદેશવસ્ત્ર, પ્રહ્લાદિ, કુતુપિ, પ્રાવારક, નવત્વક્, દ્રઢગાલિકા એ બધાં દુઃખે કરીને પડિલેહાય તેવા જાણવા. તેમાં પ્રહ્લાદિ - હાથના મોજાં. કુતુપ - રૂથી ભરેલ વસ્ત્ર, દંઢગાલિ - શીવેલ વસ્ત્ર. શેષ પ્રસિદ્ધ છે.

તૃણ પંચક - જિનેશ્વરે કહેલ છે, તે શાલી, વ્રીહી, કોદ્રવ, રાલગ અને અરણ્યનું ઘાસ, જે આઠ કર્મ ગ્રંથીનું દહન કરે છે. ચર્મ પંચક - બકરી, ઘેટું, ગાય, ભેંસ, હરણનું ચામડું જાણવું. તે તલી, ખલ્લક, કોશ, કૃતિ આદિમાં વપરાય છે. તથા અસંયમના હેતુરૂપ હોવાથી હરણાદિના ચામડાને સાધુ ગ્રહણ કરતાં નથી. જેમાં જોઈને પ્રમાર્જતા ન થાય તે અસંયમ જાણવો.

હવે પ્રેક્ષા અને ઉપેક્ષા બે ભેદે બતાવે છે. વ્યાપારમાં, અવ્યાપારમાં તેમાં વ્યાપારમાં જેમ ગ્રામની. અવ્યાપારમાં - જેમ નાસતાંની કેમ ઉપેક્ષા કરો છો? બંનેનો અહીં અધિકાર છે. વ્યાપાર ઉપેક્ષા - તે સાંભોગિક સાધુ સીદાતો હોય તો તેને ધર્મ કાર્યમાં દોરવો. પાસત્થાની પણ દોરે. અવ્યાપાર ઉપેક્ષા - કોઈ ગૃહસ્થ ધંધા વિના પીડાતો હોય તો તેને પ્રેરણા ન કરવી તે ઉપેક્ષા સંયમ જણાવો. ગૃહસ્થ હોય ત્યાં સાધુ પગ ન પણ પૂંજે તો સંયમ થાય અને ગૃહસ્થ ન હોય તો પગ પૂંજવાથી સંયમ થાય.

પ્રાણ આદિ સંસક્ત ભોજન, પાન અથવા અવિશુદ્ધ ઉપકરણ ભોજન કે પ્રમાણાતિરિક્ત હોય તો તે વિધિથી પરઠવતા સંયમ થાય. અને અકુશળ મન - વચનનો રોધ તથા કુશળની ઉદીરણા તે સંયમ મન, વચનના સંયમ સાથે અવશ્ય કાયાને કાર્યમાં જોડવી. ગમના ગમનમાં તે ઉપયોગ રાખી સારી રીતે વર્તે. અસંયમ તજીને કાચબાની માફક પગ, હાથ વગેરે ગોપવીને સાધુ કાયાનો સંયમી થાય.

સંયમ કહ્યો (શંકા) અહિંસા જ તત્ત્વથી સંયમ છે. તેથી જૂદો ભેદ પાડીને કહેવું તે અયુક્ત છે. (સમાધાન) એમ નથી. સંયમ વડે અહિંસા ઉપર ઉપગ્રહ કરવાપણું છે. કેમકે સંયમી જ ભાવથી નિશ્ચે અહિંસક છે.

હવે તપને પ્રતિપાદિત કરે છે. તે બે ભેદે છે - બાહ્ય, અભ્યંતર. તેમાં બાહ્ય તપ પ્રતિપાદન કરતાં કહે છે -

● **નિર્યુક્તિ - ૪૭ + વિવેચન -**

અનશન, ઉણોદરિત, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા.

(૧) અનશન - ન ખાવું તે, આહાર ત્યાગ. તે બે ભેદે છે. ઇત્વર એટલે પરિમિતકાળ માટે. તે ચરમ તીર્થંકરના તીર્થમાં ઉપવાસથી છ માસ સુધી હોય છે. યાવત્કથિક - આજન્મભાવિ હોય છે. તે વળી ચેષ્ટા, ભેદ, ઉપાધિ વિશેષથી ત્રણ ભેદે છે. તે આ રીતે - પાદપોપગમન, ઇંગિતમરણ, ભક્તપરિજ્ઞા. તેમાં અશન કરનારને ચાર આહારના ત્યાગ પછી ચેષ્ટા પણ છોડી દેવી તથા ચેષ્ટા છોડીને એકાંત નિષ્પ્રતિકર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરવાળા તે. જે વૃક્ષની માફક સમીપતાથી વર્તન તે પાદપોપગમન. તેના બે પ્રકાર છે - (૧) વ્યાઘાતવાળું, (૨) વ્યાઘાત વગરનું. (૧) વ્યાઘાતવાળું તે સિંહાદિના ઉપદ્રવમાં મરણ જાણી કરે તે. કહ્યું છે કે - સિંહાદિથી પીડાયેલો ભય આવતાં સ્થિર ચિત્ત રાખી પાદપોપગમન અનશન કરે. આ સાધુ પોતાનું આયુ સમીપ આવેલું જાણી. ગીતાર્થ હોય તે જ કરે. નિર્વ્યાઘાત તે સૂત્રાર્થમાં પાર પહોંચેલ પોતાના શિષ્ટોને ઉત્સર્ગથી તૈયાર કરીને સમુદાયમાં રહીને બાર વર્ષ તપ કરે. - ચાર વર્ષ વિચિત્ર તપ, ચાર વર્ષ વિગઈ રહિત, બે વર્ષ એકાંતર આયંબિલ, પછી અયંબિલ પરિમિત અતિવિકૃષ્ટ તપ છ માસ અને વિકૃષ્ટ તપ બીજા છ માસ કરે, પછી આનુપૂર્વીથી એક વર્ષ આયંબીલ કરી, પાદપોપગમન કરે.

ઇંગિત પ્રદેશમાં મરણ તે ઇંગિતમરણ. ઇંગિત દેશમાં પોતાની મેળે ચાર આહારનો ત્યાગ કરી ઉદ્‌વર્તનથી યુક્ત પણ બીજા વડે નહીં તે.

ભક્તપરિજ્ઞા અનશન તે ત્રિવિધ કે ચતુર્વિધ આહારની નિવૃત્તિરૂપ છે. તે નિયમથી સપ્રતિકર્મ શરીરના પણ ધૃતિ સંહનન વાળાને જેમ સમાધિ રહે તેમ ભાવથી જાણવું. આ રીતે અનશન કહ્યું.

(૨) ઉણોદરતા - ઉણોદરનો ભાવ તે ઉનોદરતા. તે વળી બે ભેદે છે - દ્રવ્યથી અને ભાવથી તેમાં દ્રવ્યથી તે ઉપકરણ - ભોજન - પાન વિષયક છે. તેમાં ઉપકરણમાં જિનકલ્પિકાદિમાં કે તેના અભ્યાસ પરાયણને જાણવી, બીજાને નહીં કેમકે ઉપધિ અભાવે સમગ્ર સંયમનો અભાવ થાય. અથવા અતિરિક્ત ગ્રહણ ન કરવું તે ઉનોદરતા છે. કહ્યું છે કે - જે ઉપકારમાં વર્તે તે ઉપકણ છે અને અતિરેક થાય કે અજયણાથી વાપરે તે અધિકરણ કહેવાય. (તેથી આવશ્યક્તા મુજબ જ અને જયણાપૂર્વક વાપરે તે જ ઉનોદરતા જાણવી)

ભોજન-પાન ઉનોદરતા :- પોતાનો આહાર હોય તેના કરતાં ઓછું ખાવું તે ઉનોદરી છે. કહ્યું છે કે - બત્રીશ કવલ આહાર કુક્ષિ પૂરક જાણવો. તે સ્ત્રીઓ માટે અટ્ઠાવીશ કોળીયા થાય. આ કોળીયાનું પ્રમાણ કુકડીના ઇંડા પ્રમાણ છે. અથવા જે મુખમાં સુખેથી જઈ શકે તે કવલ પ્રમાણ છે. એ પ્રમાણે જાણીને ઉનોદરતા અલ્પાહારાદિ ભેદથી પાંચ ભેદે છે - અલ્પાહાર, અપાર્ધ, દુભાગ, પ્રાપ્ત અને કિંચિત ન્યૂન. તે અનુક્રમે આઠ, બાર, સોળ, ચોવીશ અને એકત્રીશ કવલ જાણવો. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે - અલ્પાહાર ઉનોદરતા તે એક એક કોળીયાથી આરંભીને આઠ કોળીયા સુધી. જેમાં એક તે જઘન્ય, આઠ કોળીયા તે ઉત્કૃષ્ટ અને બાકીના મધ્યમ ભેદો જાણવા. - x - x - આ પ્રમાણે પાંચે ભેદ સંબંધે વૃત્તિકારે જણાવેલ છે. એમ સ્ત્રીમાં પણ જાણવું.

ભાવ ઉણોદરી તે ક્રોધાદિ પરિત્યાગ. એ રીતે ઉણોદરી કહી.

હવે વૃત્તિસંક્ષેપ કહે છે - તે ગૌચરીના અભિગ્રહ રૂપ છે. તે અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. તેમાં દ્રવ્યથી નિર્લેપાદિ લેવું. કહ્યું છે કે - લેપવાળું કે લેપ વિનાનું અમુક દ્રવ્ય હું આજ લઈશ તેને દ્રવ્યાભિગ્રહ કહે છે. આઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોચરભૂમિ એલુક, વિષ્કંભ માત્ર ગ્રહણ, સ્વ ગ્રામ કે પરગ્રામમાં આટલા ઘરમાં કે ક્ષેત્રમાં સરળ ગતિએ જઈને પાછા ફરવું, ગોમૂત્રિકા કે પતંગ વિથિ આદિ ક્ષેત્રાભિગ્રહ છે. કાળ અભિગ્રહને આદિ, મધ્ય કે અંત કાળ, અપ્રાપ્ત સ્મૃતિકાળ ઇત્યાદિ લેવું, ભાવમાં દેનાર-લેનાર અપ્રીતિ ન પામે, ઉત્ક્ષિપ્ત, ચરક આદિ ભાવ યુક્ત અભિગ્રહ થાય અથવા ગાતા, રોતા, બેઠા, ઉભા વહોરાવે ઇત્યાદિ ભાવ અભિગ્રહ જાણવો.

વૃત્તિ સંક્ષેપ કહ્યો.

હવે રસપરિત્યાગ કહે છે - તેમાં રસ તે દુધ આદિનો પરિત્યાગ. કહ્યું છે કે - વિકૃતિને વિકારના ભયથી ડરેલો વાપરતો નથી. કેમ કે સ્વભાવમાં વિકાર કરવાથી તેનું નામ વિકૃત છે. તે સાધુને અનિચ્છાએ કુમાર્ગે દોરે છે. ચિત્તને જીતવાવાળો સાધુ પણ મોહ ઉદય થતાં વિકૃતિનો ઉપયોગ કરતાં કુમારેગ કેમ ન જાય? દાવાનળના મધ્યભાગમાં રહેલો હોય તેને શાંતિ માટે પાણી વગેરે શું કરે? એ રીતે મોહાનલથી દીન પુરુષ સુમાર્ગને ગ્રહણ ન કરે. ઇત્યાદિ. - રસ ત્યાગ કહ્યો.

હવે કાય કલેશ કહે છે - તે વીરાસન આદિ ભેદથી છે. કહ્યું છે - વીરાસન, ઉત્કુટુકાસન, લોચ આદિ જાણવો. કાયકલેશ સંસાર વાસમાં નિર્વેદ હેતુ છે. વીરાસનાદિથી કાયનિરોધ અને જીવદયા થાય છે. ઇત્યાદિ - x - લોચથી હજામ આદિના હાથ ધોવા વગેરે પૂર્વ - પશ્ચાત્કર્મથી બચી જવાય છે અને નિઃસંગતા થાય છે દુઃખ આદિ સહેવાથી નરકાદિ ભાવનાથી વૈરાગ્ય થાય.

બીજાએ પણ કહ્યું છે - પશ્ચાત્કર્મ, પૂર્વ કર્મ તે હજામ આવતા ઇર્યાપથ ન શોધે, ઇત્યાદિ બધું લોચ કરવાથી ન થાય, કાયકલેશ કહ્યો.

હવે સંલીનતા કહે છે - આ ઇંદ્રિય સંલીનતાદિ ભેદથી ચાર પ્રકારે છે. કહ્યું છે કે - ઇંદ્રિય, કષાય, યોગને આશ્રીને સંલીનતા જાણવી. ચોથી વિવિક્ત ચર્યા વીતરાગ ભગવંતે કહેલ છે. તેમાં શ્રોત્ર આદિ ઇંદ્રિયોથી સુંદરતા શબ્દાદિમાં રાગ-દ્વેષ ન કરવો તે ઇંદ્રિય સંલીનતા. - x - આ પ્રમાણે બાકીની ઇંદ્રિયોમાં પણ કહેવું. આ રીતે ઇંદ્રિય સંલીનતા કહી. હવે કષાય સંલીનતા કહે છે - તેમાં કષાયના ઉદયનો નિરોધ અને ઉદીર્ણનું વિફલીકરણ તે કષાયસંલીનતા છે. હવે યોગ સંલીનતા કહે છે - તે મનોયોગાદિમાં અકુશલનો નિરોધ અને કુશલની ઉદીરણા છે. કહ્યું છે કે - અપ્રશસ્તનો નિરોધ અને કુશલ યોગોની ઉદીરણા તથા વિધિગમન તે યોગ સંલીનતા કહી છે.

હવે વિવિક્તચર્યા નામે સંલીનતાનો ચોથો ભેદ કહે છે - તે આ પ્રમાણે - આરામ, ઉધાનાદિમાં જ્યાં સ્ત્રી - પશુ - પંડક વર્જિત સ્થાન હોય. નિર્દો એવા ફલક આદિ ગ્રહણ કરવા તે એષણીય કહ્યા. વિવિક્ત-ચર્યા કહી, સંલીનતા કહી. આ અનશનાદિ બાહ્ય તપ થાય છે. લૌકિકમાં પણ તે આચરાતો હોવાથી તેને બાહ્ય તપ કહે છે. અથવા વિપરીત ગ્રહણથી કુતીર્થિકો વડે પણ તે કરાય છે, તેથી બાહ્ય તપ છે.

હવે અભ્યંતર તપ કહે છે, તે પ્રાયશ્ચિત્તાદિ ભેદથી છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● નિર્યુક્તિ - ૪૮ + વિવેચન -

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, ઉત્સર્ગ એ છ ભેદે અભ્યંતર તપ કહેલ છે. તેમાં (૧) પ્રાયશ્ચિત્ત - પાપને છેદે તે પાપચ્છિત્ત અથવા યથાવસ્થિત પ્રાયઃ ચિત્ત જેમાં શુદ્ધ થાય તે પ્રાયશ્ચિત્ત. કહ્યું છે - જે કારણે પાપ છેદાય છે, તેતી તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે. અથવા પ્રાયઃ ચિત્તનું વિશુદ્ધ કરે છે તેથી તે પ્રાયશ્ચિત્ત છે. તે આલોચનાદિ દશ ભેદે છે - આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપના અને પારાંચિત. તેનો ભાવાર્થ વિશેષાવશ્યકથી જાણવો.

૦ હવે 'વિનય' કહે છે - જેના વડે આઠ પ્રકારના કર્મ દૂર લઈ જવાય તે વિનય. કહ્યું છે - વિનયનં ફળ શુશ્રૂષા, તેનું ફળ શ્રુતજ્ઞાન, જ્ઞાનનું ફળ વિરતિ, વિરતિનું ફળ આશ્રવ નિરોધ, તેની સંવર, તેથી તપોબળ, તપથી નિર્જરા ફળ, તેનાથી ક્રિયા નિવૃત્તિ, ક્રિયા નિવૃત્તિથી અયોગીત્વ. યોગના નિરોધતી ભવસંતતિનો ક્ષય, તેનાથી મોક્ષ થાય. આ બધાંનું ભોજન વિનય છે. તે જ્ઞાનાદિ ભેદથી સાત પ્રકારે છે - જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાય અને ઉપચાર વિનય. જ્ઞાનમાં પાંચ પ્રકારે મતિજ્ઞાનાદિની શ્રદ્ધા. ભક્તિ, બહુમાન, તેમાં કહેલ અર્થોની સમ્યગ્ ભાવનતા આદિ. - x -

દર્શનમાં શુશ્રૂષા અને અનાશાતના બે પ્રકારે વિનય છે. દર્શન ગુણાધિકમાં શુશ્રૂષા વિનય કરાય છે. સત્કાર, અભ્યુત્થાન, સન્માન, આસન - અભિગ્રહ, આસન-અનુપ્રદાન, કૃતિ કર્મ અને અંજલિ જોડવી. આવતા અનુગમન ઉભા હોય તેની પર્યુપાસના, જતાં એવાની પાછળ જવું તે શુશ્રૂષા વિનય છે અહીં સત્કાર - સ્તવન, વંદનાદિ. અભ્યુત્થાન - જ્યાં દેખાય ત્યાં જ કરવું જોઈએ. સન્માન - વસ્ત્ર, પાત્રાદિથી પૂજન. આસનાભિગ્રહ - ઉભા હોય ત્યારે આગદરથી આસન લાવીને બેસો તેમ કહેવું. એક સ્થાનેથી બીજે સ્થાને સંચરે ત્યારે આસનનું અનુપ્રદાન કરવું. કૃતિ કર્મ આદિ પ્રસિદ્ધ છે.

અનાશાતના વિનય પંદર પ્રકારે છે - તીર્થંકર, ધર્મ, આચાર્ય, વાચક, સ્થવિર, કુલ, ગણ, સંઘ, સાંભોગિક, ક્રિયામાં અને મતિજ્ઞાનાદિમાં તેમજ છે. અહીં ભાવના આ છે - તીર્થંકરની અનાશાતના, તીર્થંકર પ્રજ્ઞપ્ત ધર્મની અનાશાતના. આ પ્રમાણે બધે જ જાણવું. તેમના ભક્તિ, બહુમાન અને વર્ણવાદ કરવો. કોનો? અરહંતથી કેવળજ્ઞાન પર્યન્ત પંદરેના.

હવે ચારિત્ર વિનય - સામાયિકાદિ ચારિત્રની શ્રદ્ધા તે પ્રમાણે જ કાયા વડે સંસ્પર્શના, ભવ્ય જીવોના આગળ પ્રરૂપણા. આચાર્યાદિનો સર્વકાળ પણ મન - વચન - કાય વિનય કરવો. અકુશલ મનો નિરોધ કુશલની ઉદીરણા.

હવે ઉપચાર વિનય - તે સાત ભેદે છે. અભ્યાસ સ્થાન, છંદોનું વર્તન, કૃતપ્રતિકૃતિ, કારિત નિમિત્ત કરણ, દુઃખાર્ત્ત ગવેષણા તથા દેશકાળ જ્ઞાન સર્વાર્થમાં તે રીતે અનુમતિ કહી છે. આ સંક્ષેપથી ઉપચાર વિનય કહ્યો.

તેમાં અભ્યાસ સ્તાન આદેશર્થિને નિત્ય આચાર્યની નીકટ આસન સ્થાપવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છંદોનું વર્તિતવ્ય. કૃતિ પ્રતિકૃતિ એટલે પ્રસન્ન આચાર્ય સૂત્ર, અર્થ કેત દુભચને આપે છે. આહારાદિમાં યતના કરવી. કારિત નિમિત્ત કરણ - સમ્યગ્ અર્થપદ ભણાવનાર પ્રત્યે વિશેષ વિનયથી વર્તવું. - x - x -

૦ હવે વૈયાવચ્ચ - વ્યાપૃત ભાવ તે વૈયા વૃત્ય કહ્યું છે - વૈયાવચ્ચ વ્યાપૃત ભાવ, અહીં ધર્મસાધન નિમિત્ત છે. અન્ન આદિનું વિધિથી સંપાદન, આ ભાવાર્થ છે. તે આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષક, અધર્મિક, કુલ, ગણ, સંઘની કરવી જોઈએ. તેમાં આચાર્ય પાંચ ભેદે છે - પ્રવ્રાજનાચાર્ય, દિશાચાર્ય, સૂત્રના સમુદ્દેશનાચાર્ય, સૂત્રના ઉદ્દેશનાચાર્ય, વાચનાચાર્ય ઉપાધ્યાય પ્રસિદ્ધ છે. સ્થવિર - જે ગચ્છની સંસ્થિતિ કરે છે, તે જન્મ, શ્રુત કે પર્યાયથી સ્થવિર ત્રણ ભેદે છે. તપસ્વી - ઉગ્ર તપને આચરતા. ગ્લાન - રોગથી પીડાયેલ, શૈક્ષ - નવો જ દીક્ષિત. સાધર્મિકમાં ચતુર્ભંગી છે - (૧) પ્રવચનથી પણ લિંગથી નહીં, (૨) લિંગથી પણ પ્રવચનથી નહીં, (૩) લિંગ અને પ્રવચન બંનેથી, (૪) લિંગથી નહીં - પ્રવચનથી પણ નહીં. - x -

૦ હવે સ્વાધ્યાય - તે પાંચ ભેદે છે - વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા, વાચના - શિષ્યને ભણાવવો, પૃચ્છના - સૂત્ર કે અર્થ સંબંધી હોય છે. પરિવર્તના - પરિવર્તન કે અભ્યસન કે ગુણન. અનુપ્રેક્ષા - મનથી પરાવર્તના કરે, વચનથી નહીં. ધર્મકથા - અહિંસાદિ લક્ષણ સર્વજ્ઞપ્રણીત ધર્મ કે અનુયોગનું કથન.

૦ હવે ધ્યાન - તે આર્ત્ત આદિ ભેદથી ચાર પ્રકારે છે. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. તેમાં રાજ્ય, ઉપભોગ, શયન, આસન, વાહન, સ્ત્રી, ગંધ, માળા, મણિ, રત્ન, વિભૂષણોમાં ઇચ્છા - અભિલાષા જે મોહના ઉદયથી થવી તેને વિદ્વાનો આર્ત્તધ્યાન કહે છે. બીજાનું સંછેદન, દહન, ભંજન, મરણ, બંધ, પ્રહાર, દમન તથા વિનિકૃંતન થકી જે ખુશ થાય છે અને દયા લાવતો નથી, ઇત્યાદિ ધ્યાન ને પ્રાજ્ઞો રૌદ્રધ્યાન કહે છે.

સૂત્રાર્થને સાધવાને મહાવ્રત ધારણ કરવામાં, બંધ નથી મોક્ષ ગમનાગમ હેતુની વિચારણા, પાંચે ઇન્દ્રિયોને જીતવી, જીવોની દયા, એ સંબંધી ધ્યાનને વિદ્વાનો ધર્મ ધ્યાન કહે છે. જેની ઇંદ્રિયો વિષયોમાં પરાંગમુખ છે. સંકલ્પ, કલ્પના, વિકલ્પ, વિકાર, દોષો વડે તથા ત્રણે યોગો વડે સદા જેનો આત્મા શાંત છે,તેને પંડિતો ઉત્તમ એવું શુક્લધ્યાન કહે છે.

આર્ત્તધ્યાનથી તિર્યંચ ગતિ, રૌદ્રધ્યાનથી નરક ગતિ, ધર્મધ્યાનમાં દેવગતિ અને શુભ ફળ થાય, શુક્લધ્યાનમાં જન્મક્ષય થાય છે તેથી વ્યાધિ રોગાતંકમાં હિતકર, સંસાર નિર્વાહક અને કર્મરજને દૂર કરનાર એવા શુક્લધ્યાનમાં પંડિત પુરુષો પ્રયત્ન કરે. સંક્ષેપથી કહ્યું વિસ્તારથી જાણવા ધ્યાનશતક જોવું.

૦ હવે વ્યુત્સર્ગ કહે છે. તે બે ભેદે છે:- દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી ચાર ભેદે છે - ગણ, શરીર, ઉપધિ, આહાર ભેદથી છે. ભાવથી ક્રોધ આદિના પરિત્યાગરૂપ છે - x - કાળમાં ગણ અને દેહનું અતિરિક્ત અશુદ્ધ ભોજન અને પાનનો ત્યાગ. ક્રોધાદિનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સતત ત્યાગ કરવો તે ભાવ વ્યુત્સર્ગ.

આ પ્રાયશ્ચિતથી વ્યુત્સર્ગ સુધીનો અભ્યંતર તપ લૌકિક મતવાળા જાણતા નથી. જાણનારા પણ મોક્ષને માટે આદરતા નથી. આથી જૈન મતવાળા તેને અભ્યંતર તપ કહે છે.

બાકીના પદોના અર્થો પ્રગટ હોવાથી સૂત્રપદ સ્પર્શિકા નિર્યુક્તિ નિર્યુક્તિકારે કહેલ નથી. પોતાની બુદ્ધિથી વિચારી લેવા (શંકા) "ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે ઇત્યાદિમાં ધર્મના ગ્રહણમાં અહિંસા, સંયમ, તપ ગ્રહણ આયુક્ત છે. કેમકે તેના અહિંસા, સંયમ, તપ, રૂપત્વથી અવ્યભિચાર છે. (સમાધાન) ના, તેમ નથી. અહિંસાદિ ધર્મના કારણ પણે છે અને ધર્મ કાર્ય પણે છે. કાર્ય અને કારણનો કથંચિત ભેદ બતાવે છે. - x - x - વળી ગમ્ય આદિ ધર્મના વિચ્છેદ કરીને તેના સ્વરૂપને જણાવવા આ અહિંસાદિ ગ્રહણ અદુષ્ટ છે.

(શંકા) અહિંસા, સંયમ, તપ, રૂપ એ ઉત્કૃષ્ટ મંગળ છે એ વચન આજ્ઞાસિદ્ધ છે કે યુક્તિ સિદ્ધ છે ? (સમાધાન) ઉભય સિદ્ધ છે. કઈ રીતે ? જિનવચનપણાથી. - x - તેમાં નિર્યુક્તિકાર કહે છે -

● **નિર્યુક્તિ - ૪૯ - વિવેચન -**

પૂર્વે નિરૂપિત સ્વરૂપવાળા જિન, તેમનું વચન - તેની આજ્ઞાથી સિદ્ધ - સત્ય છે, પ્રતિષ્ઠિત છે, અવિચાર્ય સિદ્ધ જ છે. કેમકે - જિનેશ્વરે રાગાદિ રહિત છે. રાગાદિવાળાને સત્ય વચન અસંભવ છે. કહ્યું છે કે - રાગથી, દ્વેષથી કે મોહથી કહેવાતું વાક્ય અસત્ય છે. જેમને આવા દોષો નથી તે અસત્ય કયા કારણથી બોલે ? - x - કેવા શ્રોતોને આશ્રીને કહે છે ? વિશેષ કે મધ્યમ બુદ્ધિવાળાને આશ્રીને પણ મંદબુદ્ધિવાળા માટે નહીં. કેમકે બુદ્ધિમાન હેતુ માત્રના ઉપન્યાસથી જ ઘણાં અર્થને માટે ગમન કરી શકે છે. મધ્યમ બુદ્ધિવાળા તેનાથી જ બોધ પામે છે, પણ બીજો નહીં. - x - x - x - x -.

● **નિર્યુક્તિ - ૫૦ - વિવેચન -**

કોઈ સ્થળે સાંભળનારની અપેક્ષાએ પાંચે અવયવ કહેવાય છે. કોઈ સ્થાને દશ અવયવ, બધી રીતે ગુરુ અને શ્રોતાની અપેક્ષાએ છે. - x - x - x -

હવે ઉદાહરણ અને હેતુનું સ્વરૂપ કહે છે -

● **નિર્યુક્તિ - ૫૧ - વિવેચન -**

નિર્યુક્તિમાં 'तत्र' શબ્દ વાક્યના ઉપન્યાસ કે નિર્ધારણ અર્થે છે. ઉદાહરણ મૂળ ભેદથી બે પ્રકારે છે - ચરિત અને કલ્પિત. ઉત્તરભેદથી ચાર પ્રકારે છે. તે બંનેના એકેક ઉદાહરણ (૧) આહરણ, (૨) તેનો દેશ, (૩) તેનો દોષ, (૪) તેનો ઉપન્યાસ તે આગળ કહીશું. ઇચ્છિત ધર્મ વિશિષ્ટ અર્થને પમાડે તે હેતુ. તે ચાર ભેદે છે. ખલુ શબ્દ વ્યક્તિ ભેદથી અનેક પ્રકારે વિશેષાર્થને બતાવે છે. તુ શબ્દ પુનઃ શબ્દાર્થપણે છે. તેથી સાધ્ય અર્થ અવિનાભાવ બલ વડે સધાય છે કે જણાય છે. અર્થ – પ્રતિજ્ઞા. હવે વિવિધ દેશના શિષ્યોના હિતાર્થે ઉદાહરણના એકાર્થિક શબ્દો કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● નિર્યુક્તિ - ૫૨ - વિવેચન -

જ્ઞાત - જે વડે દૃષ્ટાંત આપવાનો અર્થ જણાય છે. અધિકરણમાં નિષ્ઠા પ્રત્યય છે. તે પ્રમાણે જે વડે ઉદાહરણ કરાય અને પ્રબળતાથી દાર્ષ્ટાન્તિક અર્થ ગ્રહણ કરાય તે ઉદાહરણ. દૃષ્ટ અર્થને અંત સુધી લઈ જાય તે દૃષ્ટાંત. અતીન્દ્રિય પ્રમાણથી અદૃષ્ટ સંવેદન નિષ્ઠાને પહોંચાડે તે દૃષ્ટાંત છે. જેના વડે દાર્ષ્ટાન્તિક અર્થની ઉપમા કરાય તે ઉપમાન. નિદર્શન એટલે જે નિશ્ચય વડે દાર્ષ્ટાન્તિક જ અર્થ થાય તે છે. આ બધાં એકાર્થક છે. પૂર્વોક્ત આ બંને પ્રકારનું ઉદાહરણ તથા ચાર પ્રકારે પ્રત્યેકનું જાણવું. હવે - x - x - બે પ્રકારનું ઉદાહરણ કહે છે -

● નિર્યુક્તિ - ૫૩ - વિવેચન -

ચરિત અને કલ્પિત બે ભેદે ઉદાહરણ છે. તેમાં ચરિત - બનેલું તેના વડે કોઈ દાર્ષ્ટાન્તિક અર્થની પ્રતિપત્તિ થાય છે તે આ પ્રમાણે - નિયાણું કરવું તે દુઃખને માટે છે, જેમ બ્રહ્મદત્તનું. કલ્પિત - સ્વબુદ્ધિ કલ્પના શિલ્પ વડે બનાવાયેલ તેના વડે કોઈ દાર્ષ્ટાન્તિક અર્થનો સ્વીકાર થાય છે. જેમકે - પીપળાના પાનથી અનિત્યતા બતાવાય છે. જેમ તમે છો તેવા અમે પૂર્વે હતા, જેમ અમે પડ્યા તેમ તમારે પણ પડવાનું છે, એમ સુકા પાન કુંપણને કહે છે. આ કલ્પિત દૃષ્ટાંતમાં પાંદડા કંઈ બોલતા નથી, પણ તે ઉપમા ભવ્યજનના બોધને માટે છે. આ ઉદાહરણ તે દૃષ્ટાંત કહેવાય. તેનું સાધ્ય અનુગમાદિ લક્ષણ છે. - x - આ દૃષ્ટાંત આધર્મ્ય અને વિધર્મ્ય બે ભેદ છે.

(શંકા) લક્ષ્યનો અભાવ હોવાથી શા માટે ઉદાહરણત્વ કહેવાય ? (સમાધાન) તેમાં પણ કંઈક અંશે સાધ્યના અનુગમ વડે દાર્ષ્ટાન્તિક અર્થના સ્વીકારની ખાત્રીના ફળથી ઉદાહરણ છે. ઇત્યાદિ - x - x - x - x - (ગ્રન્થ વિસ્તાર ભયે વૃત્તિકારે સંક્ષેપ કરેલ છે.) - x - x - x -

વિધિ વડે ચરિત અને કલ્પિત બે પ્રકારે ઉદાહરમો કહ્યા. હવે દરેકના ચાર પ્રકારે કહે છે. ઉદાહરણ, તેનો દેશ, તેનો દોષ, ઉપન્યાસ તેમાં ઉદાહરણ શબ્દનો અર્થ કહેલ છે જ. તેનો દેશ આદિ આગળ કહીશું.

હવે ઉદાહરણને બતાવવાને માટે કહે છે -

● નિર્યુક્તિ ૫૪ - વિવેચન

ઉદાહરણ ચાર ભેદે છે. અથવા વિચાર કરતાં ઉદાહરણના ચાર ભેદો થાય છે. આ પ્રમાણે - અપાય, ઉપાય, સ્થાપના, પ્રત્યુત્પન્ન - વિનાશ. આનું સ્વરૂપ વિસ્તાર ભેદથી નિર્યુક્તિકાર જ કહેશે. અપાય ઉદાહરણ ચાર ભેદે છે - દ્રવ્ય અપાય, ક્ષેત્ર અપાય, કાળ અપાય, ભાવઅપાય તેમાં દ્રવ્યથી અપાય તે દ્રવ્યાપાય. અપાય - અનિષ્ટપ્રાપ્તિ અથવા દ્રવ્ય જ અપાય તે દ્રવ્યાપાય. અપાયના હેતુથી દ્રવ્ય એ જ દ્રવ્યાપાય. એ પ્રમાણે ક્ષેત્રાદિમાં પણ જાણવું. હવે દ્રવ્યાપાયનું પ્રતિપાદન કરે છે -

● નિર્યુક્તિ - ૫૫ - વિવેચન

દ્રવ્ય અપાયમાં બે ઉદાહરણ કહે છે, 'તુ' શબ્દથી બીજા પણ જાણવા. - x - x

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- કથાનક આ પ્રમાણે - એક સંનિવેશમાં બે ભાઈઓ ઘણાં ગરીબ હતાં. તેઓ સોરઠ જઈને ૧૦૦૦ રૂપિયા કમાયા. વાંસળીમાં ભર્યા. તે લઈને બંનેપોતાને ગામ આવ્યા. રસ્તામાં બંને વારા ફરતી વાંસળીને ઉંચકે છે. એકના હાથમાં કોથળી હતી. ત્યારે બીજા વિચારે છે. આને મારી નાંખુ તો રૂપિયા મારા થી જાય, બીજાને પણ તે જ વિચાર આવ્યો. તેઓ ગામ સમીપે પહોંચ્યા, નદીના તટમાં મોટા ભાઈને થયું કે - ધિક્કાર છે કે મેં મારા ભાઈનો વિનાશ ચિંતવ્યો. એમ કહી મોટેથી રડવા માંડ્યો. બીજાએ પૂછ્યું - કેમ રહે છે? તેણે સત્ય જણાવ્યું નાનો ભાઈ બોલ્યો - મને આવો જ વિચાર આવેલો. તેથી વાંસળી ફેંકી દીધી. દ્રહનું માછલું તે વાંસળી ગળી ગયો મચ્છીમાર તેને મારીને વેચવા લઈ ગયો. બંને ભાઈની માતાએ તે માછલું વેંચાતુ લાવવા તેની બહેનને મોકલી. બહેન તે જ માછલું લાવી. માછલું ચીરતા અંદરથી વાંસળી નીકળી. તેણીને થયું કે - આ વાંસળી મારી થાઓ. તેમે વાંસળી છુપાવવા પ્રયાસ કર્યો. ડોસીએ તે જોયું. બંને વચ્ચે વાંસળી માટે લડાઈ થઈ. દાસીએ (બહેને) ડોસીને મર્મ પ્રદેશમાં છરી મારી, ડોશી મરી ગઈ બંને ભાઈઓએ આ વાત જાણી. માને મરેલ જોીને વિચાર્યું કે આ દ્રવ્ય જ દુઃખદાયી છે. બંનેએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. લોકમાં પણ કહેવાય છે કે ધન પ્રાપ્તિમાં દુઃખ, પછી તેના રક્ષણમાં દુઃખ પછી તેને ખર્ચાતા દુઃખ થાય. આ દ્રવ્ય ઘણાં અપાય વાળું છે. તેનો ત્યાગ કરીને જે મહાસત્ત્વી તપોવનનો આશ્રય લે છે, તે ધન્ય છે.

હવે ક્ષેત્રાદિ અપાયને પ્રતિપાદન કરતાં કહે છે - ક્ષેત્ર દ્વારનો વિચાર તે ક્ષેત્ર અપાય, કેમકે ક્ષેત્ર જ તેનું કારણ છે તેનું ઉદાહરણ અપક્રમણ - અપસર્પણ દશાર સમુદાયનું થાય છે. તેનો ભાવાર્થ આ છે - દ્વૈપાયન ઋષિનો અધિકાર કાળને આશ્રી છે. અહીં કાળથી અપાય તે કાળ અપાય છે. અથવા કાળ જ તેનું કારણ છે. તેની કથા આગળ કહીશું.

ભાવથી અપાય તે ભાવ અપાય. તે પણ કથાથી કહીશું.

ક્ષેત્ર અપાયનું દૃષ્ટાંત - દશાર્હ હરિવંશ રાજાની મોટી કથા છે. તેમાંનું ઉપયોગી જ કહીએ છીએ. કંશને માર્યા પછી તેના સસરા જરાસંધ તેનું વૈર લેવા તૈયારી કરી. તેથી દશે દસાર ભાઈએ નાસીને દ્વારકા ગયા. ચાલુ યોજનાને નિર્યુક્તિકાર પોતે કહેશે, તો શા માટે અહીં પ્રયાસ કરવો?

કાળ અપાયનું દૃષ્ટાંત - જ્યારે કૃષ્ણે નેમિનાથને પૂછ્યું. ત્યારે ભગવંતે કહ્યું કે - દ્વારિકાનો વિનાશ બાર વર્ષે જૈપાયનથી થશે. આ વાત ઉદ્યોતતરા નગરીમાં પરંપરાએ સાંભળીને દ્વૈપાયન તાપસે વિચાર્યું કે - મારાથી આ નગરીનો વિનાશ ન થાઓ. તેથી બાર વર્ષ બીજે જવું સારું. એમ વિચારી ઉત્તરાપથમાં ગયા. ભૂલથી કાળની જાણ ન રહેતા બારમે વર્ષે પાછો આવ્યો. કુમારો તેને ઘણો માર્યો. દ્વૈપાયન નિયાણુ કરીને દેવ રૂપે ઉત્પન્ન થયો. તેણે દ્વારિકા બાળી નાંખી. આ કાળ અપાય છે. કેમકે જિનભાષિત અન્યથા થતું નથી.

ભાવ અપાય - એક તપસ્વી સાધુ શિષ્યની સાથે ભિક્ષાચર્યાએ નીકળ્યા. તપસ્વી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડે ત્યાં દેડકી મારી નાંખી. શિષ્યએ કહ્યું - આપે દેડકી મારી છે. તપસ્વી સાધુ બોલ્યા - રે દુષ્ટ! આ તો ક્યારની મરેલી છે તે બંને ગયા. પછી રાત્રિના આવશ્યકમાં આલોચના કરતાં તપસ્વી સાદુએ તે દેડકીની આલોચના ન કરી. ત્યારે શિષ્ય એ કહ્યું. હે ક્ષપક! તે દેડત માર્યાની આલોચના કરો. તપસ્વી સાધુ ક્રોધિત થયા. શિષ્યને મારવા બળખાનું વાસણ લઈને દોડ્યા. જોરથી દોડતાં થાંભલા સાથે અથડાઈને મરણ પામ્યા. મરીને જ્યોતિષ્ક દેવ થયા. ત્યાંથી ચ્યવીને દૃષ્ટિવિષ કુળમાં સર્પ થયા.

કોઈ રાજપુત્ર ફરતો ફરતો ત્યાં આવ્યો. સર્પ તેને ડસ્યો. સાપ પકડનારે વિદ્યા વડે બધાં સર્પોને બોલાવ્યા. મંડલમાં પ્રવેશ કરાવીને કહ્યું. બાકીના બધાં સર્પો ચાલ્યા જાઓ, જે રાજપુત્રને ડસ્યો છે, તે જ સર્પ રહો. બધાં સર્પો ગયા, માત્ર એક સર્પ રહ્યો. વિદ્યાજ્ઞાતા બોલ્યો - કાં તો આ ઝેર પી લે અથવા અગ્નિમાં પડ. તે સર્પ અગંધન જાતિનો હતો. સર્પોમાં બે જાતિ છે - ગંધન અને અગંધન. અગંધન સર્પો માનવાળા હોય છે ત્યારે તે અગ્નિમાં પ્રવેશી ગયો. પણ તેણે વમેલ ઝેર ન પીધું. રાજપુત્ર પણ મરી ગયો. પછી રાજાએ રોષિત થઈ રાજ્યમાં ઘોષણા કરી - જે મને સાપનું મસ્તક લાવીને આપશે, તે હું દીનાર આપીશ.

પછી લોકો દીનારના લોભથી સાપને મારવાલાગ્યા. તે સર્પ કુળમાં જ્યાં તે ક્ષપક તપસ્વી ઉત્પન્ન થયેલ તેણે જાતિ સ્મરણથી રાત્રે જ નીકળતો, દીવસે નીકળતો ન હતો; જેથી તેનાથી જીવોનો ઘાત ન થઈ જાય કોઈ વખતે સાપ પકડનારને રાત્રિમાં ફરનારે આ કહ્યું. તેની સુગંધ વડે તેણે ક્ષપક - સર્પનું બિલ જોયું. ત્યાં ઉભો રહી ઔષધિથી બોલાવવા લાગ્યો. સર્પે વિચાર્યું કે મેં ક્રોધનો વિપાક જોયો છે. જો હું અભિમુખ જઈશ, તો તે બળી જશે તેથી પુંછ વડે બહાર નીકળવાનું શરૂ કર્યું. તે સર્પ પકડનાર તેને છેદતો ગયો, મસ્તક સુધી છેદ્યો. તે સર્પ મરી ગયો. પણ તે દેવતા અધિષ્ઠિત સર્પ હતો. દેવતાએ રાજાને સ્વપ્ન આપ્યું કે - "તું સર્પોને ન માર, તને નાગકુળથી ઉદ્વર્તીને એક પુત્ર થશે. તે બાળકનું 'નાગદત્ત' નામ કરવું.

તે ક્ષપક સર્પ મરીને, તે જ રાજાનો પુત્ર થયો. બાળક જન્મતા તેનું 'નાગદત્ત' નામ રાખ્યું. બાળપણામાં જ તેણે દીક્ષા લીધી. તે પૂર્વે તિર્યંચ હોવાથી તેના અનુભાવને લીધે તે ઘણો ખાઉધરો હતો. તે મુનિ પ્રભાત વેળામાં જ ખાવાનું આદરતો, તે છેક સૂર્યાસ્ત વેળા સુધી ખાતો. તે સ્વભાવથી ઉપશાંત અને ધર્મશ્રદ્ધી હતો. તે ગચ્છમાં બીજા ચાર ક્ષપક - તપસ્વી સાધુ હતા. તેઓ અનુક્રમે ચાર માસી, ત્રણ માસી, બે માસી અને એક માસી તપ કરતા હતા. રાત્રિના દેવી વંદન કરવાને આવી. ચારેને ઓળંગીને જઈને ક્ષુલ્લક સાધુને વાંદ્યા. પછી તે ક્ષપક - તપસ્વી રોષાયમાન થયા અને બોલ્યા - હે કટપૂતના ! અમને તપસ્વીને વાંદતી નથી અને આ ભાતખાનારને વંદે છે. તે દેવી બોલી - હું ભાવતપસ્વીને વાંદુ છું. પણ પૂજા-સત્કાર અભિમાનીને વાંદતી નથી.

પછી તે ક્ષપકો, તે ક્ષુલ્લક પ્રત્યે ઇર્ષ્યા કરવા લાગ્યા. દેવી વિચારે છે કે - આ સાધુઓ ક્ષુલ્લની નિર્ભર્ત્સના ન કરે, તેતી તેની નીકટ રહેવું. હું તેઓને પ્રતિબોધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીશ. બીજા દિવસે ક્ષુલ્લક પર્યુષિત - ઠંડો આહાર લેવાને નીકળ્યો. પાછો આવીને ગૌચરી આલોચીને ચોમાસી ક્ષપકને વિનંતી કરી. તે તપસ્વીએ રોષથી પાત્રમાં બળકો ફેંક્યો. ક્ષુલ્લકે તેને કહ્યું - "મિચ્છા મિ દુક્કડં" - મેં તમને શ્લેષ્મ પાત્ર ન આપ્યું. તેથી તપસીએ રીસાઈને તેના માથા ઉપર જ રાખ અને બળકો નાંખ્યો. એ પ્રમાણે બીજા ત્રણે એ પણ તેમ જ કર્યું. છતાં તે ક્ષુલ્લક સાધુ શાંત રહ્યા. પછી એક તપસ્વીએ તેનો હાથ પકડી લીધો. ત્યારે પણ તે ક્ષુલ્લકે મનમાં દીનતા લાવ્યા વિના અને વિશુદ્ધમાન પરિણામથી, વિશુદ્ધમાન થતી લેશ્યાથી તદ્ આવરક કર્મનો ક્ષય થતાં તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

ત્યારે દેવીએ ચારે ક્ષપકોને કહ્યું - તમને કેવી રીતે વાંદવા? તમે ક્રોધથી હારેલા છો? ત્યારે તે ક્ષપકો સંવેગ પામ્યા. "મિચ્છા મિ દુક્કડ" આપ્યું. અહો આ સાધુ બાલ છે છતાં કેવો ઉપશાંત ચિત્ત છે, અમારા દ્વારા પાપકર્મ વડે તેની આશતના કરી. એ પ્રમાણે તેમને પણ કેવળજ્ઞાન થયું.

એ પ્રમાણે પ્રસંગથી કથાનક કહ્યું. ઉપનય એ કે ક્રોધાદિ અપ્રશસ્ત ભાવથી દુર્ગતિ રૂપ અપાય થાય. પરલોક ચિંતા માટે ચાલુ વાતમાં કહે છે -

**● નિર્યુક્તિ - ૫૭ - વિવેચન -**

શિક્ષક અને અશિક્ષક અર્થાત્ નવદીક્ષિત અને દીર્ઘદીક્ષિત અથવા નવદીક્ષિત અને ગૃહસ્થીના સંવેગ સ્થૈર્ય માટે બંનેને આશ્રીને દ્રવ્યાદિ ઉક્ત પ્રકારથી ચારે અપાયો દેખાડે છે. તેમાં સંવેગ - મોક્ષ સુખનો અભિલાષ છે, સ્થૈર્ય - લીધેલાં વ્રત પૂરાં પાળવા તે. તેથી કેવી રીતે દુઃખનું નિબંધન છે તે દ્રવ્યાદિના બોધથી સંવેગ અને સ્થિરતા પ્રાપ્ત થાય? દ્રવ્યાદિમાં રાગ ન કરવાથી સંવેગ થાય. તેથી કહે છે -

**● નિર્યુક્તિ - ૫૮ - વિવેચન -**

અહીં ઉત્સર્ગથી મુમુક્ષુ વડે દ્રવ્ય જ અથવા અધિક વસ્ત્ર, પાત્ર આદિ અથવા સોનું આદિ ગ્રહણ ન કરવા. નવા શિષ્યને આશ્રીને કારણે ગ્રહણ કરેલ દ્રવ્ય તે પણ દીક્ષાદિ કારણ પૂર્ણ થતા છોડી દેવું જોઈએ. આલોક અને પરલોકના અનેક ભયના હેતુરૂપ અને દુઃખે કરીને જેનો અંત આવે એવા આગ્રહ આદિ અપાયોનું હેતું પણું મધ્યસ્થ પુરુષોએ સ્વબુદ્ધિથી વિચારવું.

એ પ્રમાણે અશિવાદિ ક્ષેત્રનો ત્યાગ કરવો. અશિવ પ્રધાન, ઉનોદરતા, રાજદ્વિષ્ટાદિનો ત્યાગ કરવો કેમ કે તેમાં અનેક આલોક - પરલોક સંબંધી અપાયો સંભવે છે. તે પ્રમાણે બાર વર્ષીય ભાવિ કાળે અશીવાદિનો સંભવ હોય તો ક્ષેત્ર છોડી દેવું. કેમકે ત્યાં અપાયનો સંભવ છે - x - x - તથા ક્રોધાદિ અપ્રશસ્ત ભાવોનો વિવેક, - કેમ કે નરક પાતનાદિ અપાય હેતુત્વથી પરિત્યાગ કરવો. આ ભાવ અપાય બતાવ્યો.

આ પ્રમાણે વસ્તુતઃ ચરણકરણાનુયોગને આશ્રીને અપાય બતાવ્યો. હવે દ્રવ્યાનુયોગને આશ્રીને બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● નિર્યુક્તિ - ૫૯ - વિવેચન.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વડે નારકત્વથી વિશિષ્ટ ક્ષેત્ર અને વય, અવસ્થિત, અપ્રસન્નત્વાદિથી સ્વભાવ એકાંત વડે જ સર્વથા જે વાદીઓ આત્માને અથવા અન્ય વસ્તુને માને છે, તેમનામાં આ ઉપરોક્ત અપાયોનો અભાવ છે. કેવા વાદીને અભાવ છે? સુખ, દુઃખ, સંસાર; મોક્ષના વાંચુને. સુખ - આહ્લાદ અનુભવરૂપ ક્ષણ. દુઃખ - તાપ અનુભવરૂપ. સંસાર - તિર્યંચ, નારક, દેવ, મનુષ્ય ભવમાં સંસરવા રૂપ. મોક્ષ - આઠ પ્રકારના કર્મબંધનો વિયોગ. તે વાદીને સુખાદિનો અભાવ કેવી રીતે? - x - નિત્યતાથી - પ્રસન્નત્વના ત્યાગ વિના પ્રસન્નત્વનો અભાવ થાય છે.

● નિર્યુક્તિ - ૬૦ - વિવેચન

સુખ દુઃખનો સંપ્રયોગ, સમ્યક્ કે સંગત પ્રયોગ તે સંપ્રયોગ એટલે અકલ્પિત. ઘટતો નથી. ક્યાં? નિત્યવાદના સ્વીકારમાં સંપ્રયોગ રહેતો નથી. કલ્પિત હોય તો થાય જ. *(અહીં નિત્યવાદ અને અનિત્યવાદનો પક્ષ બતાવીને વૃત્તિકારશ્રીએ તેનું ખંડન કરેલ છે. જે અમારું કાર્યક્ષેત્ર ન હોવાથી છોડી દીધેલ છે.)* આ રીતે અપાય બતાવેલ છે.

હવે ઉપાય કહે છે. તેમાં ઉપ - સામીપ્યથી, આય - લાભ. વિવક્ષિત વસ્તુના સંપૂર્ણ લાભનું હેતુ પણું હોવાથી તે વસ્તુનો લાભ તે જ ઉપાય. અર્થાત્ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિનો વ્યાપાર, તે ચાર પ્રકારે છે -

● નિર્યુક્તિ - ૬૧ - વિવેચન -

અપાયની જેમ ઉપાય પણ ચાર ભેદે છે - દ્રવ્યોપાય, ક્ષેત્રોપાય, કાલોપાય અને ભાવોપાય. દ્રવ્ય ઉપાયના વિચારમાં સોનું બનાવવાનો ઉપાય તે પહેલો અને લૌકિક છે. લોકત્તરમાં રસ્તામાં ચાલતાં આદિ કારણથી પડીગયેલ પલ્લાં અને પ્રાસુક પાણીથી ધોવા આદિ. હળ આદિથી ખેતર ખેડવા તે ક્ષેત્ર ઉપાય છે, તે લૌકિક છે. લોકોત્તરમાં પણ વિધિપૂર્વક પ્રાતઃ અશન આદિ અર્થે ફરવું તે ક્ષેત્ર ઉપાય છે. બીજા કહે છે - યોનિપ્રાભૃત પ્રયોગથી સુવર્ણ બનાવવાના સંઘાત પ્રયોજનાદિમાં દ્રવ્ય ઉપાય બતાવે છે. વિદ્યાદિથી કુમાર્ગથી છુટકારો આદિ ક્ષેત્ર ઉપાય છે - x - x - .

● નિર્યુક્તિ - ૬૨ - વિવેચન

કાલ, નાલિકાદિથી જણાય છે. નાલિકા એટલે ઘડી, શંકુ વગેરે. આ નાલિકાદિનો ઉપયોગ લૌકિક કાલોપાય છે. લોકોત્તર તે સૂત્ર પરાવર્ત્તના આદિથી થાય છે. ભાવદ્વારમાં વિચારતાં દૃષ્ટાંત બતાવે છે. કોણે? તે કહે છે - પંડિત, અભયકુમાર, તેથી કહે છે - ચોર નિમિત્તે નાટકમાં વૃદ્ધકુમારી. ત્રણ કાળ ગોચર સૂત્ર પ્રદર્શનાર્થે કહે છે - તેણે ઉપાયથી ચોરનો ભાવ જાણ્યો, એ પ્રમાણે શૈક્ષ આદિનો ભાવ ગુરૂએ વિધિ ઉપાયથી જાણી લેવો.

ભાવોપાયનું ઉદાહરણ - રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા હતો. તેણે રાણીએ એક સ્તંભ વાળો પ્રાસાદ બનાવવા કહ્યું. તેણે સુતારોને આજ્ઞા કરી, તેઓ લાકડા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાપવા ગયા. તેમણે જંગલમાં સલક્ષણ સરળ અતિ મોટું વૃક્ષ જોયું. ધૂપ કર્યો. જેથી જે દેવતા વડે આ વૃક્ષ પરિગૃહીત હોય તે દેવ દર્શન દેજો. જો દર્શન આપે તો આને ન છેદીએ. ન આપે તો છેદીએ. ત્યારે તે વૃક્ષવાસી વ્યંતરે અભયને દર્શન દીધા. તેણે કહ્યું - હું રાજા માટે એક સ્તંભ પ્રાસાદ કરીશ. તેમાં સર્વઋતુક બગીચો બનાવીશ, માટે વૃક્ષ ન છેદશો. એ પ્રમાણે તેણે પ્રાસાદ કર્યો.

કોઈ વખતે કોઈ ચાંડાલણને અકાળે આંબા ખાવાનો દોહદ થયો. તેણે પતિને કહ્યું - મારા માટે આંબા લાવો. તેણે અવનામિની વિદ્યાથી શાખાને નમાવીને રાજબગીચામાંથી આંબા ગ્રહણ કર્યા. પ્રભાતે રાજાએ આંબા ચોરાયેલા જોયા. પગલાં ન દેખાયા. ત્યારે કોણ મનુષ્ય અહીં આવીને ગયો? જેની આવી શક્તિ છે, તે મારા અંતપુરમાં પણ ઘસી આવે. તેથી અભય ને બોલાવીને કહ્યું - સાત રાત્રિમાં જો ચોર ને ન લાવે તો તું જીવતો નહીં રહે.

અભયે તેને શોધવાનું આરંભ્યું. કોઈ પ્રદેશમાં નાચનાર રમવાની ઇચ્છાવાળો હતો. લોકો ભેગા થયેલા. ત્યારે ત્યાં જઈને અભય બોલ્યો - બધાં મારું એક આખ્યાન સાંભળી લો. કોઈ નગરમાં દરિદ્રી શેઠ રહેતો. તેની પુત્રી ઘણી રૂપવંત હતી. વર માટે તે 'કામ'ને પૂજે છે. માળી તેણીને ચોરીથી ફૂલ વીણતી જોઈ. માળીએ દૂરાચાર કર્યો ત્યારે તેણી બોલી 'હું કન્યા છું' મને જવા દે. માળીએ કહ્યું - જે દિને તું પરણે તે દિને મારી પાસે આવે તો તને છોડું, તેણીએ એ વાત કબૂલતા, છોડી દીધી. કોઈ દિને તેણી બીજાને પરણી. શયનગૃહમાં તેણે પતિને બધો વૃત્તાંત કહ્યો. પતિની રજા લઈ તે નીકળી. રસ્તામાં ચોરે પકડી. તેને સત્ય જણાવતાં ચોરે છોડી દીધી. માર્ગમાં રાક્ષસે પકડી, તે છ માસથી ભુખ્યો હતો. સદ્ભાવ કહેતા રાક્ષસે પણ છોડી દીધી. માળી પાસે પહોંચી. માળીને બધો વૃત્તાંત કહ્યો. માળીને થયું આ સત્ય વચની છે, જેના શીલના પ્રભાવે ચોર અને રાક્ષસે પણ છોડી દીધી. તેનો હું કેમ શિયળ ભંગ કરું? માળીએ પણ છોડી દીધી.

અભયકુમારે મનુષ્યોનો પૂછ્યું - આ બધામાં દુષ્કર કામ કોણે કર્યું? ત્યારે ઇર્ષ્યાળુઓ બોલ્યા - પતિએ. ભૂખાળવા બોલ્યા - રાક્ષસે, દુરાચારીઓ બોલ્યા - માળીએ, ચાંડાળ બોલ્યો - ચોરે. ત્યારે અભયકુમારે તેને પકડી લીધો - આ ચોર છે. જે રીતે અભયકુમારે તે ચોરના ઉપાયનો ભાવ જાણ્યો, તેમ અહીં પણ શૈક્ષની ઉપસ્થાપના માટે ઉપાય જાણી ગીતાર્થોએ તેના વિપરિણામ આદિ ભાવો જાણવા જોઈએ કે - શું આ પ્રવ્રાજના યોગ્ય છે કે નથી. તેમનામાં મુંડનાદિમાં એ પ્રમાણે જ વિકલ્પ છે. કથાનો ઉપસંહાર કહે છે -

ચોરને શ્રેણિક પાસે લાવ્યા. તેને પૂછતાં તેણે સદ્ભાવ કહી દીધો. ત્યારે રાજાએ કહ્યું કે - જો તું મને આ વિદ્યા આપે તો હું તને મારીશ નહીં. ચાંડાલે વિદ્યા આપવાનું કબુલ કર્યું, રાજા આસને બેસીને જ વિદ્યા શીખે છે વિદ્યા ચડતી નથી. રાજા પૂછે છે કે - વિદ્યા કેમ સ્થિર થતી નથી. ત્યારે ચાંડાલે કહ્યું - અવિનયથી ભણો છો માટે, હું ભૂમિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર છુ અને તમે આસને બેઠા છો. રાજા નીચે બેઠો, ચાંડાલે ઉંચે બેસી વિદ્યા આપતા તે સિદ્ધ થઈ.

એ પ્રમાણે લૌકિક અર્થને સાધનાર ચરણકરણાનુયોગને આશ્રીને દ્રવ્ય ઉપાય કહ્યો. હવે દ્રવ્યાનુયોગને આશ્રીને બતાવે છે - પૂર્વે અપાયમાં કહ્યા મુજબ નિત્યાનિત્ય એકાંતવાદીઓને સુખાદિ વ્યાવહારના અભાવનો પ્રસંગ છે. તે અહીં પણ સમજી લેવો. અહીં નવા શિષ્યોના બોધને માટે આત્માના અસ્તિત્વને બતાવવા કહે છે -

**● નિર્યુક્તિ - ૬૩ - વિવેચન**

એ પ્રમાણે દ્રવ્યાદિ આ લોકમાં આત્મા પ્રત્યક્ષ ન દેખાયા છતાં પણ સુખ-દુઃખો આદિથી યુક્તિ વડે આત્મા માને છે અને સંસારનો પરિગ્રહ ગ્રહણ કરે છે. તથા સંસકારના પરિગ્રહ વડે આત્મા માને છે. તે જ પ્રમાણે સુખદુઃખના ધર્મપણાથી ધર્મીએ અવશ્ય અનુરૂપ વર્તવું. ઇત્યાદિ - x - x - ઘણું કહેવાનું છે.

**● નિર્યુક્તિ - ૬૪ - વિવેચન**

જેમ ઘોડાથી હાથી, ગામથી નગર, વર્ષાથી શરદ્ કાળ જૂદા ચે, તેમ ઔદાયિક ભાવથી ઔપશમિક ભાવમાં સંક્રમણ થાય છે. આ પ્રત્યક્ષ છે.

**● નિર્યુક્તિ - ૬૫ - વિવેચન**

જેમ કોઈ એકને ભાવ બદલાય તેમ વિદ્યમાન જીવને દ્રવ્યાદિમાં સંક્રમણ થાય. આદિ શબ્દથી ક્ષેત્ર, કાળ, ભાવનો પણ લેવા.

(શંકા) છતી વસ્તુનું અસ્તિત્વ સાધવું અયુક્ત છે. (સમાધાન)ના, તેમ નથી. અવ્યુત્પન્ન અને વિપ્રતિપન્ન સાધનનું વિષયપણું હોવાથી પ્રત્યક્ષપણે અશ્વાદિનું સંક્રમણ સર્વથા સાક્ષાત્ પરિચ્છિત્તિને સ્વીકારી પરોક્ષ પણ અવગ્રહાદિના સંવેદનથી થોડે અંશે પણ તે પ્રત્યક્ષ છે. - x - x - બીજા કહે છે કે અહીં આત્મા વગેરે ગાથા વડે ઉપાયથી જ આત્માનું અસ્તિત્વ કરીને સુખ દુઃખાદિના ભાવ સંગતિ માટે આત્માને પરિણામી માનવાની ઇચ્છાથી કહે છે.

**● નિર્યુક્તિ - ૬૬ + વિવેચન**

એ પ્રમાણે બધાં જીવોને દ્રવ્યાદિ સંક્રમને આશ્રીને પ્રત્યક્ષથી કે પરોક્ષથી પરિણામો સિદ્ધ થાય છે. આ ગાથાના પશ્ચાર્દ્ધની ભાવના વૃત્તિકારશ્રી બતાવે છે - *(અહીં ન્યાયિક વાદ હોવાથી અમે છોડી દીધેલ છે)* ઉપાય દ્વાર કહ્યું. હવે સ્થાપનાદ્વારને કહે છે -

**● નિર્યુક્તિ - ૬૭ - વિવેચન**

સ્થપાય તે સ્થાપના. તેના વડે, તેમનું કે તેમાં કર્મ એટલે સારી રીતે ઇચ્છિત અર્થ બતાવનારી ક્રિયા, તે સ્થાપના કર્મ. તેની જાતિની અપેક્ષાએ દૃષ્ટાંત છે. સ્થાપના કર્મમાં - પૌંડરિક. તે પ્રમાણે પુંડરીક અધ્યયનમાં પુંડરીક પ્રક્રિયા વડે અન્ય મતનું ખંડન કરી પોતાનો મત સ્થાપવો. અથવા પશ્ચાર્દ્ધ સુગમ છે.

ભાવાર્થ કથાનકથી જાણવો -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક નગરમાં એક માળી રોગી હતો. તે કરંડીયામાં ફૂલો લઈને જતો હતો. તેને ઘણી પીડા થતાં માર્ગમાં જ જલ્દી ઝાળો કરી તેની ઉપર તે પુષ્પનો ઢગલો કરી દીધો. લોકોએ પૂછ્યું કે કેમ અહીં ફૂલો નાંખે છે. માળી બોલ્યો - હું અલોપિક છું. અહીં હિંગુ શિવ પ્રગટ થયા છે. ત્યાં હિંગુ શિવ નામે વ્યંતર પ્રસિદ્ધ થયા. તેની લોકો પૂજા કરવા લાગ્યા. હાલ પણ પાટલિપુત્રમાં હિંગુ શિવ નામે વ્યંતરિક છે. એમ જો કોઈ અપભ્રાજના કાર્ય પ્રાવચનિકે કોઈ પ્રમાદથી કરેલ હોય ત્યારે તેને ઢાંકી દેવું જેથી પ્રવચનની લઘુતા ન થાય. અને લોકની ધર્મશ્રદ્ધા સારી રીતે વધે. - x - x - x - એ પ્રમાણે ચરણકરણાનુયોગને લોકને આશ્રીને સ્થાપના કર્મ કહ્યું.

હવે દ્રવ્યાનુયોગને આશ્રીને બતાવે છે -

**• નિર્યુક્તિ - ૬૮ - વિવેચન**

વ્યભિચાર સહિત વર્તે છે. તે સવ્યભિચાર જે હેતુ - સાધ્યધર્મ અન્વય આદિ લક્ષણ યુક્ત તે તુરંત જ કહીને તે હેતુને બીજા હેતુ વડે સમર્થન કરે - અનેક પ્રકારે વિસ્તારી પ્રજ્ઞાબલને બતાવવું. ચ શબ્દથી આત્માને જાણીને પરને પણ જાણવું. ઇત્યાદિ - x - x - x - સ્થાપના કર્મ બતાવ્યું. હવે પ્રત્યુત્પન્ન વિનાશ દ્વાર કહેવાને ઇચ્છે છે -

**• નિર્યુક્તિ - ૬૯ - વિવેચન -**

પ્રત્યુત્પન્નના વિનાશના વિચારમાં ગાંધર્વિકાનું ઉદાહરણ લૌકિક છે. તેમાં પ્રત્યુત્પન્નમાં - એક નગરમાં એક વણિક્ હતો. તેને ઘણાં ભાણેજ, ભાણેજી આદિ હતા. તેના ઘર નજીક રાજકુલીય ગાનારાઓ દિવસના ત્રણ વાર સંગીત કરતા હતા. તે વણિક્ મહિલા સંગીત શબ્દો વડે તે ગાંધર્વિકોમાં આસક્ત થઈ કંઈપણ કામ કરતી ન હતી. પછી તે વણિકે વિચાર્યું કે આ વિનષ્ટ થઈ છે. શો ઉપાય કરવો? જેથી સ્ત્રીઓ ન બગાડે તેથી મિત્રને કહ્યું. તેણે શીખવ્યું કે - તારા ઘરની બાજુમાં વ્યંતરનું દેવળ કરાવ. તેણે તેમ કરાવ્યું. ઢોલી આદિ વાદ્ય વગાડનારાઓને રૂપિયા આપી ઢોલ વગેરે વગડાવવાનું શરૂ કર્યું. ત્યારે તે ગાંધર્વિકોને વિઘ્ન થવા લાગ્યું. ગીતના શબ્દો સંભળાતા ન હતા. રાજકુળમાં ઝઘડો ગયો. વણિક્‌ને વિઘ્ન કરવાનું કારણ પૂછ્યું. તેણે કહ્યું - મારે ઘેર દેવ છે, હું તેને ત્રણે કાળ ઢોલથી ભજુ છું. રાજકુલે ગાંધર્વિકોને કહી દીધું કે બીજે સ્થાને ગાઓ, રોજેરોજ દેવને અંતરાય ન કરાય.

એ પ્રમાણે આચાર્ય પણ, જો શિષ્યો ગૃહસ્થ સ્ત્રીમાં રાગી બની જાય તો એવો ઉપાય કરવો કે જેથી તે દોષનું નિવારણ થાય. કેમકે તેવી ચિંતાદિથી શિષ્યોને નરકાદિમાં પડવાનું થાય. કહ્યું છે કે - ચિંતા, જોવાની ઇચ્છા, દીર્ઘ નિઃશ્વાસ જ્વર-દાહ, અજીર્ણ, મૂર્છા, ઉન્મત્ત, ભાન વિનાનો અને મૃત્યુ આવા અપાયોથી શિષ્યને આચાર્ય બચાવે. આ લોકનો અપાય કહી, હવે પરલોકનો અપાય કહે છે - પ્રતિજ્ઞાભંગથી નરકમાં પડે, ફરી બોધિ પ્રાપ્તિ ન થાય, ભવસમુદ્રમાં ભટકે.

આવો અર્થ ધ્યાનમાં લઈને શિષ્ય કોઈપણ વખત દુરાચાર કરે તો આચાર્ય એ શું કરવું? તે કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

• નિર્યુક્તિ - ૭૦ - વિવેચન -

શિષ્યને, જેમ તે માને તેવા કોઈપણ સિદ્ધાંતોક્ત ઉપાય વડે અટકાવવો, જેથી તે સમ્યગ્ વર્તે. આ પ્રમાણે લૌકિક ચરણકરણાનુયોગને આશ્રીને કહ્યું, તેમ દ્રવ્યાનુયોગને આશ્રીને કહે છે. કોઈ નાસ્તિક બકવાદ કરે કે ઘટ-પટ આદિ પદાર્થ નથી, તો જીવ ક્યાંથી હોય? તેને આ કહેવું -

• નિર્યુક્તિ - ૭૧ - વિવેચન

જો તું એમ કહીશ કે પદાર્થો નથી, તો આ વચન ભાવપ્રતિષેધક છે કે નહીં એવા બે વિકલ્પ તને થશે. જો છે એમ કહીશ, તો પ્રતિજ્ઞા હાનિ થશે. ઇત્યાદિ - x - x - હવે પ્રત્યુત્પન્ન વિનાશને આશ્રીને કહે છે -

• નિર્યુક્તિ - ૭૨ - વિવેચન

વિવક્ષા પૂર્વક જીવનો નિષેધક શબ્દ અજીવ છે. જીવ વિવક્ષાનો ઉલટો અર્થ એ છે કે જીવ ધર્મની અસિદ્ધિ ન થાઓ. ઇત્યાદિ - x - x - વડે જીવ-આત્મા સ્વયં સિદ્ધ થાય છે. ઇત્યાદિ - x - x - x - સ્વયં વૃત્તિકાર જ કહે છે કે ગ્રંથ વિસ્તાર ભયે વધુ કહેતાં નથી. અમે આ વૃત્તિનો અતિ સંક્ષેપ કરેલ છે. આ રીતે પ્રત્યુત્પન્ન વિનાશ દ્વારનો સંક્ષેપ કર્યો.

હવે તેના દેશ, દ્વાર, અવયવાર્થને કહે છે -

• નિર્યુક્તિ - ૭૩ - વિવેચન

ઉદાહરણ પૂર્વવત્. તેનું ઉપલક્ષણ આ છે - તેનો દેશ એટલે ઉદાહરણ દેશ. તે ચાર ભેદે છે. તે જ બતાવે છે. અનુશાસન તે અનુશાસિત. અર્થાત્ સદ્‌ગુણોના કીર્તનથી ગુણોની પુષ્ટિ કરવી. ઉપાલંભ એટલે ઠપકો. તે જૂદી જૂદી રીતે કહેવો. પૃચ્છા - પ્રશ્ન, શું - કેમ કોનાથી વગેરે. નિશ્રાવચન - કોઈની પણ નિશ્રા લઈને વિચિત્ર ઉક્તિ તે.

૦ સુભદ્રાનું ઉદાહરણ - ચંપા નગરીમાં જિનદત્ત શ્રાવક હતો. તેને સુભદ્રા નામે પુત્રી હતી. તે ઘણી રૂપવતી હતી. તેણીને કોઈ બુદ્ધ ઉપાસકે જોઈ. તે તેણીમાં આસક્ત થઈ. તેણીની માંગણી કરી. શ્રાવકે કહ્યું - હું મિથ્યાદૅષ્ટિને પુત્રી ન આપું. તે બૌદ્ધ ઉપાસક પછી સાધુ પાસે ગયો. તેમને ધર્મ પૂછ્યો. સાધુએ કહ્યું. ત્યારે કપટ શ્રાવકે ધર્મ સ્વીકાર્યો. ત્યાં તેણે સદ્‌ભાવથી પરી ધર્મ સ્વીકાર્યો પછી સાધુને સદ્‌બાવ કહ્યો. મેં કપટથી કન્યા માટે આવું કરેલ. હવે મને અણુવ્રતો આપો. પછી તે પ્રગટ શ્રાવક થયો. સમય આવ્યે વ્રતસંબંધી માળા સ્થાપી. ત્યારે જિનદત્તે તેને શ્રાવક માનીને કન્યા આપી. પાણિગ્રહણ થયું. તેણે કોઈ દિવસે સસરા પાસે પોતાની સ્ત્રીને લઈ જવા રજા માંગી. શ્રાવકે કહ્યું - તમારું કુળ અન્યધર્મી છે, મારી પુત્રી તેને અનુવર્તશે નહીં, પછી અપમાન થાય. તે કબૂલ થયો. જૂદું ઘર લઈને રહ્યો. તેણીની સાસુ અને નણંદ તેણી પ્રત્યે દ્વેષ રાખે છે.

કોઈ દિવસે સાસુ-નણંદે સુભદ્રાના પતિને કહ્યું - તારી સ્ત્રી સાધુ સાથે લપેટાયેલી છે. શ્રાવકે શ્રદ્ધા ન કરી. કોઈ વખત તપસ્વી સાધુ ભિક્ષાર્થે આવેલ. તેમની આંખમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રજ પડેલી. સુભદ્રાએ જીભ વડે તે રજ દૂર કરી. સુભદ્રાએ સિંદુરનું તિલક કરેલ. તે તપસ્વી સાધુના કપાળે ડાઘ લાગ્યો. બૌદ્ધ ઉપાસિકાએ તેના શ્રાવક પુત્રને બતાવ્યું. શ્રાવકે તે વાત માની લીધી. તે સુભદ્રાને અનુવર્તતો નથી. સુભદ્રાને તયું કે - ધર્મની નિંદા થાય છે, તે યોગ્ય નથી. તેણી કાયોત્સર્ગમાં સ્થિર થઈ. દેવ આવ્યો. તેણીએ કહ્યું - મારો આ અપયશ દૂર કરો. દેવ કહે છે - ભલે. હું આ નગર દરવાજા બંધ કરી દઉં છું, ઘોષણા કરું છું કે જે પતિવ્રતા હશે તે આ દ્વારો ઉઘાડશે. ત્યારે તું એક જ વાર દ્વાર ઉઘાડી શકીશ. તું સ્વજનના વિશ્વાસ માટે ચાલણીમાં પાણી લઈને છાંટજે, દ્વારો ઉઘડી જશે.

દેવે તે પ્રમાણે નગરદ્વારોને બંધ કર્યા નગરજનોને અધૃતિ થઈ આકાશવાણી થઈ. જે શીલવતી ચાલણીમાં પાણી લઈને છાંટશે, અને એક પણ બિંદુ જમીન ઉપર નહીં પડે, ત્યારે દ્વાર ઉઘડશે. ઘણી શ્રેષ્ઠી પુત્રી, પુત્રવધુઓએ પ્રયત્ન કર્યો, દ્વાર ન ખૂલ્યા. ત્યારે સુભદ્રા સ્વજનોને પૂછીને ગઈ, ચાલણીમાં પાણી લઈને દ્વાર ઉપર છાંટતા દ્વારો ઉઘડી ગયા. પછી નગરજનોએ તેનો સાધુવાદ કર્યો અને તેણીને મહાસતી જાહેર કરી.

આ લૌકિક દૃષ્ટાંત છે. ચરણકરણાનુયોગને આશ્રીને વૈયાવચ્ચ આદિમાં શિષ્યગણને બોધ આપવો. ઉદ્યમી કરવા. પ્રમાદ નિવારવો. આ લોકમાં શિયળનું આવું ફળ છે. આ અર્થને દર્શાવતા કહે છે -

## • નિર્યુક્તિ - ૭૪ - વિવેચન

સ્તુતિપૂર્વક જે રીતે સુભદ્રા સદ્‌ગુણકીર્તનથી લોકો વડે પ્રશંસાઈ. તેમ વૈયાવચ્ચ, સ્વાધ્યાયાદિ કર્મોને પણ અનુમોદવા. તેમના સદ્‌ગુણ ગાઈને તેમના ભાવોની વૃદ્ધિ કરવી. ભરત પણ પૂર્વભવે સુવિહિતોની વૈયાવચ્ચના ફળરૂપે ભરતનો અધિપતિ રાજા થયો. ભરતક્ષેત્રને ભોગવી, અનુત્તર શ્રામણ્યને અનુચરીને અષ્ટવિધ કર્મ મુક્ત થઈ તે મોક્ષે ગયો.

આ ઉદાહરણમાં તેનો દેશ ભાગ જ ઉદાહૃત કર્યો છે. કેમકે તેટલો જ ઉપયોગી છે. તથા અપ્રમાદવાળા વડે સાધુની આંખના કણાને દૂર કરવું તે કર્તવ્ય છે, એમ જણાવે છે. - x - x - આ પ્રમાણે લૌકિક ચરણકરણાનુયોગને આશ્રીને દેશદ્વારમાં અનુશાસ્તિ દ્વાર કહ્યું.

હવે દ્રવ્યાનુયોગને આશ્રીને કહે છે -

## • નિર્યુક્તિ - ૭૫ - વિવેચન

દ્રવ્યાસ્તિકાય નય મતાવલંબી અન્ય દર્શની જીવ છે એવું માને છે અને કહે છે કે અમે પણ જીવને માનીએ છીએ, તેના અભાવમાં સર્વ ક્રિયાનું અફળપણું છે. પણ જીવ સુકૃત - દુષ્કૃત કર્મના ફળને અનુભવે છે. અકર્તા આત્માને તેનો અનુભાવ ન થાય. વળી મુક્ત જીવોને પણ સાંસારિક સુખ-દુઃખના વેદનની આપત્તિ આવે. જો આત્મા વિના પ્રકૃતિ એકલી જ કરતી હોય તો આત્મા ફળનો ભોક્તા પણ ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદાહરણ દેશતા માં ઉદાહૃત એક દેશ કહ્યો. - x - એ રીતે અનુશાસિત દ્વાર સમાપ્ત થયું. હવે ઉપાલંભ દ્વારનું વિવેચન કહે છે -

### • નિર્યુક્તિ - ૭૬ - વિવેચન

ઉપાલંભ આપવામાં મૃગાવતી દેવીનું ઉદાહરણ છે. તે જે પ્રમાણે આવશ્યકમાં કહેલ છે. તે પ્રમાણે જાણવું. યાવત્ દીક્ષા લઈ, આર્યા ચંદનાની શિષ્યા થઈ. અન્યદા ભગવંત વિચરતાં કૌશાંબી પધાર્યા. ચંદ્ર - સૂર્ય સ્વ વિમાનથી વાંદવાને આવ્યા. ચોથી પોરિસિ સુધી સમોસરણમાં બેસી અસ્તમયન કાળમાં ગયા. પછી મૃગાવતી સંભ્રાતથી અરે! વિકાલ થઈ ગયો. જાણી જેટલામાં આર્યા ચંદના પાસે પહોંચ્યા, તેટલામાં અંધકાર થઈ ગયો. બધાં સાધવી ચાલી ગયેલા, તેથી ચંદના આર્યા એ મૃગાવતીને ઠપકો આપ્યો કે - ઉત્તમ કુળમાં જન્મેલી એવી તારે આવું ન કરવું જોઈએ. ત્યારે મૃગાવતી નમીને, પગે પડીને, પરમ વિનયથી, ખમાવે છે. ચંદના આર્યા તે સમયે સંથારામાં જઈને ઉંઘમાં આવી ગયેલા મૃગાવતીને પરમ સંવેગથી કેવળજ્ઞાન થઈ ગયું. ઇત્યાદિ કથા પ્રસિદ્ધ છે. આ પ્રમામે પ્રમાદી શિષ્યને ઉપાલંભ આપવો.

આ પ્રમાણે ચરણકરણાનુયોગને આશ્રીને ઉપાલંભદ્વાર કહ્યું. હવે દ્રવ્યાનુયોગને આશ્રીને વ્યાખ્યા કરે છે - ચાવાર્ક પણ "જીવ નથી" તેમ પ્રતિપાદન કરે છે. આ તેમનું કુજ્ઞાન છે. આત્માનો અભાવ માનતા આત્માનો ધર્મ જે જ્ઞાન છે, તેનો પણ અભાવ થઈ જશે. તેથી - x - x - તેમના મતનું ખંડન કરવું. આ જ અર્થને સમર્થન આપતા કહે છે -

### • નિર્યુક્તિ - ૭૭ - વિવેચન

જીવ છે અથવા નથી? એવો વિતર્ક - જે કુવિજ્ઞાન લોકોત્તર અપકારી છે, અત્યંત અભાવમાં અચેતન ભૂતરૂપ પુદ્‌ગલનું જીવપણું યુક્ત ન થાય. આ અન્યાય્ય છે. ઉદાહરણદેશતા એ છે કે નાસ્તિકને આશ્રીને પરલોકાદિને પ્રતિષેધ કરનારને જીવ સિદ્ધ કરી આપવો. હવે બાકી બે દ્વાર -

### • નિર્યુક્તિ - ૭૮ - વિવેચન

પૃચ્છા તે પ્રશ્ન. તેમાં શ્રેણિકના પુત્ર કોણિકનું દૃષ્ટાંત છે. સંસાર સુખને ન છોડનાર ચક્રવર્તી મરીને ક્યાં ઉત્પન્ન થાય છે? ભગવંતે કહ્યું - તે અધઃસપ્તમી નરકે ઉત્પન્ન થાય. કોણિકે ફરી પૂછ્યું - હું ક્યાં ઉપજીશ? ભગવંતે કહ્યું - છઠ્ઠી નરકમાં. તે બોલ્યો - સાતમીમાં કેમ નહીં? ભગવંતે કહ્યું - ત્યાં ચક્રવર્તી ઉપજે. હું કેમ ચક્રવર્તી ન થાઉં? મારે પણ ૮૪૦૦૦ હાથી છે. ભગવતં કહ્યું - તારે રત્નો અને નિધિઓ નથી. ત્યારે તે કૃત્રિમ રત્નો બનાવી. જીતવા નીકળ્યો. તમિસ્રા ગુફામાં પ્રવેશવા પ્રવૃત્ત થયો. ત્યારે કૃતમાલ દેવે કહ્યું - બારે ચક્રવર્તી થઈ ગયા. હવે તું વિનાશ પામીશ. રોકવા છતાં કોણિક ન રોકાયો તેથી કૃતમાલે મારી નાંખ્યો, તે છઠ્ઠી નરકે ગયો. આ લૌકિક દૃષ્ટાંત છે. લોકોત્તરમાં પણ બહુશ્રુત આચાર્યોને પૂછવા, પૂછીને શક્ય હોય તેને આદરવું અને અશક્યને છોડવું. - x - x - એ પ્રમાણે ચરણકરણાનુયોગ ને આશ્રીને પૃચ્છા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારની વ્યાખ્યા કરી.

હવે એવી જ રીતે દ્રવ્યાનુયોગ છોડીને ગાથાના ઉપન્યાસને અનુકૂળ નિશ્રા વચન કહે છે. નિશ્રાવચનમાં ગૌતમસ્વામીનું દૃષ્ટાંત છે. જે રીતે ગાગલી આદિ જે પૂર્વે તાપસ હતા તેમણે દીક્ષા લીધી. જે પ્રમાણે વજસ્વામીની ઉત્પત્તિમાં આવશ્યકમાં કહેલ છે, ત્યાં ગૌતમસ્વામીને અધૃતિ થઈ. તે બતાવે છે. ભગવંત તેને કહે છે - તું મારો ચિર સંસૃષ્ટ છે. ચિર પરિચિત્ત છે, ઇત્યાદિ અધૃતિ ન કર, આપણે બંને તુલ્ય થઈશું. તેને આશ્રીને હિતશિક્ષા રૂપ દ્રુમપત્રક અધ્યયન કહ્યું. એ પ્રમાણે અસહના શિષ્યો હોય, તેઓ બીજા માર્દવ સંપન્નની નિશ્રા કરીને અનુશાસિત કરવા. - x - x - આની ઉદાહરણ દેશતા બતાવી. એ પ્રમાણે ચરણકરણાનુયોગને આશ્રીને પૃચ્છા અને નિશ્રા વચન બંને દ્વારોની વ્યાખ્યા કરી. - x -.

જીવને ન માનતા નાસ્તિકવાદીને શું પૂછવું ? -

**• નિર્યુક્તિ - ૭૯ - વિવેચન**

પ્રશ્ન - કયા કારણે તું જીવ નથી એમ કહે છે? તે કદાચ કહે કે - જીવ પ્રત્યક્ષ ઉપલબ્ધ નથી. ત્યારે તેને કહેવું કે - તારું કુવિજ્ઞાન જે જીવનો નિષેધ કરે છે, તે પણ પરોક્ષ જ છે, તારી યુક્તિ વડે જ જીવના નિષેધનો નિષેધ થયો. તો નિષેધ કરનાર કોણ રહ્યું? ઇત્યાદિ - x - પૃચ્છા દ્વાર કહ્યું.

**• નિર્યુક્તિ - ૮૦ - વિવેચન**

બીજી રીતે નાસ્તિકવાદીને કહેવો. "અરે! કષ્ટને ધિક્કાર છે. જેઓ આત્મા વિધમાન નથી એમ કહે છે. તેમને દાન, હોમ આદિનું જે ફળ સ્વર્ગ અને અપ્ વર્ગ છે, તે પણ નથી. કદાચ નાસ્તિક એમ કહે - ભલે ન હોય, તેમાં હાનિ શી છે? એમ સ્વીકારવાથી કંઈ નુકસાન નથી. તેમને કહેવું કે જગત્‌ના જીવોમાં જે વૈચિત્ર્યાદિ દેખાય છે તેનું શું કારણ છે? આ તો સંક્ષેપમાં કહ્યું. ઉદાહરણ દેશતા ચરણકરણાનુયોગાનુસાર ભાવવી.

નિશ્રાદ્વાર અને તેનું દેશ દ્વાર કહ્યું. હવે તદ્દોષ દ્વારનો અવયવાર્થ કહે છે - x - x - ચાર પ્રકારના દોષો બતાવવાને માટે કહે છે -

**• નિર્યુક્તિ - ૮૧ - વિવેચન**

(૧) અધર્મયુક્ત - પાપ સંબદ્ધ, (૨) પ્રતિકૂળ, (૩) પોતાનો જ ન્યાસ થાય તે રીતે બોલવું. (૪) દુષ્ટ બોલવું તે. હવે તેનો ભાવાર્થ કહે છે - અધર્મ યુક્તમાં નલદામ વણકરનું લૌકિક ઉદાહરણ છે. પર્યન્ત અવયવાર્થ કથાનક વડે જાણવો. તે આ છે - ચાણક્યે નંદને ઉત્થાપ્યો, ચંદ્રગુપ્તને રાજાપણે સ્થાપ્યો. એમ બધું વર્ણવીને શિક્ષા આપવી. નંદના માણસોએ ચોરો સાથે મળીને નગરને લુંટવા માંડ્યું. ચાણક્યને પણ બીજો ચોરગ્રાહ સ્થાપવાની ઇચ્ચાથી ત્રિદંડ ગ્રહણ કરીને પરિવ્રાજક વેશથી નગર પ્રવેશ કર્યો. નલદામ વણકર પાસે જઈને તેની શાળામાં બેઠો. તેના છોકરાને મંકોડો કરડ્યો. તે વણકરે બિલ ખોદીને મંકોળા બાળી નાંખ્યા. ચાણક્ય એ પૂછ્યું - આને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ બાળે છે? વણકર બોલ્યો - મૂળ સહિત ન ઉખેડીએ તો ફરી પણ કરડશે.

ચાણક્ય એ વિચાર્યું કે - મને આ ચોરગ્રાહ મળી ગયો. આ નંદના ચોરોને મૂળ સહિત ઉખેડી નાંખશે. તેને ચૌરગ્રાહ બનાવ્યો. ચોરનો વેશ લઈ પોતે ચોર સાથે મળી ગયો. કહ્યું કે - આપણે બધાં મળી માલ લુંટીએ. એ પ્રમાણ વિશ્વાસમાં લઈ બધાં ચોરો ભેગા કરી, તેમને મારી નાંખ્યા.

આ અધર્મયુક્ત દૃષ્ટાંત છે, તે કોઈને ન કહેવું, ન તેમ કરવું કેમકે તેમાં ગુણ થોડાં અને દોષ વિશેષ છે. બીજાને પણ આલંબનરૂપ થાય છે. દ્રવ્યાનુયોગમાં પણ - વિદ્યાના બળથી વાદમાં સાવધ કર્મ અયોગ્ય છે. જેમ ગૈરાશિક મનમાં મયુરી આદિ વિદ્યાથી પરિવ્રાજકને વિલખો કર્યો. આની ઉદાહરણ દોષતા અધર્મયુક્તત્વથી ભાવવી. - - હવે પ્રતિલોમ દ્વાર કહે છે -

### • નિર્યુક્તિ - ૮૨ - વિવેચન

પ્રતિલોમ ઉદાહરણ દોષમાં અભયકુમારનું દૃષ્ટાંત છે. તેણે પ્રદ્યોત રાજાને હરાવેલ હતો. તેનો ભાવાર્થ કથાનકથી જાણવો, તે આવશ્યકમાં કહેલ છે. એ પ્રમાણે લૌકિક પ્રતિલોમ કહ્યો. લોકોત્તર તે દ્રવ્યાનુયોગને આશ્રીને કહે છે. તેમાં ગોવિંદ વાચકનો અધિકાર છે. તેનાથી ચરણકરણાનુયોગ સૂચવ્યો. - x - ભવભ્રમણનો ભય ધરાવનારને દ્રવ્યાનુયોગમાં ગોપેન્દ્રવાચકનો અધિકાર છે. તેમાં પોતે પરપક્ષને નિવર્તે છે. પોતે પૂર્વે બૌદ્ધ હતો. બીજાના વિનાશ નિમિત્તે દીક્ષા લીધી. પછી ભાવથી દીક્ષિત થઈ, મહાવાદી થયો.

દ્રવ્યાર્થિક નયનું વચન પર્યાય નયના વિષયમાં કહેવું એ જ પ્રતિકૂળ અને સુખ-દુઃખાદિ અભાવ ઉલટો-ઉલટો કહેવો તે પ્રતિકૂળ છે. કોઈ કહે છે - દુષ્ટવાદી કંઈ બોલે તે પ્રતિકૂળ હોય તો તેનાથી ઉલટું સિદ્ધ કરીને તેનું ખંડન કરવું. જેમ દોરાશિ સામે ત્રૈરાશિક મત સ્થાપ્યો. આમાં દોષ એ છે કે - પહેલાં પક્ષમાં સાધ્યાર્થની સિદ્ધિ થતી નથી, બીજા પક્ષમાં શાસ્ત્ર વિરુદ્ધ ભાષણ થાય છે. - -

હવે આત્મોપન્યાસ દ્વાર કહે છે -

### • નિર્યુક્તિ - ૮૩/૧ - વિવેચન

આત્માનો જ ઉપન્યાસ - નિવેદન જેમાં છે તે આત્મોપન્યાસ. તેમાં કથા આ પ્રમાણે - એક રાજાએ સર્વ રાજ્યના સારભૂત તળાવ બનાવ્યું. પણ તે પ્રતિ વર્ષ ભરાઈને ખાલી થઈજતું. રાજાએ તેનો ઉપાય પૂછ્યો. ત્યારે કપિલક નામે માણસે કહ્યું - હે મહારાજ! જો અહીં પિંગલ કપિલ તેના દાઢી - મૂંછ અને મસ્તકના કપિલ-વર્ણીય વાળ હોય. તેને જીવતો જ આ સ્થાને દાટો તો તળાવ ન ભેદાય. પછી કુમાર અમાત્યએ કહ્યું - એવો કોઈ શોધ્યો જડતો નથી. આ તેવો દેખાય છે. પછી તેને જ મારીને દાટી દીધો. દૃષ્ટાંત સાર એ કે એવું ન બોલવું, જેથી પોતાનો વધ થાય.

આ લૌકિક દૃષ્ટાંત છે. આના વડે લોકોત્તર પણ સૂચવ્યું. તેમાં ચરણકરણાનુયોગમાં પણ એવું ન બોલવું. જેમકે જે નરાધમો લૌકિક ધર્મથી પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિશય ભ્રષ્ટ થયેલા છે. જે દ્રવ્યશોચ રહિતને ધર્મારાધના ક્યાંથી થાય? ઇત્યાદિ. દ્રવ્યાનુયોગમાં એકેન્દ્ર જીવો વ્યક્ત ઉચ્છ્વાસ, નિઃશ્વાસ આદિ જીવ લિંગના સદ્‌ભાવવાળા નથી, તે જીવ નથી. જેમકે ઘટ. ઇત્યાદિ - x - x - આમાં ઉદાહરણનો દોષ આત્મોપઘાતને ઉત્પન્ન કરવા વડે પ્રગટ અર્થવાળો હોવાથી કહેતા નથી.

- ૦ - હવે દુરૂપનીતદ્વાર કહે છે -

**• નિર્યુક્તિ - ૮૩/૨ વિવેચન**

અહીં અનિમિષ માછલાં, તેના ગ્રહણમાં ભિક્ષુનું ઉદાહરણ છે.

આ લૌકિક છે, આના વડે લોકોત્તર પણ જાણી લેવું. તેની કથાઃ- કોઈ બૌદ્ધ, હાથમાં જાળ લઈ માછલાં મારવા નીકળ્યો. કોઈ ધૂર્તે કહ્યું - હે આચાર્ય! તમારી ગોદડી ઘણી ફાટેલ છે. તે બોલ્યો - આ જાળ છે. માછલા કેમ ખાઓ છો? દારૂ સાથે. દારૂ પીઓ છો? વેશ્યા સાથે. વેશ્યાગમન કરો છો? શત્રુના ગળે પગ મૂકીને, તમારે શત્રુ છે? જેમના ઘર લુંટુ તે છે. તું ચોર છો? જૂગાર માટે. તું જુગારી છે? હું દાસીપુત્ર છું. આમ પોતાની જ પોલ ખોલે છે.

ચરણકરણાનુયોગમાં - જેના વડે શાસનનો અવર્ણવાદ થાય તેવું ન બોલવું. આમાં ઉદાહરણ દોષ પ્રગટ છે. - ૦ - હવે ઉપન્યાસ દ્વાર કહે છે -

**• નિર્યુક્તિ - ૮૪ - વિવેચન**

ઉપન્યાસને વિચારતા કે અધિકારમાં ચાર ભેદો થાય છે. તે આ - સૂચન કરવાથી સૂત્ર, તેના અધિકારને આશ્રીને થાય તે વસ્તુ ઉપન્યાસ. તે જ પ્રમાણે અન્ય વસ્તુ ઉપન્યાસ, પ્રતિનિભ ઉપન્યાસ તથાહેતુ ઉપન્યાસ, ભેદો હવે કહેવાનાર ઉદાહરણથી જાણવા. ભાવાર્થ નિર્યુક્તિકાર કહેશે.

**• નિર્યુક્તિ - ૮૫/૧ - વિવેચન**

તે વસ્તુનો ઉપન્યાસ. પુરીમાં શયન કરે તે પુરુષ. બધે ભમી આવીને અપૂર્વ કહે છે. તેનો ભાવાર્થ આ છે :- એક દેવકુળમાં કાર્પટિકો ભેગા થયેલા. પરસ્પર પૂછે છે - ક્યાંય ભમતા કંઈ આશ્ચર્ય જોયું ? એક કાર્પટિક બોલ્યો - મેં જોયું છે, મેં અહીં કોઈ શ્રાવક ન હોય તો હું કહું. બધાં બોલ્યા - કોઈ નથી. પછી તે કહે છે - પૂર્વ વૈતાલિક સમુદ્રના કિનારે એક મોટું વૃક્ષ જોયું. તેની એક શાખા સમુદ્રમાં હતી. એક સ્થળમાં. તેમાંથી જે પાંદડા જળમાં પડતા હતાં, તે જળચર જીવો થયા. જે સ્થળે પડ્યા તે સ્થળચર જીવો થયા. ત્યારે બધાં કાર્પટિકો બોલ્યા - આ ભટ્ટારકે આશ્ચર્ય કહ્યું.

ત્યાં કોઈ શ્રાવક બોલ્યો - જે અર્ધ મધ્યે પડે તે પાંદડા શું થાય? ત્યારે તે ક્ષોભથી બોલ્યો - મેં પૂર્વે જ કહેલ કે જો શ્રાવક ન હોય તો જ કહું. આ પડેલ વસ્તુના અધિકારે ઉદાહરણ કહ્યું તે લૌકીક છે. તે લોકોત્તરનું પણ સૂચક છે. તેમાં ચરણકરણાનુયોગમાં કોઈ અસત્ય વાતનો કદાગ્રહ કરતો હોય તો તેના બોલવામાંથી ભૂલ પકડીને તેને સમજાવવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ કોઈ કહે - માંસ ભક્ષણાદિમાં દોષ નથી, પણ તેની નિવૃત્તિ મહા ફળદાયી છે. પ્રવૃત્તિ વિના નિવૃત્તિના ફળનો અભાવ હોવાથી આ પ્રમાણે જ યોજાય. અહીં નિવૃત્તિનું મહાફળ બતાવ્યું, તે દુષ્ટપ્રવૃત્તિના ત્યાગના નિરૂપણ માટે કે અદુષ્ટ પ્રવૃત્તિના પરિહાર રૂપે છે? ઇત્યાદિથી પૂર્વાપર વિરોધ આવશે - x - x - દ્રવ્યાનુયોગથી કહે છે - જો કોઈ એકાંત નિત્ય કે અનિત્ય પક્ષ સ્થાપે તો - x - x - તેનું ખંડન કરવું. - x - x -

હવે અન્ય વસ્તુ ઉપન્યાસ દ્વાર કહે છે -

**● નિર્યુક્તિ - ૮૫/૨ - વિવેચન**

તદન્યવસ્તુકમાં પણ ઉદાહરણ છે. અન્યત્વમાં એકત્વ થાય છે. ભાવાર્થ :- કોઈ કહે છે, જીવ અન્ય છે, શરીર અન્ય છે. આ બંનેમાં અન્ય શબ્દમાં વિશેષત્વ ન હોવાથી, તેમાં વાચ્ય પદાર્થમાં એકપણું આવશે તે જીવ - શરીરની અપેક્ષાથી તદન્યવસ્તુના ઉપન્યાસથી પરિહાર કરવો. - x - x - યાવત્ 'જીવ અન્ય' છે અને 'શરીર અન્ય' છે તે જ શોભન છે. - x - આ દ્રવ્યાનુયોગનો વિષય છે, તેના વડે જ બીજાનો પણ આક્ષેપ છે. તેમાં ચરણકરણાનુયોગમાં પૂર્વોક્ત માંસ ભક્ષણનો દોષ નથી વગેરે વાદીના કદાગ્રહમાં અન્ય વસ્તુના ઉપન્યાસ વડે ખંડન કરવું. ઇત્યાદિ - x - . હવે પ્રતિનિભનું દૃષ્ટાંત -

**● નિર્યુક્તિ - ૮૬/૧ - વિવેચન**

નિર્યુક્તિ ભાવાર્થ :- એક નગરમાં એક પરિવ્રાજક સોનાનું પાત્ર લઈને ચાલતો હતો. તે કહેતો કે - જો મને કોઈ ન સાંભળેલ વાત સંભળાવે તો તેને આ પાત્ર આપી દઉં. ત્યાં કોઈ શ્રાવકે કહ્યું - મારા પિતા તારા પિતા પાસે એક લાખ રૂપિયા માંગે છે. આ વાત તે સાંભળેલ હોય તો લાભ રૂપિયા આપ, ન સાંભલી હોય તો આ પાત્ર આપ. આ લૌકિક છે. તેનાથી લોકોત્તર પણ સૂચિત છે. ચરણકરણાનુયોગમાં જેઓ સર્વથા હિંસામાં અધર્મ માને છે, તેમણે વિધિ વડે અનશન કરતાં અંતકાલે ખેદ થાય તો આત્મ હિંસા થતા અધર્મ સિદ્ધ થશે. 'દ્રવ્યાનુયોગ માટે પણ *(વૃત્તિકારશ્રી આવો જ તર્ક રજૂ કરે છે.)* પ્રતિનિભ કહ્યું. હવે હેતુ કહે છે -

**● નિર્યુક્તિ - ૮૬/૨ - વિવેચન**

શા માટે જવ ખરીદો છો? મફત નથી મળતા માટે. તેનો ભાવાર્થ કહે છે - કોઈ વેપારી જવ ખરીદતો હતો. કેમ ખરીદો છો? ઇત્યાદિ. આ લૌકિક હેતુ ઉપન્યાસ છે. તેથી લોકોત્તર પણ જાણવું. ચરણકરણાનુયોગમાં - કોઈ શિષ્યને પૂછે કે - આ ભિક્ષા માટે ભટકવાની દુઃખદ ક્રિયા કેમ કરો છો? ભાવિમાં તેથી અધિક વેદના નરકાદિમાં ન ભોગવવી પડે, તે માટે. દ્રવ્યાનુયોગમાં કોઈ પૂછે કે આત્મા ચક્ષુ આદિથી કેમ દેખાતો નથી? તેમને કહેવું કે અતીન્દ્રિય છે. - x - x - હવે હેતુ કહીએ છીએ -

**● નિર્યુક્તિ - ૮૭ - વિવેચન**

અથવા આ ઉપન્યાસ રહેવા દો, ઉદાહરણના ચરમ ભેદ લક્ષણવાળો હેતુ છે. અપિ - સંભાવના અર્થમાં છે. શું સંભાવના છે? આ અન્ય દ્વાર જ ઉપન્યાસમાં રહેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ પણે હોવાથી અહેતુ પણ છે. વ્યવહિત ઉપન્સાયથી હવે કહેવાનો હેતુ ચાર ભેદવાળો જાણવો - યાપક, સ્થાપક, વ્યંસક, લૂષક. બીજા કહે છે - હેતુ તે દ્વાર કહેવાય, તે ચાર ભેદે જાણવું. તેનું પણ ઉદાહરણ કહ્યું. બાકીનું અડધું પૂર્વવત્. ભાવાર્થ અવસરે સ્વયં જ કહેશે. તેનો આધ ભેદ કહે છે -

**● નિર્યુક્તિ - ૮૮/૧ - વિવેચન**

કુલટા સ્ત્રી જે યાપન કરે તે યાપક. તે જ હેતુ તે યાપક હેતુ. તેનું ઉદાહરણ કથાથી કહે છે :- એક વણિક્. સ્ત્રીને મૂકીને પરદેશ ગયો. પ્રાયઃ જેમનું દ્રવ્ય નાશ થાય કે નવું દ્રવ્ય કમાવા કે અપરાધી અને વિધા ન પ્રાપ્ત કરનાર મુખ્યત્વે પરદેશને સેવે છે. આ વણિક્ સ્ત્રી વંઠેલ હતી. તે કોઈ પુરુષ સાથે સંબંધમાં પડી. ઘરમાં રહેલા વણિકને તેણે પરદેશ જવા કહ્યું. વણિકે પૂછ્યું - શું લઈને જઉં? તેણી બોલી - ઉંટના લીંડા લઈને ઉજ્જૈની જાઓ. તે ભોળો હોવાથી ગાડું ભરી ચાલ્યો. સ્ત્રી બોલી કે એક એક મહોરમાં એક એક લીંડુ વેચજો. સ્ત્રી એ વિચાર્યું કે એ પ્રમાણે કોઈ લેશે નહીં. તેથી ઘણો કાળ બહાર રહેશે. મૂલદેવે તેને જોઈને પૂછ્યું - તેનો જવાબ સાંભળી મૂલદેવે વિચાર્યું કે - આ બીચારો સ્ત્રીથી છેતરાયો છે. મૂલદેવે કહ્યું - હું આ લીંડા વેંચી આપુ, પણ તારે મને અડધો ભાગ આપવો. તેણે તે વાત કબૂલી. મૂલદેવ હંસ ઉપર બેસી આકાશમાં ઉડ્યો, નગર મધ્યે જઈને કહ્યું - હું દેવ છું. જેના ગળામાં દાસ રૂપ ઉંટના લીંડા ન હોય તેને હું મારી નાંખીશ. બધાંએ ડરથી એક - એક ઇંડુ લીધું. જતી વખતે મૂળદેવે તેને કહ્યું - હે મુર્ખ! તારી સ્ત્રી કોઈ ધૂર્ત સાથે આસક્ત છે, તેથી તને મોકલેલ છે. તેણે વાત ન માની.

મૂલદેવ તેને લઈને સાથે ચાલ્યો. બંને વેશ બદલીને ગયા. સાંજે પહોંચી ઉતારો માંગ્યો. તે સ્ત્રીએ આપ્યો. ધૂર્ત આવ્યો. તે સ્ત્રી જોડે બેસીને ગાવા લાગી. - મારે પતિ કદી ઘેર પાછો ન આવે. મૂળદેવ બોલ્યો - હે કદલી - વનપત્રમાં વીંટાયેલી! તું સાંભળ. આ ઢોલને મુહૂર્ત્ત માત્ર સાંભળી લે. પછી સવારે વણિકે રાત્રિનો બધો વૃત્તાંત કહી દીધો. આ લૌકિક હેતુ.

લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગમાં એ પ્રમાણે શિષ્યો પણ કોઈ પદાર્થની અશ્રદ્ધા કરે તો કાળે વિધાદિ વડે દેવતાને બોલાવીને તેને શ્રદ્ધાવાન્ કરવા. જેમ શ્રીગુપ્તે ષડ્લુકને કર્યો. તે રીતે દ્રવ્યાનુયોગમાં પણ પ્રતિવાદીને જાણીને તે રીતે વિશેષણ બહુલ હેતુ કરવો જોઈએ. જે રીતે કાલ યાપના થાય છે. ઇત્યાદિ - x - x - .

- o - હવે સ્થાપક હેતુ કહે છે -

**● નિર્યુક્તિ - ૮૮/૨ - વિવેચન**

ચૌદ રજ્જુ રૂપ જે લોક છે, તેનો મધ્યભાગ કર્યો. આ સ્થાપક હેતુનું ઉદાહરણ છે. તેનો ભાવાર્થ કથાથી જાણવો - એક પરિવ્રાજક ચાલતા - ચાલતા બોલતો હતો- "ક્ષેત્રમાં દાનાદિ સફળ છે. દાન સમક્ષેત્રમાં કરવું. હું લોકનું મધ્ય જાણું છું. બીજા નહીં. તેથી લોકો તેનો આદર કરતા હતા. તેને પૂછતાં તે ચાર દિશામાં ખીલા નાંખી, દોરી વડે પ્રમાણે કરીને કપટથી કહે છે - 'આ લોકનો મધ્ય ભાગ છે'. લોકો તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનથી આશ્ચર્ય પામ્યા. કોઈ શ્રાવકે જાણ્યું કે આ ધૂર્ત લોકોને વ્યર્થ ઠગે છે. શ્રાવકે તેનો વિરોધ અલગ અલગ રીતે બતાવ્યો. પરિવ્રાજકને નિષ્પૃષ્ટ પ્રશ્ન વ્યાકરણ કર્યો. આ લૌકિક દૃષ્ટાંત છે. લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગમાં કુવચન કે અસત્ય બોલનારને એ પ્રમાણે જ પ્રતિબોધ કરવો. દ્રવ્યાનુયોગમાં પણ સાધુએ એવું બોલવું, એવો પક્ષ લેવો કે બીજો ઉત્તર આપવા સમર્થ ન થાય. - ૦ - હવે વ્યંસક કહે છે -

• **નિર્યુક્તિ - ૮૯/૧ - વિવેચન**

શકટ તિત્તિરી વ્યંસક હેતુમાં જાણવી. ભાવાર્થ આ છે - કોઈ ગામડીયો ગાડામાં લાકડાં ભરીને નગરે જતો હતો. તેણે માર્ગમાં મરેલ તીતર જોયું. તે ગાડા ઉપર મૂકી નગરમાં પ્રવેશ્યો. ત્યાં તેને એક ધૂર્ત મળ્યો. તેણે પૂછ્યું - ગાડામાં તીતર છે તેનું મૂલ્ય શું છે? તેણે સાક્ષીઓ રાખ્યા, ગાડું લીધું. આ વ્યંસક હેતુ છે. તે બિચારો ગામડીયો ઉદાસ થઈને બેઠો હતો. મૂળદેવ જેવો મનુષ્ય આવ્યો. તેણે તે મૂળદેવ સદૃશને કહ્યું - મને એક વેપારીએ આ રીતે છેતર્યો. તેણે કહ્યું - ન ડર. તું ઉપચારવાળું મથેલું સક્તુક માંગ. પછી માયા સ્થાન શીખવ્યું. એમ શીખીને તે ધૂર્ત પાસે ગયો. સક્તુક માંગ્યો. ધૂર્તે - હા કહી. તેણે ઘેર તેની સ્ત્રીને કહ્યું. પે'લા ગામડીયાને મથેલો સક્તુક આપ. ગામડીયો તે સ્ત્રીને લઈને ચાલવા લાગ્યો. માર્ગમાં લોકોને કહ્યું - જુઓ, મેં ગાડા સાથે તીતર આપીને સક્તુક મન્થન કરનારી લીધી. ત્યારે ધૂર્તે ગાડું પાછું આપ્યું. તેણે ધૂર્તની પત્નીને છોડી દીધી. આવી જ રીતે લૂસક હેતુ કથાથી જાણવો. આ લૌકિક કહ્યું. લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગમાં કુયુક્તિ કરનારને તેના જેવી સુયુક્તિ બતાવવી. દ્રવ્યાનુયોગમાં કુપ્રાવચનિકને - x - x - x - યોગ્ય યુક્તિથી નિરૂત્તર કરવો. અને જીવ નિયમા છે. તે સાબિત કરવું.

વ્યંસક કહ્યો. હવે લૂષકને આશ્રીને કહે છે -

• **નિર્યુક્તિ - ૮૯/૨ - વિવેચન**

ત્રપુષ વ્યંસક પ્રયોગમાં લુપક હેતુમાં 'લાડુ' એ દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે - એક ચીભડાં ભરેલો ગાડાં વાળો નગરમાં પ્રવેશતો હતો. ધૂર્તે કહ્યું - જે આ ચીભડાનું ગાડું ખાઈ જાય તેને તું શું આપે? ગાડાવાળો બોલ્યો - હું તેને એક લાડું આપું, જે નગરના દ્વારમાંથી બહાર ન નીકળે તે ધૂર્તે સાક્ષી રાખ્યા. ગાડું ઉભું રાખી બધા ચીભડાનો એકૈક ઝીણો કટકો ખાઈને ગાડાવાળાને કહ્યું - લાડું આપ. ગાડાં વાળો બોલ્યો કે તેં આ ચીભડાં ખાધાં નથી. ધૂર્તે કહ્યું - તો આ ચીભડાં વેંચી બતાવ. તેના ચીભડાં કોઈ લેતું નથી, કહે છે કે આવા ખાધેલા ચીભડા કોણ લે? જેથી ગાડાંવાળો હારી ગયો. આ વ્યંસક હેતુ જ લુષક હેતુ નિમિત્તે અહીં આવ્યો છે. હવે ધૂર્ત મોદક માંગવા લાગ્યો. ગાડાં વાળો ગભરાયો. તે વખતે જુગારીઓએ તેને શીખવ્યું કે - તું નાનો લાડું નગર દરવાજે રાખીને બોલ કે નગરના દરવાજેથી ન નીકળતાં આ લાડુને લઈ લો. જેથી ધૂર્ત હારી ગયો. આ લૌકિક દૃષ્ટાંત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકોત્તરમાં પણ ચરણકરણ અનુયોગમાં કુયુક્તિ કરનારની સામે આવું કહેવું, જેથી આપમેળે સમજી જાય. દ્રવ્યાનુયોગમાં પૂર્વવત્ યુક્તિ જાણવી. અથવા પોતાના હેતુને અન્ય નિરૂક્ત વચન વડે સ્થાપવો. ભૂષક હેતુ કહ્યાં. હવે પૂર્વે જણાવ્યા મુજબ પંચ અવયવોના ધિકારને જણાવતું 'ધમ્મો મંગલ' સૂત્ર બતાવે છે -

"અહિંસા સંયમ - તપરૂપ ર્મ છે, તે ઉત્કૃષ્ટ મંગલ છે." આ અમારી પ્રતિજ્ઞા છે. અહીં ધર્મ-ધર્મીનો નિર્દેશ છે. અહિંસા, સંયમ, તપ રૂપ એ ધર્મીનું વિશેષણ છે. 'ઉત્કૃષ્ટ મંગલ' એ ધર્મ સાધવાને છે. ધર્મ-ધર્મી સમુદાય એ પ્રતિજ્ઞા છે. આ અર્ધ શ્લોક વડે દેવાદિથી પૂજીતપણું એ અમારો હેતુ છે. આદિ શબ્દથી સિદ્ધ, વિદ્યાધર અને મનુષ્ય પણ પૂજે છે, એમ જાણવું. શ્લોકના ત્રીજા પદ વડે કહેલ જાણવું. અરિહંત આદિ માફક તે દૅષ્ટાંત છે. અહીં પણ આદિ શબ્દથી ગણધર વગેરે લેવા. શ્લોકના ચોથા પદ વડે આ કહેલ જાણવું. ભાવ મનને આશ્રીને અરહંત દૅષ્ટાંતમાં કોઈ વિરોધ નથી. અહીં જે જે દેવ-આદિથી પૂજિત છે. તે તે ઉત્કૃષ્ટ મંગલ છે. જેમકે અરહંતાદિ દૅષ્ટાંત છે દેવાદિ પૂજિત ધર્મ એ ઉપનય છે. તેથી દેવાદિના પૂજિતત્વથી ઉત્કૃષ્ટ મંગલ એ નિગમન જાણવું. - x - x -

**● નિર્યુક્તિ - ૯૦ - વિવેચન**

'ધર્મ' એ અહિંસા, સંયમ, તપ રૂપ જ ગુણવાળો છે. તે પરમ મંગલ છે, તે પ્રતિજ્ઞા છે. તથા દેવો, વિદ્યાધર, નરપતિ આદિ લોકમાં તેઓ પૂજ્ય છે. તેઓ શોભન ધર્મ પાળનારને નમે છે. આ હેતુ છે.

**● નિર્યુક્તિ - ૯૧ - વિવેચન**

દૅષ્ટાંતનો અર્થ કહ્યો. અશોકાદિ આઠ મહાપ્રાતિહાર્યાદિરૂપ પૂજાને યોગ્ય હોવાતી અરહંત છે. તથા ઘણાં સાધુઓ જિનશિષ્યો છે. ન ચાલે તે અગ- વૃક્ષ, તેના વડે કર્યુ તે અગાર - ગૃહ. તે જેને હોય તે ગૃહસ્થી. અગાર ન હોય તે અણગાર. ઘણાં. રાગાદિના જીતવાથી જિન. તેમના શિષ્યો - ગૌતમ આદિ. દેવોએ તેને કોઈક કાળે પ્રત્યક્ષ પૂજેલ છે. આ સૂત્ર ત્રિકાળ વર્તી હોવાથી કહ્યું કે "દેવો તેને નમે છે - પૂજે છે." ઉત્તમ એટલે જ્ઞાનાદિ ગુણયુક્ત ભાવ સાધુ. ગુણોનું પૂજ્યપણું જણાવ્યું.

**● નિર્યુક્તિ - ૯૨ - વિવેચન**

ઉપસંહાર એટલે ઉપનય. દેવો જે રીતે તીર્થંકરાદિને કે રાજા આદિ જે રીતે સુધર્મીને નમે છે. તેથી દેવાદિથી પૂજિત હોવાથી ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે એ નિગમન છે. પ્રતિજ્ઞા અને હેતુને પુનઃ સિદ્ધ કરવા તે નિગમન.

પાંચે અવયવ કહ્યા. અર્થાધિકાર પણ આવી ગયો કે ધર્મ પ્રશંસા છે. હવે જિનશાસનમાં અધિકાર બતાવી દશ અવયવો કહે છે. અહીં ઘણું કહેવાનું છે. જે સંક્ષેપમાં કહેલ છે. તે દશ અવયવ આ પ્રમાણે -

પાંચ અવયવોમાં બતાવેલી પ્રથમ પ્રતિજ્ઞાની અપેક્ષાએ આ બીજી પ્રતિજ્ઞા છે. આ બીજી પ્રતિજ્ઞા આ પ્રમાણે - જિન શાસનમાં સાધુઓ ધર્મને સાધે છે. 'ધર્મ' શબ્દનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ પૂર્વે કહેલ છે. અહીં સાધુઓ એ ધર્મીનો નિર્દેશ છે. શેષ સાધ્ય ધર્મ છે. આ પ્રતિજ્ઞા નિર્દેશ છે. હવે હેતુ નિર્દેશ કહે છે - જે હેતુ અહિંસાદિમાં પારમાર્થિક હોય તેવા નિરુપચરિત અર્થોમાં. 'આદિ' શબ્દથી મૃષાવાદાદિ વિરતિ લેવી. બીજા કહે છે - સદ્‌ભાવથી નિરુપચરિત સર્વ દુઃખના ક્ષયને માટે પ્રયત્ન કરે છે

- ૦ - હવે પ્રતિજ્ઞા શુદ્ધિ કહે છે -

**● નિર્યુક્તિ - ૯૪ - વિવેચન**

જે પ્રકારે જિન શાસનમાં નિશ્ચયથી રક્ત એવા સાધુ ધર્મ પાળે છે - છ જીવનિકાય પરિજ્ઞાનથી સાધુઓ કરવું - કરાવવું આદિ પરિવર્જનથી રક્ષણ કરે છે. અકલંક ધર્મ પાળે છે. તે પ્રમાણે અન્ય તીર્થિકો પાળતા નથી. જે રીતે સાધુઓમાં પરિપાલના ઉપાય દેખાય છે. તે બીજામાં દેખાતો નથી. અહીં 'ઉપાય' ગ્રહણ કરવાથી શાસ્ત્રોક્ત ઉપાય જ અહીં વિચારવો, પુરુષ અનુષ્ઠાન નહીં. કાપુરુષો પણ વિતથકારી હોય છે.

**● નિર્યુક્તિ - ૯૫ - વિવેચન**

અન્ય ધર્મીમાં પણ 'ધર્મ' શબ્દ રૂઢ હોવાથી તેને તેઓ જેમ-તેમ પ્રશંસે છે. ત્યારે તે કેમ ન માનવો? આ તમારું કહેવું અયોગ્ય છે. અન્યના બતાવેલ અનુષ્ઠાન - ચરકાદિ ધર્મ સાવધ છે. જિનેશ્વરે તેને પ્રશંસેલ નથી. તથા છ જીવનિકાયના પરિજ્ઞાનાદિનો પણ તેમને અભાવ હોવાથી પ્રશંસનીય નથી. ગ્રન્થ વિસ્તાર ભયથી વિશેષ કહેતા નથી.

**● નિર્યુક્તિ - ૯૬ - વિવેચન**

અન્યમાં 'ધર્મ' શબ્દ ઉપચારથી જાણવો, પણ પરમાર્થથી તો જિનશાસનમાં છે. જેમકે સિંહ શબ્દનું પ્રાધાન્ય સિંહમાં જ છે. ઉપચારથી માણવક આદિમાં છે. કોઈ શૂરવીર બળવાન્ અને ક્રોધી હોય તો તે સિંહની ઉપમાને પામે, પણ ઉપચાર ધર્મ ન ગણીને અહિંસા નામક ધર્મ જ લેવો.

**● ભાષ્ય - ૧ - વિવેચન**

આ ઉક્ત બતાવેલ પ્રતિજ્ઞાની શુદ્ધિ છે. અહિંસાદિ પાંચમાં પણ હેતુ સદ્‌ભાવ વડે વર્તે છે. તેની પૂર્વે વ્યાખ્યા કરી છે. પણ શુદ્ધિ કહેવાને માટે ભાષ્યકારે ફરી લીધેલ છે. તેથી કહે છે - હેતુની વિશુદ્ધિ, વિષય વિભાસાનું વ્યવસ્થાપન કરવું તે વિશુદ્ધિ. આ ત્યાં પ્રયોગ છે.

**● ભાષ્ય - ૨ - વિવેચન**

જેનાથી ભોજન, પાન, ઉપકરણ, વસતિ, શયન, આસનાદિ માટે પ્રયત્ન કરે છે. કઈ રીતે? જેથી પ્રાસુક, ન કરેલ, ન કરાવેલ ન અનુમોદેલ, અનુદ્દિષ્ટ એવી વસ્તુ ભોગવવાનો આચાર છે, જેમનો તેવા. તેમાં 'અસુ' - પ્રાણ, જેમાંથી પ્રાણ ચાલ્યા ગયા છે, તે પ્રાસુક - નીર્જીવ, તે કહેલ પણ હોય, તેથી કહે છે - અકૃત. તે કરાવેલ પણ હોય, તેથી કહ્યું - અકારિત, તે અનુમત પણ હોય તેથી અનનુમત કહ્યું છે. ઉદ્દેશથી કરેલ પણ હોય, તેથી કહ્યું અનુદ્દિષ્ટ. આ પરિજ્ઞાનનો ઉપાય બતાવેલો છે. તે સકલ પ્રદાનાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષણ સૂત્રથી જાણવો.

• ભાષ્ય - ૩ - વિવેચન

અપ્રાસુક, કૃત, કારિત, અનુમોદિત, ઉદ્દિષ્ટિ ભોજી ચરક આદિ છે, એમ બતાવે છે કે ત્રાસ પામનાર તે ત્રસ જીવો - બે ઇંદ્રિયાદિ. સ્થિર રહેનારા તે સ્થાવરો - પૃથ્વી આદિ, તેમની હિંસા - પ્રાણનો ઘાત. તેના વડે અનિપૂણ - સ્થૂળ મતિવાળા ચરક આદિ લેપાય છે. તેથી જે જીવોને પીડા થાય તેના વડે બંધાયેલા કર્મથી તેઓ લેપાય છે. તેથી ચરક આદિ શુદ્ધ ધર્મ સાધકો નથી. પણ સાધુ જ સાધક છે.

• ભાષ્ય - ૪- વિવેચન

અનંતર કહેલ હેતુ વિશુદ્ધિ બતાવી. હવે દૃષ્ટાંતની વિશુદ્ધિ સૂત્રમાં કહી છે. તે સૂત્ર જ અહીં બતાવે છે -

• સૂત્ર - ૨ -

***જે પ્રમાણે ભ્રમર, વૃક્ષોના પુષ્પોમાંથી થોડો-થોડો રસ પીએ છે પણ પુષ્પને પીડા નથી કરતો અને પોતાને પણ તૃપ્ત કરી લે છે. (તેમ - )***

• વિવેચન - ૨ -

દશ અવયવ નિરૂપણામાં પ્રતિજ્ઞાદિનો ત્યાગ કરી સૂત્રકારે દૃષ્ટાંત જ કેમ કહ્યું? દૃષ્ટાંતથી જ હેતુ-પ્રતિજ્ઞા વિચારી લેવી, એવો ન્યાય બતાવવા. હવે ચાલુ વાત કરે છે - જે પ્રકારે વૃક્ષના પુષ્પમાં અસંપૂર્ણ પદ કહેનાર ઉપમામાં ગૃહી - વૃક્ષના આહારાદિ પુષ્પોને આશ્રીને વિશિષ્ટ સંબંધ બતાવવા કહે છે - અન્યાયોપાર્જિત ધનના દાનના ગ્રહણમાં પ્રતિષેધ કર્યો છે. ભમરો - ચઉરિંદ્રિય પ્રાણી છે. તે મર્યાદાથી ફૂલોનો રસ પીએ છે. આ દૃષ્ટાંત તદ્દેશ ઉદાહરણ જાણવું. આ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિમાં બતાવશે. હવે દૃષ્ટાંત વિશુદ્ધિ કહે છે - તે પુષ્પને પીડતો નથી. છતાં તે પોતાને તૃપ્ત કરી દે છે. અવયવાર્થે નિર્યુક્તિકાર વિસ્તારથી કહે છે -

• નિર્યુક્તિ - ૯૭ થી ૯૯ - વિવેચન

(૯૭) જેમ 'ભમરો', આ દેશ ઉદાહરણ છે. જેમ ચંદ્રમુખી કન્યા. તે ફક્ત સૌમ્યત્વને આશ્રીને લેવાય છે, કલંકાદિને તેમાં ન ઘટાવવું. (૯૮) એ પ્રમાણે ભમરાના ઉદાહરણમાં અનિયત વૃત્તિત્વને ગ્રહણ કરવું. પણ ભમરાના અધર્મપણા કે અવિરતિ આદિ ન લેવા. આ દૃષ્ટાંત વિશુદ્ધિ સૂત્રમાં કહી છે. આ બીજી શુદ્ધિ સૂત્રસ્પર્શિક નિર્યુક્તિમાં કહી. (૯૯) અહીં આ પ્રમાણે વ્યવસ્થા થતાં કોઈ કહેશે કે - સુવિહિત શ્રમણો માટે કરશે અર્થાત્ જો આ રસોઈ ગૃહસ્થ વડે કરાય છે, તે પુન્ય પ્રાપ્તિના સંકલ્પથી શ્રમણો માટે કરશે. જો તેઓ આવી ભિક્ષાને ગ્રહણ કરશે તો તેઓ આહારકરણ ક્રિયા રૂપ આરંભ દોષથી 'પાકોપજીવી' એ પ્રમાણે લેપાય છે. લૌકિકો પણ કહે છે - જેમ કૂપ વડે કાયક હણે છે અને ખાવા વડે ખાનારો હણે છે. ઘાતક વધની બુદ્ધિથી હણે છે. આ ત્રણ ભેદે વધ છે. તેના પરિહાર માટે ગુરુ કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● નિર્યુક્તિ - ૧૦૦, ૧૦૧ - વિવેચન

(૧૦૦) તૃણને માટે વરસાદ વરસતો નથી. મૃગને માટે ઘાસ વધતું નથી. સો શાખા વાળા વૃક્ષો પણ ભમરા માટે પુષ્પો થતાં નથી. એ પ્રમાણે ગૃહસ્થો પણ સાધુને માટે રસોઈ બનાવતા નથી. (૧૦૧) તમે જે કહ્યું કે - તૃણ માટે વર્ષા થતી નથી, તે કથન અયુક્ત છે. કેમ કે અગ્નિમાં હોમ કરવાથી સૂર્ય પ્રસન્ન થઈને લોકહિતને માટે વરસે છે. તે વરસવાથી ઔષધિ - વનસ્પતિ ઉગે છે. એમ અમારું શાસ્ત્ર કહે છે.

- ૦ - હવે તેના પરિહાર માટે કહે છે -

● નિર્યુક્તિ - ૧૦૨, ૧૦૩ - વિવેચન

જો એમ હોય તો દુર્ભિક્ષ કેવી રીતે થાય? શો અભિપ્રાય છે? તેમાં તો ઘી રોજ હોમાય છે, કેમકે કારણના અવિચ્છેદમાં કાર્ય વિચ્છેદ યુક્ત નથી. કદાચ કહેશો કે ખરાબ નક્ષત્ર કે ખરાબ પૂજનને લીધે થાય છે, તો તેનો ઉત્તર આપે છે - હંમેશા યજ્ઞ તો ચાલુ જ છે, પછી બધે દુકાળ કેમ થાય? અથવા ખરાબ નક્ષત્ર તો નિયત દેશવિષયક જ હો. - x - જો ઇંદ્ર વરસાવતો હોય. તો તેમાં વિઘ્ન શા કારણે થાય છે? દિગ્દાહ વગેરે કેમ થાય છે? તે ઇંદ્ર પરમ ઐશ્વર્યયુક્તત્વથી વિઘ્ન જ ન થવું જોઈએ. એ ઋતુ સમયે જ વરસે છે, એમ માનો તો તે ગર્ભ સંઘાત છે, તે તૃણને માટે વરસતો નથી.

● નિર્યુક્તિ - ૧૦૪ થી ૧૦૬ - વિવેચન

(૧૦૪) વળી જો વૃક્ષો ભમરાને માટે ફળતા હોય. તો કદી ભમરા - ભમરી ગ્લાનિ ન પામે, આહાર વગરના ન રહે, પણ તેવું જોવામાં આવતું નથી. હવે બીજાનો અભિપ્રાય કહે છે - (૧૦૫) વળી કોઈ કહે છે - આ આજીવિકા પ્રજાપતિ વડે પ્રાણી માટે રચાયેલી છે, તે કારણે વૃક્ષો ભમરાના વૃંદ માટે પુષ્પિત થાય છે. તેનો ઉત્તર આપે છે. - (૧૦૬) તમે કહ્યું તેમ નથી. કારણ કે વૃક્ષો નામ ગોત્ર કર્મ, જે જન્માંતરમાં બાંધેલ હોય, તેના વિપાક લક્ષણથી પુષ્પ અને ફળ ઉગાડે છે. અન્યથા સદૈવ પુષ્પનો સદ્ભાવ હોય. હવે બીજું કારણ કહે છે -

● નિર્યુક્તિ - ૧૦૭ થી ૧૦૯ - વિવેચન

(૧૦૭) ઘણાં વનખંડો છે. જે સ્થાને ભમરા જતા નથી, તેમાં વસતા પણ નથી, તો પણ વૃક્ષો પુષ્પિત થાય છે. કેમકે તે વૃક્ષોનો સ્વભાવ છે. (૧૦૮) અહીં પૂછે છે - જો પ્રકૃતિ છે, તો સર્વકાળ કેમ પુષ્પ - ફળ નથી આપતી. પણ નિયત કાળે જ આપે છે? (૧૦૯) ગુરુ કહે છે - આ જ હેતુ છે. આ વૃક્ષોની પ્રકૃતિ છે કે વસંત ઋતુ આવતા વૃક્ષ સંઘાત પુષ્પિત થાય છે. ફળ પણ કાળે કરીને બંધાય છે. જો તેમ ન સ્વીકારો તો નિત્ય પુષ્પિત થવા જોઈએ. - ૦ - હવે ચાલતી વાતમાં અર્થ યોજના કરતાં કહે છે -

● નિર્યુક્તિ - ૧૧૦ થી ૧૧૩ - વિવેચન

(શંકા) ગૃહસ્થો સાધુને માટે યોગ્ય વખતે રાંધે છે કે સાધુઓ ભૂખ્યા રહી દુઃખી ન થાય. (ના) અહીં આવો અભિપ્રાય નથી. અહીં કહે છે - સાધુઓ તરફની અનુકંપા નિમિત્તે, કેમકે તેઓ હિરણ્યાદિ ગ્રહણ માટે આપણાં ઉપર અનુકંપા કરતાં


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. એમ માનીને ભિક્ષા આપવાને રસોઈ બનાવે કે સાધુઓની અનુકંપા થાય, તે પ્રમાણે પુન્ય નિમિત્તે ગૃહસ્થો રસોઈ કરે છે. એવું કોઈ કહે. તેનો ઉત્તર આપે છે - કાંતાર, દુકાળ, જ્વરાદિમાં તથા રાત્રિમાં એવા મોટા કષ્ટમાં સાધુઓ જે શ્રેષ્ઠ છે, તે ઓદનાદિ કેમ ખાતા નથી? જો કે તે વખતે ગૃહસ્થો રાત્રિમાં અતિ આદરથી રાંધે છે. પણ ચતુર્વિધ આહારથી વિરત સુવિહિત સાધુ તે આહાર લેતા નથી. - વળી -

**• નિર્યુક્તિ - ૧૧૪ થી ૧૧૬ - વિવેચન**

(૧૧૪) ઘણાં ગામ - નગરો - દેશોમાં, જ્યાં સાધુ હોતા નથી, છતાં ત્યાં રંધાય છે. કેમકે રાંધવું એ ગૃહસ્થોની પ્રકૃતિ છે. આ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે - (૧૧૫) ગૃહસ્થની આ પ્રકૃતિ છે કે ગામ, નગર અને નિગમમાં પોતાના તથા પરિજનને માટે યોગ્ય કાળે રાંધે છે. (૧૧૬) ત્યાં તપસ્વી શ્રમણ કે ઉદ્યત વિહારી પરકૃત - પરનિષ્ઠિત ને ગ્રહણ કરે છે. બીજાના માટે આરંભ કરેલ અને બીજા માટે રાંધેલ, ધૂમરહિત - અંગાર રહિત અર્થાત્ રાગ-દ્વેષ વિના ઓદનાદિ આહારની ગવેષણા કરે છે. શા માટે? મનોયોગ આદિ કે સંયમયોગની સાધનાર્થે, પણ વર્ણાદિને માટે નહીં.

**• પ્રક્ષેપ ગાથા - ૧ - વિવેચન**

નવકોટિ પરિશુદ્ધ, તેમાં આ નવ કોટિ છે :- ન હણે, ન હણાવે, હણનારને ન અનુમોદે. એ પ્રમાણે ખરીદે કે પકાવે નહીં, આ બધાંથી પરિશુદ્ધ, તથા ઉદ્ગમ - ઉત્પાદના - એષણા શુદ્ધ. આ વસ્તુતઃ સર્વ ઉપાધિ વિશુદ્ધિ કોટિ જણાવવાને છે. આવું શુદ્ધ ભોજન શા માટે ખાય ? છ સ્થાનના રક્ષણને માટે. તે આ - વેદના, વૈયાવચ્ચ, ઇર્યા સમિતિ માટે, સંયમ નિમિત્તે, જીવન નિર્વાહાર્થે, ધર્મ ચિંતાર્થે. આ પણ ભવાંતરમાં પ્રશસ્ત ભાવના અભ્યાસથી અહિંસાના પાલનાર્થે છે - x - x - .

**• નિર્યુક્તિ - ૧૧૭ - વિવેચન**

આ દૃષ્ટાંત શુદ્ધિ પ્રતિપાદિત કરી. ઉપનય સૂત્રમાં કહે છે. તે આ -

**• સૂત્ર - ૩ -**

***એ પ્રમાણે લોકમાં જે મુક્ત સાધુ છે. તેઓ પુષ્પમાં ભમરાની જેમ દાન-ભોજનની એષણામાં રત રહે છે.***

**• વિવેચન - ૩ -**

આ પ્રકારે પ્રત્યક્ષ પરિભ્રમણ કરતાં તપસ્વી - શ્રમણો દેખાય છે. શ્રમણમાં બીજા ધર્મી પણ હોય, જેમ કે - શ્રમણો પાંચ ભેદે છે, નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરિક, આજીવક. તેથી કહે છે - 'મુક્તા' બાહ્ય અભ્યંતર ગ્રંથીથી. જેઓ અઢીદ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ લોકમાં વિધમાન છે. આના દ્વારા સમય ક્ષેત્રમાં સાધુ સદા વિધમાન છે, તેમ જણાવ્યું. જ્ઞાનાદિને સાધે તે સાધુ.

(શંકા) 'મુક્ત' કહેવાથી સાધુ કહેવી જ ગયા, પછી કહેવાની શું જરૂર? (સમાધાન) વ્યવહારથી નિહ્નવો પણ મુક્ચ હોય છે. તે સાધુઓ નથી. તેના વિચ્છેદ માટે કહેલ છે. વર્તમાન તીર્થની અપેક્ષાથી આ સૂત્ર છે. અથવા જે લોકમાં સાધુઓ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે શાંતિ સાધુઓ છે. - તેઓ શાંતિને-સિદ્ધિને સાધે છે.

વિહંગમ એટલે ભમરાની જેમ પુષ્પોમાં૦ દાનના ગ્રહણથી દત્ત - આપેલું જ ગ્રહણ કરે છે, અદત્ત નહીં. ભોજન શબ્દથી - પ્રાસુક જ લેવું પણ આધાકર્માદિ નહીં. 'એષણા'ના ગ્રહણથી ગવેષણાદિ ત્રણે લેવા. તે સ્થાનમાં આસક્ત. અવયવાર્થે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ કહે છે. તેમાં વિહંગ શબ્દની વ્યાખ્યા કરે છે. વિહંગ બે ભેદે - દ્રવ્ય વિહંગ અને ભાવ વિહંગ.

**● નિર્યુક્તિ - ૧૧૮ - વિવેચન**

આત્મામાં અંદર જે ધારણ કરે તે દ્રવ્ય, આના વડે પૂર્વે બાંધેલ કર્મ જાણવા. જે હેતુ વડે ભાવિમાં ભમરામાં ઉત્પન્ન થશે. - x - x - જ્યારે ત્યારે દ્રવ્ય ભ્રમર થાય છે, તે કર્મ ભોગવ્યુ નથી, એમ સૂચવેલ છે. દ્રવ્ય એટલે અહીં કર્મ પુદ્ગલ દ્રવ્ય લેવું, પણ આકાશાદિ નહીં. કેકે તે અમૂર્ત હોવાથી ધારણ કરવાને અયોગ્ય છે. સંસારીજીવને કથંચિત્ મૂર્તત્વ હોવાથી ચાલતી બાબતમાં આકાશનો ઉપયોગ નથી. તેથી તે ભવાંતરમાં લઈ જવાને ભ્રમરપમાને પ્રાપ્ત કરાવે તે જ અહીં લેવું. બીજા સંસારીજીવ તેમ નથી. તે દ્રવ્ય ભ્રમરના અધિકારે તે પુદ્ગલ દ્રવ્યને જે ધારે તે દ્રવ્ય ભ્રમર. - x - અહીં દ્રવ્ય તે જીવ જ છે, કેમકે તે ભ્રમર પર્યાયથી વર્તવાથી તેમ ઓળખાય છે. હવે ભ્રમર તે કારણમાં કાર્યનો ઉપચાર છે, તે અનેક પ્રકારે જાણો. આગમથી જ્ઞાતા પણ ઉપયોગ ન રાખે, ઇત્યાદિથી જાણવું.

હવે ભાવ ભ્રમર. ભાવ શબ્દ ઘણાં અર્થમાં છે, ક્વચિત્ દ્રવ્ય વાચક છે, તે આ રીતે - અસત્ ભાવનો જગતમાં કેવલ કોઈ શબ્દ નથી. ભાવનું - દ્રવ્યનું વસ્તુ છે તેમ જાણવું. ક્વચિત્ શુક્લાદિમાં પણ ભાવ શબ્દ વર્તે છે. ક્વચિત્ ઔદયિકાદિ છ ભાવમાં પણ વર્તે છે. - x - તેથી ભાવ લોક છે. તેથી જ અનેકાર્થવૃત્તિક ભાવ શબ્દ હોવા છતાં ઔદયિકાદિમાં જ વર્તતો ભાવ શબ્દ અહીં લીધો છે. થવું અથવા જેમાં થાય છે તે ભાવ. તે ભાવ એટલે કર્મ વિપાક લક્ષણમાં વિહંગમ કહેવાનાર શબ્દાર્થ છે. પુનઃ શબ્દથી પૂર્વે કહેલ જીવથી તદ્દન અન્ય જીવ છે તેમ નહીં. પણ તે જ જીવ, તે જ પુદ્ગલ લેવા. ગુણ - અન્વર્થ, સંજ્ઞા - પારિભાષિક, તેબંને વડે સિદ્ધિ, તે ગુણ સંજ્ઞા સિદ્ધિ. અહીં સિદ્ધિ શબ્દ ઇષ્ટાર્થ સંબંધ બતાવે છે. ઇત્યાદિ - x - x - x -

ગુણ સિદ્ધિ વડે જે 'ભાવ વિહંગ' તે કહે છે -

**● નિર્યુક્તિ - ૧૧૮ - વિવેચન**

વિહ - જીવ પુદ્ગલને છોડવા. તે જ સ્થિતિના ક્ષય વડે સ્વયં જ તે આકાશ પ્રદેશથી ખરે છે અને ખરતાને છોડે છે. શરીર પણ મળ આદિને છોડે છે, એવો સંદેહ એમાં ન થાય, તેથી 'આકાશ' કહ્યું. શરીરાદિ ન કહ્યા. કેમકે સંજ્ઞા શબ્દ છે. આકાશ એટલે દીપવું. સ્વધર્મમાં રહેલ આત્માદિ જેમાં દીપે છે, તે આકાશ. - x - x - x - x - તે આકાશમાં આ લોક પ્રકર્ષે કરીને રહેલ છે. એથી એમ જાણવું કે રહ્યો અને રહેશે. પણ કોણ રહેશે ? આકાશમાં લોક રહેશે. લોક એટલે જેને કેવલી જુએ છે તે. અહીં લોક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે ધર્માદિ પાંચ અસ્તિકાયાત્મકત્વ છતાં લોક ના આધાર પણે આકાશાસ્તિકાયના નિર્દેશથી ચાર જ અસ્તિકાય લેવા. - x - x -

વિહંગમ - વિહે એટલે આકાશમાં ગતઃ એટલે ગયો, જાય છે અને જશે તે વિહંગમ. તે ત્રણે કાળમાં રહેશે. તે ચાર અસ્તિકાયરૂપ લોક તે આ ભાવ વિહંગમ્. આ એક પ્રકારે ભાવ વિહંગ કહ્યો.

બીજા પ્રકારે ગુણ સિદ્ધિને આશ્રીને કહે છે - ગતિ બે ભેદે છે. તેમાં ગમન એટલે જવું કે જે વડે જાય, તે ગતિ તે દ્વૈવિધ્ય હવે કહે છે -

● **નિર્યુક્તિ - ૧૨૦ - વિવેચન**

થાય છે - થશે - થયા, એ ત્રણે કાળમાં વર્તે તે ભાવ. અથવા તેમાં પોતાના ઉતાપદ, વિગમ અને ધ્રુવ એ ત્રણ પરિણામ વિશેષ તે ભાવ એટલે અસ્તિકાય. તેની ગતિ - પરિણામ વૃત્તિ તે ભાવ ગતિ. તે જ પ્રમાણે કર્મગતિ જાણવી. કરાય તે કર્મ - જ્ઞાનાવરણાદિ. આ પારિભાષિક શબ્દ છે. અથવા ક્રિયા અને કર્મ. તેની ગતિ તે કર્મ ગતિ. અથવા જે વડે જવાય તે ગતિ. તે ભાવગતિને પામીને અસ્તિકાય છે. ભાવગતિને પામીને શું? તે કહે છે - જે ધર્માસ્તિકાયાદિ છે તે ભાવગતિને પામીને સર્વે વિહંગમ - પૂર્વોક્ત ચાર અસ્તિકાય, પાંચમાં આકાશને વિશે રહે છે અને સ્વસત્તાને કાયમ રાખે છે. તે વિહંગમ જ છે, વિહંગમત્વ કદી જતું નથી. કર્મગતિના બે ભેદ - તે હવે કહે છે-

● **નિર્યુક્તિ - ૧૨૧ - વિવેચન**

જેના વડે નામ કર્મવાળી પ્રકૃતિ વડે પ્રાણીઓ આમ તેમ જાય તે ગતિ. આકાશમાં ગતિ તે વિહાયોગતિ. ચલનગતિ - ચાલવું અહીં પરિસ્પંદનમાં વર્તે છે. ચલન અને સ્પંદન એકાર્થક છે. ચલનગતિ તે ગમનક્રિયા. કર્મગતિ સંક્ષેપમાં બે ભેદે છે. તે કર્મગતિ જ લેવી, ભાવગતિ નહીં. કેમકે તે એક જ રૂપે કહેવાઈ છે. પૂર્વે વિહાયગતિ કહી, તેને વેદનારા અને નિર્જરા કરનારા તથા ભોગવનારા જીવો એટલે તે બતાવે છે કે વિહાય ગતિનો ઉદય થવાથી તે ઉદયમાં આવે તેને જીવો ભોગવે છે. જીવોનું વેદકત્વ કહેવું તે યોગ વડે સફળ છે. કેમકે અવેદક સિદ્ધો છે. અહીં વિહે - એટલે વિહાયોગતિના ઉદયથી ઉંચે જાય છે, તે વિહંગમ. તે પૂર્વોક્ત વિહાયોગતિ પામે છે. વિહાયોગતિ પામીને તે ગતિનો ઉદય થવાથી તે વેદકજીવો વિહંગમ રૂપે લેવા. આ એક કર્મ ગતિ થઈ. હવે બીજી કહે છે -

● **નિર્યુક્તિ - ૧૧૨ - વિવેચન**

ચલન - સ્પંદન. તેના વડે કર્મગતિ વિશેષિત કરે છે. શું વિશેષિત કરે છે? ચલન નામે જે કર્મ ગતિ તે ચલન કર્મ ગતિ. કર્મ શબ્દ વડે ક્રિયા જણાવે છે - તે જ ગતિ શબ્દથી અને તે જ ચલન શબ્દથી છે. ગતિનું વિશેષણ ક્રિયા અને ક્રિયાનું વિશેષણ ચલન છે. અહીં ગતિ તે નરકાદિ થાય છે. તેથી ક્રિયા વડે વિશેષિત કરાય છે. ક્રિયા પણ અનેક રૂપે ભોજનાદિ છે, તેથી ચલન શબ્દ વિશેષ મૂક્યો. તેથી ચલન નામક કર્મગતિ તે ચલન કર્મગતિ. ખલુ શબ્દથી ચલન કર્મગતિ જ લેવી વિહાયોગતિ નહીં. તેને આશ્રીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસરણ એટલે સંસાર - જ્ઞાનાવરણ આદિ કર્મ યુક્ત જીવોનું ગમન તે સંસારી. આના વડે સિદ્ધોને છોડી દીધા. જીવા: - ઉપયોગાદિ લક્ષણવાળા છે.

વાક્યાર્થ આ પ્રમાણે - ચલન કર્મગતિને આશ્રીને સંસારી જીવો વિહંગમ થાય છે. પોતાના બધાં આત્મ પ્રદેશો વડે આકાશમાં ચાલે તે વિહંગમ. તે પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્યાદિ છે. પુરણ - ગલન ધર્મવાળા પુદ્‌ગલો છે. પુદ્‌ગલ દ્રવ્યમાં દ્રવ્ય લેવાનું કારણ અવિશ્વાસ દૂર કરવા માટે છે. પુદ્‌ગલોનું પરમાર્થથી વિધમાનપણું બતાવવા માટે દ્રવ્ય ગ્રહણ કરેલ છે. 'વા' શબ્દથી પુદ્‌ગલ દ્રવ્યો કે સંસારી જીવો 'વિહંગમ' જાણવા. તેમાં જીવોને આશ્રીને અન્વર્થ બતાવ્યો. પુદ્‌ગલો આકાશમાં જાય છે એટલે વિહંગમ. તેમનું ગમન સ્વથી કે પરથી સંભવે છે. અહીં સ્વતઃ ગમન ગ્રહણ કરેલ છે. - x - x - આ ભાવ વિહંગમ છે. કેમકે ગુણ સિદ્ધિને અનુકૂળ સંબંધ છે. આ પ્રમાણે ગુણ સિદ્ધિથી ભાવ વિહંગ કહ્યું - હવે સંજ્ઞા સિદ્ધિ કહે છે -

**● નિર્યુક્તિ - ૧૨૩ - વિવેચન**

સંજ્ઞાન એટલે સંજ્ઞા, નામ અને રૂઢિ એ પર્યાયો છે. તેના વડે સિદ્ધિ તે સંજ્ઞાસિદ્ધિ. એમાં સંજ્ઞાનો સંબંધ જાણવો. તે સંજ્ઞાસિદ્ધિ આશ્રીને આકાશમાં જાય છે તે વિહંગમ. કોણ પક્ષી - જેમને પાંખો છે તે પક્ષી. બધાં હંસાદિ - x - આ રીતે અનેક પ્રકારે વિહંગ જણાવીને ચાલુ વાતમાં ઉપયોગ બતાવે છે. પુન: શબ્દથી આ સૂત્રમાં જ 'વિહંગ' શબ્દનો આ અર્થ જાણવો, બીજે નહીં. વિહાયોગમન તે ભ્રમર.

**● નિર્યુક્તિ - ૧૨૪, ૧૨૫ - વિવેચન**

દાન એટલે 'આપેલું લેવું' તેવો અર્થ કર્યો. 'દત્ત' જ ગ્રહણ કરે છે, અદત્ત નહીં. ભત્ત - ભોજન ગ્રહણ, તે પ્રાસુક જ લેવું. પ્રાસુક એટલે આધાકર્માદિ રહિત ગ્રહણ કરવું. બીજું નહીં. એસણ - ગવેષણાદિ રૂપ ઉપસંહાર - ઉપનયની શુદ્ધિ, તે કહે છે - (૧૨૫) ભ્રમર - ભ્રમરી ન આપેલ કુસુમ રસપીએ છે. શ્રમણો અદત્ત ભોગવવાને ઇચ્છતા નથી.

હવે સૂત્ર વડે જ ઉપસંહાર વિશુદ્ધિ કહે છે. કોઈ પૂછે છે કે - "લોકો ભક્તિ વડે બોલાવીને આધાકર્માદિ દોષવાળું સાધુને આપે. તેથી જીવોને પીડા થાય અને સાધુ ન લે તો આજીવિકા બંધ થાય." તેનો ઉત્તર આપે છે -

**● સૂત્ર - ૪ -**

***અમે એવી વૃત્તિ - આજીવિકા પ્રાપ્ત કરીશું, જે કોઈ જીવને પીડાકારી ન થાય. જેમ ભ્રમર અનાયાસ પુષ્પોમાં ચાલ્યા જાય છે. (તેમ શ્રમણો પણ ગૃહસ્થ દ્વારા પોતાને માટે સહજ બનાવેલા આહારને લેવા તેમના ઘરોમાં જાય છે.)***

**● વિવેચન - ૪ -**

અમે એવી રીતે વૃત્તિ પ્રાપ્ત કરશું કે જેથી કોઈ જીવનો ઘાત ન થાય. આ સાધુઓ સર્વકાળ જ ગૃહસ્થે પોતાના માટે બનાવેલ આહારાદિમાં વર્તે છે. એમ છે તેથી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૫ -

***જે બુદ્ધ પુરુષ મધુકર - ભ્રમર સમાન અનિશ્રિત છે, તેઓ વિવિધ (અભિગ્રહણોથી યુક્ત થઈને) પિંડમાં રત અને દાંત છે. તેને (તે ગુણોને કારણે) સાધુ કહે છે - તેમ હું કહું છું.***

● **વિવેચન - ૫ -**

બુદ્ધ - તત્ત્વને જાણનાર. અનિશ્રિત - કુળ આદિમાં અપ્રતિબદ્ધ.

● **નિર્યુક્તિ - ૧૨૬ - વિવેચન**

અસંયત - ક્યાંય પણ અનિવૃત્ત, ભમરા સાથે સાધુ તુલ્ય જ હોય તો તે અસંજ્ઞી જાણવા. આ ઉપમાથી સાધુ અસંયત જાણવા. આવી શંકા કરનારને આચાર્ય કહે છે - આ અયુક્ત છે. કેમકે સૂત્રોક્ત વિશેષણનો તિરસ્કાર છે. તેથી 'બુદ્ધ'ના ગ્રહણથી અસંજ્ઞીનો વિચ્છેદ છે. અનિશ્રિતના ગ્રહણથી અસંયતત્વનો વિચ્છેદ થશે.

નિર્યુક્તિકાર કહે છે -

● **નિર્યુક્તિ - ૧૨૭ -**

'મધુકર સમાન' એ ઉપમા પૂર્વોક્ત દેશલક્ષણ જાણવી. જેમ - ચંદ્રમુખી કન્યા. અહીં "અનિયતવૃત્તિ નિમિત્ત" રૂપ તુલના છે. તે અહિંસા પાલન માટે છે. તે આગળ કહેશે -

● **નિર્યુક્તિ - ૧૨૮, ૧૨૯ - વિવેચન**

જેમ વૃક્ષોનો સમૂહ સ્વભાવથી જ પુષ્પફલન સ્વભાવવાળો છે. તેમ નગર આદિના લોકો સ્વયં જ રાંધવા - રંધાવવાના સ્વભાવવાળા હોય છે. મુનિઓ ભ્રમર જેવા છે. વિશેષ એ કે - સ્વામી આદિથી જે અદત્ત છે, તે લેતા નથી. તે જ કહે છે :- ફૂલ સ્વભાવથી ખીલેલ છે, તેના રસને ભમરાઓ પીએ છે તે પણ ફૂલને પીડા ન પહોંચાડીને. તે જ પ્રકારે ગૃહસ્થે પોતાના માટે કરેલ અર્થાત્ ઉદ્‌ગમાદિ દોષ રહિત ઓદનાદિની સુવિહિત શ્રમણો ગવેષણા કરે છે. તેનો ઉપસંહાર કરતા કહે છે -

● **નિર્યુક્તિ - ૧૩૦**

ઉપસંહાર એટલે ઉપનય, જેમ ભમરો, બીજાને બીડા કર્યા વિના જીવે છે, તેમ સાધુઓ પણ એટલા અંશે તેવા જ છે. પણ જે તે બંનેમાં ભેદ છે, તે સૂત્રકાર કહે છે નાણા પિંડરયા દંતા - અનેક પ્રકારના અભિગ્રહ વિશેષથી પ્રત્યેક ઘેર અલ્પ અલ્પ ગ્રહણ કરીને, આહાર પિંડને લેતા તે નાનાપિણ્ડ. અથવા અંતપ્રાંત આદિ, તેમાં રત ઉદ્વેગ રહિત, દાંત - ઇંદ્રિય દમનથી. આ બંનેનું સ્વરૂપ પૂર્વે તાપમાં પ્રતિપાદિત કરેલ છે. છતાં દાંતનો વિશેષ અર્થ, તે - ઇર્યા આદિથી સમિત. તે કહે છે -

● **નિર્યુક્તિ - ૧૩૧, ૧૩૨ -**

જેમ અહીં જ આ અધ્યયનમાં ભ્રમર માફક એષણા સમિતિમાં યત્ન કરે, તેમ ઇર્યાદિમાં પણ તથા સર્વ સાધુ આચારમાં વર્તે. ત્રસ અને સ્થાવર જીવોના હિતમાં પારમાર્થિક સાધુઓ યત્ન કરે. બીજા આ ગાથાના છેલ્લા બે પદને નિગમનમાં વ્યાખ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે, તે સુંદર નથી. તેથી કહે છે - આ ઉપસંહાર વિશુદ્ધિ સમાપ્ત થઈ. હવે નિગમનનો અવસર છે. તે સૂત્રમાં બતાવે છે - નિગમન એટલે દ્વારનો પરામર્શ. તેના વડે સાધુ કહેવાય. જે પ્રકાર વડે તે ભ્રમર સમાન છે. નિગમન અર્થ જ કહે છે -

**● નિર્યુક્તિ - ૧૩૩, ૧૩૪ -**

તેથી દયા આદિ ગુણોમાં સુસ્થિત, આદિ શબ્દથી સત્ય વગેરે લેવા. ભમરા માફક અ-વધની વૃત્તિ વડે, સાધુઓ સાધે છે. (શું?) પ્રધાન મંગલ રૂપ ધર્મ. હવે નિગમન શુદ્ધિ કહે છે - (શંકા) ચરક પરિવ્રાજક આદિ ધર્મને માટે ઉદ્યત થઈ વિચરે છે. તેથી તેઓ પણ સાધુ કહેવાય? (સમાધાન) તેઓ પૃથ્વી આદિ છ કાયના અ-વધમાં પ્રયત્નશીલ નથી. તેમ તેવી વાતો બતાવનારા આગમને માનતા નથી, કરતાં નથી કેમકે પરિજ્ઞાનનો અભાવ છે. તે નીચે પણ બતાવેલ છે, વળી -

**● નિર્યુક્તિ - ૧૩૫, ૧૩૬ -**

તેઓ ઉદ્‌ગમાદિથી શુદ્ધ આહાર કરતાં નથી. આદિ શબ્દથી ઉત્પાદન આદિ દોષ રહિત પણ જાણવું. ભમરાની માફક જીવોના અનુપરોધી છતાં ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત નથી. જ્યારે સાધુઓ નિત્યકાળ ત્રણગુપ્તિથી ગુપ્ત છે, તેવો તેઓ નથી. કેમકે તેમને તેવું પરિજ્ઞાન નથી. તેથી તેઓ સાધુ નથી. સાધુઓ જ સાધુઓ છે. કેમકે - કાયા, વચન, મન અને પાંચ ઇંદ્રિયોને દમે છે. કાયા વડે સુસમાહિત હાથ-પગવાળા રહે છે કે ચાલે છે. વચનથી નિષ્પ્રયોજન બોલતા નથી. મનથી અકુશળ મનનો નિરોધ અને કુશળ મનની ઉદીરરણ કરે છે. ઇષ્ટ-અનિષ્ટ વિષયમાં રાગ-દ્વેષ ન કરીને પાંચે ઇંદ્રિયોને દમે છે. પાંચની સંખ્યા, સાંખ્ય પરિકલ્પિત ૧૧- ઇંદ્રિયના વિચ્છેદને માટે છે. સર્વ ગુપ્તિના પાલનથી બ્રહ્મચર્યને પાળે છે. કષાયોનું સંયમન કરે છે.

**● નિર્યુક્તિ - ૧૩૭ - વિવેચન**

પૂર્વોક્ત સ્વરૂપવાળા તપમાં ઉદ્યત, તે કારણે આ સાધુનું સંપૂર્ણ લક્ષણ કહ્યું. કેમકે આ પ્રકારે જ સાધુઓ અપવર્ગને સાધે છે. તેથી સાધુને જ સાધુ કહ્યા, ચરક આદિને નહીં. - ૦ - આ પ્રમાણે દશ અવયવ કહ્યા. તેના પ્રયોગને વૃદ્ધાચાર્યો આ રીતે બતાવે છે - અહિંસાદિ લક્ષણ ધર્મ સાધક સાધુઓ જ છે. કેમકે સ્થાવર - જંગમ જીવોને પીડા આપતા નથી. - x - અહીં જેઓ સ્થાવર - જંગમ જીવોના વિનાશના ત્યાગી છે. તે બંનેમાં પ્રસિદ્ધ એવા પુરુષ માફક અહિંસાદિ લક્ષણવાળા ધર્મ સાધક જોયા, તે પ્રમાણે સાધુઓ સ્થાવર-જંગમ જીવોના રક્ષક એ ઉપનય છે. તેથી જીવરક્ષા વડે અહિંસાદિ લક્ષણ ધર્મના સાધક સાધુઓ જ છે, તે નિગમન છે. - x - x -

હવે દશ અવયવ વાક્ય વડે સર્વ અધ્યયન નિર્યુક્તિકાર કહે છે -

**● નિર્યુક્તિ - ૧૩૮ - વિવેચન -**

તે અવયવો પ્રતિજ્ઞાદિ છે. તે આ પ્રમાણે - (૧) પ્રતિજ્ઞા - જ્ઞાન આશ્રી એ પ્રતિજ્ઞા - તે વક્ષ્યમાણ સ્વરૂપા છે. (૨) વિભક્તિ - વિભજન, તેનો જ વિષય વિભાગ કહેવો. (૩) હેતુ - જાણવા યોગ્ય વિશિષ્ટ ધર્મના વિષયને જે કહે તે (૪) વિભક્તિ -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનું વિભજન તે પૂર્વવત્. (૫) વિપક્ષ - વિસદેશ, સાધ્ય આદિથી વિપર્યય. (૬) પ્રતિષેધ - વિપક્ષનો પ્રતિષેધ કરવો તે. (૭) દૃષ્ટાંત - દૃષ્ટ અર્થના અંતને લઈ જાય તે (૮) આસંકા - ચાલુ વાતમાં શંકા લાવવી તે. (૯) તત્પ્રતિષેધ - અધિકૃત આશંકાનો પ્રતિષેધ. (૧૦) નિગમન - નિશ્ચિત ગમન, નિશ્ચય કરવો તે. - x - તેનો વિસ્તાર પ્રતિ અવયવ ગ્રંથકાર કહેશે.

**• નિર્યુક્તિ - ૧૩૯ - વિવેચન**

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ એ પૂર્વવત્ પ્રતિજ્ઞા છે. આ પ્રતિજ્ઞા શું છે? આપ્ત વચનનો નિર્દેશ છે. આપ્ત - વિશ્વાસપાત્ર. તે સંપૂર્ણ રાગાદિના ક્ષયથી થાય છે. કહે છે - આગમ તે આપ્ત વચન છે. દોષક્ષયથી તેને આપ્ત કહેવા. વીતરાગ અસત્ય વાક્ય ન બોલે. તેમનું વચન ને આપ્ત વચન, તેનો નિર્દેશ. (શંકા) આ આગમ વાક્ય છે, પ્રતિજ્ઞા નથી. (સમાધાન) વિપ્રતિપદના સંપ્રતિપત્તિના નિબંધનપણાથી તે જ પ્રતિજ્ઞા છે. અથવા પાઠાંતરથી તે સાધ્યવચન નિર્દેશ છે. સાધીએ તે સાધ્ય, બોલીએ તે વચન. અર્થ એટલે જેનાથી તે જ બોલાય. સાધવાનું તે વચન એટલે સાધ્યવચન કે સાધ્યાર્થ. તેનો નિર્દેશ તે પ્રતિજ્ઞા.

હવે બીજો અવયવ કહે છે - તે અધિકૃત્ ધર્મ આ જ જિનમત - તે મૌનીન્દ્ર પ્રવચનમાં છે. પણ કપિલાદિ મતોમાં નથી. કેમકે તે પ્રત્યક્ષ જ પ્રાપ્ત થાય છે. વસ્ત્રાદિથી ન ગાળેલ ઘણાં પાણી આદિના ઉપભોગમાં રક્ત પરિવ્રાજક પ્રાણીનો ઘાત કરનારા છે, તેમને ધર્મ ક્યાંથી? ગ્રંથ વિસ્તાર ભયે વધુ કહેતા નથી. - x - x -

હવે ત્રીજો અવયવ કહે છે -

**• નિર્યુક્તિ - ૧૪૦ - વિવેચન**

દેવોથી પૂજિત તે સૂરપૂજિત દેવના ગ્રહણથી ઇંદ્રાદિ પણ લેવા. હેતુ પૂર્વવત્. આ વાક્ય હેત્વર્થ સૂચક છે. હેતુ - સુરેન્દ્રાદિના પૂજિતત્વથી જાણવું. આની જ સિદ્ધિ બતાવે છે - ધર્મમાં રહે, જેમાં રહે તે સ્થાન અથવા સ્થાન એટલે આલય. આ ધર્મસ્થાનમાં રહેલ. - x - x - ઉત્તમ એવા ધર્મસ્થાનમાં રહેલા સાધુઓ દેવેન્દ્રો વગેરેથી પૂજાય છે. - ૦ - હવે ચોથો અવયવ કહે છે - હેતુ વિષય વિભાગ કથન. ધર્મસ્થાનમાં કોણ રહે છે? નિરૂપતિવાળા. ઉપાધિ - કપટ, માયા, છદ્મ એ પર્યાયો છે. આ ક્રોધાદિ ઉપલક્ષણયુક્ત છે. સર્વે કષાયોથી જેઓ નીકળી ગયા છે તે નિરુપધય - નિષ્કષાયી. તે પૃથ્વીકાયાદિ જીવોને ન પીડવા વડે, તપ અને ચારિત્ર વડે જીવોને દુઃખ ન દેતા પોતે જીવે છે - પ્રાણ ધારણ કરે છે; તે જ ધર્મ સ્થાન સ્થિત જાણવા, બીજા નહીં. હવે પાંચમો અવયવ -

**• નિર્યુક્તિ - ૧૪૧ - વિવેચન**

વિપક્ષ તે પાંચમો અવયવ, તે પ્રતિજ્ઞા અને વિભક્તિથી ઉલટો જાણવો. જિન - તીર્થંકર, તેમનું વચન - આગમ લક્ષણ, તેમાં પ્રદ્વિષ્ટ - અપ્રીતિને ટુંકમાં કહે છે - x - x - શ્વશૂર - લોક પ્રસિદ્ધ છે. આદિ શબ્દથી પિતા વગેરે લેવા. જેને ધર્મમાં રુચિ નથી, તે અધર્મ રુચિવાળા. અપિ શબ્દથી ધર્મરુચિક પણ મંગલ બુદ્ધિ વડે જ લોકો પ્રકર્ષથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમે છે. અહીં આધ બે પ્રતિજ્ઞા અને તેની શુદ્ધિ, તે વિપક્ષ - સાધ્ય વસ્તુનો વિપર્યય, તે વિપક્ષ. તેમાં અધર્મરુચીને પણ મંગલ બુદ્ધિથી લોક પ્રણમે છે. આના દ્વારા પ્રતિજ્ઞાવિપક્ષ કહે છે. તેઓમાં અધર્મ જૂદો પડતો નથી. જિન વચનના દ્વેષી તેના વડે તેની શુદ્ધિ તેમાં પણ હેતુ પ્રયોગની વૃત્તિથી ધર્મ સિદ્ધિ છે.

### • નિર્યુક્તિ - ૧૪૨ - વિવેચન (સંક્ષેપમાં)

બંનેનું પૂરણ તે દ્વિતીય દ્વય - હેતુ અને તેની શુદ્ધિ. તે પૂર્વોક્ત બેની અપેક્ષાએ બીજું કહેવાય. તેનો આ વિપક્ષ - અહીં યજ્ઞ કર્તા પણ દેવો વડે પૂજાય છે. યજ્ઞ કરનારા મંગળરૂપ નથી, જો કે તેઓ દેવોથી પૂજાય છે. તેમનું દેવોથી પૂજાવું તે અકારણ છે. આ હેતુવિપક્ષ છે. ઇત્યાદિ - x -

હવે ઉદાહરણ વિપક્ષ - બુદ્ધ, કપિલ આદિ પણ દેવોથી પૂજાયેલા કહેવાય છે. એટલે દેવો તેમની આજ્ઞા માને છે, આ જ્ઞાનપ્રતિપક્ષ છે. - x - x - x - x - x - x - x - (વાદિની શંકા અને તેના ઉત્તર દ્વારા પ્રતિજ્ઞા આદિ દરેક વિપક્ષ કહ્યો. હવે પ્રતિજ્ઞા વગેરેનો વિપક્ષ પાંચમો અવયવ બનાવે છે -)

### • નિર્યુક્તિ - ૧૪૩ - વિવેચન

એ જ પ્રમાણે આ જ પ્રમાણ અંગ લક્ષણવાળા પ્રતિજ્ઞા ચારનો વિપક્ષ પાંચમો અવયવ છે. (પ્રશ્ન) દૃષ્ટાંતનો વિપક્ષ અહીં કહ્યો છે જ. છતાં ચારનું છે એમ કેમ કહ્યું? (ઉત્તર) હેતુનું સપક્ષવિપક્ષ વડે અનુવૃત્તિ વ્યાવૃત્તિપણાથી દૃષ્ટાંત ધર્મ છે. તેનો વિપક્ષ તેના અંતર્ભાવવાળો હોવાથી નિર્દોષ છે. હવે છઠ્ઠો અવયવ કહે છે - ''વિપક્ષ પ્રતિષેધ'' તે કહેશે. આ પ્રમાણે સામાન્ય કહીને હવે પહેલાં બે વિપક્ષનો પ્રતિષેધ કહે છે -

### • નિર્યુક્તિ - ૧૪૪ - વિવેચન

સાતા વેદનીય કર્મ છે. સમ્યક્ત્વ તે સમ્યક્‌ભાવ. સમ્યક્ત્વ મોહનીય કર્મ જ છે. જેમાં પુરુષવેદ મોહનીય, જેના વડે હસાય તેનો ભાવ તે હાસ્ય મોહનીય. જેના વડે રમણ કરાય તે રતિ - ક્રીડા હેતુ તે રતિમોહનીય કર્મ જ છે. શુભ આયુ - શુભ નામ - શુભ ગોત્ર, શુભ તીર્થંકરાદિ સંબંધી નામગોત્ર કર્મમાં પણ શુભ, તીર્થંકરોને જ હોય છે. તેથી કહે છે - તીર્થંકરાદિને જ શુભ યશો-નામાદિ હોય છે. તથા ઉચ્ચ ગોત્ર વડે શુભ પણ તેમને જ હોય છે. ધર્મનું કે ધર્મ વડે ફળ તે ધર્મફળ, આ અહિંસાદિ જિનોક્ત ધર્મનું જ ફળ છે અથવા અહિંસાદિ વડે જિનેશ્વરોક્ત જ ધર્મ વડે જ આ ફળ મળે છે. આ બધું સુખ હોવાથી હિત છે. તેથી તે જ ધર્મ પરમ મંગલ છે. એટલે સાધુને નમસ્કાર કરવો તે મંગલ જાણવું. તે પ્રમાણે જેનાથી હિત થાય તે મંગલ પૂર્વોક્ત ધર્મ વડે જ જાણવું. પણ જિનવચન બાહ્ય શ્વશૂરાદિ મંગલરૂપ ન લેવા.

(શંકા) મંગલ બુદ્ધિ વડે જ લોકો નમે છે, તે કેવી રીતે? (સમાધાન) મંગલ બુદ્ધિથી ગોવાલણ આદિ અવિવેકને કારણે ભલે નમે. પણ તેથી મોક્ષના નિશ્ચય રૂપ મંગલ ન થાય. જેમ કોઈ અક્ષી રોગીને બે ચંદ્ર દેખાય છતાં પ્રાજ્ઞ પુરુષ ચક્ષુથી બે ચંદ્રની પ્રતીતિ સ્વીકારતા નથી. - x - x - આ પ્રમાણે પહેલાં બેના વિપક્ષનો પ્રતિષેધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને હવે હેતુ, તત્શુદ્ધિનો વિપક્ષ - પ્રતિષેધ કહે છે -

● **નિર્યુક્તિ - ૧૪૫ - વિવેચન**

જેમણે પાંચ ઇંદ્રિયો જીતી નથી, તેઓજ એવું બોલે છે તથા કપટ સહિત વર્તે છે. તે માયાવી બીજાને ઠગનાર છે. તેઓ પાસે વસ્ત્રાદિ અનેક પ્રકારે પરિગ્રહ વર્તે છે. તે મહા પરિગ્રહી છે. તેઓ પ્રાણીનો વધ કરે છે. તે યાજ્ઞિકો જે પૂર્વોક્ત અજિતેન્દ્રિય આદિ દોષથી દુષ્ટ અને યજ્ઞયાજક છે. તેઓ જો પૂજાય છે તો બળતો અગ્નિ પણ ઠંડો થવો જોઈએ, પણ તે કદી ઠંડો થતો નથી. આકાશમાં કમળની માળા થવી જોઈએ, પણ તેમ નથી થતું જેમ જેનો અત્યંત અભાવ છે, તે થાય નહીં, તેમ જ યજ્ઞ કરનાર પૂજાય તે પણ અશક્ય છે. કદાચ કાળના દુર્ગુણથી કોઈ અવિવેકીથી યજ્ઞ કરનાર પૂજાય તો પણ મંગળ પણાની સિદ્ધિ ન થાય. - x - નિર્મળ બુદ્ધિવાળાની જ પ્રવૃત્તિ સત્યપણાને પમાડે છે. પણ તેમની અસત્ય વસ્તુમાં જાણી જોઈને સાચી પ્રવૃત્તિ ન થાય. તેથી વિશુદ્ધ બુદ્ધિક સુરેન્દ્ર આદિ તો અહિંસાદિ લક્ષણવાળા ધર્મને જ પૂજે છે, યજ્ઞ બાજીને નહીં. એ રીતે દેવ-દાનવાદિ પૂજિત ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલ જાણવો.

આ હેતુ તથા તેની વિભક્તિ, તેનો વિપક્ષ પ્રતિષેધ અહીં ન કહ્યો હોવા છતાં પ્રકરણથી જાણી લેવો. - x - હવે દૃષ્ટાંતનો વિપક્ષ પ્રતિષેધ કહે છે -

● **નિર્યુક્તિ - ૧૪૬ - વિવેચન**

બુદ્ધ, કપિલ આદિ ઉપચાર વડે કિંચિત્ અતીન્દ્રિય કહે છે તેથી તે પૂજાને યોગ્ય થતાં નથી, પરંતુ જિનેશ્વર તો પરમાર્થથી સર્વજ્ઞત્વ આદિ અસાધારણ ગુણ યુક્ત હોવાથી પૂજાને યોગ્ય છે. આ દૃષ્ટાંતનો જે વિપક્ષ તેનો નિષેધ કર્યો. આ છટ્ઠો અવયવ છે. 'તુ' શબ્દથી આ અનંતરોક્ત બધો પ્રતિજ્ઞાદિ વિપક્ષ પ્રતિષેધ પાંચ પ્રકારનો છતાં એક જ છે. છટ્ઠો અવયવ કહીને હવે સાતમો અવયવ દૃષ્ટાંત નામે કહે છે -

● **નિર્યુક્તિ - ૧૪૭ - વિવેચન**

પૂજાને યોગ્ય માટે અરહંત, કર્મ ફરી ન ઉગે માટે અરુહંત. દૃષ્ટાંત છે તે સંબંધ છે. તેના માર્ગમાં જનારા એટલે તેના કહેલા માર્ગે વર્તવાનો જેમનો આચાર છે. તે સાધુઓ સમ્યગ્દર્શનાદિ યોગથી મોક્ષને સાધે છે, તે દૃષ્ટાંત છે. તે સાધુઓ રાગદ્વેષ રહિત ચિત્તવાળા જાણવા. શું તેઓ પણ દૃષ્ટાંત છે? હા, અહિંસાદિ ગુણ યુક્ત હોવાથી તે છે. વળી ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલો આહાર તેઓ શોધે છે. પણ ન રાંધવા, ન રંધાવવા વડે આરંભ કરવાની પીડા રહિત તેઓ છે. એ પ્રમાણે બે પ્રકારે દૃષ્ટાંત કહ્યો. આ દૃષ્ટાંત વાક્ય છે. તે સંસ્કારીને કહેવું. અરહંત આદિ વત્ સાધુઓ પૂજાય છે. હવે આઠમો અવયવ કહે છે -

● **નિર્યુક્તિ - ૧૪૮- વિવેચન**

તે દૃષ્ટાંતમાં આશંકા થાય કે 'સાધુને ઉદ્દેશીને કોઈ કહે અને કોઈ બાળકોને આશ્રીને રાંધે તો ગૃહસ્થને દોષ લાગે કે કેમ? આ વિષમ દૃષ્ટાંત છે. વસ્તુતઃ રંધાવવા ઉપર જો આજીવિકા કરતા હોય તો નિર્દોષ વૃત્તિનો અભાવ થઈ જાય, તેમ અમે પૂર્વે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું છે. સાધુ નિર્દોષ જ શોધીને લે. હવે નવમા અવયવમાં ચોમાસાનું ઘાસ, તેના પ્રતિષેધમાં ભાષ્યકારે પૂર્વે કહેલ છે, તેથી કહેતા નથી. હવે છેલ્લો અવયવ કહે છે -

**• નિર્યુક્તિ - ૧૪૯ - વિવેચન**

તેથી દેવ મનુષ્યથી પૂજવા યોગ્ય છે. માટે તેના પૂજ્યપણાથી મંગળ રૂપે હંમેશાં પૂર્વોક્ત અવયવ છે. તે પ્રતિજ્ઞા હેતુ - પ્રતિજ્ઞા વચન બતાવે છે. આ બીજા દશ અવયવ કહ્યા. તેની જોડેના અવયવોના સાધન શિષ્યની અપેક્ષા વડે વિશેષ પ્રતીતિજનક થાય તેમ બતાવવા. આ અનુગમ કહ્યો.

હવે નયો કહે છે - તે નૈગમ, સંગ્રહ આદિ સાત ભેદે છે. તેનું વર્ણન આવશ્યકમાં પ્રદર્શિત હોવાથી અહીં વિસ્તારતા નથી. અહીં સ્થાનના અશૂન્યાર્થે સંક્ષેપથી જ્ઞાન અને ક્રિયા નય કહે છે. જ્ઞાનનયવાળા બતાવે છે -

**• નિર્યુક્તિ - ૧૫૦ - વિવેચન**

સમ્યક્ રીતે જાણ્યા પછી ઉપાદેયને ગ્રહણ કરવું જોઈએ. હેય ને ગ્રહણ ન કરવા જોઈએ. ચ શબ્દ ઉભય ગ્રહણ કરવા યોગ્ય અને અયોગ્યના જ્ઞાતત્વના અનુકર્ષણાર્થે છે. તે ઉપેક્ષણીય કે સમુચ્ચયાર્થે છે. એવ કાર અવધારણાર્થે છે. તેનો આ પ્રમાણે વ્યવહિત પ્રયોગ જાણવો - જ્ઞાત જ ગ્રહીતવ્ય, અગ્રહીતવ્ય તથા ઉપેક્ષણીય અર્થમાં છે, અજ્ઞાત નહીં. અર્થમાં આલોક અને પરલોક સંબંધે છે. તેમાં ઐહિક ગ્રહીતવ્ય છે. તે સમ્યગ્ દર્શનાદિ. અગ્રહીતવ્ય તે મિથ્યાત્વ આદિ, ઉપેક્ષણીય તે વિવક્ષાથી અભ્યુદય વડે આદિ છે. તે અર્થમાં યત્ન કરવો. આના વડે અનુક્રમથી આ લોક અને પરલોકના ફળ વાંછક જીવે યત્ન કરવો. - x - x - x - ઇત્યાદિ - x - x - સારાંશ એ કે જ્ઞાન જ મુખ્ય છે. જે જ્ઞાન વડે તીર્થંકર, ગણધરાદિએ અગીતાર્થને વિહારાદિ ક્રિયાનો પણ નિષેધ કર્યો છે. ઇત્યાદિ - x - x - પહેલાં ક્ષાયોપશમિક જ્ઞાન બતાવ્યું. ક્ષાયિકને આશ્રીને પણ તેનું જ વિશિષ્ટ ફલ સાધનપણું જાણવું.

ઉક્ત તર્કો રજૂ કરીને જ્ઞાનવાદી જ્ઞાનનય સિદ્ધ કરે છે. વચન ક્રિયા તો તેનાં કાર્યપણએ તેને આધીન હોવાથી તે ઇચ્છતો નથી. આરીતે જ્ઞાનવાદી ક્રિયાને સાધારણ માનીને તેને ઇચ્છતો નથી. એ પ્રમાણે જ્ઞાનનય કહ્યો. હવે ક્રિયાનયનો અવસર છે. તેનું દર્શન આ છે કે - ક્રિયા જ પ્રધાન છે. આલોક - પરલોકની ફળપ્રાપ્તિનું કારણ છે. તે કહે છે -

**• નિર્યુક્તિ - ૧૫૧ - વિવેચન**

ક્રિયા નયના દર્શન અનુસાર - જ્ઞાતમાં ગ્રહીત્વ અને અગ્રહીતવ્ય બંનેમાં આલોક - પરલોકની ફળની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરવો. કેમકે પ્રવૃત્તિ આદિ લક્ષણ પ્રયત્ન સિવાય જ્ઞાનવંત પણ ઇચ્છિત અર્થની પ્રાપ્તિ કરી શક્તો નથી. બીજા પણ કહે છે કે - પુરુષને ક્રિયા જ ફળદાયી છે. જ્ઞાનને ફળ દેનાર માનેલ નથી. જેમ સ્ત્રી - ભક્ષ્ય - ભોગનો જ્ઞાતા માત્ર જ્ઞાનથી સુખી થતો નથી. આલોકના ફળ પ્રાપ્તિ અર્થી વડે પણ ક્રિયા જ કરવી જોઈએ. મૌનીન્દ્રના પ્રવચનમાં પણ એ પ્રમાણે જ કહેવાયેલ છે - x - x

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- x - x - અરિહંત ભગવંતને પણ કેવળજ્ઞાન પછી પણ સર્વ કર્મ નાશક પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ માત્ર કાળની સર્વ સંવર રૂપ ક્રિયા તે ચારિત્ર ક્રિયા જ્યાં સુધી ન મળે ત્યાં સુધી મોક્ષ નથી. તેથી આ લોક પરલોકના હિતને માટે ક્રિયા જ મુખ્ય થી. આ નયવાળો ક્રિયાને જ પ્રધાનપણે ઇચ્છે છે.

હવે આચાર્ય અહીં જ્ઞાનનય અને ક્રિયાનયને જૂદાં બતાવીને પોતાના પક્ષની સ્થાપના કરે છે.

● નિર્યુક્તિ - ૧૫૨ - વિવેચન

મૂળનયો અને તેના ભેદો દ્રવ્યાસ્તિક આદિની સામાન્ય જ, વિશેષ જ કે ઉભયથી જ અપેક્ષા રહિત પણે બંનેનું વર્ણન કરાય છે. અથવા નામાદિ નય - કોણ શું યોગ્ય વસ્તુ ઇચ્છે છે તે સાંભળીને સર્વ નયથી સંમત એવું વચન ચારિત્ર ગુણમાં રહેલો સાધુ તે બધાં નયોને અપેક્ષાપૂર્વક ભાવવિષયક નિક્ષેપાને ઇચ્છે છે.

● નિર્યુક્તિ - ૧૫૩ -

દ્રુમપુષ્પિકા નિર્યુક્તિ સંક્ષેપથી જિનેશ્વર તથા ચૌદ પૂર્વી એ વર્ણવેલી, તે વિસ્તારથી અહીં કહી.

મુનિ દીપરત્ન સાગરે કરેલ
અધ્યયન-૧ નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૨ - "શ્રામણ્યપૂર્વક" ❂

——— x ——— x ——— x ——— x ———

૦ દ્રુમપુષ્પિકા અધ્યયનની વ્યાખ્યા કરી. હવે 'શ્રામણ્યપૂર્વક' અધ્યયન આરંભીએ છીએ. તેનો આ સંબંધ છે - અનંતર અધ્યયનમાં ધર્મ પ્રશંસા કહી, તે અહીં જિનશાસનમાં જ છે. પણ અહીં તે ધર્મનો સ્વીકાર કરતાં, નવા સાધુને ધૃતિ ન રહે તો સંમોહ થાય, તેથી ધૃતિવાળા થવું જોઈએ. કહ્યું છે - "જેને ધૃતિ છે, તેને તપ છે, જેને તપ છે તેને સુગતિ સુલભ છે. જે ધૃતિ વગરના છે, તેમને તપ પણ દુર્લભ છે." આ સંબંધથી આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો પૂર્વવત્.

તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપ કહે છે.

## • નિર્યુક્તિ - ૧૫૩, ૧૫૪ - વિવેચન

શ્રમ સહન કરે તે શ્રમણ, તેનો ભાવ તે શ્રામણ્ય. તેનું કારણ તે શ્રામણ્યપૂર્વ. તે જ શ્રામણ્યપૂર્વક એ સંજ્ઞામાં ક લાગ્યો. શ્રામણ્યનું કારણ 'ધૃતિ' છે. તે સાધુપણાનું મૂળ છે. આ અધ્યયન તેનું પ્રતિપાદક છે. તેથી શ્રામણ્યપૂર્વકનો નિક્ષેપો - નામ નિષ્પન્ન થાય છે. - x - x - શ્રામણ્યપૂર્વક આ સામાન્ય છે અને શ્રામણ્ય અને પૂર્વ એ વિશેષ છે. તે કહે છે - શ્રામણ્યના ચાર અને પૂર્વકના ૧૩ - નિક્ષેપા થાય છે. નિક્ષેપાને વર્ણવે છે-

અહીં 'શ્રમણ' વડે અધિકાર છે. નિક્ષેપ ચાર પ્રકારે છે. તેમાં નામ અને સ્થાપના પૂર્વવત્ જાણવા. દ્રવ્ય શ્રમણ બે ભેદે - આગામથી અને નોઆગમથી. આગમથી જ્ઞાતા પણ અનુપયુક્ત હોય. નોઆગમથી જ્ઞશરીર ભવ્યશરીર તદ્‌વ્યતિરિક્ત અભિલાપ ભેદથી દ્રુમ વત્ જાણવું. - x - ભાવશ્રમણ પણ બે ભેદે છે - આગમથી જ્ઞાતા ઉપયુક્ત, નોઆગમથી ચારિત્રના પરિણામવાળા સાધુ. તેથી ભાવથી સંયતને શ્રમણ કહ્યા.

## • નિર્યુક્તિ - ૧૫૫ થી ૧૫૮ - વિવેચન

શ્રમણનું સ્વરૂપ કહે છે - (૧૫૫) પ્રતિકૂળ હોવાથી જેમ મને દુઃખ ગમતું નથી. તેમ જ બધાં જીવોને દુઃખ પ્રતિકૂળ છે. એમ જાણીને ન સ્વયં હણે, ન બીજા પાસે હણાવે, ન હણતાંને અનુમોદે. આ પ્રમાણે તુલ્ય જાણે (सामं अणति) તે શ્રમણ. (૧૫૬) વળી બધાં જીવો ઉપર તુલ્ય મન હોવાથી કોઈ પ્રત્યે દ્વેષ કે પ્રેમ નથી, તેથી सम मना છે, તે બીજો પર્યાય કહ્યો. (૧૫૭) તેથી શ્રમણ જો સુ-મન હોય દ્રવ્ય મનને આશ્રીને, અને ભાવથી જો પાપ મનવાળો ન હોય. આનું ફળ બતાવે છે - તે સ્વજનમાં અને લોકોમાં સમ હોય, માન-અપમાનમાં સમ હોય. (૧૫૮) સર્પની જેમ બીજાએ કરેલ બિલમાં રહેનાર, આહારમાં સ્વાદ રહિત અને સંયમ એક દૃષ્ટિવાળો હોય. પર્વતની જેમ પરીષહ રૂપી પવનથી ન કંપતો. અગ્નિની જેમ તપ અને તેજથી પ્રધાન અને તૃષ્ણા આદિવત્ સૂત્રાર્થમાં અતૃપ્ત. એષણીય અશનાદિમાં અવિશેષ પ્રવૃત્તિ, ગાંભીર્ય અને જ્ઞાનાદિ રત્નાકરત્વથી સાગર જેવા. તથા સ્વમર્યાદાને ન અતિક્રમતા. આકાશતલની જેમ બધે નિરાલંબી. વૃક્ષ સમૂહ માફક અપવર્ગના ફલાર્થી જીવોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળ, પક્ષીને આશ્રય અને વાંસલા તથા ચંદનમાં સમાન દૃષ્ટિ. અનિયત વૃત્તિથી ભ્રમર જેવા. સંસારના ભયથી ઉદ્વિગ્ન હોવાથી મૃગ સમાન. બધો ખેદ સહેવાથી ધારણિ સમાન. જલરુહ (કમળ) માફક કામ અને ભોગોથી ઉત્પન્ન છતાં કાદવ અને પાણીથી ઉર્ધ્વ રહેતા. ધર્માસ્તિકાયાદિ લોકને આશ્રીને વિશેષથી સૂર્યની જેમ પ્રકાશક. અપ્રતિબદ્ધવિહારીત્વથી પવન જેવા. આવા ગુણવાળાને શ્રમણ કહેવાય છે.

**● પ્રક્ષેપ ગાથા - ૨- વિવેચન**

સાધુએ વિષ સમાન થવું, વિષમાં બધા રસોનો અંતર્ભાવ છે, તે રસનો કોઈ અનુભવ ન લે. માન ત્યાગથી નમ્ર હોવાથી તિનિશ - નેતર જેવા થાય. વાયુ સમાન, વેતસ સમાન થવાથી - ક્રોધાદિ રૂપ વિષથી અભિભૂત જીવોના તે ભાવ દૂર કરવાથી, એવું સંભળાય છે - વેતસ પામીને સર્પો બિષ રહિત થાય છે. કર્ણિકાર પુષ્પવત્ અશુચિ ગંધની અપેક્ષાથી નિર્ગન્ધ, ઉત્પલ માફક સ્વાભાવિક ધવલતા અને સુગંધીત્વ, - x - નટની માફક તે-તે પ્રયોજનોમાં તેવો તેવો વેશ કરીને, કુકડાની સમાન સંવિભાગ શીલતાથી, - x - દર્પણસમ નિર્મળતા યુક્ત, તરુણાદિમાં અનુવૃત્તિથી પ્રતિબિંબ ભાવવાળા - x - શ્રમણે આવા પ્રકારના થવું જોઈએ. આ કોઈ અન્ય કર્તાની ગાથા છે.

હવે પર્યાય કહે છે -

**● નિર્યુક્તિ - ૧૫૯ - વિવેચન**

પ્રકર્ષથી વર્જિત એટલે આરંભ પરિગ્રહથી દૂર તે પ્રવ્રજિત. - x - દ્રવ્ય અને ભાવથી ગૃહ રહિત, વ્રત - તે જેને હોય તે પાખંડી - x - જે તપને ચરે છે તે ચરક, જેને તપ છે તાપસ, ભિક્ષણશીલ તે ભિક્ષુ અથવા આઠ પ્રકારના કર્મોને ભેદે છે તે ભિક્ષુ, ચોતરફથી પાપના વર્જન વડે ચાલે તે પરિવ્રાજક. - x - બાહ્ય અભ્યંતર ગ્રંથ રહિત તે નિર્ગ્રન્થ, એકીભાવથી અહિંસા આદિમાં પ્રયત્નવાન્ તે સંયત. પરિગ્રહ રહિત તે મુક્ત. આ બધાં શ્રમણ શબ્દના પર્યાયો છે.

**● નિર્યુક્તિ - ૧૬૦ - વિવેચન**

तीर्ण - સંસાર સમુદ્રથી તર્યા. त्राता - રક્ષણ કરે તે, ધર્મકથાદિ વડે સંસારના દુઃખોથી બચાવે. રાગાદિ ભાવરહિતત્વથી દ્રવ્ય, દ્રવવું - તેવા તેવા જ્ઞાનાદિ પ્રકારને પ્રાપ્ત થવું. ક્ષમા કરે તે ક્ષાંત - ક્રોધ વિજયી. એ પ્રમાણે ઇંદ્રિયાદિના દમનથી દાંત. વિરત - પ્રાણાતિપાતાદિથી નિવૃત્ત. સ્નેહના પરિત્યાગથી રૂક્ષ. સંસારથી તરવાના અર્થવાળો હોવાથી તીરાર્થી. અથવા સમ્યક્ત્વાદિ પ્રાપ્તિથી સંસારની હદ બાંધવાથી તીરસ્થ. આ બધાં શ્રમણના નામો છે. 'શ્રમણ' શબ્દ કહ્યો.

હવે પૂર્વ શબ્દ - ૧૩ ભેદે નિક્ષેપ છે -

**● નિર્યુક્તિ - ૧૬૧ - વિવેચન**

નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યપૂર્વ - અંકુશ પૂર્વે બીજ, દહીં પહેલા દૂધ, ઇત્યાદિ. ક્ષેત્રપૂર્વ - યવના ક્ષેત્રથી પૂર્વે શાલિ ક્ષેત્ર છે. - x - કાલ પૂર્વ - શરદ પહેલા વર્ષા, રાત્રિ - દિવસ, આવલિકા - સમય વગેરે. દિક્પૂર્વ - આ રૂચકની અપેક્ષાએ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तापक्षेत्रपूर्वम् - સૂર્યોદયને प्रज्ञापकपूर्व - પ્રજ્ઞાપકને આશ્રીને જે સામે હોય તે પૂર્વદિશા. पूर्वपूर्व - ચૌદ પૂર્વોમાં પહેલું, તે ઉત્પાદકપૂર્વ. એ પ્રમાણે પ્રાભૃત - અતિપ્રાભૃતમાં પણ યોજવું. ભાવપૂર્વ - આદ્ય ભાવ, તે ઔદયિક. નામ નિષ્પન્ન નિક્ષેપ કહ્યો. હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપનો અવસર છે, ઇત્યાદિ - x - x - સૂત્ર કહે છે -

● સૂત્ર - ૬

***જે કામ ભોગનું નિવારણ ન કરી શકે, તે સંકલ્પને વશીભૂત થઈને પગલે-પગલે વિષાદ પામતો. શ્રામણ્યનું પાલન કઈ રીતે કરશે?***

● વિવેચન - ૬

અહીં સંહિતાદિ ક્રમથી બધાં સૂત્રોનું વ્યાખ્યાન કરતાં ગ્રંથો વધી જાય, તેથી સૂત્રના પરિજ્ઞાન સંબંધી ભાવાર્થ માત્ર કહે છે - તેમાં પણ હું કેટલો? ક્યારે? કેવી રીતે? ઇત્યાદિ અદૃશ્ય પાઠાંતર છે. તેને છોડીને જે દેખાય છે. તે જ વર્ણન કરું છું - જે કામોને નિવારતો નથી. તે કઈ રીતે? કયા પ્રકારે? સાધુપણાને કહે. જેમ પ્રજાનું રક્ષણ ન કરે તે રાજા ન કહેવાય તેમ જે કામોને ન રોક - ન નિવારે તે સાધુ ન કહેવાય. -x-

તેમાં કારણ કહે છે - કામ ને ન રોકવાથી ઇન્દ્રિયાદિ અપરાધ પદની અપેક્ષાથી પગલે પગલે વિષાદ પામતો કેમકે અપ્રસ્ત અધ્યવસાય રૂપ સંકલ્પને વશ વર્તે છે. અહીં બાકીના પદાર્થોને છોડીને કામ પદાર્થની હેયપણે ઉપયોગીપણાથી પહેલાં તેનું સ્વરૂપ કહે છે -

● નિર્યુક્તિ - ૧૬૨, ૧૬૩ - વિવેચન

નામકામ, સ્થાપનાકામ, દ્રવ્યકામ અને ભાવકામ. ચ શબ્દ સ્વગત અનેકભેદના સમુચ્ચયાર્થે છે. કામનો નિક્ષેપ ચાર ભેદે થાય છે. તેમાં નામ, સ્થાપનાને છોડીને દ્રવ્ય કામનું પ્રતિપાદન કરે છે - શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ પાંચ મોહોદયાભિ ભૂત જીવો વડે ઇચ્છાય છે તે કામ છે મોહોદયકારી જે દ્રવ્યો - સંઘાટક, વિકટ, માસાંદિ છે, તે પણ મદનકામ નામે ભાવકામના હેતુ પણાથી દ્રવ્યકામ છે. હવે ભાવ કામને કહે છે - તે બે ભેદે છે, ઇચ્છાકામ અને મદનકામ. તેમાં એષણા તે ઇચ્છા, તે જ ચિત્તના અભિલાષરૂપથી કામ તે ઇચ્છા કામ, મદ કરાવે તે મદન - તે વિચિત્ર મોહોદય છે. તે જ કામ પ્રવૃત્તિનો હેતુ હોવાથી કામ તે મદનકામ છે.

● નિર્યુક્તિ - ૧૬૪, ૧૬૫ - વિવેચન

ઇચ્છા - પ્રશસ્ત અને અપ્રશસ્ત બે ભેદે છે. તેમાં પ્રશસ્ત તે ધર્મેચ્છા અને મોક્ષેચ્છા છે. અપ્રશસ્તા બે ભેદે - યુદ્ધેચ્છા અને રાજ્યેચ્છા છે. ઇચ્છાકામ કહ્યું, હવે મદનકામ કહે છે :- મદન કામ બંનેનું નિરૂપણ કરીએ. તે કયો છે? વેદોપયોગ. વેદ - જે વેદાય તે વેદ - સ્ત્રી વેદ આદિ, તેનો ઉપયોગ - તેનો વિપાક અનુભવ. બીજા કહે છે - તેનો વ્યાપાર. જેમકે સ્ત્રી વેદના ઉદયથી પુરુષની પ્રાર્થના કરે છે, ઇત્યાંદિ. તે મદનકામનો અહીં અધિકાર છે. તીર્થંકર, ગણધરો તેથી મદનકામને કહે છે - તે લક્ષણ આ પ્રમાણે-

જેમાં પ્રાણી બંધાય - વિષીદાય તે વિષય - શબ્દાદિ, તેથી સુખ પ્રાપ્તિમાં આસક્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જીવ, તેના બીજાં વિશેષણો કહે છે - જેનો પરિવાર અબુધજન હોય એટલે અકલ્યાણ કરનારા મિત્ર, પરિજન જેનાં હોય. આના વડે બાહ્ય વિષય સુખ પ્રસક્તિ હેતું કહે છે. રાગ - વિષયાસક્ત, પ્રતિબદ્ધ - વ્યાસ. આના વડે વિષય સુખ પ્રસક્તિ હેતુ કહે છે. તેનો ભાવાર્થ છે - તેનો પરિવાર મૂર્ખ છે અને પોતે કામમાં રાગી છે. તેથી તે વિષયસુખ પ્રસક્ત કહ્યો. તેના પ્રત્યનીકપણાથી જીવને ધર્મથી કુમાર્ગે દોરે છે. - x - x -

**● નિર્યુક્તિ - ૧૬૬ - વિવેચન**

આ કામ ના બીજાં પણ નામ છે. કેવા? કામ તે રોગ છે, એમ પંડિતો કહે છે. કેમકે ઇચ્છતો પ્રાણી ખરેખર રોગોને વાંછે છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર છે. હવે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિનો ઉત્તરાર્ધ કહે છે.

**● નિર્યુક્તિ - ૧૬૭, ૧૬૮ -**

નામપદ, સ્થાપનાપદ, દ્રવ્યપદ એ ચાર પદ છે. તે પ્રત્યેક પદ અનેક પ્રકારે છે. અવયવાર્થમાં હવે દ્રવ્યપદ કહે છે - આકુટ્ટિક એટલે રૂપિયો. જેમ ઉપરથી અને નીચેથી પણ મુખ કરીને કુટા છે. ઉત્કીર્ણ - પત્થર આદિમાં નામ આદિ કોતરે છે. તથા બકુલાદિ પુષ્પ સંસ્થાન, માટીનાં લીંબા કરીને તેમાં પકાવે. પછી તેમાં મીણ રેડે, તો મીણનાં ફૂલો થાય છે. આ ઉપનેય છે. પીડાવચ્ચ - વીંટાળેલા વસ્ત્રની ભંગાવલી રૂપ, - x -. ગ્રથિત - ગુંથેલી, વેષ્ટિમ - પુષ્પમય મુગટ રૂપ. - x - સંઘાત્ય - કંચુકાદિ. છેધ - પત્રચ્છેદાદિ. તદ્‌રૂપપણાથી દ્રવ્યપદ છે. હવે ભાવપદ કહે છે -

**● નિર્યુક્તિ - ૧૬૯, ૧૭૦ -**

ભાવપદ બે ભેદે છે - અપરાધનું હેતુભૂત પદ તે અપરાધ પદ - ઇંદ્રિયાદિ વસ્તુ. ચ શબ્દ અનેક ભેદ સૂચક છે. વ્યવહિત ઉપન્યાસ થકી નોઅપરાધ પદ છે. તે બે ભેદે છે - માતૃકાપદ અને નોમાતૃકાપદ તેમાં માતૃકાપદ તે માતૃકા અક્ષર કે માતૃકાભૂત કે માતૃકાપદ. જેમકે દૃષ્ટિવાદમાં - "ઉપ્પન્ને ઇ વા" ઇત્યાદિ. નોમાતૃકાપદ હવે કહે છે - તે બે ભેદે છે :- ગ્રથિત અને પ્રકીર્ણક. ગ્રથિતનો પર્યાય રચિત અને બદ્ધ છે. તેનાથી બીજું તે પ્રકીર્ણક અર્થાત્ પ્રકીર્ણક કથા ઉપયોગી જ્ઞાનપદ. ગ્રથિત ગદ્ય આદિ ચાર ભેદે છે. પ્રકીર્ણક અનેક પ્રકારે છે. હવે ગ્રથિત -

**● નિર્યુક્તિ - ૧૭૧ થી ૧૭૫ -**

ગદ્ય, પદ, ગેય અને ચૌર્ણ એ ચાર પ્રકારે ગ્રથિત પદ છે. આ પ્રકારે જ ગ્રંથરચના થાય છે. આ ધર્મ, અર્થ, કામ વડે સમુત્થાન અર્થાત્ તે વિષયપણાથી ઉત્પત્તિ છે. તેથી તે ત્રિસમુત્થાન છે. સર્વ - સંપૂર્ણ. (શંકા) જો ઉપરના ત્રણ માટે ગ્રંથરચના હોય તો મોક્ષ સમુત્થાન માટે ગદ્યાદિ રચનાનો અભાવ થશે. (સમાધાન) ના, તેમ નથી. કેમકે મોક્ષ સમુત્થાન ધર્મ સમુત્થાનમાં અંતર્ભાવ થાય છે. ધર્મનું કાર્ય મોક્ષ છે. અથવા આ ત્રિસમુત્થાનને લૌકિક લક્ષણ જ લેવું. એ પ્રમાણે લક્ષણજ્ઞ કવિઓ કહે છે.

હવે ગદ્ય લક્ષણ કહે છે - મધુર એટલે સૂતક, અર્થ, ઉભય વડે સાંભળનારને. હેતુનિયુક્તિ - ઉપપત્તિ સહિતનો ક્રમ. ગ્રથિત - અનુપૂર્વીએ બદ્ધ. અપાદ - વિશિષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છંદો રચનાયોગથી પાદવર્જિત. વિરામ - અવસાન. તેનાથી યુક્ત અર્થથી પણ પાઠથી નહીં. - x - x - કાવ્યગદ્ય આ પ્રકારે જાણવું. હવે પદ્ય કહે છે - સમ, અર્ધસમ અને વિષમ એમ ત્રણ પ્રકારે કાવ્ય છે. કોની સાથે સમ છે? પાદ અને અક્ષરો સાથે. ચાર પદનો શ્લોક તથા ગુરુ - લઘુ અક્ષરની સમાનતા છે. બીજા કહે છે - સમ અને અર્ધસમ એટલે જેમાં પહેલું, ત્રીજું અને બીજાનું ચોથું સમાન અક્ષરવાળું તે અર્ધસમ અને ચારે પાદમાં સમાન અક્ષરો હોય તે સમ. વિષમ એટલે બધાં પદોમાં સમાન અક્ષર ન હોય એમ વિધિજ્ઞો કહે છે.

હવે ગેય કહે છે - તંત્રી સમ, તાલ સમ, વર્ણસમ, ગ્રહસમ, લયસમ એમ કાવ્ય પાંચ પ્રકારે જ છે. ગવાય તે ગીત. ઉક્ત વિધિ વડે ગેય નામે છે. તેમાં તંત્રીસમ - વીણા આદિ તંત્રી શબ્દથી તુલ્ય અને મિલિત છે. એ પ્રમાણે તાલાદિમાં પણ કહેવું. વિશેષ એ કે - તાલ એટલે હાથની તાળી, વર્ણ - નિષાદ પંચમાદિ, ગ્રહ - ઉત્ક્ષેપ, લય - તંત્રી સ્વન. તેમાં ખૂણેથી તંત્રી સ્પર્શાય છે, નખથી અનુમૃદાય છે, તેમાંથી બીજા જેવો સ્વર ઉઠે છે, તેને લય કહે છે. હવે ચૌર્ણ પદ કહે છે - જેમાં અર્થ ઘણો હોય તે 'અર્થબહુલ' છે. ઇત્યાદિ - x - x - x - x - ગ્રથિત કહ્યું, પ્રકીર્ણક લોકથી જાણવું. નોઅપરાધપદ કહ્યું. હવે અપરાધપદ કહે છે.

**● નિર્યુક્તિ - ૧૭૬ - વિવેચન**

સ્પર્શનાદિ ઇંદ્રિયો, સ્પર્શાદિ વિષયો, ક્રોધાદિ કષાયો, ક્ષુધા - પિપાસાદિ પરીષહો, અસાતાનુભવ વેદના, દેવાદિ કૃત ઉપસર્ગો આ અપરાધપદો છે - મોક્ષમાર્ગ પ્રતિ અપરાધ સ્થાનો છે. જેમાં - મોક્ષમાર્ગમાં આ ઇંદ્રિયાદિ વિઘ્ન રૂપ છે. શું બધાંને વિઘ્નરૂપ છે? ના, મંદબુદ્ધિક બાળક તેમાં બંધાય છે. બુદ્ધિમાનનો તેના વડે જ સંસાર - કાંતારથી તરી જાય છે છે. ક્ષુલ્લક તો પગલે પગલે સંકલ્પ વશ થઈ દુઃખ પામે છે.

તે ક્ષુલ્લક કોણ છે?

કોંકણ દેશમાં એક વૃદ્ધ પુરુષે પુત્ર સહિત દીક્ષા લીધી. તે બાળક તે વૃદ્ધને અતી ઇષ્ટ હતો. સીદાતા તે બોલ્યો - હે પિતા! હું ખુલ્લા પગે ચાલી શક્તો નથી. વૃદ્ધે તેને પગરખાં આપ્યા. પછી કહ્યું પગના ઉપરના તળ ઠંડીથી ફાટે છે, ત્યારે તેને મોજાં આપ્યા. માથું બળે છે કહ્યું ત્યારે માથે ઓઢવા કપડું આપ્યું. ભિક્ષા લેવા ન જઈ શકું કહેતા, ઉપાશ્રયમાં ગૌચરી લાવી આપી. એ રીતે પાટ ઉપર સૂવા આપ્યું, છુરાથી મુંડન કરવા દીધું. પ્રાસુક પાણીથી સ્નાન કરવા દીધું, આચાર્ય પ્રાયોગ્ય વસ્ત્ર યુગલ આપ્યું. એ પ્રમાણે જે-જે માંગ્યું તે આપ્યું. કોઈ દિવસે કહ્યું - હું સ્ત્રી વિના રહી નહીં શકું, ત્યારે વૃદ્ધે તેને ઉપાશ્રયથી કાઢી મૂક્યો. તે સંખડીમાં ઘણું ખાઈને અજીર્ણથી મરણ પામ્યો. મરીને પાડો થયો. વૃદ્ધ પિતા ચારિત્ર પાળીને દેવતા થયો. અવધિ વડે પોતાના પુત્રને પાડો થયેલ જોયો. પિતા દેવે તેને ખરીદીને ગાડીમાં જોડ્યો. તેને ઘણો જ દોડાવે છે, તે પાડો ભાર સહન કરી શક્તો નથી, ત્યારે પરોણીથી વિંધે છે. પછી તે દેવ, એ બધાં જ વચનો બોલે છે. જે તે પાડો પુત્ર પણે બોલ્યો હતો. તે સાંભળીને તે પાડાને ઇહા - અપોહ આદિ કરતાં જાતિ સ્મણ જ્ઞાન થયું,


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવે તેને પ્રતિબોધ કર્યો. પાડાએ ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. મરીને તે દેવલોકે ગયો. આ પ્રમાણે પગલે પગલે વિષાદ પામીને સંકલ્પને વશ થઈ તિર્યંચત્વ પામ્યો. તેથી આવા અપરાધ દોષો વર્જવા. કેવી રીતે? ૧૮૦૦૦ શીલાંગના સ્મરણ નિમિત્તે.

**● નિર્યુક્તિ - ૧૧૭, ૧૭૮ + વિવેચન**

૧૮૦૦૦ શીલાંગો જ છે. શીલ - ભાવસમાધિ લક્ષણ. તેના અંગો - ભેદો કે કારણો, તે શીલાંગો છે. તે જિનેશ્વર પ્રરૂપેલ છે. તે શીલાંગના પરિરક્ષણ નિમિત્તે તે અપરાધ પદોને છોડે. હવે તે ૧૮૦૦૦ શીલાંગના ભેદોને દર્શાવિ છે - યોગ, કરણ, સંજ્ઞા, ઇંદ્રિય, ભોમ, આદિ, શ્રમણ ધર્મથી ૧૮૦૦૦ શીલાંગની નિષ્પત્તિ છે. તેમાં યોગ ત્રણ ભેદે - કાયા, વચન, મનથી. કરણ ત્રણ ભેદે - કરવું, કરાવવું. અનુમોદવું. સંજ્ઞા - ચાર ભેદે - આહાર, ભય, મૈથુન, પરિગ્રહ. ઈન્દ્રિય પાંચ ભેદે શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જિહ્વા, સ્પર્શન. ભોમાદિ - પૃથ્વીકાયાદિ પાંચ, બેઇંદ્રિય યાવત્ પંચેન્દ્રિય અને અજીવકાય તે દશ. શ્રમણધર્મ - ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, તપ, સંયમ, આકિંચન, બ્રહ્મચર્યવાસ. આ સ્થાન પ્રરૂપણા છે. આ ૧૮૦૦૦ શીલાંગોની યોજના કરવી. જેમ કે - (૧) હું કાયાથી આહારસંજ્ઞાથી પ્રતિવિરત થયેલો, શ્રોત્રેન્દ્રિય સંવૃત્ત, પૃથ્વીકાય સમારંભથી પ્રતિ વિરત, ક્ષાંતિગુણ સંપ્રયુક્ત (વિષય ન વાંછું). એ પ્રમાણે મુક્તિગુણ વાળો બીજો ગમ યાવત્ દશે ગામ કહેવા. તેમાં આ રીતે અંતે યોજવું. તેથી ૧૮૦૦૦ શીલાંગ રથ થાય. યોગ - 3 x કરણ - 3 x સંજ્ઞા - ૪ x ઇંદ્રિય - ૫ x પૃથ્વીકાયાદિ - ૧૦ x શ્રમણધર્મ - ૧૦ = ૧૮૦૦૦. ઉક્ત આલાવામાં ક્રમશઃ દશ શ્રમણ ધર્મ, પછી ૧૦ પૃથ્વી આદિ, પછી, પાંચ ઇંદ્રિય એ રીતે આલાવા કરતાં આ ભેદો પ્રાપ્ત થશે. - x - x -

માત્ર આ અધિકૃત સૂત્રોક્ત ઉક્તવત્ શ્રામણ્યના પાલન ન કરવા માત્રથી જ અશ્રમણ નથી, પણ માત્ર આજીવિકા માટે જ દીક્ષા લીધેલો, સંક્લિષ્ટ ચિત્તવાળો, દ્રવ્યક્રિયા કરતો પણ તે અશ્રમણ જ છે - અત્યાગી જ છે. કઈ રીતે? સૂત્રકાર કહે છે -

**● સૂત્ર - ૭ -**

***જે (સાધુ) પરવશતાથી વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રીઓની શય્યા અને આસન આદિનો ઉપભોગ કરતા નથી. તે ત્યાગી કહેવાતા નથી.***

**● વિવેચન - ૭ -**

ચીનાંશુકાદિ વસ્ત્રો, કોષ્ઠપુટાદિ ગંધો, કટક આદિ અલંકારો, અનેક પ્રકારની સ્ત્રીઓ, પલંક આદિ શયન, આસન આદિ. આ બધાંને અસ્વવશ હોવાથી - પરતંત્રતાથી જે કોઈ ન સેવે, તેટલાથી તેને ત્યાગી ન કહેવા. તે સુબંધુવત્ તેને શ્રમણ ન જાણવા. આ સુબંધુ કોણ છે? જ્યારે ચંદ્રગુપ્તે નંદને કાઢી મૂક્યો, તે વખતે નંદની પુત્રીએ ચંદ્રગુપ્ત પ્રતિ સ્નેહ દૃષ્ટિ કરી. આ કથા આવશ્યકાનુસાર જાણવી. યાવત્ બિંદુસાર રાજા થયો. નંદને સુબંધુ નામે અમાત્ય હતો. તેને ચાણક્ય પ્રત્યે દ્વેષ હતો. તેના છિદ્રો શોધતો હતો. કોઈ દિવસ સુબંધુએ રાજાને કહ્યું - જો કે તમે અમને ધન નથી આપતા, તો પણ અમારે તમારું હિત કહેવું જોઈએ - તમારી માતાને ચાણક્યએ મારી નાંખી છે. રાજાએ ધાવમાતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂછ્યું, તેણીએ હા પાડી. રાજાએ કારણ ન પૂછ્યું. કોઈ કામે ચાણક્ય રાજા પાસે આવ્યો, રાજાએ સામે ન જોયું. ત્યારે ચાણક્ય વિચારે છે કે - રાજા રોષાયમાન થયો છે, હવે મારું મરણ આવેલ છે. પુત્ર પૌત્રાદિ માટે ધન આપી દીધું, તેમના રક્ષણાર્થે ગુપ્ત સ્થાનમાં સંતાડી દીધું. એક પત્ર લખી દાબડામાં મૂક્યો. દાબડો સુગંધવાળા ઓરડામાં મૂકી દીધો, જંગલમાં જઈ ગોકુળમાં ઇંગીની મરણ સ્વીકારીને ચાણક્ય રહ્યો. - x - x - સુબંધુ એ ચાણક્યનું ઘર જોયું. સુગંધીવાળા ઓરડામાં દાબડો જોયો. તે ખોલી પત્ર વાંચ્યો - x - x - તેમાં લખેલ કે કોઈએ આ સુગંધી ચૂર્ણ ન સુંઘવું. જો સુંઘ્યા પછી કોઈપણ પ્રકારના વિષયસુખને ભોગવશે તો અવશ્ય મરી જશે. સુબંધુએ કોઈ પુરુષને સુંઘાડીને શબ્દાદિ વિષય ભોગવાવતા તે મરી ગયો. તેથી જીવિતનો અર્થી સુબંધુ અનિચ્છાએ સાધુ વત્ રહ્યો, પણ તે અસ્વસ્થ - પરતંત્ર સાધુ માફક રહ્યો. પરંતુ અધિકૃત સાધુ - માત્ર વેશધારી હોવાથી સાધુ ન કહેવાય. તેથી તે ત્યાગી પણ કહેવાતો નથી, કેમકે તે સાધુના ગુણથી યુક્ત નથી. હવે સાધુ કોને કહેવો, તે કહે છે -

સૂત્ર - ૮ -

***જે કાંત અને પ્રિય ભોગ પ્રાપ્ત થાય તો પણ (તે તરફથી) પોતાની પીઠ ફેરવી લે છે અને સ્વાધીન રૂપે પ્રાપ્ત ભોગોનો ત્યાગ કરે છે, તેને ત્યાગી કહેવાય છે.***

● વિવેચન - ૮ -

કાંત - કમનીય, શોભન. પ્રિય - ઇષ્ટ. અહીં કાંત પણ કંઈક, કોઈને, કોઈક નિમિત્તથી અપ્રિય પણ હોય. કહ્યું છે - ચાર કારણે ગુણો નાશ પામે, (૧) રોષથી, (૨) પ્રતિનિવેશથી (૩) અકૃતજ્ઞતાથી (૪) મિથ્યાભિનિવેશથી. તેથી 'પ્રિય' વિશેષણ પણ મૂક્યું. ભોગ - શબ્દાદિ વિષયોને પામીને, વિવિધ - અનેક પ્રકારોથી, શુભ ભાવનાદિ વડે પીઠ કરે છે - અર્થાત્ પરિત્યાગ કરે છે. તે સમયે પોતે બંધનથી બંધાયેલો ન હોય, તેમ ત્યાગી પણ ન હોય, પણ પોતાના વશમાં અને સ્વાધીન એવા જ ભોગોનો ત્યાગ કરે છે. ગાથામાં ફરી ત્યાગ શબ્દનું ગ્રહણ પ્રતિ સમય ત્યાગના પરિણામની વૃદ્ધિને સૂચવે છે. ભોગ ગ્રહણ સંપૂર્ણ ભોગના ગ્રહણ માટે છે. અથવા ત્યજેલા ભોગ ફરી ઉપનત - કારણ ન થાય તે માટે છે. તેથી જ આવાને જ ભરત આદિ વત્ ત્યાગી કહ્યા છે.

(શંકા) જો ભરત અને જંબૂ આદિ છતાં ભોગોને ત્યાગે તેને જ ત્યાગી કહેવામાં આ દોષ થાય છે - જે કોઈ ભીખારી કે નિર્ધન આદિ એ દીક્ષા લઈને ભાવથી અહિંસાદિ ગુણયુક્ત શ્રામણ્યમાં પ્રયત્નશીલ હોય તેને શું અપરિત્યાગી કહેવા? (સમાધાન) તેણે પણ અગ્નિ, પાણી, સ્ત્રી એ ત્રણ લોકસાર રત્નોનો ત્યાગ કરીને દીક્ષા લીધી છે. તેનું દૃષ્ટાંત કહે છે -

એક કઠિયારાએ, સુધર્મા સ્વામી પાસે દીક્ષા લીધી. તે ગૌચરી જતો ત્યારે લોકો તેને રાંક કહેતા. તે બાળક બુદ્ધિથી આચાર્યને કહે છે - મને બીજે લઈ જાઓ, હું આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહન કરી શકતો નથી. આચાર્ય એ અભયને કહ્યું. અભયકુમારે કહ્યું - તમે વિશ્વસ્ત થઈને રહો, હું લોકોને કોઈ ઉપાયથી નિવારીશ. ત્રણરત્નોની કોટિ સ્થાપી, નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી, લોકો ભેગા થયા. અભયે કહ્યું કે જો કોઈ અગ્નિ, પાણી, સ્ત્રીનો ત્યાગ કરે તો હું તેને આ ત્રણે રત્નોની કોટિ આપી દઈશ. લોકો બોલ્યા - આ ત્રણ વિના સુવર્ણકોટિથી પણ શું લાભ? અભયે કહ્યું - તો પછી "આ ભિખારીએ દીક્ષા લીધી" તેમ કેમ કહો છો. નિરર્થક દીક્ષા લેનારે પણ આ ત્રણ કોટિ સુવર્ણનો ત્યાગ કર્યો જ છે ને? લોકોને પ્રતીતિ થઈ કે અર્થહિને પણ આ ત્રણ તો તજેલ જ છે ને!

● સૂત્ર - ૯ -

***સમભાવની પ્રેક્ષાથી વિચરતા એવા સાધુનું મન કદાચ સંયમથી બહાર નીકળી જાય તો તે સ્ત્રી કે કામ્યવસ્તુ મારી નથી અને હું તેનો નથી એમ વિચારી, તેના તરફથી પોતાનો રાગ ખસેડી લે.***

● વિવેચન - ૯ -

તે જ ત્યાગી પોતાને અને બીજાને તુલ્યપણે જુએ તે સમ, તથા જેના વડે દેખાય તે દૈષ્ટિ વડે બધાંને સમપણે જોતો ચાલે એટલે ગુરુ ઉપદેશાદિથી સંયમયોગમાં વર્તે. તેમને પણ કર્મની ગતિ બળવાન હોવાથી કદાચિત્ મન બહાર જાય એટલે ભોગવેલા ભોગનું સ્મરણ થાય, અભુક્ત ભોગીને કુતૂહલથી મન ચલિત થાય. અર્થાત્ સંયમ યોગથી બહાર નીકળી જાય, તેનું દૈષ્ટાંત -

કોઈ રાજપુત્ર બહાર સભા મંડપમાં રમતો હતો, દાસી પાણીનો ઘડો લઈ નીકળી, રાજકુમારે કાંકરાથી ઘડો ફોડ્યો. દાસીને રડતી જોઈ તેણે ફરી કાંકરો ફેંક્યો. દાસીએ વિચાર્યુ કે રક્ષક જ જો લુંટારો હોય તો પોકાર ક્યાં કરવો? દાસીએ માટીનો કઠણ લોંદો લગાવી કાણું બંધ કરી દીધું અને ચાલતી થઈ. એ પ્રમાણે સાધુનું મન સંયમથી બહાર નીકળે તો તે સાધુએ પ્રશસ્ત પરિણામ વડે અસત્ સંકલ્પ રૂપ છિદ્રને ચારિત્રરૂપ જળના રક્ષણ માટે બંધ કરી દેવું. કેવા આલંબનથી? જેની સુંદરતાથી મોહ ઉત્પન્ન થયો હોય, તેના સંબંદી વિચારવું કે - "તેણી મારી નથી" કેમ કે દરેક પોતાના કર્મોના ફળ ભોગવે છે. એમ સમજી રાગને નિવારે અને તત્ત્વદર્શી હોય તો પરમાર્થ સમજીને પાપથી પાછો ખસે. - x - x -

એક વણિક પુત્ર હતો, તે સ્ત્રીનો ત્યાગ કરી સૂત્રપાઠ મોટેથી ગોખે છે. પણ તેને થયું કે તેણી મારા ઉપર રાગવાળી હતી, હું તેને શા માટે છોડું? સાધુવેશમાં ઉપકરણ સહિત ઘેર જવા નીકળ્યો. સ્ત્રી પાણી લેવા તળાવે આવી, ત્યાં તે ઉભો રહ્યો. સ્ત્રી શ્રાવિકા બની હતી, દીક્ષા લેવા ઇચ્છતી હતી. સ્ત્રી ઓળખી ગઈ, સાધુ નથી ઓળખતો, તેણે સ્ત્રીની પૃચ્છા કરી, દીક્ષા છોડવી છે તેમ જણાવ્યું. સ્ત્રી વૈરાગ્યવાન્ હતી, તે જૂઠું બોલી કે તે સ્ત્રી તો બીજા સાથે ગઈ. સાધુને થયું કે ભગવંતે સત્ય જ કહ્યું છે - "તે મારી નથી, હું તેનો નથી." એમ પરમ સંવેગ પામ્યો અને બોલ્યો કે હું પાછો ફરું છું. પછી સ્ત્રીએ શીખામણ આપી કે - જીવિત અનિત્ય છે, કામ-ભોગ નાશ થનારા છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇત્યાદિ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સમજાવ્યો. સ્થિર થયો આચાર્ય પાસે ફરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી સ્થિર થયો. આ પ્રમાણે આત્માને સાધુએ સ્થિર કરવો જોઈએ.

એ પ્રમાણે અંતર મનના નિગ્રહનો વિધિ કહ્યો. પણ તે બાહ્ય વિધિ સિવાય કરવો શક્ય નથી, તેથી તેનું વિધાન બતાવે છે -

● સૂત્ર - ૧૦ -

***આતાપના લે, સુકુમારતાનો ત્યાગ કર, કામ ભોગોનો અતિક્રમ કર, દુઃખ સ્વયં જ અતિક્રાંત થશે. દ્વેષભાવનું છેદન કર, રાગભાવને દૂર કર. એમ કરવાથી તું સંસારમાં સુખી થઈશ.***

● વિવેચન - ૧૦

સંયમના ઘરમાંથી મન નીકળી ન જાય તે માટે (ગુરુ શિષ્યને કહે છે -) તું આતાપના કર - x - ઉણોદરી આદિ કર, આના વડે શરીરની ઉત્પન્ન દોષનો પરિહાર કરવા કહે છે. તથા સુકુમારત્વનો ત્યાગ કર, આના વડે ઉભય સમુત્થ દોષ પરિહાર કહ્યો. કેમકે સુકુમારત્વથી કામેચ્છા પ્રવર્તે છે અને સ્ત્રીઓને પ્રાર્થનીય થાય છે. આ પ્રમાણે ઉભય આસેવનથી 'કામ'નું ઉલ્લંઘન કર. કેમકે ઉલ્લંઘનથી તેટલું જ દુઃખ થશે. કેમકે 'કામ'નો દુઃખ સાથે સંબંધ છે. હવે 'કામ' ઉલ્લંઘન વિધિ કહે છે - દ્વેષને છેદ. રાગ દૂર કર. કઈ રીતે? સમ્યગ્ જ્ઞાનબળથી અને વિપાક - આલોચનાદિ વડે. શબ્દાદિ વિષયો જ કામ છે. એમ કરવાથી ફળ શું? સુખી થઈશ. ક્યાં? સંસારમાં. મોક્ષ ન પામ ત્યાં સુધી સુખી થઈશ.બીજા સંપરાયનો અર્થ પરીષહ, ઉપસર્ગ કરે છે. સંયમગૃહથી મન ન નીકળે માટે ચિંતવે કે -

● સૂત્ર - ૧૧ થી ૧૪ -

***(૧૧) અગંધન કૂળમાં ઉત્પન્ન સર્પ પ્રજ્વલિત દુઃસહ અગ્નિમાં કૂદી જાય છે, પણ વમન કરેલ વિષને પાછું પીવાની ઇચ્છા કરતા નથી. (૧૨) હે અપયશના કામી! તને ધિક્કાર છે, કે તું અસંયમી જીવનને માટે વમન કરેલ ને પાછું પીવા ઇચ્છે છે. આના કરતાં તો તું મરી જાય તે જ યોગ્ય છે. (૧૩) હું ભોજરાજાની પુત્રી રાજીમતી અને તું અંધકવૃષ્ણિનો પુત્ર રથનેમિ છે. ગંધનકુળના સર્પ સમાન ન થઈએ. તેથી તું સ્થિરચિત્ત થઈને સંયમનું પાલન કર. (કેમકે) (૧૪) તું જે - જે સ્ત્રીઓને જોઈશ, તેના પ્રત્યે જો આવો રાગ ભાવ કરીશ તો વાયુથી આહત હડ વનસ્પતિ માફક અસ્થિરાત્મા થઈ જઈશ.***

● વિવેચન - ૧૧ થી ૧૪ -

(૧૧) પાકખંદે૦ વિચારે છે કે - આ જ્વાળા માળાથી આકુળ પણ મુર્મુરાદિ રૂપ નહીં, તે ધૂમાડાથી પ્રત્યક્ષ છે, પણ ઉલ્કાપાત જેવી અગ્નિ નથી અને દુઃખથી તેમાં પડાય તેવું છે. અર્થાત્ બળતાં પ્રત્યક્ષ અગ્નિમાં પડવું, દુઃખદાયી છે. છતાં તે સ્વીકારીને પણ વમેલ ઝેર પાછું પીવા અગંધન કૂલોત્પન્ન સાપો ઇચ્છતા નથી. નાગના બે ભેદ -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંધન અને અગંધન. તેમાં ગંધન કોઈને કરડે, તો મંત્રવાદી મંત્રથી બોલાવે, તો તે ઝેર પાછું પી જાય પણ અંગધન સર્પ બળી મરે પરંતુ ઝેર ન પીએ. તેન ઉપસંહાર આ પ્રમાણે છે - જો તિર્યંચ પણ કુળના અભિમાનથી જીવિતને તજે, પણ વમેલું ઝેર પાછું ન પીએ. તો હું જિનવચનજ્ઞ વિષય વિપાક્તા દારૂણ ફળ જાણનારો કઈ રીતે ભોગને વાંછુ? આ જ વિષયમાં બીજું ઉદાહરણ કહે છે -

જ્યારે અરિષ્ટનેમિએ દીક્ષા લીધી, ત્યારે રથનેમિએ રાજીમતીને પરણવા ઇચ્છા જણાવી. પરંતુ રાજીમતી પણ કામભોગથી નિર્વિર્ણ થઈ ગયેલી. તેણીએ જાણ્યું કે આ મારામાં આસક્ત છે. કોઈ વખતે તેણીએ મધ ઘી સાથે પેચી પીધી. રથનેમિ આવ્યો ત્યારે રાજીમતીએ મીંઢણચૂર્ણ ફાકી વમન કર્યું. પેચીની ઉલટી થઈ. રથનેમિને તે પીવા કહ્યું. તે બોલ્યો વમેલું કેમ પીવાય? રાજીમતીએ તેને કહ્યું - તો અરિષ્ટનેમિ સ્વામી વડે તજાયેલી મને કેમ પીવા ઇચ્છો છો? આ વિષયનું અધિકૃત સૂત્ર કહે છે -

(૧૨) રાજીમતીએ કહ્યું - તારા પૌરુષને ધિક્કાર થાઓ. હે યશના કામી! ઉલટો અર્થ છે - હે અપયશના કામી! તને ધિક્કાર થાઓ. કેમકે તું અસંયમ જીવિત હેતુથી, ભગવંતે તજેલીને વમેલા ભોજન માફક ગ્રહણ કરવા ઇચ્છે છે, તેથી તારે જીવવા કરતાં મર્યાદા ઉલ્લંઘવાથી મરવું સારું છે. આ પાપ કરવું સારું નથી. પછી રાજીમતીએ ધર્મ કહ્યો. રથનેમિ બોધ પામ્યો, દીક્ષા લીધી. તેને બોધ આપીને રાજીમતીએ પણ દીક્ષા લીધી. કોઈ દિવસે, તે રથનેમિ દ્વારાવતીમાં ભિક્ષાર્થે સ્વામી પાસે આવ્યા. વરસાદને કારણે કોઈ ગુફામાં પ્રવેશ્યા. રાજીમતિ પણ સ્વામીને વંદનાર્થે ગયેલા. વાંદીને ઉપાશ્રયે પાછી જતા હતા. માર્ગમાં વર્ષાથી ભીંજાતા તે જ ગુફામાં પ્રવેશ્યા. ભીંજાયેલા વસ્ત્રો ખુલ્લા કરી પસાર્યા. તેણીના અંગ - ઉપાંગ જોઈને રથનેમી તેણીમાં આસક્ત થયા. રાજીમતી પણ તેની ચેષ્ટાથી તેના અશુભ ભાવોને ઓળખી ગયા.

ત્યારે તેને આમ કહ્યું -

(૧૩) હું ભોગરાજ - ઉગ્રસેનની પુત્રી છું, તું અંધકવૃષ્ણિ - સમુદ્ર વિજયનો પુત્ર છે. આપણા બંનેનું ઉત્તમ કુળ છે. આપણે ગંધનકુળના સાપ જેવા ન થઈએ. - x - સુખે સંયમમાં ચર - સર્વ દુઃખ નિવારક ક્રિયાને કર.

(૧૪) જો તું આવી ઇચ્છા કે પ્રાર્થના કરીશ કે જ્યાં જ્યાં સ્ત્રીઓ જોઈશ, તેમાં તેમાં આ શોભન કે અશોભન છે, આ સેવવા યોગ્ય છે એવો ભાવ કરીશ, તો વાયુથી હણાયેલ 'હડ' વનસ્પતિની જેમ અસ્થિત આત્મા થઈશ. સંસાર સાગરમાં પવનથી પ્રેરિત સુખ-દુઃખના ક્ષયનું નિબંધન જે સંયમ તેના ગુણોમાં મૂળ - ચિત્ત ન રહેવાથી આમ તેમ ભટકીશ.

ચારિત્ર લીધેલ રાજીમતીનું આવું વૈરાગ્યોત્પાદક સુભાષિત વચન રથનેમીએ સાંભળ્યું. ત્યારે અંકુશથી હાથી વશ રહે તેનું દૃષ્ટાંત :- વસંતપુર નામે નગર હતું. ત્યાં એક શ્રેષ્ઠીવધૂ નદીમાં ન્હાતી હતી. તેને જોઈને યુવકે પૂછ્યું, તું સુખથી ન્હાઈ? આનંદથી શોભીત છે. હું અને આ કિનારાના વૃક્ષો તારા પગે પડીએ છીએ. ત્યારે તેણી બોલી - તને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નદી શુભદા થાઓ, નદીવૃક્ષો ઘણું જીવો. સુસ્નાત પૂછનારનું પ્રિય કરવા અમે પ્રયત્ન કરીશું. તે યુવક તે સ્ત્રીના ઘર કે દ્વારને જાણતો ન હતો. તપાસ કરતાં તે સ્ત્રીની ભાળ મેળવી. પરંતુ યુવક તેનો વિરહ ન સહી શક્યો. પરિવ્રાજિકાને શોધીને ભિક્ષા વડે સંતુષ્ટ કરી. તેણીએ પૂછ્યું કે તારી શી સેવા કરું? તેણે કહ્યું - અમૂકની પુત્રવધૂને તું મારી કર. પરિવ્રાજિએ સ્ત્રીને સંદેશો આપ્યો. તે સ્ત્રીએ રોષથી શાહીવાળી હથેળી કરી, તેણીની પીઠમાં પંચાંગુલીની છાપ પાડી. યુવક સમજી ગયો કે કૃષ્ણ પાંચમે પાછલા દ્વારેથી આવવા કહ્યું છે. તે બંને અશોકવાટિકામાં મલ્યા અને સાથે સુતા.

મોડી રાત્રે પેશાબ કરવા નીકળેલ સસરાએ તેમને જોયા. ખબર પડી કે આ કોઈ દુરાચારી છે. પુત્રવધૂના પગનું ઝાંઝર કાઢી લીધું. સ્ત્રીએ જાણ્યું, યુવકને ભગાડી દીધો. આપત્તિમાં સહાય કરવાનું વચન લઈ લીધું. તે સ્ત્રી પોતાના પતિને ઉઠાડીને ગરમીના બહાને બહાર લાવી, બંને ત્યાં સૂઈ ગયા. પછી પતિને ઉઠાડીને ફરીયાદ કરી કે સસરાજી પગનું ઝાંઝર લઈ ગયા, આ યોગ્ય છે? સસરાએ પુત્રને સમજાવ્યું કે આ સ્ત્રી દૂરાચારિણી છે. તે સ્ત્રી બોલી કે હું બધાનાં દેખતા મારું કલંક દૂર કરીશ. યક્ષ મંદિરે ચાલી, યક્ષના પગમાં અપરાધી ન નીકળી શક્તા, નિરપરાધી નીકળી જતાં હતાં. ત્યારે તે યુવક - પ્રિયતમ પિશાચરૂપ કરીને આવ્યો, પૈલી સ્ત્રીને ગળે વળગી પડ્યો. પછી તે સ્ત્રી યક્ષ પાસે જઈને બોલી કે મારા પતિ અને આ પિશાચને છોડીને જો મેં કોઈ પુરુષને જાણ્યો - સેવ્યો હોય, તો મને અટકાવજે.

યક્ષ વિલખો થઈ વિચારે છે કે આ ધૂર્તા મને પણ છેતરે છે. આ ધૂર્તા સતી નથી. પરંતુ હું પણ તેણીથી છેતરાયો છું. યક્ષ વિચારતો હતો તેટલામાં તેણી નીકળી ગઈ, લોકોએ તે વૃદ્ધનો ઘણો તિરસ્કાર કર્યો. તે અધૃતિથી તે વૃદ્ધની નીદ્રા ચાલી ગઈ. રાજાએ તેને અંતપુર રક્ષક રૂપે નીમ્યો. અભિષેક્ય હસ્તિ રત્ન વાસગૃહની નીચે બાંધેલો. કોઈ રાણી મહાવતમાં આસક્ત થઈ. હાથી સુંઢ વડે તેણીને નીચે ઉતારતો. સવારે પાછી મૂકી દેતો. એ પ્રમાણે કાળ જતો હતો. કોઈ રાત્રે રાણીને બહુ મોડું થતાં મહાવતે હાથીની સાંકળ વડે મારી. રાણી બોલી કે હું કંઈ સૂઈ નહોતી ગઈ. તું મારા ઉપર રોષ ન કર. તે વૃદ્ધે આ બધું જોઈને વિચાર્યું કે જ્યારે રક્ષાયેલી રાણીઓ આવું કરે તો સદા સ્વચ્છંદા સ્ત્રી આવું કરે તેમાં શી નવાઈ? સવારે બધાં જાગી ગયા, પણ પે'લો વૃદ્ધ સૂઈ ગયેલો તે ન ઉઠ્યો. રાજાએ સૂવા દીધો. ઘણાં કાળે ઉઠ્યો ત્યારે પૂછતાં બધું કહી દીધું - કોઈ એક રાણી છે, તે દુરાચાર કરે છે.

રાજાએ માટીનો હાથી કરાવ્યો. આની પૂજા કરીને ઉલ્લંઘો. ત્યારે બધી રાણીએ ઉલ્લંઘન કર્યું. એક રાણીએ બોલી - હું ડરું છું, હું નહીં ઉલ્લંઘુ. ત્યારે રાજાએ કમળ માર્યું. તેણી મૂર્છિત થઈ પડી ગઈ. રાજાએ જાણ્યું કે આ અપરાધિની છે. રાણીને કહ્યું કે - ઉન્મત હાથી ઉપર બેસી શકે છે અને માટીના હાથીથી ડરે છે? સાંકળનો માર સહે છે, કમળથી મૂર્છા પામે છે? તેના શરીરે સાંકળનો પ્રહાર જોયો. ક્રોધિત થઈને રાણી, મહાવત તથા હાથી ત્રણેને ડુંગર ઉપર ચડાવ્યા. મહાવતને કહ્યું - હાથીને નીચે પાડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દે. બંને બાજુ વેણુગ્રાહ રાખ્યા. હાથીએ ક્રમશઃ એક, બે, ત્રણ પગ ઉંચા કરીને માત્ર એક પગે ઉભો રહ્યો. લોકો કહેવા લાગ્યા કે આવા હસ્તિરત્નને શા માટે મારો છો? હાથીને નીચે ઉતારવા કહ્યું - મહાવતે અંકુશ બતાવીને હાથીને નીચે ઉતાર્યો. તે વખતે અંકુશ બતાવીને ઉતારેલો.

આ દૃષ્ટાંતનો પરમાર્થ સૂત્રાર્થથી કહ્યો છે.

**● સૂત્ર - ૧૫, ૧૬ -**

***(૧૫) તે સંયતી - રાજીમતીના સુભાષિત વચનો સાંભળીને તે રથનેમિ, અંકુશથી હાથી સ્થિર થયો તેમ સ્થિર થઈ ગયા. (૧૬) સંબુદ્ધ, પ્રવિચક્ષણ અને પંડિત આમ જ કરે છે. તે પુરુષોત્તમ (રથનેમિ)ની માફક ભોગોથી નિવૃત્ત થઈ જાય છે. - ૦ - તેમ હું કહું છું.***

**● વિવેચન - ૧૫, ૧૬**

એ પ્રમાણે સંબુદ્ધ - બુદ્ધિમાનો કરે છે. અથવા સમ્યગ્ દર્શન સહિત કે દર્શન એકી ભાવથી બુદ્ધ તે સંબુદ્ધ - વિષય સ્વભાવને જાણેલા અથવા સમ્યગ્ દૃષ્ટિ. તેઓ પંડિત - સમ્યગ્ જ્ઞાનવંત અને પ્રવિક્ષણ - ચારિત્રના પરિણામવાળા હોય છે. બીજા કહે છે - સંબુદ્ધ એટલે સામાન્યથી બુદ્ધિમંત પંડિતો - વમેલા ભોગોના આસેવન દોષને જાણનારા, પ્રવિચક્ષણ - પાપભીરુ. તેઓ પૂર્વના અનાદિ અભ્યાસથી કદર્થના પામે તો પણ ભોગથી પાછા ખસે છે, જેમ આ પુરુષોત્તમ રથનેમિ પાછા ખસ્યા.

(શંકા) રથનેમિનું પુરુષોત્તમત્વ કઈ રીતે? જે દીક્ષા લીધા પછી પણ વિષયાભિલાષી થયા? (સમાધાન) અભિલાષ થયા પછી પણ પ્રવૃત્તિ ન કરી તેથી. કાપુરુષો અભિલાષને અનુરૂપ પ્રવૃત્તિ કરે છે. (શંકા) દશવૈકાલિક એ નિયત શ્રુત જ છે. કહ્યું છે - જ્ઞાતા અધ્યયનના ઉદાહરણો. ઋષિભાષિત અને પ્રકીર્ણક શ્રુત એ અનિત્ય છે, બાકીના નિયત છે. તો અભિનવ ઉત્પન્ન આ ઉદાહરણ તેમાં કઈ રીતે આવ્યું? નિયત શ્રુતમાં પણ કોઈ એવા અર્થમાં હોય છે. ઉત્સન્ન શબ્દના ગ્રહણથી "પ્રાયઃ નિયત પણ સર્વથા નહીં" એવો અર્થ છે. બ્રવીમિ - સ્વબુદ્ધિથી નહીં પણ તીર્થંકર ગણધરના ઉપદેશથી આ કહેલ છે. - x -.

**મુની દીપરત્નસાગરે કરેલ**

**અધ્યયન - ૨ નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૩ - ક્ષુલ્લિકાચારકથા ❂

—— x —— x —— x —— x ——

૦ શ્રામણ્યપૂર્વક અધ્યયનની વ્યાખ્યા કરી. હવે ક્ષુલ્લિકાચાર કથા આરંભીએ છીએ. તેનો સંબંધ આ છે - અધ્યયન બે માં કહ્યું - ધર્મ સ્વીકારનાર નવા સાધુને તેમાં અધૈર્યનો સંમોહ થાય તો ધૃતિવાળા થવું. અહીં તે ધૃતિ આચારમાં કરવી પણ અનાચારમાં નહીં તે કહેલ છે. આ જ આત્મસંયમનો ઉપાય છે. - x - આ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર પૂર્વવત્. નામનિષ્પન્ન નિક્ષેપામાં "ક્ષુલ્લિકાચાર કથા" નામ છે. તેમાં ક્ષુલ્લિક, આચાર અને કથાનો નિક્ષેપ કરવો. મોટાની અપેક્ષાથી ક્ષુલ્લક (લઘુ). તેથી પહેલાં મોટું બતાવે છે -

**• નિર્યુક્તિ - ૧૭૯ થી ૧૮૧ - વિવેચન**

કોઈનું નામ મોટું હોય તે નામ મહત્. મોટાની સ્થાપના તે સ્થાપનામહત્. અચિત્ત મહાસ્કંધ તે દ્રવ્યમહત્, લોકાલોકાકાશ તે ક્ષેત્રમહત્, અતીત આદિ ભેદ સંપૂર્ણ તે કાલમહત્. પ્રધાન મહત્ ત્રણ પ્રકારે - સંચિત, અચિત્ત, મિશ્ર. સચિત્ત ત્રણ ભેદે - દ્વિપદ, ચતુષ્પદ, અપદ. તેમાં દ્વિપદોમાં તીર્થંકર પ્રધાન છે, ચતુષ્પદોમાં હાથી, અપદોમાં ફણસ, અચિત્તમાં વૈડૂર્ય રત્ન, મિશ્રમાં વૈડૂર્યાદિ વિભૂષિત તીર્થંકર પ્રધાન છે. તેથી તેનું મહત્ પણું છે. પ્રતીત્ય મહત્ એટલે એકની અપેક્ષાએ બીજું, જેમ - આમળા કરતાં બિલ્વ ફળ, બિલ્વ કરતાં કોઠું એ મોટા ફળ છે. ભાવમહત્ ત્રણ ભેદે છ - પ્રાધાન્યથી, કાળથી, આશ્રયથી. પ્રાધાન્યથી ક્ષાયિકભાવ મહાન છે, કેમકે તે મુક્તિનો હેતુ છે. કાળથી પારિમાણિક પ્રધાન છે, કેમકે જીવત્વ અને અજીવત્વ પરિણામનું અનાદિ અનંતપણું હોવાથી અજીવો જીવપણે અને જીવો અજીવપણે કદી પરિણમતા નથી. આશ્રયથી ઔદયિકભાવ પ્રધાન છે. કેમકે ઘણાં જીવોએ તેનો આશ્રય કર્યો છે - બધાં સંસારી જીવો તેમાં વિદ્યમાન છે. આ મહત્નો પ્રતિપક્ષ તે ક્ષુલ્લક.

ક્ષુલ્લકમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યક્ષુલ્લક તે પરમાણુ ક્ષેત્ર ક્ષુલ્લક તે આકાશ પ્રદેશ, કાલ ક્ષુલ્લક તે સમય. પ્રધાન ક્ષુલ્લક તે સચિત્ત આદિ ત્રણ. સચિત્તમાં દ્વિપદ ક્ષુલ્લક તે અનુત્તર દેવો, શરીમાં ક્ષુલ્લક તે આહારક શરીર. ચતુષ્પદમાં સિંહ, અપદમાં જાતિકુસુમ. અચિત્તમાં વજ, મિશ્રમાં શય્યામાં રહેલ અનુત્તર દેવ. પ્રતીત્વ ક્ષુલ્લક તે કોઠા કરતાં બિલ્વફળ નાનું છે ઇત્યાદિ. ભાવક્ષુલ્લક તે ક્ષાયિક ભાવ. કેમકે તેનો થોડા જીવો આશ્રય કરેલ છે. આ ક્ષુલ્લક નિક્ષેપ કહ્યો.

હવે 'આચાર'નો નિક્ષેપો :- પૂર્વે જે નિક્ષેપા ક્ષુલ્લકના કહ્યા, તેમાં ફક્ત 'પ્રતીત્યક્ષુલ્લક' છે, તેનો અહીં અધિકાર છે. કેમ કે જે મોટી આચાર કથા જે ધર્માર્થકામ અધ્યયન નામે છે, તેની અપેક્ષાએ ક્ષુલ્લિકા છે. આચાર નિક્ષેપ ચાર ભેદે - નામાચાર, સ્થાપનાચાર, દ્રવ્યાચાર, ભાવાચાર તેનો ભાવાર્થ આ છે - નામ અને સ્થાપના ગૌણ છે. હવે દ્રવ્યાચાર કહે છે - નામનં, ધાવન, વાસન, સિક્ષાપન, સુકરણ અવિરોધી દ્રવ્ય જે લોકમાં છે. તેને દ્રવ્યાચાર જાણવો. - x - દ્રવ્યનું તે-તે પ્રકારે પરિણમવું તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'નામન'નું અવનતિકરણ તે બે ભેદ છે - આચારવાળું અને અનાચારવાળું. તેનું પરિણામ અયુક્ત આવે અથવા તો યુક્ત આવે. તેમાં તિનિશલતાદિ આચારવાળી છે, એરંડાદિ અનાચારવાળા છે. તિનિશલતા જેમ વાળે તેમ વળે છે, પણ એરંડાને નહીં એ પ્રમાણે બધે ભાવના કરવી. વિશેષમાં ઉદાહરણ કહે છે - ધાવનમાં હરિદ્રા રક્તવસ્ત્ર આચારવાળું છે, એટલે હળદરથી રંગેલું હોય તે સુખેથી. દોવાય છે. પણ કૃમિ રંગવાળું અનાચાર છે, કેમકે તેમાં રંગાયેલ કપડું ધોતાં ન ધોવાય. પાટલા કુસુમ આદિ સુગંધીવાળું થાય તે આચારવંત, પણ વૈડૂર્ય રત્નાદિ કશાથી પણ સુગંધીવાળું ન થાય માટે તે અનાચારવાળું છે. ઇત્યાદિ દૃષ્ટાંતો - x - x - જાણવા. આ પ્રમાણેનાં દ્રવ્યો જે લોકમાં છે, તે જ તેના આચાર દ્રવ્યમાં અતિરેકથી 'દ્રવ્યઆચાર'. આચારણ પરિણામના વિવક્ષિતત્વથી દ્રવ્યાચાર છે. ભાવપણામાં પણ ગુણના અભાવથી દ્રવ્યાચાર જાણવો.

દ્રવ્યાચાર કહ્યો. હવે ભાવાચાર કહે છે -

**● નિર્યુક્તિ - ૧૮૨ થી ૧૮૮ + વિવેચન -**

દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એ પાંચ ભેદે ભાવાચાર જાણવો. તેમાં દર્શન એટલે સમ્યગ્ દર્શન પણ ચક્ષુ આદિ દર્શન નહીં. તે ક્ષાયોપશમિકાદિ રૂપત્વથી ભાવ જ છે. તેથી તેનું આચરણ તે દર્શનાચાર. એ પ્રમાણે બધામાં યોજવું. હવે ભાવાર્થ કહે છે -

**દર્શનાચાર આઠ ભેદે છે** - નિઃશંકિત આદિ. જેનામાંથી શંકા નીકળી ગયેલ છે, તે નિઃશંકિત અર્થાત્ દેશ શંકા રહિત. તેમાં દેશ શંકા આ રીતે - જીવત્વ સમાન છે, તો એક ભવ્ય અને બીજો અભવ્ય કેમ? સર્વ શંકા - પ્રાકૃતમાં બધાં શાસ્ત્રો હોવાથી તે પરિકલ્પિત જ હશે. પણ વિચારતા નથી કે ભાવો હેતુથી ગ્રાહ્ય છે, અહેતુથી અગ્રાહ્ય છે. તેમાં હેતુગ્રાહ્ય તે - જીવ અસ્તિત્વ આદિ. અહેતુગ્રાહ્ય તે ભવ્યત્વ આદિ, કેમકે અમારા જેવા ઇંદ્રિયજ્ઞાનીઓને તે હેતુનું પ્રકૃષ્ટ જ્ઞાનનું ગોચરત્વ ન થઈ શકે. પ્રાકૃતમાં રચવાનું કારણ પણ બાળ આદિ સાધારણ માટે છે. તે દૃષ્ટ, ઇષ્ટ અને અવિરુદ્ધ છે. તે માટે આવશ્યકમાં 'પેય-અપેય'નું દૃષ્ટાંત જાણવું. નિઃશંકિત જીવ જ અર્હત્ શાસન પ્રતિપન્ન છે. તે દર્શનના આચરણના પ્રાધાન્યની વિવક્ષાથી દર્શનાચાર કહેવાય છે. અહીં દર્શન અને દર્શનીનું અભેદત્વ કહ્યું. ઇત્યાદિ - x -

આ પ્રમાણે શેષ પદોમાં પણ કહેવું.

૦ નિષ્કાંક્ષિત - દેશ અને સર્વકાંક્ષા રહિત. દેશકાંક્ષા તે દિગંબર દર્શનાદિને ઇચ્છે, સર્વકાંક્ષા તે બધાં દર્શનની ઇચ્છા કરે. પણ છ જીવ નિકાયની પીડા, તથા અસત્ પ્રરૂપણાના લાગતા દોષને વિચારતો નથી. અહીં રાજા અમાત્યનું ઉદાહરણ આવશ્યક સૂત્ર મુજબ જાણવું.

૦ વિચિકિત્સા - જેનો મતિ વિભ્રમ દૂર થયો છે તે. કોઈ માને કે આ જિનદર્શન તો સારું છે, પણ તેમાં પ્રવૃત્ત એવા મને તેનું ફળ મળશે કે નહીં મળે તે વિચિકિત્સા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- x - વિકલ્પરહિત ભાવ તે નિર્વિચિકિત્સા. અહીં અંશ વડે જ નિઃશંકિતથી ભિન્ન છે. અહીં વિદ્યા સાધકનું દૃષ્ટાંત આવશ્યકમાં છે. અથવા નિર્વિચિકિત્સા એટલે સાધુ જુગુપ્સારહિત. અહીં શ્રાવકપુત્રીનું દૃષ્ટાંત આવશ્યકમાં છે.

૦ અમૂઢ દૃષ્ટિ - બાલ તપસ્વીનીતપોવિદ્યા અથવા અતિશય દર્શનથી મૂઢ ન બને, મૂઢ - સ્વરૂપથી ચલિત ન હોય. દૃષ્ટિ - સમ્યગ્ દર્શન રૂપ. અહીં સુલસા શ્રાવિકાનું દૃષ્ટાંત છે :- અંબડ નામે લૌકિક ઋષિ રાજગૃહ જતો હતો, ત્યારે ગણાં ભવ્ય જીવોના સ્થિરીકરણાર્થે ભગવંતે 'સુલસા' ના ખબર પૂછવા કહ્યું. અંબડને થયું સુલસા પુન્યવતી છે. અંબડે તેણીની અનેક રીતે પરીક્ષા કરી, તેણી સંમૂઢ ન થઈ. એ પ્રમાણે કુતીર્થીની ઋદ્ધિ જોઈને, કોઈએ તેનાથી સંમૂઢ ન થવું, તે અમૂઢ દૃષ્ટિ.

આટલો ગુણીપ્રધાન દર્શનાચારનો નિર્દેશ કર્યો. હવે ગુણ પ્રધાન કહે છે - ૦ - ઉપબૃંહણા અને સ્થિરીકરણ :- સમાન ધાર્મિકોના સદ્ગુણોની પ્રશંસા વડે તેની વૃદ્ધિ કરવી તે ઉપબૃંહણા અને ધર્મથી સીદાતાને ધર્મમાં સ્થાપવા તે સ્થિરીકરણ.

ઉપબૃંહણાનું દૃષ્ટાંત - રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા હતો. શક્રેન્દ્રે તેના સમ્યક્ત્વને પ્રશંસ્યું. એ દેવે તેની શ્રદ્ધા ન કરીને, શ્રેણિક બહાર જતાં ક્ષુલ્લક રૂપે માછલાં પકડવા લાગ્યો શ્રેણિકે અટકાવ્યો. આગળ ગર્ભવતી સાધ્વી જોઈ. તેમીને કોઈ ન જાણે તેમ તેનું પ્રસૂતિ કાર્ય કર્યુ. ત્યારે તે દેવે દિવ્યરૂપ પ્રગટ કરી કહ્યું - ઓ શ્રેણિક ! તમે જન્મ અને જીવિત બંનેને સફળ કર્યા છે કે - જે તમારી પ્રવચન ઉપર આવી ભક્તિ છે. આ રીતે સાધર્મિકને ઉપબૃંહણા કરે.

૦ સ્થિરીકરણનું ઉદાહરણ - ઉજ્જૈનીમાં આષાઢાચાર્ય કાળ કરતા સાધુને કહેતા કે મને દર્શન આપજે, ઉત્તરાધ્યયનમાં આ દૃષ્ટાંત જોવુ. તે ચારિત્ર મૂકવા તૈયાર થયા ત્યારે છેલ્લા શિષ્યે સ્થિર કર્યા.

૦ વાત્સલ્ય અને પ્રભાવના :- વાત્સલ્ય એટલે સમાન ધાર્મિકને પ્રીતિ અને ઉપકારનું કારણ. પ્રભાવના એટલે ધર્મકથાદિ વડે તીર્થની ખ્યાતિ કરવી તે. તેમાં વાત્સલ્યમાં દૃષ્ટાંત - વજ્ર સ્વામી જે રીતે દુર્ભિક્ષમાં સંઘની રક્ષા કરી ઇત્યાદિ આવશ્યક ટીકાથી જાણવું. પ્રભાવનાનું દૃષ્ટાંત - વજ્રસ્વામીએ જે રીતે અગ્નિશીખ પાસેથી ફૂલો લાવી શાસન પ્રભાવના કરી, આ પણ આવશ્યકથી જાણવું. એ પ્રમાણે સાધુએ સર્વ પ્રયત્નથી કરવી. - x - x -

પ્રવચન પ્રભાવના સ્વ અને પર ઉપકારિણી છે, તીર્થંકર નામ-કર્મ બંધાવનારી છે. તેથી ભેદ વડે પ્રવચન પ્રભાવકોનું સ્વરૂપ કહે છે - અતિશયી - અવધિ આદિ જ્ઞાનથી યુક્ત, આમર્ષ ઔષધિ આદિ ઋદ્ધિ વાળા સાધુ કે આચાર્ય. વાદી, ધર્મકથી, ક્ષપક (તપસ્વી), નૈમિત્તિક એ પ્રસિદ્ધ છે. વિદ્યાસિદ્ધ - આર્ય ખપુટ માફક સિદ્ધમંત્ર, મંત્રી આદિ તે રાજ સંમત, મહત્તરાદિ તે ગણ સંમત, 'ચ' શબ્દથી દાન શ્રાદ્ધકાદિ લેવા. આ બધાં તીર્થ અર્થાત્ પ્રવચનની પ્રભાવના કરે છે - x -. દર્શનાચાર કહ્યો.

**હવે જ્ઞાનાચાર કહે છે** :- અંગપ્રવિષ્ટ આદિનો કહેલાં કાળમાં જ સ્વાધ્યાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો, અન્ય સમયે નહીં. કેમ કે તે તીર્થંકર વચન છે. - x - અહીં ઉદાહરણ છે - એક સાધુ પ્રાદોષિકકાળમાં પહેલી પોરિસિ પૂરી થયા પછી કાલિક શ્રુત ભણતા હતા. સમ્યક્ દૃષ્ટિ દેવતાએ વિચાર્યુ કે આને કોઈ પ્રાંત દેવતા છળે નહીં તેમ કરું. તેણી "છાસ લ્યો ને છાસ" એમ બોલતી વારંવાર ત્યાંથી ચાલે છે. સાધુને સ્વાધ્યાયમાં વિઘાત થતાં તે બોલે છે - હે અજ્ઞાની સ્ત્રી! શું આ છાસ વેચવો કાળ છે? દેવી બોલી - તો શું આ કાલિક શ્રુત ભણવાનો સમય છે? ત્યારે સાધુએ જાણ્યુ કે આ કોઈ સામાન્ય સ્ત્રી નથી, તુરંત ઉપયોગ મૂક્યો, મધ્યરાત્રિ જાણી, "મિચ્છામિ દુક્કડં" દીધું. - x - x - એ રીતે કાળે સ્વાધ્યાય કરવો.

૦ શ્રુતગ્રહણ કરનાર ગુરૂનો વિનય કરવો જોઈએ. વિનય - અભ્યુત્થાન, પગ ધોવા વગેરે. અવિનયથી ગૃહીત અફળ થાય છે. ઉદાહરણ - શ્રેણિક રાજાની રાણીએ કહ્યું - મને એક સ્તંભ પ્રાસાદ કરાવી દો. અધ્યયન - ૧ - માં કહેલ છે. તેથી વિનયથી ભણવું, અવિનયથી નહીં.

૦ શ્રુતગ્રહણમાં ઉધતે ગુરુનું બહુમાન કરવું જોઈએ. તેથી ક્ષેપ વિના શ્રુતનું અધિક ફળ થાય છે. વિનય અને બહુમાન સંબંધી આ ચૌભંગી કહે છે - (૧) વિનય અને બહુમાન યુક્ત, (૨) વિનય રહિત - બહુમાનયુક્ત, (૩) વિનયયુક્ત - બહુમાન રહિત. (૪) વિનય - બહુમાન રહિત. વિનય અને બહુમાનનું દૃષ્ટાંત :--

એક પહાડની ગુફામાં શિવનું મંદિર હતું. ત્યાં બ્રાહ્મણ અને ભીલ બંને પૂજા કરતા હતા. બ્રાહ્મણ - x - વિનયવાળો હતો, પણ બહુમાન રહિત હતો. પણ ભીલ શિવ પ્રત્યે બહુમાનભાવ રાખે છે, પણ વિનય નથી તેથી ગંદા પાણીથી સ્નાન કરાવે છે. શિવ તેની સાથે પ્રત્યક્ષ વાતો કરવા લાગ્યા. બ્રાહ્મણે બંનેનો સ્વર સાંભળ્યો. ભીલ ગયા પછી બ્રાહ્મણે શિવની સેવા કરી, ઠપકો આપ્યો કે તું આવો કટપૂતના શિવ છે, આવા હલકી જાતના સાથે વાતો કરે છે? શિવે કહ્યું તેનામાં બહુમાન છે, જે તારામાં નથી. કોઈ વખતે શિવની એક જ આંખ જોઈ, બ્રાહ્મણ રડીને શાંત થઈ ગયો, ભીલે તીર વડે આંખ કાઢી શિવને ચડાવી. ત્યારે શિવે બ્રાહ્મણને ખાત્રી કરાવી. એ પ્રમાણે જ્ઞાનવાળા એ વિનય અને બહુમાન બંને રાખવા જોઈએ.

૦ શ્રુત ગ્રહણ કરનારે ઉપધાન કરવા જોઈએ. ઉપધાન એટલે તપ. જો આ અધ્યયનમાં આગાઢ આદિ યોગ લક્ષણ કહ્યા, તે તે કરવા જોઈએ. તે ઉપધાન પૂર્વક શ્રુતનું ગ્રહણ જ સફળ થાય. તેનું ઉદાહરણ - એક આચાર્ય વાચનામાં શ્રાંત, પરિતાંત થતાં સ્વાધ્યાયમાં અસ્વાધ્યાયિક જાહેર કરવા લાગ્યા. જ્ઞાનાંતરાય બાંધી કાળ કરી દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવીને આહીર કુળમાં ઉત્પન્ન થયા. કોઈ વખતે તેને પુત્રી થઈ. તે ઘણી રૂપવતી હતી. તે બંને ગાયો ચરાવવા અન્યત્ર જતાં હતા. તે આહીર પોતાનું ગાડું, બધાં ગાડાંની આગળ લઈ ગયો. તેની પુત્ર - કન્યા ગાડાંના ધુંસરા ઉપર બેઠી. યુવકોને થયુ, આપણે ગાડું સાથે રાખીને કન્યાને જોતા જઈએ. તેમણે ઉન્માર્ગે ગાડાં ચલાવ્યા. ગાડાં ભાંગ્યા. લોકોએ તે કન્યાનું નામ 'અશકટા' રાખી દીધું. તેના પિતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અશકટાતાત' કહેવા લાગ્યા. લોકની મૂઢ દશા જોઈને આહીરને વૈરાગ્ય થયો, દીક્ષા લીધી, 'ચાતુરંગીય' અધ્યયન સુધી ભણ્યો. "અસંખ્ય' અધ્યયન ઉદ્દિષ્ટ કરાવતા પૂર્વ જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું. ભણે છતાં યાદ ન રહે. - x - આચાર્યએ કહ્યું કે - તને ન આવડે ત્યાં સુધી આયંબિલ કરવા. તે બાર વર્ષે બાર ગાથા ભણ્યો. ત્યાં સુધી આયંબિલ કર્યા. તેના જ્ઞાનાવરણીય કર્મો ક્ષય પામ્યા. આ રીતે સાધુએ આગાઢ યોગને સમ્યક્ પાળવા જોઈએ.

૦ અનિહ્નવ - ગ્રહણ કરેલ શ્રુતને ન છુપાવવું. જેની પાસે ભણ્યા તેનું જ નામ કહેવું જોઈએ. નહીં તો ચિત્તની કલુષતા રૂપ દોષ થાય. દૃષ્ટાંત - કોઈ નાપિતને અસ્ત્રો આદિનું ભાજન - કોથળી વિદ્યાના સામર્થ્યથી આકાશમાં ચાલતી હતી. કોઈ પરિવ્રાજક તેની પાસે વિદ્યા શીખ્યો. બીજે જઈને ત્રિદંડને આકાશમાં ચલાવતા મહાજન વડે પૂજાયો. રાજાએ પૂછ્યું કે આ વિદ્યાતિશય છે કે તપનો અતિશય? તે બોલ્યો - વિદ્યાતિશય. તેની પાસે ભણ્યા? ઋષી પાસે. આમ સંક્લેશ દુષ્ટતાથી બોલતાં જ તે દંડ ખટ્ કરતો પડ્યો. - x - એ રીતે મલિન ચિત્તપણાથી પરલોકને વિશે હિતકારી ન થાય.

૦ વ્યંજન, અર્થ, તદુભય શુદ્ધ બોલવા. તે જો ન બોલે તો શ્રુતજ્ઞાન ન થાય, તેથી ભણતાં કે અર્થમાં ભેદ ન કરવો. વ્યંજન ભેદ આ છે - ધમ્મો મંગલમુક્કિટ્ઠ ને બદલે તે જ અર્થવાળા પુણ્ણં કલ્લાણમુક્કોસં બોલે. એ જ પ્રમાણે વૃત્તિકારશ્રી અર્થભેદ અને ઉભયભેદનું દૃષ્ટાંત પણ આપે છે. - x - x - વ્યંજન ભેદ થવાથી અર્થભેદ થાય, અર્થભેદથી ક્રિયાભેદ થાય, તેનાથી મોક્ષનો અભાવ થાય, તેના અભાવે દીક્ષા નિરર્થક થાય. આ વિષયમાં 'અંધીયત્તાં કુમાર' દૃષ્ટાંત છે, તે અનુયોગદ્વારથી જાણવું.

કાળ આદિ ભેદ દ્વારથી જ્ઞાનાચાર આઠ પ્રકારે છે. તે કહ્યા.

**હવે ચારિત્રાચાર કહે છે** :- પ્રણિધાન - ચિત્તનું સ્વાસ્થ્ય. તે જેમાં પ્રધાન છે, એવો યોગ - વ્યાપાર, તેનાથી યુક્ત. તે પ્રણિધાનયોગ યુક્ત. અથવા પાંચ સમિતિમાં અને ત્રણ ગુપ્તિમાં આવા જ પ્રણિધાન યોગ યુક્ત જે છે તે આ ચારિત્રાચાર. આચાર અને આચારવાળાના કંઈક અભેદથી તે આઠભેદે થાય છે, તેમ જાણવું - સમિતિ અને ગુપ્તિના ભેદથી. સમિતિ અને ગુપ્તિનું સ્વરૂપ શુભ પ્રવિચાર - અપ્રવિચાર રૂપ પ્રતિક્રમણમાં કહ્યા મુજબ જાણવું. ચારિત્રાચાર કહ્યો. **હવે તપાચાર કહે છે** :-

બાર પ્રકારના અભ્યંતર તથા બાહ્ય તપનું વર્ણન અધ્યયન - ૧ - મુજબ જાણવું. બાહ્યમાં અનશનાદિ, અભ્યંતરમાં પ્રાયશ્ચિત્તાદિ છે. તીર્થંકરે બતાવેલ આ તપ ગ્લાની રહિત કરવો, રાજ વેઠ માફક ન ગણતાં, યથાશક્તિ સ્પૃહા રહિત મોક્ષ માટે સમજીને જાણવો. તે તપાચાર છે - x - x - .

**હવે વીર્યાચાર કહે છે** - બળ અને વીર્ય અર્થાત્ બાહ્ય - અભ્યંતર સામર્થ્ય છૂપાવ્યા વિના યથોક્ત ૩૬ લક્ષણવાળા અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્રના આઠ-આઠ અને તપાચારના બાર એ ૩૬ ભેદવાળા આચારમાં ઉપયુક્ત થાય અને પરાક્રમ કરે, એટલે ગ્રહણકાળમાં ઉદ્યુક્ત રહે, પોતાના સામર્થ્ય અનુસાર પ્રવર્તે તે વીર્યાચાર છે. -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

x - x - હવે કથા સ્વરૂપ કહે છે -

### ● નિર્યુક્તિ - ૧૮૯ થી ૧૯૨ - વિવેચન

(૧) અર્થકથા - વિદ્યા આદિ અર્થ, તેથી પ્રધાન કથા. એ પ્રમામે (૨) કામકથા, (૩) ધર્મકથા જાણવી. (૪) મિશ્રકથા. આ કથાઓની એક એક કથા પણ અનેક ભેદે હોય છે. આ રીતે ગાથાર્થ કહીને તેનો વિસ્તાર કહે છે :-

અર્થકથા - વિદ્યા, શિલ્પ, ઉપાય, અનિર્વેદ, સંચય, દક્ષત્વ, શામ, દંડ, ભેદ, ઉપપ્રદાન તે અર્થ પ્રધાનત્વ આદિ કથા. ભાવાર્થ આ પ્રમાણે - વિદ્યાને આશ્રીને અર્થકથા કે જે વિદ્યા વડે ધનનું ઉપાર્જન કરે. કોઈએ વિદ્યા સાધી, તે તેને પ્રભાતે પાંચ મુદ્રા આપે છે. અથવા સત્યકી વિદ્યાધર (તથા) ચક્રવર્તીને વિદ્યા પ્રભાવથી ભોગો મળ્યા. સત્યકીને આવશ્યક ટીકાથી જાણવો.

હવે 'શિલ્પ'ને કહે છે. શિલ્પથી ધન ઉપાર્જે છે. દૃષ્ટાંત - કોકાસ. ઉપાયમાં ચાણક્યનું દૃષ્ટાંત, ચાણક્યએ ઘણાં ઉપાયોથી ધન મેળવ્યું. હવે અનિર્વેદ અને સંચયમાં એક જ ઉદાહરણ મમ્મણ વણિક્નું છે. આ ત્રણે દૃષ્ટાંત આવશ્યક ટીકાથી જાણવું. હવે 'દક્ષત્વ' તે પ્રસંગ સહ કહે છે - દક્ષત્વથી સાર્થવાહ પુત્રને પાંચ, સૌંદર્યથી શ્રેષ્ઠીપુત્રને - ૧૦૦, મંત્રીપુત્રને બુદ્ધિથી ૧૦૦૦, રાજપુત્રને પુન્યથી - એક લાખ મૂલ્ય પ્રાપ્ત થયું. આ ગાથાર્થ કહ્યો. ભાવાર્થ આ છે -

બ્રહ્મદત્ત કુમાર, કુમાર મંત્રીપુત્ર, શ્રેષ્ઠીપુત્ર અને સાર્થવાહ પુત્ર એ ચારેમાં પરસ્પર વાદ થયો કે કોણ, કોનાથી જીવે છે ? રાજપુત્ર બોલ્યો - હું પુન્યથી જીવું છું, કુમાર મંત્રીપુત્ર બોલ્યો - હું બુદ્ધિથી, શ્રેષ્ઠીપુત્ર બોલ્યો - હું રૂપથી, સાર્થવાહ પુત્ર બોલ્યો - હું દક્ષત્વથી જીવું છું. તેઓ બોલ્યા કે - અન્યત્ર જઈને આપણે આની પરીક્ષા કરીએ. કોઈ ન જાણતું હોય તેવા નગરમાં તેઓ ગયા. ઉદ્યાનમાં રહ્યા. દક્ષને આદેશ કર્યો - શિઘ્ર ભોજન લાવ. તે કોઈ વૃદ્ધ વણિકની દુકાને ઉભો રહ્યો. ત્યાં ઘણાં ખરીદનાર આવ્યા, વણિક પડીકા બાંધવાને અસમર્થ હતો. સાર્થવાહ પુત્રે દક્ષત્વથી જેને જે જોઈએ તે મીઠું,તેલ, ઘી, ગોળ, આદિ આપ્યા. વણિકને ઘણો લાભ થયો. તે સંતુષ્ટ થઈ બોલ્યો કે - તમે અહીંના છો કે આગંતુક ? તે બોલ્યો - આગંતુક. વણિકે ભોજન માટે નિમંત્રણા કરી, બધાં ભોજનાર્થે આવ્યા. વણિકે તેમને ભોજન, સત્કાર, પાન, સોપારી આદિ આપીને પાંચ રૂપિયા આપ્યા.

બીજે દિવસે રૂપજીવી શ્રેષ્ઠીપુત્રને કહ્યું - આજે તારે ભોજન અપાવવું, તે સારી રીતે મંડિત થઈને ગણિકાના મહોલ્લામાં ગયો. ત્યાં દેવદત્તા નામે ગણિકા પુરુષ દ્વેષિણી હતી, તેણી ઘણાં રાજપુત્રો, શ્રેષ્ઠીપુત્રોએ માંગણી કરવા છતાં જતી નથી. શ્રેષ્ઠીપુત્રનું સુંદર રૂપ જોઈને ક્ષુભિત થઈ. દાસીએ તે વાત તેણીની માતાને કહી. માતાએ કહ્યું કે તેને અમારે ત્યાં ભોજન અર્થે નિમંત્રો. - x - બધાં શ્રેષ્ઠીપુત્રની સાથે ત્યાં જમ્યા. ૧૦૦ દ્રવ્યનો વ્યય થયો.

ત્રીજે દિવસે બુદ્ધિમાન્ અમાત્યપુત્રને કહ્યું - આજે તારે ભોજન અપાવવું. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરણશાલા - ન્યાયાલયે ગયો. ત્યાં બે શોક્યોનો એક પુત્ર માટે વિવાદ હતો, બે દિવસ સુધી નિકાલ ન આવ્યો. મંત્રીપુત્ર આવ્યો. તેણે ન્યાય આપ્યો કે ધનના અને પુત્રના બે ભાગ કરીને વહેંચી દો. તેની ખરી માતા બોલી - મારે દ્રવ્યનું કામ નથી, પુત્ર પણ તેને આપી દો. જેથી હું તેને જીવતો જોઈ શકું. બીજી માતા મૌન રહી. ખરી માતાને પુત્ર આપી દીધો. ખરી માતાએ પ્રસન્ન થઈ (ભોજન આપ્યું) પૂર્વવત્ ૧૦૦૦ મૂલ્યનો ખર્ચ થયો.

ચોથે દિવસે રાજપુત્રને કહ્યું - આજે તારે પુણ્ય વડે યોગવહન કરાવવું. રાજપુત્ર ઉધાનમાં ગયો. ત્યાં રાજા અપુત્ર મરી ગયેલો. રાજાને પસંદ કરવા અશ્વ તૈયાર કર્યો. અશ્વ રાજપુત્ર પાસે જઈ ઉભો રહ્યો. તેને રાજ્યપદે સ્થાપ્યો. અનેક લાખની પ્રાપ્તિ થઈ. આ પ્રમાણે અર્થ પ્રાપ્તિ થઈ.

હવે શામ, ભેદ, દંડ, ઉપપ્રદાન એ ચારથી અર્થ મળે છે, તે બતાવે છે - તેનું દૃષ્ટાંત. શીયાળે ભમતા મરેલ હાથીને જોયો. તેને થયું કે મારે આને નિશ્ચયથી ખાવો. તેટલામાં સિંહ આવ્યો. શીયાળે વિચાર્યું કે સિંહની ચેષ્ટા જોતાં ઉભા રહેવું. સિંહે કહ્યું - કેમ ભાણીયા ! ઉભો છે? શિયાળ બોલ્યો - હા, મામા. સિંહે કહ્યું - આ કોણ મર્યુ છે? શિયાળ બોલ્યો - હાથી. કોણે માર્યો - વાઘે. સિંહે વિચાર્યું - નીચ જાતિએ મારેલ હું કેમ ખાઉં? સિંહ ગયો. વાઘ આવ્યો. તેને કહ્યું કે - સિંહે મારેલ છે, તે પાણી પીવા ગયો છે. વાઘ ભાગી ગયો. આ ભેદનું દૃષ્ટાંત હતું. કાગડો આવ્યો, તેણે વિચાર્યુ - જો હું આને નહીં આપું તો 'કા-કા' કરીને કાગડા ભેગા કરશે. તેના શબ્દથી શિયાળ વગેરે આવશે, કેટલાંને રોકીશ - કેટલાંને આપીશ? એમ વિચારી કાગડાને કકડો કાપી દીધો. આ દાનનું દૃષ્ટાંત છે.

ત્યાં બીજો શિયાળ આવ્યો. પે'લા શિયાળે વિચાર્યું કે તેની સાથે હઠ કરીને અટકાવું, આવેલા શિયાળને તેણે ભગાડી દીધો. - x - અર્થકથા કહી.

### • નિર્યુક્તિ - ૧૯૩ - વિવેચન

હવે કામકથા કહે છે - રૂપ તે સૌંદર્ય, વય-યુવાની, વેષ - ઉજ્જ્વળ વસ્ત્રો, દાક્ષિણ્ય - માર્દવ, શિક્ષા - જૂદા જૂદા વિષયો કે કળાનું શિક્ષણ, દૃષ્ટાંત - અદ્ભુત દર્શન, તેને આશ્રીને સાંભળેલ તથા અનુભવેલ હોય, સંસ્તવ - પરીચય, આ સંબંધી જે કતા તે કામ કથા. રૂપમાં વસુદેવ આદિનું દૃષ્ટાંત છે. યુવાનીમાં પ્રાયઃ બધાં લાવણ્યથી મનોહર દેખાય છે. - x - ઉજ્જ્વળ વેશ પણ કામાંગ છે - x - સ્ત્રીને માર્દવના પ્રિય છે, શિક્ષા અને કળામાં કામાંગને પુષ્ટિ મળે છે. - x - બીજા કહે છે કે અહીં - અચળ અને મૂળ દેવ બંને પાસે દેવદત્તાએ શેરડી માંગી, અચળે ઘણી પણ સંસ્કાર્યા વિનાની શેરડી મોકલી, મૂળદેવે થોડી પણ સુસંસ્કૃત આપી. દૃષ્ટને આશ્રીને કામકથા - નારદે રુક્મિણીનું રૂપ જોઈને વાસુદેવને કહ્યું. શ્રુતમાં પદ્મનાભે દ્રૌપદી વિશે સાંભળી અપહરણ કરાવ્યું. અનુભૂતમાં તરંગવતી, સંસ્તવમાં કામ કથા પરિચય જાણવા. કામ કથા કહી.

હવે ધર્મકથા કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**• નિર્યુક્તિ - ૧૯૪ થી ૨૦૬ - વિવેચન**

ધર્મસંબંધી કથા તે ધર્મકથા. તે ચાર પ્રકારે તીર્થંકર અને ગણધરે બતાવેલી છે. તે આ રીતે - આક્ષેપણી, વિક્ષેપણી, સંવેગ અને નિર્વેદ. - x - આ ગાથાર્થ કહ્યો, હવે ભાવાર્થ કહે છે. આચાર - લોચ, અશનાદિ. વ્યવહાર - દોષ લાગવાથી પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થવું તે. પ્રજ્ઞપ્તિ - સંશય પામેલ શિષ્યને મધુર વચનો વડે પ્રજ્ઞાપના. દૃષ્ટિવાદ - સાંભળનાર હોંશિયાર હોય તો સૂક્ષ્મ જીવાદિનું ભાવ કથન કરવું બીજા કહે છે - આચારાદિનું વર્ણન હોવાથી તે નામના સૂત્રો જ લેવા. - x - શ્રોતાને આશ્રીને આચાર આદિ ભેદોથી આક્ષેપણા કથા ઘણાં પ્રકારે છે - x - મોહથી છોડાવી તત્ત્વ પ્રતિ જે કથા વડે ભવ્ય પ્રાણીઓને લઈ જવાય તે આક્ષેપણી કથા.

હવે તેના રસને કહે છે - વિદ્યા એટલે જ્ઞાન, તે અત્યંત અપકારી અજ્ઞાત અંધકારને ભેદનારું છે. ચરણ - ચારિત્ર, સમગ્ર વિરતિ રૂપ, તપ - અનશન ાદિ. પુરુષકાર - કર્મ શત્રુ પ્રતિ પોતાના વીર્યનો ઉત્કર્ષ. સમિતિ, ગુપ્તિ - પૂર્વોક્ત જ છે. એ બધાં સાંભળનારની અપેક્ષાએ તેની આગળ કહેવા. એ પ્રમાણે કોઈપણ સ્થળે આ ઉપદેશ આક્ષેપણી કથાનો રસ એટલે સાર છે. આક્ષેપણી કથા કહી.

હવે વિક્ષેપણી કથા કહે છે -

વિક્ષેપણા - સ્વ સિદ્ધાંતને કહીને પછી પર સિદ્ધાંતો કહેવા. આ એક ભેદ. અથવા પહેલાં બીજાના સિદ્ધાંતને કહીને પછી સ્વ સિદ્ધંતો કહેવા. અથવા મિથ્યાવાદ અને સમ્યગ્ વાદ એ બે ભેદો જાણવા. તેથી મિથ્યાવાદને કહીને સમ્યગ્વાદ કહે અથવા સમ્યગ્વાદને કહીને મિથ્યાવાદ કહે. એ પ્રમાણે શ્રોતાને સન્માર્ગે દોરવા તે વિક્ષેપણી કથા જાણવી. ભાવાર્થ વૃદ્ધ વિવરણથી જાણવો, તે આ પ્રમાણે -

વિક્ષેપણી કથા ચાર ભેદે છે, તે આ પ્રમાણે - સ્વ સમય કહી પર સમય કહેવો. પર સમય કહી સ્વ સમય કહેવો. સમ્યક્વાદ કહીને મિથ્યાવાદ કહેવો. મિથ્યાવાદ કહીને સમ્યક્વાદ કહેવો. અર્થાત સ્વ સમયના ગુણો બતાવી પર સમયના દોષો બતાવવા તે પહેલી વિક્ષેપણી કથા. તેથી વિપરીત તે બીજી વિક્ષેપણી કથા. ત્રીજીમાં પર સિદ્ધાંત કહી, તેમાં જિનવચન વિરુદ્ધ જે તેમણએ બતાવેલ હોય તે પહેલા કહી, તેના દોષો બતાવી, તેમાં જિનવચન અનુકૂળ જે કથન હોય તે બતાવે. અથવા મિથ્યાવાદને નાસ્તિક્તા છે અને સમ્યગ્વાદ તે આસ્તિક્તા છે. તેમાં પહેલાં નાસ્તિકવાદનો મત કહીને પછી આસ્તિકવાદનો મત કહેવો. આ ત્રીજી વિક્ષેપણી કથા.

ચોથી તેથી વિપરીત જાણવી.

હવે વિક્ષેપણી કથાને જ બીજા પ્રકારે કહે છે :- જે સ્વ સમય વર્જીને, પર સિદ્ધાંત જે માનતા હોય તેવા લોક પ્રસિદ્ધ રામાયણ આદિ તથા ઋગ્વેદ આદિમાં જે કથન કરેલ હોય તે કહેવું. પર સમયમાં સાંખ્ય, બૌદ્ધ આદિ સિદ્ધાંતોનું કથન હોય તેમાં સામાન્ય રીતે જે દોષો હોય તે બતાવવા. તે વિક્ષેપણી કથા છે. અર્થાત્ જે કથા વડે શ્રોતાને સુમાર્ગથી કુમાર્ગમાં અથવા કુમાર્ગથી સુમાર્ગમાં યુક્તિ વડે લાવી શકાય તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિક્ષેપણી કથા છે. જેમકે રામાયણ આદિમાં સામાન્યથી આ પણ તત્ત્વ છે તેમ કહેતા ઋજુ મતિ (માણસ) સન્માર્ગથી કુમાર્ગે પણ પ્રવૃત્તિ કરી દે છે. ઇત્યાદિ - x - x - x - પર સિદ્ધાંતના દોષ બતાવી સ્વ સિદ્ધાંતના ગુણ બતાવી સ્થિર કરવા.

હવે સંવેજની કથા કહે છે - જેના વડે સાંભળનારને સંવેગ થાય તેવી કથા તે સંવેજની કથા. આનો ભાવાર્થ વૃદ્ધ વિવરણથી આ પ્રમાણે સંવેજની કથા ચાર ભેદે છે - (૧) આત્મ શરીર સંવેજની, (૨) પર શરીર સંવેજની, (૩) આલોક સંવેજની, (૪) પરલોક સંવેજની.

(૧) આત્મ શરીર સંવેજની - જેમકે આ મારું શરીર વીર્ય, લોહી, માંસ, મજ્જા, ચરબી, મેદ ઇત્યાદિના સમૂહથી બનેલું છે. પેશાબ અને વિષ્ટાથી ભરેલું છે, તેથી અપવિત્ર છે. એમ કહેતા સાંભળનારને સંવેગ ઉત્પન્ન થાય છે. (૨) પર શરીર સંવેજની - બીજાના સરીરમાં પણ આવી જ અશુચી છે. અથવા બીજાનું શરીર વર્ણવી શ્રોતાને સંવેગ પમાડે. (૩) આલોક સંવેજની - આ સર્વ માનુષ્યત્વ અસાર, અધ્રુવ, કંદલી સ્તંભ સમાન નકામો છે. આવું કહીને ધર્મકથી શ્રોતાને સંવેગ ઉપજાવે છે. (૪) પરલોક સંવેજની - દેવો પણ ઇર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, લોભાદિ દુઃખોથી હારેલા છે, તો તિર્યંચ અને નારકીનું તો કહેવું જ શું? આમ કહેતો તે ધર્મકથી શ્રોતાને સંવેગ ઉપજાવે છે.

હવે શુભ કર્મોદય અને અશુભ કર્મક્ષય ફળ કથનથી સંવેજની રસ કહે છે :- વીર્ય અને વૈક્રિય ઋદ્ધિ તે તપના પ્રભાવથી ઉત્પન્ન થાય છે. તેમાં આકાશગમન જંઘાચારણાદિ તે લબ્ધિ - x - જ્ઞાન ચરણ દર્શનની ઋદ્ધિ છે. જેમ કે જ્ઞાન ઋદ્ધિનો પ્રશ્ન - ભગવન્ ! ચૌદપૂર્વી મુનિ એક ઘડાના હજાર દાડા કરવા - x - સમર્થ છે? હા, ગૌતમ! તે વિકુર્વી શકે છે. એ પ્રમાણે અજ્ઞાની જે કર્મ ઘણાં કીડો વર્ષે ખપાવે, તે ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો જ્ઞાની ઉચ્છ્વાસ માત્રમાં ખપાવી દે. ચરણઋદ્ધિ - ચારિત્રને કશું જ અસાધ્ય નથી. દેવોપણ તેમને પૂજે છે. દર્શનઋદ્ધિ પ્રશમાદિ ગુણરૂપ છે. જો સમ્યક્ત્વ તજ્યું ન હોય કે પૂર્વે આયુ બાંધેલ ન હોય તો સમ્યક્દૅષ્ટિ જીવો વૈમાકિ સિવાયનું આયુ ન બાંધે. ઇત્યાદિ ઉપદેશથી જે રસ કથાથી થાય, તેને સંવેજની કથાનો રસ જાણવો.

હવે નિર્વેજની કથા કહે છે - ચોરી આદિ કરેલાને અશુભ વિપાક - દારુણ પરિણામ છે. તે આલોક કે પરલોક સંબંધી કથામાં કહીએ જેમ કે આ લોકમાં કરેલા કર્મો આ લોકમાં જ ઉદયમાં આવે છે. આના વડે ચઉભંગી કહે છે. જે કથા વડે શ્રોતા નિર્વેદ પામે તે નિર્વેદની કથા કહેવાય. તે ચાર પ્રકારે છે - (૧) આ લોકમાં કરેલાં દુષ્ટ કર્મોના ફળ આ લોકમાં જ દુઃખ આપનારા થાય છે. જેમ કે ચોર અને પારદારિકોને. આ પહેલી નિર્વેદની. (૨) આલોકમાં કરેલા પાપોનું ફળ બીજા ભવમાં મળે છે. જેમ કે - નરકના દુઃખો ભોગવે છે. (૩) પરલોકમાં પૂર્વોક્ત પાપ કર્મ આ લોકમાં દુઃખદાયી થાય છે. જેમકે બાળપણમાં જ અંત કુળોમાં ઉત્પન્ન થાય, ક્ષય - કોઢ આદિ રોગ અને દરિદ્રતાથી પીડાય છે. (૪) ચોથી નિર્વેદની - પરલોકમાં કરેલ પાપના ફળો પરલોકમાં ભોગવે. જેમ - પૂર્વના કર્મોથી સાણસા જેવી ચાંચવાળા પક્ષીમા જન્મે છે, તેથી તેઓ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરક - પ્રાયોગ્ય કર્મો બાંધી નરકમાં ઉત્પન્ન થઈ. ત્યાંની વેદના વેદે છે. એ પ્રમાણે આલોક કે પરલોક સંબંધી પ્રજ્ઞાપકને આશ્રીને છે. તેમાં પ્રજ્ઞાપકનો મનુષ્યભવ આ લોક ગણવો. બાકીની ત્રણ ગતિ તે પરલોક ગણવો.

હવે આ ગાથાનો રસ - (રહસ્યાર્થ) કહે છે :- અલ્પ પણ પ્રમાદ જનિત કર્મ - વેદનીય આદિ, કહેવાય છે જે નિયમથી બંધાય છે. વિશેષ એ કે - પ્રમાદથી ઘણાં અશુભ પરિણામવાળું ફળ મળશે. જેમકે - યશોધર આદિને થયું. આ નિર્વેદની કથાનો પરમાર્થ સંક્ષેપથી કહ્યો.

હવે સંવેગ નિર્વેદનું નિબંધન કહે છે - સિદ્ધિ, દેવલોક અને સુકુલ ઉત્પત્તિથી સંવેગ થાય છે. અર્થાત્ આની પ્રરૂપણાથી સંવેગ થાય. એ પ્રમાણે નરક, તિર્યંચયોનિ, કુમાનુષત્વાદિ દુઃખજનક બતાવવાથી શ્રોતાને સંસારથી નિર્વેદ થાય છે. આ કથામાં જે જેને કહેવાની હોય તે કહે છે - વિનય વડે વર્તે તે વૈનયિક - શિષ્ય. તેને પહેલાં આક્ષેપણી કથા કહેવી. તેથી તેને સ્વ સિદ્ધાંતનું જ્ઞાન થાય, પણ વિક્ષેપણી કથા કહેવી. આમ શા માટે કરવું? આક્ષેપણી કથા વડે આવર્જિત થતાં તે જીવો સમ્યક્ત્વ પામે છે. તે મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમનો ઉપાય હોવથી શુભ ભાવની પ્રાપ્તિ થાય છે. વિક્ષેપણી કથામાં સમ્યકત્વની ભજના છે. કદાચ સમ્યકત્વ પામે અને કદાચ ન પામે. - x - અથવા એમ ચિંતવે કે આ પરમતનિંદક છે, તેથી પહેલાં આક્ષેપણી કથા કહેવી.

**● નિર્યુક્તિ - ૨૦૭ થી ૨૧૬ વિવેચન**

ધર્મ - પ્રવૃત્તિ આદિરૂપ, અર્થ - વિદ્યાદિ, કામ - ઇચ્છાદિ, જેમાં સૂત્ર તથા કાવ્યો કહેવાય છે તે મિશ્ર કથા જાણવી. તે લોકમાં - રામાયણ આદિમાં, વેદમાં - યજ્ઞ ક્રિયાદિમાં, સિદ્ધાંત - તરંગવતી આદિમાં કહેલ છે, તે મિશ્રકથા છે. - x - તેનાં નામ કહેવાથી તે ચાર ભેદે છે.

હવે વિકથા એટલે તજવા યોગ્ય કથા કહે છે. પણ તેનું સ્વરૂપ જાણ્યા વિના ત્યાગ થવો અસંભવ છે. (૧) સ્ત્રીકથા - અમુક દેશની સ્ત્રીઓ આવી છે ઇત્યાદિ. (૨) ભોજન કથા - સુંદર શાલી - ઓદનાદિ રૂપ. (૩) રાજકથા - અમુક રાજા સારો છે, આદિ. (૪) ચોરજનપદ કથા - આ જે ચોર પકડાયો છે, તેને આ પ્રમાણે માર્યો વગેરે. - x - x - ઇત્યાદિ વિકથા કહી. વિકથા - એટલે કથાના લક્ષણથી રહિત કે વિપરીત.

હવે પ્રજ્ઞાપકની અપેક્ષાએ તેનું પ્રાધાન્ય કહે છે - ઉક્ત લક્ષણા કથા કહે તે પ્રજ્ઞાપક અવબોધક એટલે જાણનારો જ્ઞાતા તે ઉપદેશ કરે. પણ દાણા ભરડનાર જેવો નહીં. તે પોતે જ અજ્ઞાન હોવાથી નહીં સમજે.

અકથા - હવે પછી તેનું સ્વરૂપ કહેવાશે તેવી તથા કહેવાયેલ સ્વરૂપવાળી જ વિકથા થાય છે, તે સાંભળનારની અપેક્ષાએ કથા અકથા થાય. અતવાવિકથા થાય છે. - x - પણ આ કથન શોભન નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે અકથાનું લક્ષણ કહે છે - મિથ્યાત્વ મોહનીય કર્મ ને વેદતો અજ્ઞાની જે કંઈ પણ કથાને કહે. આનું અજ્ઞાનીત્વ તેનું મિથ્યાદૃષ્ટિત્વ છે. (શંકા) મિથ્યાત્વ વેદકને અજ્ઞાનીપણું જોડાયેલ જ હોય, પછી 'અજ્ઞાની' શબ્દ કેમ લીધો? (સમાધાન) સમ્યક્દૃષ્ટિને મિથ્યાત્વના પ્રદેશનો અનુભવ હોય તો પણ તેને અજ્ઞાની નથી કહેતા - x - .

હવે તે કેવો પ્રજ્ઞાપક, તે કહે છે :- લિંગસ્થ - દ્રવ્ય પ્રવ્રજિત, અંગારમર્દક આદિ. અતવા તેવો કોઈ ગૃહી. એ રીતે પ્રરૂપકમાં પ્રયુક્ત યુક્તિ વડે સાંભળનાર ઉપર પણ પ્રજ્ઞાપક માફક પરિણામ નિબંધક અકથા થાય. એવું જૈન શાસ્ત્રમાં કહે છે. કેમકે તેનાથી પ્રતિવિશિષ્ટ કથાના ફળનો અભાવ છે. હવે ચાલુ વિષયમાં કથા કોની કહેવી તે કહે છે - તપ, સંયમ ગુણને ધારનાર, ચરણમાં સ્થિર ભાવવાળા, જે નિદાનાદિ કહેતા નથી પણ સર્વ જગત્‌ના જીવોને હિતકર, પણ વ્યવહારથી થોડાં જીવને હિતકર નહીં. તે જ કથા શાસ્ત્રમાં નિશ્ચયથી બતાવી છે. આ કથા વક્તા અને શ્રોતા બંનેને નિર્જરા ફળ આપનારી છે. કુશળ પરિણામ નિબંધક છે.

અહીં જ વિકથા કહે છે - જે સંયત કષાયાદિ પ્રમાદથી રાગદ્વેષને વશ થઈ, મધ્યસ્થપણું છોડીને જે કંઈ કહે તે વિકથા કહેવાય છે. તેમ તીર્થંકર અને ગણધરોએ કહેલ છે. - x - x - સર્વત્ર આ ભાવના કરવી.

હવે સાધુ કેવી કથા ન કરે તે કહે છે - શ્રૃંગાર રસ સભર, કામને ઉત્તેજન આપનારી, ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન આત્માના પરિણામ રૂપ - x - કથા ન કહેવી. - x - x - કેવી કથા કરવી? તે કહે છે - તપનિયમ રૂપ કથા અર્થાત્ અનશનાદિ પાંચ આશ્રવ વિરમણાદિ રૂપ. તે પણ વિરાગ યુક્ત પણ નિદાનાદિ રાગાદિ સંગત નહીં. જે કથા સાંભળતા શ્રોતા સંવેગ અને નિર્વેદને પામે તેવી કથા કહેવી.

કથા કથન વિધિ કહે છે - મહાન્ અર્થ હોય, પણ સાંભળનારને કલેશ ઓછો થાય. મોટા પ્રપંચ વડે કહેવાથી કહેવાના ભાવાર્થને શ્રોતા સમજી શક્તો નથી. વિશેષ વિધિ કહે છે - કથા કહેનારે પહેલાં ક્ષેત્ર જોવું કે - પછી ક્ષીયમાણાદિ કાળ જોવો. પુરુષનું પારિણામિકાદિ રૂપ સામર્થ્ય જોવું ઇત્યાદિ જાણીને પાપના અનુબંધથી રહિત કથન કરવું, બીજું નહીં.

નામ નિષ્પન્ન નિક્ષેપ કહ્યો. હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપો ઇત્યાદિ પૂર્વવત્. સૂત્રને કહેવું જોઈએ, તે આ છે -

**● સૂત્ર - ૧૭ થી ૨૬**

***(૧૭) જેનો આત્મા સંયમમાં સુસ્થિત છે, જે વિપ્રમુક્ત છે. જે ત્રાતા છે, તે નિર્ગ્રન્થ મહર્ષિને માટે આ અનાચીર્ણ - અગ્રાહ્ય છે.***

***(૧૮ થી ૨૫)*** *અનાચીર્ણો* ***ના નામો :- ઔદ્દેશિક, ક્રીત, નિત્યાગ્ર, અભિહૃત, રાત્રિભક્ત, સ્નાન, ગંધ, માલ્ય, વીંઝણો, સંનિધિ, ગૃહિમાત્ર, રાજપિંડ, કિમિચ્છક, સંબાધન, દંતધાવન, સંપૃચ્છણા, અષ્ટાપદ, નાલિકા,***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***છત્રધારણ, ચિકિત્સાધર્મ, ઉપાનત્, જ્યોતિસમારંભ, શય્યાતર પિંડ, આસંદી, પર્યંક, ગૃહાંતરનિષધા, ગાત્ર ઉદ્‌વર્તન, ગૃહીવૈયાવચ્ચ, આજીવવૃત્તિતા, તપ્તાનિર્વૃતભોજિત્વ, આતુર સ્મરણ, અનિર્વૃતમૂલક, શ્રૃંગબેર, ઇક્ષુખંડ, સચિત્તકંદ, સચિત્તમૂલ, કાચા ફળ, બીજ, અપક્વ સૌવર્ચલ, સૈંધલનામક, રુમા લવણ, સામુદ્રીનામક, પાંશુ ક્ષાર, કાલાલવણ, ધૂપન, વમન, વસ્તિકર્મ, વિરેચન, અંજન, દંતધાવન, ગાત્રાભ્યંગ, વિભૂષણ.***

***(૨૬) જે સંયમમાં ઉધુક્ત છે, લઘુભૂત વિહારી છે, નિર્ગ્રન્થ મહર્ષિ છે, તેમના માટે આ બધું અનાચીર્ણ છે.***

**• વિવેચન - ૧૭ થી ૨૬ -**

અહીં સંહિતાદિ ક્રમ સુગમ છે. તેથી ભાવાર્થ કહે છે :-- સંયમ - દ્રુમપુષ્પિકામાં બતાવેલ સ્વરૂપવાળા શોભન પ્રકારે આગમની રીતિથી જેનો આત્મા સુસ્થિત છે, તે સુસ્થિતાત્મા, જે વિશેષ પ્રકારે બાહ્ય અભ્યંતર પરિગ્રહથી વિપ્રમુક્ત, પોતાને તતા બીજાને અને ઉભયને દુઃખથી રક્ષે છે. પોતાને રે તે પ્રત્યેક બુદ્ધ, પર ને રક્ષે તે તીર્થંકર કેમકે પોતે તરેલા છે, સ્વ-પરને તારનારા તે સ્થવિરો. તેમને આ કહેવાનાર (બાબતો) અકલ્પ્ય છે. કોને? સાધુને. મહર્ષિ એટલે યતિ. અથવા મોટું શીલ. તે આદરવાની ઇચ્છાથી મહર્ષિ. - x - અહીં એમ જાણવું કે જેઓ સંયમમાં સુસ્થિત છે, તે જ વિપ્રમૂક્ત છે. -x- એ પ્રમાણે બધે કહેવું બીજા પશ્ચાનુપૂર્વીથી કહે છે - મહર્ષિ છે માટે જ નિર્ગ્રન્થ છે, ઇત્યાદિ.

હવે અનાચરિત કહે છે - (૧) ઔદ્દેશિક - સાધુને આશ્રીને દેવા માટે બનાવેલ તે (૨) ક્રીત - સાધુ. સાધ્વી માટે ખરીદ કરેલ તે. (૩) નિયાગ - આમંત્રિત પિંડનું નિત્ય ગ્રહણ. (૪) અભિહડ - પોતાના ગામથી સાધુ નિમિત્તે સામું લાવીને આપે. અહીં સ્વગ્રામ, પરગ્રામ આદિ ઘણાં ભેદોવાળું જાણવું. (૫) રાત્રિભોજન - દિવસે લીધેલું રાત્રે ખાય વગેરે ચાર ભંગો.

(૬) સ્નાન - દેશથી કે સર્વથી. દેશ સ્નાન તે કાળ-મૂત્રના સ્થાન સિવાય બીજા સ્થાને ધોવું, આંખની પાંપણ પણ ધોવે તે દેશ સ્નાન. સર્વ સ્નાન પ્રસિદ્ધ છે (૭ થી ૯) ગંધમાં કોષ્ઠપુટાદિ, માલ્યમાં માળા, વીંઝણો - પંખો - x - (૧૦) સંનિધિ - જેનાથી આત્મા દુર્ગતિમાં લઈ જવાય તે - ઘી, ગોળ આદિનો સંચય. (૧૧) ગૃહસ્થના વાસણ, (૧૨) રાજપિંડ - રાજનો આહાર - x - (૧૩) સંબાધન - હાડકાં, માંસ, ચામડી, રોગ એ ચારેના સુખ માટે મર્દન.

(૧૪) દંત ધાવન - આંગળી આદિથી દાંતને સાફ કરવા. (૧૫) સંપ્રશ્ન - સાવધ, ગૃહસ્થને આશ્રીને કેમ ચાલે છે? અથવા હું કેવો લાગું છું ઇત્યાદિ. (૧૬) દેહપ્રલોકન - અરિસા આદિમાં જોવું. અહીં ઔદ્દેશિકથી વીંઝણઆ સુધીના દોષો આરંભ પ્રવર્તન રૂપ છે. સંનિધિથી દેહ પ્રલોકન સુધી પરિગ્રહ અને પ્રાણાતિપાતાદિ છે. તે સ્વ બુદ્ધિએ વિચારવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૭) અષ્ટાપદ - જૂગાર કે ગૃહસ્થને ધન કમાવવાનું બતાવવું તે. (૧૮) નાલિકા - એક જાતનો જૂગાર - x - x - (૧૯) છત્રધારણ - પતાના કે બીજાના માટે તે અનર્થનું કારણ છે, તે આગાઢ કે ગ્લાનાદિ કારણ સવાય અનાચરિત છે. (૨૦) ચિકિત્સા - વ્યાધિનો ઉપાય કરવો તે. (૨૧) ઉપાનહ - પગના જૂતા, આપત્તિ સિવાય અનાચરિત છે. (૨૨) સમારંભ - અગ્નિનો આરંભ કરવો તે. અષ્ટાપદાદિ દોષો જાણીતા છે.

(૨૩) શય્યાતરપિંડ - શય્યા એટલે વસતિ આપીને તરે તે, તેનો પિંડ લેવો તે (૨૪, ૨૫) આસંદ પલ્યંક - માંચી અને પલંગ. (૨૬) ગૃહાંતર નિષધા - બે ઘરની વચ્ચે કે ઘરમાં બેસવું તે. (૨૭) ગાત્ર ઉદ્વર્તન - કાયાનો મેલ ઉતારવો. (૨૮) ગૃહસ્થ વૈયાવચ્ચ - ગૃહસ્થને અન્ન આદિ આપવા. (૨૯) આજીવ વૃતિતા - જાતિ, કુળ, ગણ, શિલ્પથી વૃત્તિ કરવી, જાતિ આદિ બતાવી પેટ ભરવું. (૩૦) તપ્ત અનિર્વૃત્ત ભોજીત્વ ત્રણ ઉકાળા ન થયા હોય તેવું પાણી, મિશ્ર કે સચિત્ત પાણી વાપરવું.

(૩૧) આતુર સ્મરણ - ભુખ આદિથી પીડિત તે પૂર્વે ખાધેલનું સ્મરણ કરે. અથવા દોષિતને શરણ આપવું. (૩૨ થી ૩૪) મૂલક - મૂળો, શ્રૃંગબેર - આદુ, ઇક્ષુ ખંડ - શેરડીના ગાંઠા. (૩૫) કંદ - વજકંદાદિ, (૩૬) મૂળ - સટ્ટામૂલ આદિ, સચિત્ત હોય તે. (૩૭) ત્રપુષી - કાકડી. (૩૮) બીજ - તિલાદિ, સચિત્ત હોય તે અનાચરિત છે.

(૩૯) સંચળ, (૪૦) સૈંધવ, (૪૧) સાંભરી લવણ, (૪૨) રૂમા લવણ, (૪૩) સમુદ્ર લવણ, (૪૪) ખાંર લવણ, (૪૫) કૃષ્ણ લવણ આ બધાં લવણ કાચા હોય તો અનાચરિત છે. - ૦ - (૪૬) ધૂપન - શરીર, વસ્ત્રાદિને ધૂપ દેવો તે કે ધૂમપાન. (૪૭) મીંઢળ આદિથી વમન, (૪૮) પુંઠમાં સ્નેહદાન દ્વારા બસ્તિ કર્મ, (૪૯) વિરેચન - જુલાબ. (૫૦) દાંતણ, (૫૧) આંજણ, (૫૨) તૈલાદિથી શરીરનું અભ્યંગન (૫૩) વિભૂષા.

હવે ક્રિયા સૂત્ર કહે છે - ઉપરોક્ત ઔદ્દેશિકાદિ બધાં અનાચરિત છે. કોને? નિર્ગ્રન્થ મહર્ષી અર્થાત્ સાધુને. તે સાધુ કેવા છે? સંયમ અને તપથી યુક્ત. વાયુ માફક અપ્રતિબદ્ધ. વિહાર કરનાર, તેમને ઉક્ત બધું અનાચરિત છે. તેથી તે સાધુઓ કેવા થાય છે?

● **સૂત્ર - ૨૭ થી ૩૧**

***(૨૭) સાધુઓ પાંચ આશ્રવને સારી રીતે જાણીને તેનો ત્યાગ કરનાર, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, છ જીવનિકાયમાં સંયત, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા, ધીર અને ઋજુદર્શી હોય છે. (૨૮) સુસમાહિત સંયમી ગ્રીષ્મમાં આતાપના લે, હેમંતમાં અપ્રાવૃત્ત રહે, વર્ષામાં પ્રતિસંલીન રહે છે. (૨૯) તે મહર્ષિઓ પરીષહ શત્રુનું દમન કરે છે, મોહને પ્રકંપિત કરે છે, જિતેન્દ્રિય થઈ બધાં દુઃખોનો નાશ કરવાને પરાક્રમ કરે છે. (૩૦) દુષ્કરનું આચરણ કરીને તથા દુઃસહને સહન કરીને, તેમાંના કેટલાંક દેવલોકમાં, કેટલાંક નીરજ થઈ મોક્ષમાં જાય છે. (૩૧) સિદ્ધિ માર્ગને પ્રાપ્ત***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***અને ત્રાતા એવા તે સંયમ અને તપ દ્વારા પૂર્વ કર્મોનો ક્ષય કરીને પરિનિર્વૃત્ત થાય છે - તેમ હું કહું છું.***

**• વિવેચન - ૨૭ થી ૩૧ -**

પાંચ આશ્રય - હિંસાદિ. પરિજ્ઞાતા - બે ભેદે, જ્ઞ પરિજ્ઞાથી અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી. ચોતરફથી જાણનારા તે પંચાશ્રવ પરિજ્ઞાતા. - x - આવા હોવાથી મન, વચન, કાય ગુપ્તિથી ગુપ્ત. પૃથ્વી કાયાદિ છ કાયમાં સંયત - સર્વ પ્રકારે યતના કરનારા. પાંચ ઇંદ્રિયોની નિગ્રહણા તે પંચ નિગ્રહણા. ધીર - બુદ્ધિમાન કે સ્થિર. નિર્ગ્રન્થ - સાધુ. ઋજુદર્શી - ઋજુ એટલે મોક્ષ, ઋજુ પણાથી સંયમ, તેને ઉપાદેય પણે જોનારા.

તે ઋજુદર્શી કાળને આશ્રીને યથાશક્તિ આ કરે છે - ઉર્ધ્વ સ્થાનાદિથી ઉષ્ણકાળમાં આતાપના લે છે. શીતાળમાં વસ્ત્ર રહિત રહે છે. વર્ષાકાળમાં એક આશ્રય સ્થાને રહે છે. સંયત - સાધુ, સુસમાહિત - જ્ઞાનાદિમાં યત્નવાળા. - ૦ - પરિષહ - માર્ગથી ભ્રષ્ટ ન થવા તથા કર્મ નિર્જરાર્થે પરીષહો સહન કરે. પરીષહ - ભુખ, તરસ આદિ. તે જ શત્રુ રૂપ હોવાથી 'પરીષહરિપુ' કહ્યા. દાંત - પરીષહનું દમન કરનારા, - x- મોહ - અજ્ઞાન. જિતેન્દ્રિય - શબ્દાદિમાં રાગ-દ્વેષ રહિત. તેઓ શરીર અને મન સંબંધી દુઃખના ક્ષયાર્થે પ્રવર્તે છે. કેવા તે? મહર્ષિ.

હવે તેમને શું ફળ પ્રાપ્ત થાય; તે કહે છે - ઔદ્દેસિકાદિના ત્યાગથી તે દુષ્કર કૃત્યો, આતાપનાદિ દુઃસહ દુઃખો સહીને કેટલાંક સૌધર્માદિ દેવલોકમાં જાય છે. કેટલાંક સાધુ આઠ કર્મ રજ સહિત થઈને મોક્ષમાં જાય છે. ત્યાં એકેન્દ્રિયો પણ હોય તે નિવારવા આઠ પ્રકારના કર્મરહિત કહ્યું. જેઓ આવા અનુષ્ઠાનથી દેવલોકમાં જાય છે તેઓ પણ ત્યાંથી ચ્યવીને આર્યદેશમાં સુકુળમાં જન્મ પામીને જલ્દી મોક્ષે જાય છે. અર્થાત્ પૂર્વોક્ત બધાં કર્મોને સંયમ અને તપથી ખપાવીને અનુક્રમે સમ્યગ્ દર્શનાદિ લક્ષણો પામીને આત્માદિના ત્રાતા બનીને સિદ્ધિપદને પામે છે. - x - તેમ હું કહું છું. - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન - 3 નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૪ - "છ જીવનિકાય" ❂

—— x —— x —— x —— x ——

● **સૂત્ર - ૩૨/૧**

***મેં તે આયુષ્યમાન ભગવંતે એ પ્રમાણે કહે છે તે સાંભળેલ છે કે - આ 'છ જીવનિકાય' નામક અધ્યયન નિશ્ચે કાશ્યપગોત્રીય શ્રમણ ભગવંત મહાવીર દ્વારા પ્રવેદિત, સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે. આ 'ધર્મ પ્રાપ્તિ'નું અધ્યયન મારે માટે શ્રેષ્ઠ છે.***

● **વિવેચન - ૩૨/૧**

ક્ષુલ્લિકાચાર કથા અધ્યયનની વ્યાખ્યા કરી, હવે "છ જીવનિકાય" નામે કહે છે. તેનો આ સંબંધ છે - ત્યાં કહ્યું કે સાધુ એ ધૃતિ આચારમાં કરવી, અનાચારમાં નહીં. આ જ આત્મસંયમનો ઉપાય છે. અહીં તે આચાર છ જીવનિકાય ગોચર પ્રાયઃ છે, માટે તે કહે છે - x - x - આ સંબંધે આવેલ આ અધ્યયન છે.

તે સંબંધે ભાષ્યકાર કહે છે -

● **ભાષ્ય - ૫ - વિવેચન**

જીવનો આધાર તે આચાર કહેવાય છે, કેમકે તેનું પરિજ્ઞાન અને પાલન દ્વારથી છે. તે પ્રમાણે આ અવસરે આવેલ છે. શું? 'છ જીવનિકાય' અધ્યયન. તેનો અર્થાધિકાર આ પ્રમાણે થાય છે -

● **નિર્યુક્તિ - ૨૧૭, ૨૧૮ વિવેચન -**

જીવ અને અજીવનુ સ્વરૂપ જેમાં સમજાય તે જીવાજીવાભિગમ. સ્વરૂપ બતાવે પછી જાણપણું થાય. ચારિત્રધર્મ - પ્રાણાતિપાત આદિ નિવૃત્તિ રૂપ. યતના - પૃથ્વી આદિમાં આરંભના ત્યાગ રૂપ યત્ન કરવો તે. ઉપદેશ - જે રીતે આતમા ન બંધાય ઇત્યાદિ વિષય રૂપ. ધર્મફલ અનુત્તર જ્ઞાનાદિ. આ છ જીવનિકાયના અધિકારો છે. હવે નિક્ષેપ કહે છે - x - x - નામ નિષ્પન્ન નિક્ષેપ તે આ 'છ જીવનિકાય' છે. તેમાં છ, જીવ નિકાય એ ત્રણે પદોની વ્યાખ્યા કહીશ. તેમાં એકના અભાવે છ એનો અભાવ થાય તેથી પહેલાં એકની પ્રરૂપણા કરે છે -

● **નિર્યુક્તિ - ૨૧૯, ૨૨૦ -**

નામ, સ્થાપના, દ્રવ્ય૦ ઇત્યાદિ અધિકાર પહેલાં અધ્યયનમાં કહેલ હોવાથી અહીં કહેતા નથી. હવે સંગ્રહમાં બે આદિને છોડીને 'છ'ની પ્રરૂપણા કહે છે - તેમાં નામ, સ્થાપના ગૌણ છે. દ્રવ્ય - છ - સચિત્તાદિ ભેદે છે. ક્ષેત્ર છ - છ આકાશ પ્રદેશ અથવા ભરતાદિ છે. કાળ છ - છ સમય કે છ ઋતુ જાણવી. ભાવ છ - ઔદયિકાદિ છ ભાવ છે. અહીં સચિત્ત દ્રવ્ય - છ થી અધિકાર છે. - x - હવે જીવ પદને કહે છે -

● **નિર્યુક્તિ - ૨૨૧, ૨૨૨ - વિવેચન**

આ બે દ્વાર ગાથા છે, (૧) જીવનો નિક્ષેપો તે નામાદિ છે. (૨) પ્રરૂપણા બે ભેદે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે - જીવાદિ રૂપ અને લક્ષણ આદાનાદિ છે. (૩) અસ્તિત્વ તે સત્વ શુદ્ધ પદવાચ્યત્વાદિ છે. (૪) દેહથી અન્યત્વ છે. (૫) સ્વતઃ અન્યત્વ, (૬) વિકાર ન હોવાથી નિત્યત્વ. (૭) સ્વકર્મનાં ફળ ભોગથી કર્તૃત્વ, (૮) ત્યાં તેના ચિહ્નની ઉપલબ્ધિથી દેહવ્યાપિત્વ, (૯) યોગાદિથી ગુણિત્વ, (૧૦) અગુરુ લઘુભાવી ઉર્ધ્વગતિત્વ, (૧૧) વિકાર રહિતત્વથી નિર્માયતા, (૧૨) કર્મનું ફળ તે સફળતા, (૧૩) પરિમાણ - લોકાકાશ માત્ર ઇત્યાદિ. એરીતે જીવની ત્રિકાળ વિષયક પરીક્ષા થાય છે, તે કરવી. સંક્ષેપાર્થ કહ્યો.

હવે વિસ્તાર ભાષ્યથી જાણવો.

**● નિર્યુક્તિ - ૨૨૩ - વિવેચન**

નામજીવ, સ્થાપનાજીવ, દ્રવ્યજીવ, ભાવજીવ - તે વક્ષ્યમાણ લક્ષણ છે. તેમાં ઓઘજીવ અને ભવજીવ તથા તદ્‌ભવજીવ - તે ભવમાં જ ઉત્પન્ન. ભાવ નિક્ષેપમાં ભાવજીવ છે. આ સંક્ષેપાર્થ કહ્યો. હવે વિશેષાર્થ -

**● ભાષ્ય - ૬ - વિવેચન**

નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય જીવ - ચૈતન્ય મનુષ્યત્વાદિ લક્ષણોથી રહિત, આ બુદ્ધિ કલ્પિત માત્ર છે. પણ જીવ એવો સંભવતો નથી. ભાવજીવ ત્રણ પ્રકારે છે - ઓઘજીવ, ભવજીવ, તદ્‌ભવજીવ. અહીં ફરી ભાષ્યકારે ત્રણ ભેદ કહ્યા, તેથી પુનરુક્તિ નથી. - x - ઓઘ જીવ કહે છે -

**● ભાષ્ય - ૭ - વિવેચન**

વિદ્યમાન આયુકર્મમાં સામાન્ય રૂપમાં સામાન્યપણે ધરે એટલે ભવ ઉદધિમાં રહે, આ અવસ્થાન માત્રથી તેનું જીવત્વ કેવી રીતે ગણાય, તેટલા માટે અન્વર્થ યોજનાને કહે છે. તે ઓઘથી આયુ કર્મ ઉદય આવતા જીવે છે. અર્થાત્ સંસારમાં પ્રાણોને ધારણ કરે છે. તેથી જીવવાથી જીવ છે. તે ઓઘ આયુકર્મના ક્ષયથી તે મર્યો. પછી શરીરમાં જીવનો અભાવ થયો. આ સિદ્ધનો જીવ જ ગણાય. વિગ્રહગતિમાં જતાં પણ સૂક્ષ્મ શરીરમાં જીવ હોય છે. આ બધાં નયોથી મર્યો જ ગણાય.

હવે ભવજીવ અને તદ્‌ભવજીવનું સ્વરૂપ કહે છે -

**● ભાષ્ય - ૮- વિવેચન**

જેના વડે નારકાદિ આયુ વડે રહે છે તે નારકાદિ ભવસ્થિત જીવ તથા મનુષ્યાદિ આયુ વડે નારકાદિ ભવથી સંક્રમણ કરે છે. અર્થાત્ મનુષ્યાદિ બીજા ભવમાં જાય છે. તે ચાર પ્રકારના નારક, તિર્યંચ, દેવ, મનુષ્ય ભેદ વડે ભવ આયુ જાણો.

તદ્‌ભવ આયુ બે ભેદે છે - તિર્યંચ તદ્‌ભવ, મનુષ્ય તદ્‌ભવ. એટલે તે ભવમાં મરીને ફરી તે જ ભવમાં ઉત્પન્ન થાય છે પણ બીજા ભવમાં ન જાય. તદ્‌ભવ જીવિત એટલે ત્યાંથી મરીને પાછો ત્યાં જ ઉત્પન્ન થાય તે. અહીં ભાવજીવના અધિકારથી તદ્‌ભવ જીવિત વિશિષ્ટ જીવ જ લેવો. હવે પ્રરૂપણા કહે છે -

**● ભાષ્ય - ૯, ૧૦ - વિવેચન**

બે પ્રકારના જીવો છે. 'ચ' શબ્દથી નવ ભેદે જીવો છે - પૃથ્વી આદિ પાંચ, બે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્રિયાદિ ચાર એમ નવ ભેદે જીવો છે. બે ભેદ તે - સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ નામ કર્મોદયથી સૂક્ષ્મ, બાદર નામ કર્મોદયથી બાદર. લોકનું ગ્રહણ અલોકમાં જીવ નથી તે બતાવવા માટે છે. સૂક્ષ્મ જીવો બધાં લોકમાં છે, બાદર બધે નથી. કોઈ સ્થાને બાદર અસંભવ છે. બાદર બે ભેદે છે - પર્યાપ્તક અને અપર્યાપ્તક. તે જ કહે છે - સૂક્ષ્મ જ પૃથ્વી આદિ છે. તે ચૌદ રાજલોકમાં પર્યાયને પામેલ જાણવા. સૂક્ષ્મ પર્યાયને પામેલા ભાવસૂક્ષ્મ હોય, ભૂત-ભાવી દ્રવ્ય સૂક્ષ્મ હોય. બે ભેદો બાદર પૃથ્વી આદિના છે. સૂક્ષ્મના પણ તે જ બે ભેદ છે.

પ્રરૂપણા કહી હવે લક્ષણ કહે છે -

**● ભાષ્ય - ૧૧ - વિવેચન**

હાલ લક્ષણ દ્વારનું સ્વરૂપ કહે છે - ચિહ્ન, હેતુ, કારણ, લિંગ, લક્ષણ એ પ્રમાણે છે. ચિહ્ન - જેમ દેવકુળની ધજા. હેતુ - નિમિત્ત લક્ષણ, કુંભારની ચતુરાઈ તે ઘડાની સુંદરતા છે. કારણ - ઉપાદાન લક્ષણ, જેમ કે - માટીનું કોમળ પણું તે ઘરનું બળવાનપણું છે. લિંગ - કાર્યલક્ષણ - જેમ ધૂમમાં અગ્નિ. આબધાં પર્યાયવાચી છે. લક્ષણ એટલે જેના વડે પરોક્ષ વસ્તુ લક્ષ્યમાં લેવાય. હવે આદાનાદિ લક્ષણ કહે છે.

**● નિર્યુક્તિ - ૨૨૪, ૨૨૫ - વિવેચન**

આ બે પ્રતિદ્વાર ગાથા છે. આદાન, પરિભોગ, યોગ, ઉપયોગ, કષાય, લેશ્યા, આન-પાન, ઇંદ્રિયો, બંધ-ઉદય-નિર્જરા, ચિત્ત, ચેતના, સંજ્ઞા, વિજ્ઞાન, ધારણા, બુદ્ધિ, ઇહા, મતિ, વિતર્ક આ બધાં જીવના લક્ષણો છે, અજીવના નથી.

આ ગાથાનો વિસ્તાર આ પ્રમાણે -

**● ભાષ્ય - ૧૨, ૧૩ - વિવેચન**

લક્ષ્ય કરાય એટલે જણાય છે, તે કોણ છે? પ્રત્યક્ષ અને પરોક્ષ છે. - x - જેમ ધૂમ, ઉષ્ણતા વગેરે અગ્નિનાં લક્ષણ છે, તે ઉષ્ણતાથી પ્રત્યક્ષ અગ્નિ જણાય છે. ધૂમાડાથી પરોક્ષ જણાય છે. તેમાં આદાન આદિના દૃષ્ટાંત કહે છે - લુહાર, કૂર, પરશુ, અગ્નિ, સુવર્મ, દુધ, પાણી તથા આહાર તે આદાન આદિના અનુક્રમે દૃષ્ટાંત છે. પ્રતિજ્ઞાદિ ઉલ્લંઘવાથી આ કહેવાનું પરોક્ષ વસ્તુના સ્વીકારમાં પ્રાયઃ પ્રધાન અંગત્વ બતાવવાને છે. હવે પ્રયોગ કહે છે -

**● ભાષ્ય - ૧૪ - વિવેચન**

દેહ, ઇંદ્રિયથી અતિરિક્ત તે આત્મા. તે કથંચિત્ જુદો છે પણ સર્વથા જુદો નથી. આના વડે પ્રતિજ્ઞા અર્થ કહ્યો. પ્રતિજ્ઞા અર્થેન્દ્રિયો છે, તે આદેય આદાન વિધમાન આદાતૃક છે. કેવી રીતે? ગ્રાહ્ય-ગ્રાહકના પ્રયોગથી. ગ્રાહ્ય-રૂપાદિ, ગ્રાહક-ઇંદ્રિયો. તેનો પ્રયોગ - સ્વફળ સાધન વ્યાપાર. - x - હેતુ - આદેય આદાન રૂપે છે. હવે દૃષ્ટાંત કહે છે - ગ્રહણ કરનાર સાણસો જે લોઢું તે આદેય છે. તેનાથી લુહાર માફક જાણવું. અતિરિક્ત વિધમાન આદાતા એના વડે દૃષ્ટાંતાર્થ કહ્યો. ઇત્યાદિ - x - x - x - x - આદાન દ્વાર કહ્યું. હવે પરિભોગ દ્વાર કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**• ભાષ્ય - ૧૫ - વિવેચન**

"દેહ છે, તે ભોક્તા સહિત છે." આ પ્રતિજ્ઞા છે. ભોગ્યત્વથી હેતુ છે. થાળીમાં ભાત મૂકે, તે ખાનારને માટે જ મૂકાય છે. આ દૃષ્ટાંત છે. દેહનું ભોગવવું તે જીવ વડે છે. તે દેહમાં રહીને ભોગવતો હોવાથી પ્રતિજ્ઞા સિદ્ધ થઈ. પરિભોગ દ્વાર કહીને યોગદ્વાર કહે છે - બીજાના પ્રયોજેલા યોગો છે. યોગ - સાધન છે, તેમાં મન વચન કાયા એ કરણ છે. કરણપણું એ હેતુ છે - પરશુ વડે દૃષ્ટાંત છે. - x - હવે ઉપયોગ દ્વાર -

**• ભાષ્ય - ૧૬ - વિવેચન**

ઉપયોગ સાકાર અને અનાકાર ભેદે છે, તેનાથી જીવનો અભાવ નથી. શા માટે? ઉપયોગ રૂપ આત્માના અસાધારણ લક્ષણનો ત્યાગ ન કરવાથી. અગ્નિનું દૃષ્ટાંત છે. જેમ તે પોતાનું ઉષ્ણતા લક્ષણ તજતો નથી. ઇત્યાદિ - x - ઉપયોગ દ્વાર કહ્યું, હવે કષાય દ્વાર કહે છે - સકષાયથી અર્થાત્ અચેતન વિલક્ષણ ક્રોધાદિ પરિણામ યુક્તત્વથી જીવનો અભાવ નથી. ક્રોધ, માન આદિ પર્યાયને આત્મા પામે છે. સુવર્ણનું દૃષ્ટાંત છે. કડાં, કંઠી આદિ પર્યાય પામવા છતાં તે સુવર્ણ જ છે, તેમ આત્મા પણ ક્રોધાદિ પર્યાય પામે છે - હવે લેશ્યા દ્વાર કહે છે -

**• ભાષ્ય - ૧૭ - વિવેચન**

લેશ્યાના સદ્‌ભાવથી જીવનો અભાવ નથી. શા માટે? તેનો પરિણમનનો સ્વભાવ છે. કૃષ્ણાદિ દ્રવ્ય સાથે હોવાથી તેમ કહ્યું - જાંબુ ખાનારના દૃષ્ટાંતથી સિદ્ધ છે. - x - હવે પ્રાણાપાન દ્વાર કહે છે - ઉચ્છ્‌વાસ આદિ. અચેતન ધર્મથી વિલક્ષણ પ્રાણ, અપાનના સદ્‌ભાવથી જીવનો અભાવ થતો નથી. શ્રમના સદ્‌ભાવથી પરિસ્પંદયુક્ત પુરુષ માફક. - x - x - હવે ઇંદ્રિય દ્વાર કહે છે -

**• ભાષ્ય - ૧૮ - વિવેચન**

અક્ષ એટલે ઇંદ્રિયો, આ લોકમાં પ્રસિદ્ધ છે. દેહને આશ્રિત છે. આત્માના પ્રયોજનવાળી છે. વાંસલા આદિ માફક. - x - (શંકા) આદાન જ ઇંદ્રિયો છે, તો શામાટે ભેદોપન્યાસ કરવો? નિર્વૃત્ત તથા ઉપકરણના દ્વાર વડે બે ભેદ બતાવવા માટે. તેમાં તો ઉપકરણનું ગ્રહણ કરવું, અહીં નિર્વૃત્તિ લેવી. ઇત્યાદિ - x - હવે બંધ આદિ દ્વારો કહે છે - ગ્રહણ, વેદક, નિર્જરક. તે કર્મથી અન્ય છે. ગ્રહણ - કર્મબંધ, વેદન - કર્મનો ઉદય, નિર્જરા - કર્મનો ક્ષય. આહારનું દૃષ્ટાંત અહીં લીધું છે. બંધદ્વારો કહ્યા.

હવે ચિત્ત આદિનું સ્વરૂપ કહે છે -

**• ભાષ્ય - ૧૯, ૨૦ - વિવેચન**

ચિત્ત ત્રિકાળ વિષય છે. ઓઘથી અતીત - અનાગત - વર્તમાનગ્રાહી છે. ચેતના તે પ્રત્યક્ષ વર્તમાન અર્થ ગ્રાહિણી છે. સંજ્ઞા - અનુસ્મરણ છે. વિજ્ઞાન - તે અનેક પ્રકારે છે. અનેક ધર્મવાળી વસ્તુમાં તેવો તેવો અધ્યવસાય કાળ - અસંખ્યેય કે સંખ્યેય છે. ધારણા - નાશ ન થાય તેવી સ્મૃતિ વાસના. - x - અર્થનો ઉહ તે બુદ્ધિ - સંજ્ઞી પ્રાણીને પરથી નિરપેક્ષ અર્થનું જાણવું. ઇહા - ચેષ્ટા. જેમકે આ ઠુંઠું છે કે પુરુષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે? તે સદ્ અર્થની વિચારણા રૂપ છે. અર્થનો પરિચ્છેદ તે માથાને ખણવા આદિના ધર્મની ઉપપત્તિથી આ પુરુષ જ છે, એવી નિશ્ચય મતિ થાય તે અર્થાવગમથી ઉત્પન્ન મતિ જાણવી. - x - x - ચિત્ત આદિ આ ગુણો 'જીવ' નામક ગુણીના પ્રતિપાદક છે.

આને જ સ્પષ્ટ કરે છે.

**● ભાષ્ય - ૨૧, ૨૨ - વિવેચન**

જે કારણે ચિત્ત આદિ અનંતરોક્ત જીવના ગુણો છે, અજીવના નહીં, કેમકે શરીરાદિ ગુણોથી વિધર્મપણે છે. સ્વસંવેદ્યથી આ ગુણો પ્રત્યક્ષ છે. - x - x - x - પ્રતિદ્વાર બે ગાથા કહી, હવે અસ્તિત્વ દ્વાર કહે છે - x -

જીવ વિદ્યમાન હોવાથી પૃથ્વી આદિ વિકાર દેહ માત્ર રૂપવાળો છે. *(વૃત્તિનું શેષ કથન વાદ રૂપ છે, માટે અનુવાદકરેલ નથી.)*

**● ભાષ્ય - ૨૩ થી ૨૫ - વિવેચન**

આ લોકમાં કોઈ એમ ચિંતવે કે હું શરીરમાં નથી, એમ ચિંતવનારો તે જ જીવ છે. મૃત શરીરાદિમાં સંશય કરનાર અન્ય પ્રાણાદિ નથી, કેમકે સંશયનું ચૈતન્યરૂપત્વ નથી. એ જ બતાવે છે - જીવનો આ સ્વભાવ - ધર્મ છે. ઇહા - સદર્થ પર્યાલોચનરૂપ છે. તે આ- જીવ છે કે નહીં? ''આ ઠુંઠું છે કે પુરુષ'' એવી ઇહા જેને થાય છે, તે જીવનો ધર્મ છે. હવે તે બીજા પ્રકારે કહે છે - જીવનું ઉપયોગ લક્ષણ અસ્તિત્વ સિદ્ધ છે. કઈ રીતે? શબ્દથી. 'જીવ' એમ બોલવાથી અનુમાન કરાય છે. ઇત્યાદિ - x - x -

આનું જ વિવરણ કરવા ભાષ્યકાર કહે છે -

**● ભાષ્ય - ૨૬ થી ૨૮ - વિવેચન**

નિર્વિકલ્પ જીવ છે. નિયમથી તે સિદ્ધ છે. વાચક શબ્દ જીવથી વાચ્ય પદાર્થ જીવની સિદ્ધિ છે - x - x - પર અભિપ્રાયની આશંકા કરીને તેને દૂર કરતાં કહે છે - ઉક્તવત્ શુદ્ધ પદત્વથી જો જીવની સિદ્ધિ થાય તો અમારી પણ શૂન્યની સિદ્ધિ થાય. જેમ શૂન્ય નિરર્થક છે, તેમ જીવપદ પણ નકામું છે. તેનો ઉત્તર આપે છે - જે તમે કહો છો તે સિદ્ધ થતું નથી. શા માટે? વિધમાન પદાર્થ વડે જેથી શૂન્ય કહેવાય છે, તે શૂન્ય પદાર્થ છે. ઇત્યાદિ તર્કથી જીવપણું વાચ્ય છે. હવે બીજા પ્રકારે અસ્તિત્વ પક્ષને સમર્થન કરતાં કહે છે - મિથ્યા થાય. કયા? બધાં પરલોક સંબંધી દાનાદિ. કેવી રીતે? જો કર્મનો કર્તા અને ભોક્તા જીવ જ ન હોય તો. આ જ કથન શીખાઉ શિષ્ય માટે સ્પષ્ટતર કહે છે -

**● ભાષ્ય - ૨૯ થી ૩૧ - વિવેચન**

કરૂણા, ઉપવાસ, હિંસાની વિરતિ આદિ રૂપ તથા બ્રહ્મચર્ય, યાગલક્ષણવાળી દીક્ષા, પ્રવ્રજ્યા સ્વીકાર રૂપ ઇંદ્રિય નિરોધ એ બધું જ નિષ્ફળ છે. ક્યારે? જો તમે જીવને પરલોકમાં જનારો ન માનો. વળી શિષ્ટ આચરિત માર્ગ જ ઉત્તમ પુરુષોએ આદરવો. હવે તે માર્ગને કહે છે - લોકમાં થયા કે લોકમાં વિદિત તે લૌકિક, વૈદિકો, ત્રિપિટકાદિ સમય વૃત્તિવાળા, પંડિતો માને છે - જીવ નિત્ય છે, અનિત્ય નથી. એ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ શરીરથી જૂદો છે - x - એ જ કહે છે - લોકમાં અચ્છેદ્ય, અભેદ્ય આત્મા કહેવાય છે. ગીતા, વેદ અને બૌદ્ધોનું વચન પણ અહીં સાક્ષી રૂપે મૂકેલ છે. - x - x - કેટલાંક ત્રણ પ્રકારનો દિવ્ય આદિ સંસાર માને છે, કેટલાંક નારકાદિ સહિત ચાર ભેદે સંસાર માને છે. હવે બીજા પ્રકારે તેનું અસ્તિત્વ કહે છે -

● ભાષ્ય - ૩૨ થી ૩૪ - વિવેચન

ઔદારિકાદિ શરીરનો વિઘાત - કર્તા કોઈ પણ છે. શા માટે ? પ્રતિનિયત આકારાદિના સદ્ભાવથી. દૃષ્ટાંત કહે છે - જેમ ઘડાનો કર્તા કુંભાર છે, તેમ શરીરનો કોઈ કર્તા છે. - x - તે આત્મા મૂર્ત્ત કર્મના સંબંધથી કંઈક અંશે મૂર્ત્ત છે. અહીં શિષ્યની બુદ્ધિ ખીલવવા બીજી રીતે તેની ગ્રહણ વિધિ કહે છે - શીતાદિ સ્પર્શથી વાયુને માનીએ છીએ - x - તેમ જ્ઞાનાદિ વડે જીવને કાયામાં રહેલો માનવો જોઈએ. ઘણાં અનુમાનોથી આત્માનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. કેટલાંક આત્માને દેખતા નથી, તેથી જીવને ન માનવો એવી શંકા કરે તો? તેથી કહે છે - ઇંદ્રિયથી રહિત ગુણવાળો જીવ, અમૂર્ત્તત્વાદિ ધર્મક, છદ્મસ્થને દુર્લક્ષ છે. તેને સિદ્ધ કે સર્વજ્ઞ જ જૂએ છે. ઋષભાદિ સિદ્ધો જ જૂએ છે. જ્ઞાન સિદ્ધ એવા ભવસ્થ કેવળી જુએ છે.

- ૦ - હવે આગમથી જીવનું અસ્તિત્વ કહે છે -

● ભાષ્ય - ૩૫, ૩૬ - વિવેચન

આપ્તવચન તે શાસ્ત્ર છે. આપ્ત - રાગાદિ રહિત. આ વચન વડે અપૌરુષેયનો વિચ્છેદ કર્યો. આપ્ત વચનના શાસ્ત્રથી જાણ્યું કે ઇંદ્રિય ગોચરથી અતિક્રાંતિ છે. જેમ લોકમાં જ્યોતિષના ગણિતથી ચંદ્રગ્રહણાદિ માનીએ છીએ, તેમ જીવને પણ માનવો. - x - કેમકે આપ્ત વચનનું પ્રામાણ્ય છે. અસ્તિત્વ દ્વાર કહ્યું.

હવે અન્યત્વાદિ દ્વાર કહે છે - (૧) અન્યત્વ - દેહથી આત્માનું જૂદાપણું, (૨) અમૂર્તત્વ - સ્વરૂપ વડે આત્મા ન દેખાય તેવો છે. (૩) નિત્યત્વ - તે જ પરિણામવાળો. આ ત્રણે ગુણો એક એક હેતુ વડે એક કાલે સાથે રહે છે. હવે પછી કહેવાતી નિર્યુક્તિની ત્રણ ગાથઓના લક્ષણો વડે કહેવાશે -

● નિર્યુક્તિ - ૨૨૬ - વિવેચન

કારણ વિભાગ, કારણ વિનાશ અને બંધના પ્રત્યયના અભાવથી જીવને પર આદિની માફક તંતુ વગેરે કારણ વિભાગ નથી. જીવને તાંતણાથી બનેલ છે, એમ ન સમજવું. એ પ્રમાણે કારણ વિનાશના અભાવમાં પણ જોડવું. તથા બંધ - જ્ઞાનાવરણાદિ પુદ્ગલ યોગ લક્ષણ પ્રત્યયનો અભાવ થાય, એ હેતુ નથી. કેમકે બંધનું હેતુપણું ઉત્પન્ન થતું નથી. ઇત્યાદિ - x - x - અવિનાશના હેતુથી જીવનું નિત્યપણું છે. નિત્યપણું સિદ્ધ થવાથી અમૂર્ત્તપણું છે. - x - આ ગાથાનો સમાનાર્થ છે. વિશેષાર્થ ભાષ્યથી જાણવો.

● ભાષ્ય - ૩૭, ૩૮ - વિવેચન

હવે "દેહથી અન્ય" આ દ્વાર કહે છે. દેહથી જીવ જૂદો છે. ઘર વગેરેમાં રહેલા પુરુષની માફક આ દૃષ્ટાંત છે. - x - આ પ્રયોગ 'જીવ તે શરીર' માનનારા વાદીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનના ખંડન માટે છે. હવે બીજો પ્રયોગ કહે છે - ખલુ શબ્દ વિશેષણના અર્થવાળો હોવાથી કોઈ અંશે આત્મા દેહ તથા ઇંદ્રિયોથી જૂદો છે. ઇંદ્રિયોથી કોઈ પદાર્થ જાણ્યો હોય તે ઇંદ્રિય નાશ થવાથી પણ સ્મરણ થાય છે. - x - x - x - ઇંદ્રિયના ઉપલબ્ધિપણાની શંકા નિવારવા કહે છે -

● **ભાષ્ય - ૩૯, ૪૦ - વિવેચન**

ઇંદ્રિયો ફક્ત દેખાવમાં જ લબ્ધિવાળી નથી. શા માટે? ઇંદ્રિયો નાશ થાય ત્યારે વિષયનું સંસ્મરણ રહે છે. જેમ કોઈ અંદર થયેલાને પૂર્વે દેખેલા વિષયો યાદ આવે છે. ઇત્યાદિ - x - ઇંદ્રિયો દેખનારી નથી. પણ દેખનાર આત્માને સહાયક છે. આ રીતે એક પ્રકારે અન્યત્વ દ્વાર કહ્યું. હવે અમૂર્તદ્વારનો અવસર છે. - જીવ અમૂર્ત છે. દ્રવ્યેન્દ્રિય વડે તે ગ્રહણ કરાતો નથી. વળી તે અચ્છેદ્ય, અભેદ્ય, અરૂપત્વ છે અને સ્વભાવથી આત્મા અનાદિ અમૂર્ત પરિણામ પણે છે.

● **ભાષ્ય - ૪૧, ૪૨ - વિવેચન**

અવધિજ્ઞાની આદિથી પણ આત્મા સાક્ષાત્ અગૃહ્યમાણ છે તેને સત્યવક્તા સર્વજ્ઞ વીતરાગના વચનથી જાણવો. તે લોકમાં અમૂર્તત્વથી પ્રસિદ્ધ છે. આદિ શબ્દથી વેદ સિદ્ધાંત લીધો. આ રીતે જીવ અમૂર્ત જાણવો. અમૂર્ત કહ્યો, હવે નિત્યત્વદ્વાર કહે છે - x - જીવ નિત્ય છે. અહીં બૌદ્ધ મતનું ખંડન કરવા કહે છે - જીવ અવિનાશી છે. - x - x - "પરિમિતિકાલીન જીવ" ના મતના ખંડન માટે કહ્યું - જીવ શાશ્વત છે. એટલે સર્વકાળ રહેનારો છે. - x - x - હવે બીજા હેતુ બતાવે છે -

● **ભાષ્ય - ૪૩, ૪૪ - વિવેચન**

સંસાર એટલે સંસરણ થવું. તે જ નારક છે, તે જ તિર્યંચ છે. જીવ નિત્ય છે. હું કરું છું, મેં કર્યું, હું કરીશ એ ત્રિકાળ વિષય સંબંધી જે આલોચના છે, તેથી આત્મા નિત્ય છે. પ્રત્યભિજ્ઞા ભાવથી બધાંને જાણીતું છે. તે અભેદગ્રાહી નિત્ય છે. આ ત્રિલોકદર્શી તીર્થંકરનો મત છે. આ જ પરમાર્થ નથી. તે જ બતાવે છે - જેમ લોકમાં કહે છે કે - જેને શસ્ત્રો છેદી શકતા નથી, તે જીવ અક્ષય છે ઇત્યાદિ વેદ - શ્રુતિના વચન પ્રમાણ છે. તેથી જીવ નિત્ય થયો. તે અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવવાળો છે. પરંતુ જૈન મતાનુસાર આ વચન ન્યાય વિરુદ્ધ છે. કેમકે તે માનતા સંસાર ભ્રમણના વ્યવહારને વિચ્છેદ થઈ જશે. તેથી આગળ કહેશે કે - જીવ સ્યાત્ નિત્ય ઇત્યાદિ રૂપ છે. અર્થાત્ દ્રવ્યે અપેક્ષાથી નિત્ય, પર્યાય અપેક્ષાથી અનિત્ય છે. - x - x - આ પ્રમાણે અન્યત્વ આદિ ત્રણ ગાથાનું વ્યાખ્યાન કરીને અધિકૃત ગાથાની વ્યાખ્યા કહે છે -

● **ભાષ્ય - ૪૫, ૪૬ - વિવેચન**

કારણનો અવિભાગ એટલે જેમ કપડું બનાવવામાં તંતુ કારણ છે, તેમ જીવને ઉત્પન્ન કરનારું કારણ નથી. તથા કારણના અભાવે કારણના અવિનાશથી જીવનું નિત્યત્વ જાણવું. - x - x - આકાશ પટના અનુમાનથી, અહીં અનુમાન શબ્દ દૃષ્ટાંત વચન છે. (વિશેષ તર્ક-વાદનો અનુવાદ અમે છોડી દીધેલ છે.) હવે બંધના પ્રત્યયના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભાવથી, એનું વ્યાખ્યાન કરવા કહે છે - હેતુ પ્રભાવ એટલે હેતુથી ઉત્પન્ન થનાર બંધ છે. પણ તે બંધ જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ યોગ લક્ષણવાળો છે. તે બંધ ઉત્પત્તિ પછી તુરંત નાશ થાય, તો તેમાં ન ઘટે અને તેના યોગથી વિરહત, એટલે બંધના હેતુઓ જે મિથ્યાદર્શન, અવિરતિ, અરમાદ, કષાય, યોગ એ પાંચ છે, તેના વડે જે સંબંધ છે, તેનાથી અભાવ થાય, તો જ તે ન ઘટે. ઇત્યાદિ - x - x - x - x - એ જ પ્રમાણે નિત્યત્વ અમૂર્તત્વ દેહ અન્યત્વ યોજના પૂર્વવત્ જાણવી. ગાથામાં બંધના પ્રત્યયનો અભાવ કહ્યો. હવે વિરુદ્ધ અર્થનાં પ્રાદુર્ભાવ અને અર્થવિનાશને કહે છે -

**• ભાષ્ય - ૪૭ - વિવેચન**

અવિનાશી જીવ નિત્ય છે. શા માટે? વિકારના અનુલંભથી. જેમ ઘડો ભાંગતા ઠીકરી દેખાય, તેમ આત્માના ટુકડા દેખાતા નથી. નિત્યત્વ આદિ યોજના પૂર્વવત્. ચાલુ સંબંધવાળી જ નિર્યુક્તિ ગાથા કહે છે -

**• નિર્યુક્તિ - ૨૨૭ - વિવેચન**

નિરામય એટલે રોગરહિતને રોગોત્પત્તિમાં આ પ્રમાણે બોલનારા જાણીએ છીએ કે - "પહેલાં હું નિરોગી હતો, હાલ હું રોગી છું." અથવા પહેલાં કોઈ રોગી હોય તે નિરોગી થતાં બોલે - પહેલાં હું રોગી હતો, હવે નિરોગી છું. આવાં વાક્ય ક્ષણ વિનાશી નિરન્વય લક્ષણ આત્મામાં ઉત્પન્ન ન થાય. - x - આ પ્રમાણે આત્મા અવસ્થિત છે. અનેક અવસ્થા અનુભવે છે. આ નિત્યત્વ હોવાથી અમૂર્ત છે. તેથી દેહથી અન્ય છે. આ પ્રમાણે બધે યોજના કરવી. એ રીતે બાળક કે વૃદ્ધ પાછલા અનુભવ યાદ કરે છે, તેથી સમજવું કે - "અનુભવ કોઈ બીજો કરે અને યાદ કોઈ બીજો કરે, તેવું ન બને. જો તેમ માનો તો જગત્‌નો વ્યવહાર ઉલટો થઈ જાય. - x - x - x - *(અહીં જે વાદ છે તેને અમારા કાર્યક્ષેત્રમાં પહેલાંથી જ સ્વીકારેલ નથી, માટે તેનો અનુવાદ કરેલ નથી. તેથી સારાંશ જ હવે કહીએ છીએ - )* નિત્ય આત્મા ગુણીપણે વિદ્યમાન અને અતીન્દ્રિયપણે હોવાથી આકાશ માફક છે. આત્મા નિત્ય છે, તેને જાતિ સ્મરણ જ્ઞાનનો અનુભવ થાય છે. તેથી જ પૂર્વ ભવની વાત યાદ આવે છે. આ જ ગાથાને ભાષ્યકાર સંક્ષેપથી કહે છે -

**• ભાષ્ય - ૪૮, ૪૯ - વિવેચન**

રોગની આમય સંજ્ઞા છે. જેમ બાળપણમાં કંઈક કરેલ હોય તે યુવાનીમાં સાંભરે છે, તે રીતે પૂર્વ ભવે કરેલ કર્મ બીજા ભવમાં ઉપસ્થાન થાય છે. આ બધાંની વ્યાખ્યા પૂર્વે વિસ્તારથી કરેલ છે.

આત્મા નિત્ય છે, એ ક્રિયા સર્વત્ર જોડવી. શ્રોત્ર આદિ વડે સમજતો નથી એમ જાણવું. તથા જાતિ સ્મરણ જ્ઞાનથી પૂર્વ જન્મમાં પણ હતો. પાઠાંતરમાં "જાતિ સ્મરણ જ્ઞાનથી ક્ષણિક નથી" કહ્યું તે પણ અદુષ્ટ છે. કેમકે વિધિ તથા નિષેધથી સાધ્ય અર્થનું અભિધાન છે. - x - અમય - આ આત્મા છે. પણ માટીના ઘટની જેમ નહીં. આ પણ નિત્યત્વની પ્રસાધક છે. હવે નિર્યુક્તિની ત્રીજી ગાથા કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● નિર્યુક્તિ - ૨૨૮ - વિવેચન

સર્વજ્ઞના ઉપદેશથી જીવ નિત્ય છે, સર્વજ્ઞ વચન અવિતથ છે. કેમકે તેઓ રાગાદિરહિત છે. જીવ પોતાના કર્મોના ફળ ભોગવે છે. પણ અહીં આ જન્મ કે પૂર્વ જન્મની અપેક્ષાથી ગ્રહણ કરવું. એ રીતે આત્મા અમૂર્ત્ત છે. જેમ અમૂર્ત્તને ઇંદ્રિયો ગ્રહણ ન કરે, તેમ મૂર્ત્ત અણુને પણ શ્રોત્ર આદિ ગ્રહણ ન કરે. આ ત્રણે દ્વારનો ઉપસંહાર કરતા કહે છે - જીવનું નિત્યત્વ, અમૂર્ત્તત્વ, અન્યત્વ એ ત્રણે દ્વાર સિદ્ધ થયા. હવે કર્તા દ્વારને કહે છે -

● ભાષ્ય - ૫૦, ૫૧ - વિવેચન

સ્વકર્મ ફળના ભોગવનારા જીવો છે, તેથી તેઓ કર્તા છે. તે વણિક અને ખેડુત માફક જાણવું. વિના મહેનતે કરેલ ન ભોગવી શકે. - x - એ રીતે 'અકર્તા મત'નું ખંડન કર્યુ, હવે દેહવ્યાપીદ્વારનો અવસર છે :- શરીર માત્રને વ્યાપીને રહેવાનો સ્વભાવ હોવાથી તે જીવ કહેવાય છે. - x - દેહ આત્માનું ચિહ્ન છે. શરીરમાં જ સુખદુઃખનો અનુભવ થાય છે. જેમ અગ્નિ ત્યાં ઉષ્ણતા છે. અગ્નિનું ચિહ્ન ઉષ્ણતા છે. તેમ શરીર જેટલાં નિયત ભાગમાં રહેનારો આત્મા છે.

મૂળ દ્વારની પહેલી ગાથા કહી, હવે બીજી ગાથા કહે છે -

● ભાષ્ય - ૫૨, ૫૩ - વિવેચન

હવે ગુણી દ્વાર કહે છે ગુણો વડે ગુણી છે, ગુણ વિના ગુણી ન હોય. આના વડે ગુણ અને ગુણીના ભેદ કહ્યા. તે ભોગ, યોગ, ઉપયોગ આદિ ગુણો છે. - x - x - હવે ઉર્ધ્વ ગતિ દ્વારને કહે છે - અગુરુલઘુત્વના કારણથી અને સ્વભાવથી કર્મ વિમુક્ત થઈ ઉર્ધ્વગતિવાળો જીવ છે, તેમ જાણવું. તો નીચે કેમ જાય છે? જેમ તુંબડુ માટીના લેપથી ભારે થઈ નીચે જાય, તેમ જીવ કર્મ લેપથી નીચે જાય છે. લેપ દૂર થતાં ઉંચે જાય છે. એરંડ ફળ અને અગ્નિજ્વાલાનું અહીં દૃષ્ટાંત છે. - x - x - હવે નિર્મયદ્વાર કહે છે-

● ભાષ્ય - ૫૪, ૫૫ - વિવેચન

જીવ છે તે અમય છે. એટલે બીજી વસ્તુનો બનેલો નથી શા માટે? તેનું કોઈ કારણ નથી. જેમ આકાશ. સમય અને વસ્તુ અનિત્ય છે, તે બતાવે છે. જેમ કે - માટીનો ઘડો. પણ આત્મા તેવો નથી. તેથી તે અનિત્ય નથી. - x - x - હવે સાફલ્યદ્વાર કહે છે - નિત્ય અનિત્ય જ પરિણામમાં જીવ છે એમ જાણવું. બીજા કાળમાં ફળ આપનારું લક્ષણ તે સાફલ્ય છે. કોને? કુશલ અકુશલ કર્મોનું. કાળ ભેદથી કર્તા અને ભોક્તાના પરિણામ ભેદ છતાં આત્માને તે બંનેની ઉત્પત્તિ થાય છે. એટલે કર્મોનું ફળ કાળાંતરે જીવને મળે છે - x - સાફલ્ય દ્વાર કહ્યું હવે પરિણામદ્વાર કહે છે :-

● ભાષ્ય - ૫૬, ૫૭ - વિવેચન

જીવનું પરિણામ વિસ્તારથી લઈએ તો લોક પ્રમાણ છે. જે કેવળી સમુદ્ઘાતના ચોથા સમયે કેવલીને હોય છે. ત્યારે અવગાહના સૂક્ષ્મ બની આકાશના એકૈક આત્મપ્રદેશે ફેલાય છે. તે જીવના પ્રદેશ અસંખ્યાત છે, તે લોકાકાશ પ્રદેશ તુલ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક જીવોનું ગણના પરિમાણ કહે છે - પ્રસ્થ વડે અથવા ચાર કૂડ વડે કોઈ વ્રીહી આદિ અનાજ માપે, તે અસત્ ભાવથી સ્થાપતા અનંતા લોક થાય, તે પ્રમાણે એક એક જીવને જૂદો મૂક્તા અનંતાલોક થાય. - x - x - પરિમાણ દ્વાર કહેતાં જીવપદ પૂરૂં થયું. હવે નિકાય પદ કહે છે -

● નિર્યુક્તિ - ૨૨૯ - વિવેચન

નામ, સ્થાપના સુગમ છે. શરીર કાય તે જ શરીર છે. તેના પ્રાયોગ્ય અણુના સમુદાયરૂપ છે. ગતિકાય - જે બીજા ભવની ગતિમાં જાય છે, તે તૈજસ અને કાર્મણ લક્ષણ છે. નિકાયકાય તે છ જીવનિકાય. અસ્તિકાય - ધર્માસ્તિકાયાદિ. દ્રવ્યકાય - ત્રણ આદિ ઘટનો સમુદાય. માતૃકાકાય - ત્રણ વગેરે માતૃકા અક્ષર. પર્યાયકાય - જીવ અને અજીવ ભેદથી છે. જીવ પર્યાયકાય - જ્ઞાનાદિ સમુદાય, અજીવ પર્યાયકાય - રૂપ આદિ સમુદાય. સંગ્રહકાય - સંગ્રહના એક શબ્દ વાચ્ય ત્રિકટુકાદિ સમાન. ભારકાય - કાપોતી. - x - તેનું દૃષ્ટાંત :- એક કાપોતી તળાવમાંથી પાણી ભરે છે. બે ઘડા લઈને નીકળ્યો, ઠોકર ખાતાં એક ઘડો ભાંગ્યો. તેમાંનો અપ્કાય મરી ગયો. બીજાં ઘડામાં જીવે છે, તેના અભાવમાં તે પણ ભાંગ્યો. તેથી લોકમાં કહેવાયું કે પહેલા મરેલાએ બીજાને માર્યો. ભાવકાયમાં ઔદયિકાદિ સમુદાય છે. અહીં નિકાય તે કાયના અર્થમાં છે.

● નિર્યુક્તિ - ૨૩૦ - વિવેચન -

હવે ફરી સૂત્રનો યોગ છે. તેમાં અધિકાર નિકાય કાય વડે છે. અધિકાર - પ્રયોજન. શેષ નિકાયનું બતાવવું વ્યર્થ છે ? તે શંકાના નિવારણ માટે કહે છે - અર્થની તુલનાવાળાનું કહેવું. તે વ્યુત્પત્તિ હેતુપણાથી અને પ્રદેશાંતરના ઉપયોગીપણાથી કહેલ છે. નિકાયપદ કહ્યું.

હવે સૂત્રાલાપક નિષ્પન્નનો અવસર છે - x - તેથી સૂત્ર કહે છે -

● સૂત્ર - ૩૨/૨

*તે છ જીવનિકાય અધ્યયન કેવું છે? જે કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવંત મહાવીર દ્વારા પ્રવેદિત, સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે. જે ધર્મ પ્રજ્ઞપ્તિનું અધ્યયન મારે શ્રેયસ્કર છે? તે આ છે - પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક. શસ્ત્ર પરિણત સિવાય પૃથ્વી સચિત્ત છે, તે અનેક જીવો અને પૃથક્ સત્વો વાળી છે. આ પ્રમાણે શસ્ત્ર પરિણતને છોડીને અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય સજીવ કહેલી છે. તે અનેક જીવો અને પૃથક્ સત્વો વાળી છે. વનસ્પતિકાયના પ્રકાર આ છે - અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ, બીજરુહ, સંમૂર્છિમ, તૃણ અને લતા. શસ્ત્ર પરિણત સિવાય આ વનસ્પતિકાયિક જીવ બીજ પર્યન્ત સચેતન કહેવાયેલ છે. તે અનેક જીવ છે અને પૃથક્ સત્વો વાળા છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***જે આ અનેક પ્રકારના ત્રસ પ્રાણી છે, તે આ પ્રમાણે છે - અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્છિમજ, ઉદ્‌ભિજ્જ અને ઔપપાતિક. જે કોઈ પ્રાણિમાં અભિક્રમણ, પ્રતિક્રમણ, સંકુચિત, પ્રસારિત, શબ્દ કરવો, ભ્રમણ કરવું, ત્રસ્ત થવું, ભાગવું આદિ ક્રિયાઓ થાય તથા જે આગતિ અને ગતિના વિજ્ઞાતા હોય જે કીટ, પતંગ, કુંથુ, કીડી છે, તે બધાં બે ઇંદ્રિયો, બધાં તેઇંદ્રિયો, બધાં ચઉરિંદ્રિયો બધાં પંચેન્દ્રિયો, બધાં તિર્યચયોનિક. બધાં નારક, બધા મનુષ્યો, બધાં દેવો અને બધાં પ્રાણી પરમ સુખ સ્વભાવવાળા છે. આ છઠ્ઠો જીવનિકાય ત્રસકાય કહેવાય છે.***

● વિવેચન - ૩૨ -

સંભળાય તે શ્રુત - પ્રતિ વિશિષ્ટ અર્થ પ્રતિપાદન ફળ વાળું વાગ્યોગ માત્ર ભગવંતે કહેલ વચન પોતાના કર્ણમાં પ્રવેશેલ અને ક્ષાયોપશમિક ભાવે પરિણામને પ્રગટ કરનાર કારણ તે શ્રુત કહેવાય છે. તે શ્રુત - અવધૃત - અવગૃહીત એ એકાર્થક પર્યાયો છે. સૂત્રમાં મયા શબ્દ આત્મ પરામર્શ છે. હે આયુષ્યમાન્ ! આમંત્રણ છે, તે સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે. તે ભગવંતે સમોસરણમાં કહેલ, તે મેં સાંભળેલ. ભગ - સમગ્ર ઐશ્વર્યાદિ રૂપ છે. - x - તે જેને હોય તે ભગવાન્ - વર્ધમાન સ્વામી. તેઓએ કેવલજ્ઞાન પામીને આ કહેલ છે :-

આ 'છ જીવનિકાય' નામે અધ્યયન છે. આ લોક કે પ્રવચનમાં, અન્ય તીર્થંકરના પ્રવચનમાં છ જીવનિકાયનો અર્થ બધે સમાન છે. "મેં સાંભળેલ છે" આના વડે - આત્મ પરામર્શથી એકાંત ક્ષણભંગ દૂર કરવા કહે છે. તે ક્ષણ ભંગમાં આ પ્રમાણે અર્થની ઉત્પત્તિ થાય - x -. હે આયુષ્યમાન્ ! ઉત્તમ ગુણથી બનેલ આમંત્રણ વચન વડે ગુણવાળા શિષ્યને આગમનું રહસ્ય આપવું, પણ ગુણરહિતને ન આપવું, તે તેની અનુકંપાની પ્રવૃત્તિ છે. આ સિદ્ધાંતનું રહસ્ય તુચ્છ બુદ્ધિવાળાનો નાશ કરે છે. વળી આયુ તે પ્રધાન ગુણ છે. આયુ લાંબુ હોય તો પોતે પહેલાં ભણી પછી શિષ્યોને ભણાવી પરંપરા ચાલુ રાખે. "તે ભગવંતે કહ્યું" એ વચનથી એમ સૂચવેલ છે કે - મેં મતિ કલ્પનાથી કહ્યું તેમ નહીં, પણ શાસ્ત્ર પારતંત્ર્ય દર્શાવેલ છે. અસર્વજ્ઞે અને આત્મજ્ઞાન વિમુખ પુરુષે આત્માનો ઉલટો, સમ્યક્ રીતે અવિચારીત, પરલોક સંબંધી ઉપદેશ ન આપવો. કેમકે તેથી વિપર્યયનો સંભવ છે. - x -

હવે સૂત્રના એક દેશને બીજી રીતે કહે છે -

આઉસંતેણ૦ એ ભગવંતનું વિશેષણ છે. આયુષ્યવાળા ભગવંત અર્થાત્ 'ચીરંજીવ' એ મંગળ વચન છે. અથવા જીવિત ભગવંતે સાક્ષાત્ કહ્યું છે. આ વચન વડે ગણધરો દ્વારા પરંપરાગમ થયું. જીવન વિમુક્ત અનાદિ શુદ્ધ બોલનારનો અપોહ કહ્યો. કેમકે દેહાદિ અભાવે તથાવિધ બોલવાના પ્રયત્નનો અભાવ થાય. - x - અથવા 'આવસંતેણ' અર્થ લેતા ગુરુના ચરણમાં વસતા, આના વડે શિષ્યએ સદા ગુરુ ચરણ સેવી થયું તે કહ્યું છે. તેથી જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે. અથવા આમુસંતેણ પાઠ લેતા -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવંતના ચરણ યુગલને મસ્તક વડે સ્પર્શતા મેં સાંભળ્યું. આના વડે વિનય પ્રતિપત્તિ કહી. કેમકે વિનય એ મોક્ષનું મૂળ છે. - x -

આ છ જીવનિકાય કોણે પ્રવેદિત કે પ્રરૂપિત કર્યું છે? શ્રમણ એટલે મહાતપસ્વી, ભગવતા - સમગ્ર ઐશ્વર્યાદિયુક્ત, મહાવીર - કષાય આદિ શત્રુનો જય કરવાથી મહા વિક્રાંત. મહાન્ એવા વીર તે 'મહાવીર' તે કાશ્યપ ગોત્રીય વીરે કહ્યું છે. બીજે ક્યાંયથી સાંભળીને જાણેલ નથી, પણ સ્વયં જ કેવળજ્ઞાનના પ્રકર્ષ વડે જાણેલ છે. તથા દેવ-મનુષ્ય-અસુરોની પર્ષદામાં સારી રીતે કહેલ છે. જેમ છે તેમ જ કહેલ છે. સૂક્ષ્મ પરિહારના આસેવન વડે પ્રકર્ષથી સમ્યગ્ આસેવિત છે. - x - આવા 'છ જીવનિકાય' અધ્યયનને ભણતાં મારું કલ્યાણ છે. મમ - આત્માનું. ભણવું - સાંભળવું - ભાવવું એકાર્થક છે. - x - અધ્યયનપણાથી આત્માને અંદર લાવવો, તે ચિત્તની વિશુદ્ધિ પ્રાપ્તિથી થાય. ધર્મપ્રજ્ઞપ્તિ - ધર્મનું જણાવવું તે. ધર્મ ને જણાવવાના કારણથી ચિત્તની વિશુદ્ધિ થાય. વિશુદ્ધિ થવાથી ભણવું તે આત્માને શ્રેયસ્કર છે. - x - x -

અભિમાન છોડીને સંવિગ્ન શિષ્યએ બધાં કાર્યોમાં ગુરુને પૂછવું અને ગુરૂએ ગુણવાન્ શિષ્યને ઉપદેશ આપવો. તે આ પ્રમાણે - પૃથ્વી વગેરે ઉદાહરણ બતાવવા માટે છે. પૃથ્વી - કાઠિન્ય લક્ષણ વાળી, પ્રસિદ્ધ છે. તે જ કાયા - શરીર જેનું છે, તે પૃથ્વીકાય. તે જ પૃથ્વીકાયિક જીવ છે. આપ - દ્રવ્ય રૂપ છે, તે જેનું શરીર છે તે અપ્કાયિક. એ પ્રમાણે તેજ - ઉષ્ણ લક્ષણ છે, વાયુ - ચલનધર્મવાળો પ્રસિદ્ધ છે. વનસ્પતિ - લતા આદિ રૂપ. એ પ્રમાણે ત્રાસ પામવાના સ્વભાવવાળા તે ત્રસ. કાય - શરીર, જેને છે તે ત્રસકાયિક અહીં બધાં જીવોના આધારપણે હોવાથી પહેલાં પૃથ્વીકાયિક પહેલો કહ્યો. પૃથ્વી ઉપર પાણી રહે છે, માટે અપ્કાયિક બીજો કહ્યો. પાણીના પ્રતિપક્ષ અગ્નિ હોવાતી તેઉકાયિક ત્રીજો કહ્યો છે. અગ્નિનો ઉપકારી હોવાથી પછી વાયુકાયિક કહ્યો. વાયુ વૃક્ષોની શાખાના કંપનથી વનસ્પતિકાય પાંચમે કહ્યો. વનસ્પતિને ત્રસ જીવોનું ઉપગ્રહકત્વ છે, તેથી ત્રસકાય કહ્યો.

હવે વિપ્રતિપત્તિના નિરાસ માટે ફરી કહે છે - પૃથ્વી જે ઉક્ત લક્ષણ છે, તે સજીવ - ચેતનાવંત છે. અહીં 'માત્ર' શબ્દ સ્તોકવાચી છે. જેમકે - સરસવના ત્રીજા ભાગ માત્ર છે. અર્થાત્ તેનું થોડું જ જ્ઞાન છે. કેમકે તેને પ્રબળ મોહના ઉદયથી બધાંથી થોડું ચૈતન્ય એકેન્દ્રિય જીવોને છે. તેનાથી કંઈક અધિક બેઇંદ્રિયાદિને છે. એમ સર્વજ્ઞએ કહેલ છે. તેમાં અનેક જીવો છે, એક જીવ નથી. વૈદિક મતે પૃથ્વી એક જીવ છે. પણ સ્વમતે પૃથ્વીમાં અનેક જીવો છે. ઇત્યાદિ - x - x - શસ્ત્ર વડે પરિણત પૃથ્વી સિવાયની અન્ય પૃથ્વી સચિત્ત - જીવવાળી જાણવી. પૃથ્વીનું શસ્ત્ર શું છે? તે દ્રવ્ય અને ભાવ બે ભેદે શસ્ત્ર કહેલ છે -

### • નિર્યુક્તિ - ૨૩૧ - વિવેચન

દ્રવ્ય એ દ્વાર પરામર્શ છે. તેમાં દ્રવ્યશસ્ત્ર તે ખડ્ગ આદિ છે, અગ્નિ, વિષ, સ્નેહ, ખરાશ પ્રસિદ્ધ છે. અહીં ક્ષાર તે કરીરાદિથી ઉત્પન્ન છે. લવણ - પ્રસિદ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ શબ્દથી કરીષ - છાણ આદિ લેવા. દ્રવ્ય શસ્ત્ર કહ્યું. હવે ભાવશસ્ત્ર કહે છે - ભાવથી દુષ્પ્રયુક્ત વચન - કાયા અને અવિરતિ તે ભાવ શસ્ત્ર છે. તેમાં દુષ્પ્રયુક્ત શબ્દથી દ્રોહ, અભિમાન, ઇર્ષ્યા આદિ લક્ષણ મનો દુષ્પ્રયોગ લેવો. વાગ્દુષ્પ્રયોગ તે હિંસ્ર - પરુષાદિ વચન, કાય દુષ્પ્રયોગ તે દોડવું, કુદવું. અવિરતિ તે પ્રાણાતિપાતાદિ પાપ સ્થાનક પ્રવૃત્તિ. આ બધાં કર્મબંધ નિમિત્તપણે હોવાથી ભાવશસ્ત્ર છે.

અહીં ભાવશસ્ત્ર નહીં પણ દ્રવ્યશસ્ત્રથી અધિકાર છે, તે આ છે -

**• નિર્યુક્તિ - ૨૩૨ - વિવેચન**

કંઈક સ્વકાય શસ્ત્ર છે. જેમકે કાળી માટીનું શસ્ત્ર લીલી માટી છે. એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ ભેદમાં પણ શસ્ત્ર યોજના કરવી. તથા કંઈક પરકાય શસ્ત્ર છે. જેમકે - પૃથ્વી તે પાણી, અગ્નિ, આદિ કે અગ્નિ, પાણી આદિ પૃથ્વીના શસ્ત્ર છે. કેટલાંક ઉભય શસ્ત્ર હોય છે. જેમકે - કાળી માટી જળના સ્પર્શ, ગંધાદિથી ધોળી માટીનું શસ્ત્ર થાય છે. કાળી માટીનું મેલું પાણી તે કાળી માટી તથા ધોળી માટીનું શસ્ત્ર થાય છે. આ દ્રવ્ય શસ્ત્ર કહ્યું : 'તુ' શબ્દથી અનેક પ્રકારના દ્રવ્ય શસ્ત્ર જાણવા. ભાવદ્વારમાં અસંયમ તે ચારિત્રનું શસ્ત્ર છે.

એ પ્રમાણે પરિણત પૃથ્વીમાં ઉચ્ચારાદિ કરવાથી જીવહિંસા થતી નથી. તેથી અહિંસાપણાનો સાધુ ધર્મ થાય છે. આ આગમ પ્રમાણ છે. અનુમાન પણ અહીં વિદ્યમાન છે. જેમકે જીવસહિત પરવાળા આદિ પૃથ્વીના બનેલા છે. આ પ્રમાણે - x - પૃથ્વીકાયનું જીવત્વ સિદ્ધ થયું. - x - આગમ જ આપ્તવચન છે. હેતુના અભાવે વીતરાગ અસત્ય વચન ન બોલે. એ પ્રમાણે અપ્. તેઉ. વાયુ અને વનસ્પતિને સચિત્ત જાણવા. પાણી સજીવ છે. જમીનમાં ખોદવાના સ્વભાવથી દેડકાં માફક કુદીને ઉંચે આવે છે. સજીવ અગ્નિ આહાર વડે બાળક માફક વૃદ્ધિ પામે છે. ઇત્યાદિ - x -

હવે વનસ્પતિજીવ વિશેષ કહે છે -

તે આ પ્રમાણે - અગ્ર બીજ જેમાં છે, તેવા કોરંટાદિ જાણવા. મૂલ તે જ બીજ જેમાં છે તેવા ઉત્પલ કંદાદિ, પર્વ તે બીજ જેમાં છે તે - શેરડી વગેરે. સ્કંધ, બીજ જેમાં છે તે - શલ્લકા આદિ, બીજ વાવતા ઉગે તે બીજ રૂહ સંમૂર્છિમ - પ્રસિદ્ધ બીજ અભાવથી પૃથ્વી-વર્ષાદિથી ઉદ્ભવેલ તૃણાદિ. - x - તૃણલતાનું ગ્રહણ પોતાની જાતિના અનેક ભેદબતાવે છે. વનસ્પતિકાયિકનું ગ્રહણ સૂક્ષ્મ અને બાદરાદિ ભેદના સંગ્રહ માટે છે. આના વડે પૃથ્વી-પાણી-તેઉ આદિના પણ પોતાની જાતિના અનેક ભેદ સમજી લેવા. બીજવાળા સચિત્ત કહ્યા. (શંકા) બીજજીવ, મૂલ આદિ જીવ છે કે બીજા તેમાં આવીને ઉત્પન્ન થાય છે? તે કહે છે -

**• નિર્યુક્તિ - ૨૩૩ - વિવેચન**

બીજ તે યોનિ થયેલ છે. બીજ બે પ્રકારે - (૧) યોનિભૂત, (૨) અયોનિભૂત અથવા અવિધ્વસ્તયોનિ અને વિધ્વસ્તયોનિ. અનુક્રમે તે ઉગવા માટે સમર્થ કે અસમર્થ છે. તેમાં યોનિભૂત તે સચિત્ત અને અચિત્ત છે. અયોનિભૂત તે નિયમા અચેતન છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમકે અબીજત્વ થી તેમાં ઉત્પત્તિ અસંભવ છે. યોનિ અવસ્થા બીજ - યોનિના પરિણામને તજતાં નથી. કેમ કે તેમાં જીવ આવીને ઉગે છે. તે જ પૂર્વનો બીજ જીવ છે. બીજ નામ ગોત્ર કર્મ વેદીને મૂલ આદિ નામગોત્ર બાંધીને કે બીજો પૃથ્વીકાયિક આદિજીવ એ જ પ્રમાણે છે. મૂળમાં જે જીવ છે, તે જ મૂળ પણે પરિણમે છે. તે પણ પહેલાં પાંદડા પણે પરિણમે છે. તેથી એક જીવ મૂળપ્રથમપત્ર કર્તા છે.

(શંકા) સર્વ કિશલય ઉગતા અનંતકાય છે, તે વિરુદ્ધ કેમ ન થાય? અહીં બીજ જીવ પોતે કે અન્ય જીવબીજના મૂળપણે ઉત્પન્ન થઈને ઉચ્છૂન અવસ્થા કરે છે, પછી કિસલય અવસ્થા કરે છે, તે સમયે નિયમથી અનંતજીવો ઉત્પન્ન કરે છે. ફરીથી સ્થિતિ ક્ષય થવાથી બધાં જીવો પરિણત થયા પછી આ એકલો મૂળ જીવ અનંત જીવોના શરીરને પોતાના શરીરપણે કરીને એટલો મોટો થાય છે કે જે પ્રથમ પત્ર ગણાય. બીજા કહે છે કે આ બીજની સમૂચ્છનાવસ્થા નિયમ - પ્રદર્શન માટે છે, અવશ્ય તેવું જ છે તેમ નહીં. ઇત્યાદિ - x - x - આ જ વાતને ભાષ્યકાર કહે છે -

**● ભાષ્ય - ૫૮, ૫૯ - વિવેચન**

જીવોની બે યોનિ જાણવી - વિધ્વસ્ત અને અવિધ્વસ્ત. તેમાં અવિધ્વસ્ત યોનિમાં તે જ અથવા અન્ય જીવ ઉગે છે. મૂળમાં જે બીજનો કે અન્ય જીવ વર્તે છે તે પહેલાં પત્ર સુધી એક જ જીવ છે. કંદથી બીજ સુધી બીજાં જીવો બનાવે છે. તે વનસ્પતિ જીવો જ છે. બાકી પૂર્વવત્ - x -.

**● ભાષ્ય - ૬૦ - વિવેચન**

સૂત્રમાં સ્પર્શ કરનાર જે કહેલ લક્ષણ પૃથ્વીકાયાદિમાં છે, તે યથાક્રમે અનુયોગધર આચાર્ય બોલે જ. કેવળ સૂત્રસ્પર્શ લક્ષણ ન કહે પરંતુ અધ્યયન અર્થોને પૂર્વોક્ત પાંચ જીવાજીવાભિગમાદિને પ્રકરણ પદ, વ્યંજન અને વિશુદ્ધ અર્થોને બોલે. તે સૂત્ર જ જીવોનું અભિગમ દરેક કાયમાં છે, તેના વડે પાંચ સંખ્યાનું ગ્રહણ કર્યું. અન્યથા અહીં છ અર્થાધિકાર છે. જેમાં અર્થોને કરાય તે પ્રકરણ. વિભક્તિ અંતે હોય તે પદ. ક આદિ વ્યંજન છે. એ વ્યજંન વડે વિશુદ્ધ બોલે. હવે ત્રસનો અધિકાર કહે છે -

અનેક બેઇંદ્રિયાદિ ભેદ વડે એકૈક જાતિમાં ઘણાં ત્રસ જીવો છે. ત્રાસ પામે તે ત્રસ. ઉચ્છ્વાસાદિ પ્રાણ, તે જેમાં વિદ્યમાન છે, તે પ્રાણી. આ નિશ્ચે છટ્ઠો જીવનિકાય છે. તે ત્રસકાય કહેવાય છે. તેમાં ઇંડાથી જન્મે તે અંડજ - પક્ષી, ગરોળી વગેરે. પોતથી જન્મે તે પોતજ. જેમકે - હાથી, વલ્ગુલી, ઇત્યાદિ. જરાયુથી વીંટાઈને જન્મે તે જરાયુજ-ગાય, ભેંસ, મનુષ્યાદિ. રસથી જન્મે તે રસ જ - છાસ, ઓસામણ, દહીં આદિમાં કૃમિ આકાર વાળા અતિ સૂક્ષ્મ જીવો થાય છે. પરસેવાથી જન્મે તે સંસ્વેદજ - માંકડ, જૂ આદિ. સંમૂર્છનથી જન્મેલ તે સંમૂર્છનજા - શલભ, કીડી આદિ ઉદ્‌ભેદથી જન્મે તે ઉદ્‌ભિજ્જા - પતંગ, ખંજરીટ આદિ. ઉપપાતથી જન્મે તે ઉપપાતજા અથવા ઔપપાતિક - દેવો અને નારકો. તેમનું જ લક્ષણ કહે છે - જે કોઈને સામાન્યથી જ જીવોનું અભિક્રાંત થાય છે અર્થાત્ બોલનારની સામે આવવું. પ્રતિક્રમણ - પ્રજ્ઞાપકથી પાછું ફરવું. સંકુચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- ગાત્ર સંકોચ કરણ પ્રસારણ - ગાત્રોને પહોળા કરવા. રવણ - શબ્દ કરણ, ભ્રમણ - આમ તેમ ફરવું. ત્રસન - ત્રાસ પામવો, પલાયન - ક્યાંક નાસી જવું. આગત - ક્યાંકથી કોઈ વખતે આવવું. એ બધાંને જાણનાર.

અભિક્રાંત અને પ્રતિક્રાંત બંનેનો આગતિ અને ગતિથી ભેદ નથી. છતાં વિજ્ઞાન વિશેષ બતાવવા જૂદા કહ્યા - અમે જેમ આવીએ છીએ અને પાછા જઈએ છીએ તે જ ત્રસ જીવ છે. બેઇંદ્રિયોને પણ - x - હેતુ સંજ્ઞાથી આ સમજણ છે. તેઓ બુદ્ધિપૂર્વક છાયાથી તાપમાં કે તાપથી છાયામાં જાય છે. જ્યારે વેલડીનું વૃક્ષે ચડવું તે માત્ર ઓધ સંજ્ઞા છે. હવે ત્રસના ભેદો કહે છે -

કીડાના ગ્રહણથી બેઇંદ્રિયો લેવા. - x - 'પતંગ' શબ્દથી બધાં ચઉરિન્દ્રિયો લેવા. કીડા આદિથી તેઇંદ્રિયો લેવા. - x - x - બધાં પંચેન્દ્રિયો સામાન્યથી તથા વિશેષથી છે. તેમાં તિર્યંચયોનિકો - ગાય આદિ છે. બધાં નારકો - રત્નપ્રભા નારકાદિ ભેદથી છે. મનુષ્યો - કર્મભૂમિજાદિ છે. દેવો - ભવનવાસી આદિ છે. અહીં સર્વ શબ્દ બધાં ભેદોનું ત્રસત્વ જણાવે છે. આ જ બધાં જીવો ત્રસકાય છે, પણ એકેન્દ્રિય માફક ત્રસ અને સ્થાવર નથી. આ બધાં બેઇંદ્રિયાદિ અને પૃથ્વી આદિ સુખના અભિલાષી છે. માટે તેમને દુઃખ ન આપવું. આ છ એ જીવનિકાયનો સ્વયં દંડ - હિંસા ન કરે.

આ છટ્ઠો - તે ત્રસકાય, બધાં તીર્થંકરાદિ એ પ્રકર્ષથી કહેલ છે. વિદ્યમાન કર્તૃક આ શરીર છે, કેમકે ઘડા માફક પહેલાથી પ્રતિનિયત આકારવાળું છે. - x - x -

અહીં પૂર્વાચાર્યો આ પ્રમાણે કહે છે -

આ નિશ્ચે છટ્ઠો જીવનિકાય ત્રસકાય કહેવાય છે. આ તે જીવાભિગમ કહ્યો. હવે અજીવાભિગમ કહે છે - અજીવ બે ભેદે છે - પુદ્ગલ અને નોપુદ્ગલ. પુદ્ગલો છ ભેદે છે - સૂક્ષ્મસૂક્ષ્મ, સૂક્ષ્મ, સૂક્ષ્મબાદર, બાદરસૂક્ષ્મ, બાદર, બાદર બાદર, સૂક્ષ્મસૂક્ષ્મ તે પરમાણુ પુદ્ગલ લેવા. સૂક્ષ્મ - બે પ્રદેશથી સૂક્ષ્મ પરિણામ પામેલા સુધીના અનંત પ્રદેશી સ્કંધને જાણવા. સૂક્ષ્મ બાદર - ગંધ, પુદ્ગલ લેવા. બાદર સૂક્ષ્મમાં વાયુકાયના શરીર લેવા. બાદર બાદરમાં અગ્નિ, વનસ્પતિ, પૃથ્વી, ત્રસ શરીર લેવા. અથવા પુદ્ગલો ચાર ભેદે છે - સ્કંધ, સ્કંધદેશ, સ્કંધ પ્રદેશ, પરમાણુ, આ પુદ્ગલાસ્તિકાય સમજવાનો કહ્યો. નોપુદ્ગલાસ્તિકાય ત્રણ ભેદે છે, તે આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય. તે અનુક્રમે ગતિ, સ્થિતિ, અવગાહ લક્ષણવાળા છે. આના સંગ્રહ માટે ચાર ગાથા કહેવાઈ છે.

● સૂત્ર - ૩૩

***આ છ જીવનિકાયોનો સ્વયં દંડ સમારંભ ન કરે, બીજા પાસે દંડ સમારંભ ન કરાવે, દંડ સમારંભ કરનાર બીજાને અનુમોદે નહીં. હે ભગવન્! જાવજ્જીવને માટે ત્રણ કરણ અને ત્રણ યોગથી, મન-વચન-કાયાથી, હું (હિંસા) કરુ નહીં, કરાવું નહીં. કરનાર અન્યને સારા જાણું નહીં. હે ભગવન્! હું (તે હિંસા ને) પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હું છું, આત્માને વોસિરાવું છું.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● વિવેચન - ૩૩ -

જીવાભિગમ કહ્યો. હવે ચારિત્ર ધર્મ કહે છે - બધાં પ્રાણી સુખને વાંછે છે. આ હેતુથી આ છ જીવનિકાયોને જાતે - પોતે ન દંડે અર્થાત્ સંઘટ્ટન, પરિતાપના આદિ રૂપમાં ન પ્રવર્તે. બીજા ચાકર આદિ પાસે તેવો દંડ ન અપાવે. તેવા દંડ આપનાર બીજા પ્રાણીની અનુમોદના ન કરે. આ (પ્રમાણે દુઃખ ન આપવું) તે ભગવદ્ વચન છે. એમ હોવાથી જીવન પર્યન્ત તેનો ત્યાગ કરે. એ પ્રમાણે કહેલા વચનને સમ્યક્ પણે સ્વીકારીને, જાવજ્જીવને માટે ત્યાગ કરે. કઈ રીતે? કરવું આદિ રૂપ ત્રણ પ્રકારે અને ત્રણ ભેદે કરણથી, તે આ રીતે - મનથી, વચનથી, કાયાથી આનું સ્વરૂપ પ્રસિદ્ધ જ છે. આ કરણનું કર્મ ઉક્તલક્ષણ 'દંડ' છે. તે વસ્તુતઃ નિરાકાર્યતાથી સૂત્રમાં જ કહેલ છે - હું સ્વયં કરું નહીં, બીજા પાસે કરાવું નહીં, બીજા કરનારને અનુમોદું નહીં.

તેનું - ઉક્ત દંડ અર્થાત્ હિંસાનો સંબંધ છે. ત્રિકાળ વિષયક દંડ, તેના સંબંધી અતીત અવયવને હું પ્રતિક્રમુ છું. વર્તમાન કે ભાવિ સંબંધી નહીં. કેમકે અતીતનું જ પ્રતિક્રમણ થાય. વર્તમાનનું સંવરણ અને ભાવિનું પ્રત્યાખ્યાન કરું છું. ભદંત - એ ગુરુને આમંત્રણ છે. ભદંત એટલે ભવનો કે ભયનો અંત કરનાર થાય છે. અને આ ગુરુની સાક્ષીથી જ સાધુને વ્રતનો સ્વીકાર છે તે જણાવે છે. પ્રતિક્રમાત્તિ - હું જીવોને દંડ દેવાથી નિવર્તુ છું. એમ કહ્યું. તેથી "પાપની અનુમતિથી વિરમણ" એવો અર્થ થાય. નિંદા - આત્મ સાક્ષીથી, ગર્હા - જુગુપ્સા. અતીત - ભૂતકાળમાં દંડ કરનારને અશ્લાઘ્ય જાણીને વિવિધ કે વિશેષ અર્થવાળા વિ શબ્દ, ઉત્ શબ્દ - અતિશય અર્થમાં છે, સૃજામિ એટલે છોડું છું. તેથી હું વિવિધ કે વિશેષ પ્રકારે અતિશય - સર્વથા પાપોનો ત્યાગ કરું છું.

(શંકા) આ રીતે પૂર્વના પાપોના દંડનું પ્રતિક્રમણ માત્ર આ સૂત્રમાં બતાવ્યું. વર્તમાન પાપોનું સંવરણ અને ભાવિનું પ્રત્યાખ્યાન કેમ ન બતાવ્યું? (સમાધાન) ના, તેમ નથી. ન કરોમિ. ઇત્યાદિ વડે તદુભય સિદ્ધ છે.

● સૂત્ર - ૩૪ -

***ભગવન્ ! પહેલાં મહાવ્રતમાં પ્રાણાતિપાતથી વિરમણ. ભગવન્ ! હું સર્વ પ્રકારના પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું. તે સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર (જે કોઈ પ્રાણી છે તેના) પ્રાણોનો અતિપાત - હિંસા સ્વયં ન કરું, બીજા પાસે પ્રાણોનો અતિપાત ન કરાવું, પ્રાણનો અતિપાત કરનારને અનુમોદુ નહીં. જાવજ્જીવને માટે ત્રિવિધ - ત્રિવિધે (અર્થાત્) મન - વચન - કાયાથી હું (પ્રાણાતિપાત) કરું નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદું નહીં. ભગવન્ ! હું તે (પ્રાણતિપાત) ને પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હુ છું અને (પાપકર્મ કર્તા) આત્માનો ત્યાગ કરું છું.***

***ભગવન્ ! હું પહેલાં મહાવ્રત (પાલન) માટે ઉપસ્થિત થયો છું. સર્વથા પ્રાણાતિપાતથી વિરમું છું.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● **વિવેચન - ૩૪ -**

આ આત્માના સ્વીકારને યોગ્ય દંડનિક્ષેપ છે. તે સામાન્ય અને વિશેષરૂપ છે. સામાન્ય તે ઉક્ત લક્ષણ અને વિશેષ તે પાંચ મહાવ્રત રૂપે અંગીકાર કરવો જોઈએ. તેથી મહાવ્રતો કહે છે - સૂત્રક્રમના પ્રામાણ્યથી પહેલાં પ્રાણાતિપાત વિરમણ લીધું. મહાવ્રત - શ્રાવકનો અણુવ્રતની અપેક્ષાથી મહાન્, એવું તે વ્રત. આ વ્રતના ૧૪૭ ભંગો છે. તે આગળ કહીશું. પ્રાણ - બે ઇંદ્રિયાદિ, પ્રાણાતિપાત - જીવને મહા દુઃખ ઉપજાવવું તે. પણ જીવ અતિપાત નથી જ. તે પ્રાણાતિપાતથી વિરમણ. વિરમણ - સમ્યગ્ જ્ઞાન શ્રદ્ધાપૂર્વક સર્વથા નિવર્તવું તે. ભગવંતોક્ત હોવાથી આ ઉપાદેય છે, એમ નિશ્ચય કરીને - હું સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું. સર્વ - સંપૂર્ણ, સ્થૂળ નહીં. પ્રત્યાખ્યામિ - તેમાં પ્રતિ - નિષેધ, આ - આભિમુખ્ય, ખ્યા - કહેવું. "હું પાપ ન કરવા રૂપ પ્રત્યાખ્યાન કરું છું. અથવા સંવૃતાત્મા હાલ અનાગતનો નિષેધ અને આદરથી અભિધાન કરું છું. આના વડે વ્રતાર્થ - પરિજ્ઞાનાદિ ગુણયુક્ત ઉપસ્થાનને યોગ્ય છું, તે કહે છે - x - x - શસ્ત્ર પરિજ્ઞા કે દશવૈકાલિકનું છ જીવનિકાય ભણીને, અર્થથી કહેવાયા પછી, શિષ્ય સમજ્યો છે, તેની સમ્યક્ પરીક્ષા કરીને, શિષ્ય છ જીવનિકાયને (દુઃખ દેવાનું) મન - વચન - કાયા વડે, કૃત - કારિત - અનુમોદથી પરિહરે, પછી ઉપસ્થાપના કરે. તે સિવાય નહીં.

અહીં પટ આદિના દૃષ્ટાંતો છે. જેમ મેલું કપડું ન રંગાય પણ ધોયેલું રંગાય, જમીન શુદ્ધિ કર્યા પછી મહેલનો પાયો નાંખે ઇત્યાદિ - x - એ પ્રમાણે ભણેલ અને કહેલ અર્થને સમજનારા શિષ્યમાં વ્રતનું આરોપણ કરાય છે, તે સિવાય નહીં. પરીક્ષા કર્યા વિના વ્રતારોપણથી ગુરુને દોષ લાગે. પરીક્ષ્યા પછી શિષ્ય બરાબર ન પાળે તો શિષ્યનો દોષ છે.

હું પ્રાણાતિપાતને પચ્ચક્ખું છું. તેને જ વિશેષથી કહે છે - સૂક્ષ્મ - 'અલ્પ' અર્થ લેવો, સૂક્ષ્મ નામ કર્મોદયથી સૂક્ષ્મ ન લેવું. તેની કાયાનું વ્યાપાદન અસંભવ છે. બાદર - સ્થૂળ, તે પ્રત્યેકના બે ભેદ - ત્રસ અને સ્થાવર. સૂક્ષ્મત્રસ - કુંથુ આદિ, સ્થાવર - વનસ્પતિ આદિ. બાદરત્રસ - ગાય આદિ, સ્થાવર - પૃથ્વી આદિ. એ બધાં જીવોનો હું સ્વયં અતિપાત કરું નહીં, બીજા વડે અતિપાત કરાવું નહીં, અન્ય અતિપાત કરનારને અનુમોદું નહીં ક્યાં સુધી? જીવન પર્યન્ત. અહીં સૂક્ષ્મ કે બાદર આદિને આશ્રીને પ્રાણાતિપાત ચાર પ્રકારે જાણવો. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. તેમાં દ્રવ્યથી છ જીવ-નિકાયોનો, ક્ષેત્રથી તીર્છાદિલોકમાં, કાળથી અતીતાદિમાં કે રાત્રિમાં, ભાવથી રાગ કે દ્વેષ વડે - માંસાદિ માટે તે રાગથી, શત્રુને મારે તે દ્વેષથી. અહીં આ રીતે ચતુર્ભંગી જાણવી - કોઈ દ્રવ્યથી પ્રાણાતિપાત કરે પણ ભાવથી ન કરે. ઇત્યાદિ રૂપ પૂર્વવત્.

વ્રત સ્વીકાર્યા પછી નિગમન કહે છે કે - ભગવન્ ! હું પહેલાં મહાવ્રતને આપની સામે ભાવથી વ્રત પાળવા તૈયાર થયો છું. આજથી આરંભીને મારે સર્વથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાણાતિપાતથી વિરમણ છે. અહીં આદિ, મધ્ય, અંતે 'ભદંત' શબ્દ મૂકવાથી, ગુરૂને પૂછ્યા વિના કંઈ ન કરવું. કર્યુ હોય તો તેમને કહી દેવું, તો શિષ્ય વ્રતનો આરાધક થાય.

● સૂત્ર ૩૫ -

***હવે પછી - ભગવન્ ! બીજા મહાવ્રતમાં મૃષાવાદથી વિરમણ. ભગવન્ ! હું મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરું છું. તે ક્રોધથી, લોભથી, ભયથી હાસ્યથી છે. હું સ્વયં મૃષા બોલું નહીં, બીજા પાસે મૃષા બોલાવું નહીં, મૃષા બોલનારનું અનુમોદન ન કરું. જાવજ્જીવને માટે, ત્રિવિધ ત્રિવિધે - મન, વચન, કાયાથી કરું નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદું નહીં. ભગવન્ ! હું તે મૃષાવાદને પ્રતિક્રમું છું. નિંદુ છું, ગર્હુ છું, (મૃષાવાદ યુક્ત) આત્માને વોસિરાવું છું. ભગવન્ ! બીજા મહાવ્રતમાં ઉપસ્થિત થયેલો હું સર્વથા મૃષાવાદથી વિરમેલ છું.***

● વિવેચન - ૩૫ -

હવે બીજું મહાવ્રત કહે છે. બીજા મહાવ્રતમાં મૃષાવાદથી વિરમવાનું છે. ભગવન્! હું સર્વથા મૃષાવાદનો ત્યાગ કરું છું. તે આ પ્રમાણે - ક્રોધથી, માનથી, માયાથી, લોભથી. (તથા) ભયથી, પ્રેમથી, દ્વેષથી, કલહથી, અભ્યાખ્યાનથી, હાસ્યથી... હું સ્વયં અસત્ય બોલું નહીં,બીજા પાસે અસત્ય બોલાવું નહીં, અસત્ય બોલનાર બીજાને અનુમોદું નહીં. જીવન પર્યન્ત આદિ પૂર્વવત્. વિશેષ આ પ્રમાણે - મૃષાવાદ ચાર ભેદે છે - (૧) સદ્ભાવ પ્રતિષેધ - આત્મા નથી, પુન્ય નથી, ઇત્યાદિ. (૨) અસદ્ભાવ ઉદ્ભાવન - આત્માને સર્વગત માને, ચોખા જેવડો માને. (૩) અર્થાન્તર - ગાયને ઘોડો કહે. (૪) ગર્હા - કાણાને કાણો કહેવો વગેરે. વળી આ મૃષાવાદ ક્રોધાદિ ભાવને આશ્રીને ચાર ભેદે છે - (૧) દ્રવ્યથી - સર્વે દ્રવ્યમાં અન્યથા પ્રરૂપણા કરવી. (૨) ક્ષેત્રથી - લોક કે અલોકમાં, (૩) કાળથી - રાત્રિ આદિમાં, (૪) ભાવથી - ક્રોધ આદિ વડે જૂઠું બોલે.

દ્રવ્યાદિ ચતુર્ભંગી વળી આ પ્રમાણે - કોઈ દ્રવ્યથી જૂઠું બોલે, ભાવથી નહીં. કોઈ ભાવથી જૂઠું બોલે. દ્રવ્યથી નહીં. કોઈ બંને રીતે જૂઠું બોલે. કોઈ બંનેથી જૂઠું ન બોલે. જેમકે હિંસકનો કોઈ મૃગ કે પશુ વિશે દયાથી જૂઠું કહે, તે પહેલો ભંગ. બીજો ઉતાવળથી અને વિના વિચાર્યે મેં જોયા છે કહે તે બીજો ભંગ. ત્રીજો સમજીને જ જૂઠું બોલે. ચોથો ભંગ શૂન્ય છે.

● સૂત્ર - ૩૬

***હવે પછી - ભદંત ! ત્રીજું મહાવ્રત - અદત્તાદાનથી વિરતિ. ભદંત! હું સર્વે અદત્તાદાનનું પચ્ચકખાણ કરું છું. તે ગામમાં, નગરમાં, અરણ્યમાં (કરે) થોડું - વધુ, સૂક્ષ્મ - સ્થૂળ, સચિત્ત કે અચિત્ત હોય. તે અદત્ત હું સ્વયં ગ્રહણ ન કરું, બીજા પાસે અદત્ત ગ્રહણ કરાવું નહીં, અદત્ત ગ્રહણ કરતાં બીજાને અનુમોદું નહીં. જાવજ્જીવને માટે ત્રિવિધ ત્રિવિધે - મનથી,***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***વચનથી, કાયાથી કરું નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદું નહીં. ભગવન્! તે અદત્ત - આદાનને પ્રતિક્રમું છું. નિંદુ છું, ગર્હુ છું, (અદત્તાદાન યુક્ત મારા) આત્માને તજું છું. ભદંત ! હું ત્રીજા મહાવ્રતમાં ઉપસ્થિત થયો છું (જેમાં) સર્વ અદત્તાદાનથી વિરમવાનું છે.***

**● વિવેચન - ૩૬ -**

બીજું મહાવ્રત કહ્યું, હવે ત્રીજું કહે છે - ત્રીજા મહાવ્રતમાં અદત્તાદાનથી વિરમવું તે. શેષ પૂર્વવત્. ગામમાં, નગરમાં કે અરણ્યમાં, આના વડે ક્ષેત્ર કહ્યું. બુદ્ધિ આદિ ગુણોને ગ્રહણ કરે તે ગામ. જેમાં 'કર' ન હોય તે નગર. અલ્પ કે બહુ ઇત્યાદિ શબ્દોથી દ્રવ્યને કહ્યા. અલ્પ - મૂલ્યથી, કાષ્ઠાદિ. બહુ - વજ્રાદિ. અણુ - પ્રમાણથી. ઇત્યાદિ - x - સ્વયં અદત્ત ગ્રહણ કરું નહીં ઇત્યાદિ પૂર્વવત્. વિશેષ આ પ્રમાણે અદત્તાદાન ચાર ભેદે, (૧) દ્રવ્યથી - અલ્પ આદિ, (૨) ક્ષેત્રથી - ગામાદિમાં, (૩) કાળથી - રાત્રિ આદિમાં, (૪) ભાવથી - રાગ, દ્વેષ વડે. દ્રવ્યાદિ ચતુર્ભંગી બીજી આ રીતે - કોઈ દ્રવ્યથી અદત્ત લે, ભાવથી ન લે. ઇત્યાદિ ચાર. તેમાં અરક્ત તથા અદ્વેષી સાધુને કોઈ સ્થાને કારણે માલિકને પૂછ્યા વિના તૃણને ગ્રહણ કરે તો દ્રવ્યથી અદત્તાદાન છે, પણ ભાવથી નથી. ચોરવા ગયેલ ને પ્રાપ્ત ન થાય તો ભાવથી અદત્ત છે, દ્રવ્યથી નહીં. ઇત્યાદિ.

**● સૂત્ર - ૩૭**

***હવે પછી - ભદંત! ચોથા મહાવ્રતમાં મૈથુનથી વિરમણ હોય. ભગવન્! હું બધાં મૈથુનનો ત્યાગ કરું છું. તે દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી છે. તે મૈથુન હું સ્વયં સેવું નહીં, બીજા પાસે સેવડાવું નહીં. મૈથુન સેવનાર અન્યને અનુમોદુ નહીં. જાવજ્જીવને માટે ત્રિવિધ ત્રિવિધે અર્થાત્ મન-વચન-કાયાથી, ન કરું - ન કરાવું - કરનારને ન અનુમોદું. ભદંત ! તે મૈથુનને હું પ્રતિક્રમુ છું, નિંદુ છું. ગર્હુ છું. (મૈથુન યુક્ત) આત્માને તજું છું. ભદંત ! હું ચોથા મહાવ્રતમાં ઉપસ્થિત થયો છું. તેમાં સર્વથા મૈથુનથી વિરમણ હોય છે.***

**● વિવેચન - ૩૭ -**

ત્રીજું મહાવ્રત કહ્યું હવે ચોથું કહે છે - ચોથા મહાવ્રતમાં મૈથુનથી અટકવું ભદંત! હું સર્વે મૈથુનનો ત્યાગ કરું છું ઇત્યાદિ. તે આ રીતિ - દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી, આના વડે દ્રવ્ય પરિગ્રહ કહ્યો. દૈવ - અપ્સરા કે દંવ સંબંધી. આ સંબંધ રૂપ કે રૂપ સહગત દ્રવ્યમાં થાય છે. તેમાં રૂપ - નિર્જીવ પ્રતિમા રૂપ, રૂપસહગત - સજીવ. અથવા ભૂષણ રહિત તે રૂપ. ભૂષણ સહિત તે રૂપસહગત. એ પ્રમાણે મનુષ્ય અને તિર્યંચમાં પણ જાણવું. સ્વયં મૈથુન સેવું નહીં ઇત્યાદિ પૂર્વવત્. વિશેષ આ પ્રમાણે - મૈથુન ચાર ભેદે છે. (૧) દ્રવ્યથી - દેવ આદિ સંબંધી, ક્ષેત્રથી - ત્રણ લોકમાં, કાળથી - રાત્રિ આદિમાં (૪) ભાવથી - રાગ અને દ્વેષથી. આનુ વ્રત ભાંગુ તે દ્વેષથી, આસક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે રાગથી. દ્રવ્યાદિ ચતુર્ભંગી આ પ્રમાણે - (૧) દ્રવ્યથી મૈથુન પણ ભાવથી નહીં, (૨) ભાવથી મૈથુન પણ દ્રવ્યથી નહીં, ઇત્યાદિ. રાગ-દ્વેષ રહિત સ્ત્રીને બળાત્કારે ભોગવવી તે પહેલો ભંગ. મૈથુન સંજ્ઞા પરિણતને તે પ્રાપ્ત ન થાય તો બીજો ભંગ, પ્રાપ્ત થાય તો ત્રીજો ભંગ. ચોથો ભંગ - શૂન્ય.

● સૂત્ર - ૩૮

***હવે પછી - પાંચમાં મહાવ્રતમાં "પરિગ્રહથી વિરમણ" હોય છે. ભદંત ! હું સર્વે પરિગ્રહનો ત્યાગ કરું છું. તે પરિગ્રહ આ રીતે - અલ્પ કે બહુ, અણુ કે સ્થૂળ, સચિત્ત કે અચિત્ત. હું સ્વયં પરિગ્રહનું પરિગ્રહણ ન કરું, બીજા પાસે પરિગ્રહ ગ્રહણ કરાવું નહીં, પરિગ્રહ ગ્રહણ કરનાર બીજાનું અનુમોદન ન કરું. જાવજ્જીવને માટે ત્રિવિધ - ત્રિવિધે (અર્થાત્) મન-વચન-કાયાથી, કરું નહીં - કરાવું નહીં - કરનારને અનુમોદું નહીં. ભદંત ! હું તે (પરિગ્રહ ગ્રહણ)ને પ્રતિકમું છું, નિંદુ છું, ગર્હુ છું, (પરિગ્રહાસક્ત) તે આત્માને હું વોસિરાવું છે. ભદંત ! હું પાંચમાં મહાવ્રતમાં ઉપસ્થિત છું (જેમાં) સર્વથા પરિગ્રહથી વિરમણ હોય.***

● વિવેચન - ૩૮ -

ચોથું મહાવ્રત કહ્યું, હવે પાંચમું કહે છે - ભદંત ! પાંચમાં મહાવ્રતમાં પરિગ્રહથી વિરમણ, ભદંત ! હું સર્વે પરિગ્રહનો ત્યાગ કરું છું ઇત્યાદિ. અલ્પ આદિ પૂર્વવત્. સ્વયં પરિગ્રહ ગ્રહણ ન કરું ઇત્યાદિ પૂર્વવત્ વિશેષ આ પ્રમાણેઃ- પરિગ્રહ ચાર ભેદે છે - (૧) દ્રવ્યથી - બધાં દ્રવ્યોમાં, (૨) ક્ષેત્રથી - લોકમાં, (૩) કાળથી - રાત્રિ આદિમાં, (૪) ભાવથી - રાગ દ્વેષ વડે. બીજાની ઇર્ષ્યાથી પોતે પરિગ્રહ રાખે, તે દ્વેષથી. દ્રવ્યાદિ ચતુર્ભંગી વળી આ પ્રમાણે - (૧) કોઈ દ્રવ્યથી પરિગ્રહ કરે, ભાવથી નહીં, (૨) કોઈ ભાવથી પરિગ્રહ કરે, દ્રવ્યથી નહીં ઇત્યાદિ ચાર. તેમાં રાગ-દ્વેષ વિના સાધુ ધર્મોપકરણને રાખે તે દ્રવ્યથી પરિગ્રહ કહેવાય, ભાવથી નહીં, મૂર્છા હોય પણ પ્રાપ્ત ન કરે તો બીજો ભંગ, જો પ્રાપ્ત કરે તો ત્રીજો ભંગ. છેલ્લો ભંગ શૂન્ય છે.

● સૂત્ર - ૩૯, ૪૦ -

***(૩૯) હવે પછી - ભદંત ! છઠ્ઠા વ્રતમાં રાત્રિ ભોજનથી વિરતિ હોય છે. ભદંત! હું બધાં રાત્રિ ભોજનનો ત્યાગ કરું છું. તે અશન, પાન, ખાદિમ, સ્વાદિમનો રાત્રિમાં સ્વયં ઉપભોગ ન કરું, બીજા પાસે રાત્રિ ભોજન ન કરાવું, રાત્રિ ભોજન કરનાર બીજાને અનુમોદું નહીં. જાવજ્જીવ ત્રિવિધિ - ત્રિવિધે અર્થાત્ મન - વચન - કાયાથી કરું નહીં - કરાવું નહીં - કરનારને અનુમોદું નહીં. ભદંત ! હું તે (રાત્રિ ભોજન) ને પ્રતિકમું છું, નિંદુ છું, ગર્હુ છું, (રાત્રિ ભોજન યુક્ત) આત્માને વોસિરાવું છું. ભદંત ! હું છઠ્ઠા વ્રતમાં ઉપસ્થિત થયો છું, જેમાં સર્વથા રાત્રિ ભોજનથી વિરત થવાનું હોય છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૪૦) આ પ્રમાણે હું પાંચ મહાવ્રત અને રાત્રિ ભોજનની વિરતિ રૂપ છઠ્ઠા વ્રતને આત્મહિતાર્થે સ્વીકારીને વિચરણ કરું છું.***

**● વિવેચન - ૩૯, ૪૦ -**

પાંચમું મહાવ્રત કહ્યું, હવે છઠ્ઠું વ્રત કહે છે - હવે પછી છઠ્ઠા વ્રતમાં ભદંત ! રાત્રિ ભોજનનો ત્યાગ કરવો તે છે. ભદંત ! સર્વે રાત્રિ ભોજનનું હું પ્રત્યાખ્યાન કરું છું આદિ પૂર્વવત્. અશન - પેટ ભરાય તે, ઓદન આદિ. પાન - પીવાય તે, મૃદ્વીકાનું પાણી વગેરે. ખાદ્ય - ખવાય તે, ખજૂર આદિ. સ્વાદ્ય - સ્વાદ કરાય તે, તાંબૂલ આદિ. રાત્રિમાં સ્વયં ખાય નહીં, ઇત્યાદિ સૂત્રાર્થવત્ વિશેષ આ છે - રાત્રિ ભોજન ચાર ભેદે છે - દ્રવ્યથી - અશનાદિમાં, ક્ષેત્રથી - અઢી દ્વીપ સમુદ્રમાં, કાળથી - રાત્રિ આદિમાં, ભાવથી - રાગ અને દ્વેષ વડે. સ્વરૂપથી પણ આનું ચાતુર્વિધ્ય છે, તે આ - (૧) રાત્રિમાં લઈ રાત્રિમાં ખાય, (૨) રાત્રિમાં લઈ દિવસે ખાય, (૩) દિવસે ગ્રહણ કરી રાત્રિમાં ખાય, (૪) દિવસના ગ્રહણ કરેલ, સંનિધિ પરિભોગથી દિવસના ખાય.

દ્રવ્યાદિ ચઉભંગી વળી આ પ્રમાણે - (૧) કોઈ દ્રવ્યથી રાત્રિ ભોજન કરે, ભાવથી નહીં, (૨) કોઈ ભાવથી કરે દ્રવ્યથી નહીં, ઇત્યાદિ ચાર ભેદ. તેમાં - (૧) સૂર્ય ઉગ્યો ન હોય છતાં ઉગેલો માનીને કે અસ્ત થવા છતાં અસ્ત થયો નથી તેમ જાણીને રાગદ્વેષ રહિત પણે કે અગાઢ કારણે રાત્રિના ભોજન કરતાં દ્રવ્યથી રાત્રિ ભોજન છે, ભાવથી નથી. (૨) મૂર્છાથી રાત્રિ ભોજન માટે પ્રવૃત્ત થાય, પણ તે પ્રાપ્ત ન થાય તો ભાવથી ભંગ છે, દ્રવ્યથી નહીં. જો પ્રાપ્ત થાય તો બંનેથી ભંગ છે. ચોથો ભંગ શૂન્ય છે. આ રાત્રિ ભોજન વિરમણવ્રત પહેલાં અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં ઋજુ જડ અને વક્ર જડ પુરુષની અપેક્ષાથી મૂલગુણત્વને જણાવવા માટે, મહાવ્રત પછી કહેલ છે. મધ્યમ તીર્થંકરમાં તે ઉત્તરગુણમાં કહેલ છે.

સર્વે વ્રતના સ્વીકારને જણાવવા કહે છે - અનંતરોક્ત પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિ ભોજન વિરમણ વ્રત છે. શા માટે ? આત્મહિત - મોક્ષને માટે. આના દ્વારા બીજા હેતુથી વ્રતગ્રહણ તે તત્ત્વથી વ્રતનો અભાવ છે. બીજી કોઈ અભિલાષાથી હિંસાદિની અનુમતિ આદિ દોષ પ્રાપ્ત થાય. ઉપસંપદ્ય - સામીપ્યથી સ્વીકારેલ વ્રતોને સુસાધુ વિહારથી રહે, અન્યથા સ્વીકાર્યા પછી વ્રતોનો અભાવ થાય. તેમાં આ દોષો છે - હિંસાદિ કરનારને અલ્પાયુ, જીભનો છેદ, દારિદ્ય, નપુંસકત્વ, દુઃખિત્વ આદિ (અનુક્રમે) જાણવા.

હવે પ્રત્યાખ્યાનના ૧૪૭ ભેદોની વ્યાખ્યા : પ્રત્યાખ્યાનમાં કુશળ છે, બાકી બધાં અકુશલ છે. અવયવાર્થ - ભંગ યોજના આ પ્રમાણે છે - ત્રણ ત્રિક, ત્રણ દ્વિક, ત્રણ એક લેવા. - x - x - તેનો ભાવાર્થ કહીએ છીએ : ભેદ (૧) ન કરું, ન કરાવું, કરનારને ન અનુમોદું તે મનથી - વચનથી - કાયાથી. (૨) ન કરે, ન કરાવે, કરનારને ન અનુમોદે તે મન - વચન - કાયાથી. (૩) ન કરે, ન કરાવે, કરનારને ન અનુમોદે - તે મનથી એક, વચનથી બીજો, કાયાથી ત્રીજો. આ ત્રીજો મૂલભેદ કહ્યો. (૪) ન કરે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન કરાવે મન - વચન - કાયાથી તે એક, ન કરે, કરનારને ન અનુમોદે તે બીજો, ન કરાવે - કરનારને ન અનુમોદે તે ત્રીજો. ચોથો મૂલ ભેદ કહ્યો. (૫) ન કરે - ન કરાવે મન - વચનથી તે એક. ન કરે - કરનારને ન અનુમોદે તે બીજો. ન કરાવે - કરનારને ન અનુમોદે તે ત્રીજો. આ ત્રણ ભંગો મન અને વચનથી થયા. બીજા ત્રણ ભંગ મન અને કાયાથી પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે વચન અને કાયાથી ત્રણ ભંગ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે બધાં મળીને નવ ભંગો થયા. તે પાંચમો ભેદ.

હવે છટ્ઠો ભંગઃ ન કરે - ન કરાવે મનથી તે એક, ન કરે - કરનારને ન અનુમોદે મનથી તે બીજો, ન કરાવે - કરનારને ન અનુમોદે મનથી તે ત્રીજો ભંગ. એ પ્રમાણે વચન અને કાયાથી પણ ત્રણ ત્રણ ભંગો પ્રાપ્ત થાય છે. આ બધાં થઈને નવ ભંગો થાય. છટ્ઠો મૂલ ભેદ કહ્યો. (૭) ન કરે, મન - વચન - કાયાથી તે એક. ન કરાવે મન આદિથી તે બીજો. કરનારને ન અનુમોદે, મન આદિથી તે ત્રીજો. આ સાતમો મૂલભેદ. (૮) ન કરે મન - વચનથી. મન - કાયાથી. વચન - કાયાથી એમ ત્રણ ભંગ. એ પ્રમાણે ન કરાવે અને કરનારને ન અમુમોદેના ત્રણ - ત્રણ ભંગો મળીને નવ ભંગ. આઠમો મૂળભેદ કહ્યો. (૯) ન કરે - મનથી. ન કરાવે - મનથી. કરનારને ન અનુમોદે - મનથી એ ત્રણ. એ પ્રમાણે વચનથી ત્રણ, કાયાથી ત્રણ. બધાં મળીને નવ ભંગ. આ નવમો મૂળ ભેદ કહ્યો.

ઉક્ત બધાં મળીને ૪૯ - ભંગો થાય છે. તેને અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણ કાળથી ગુણતાં ૧૪૭ ભંગો થાય. તેમાં અતીતનું પ્રતિક્રમણ, વર્તમાનનું સંવરણ, અનાગતનું પચ્ચક્ખાણ થાય. આ ત્રણ કાળનું ગણવું જિનવર, ગણધર અને વાચકોએ કહેલ છે.

ચારિત્ર ધર્મ કહ્યો. હવે યતનાનો અવસર છે, તે કહે છે -

● સૂત્ર - ૪૧ -

***તે ભિક્ષુ કે ભિક્ષુણી, જે સંયત, વિરત, પાપ કર્મનો પ્રતિષેધ અને પચ્ચકખાણ કરેલ છે, (તે) દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સુતા કે જાગતા -- પૃથ્વી, ભિત્તિ, શિલા, ઢેફું, સચિત રજથી સંસૃષ્ટ શરીર કે વસ્ત્ર. (આ બધાંને) હાથ, પગ, કાષ્ઠ, કાષ્ઠખંડ, આંગળી, શલાકા, શલાકા સમૂહ (આમાંના કોઈ) વડે -- આલેખન, વિલેખન, ઘટ્ટન કે ભેદન સ્વયં ન કરે, બીજા પાસે આલેખન આદિ ન કરાવે, આલેખન આદિ કરનારા બીજાને ન અનુમોદે. જાવજ્જીવને માટે ત્રણ કરણ - ત્રણ યોગથી અર્થાત્ મન - વચન - કાયાથી ન કરે - ન કરાવે - કરનારને ન અનુમોદે. ભદંત! હું તે (પૃથ્વીકાયની વિરાધના) ને પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હું છું, આત્માને વોસિરાવું છું.***

● વિવેચન - ૪૧ -

જે આ મહાવ્રતથી યુક્ત છે, તે ભિક્ષુ કે ભિક્ષુણી - આરંભ પરિત્યાગથી તેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયા ધર્મકાયા છે, તેના પાલન માટે ભિક્ષણશીલ તે ભિક્ષુ એ પ્રમાણે ભિક્ષુણી પણ કહેવી. ધર્મ પુરુષ વડે ઉત્તમ છે, તેથી ભિક્ષુને વિશેષ પણે બતાવે છે, તે ભિક્ષુણી માટે પણ જાણવું. સંચત – સમસ્ત પ્રકારે યતના કરે તે સંયત, તે ૧૭ પ્રકારે છે. અનેક પ્રકારે બાર ભેદે તપમાં રત તે વિરત. સ્થિતિ ઘટાડવાથી, ગ્રંથિભેદથી, હેતુના અભાવથી ફરી વૃદ્ધિના અભાવથી જ્ઞાનાવરણયાદિ પાપકર્મ જેણે હણેલ છે, તે પ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા. (તે શું કરે ?) રાત્રે સુતો કે દિવસે જાગતો, કારણે એકલો, શેષકાળમાં પર્ષદામાં રહેલ, આ અને કહેવાનાર દોષો ન સેવે.

તે દોષ આ છેઃ- પૃથ્વી - લોષ્ટાદિ રહિત, ભિત્તિ - નદી તટ, શિલા - મોટો પત્થર, લોષ્ટ - ઢેફું, જંગલની ધૂળ સહિત તે સરજસ્ક, એવી કાયા કે વસ્ત્ર - ચોલપટ્ટકાદિ, ઉપલક્ષણથી પાત્ર આદિ લેવા. ધૂળથી ખરડાયેલ હોય તો શું કરવું ? હાથ, પગ, ઇત્યાદિ વડે આલેખન આદિ ન કરે (સૂત્રાર્થથી આ અર્થો જાણવા.) શેષ પૂર્વવત્.

● સૂત્ર - ૪૨ -

***તે ભિક્ષુ કે ભિક્ષુણી, જે સંયત, વિરત, પાપકર્મનો પ્રતિષેધ અને પ્રત્યાખ્યાન કરેલા છે, તે દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સૂતા કે જાગતા, - - તે પાણી, ઓસ, હિમ, ધુમ્મસ, કરા, જલકણ, શુદ્ધઉદક, ભીંજાયેલી કાયા કે વસ્ત્રથી તે સસ્નિગ્ધ કાયા કે વસ્ત્રને, - - એકવાર કે વારંવાર ન સ્પર્શે, આપીડન કે પરપીડન ન કરે, આસ્ફોટન કે પ્રસ્ફોટન ન કરે, આતાપના કે પ્રતાપના ન કરે, બીજા પા, એકવાર કે વારંવાર સ્પર્શ ઇત્યાદિ ન કરાવે, એ પ્રમાણે સ્પર્શ આદિ કરતા બીજાની અનુમોદના ન કરે. ભદંત ! હું તે (અપ્કાય વિરાધના) ને પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હુ છું, તેવા આત્માને વોસિરાવુ છું.***

● વિવેચન - ૪૨ -

તે ભિક્ષુ કે ભિક્ષુણી૦ ઇત્યાદિ પૂર્વવત્. ઉદક - પાણીની શેર, ઓસ - ત્રેહ, હિમ - થીજેલું પાણી, મહિકા - ધૂમ્મસ, કરક - કરા, હરતનુ - પૃથ્વીને ભેદીને જે ઘાસ આદિ બહાર આવે તેના ઉપરના પાણીના બિંદુ. શુદ્ધોદક - વરસાદનું પાણી, ભીંજાયેલ શરીર કે ભીંજાયેલા વસ્ત્ર - અહીં ભીંજાયેલા એટલે વરસાદ આદિના પાણીથી ભીના થઈને નીચે છાંટા પડતા હોય તેવા ઉક્ત ભેદથી મિશ્રિત. સ્નિગ્ધતા સહિત વર્તતા વસ્ત્ર કે કાયા - અહીં સ્નિગ્ધતા તે બિંદુ રહિત વર્તતા વસ્ત્ર કે કાયા - અહીં સ્નિગ્ધતા તે બિંદુ રહિત - અનંતર કહેલા દક ભેદ સંમિશ્ર. આ બધામાં સાધુ શું કરે ? તે કહે છે -

(કાયા કે વસ્ત્રને) સંસ્પર્શ ન કરે, વસ્ત્રને વળ ન ચડાવે, ન પીડા કરે, ન અતિ પીડા કરે ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. વિશેષ એ કે - સંસ્પર્શ - આમર્ષણ, આપીડન - એક વખત કે કંઈક પીડા કરવી ઇત્યાદિ - x - આ પ્રમાણે પોતે ન કરે, બીજા પાસે ન કરાવે કે બીજો કોઈ આપ મેળે કરતો હોય તો તેને અનુમોદન ન આપે ઇત્યાદિ પૂર્વવત્ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૪૩ -

***તે ભિક્ષુ કે ભિક્ષુણી, કે જે સંયત, વિરત, પ્રતિહત તથા પ્રત્યાખ્યાત પાપકર્મી છે; તે દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સુતા કે જાગતા; - - અગ્નિ, અંગારા, મુર્મુર, અર્ચિઃ, જ્વાલા, અલાત, શુદ્ધ અગ્નિ, ઉલ્કા (આ બધાને) ઉત્સિંચન, ઘટ્ટન, ઉજ્જ્વાલન કે નિર્વાપનને સ્વયં ન કરે, ઉત્સિંચનાદિ બીજા પાસે ન કરાવે, કોઈ ઉત્સિંચનાદિ કરતા હોય તેને અનુમોદન ન આપે. જાવજ્જીવને માટે ત્રણ કરણ. ત્રણ યોગથી અર્થાત્ મન - વચન- કાયાથી કરે નહીં, કરાવે નહીં, કરનારને અનુમોદે નહીં. ભદંત! તે (અગ્નિ વિરાધના) ને હું પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હુ છું અને તેવા આત્માને હું વોસિરાવું છું.***

● વિવેચન - ૪૩ -

તે ભિક્ષુ કે ભિક્ષુણી૦ આદિ પૂર્વવત્. તે અગ્નિ૦ આદિ આ પ્રમાણેઃ- અગ્નિ - લોઢાને ગરમ કરતા લાલચોળ દેખાય તે. અંગાર - જ્વાલા રહિત અગ્નિ. મુર્મુર - વિરલ અગ્નિકણ, તણખાં. અર્ચિ - મૂળ અગ્નિથી જૂદા પડેલ જ્વાલા. જ્વાલા - પ્રતિબદ્ધ હોય તે. અલાત - ઉલ્મૂક. નિરિંધન તે શુદ્ધ અગ્નિ. ઉલ્કા - આકાશનો અગ્નિ. આ બધાં અગ્નિમાં સાધુ શું ન કરે ? તેનું ઉત્સિંચન - ઉછાળે નહીં, ઘટ્ટન - સજાતીયાદિ વડે ચલાવે નહીં: ઉજ્જ્વાલન - વીંઝણા આદિથી વૃદ્ધિ ન કરે, નિર્વાપણ - ઠારે નહીં. શેષ સૂત્રાર્થવત્ જાણવું.

● સૂત્ર - ૪૪ -

***સંયત, વિરત, પ્રતિહત અને પ્રત્યાખ્યાન પાપકર્મી ભિક્ષુ કે ભિક્ષુણી દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સુતા કે જાગતા, - - ચામરથી, પંખાથી, તાલવૃંતથી, પત્રોથી, પત્રભંગોથી, શાખા કે શાખા ભંગોથી, મોરપીંછ કે મોર પંખથી, વસ્ત્ર કે વસ્ત્રના છેડાથી, પોતાના હાથ કે મુખથી, - - પોતાના શરીરને કોઈ બાહ્ય પુદ્ગલને સ્વયં ફુંક ન મારે કે હવા ન દે, બીજા પાસે તેમ કરાવે નહીં કે તેમ કરનારને અનુમોદે નહીં, જાવજ્જીવને માટે (આ વાયુકાય વિરાધના) ત્રિવિધે અર્થાત્ મન - વચન - કાયાથી ન કરે, ન કરાવે, કરનારને ન અનુમોદે. ભદંત ! તે વાયુકાય વિરાધનાને હું પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હુ છું અને તેવા આત્માને વોસિરાવું છું.***

● વિવેચન - ૪૪ -

તે ભિક્ષુ૦ આદિ પૂર્વવત્. ગાથાર્થ કહ્યો જ છે, વિશેષ આ - સિત - ચામર, વિધવન - વીંઝણો, તાલવૃંત - મધ્યમાં છિદ્રવાળો દ્વિપુટ વિંઝણો, પત્ર - કમળના પત્ર આદિ, શાખા - વૃક્ષની ડાળી, પેહુણ - મયૂરાદિના પીંછા, ચેલ - વસ્ત્ર. આ બધાં વડે સાધુ શું ન કરે ? પોતાનો દેહ અથવા ઉષ્ણ ઓદનાદિને મુખના વાયુ વડે ફુંકે નહીં કે ચામરાદિ વીંઝણા વડે હવા ન નાંખે. સ્વયં ન કરે ઇત્યાદિ પૂર્વવત્.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૪૫ -

***સંયત, વિરત, પ્રતિહત અને પ્રત્યાખ્યાતકર્મી ભિક્ષુ કે ભિક્ષુણી દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સુતા કે જાગતા, - - બીજ - બીજ પ્રતિષ્ઠિત, રૂઢ - રૂઢ પ્રતિષ્ઠિત, જાત - જાત પ્રતિષ્ઠિત, હરિત - હરિત પ્રતિષ્ઠિત, છિન્ન - છિન્ન પ્રતિષ્ઠિત, સચિત - સચિત કોલ પ્રતિનિશ્રિત (આ બધાં ઉપર) ન ચાલે, ન ઉભો રહે, ન બેસે, ન પડખાં બદલે તે સ્વયં ન કરે, ન બીજાને ચલાવે આદિ, ચાલનાર આદિની અનુમોદના ન કરે. જાવજ્જીવને માટે (આ વનસ્પતિ વિરાધના) ત્રિવિધ ત્રિવિધે અર્થાત્ મન - વચન - કાયાથી ન કરે, ન કરાવે, કરનારને ન અનુમોદે. ભદંત ! તે વનસ્પતિ વિરાધનાને હું પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું, આત્માને તજુ છું.***

● વિવેચન - ૪૫ -

તે ભિક્ષુ૦ આદિ પૂર્વવત્. ગાથાર્થ કહ્યો, વિશેષ આ:- બીજ - શાલિ આદિ, તેના ઉપર રહેલ આહાર, શયન આદિ લેવા. રૂઢ - અંકુરા ફુટેલા બીજ, જાત - સ્તંબીભૂત, હરિત - દૂર્વા આદિ, છિન્ન - કુહાળી આદિથી વૃક્ષ થકી પૃથક્ સ્થાપિત ભીના અને અપરિણત તેના અંગો, સચિત્ત - ઇંડા આદિ, કોલ - ઘુણ, પ્રતિષ્ઠિત - તેની ઉપર રહેલ. તેના ઉપર શું ન કરે ? ગમન - એક થી બીજે સ્થાને જવું. સ્થાન - ઉભવું, નિષિદન - બેસવું, ત્વગ્વર્તન - સુવું. એ બધું સ્વયં ન કરે ઇત્યાદિ.

● સૂત્ર - ૪૬ -

***સંયત, વિરત, પ્રતિહત અને પ્રત્યાખ્યાત પાપકર્મી ભિક્ષુ કે ભિક્ષુણી દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સુતા કે જાગતા, - - કીટ, પતંગ, કુંથુ કે કીડીને -- હાથ પગ, બાહુ, ઉરુ, ઉદર, મસ્તક, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક, રજોહરણ, ગુચ્છા, ઉંડગ, દંડક, પીઠક, ફલક, શય્યા, સંસ્તારક કે બીજા તેવા પ્રકારના ઉપકરણ ઉપર ચડી જાય તો યતનાપૂર્વક પ્રતિલેખી - પ્રતિલેખી, પ્રમાર્જી - પ્રમાર્જી એકાંત સ્થાને લઈ જઈને રાખી દે પણ ભેગા કરીને ઘાત ન પહોંચાડે.***

● વિવેચન- ૪૬ -

ગાથાર્થ કહ્યો છે. વિશેષ આ પ્રમાણે:- અન્ય ઉપકરણ એટલે સાધુ ક્રિયા ઉપયોગી ઉપકરણ, તેમાં કીડા આદિ રૂપ ત્રસકાય ક્યાંકથી આવી ચડેલો હોય તો જયણાપૂર્વક અથવા પ્રયત્નથી ફરી ફરી સમ્યક્ રીતે જોઈને - પ્રમાર્જીને તેને ઉપઘાત રહિત સ્થાનમાં ત્યાગ કરે. પરંતુ તે ત્રસને પરસ્પર ગાત્ર સંસ્પર્શરૂપ પીડા ન પમાડે, આના દ્વારા પરિતાપનાદિનો પ્રતિષેધ કહેલો જાણવો. ઉંદક - સ્થંડિલ, શય્યા - સંથારો કે વસતિ. આ પ્રમાણે "જયણા" કહી. ચોથો અધિકાર કહ્યો.

● સૂત્ર - ૪૭ થી ૫૫ -

***જે સાધુ - સાધ્વી (૪૭) અજયણાથી ગમન કરતા૦, (૪૮)***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***અજયણાથી ઉભા રહેતા૦, (૪૯) અજયણાથી બેસતા૦, (૫૦) અજયણાથી સુતા૦, (૫૧) અજયણાથી ખાતા૦, (૫૨) અજયણાથી બોલતા૦ (આ છ એ ક્રિયા દ્વારા) ત્રાસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. (જેનાથી તે) પાપકર્મનો બંધ કરે છે, જે તેના માટે કટુ ફળ દેનાર થાય છે.***

***(૫૩) સાધુ - સાધ્વી કઈ રીતે ચાલે ? કઈ રીતે ઉભે ? કઈ રીતે બેસે ? કઈ રીતે સુવે ? કઈ રીતે ખાય કે બોલે ? તો પાપકર્મ ન બાંધે ? (૫૪) જયણાથી ચાલે, જયણાથી ઉભે, જયણાથી બેસે, જયણાથી સુવે, જયણાથી ખાય, જયણાથી બોલે, તો તે પાપકર્મ ન બાંધે. (૫૫) જે બધાં જીવોને આત્મતુલ્ય માને, સમ્યગ્ દૃષ્ટિથી જુએ, આશ્રયોને રોકે અને દાંત હોય તે પાપકર્મને બાંધતો નથી.***

● વિવેચન - ૪૭ થી ૫૫ -

હવે ઉપદેશ નામે પાંચમો અધિકાર કહે છે. જયણા રાખ્યા વિના અર્થાત્ ઉપદેશ વિના કે સૂત્રની આજ્ઞા વિના ચાલવું આદિ ક્રિયામાં થતાં દોષને બતાવે છે. તે આ રીતે (૧) અજયણાથી ચાલતા - ઇર્યા સમિતિનું ઉલ્લંઘન કરીને, બીજી રીતે નહીં. તેનાથી બે ઇંદ્રિયાદિ પ્રાણી અને એકેન્દ્રિય આદિ ભૂતોને પ્રમાદથી કે અનાભોગથી હણે છે - પીડે છે. તેમની હિંસા કરતો અકુશળ પરિણામથી ક્લિષ્ટ જ્ઞાનાવરણીયાદિ કર્મો બાંધે. તે પાપ કર્મ તેને આયતચારી - દુઃખદાતા થાય છે. અશુભ ફળદાયી અર્થાત્ મોહાદિ હેતુપણાથી દારુણ વિપાકવાળા થાય છે. એ પ્રમાણે અજયણાથી ઉભતા - ઉંચે સ્થાને અસમાહિત પણે હાથ, પગ આદિ મૂકતા. અજયણાથી બેસતા - આકુંચનાદિમાં ઉપયોગ રહિત પણાથી. અજયણાથી સૂતા - અસમાહિત પણે અથવા દિવસના ખૂબ ઉંઘવાથી. અજયણાથી ખાતા - નિષ્પ્રયોજન, પ્રણીત અથવા કાગડા કે શીયાળ માફક ભક્ષણ કરતા. અયતનાથી બોલતા - ગૃહસ્થ ભાષાથી, કઠોર વચન કે અંતર ભાષાદિ વડે. આ છ બાબતે કટુફળ દેનારા પાપકર્મો બાંધે.

જો એ પ્રમાણે પાપકર્મ બંધાય તો - પૂછે છે કે કઈ પ્રકારે ચાલવું, ઉભવું આદિ કરે ? જેથી પાપકર્મ ન બંધાય. આચાર્યશ્રી કહે છે - (૧) જયણાથી ચાલે - સૂત્રોપદેશથી ઇર્યા સમિત થઈને. (૨) જયણાથી ઉભે - હાથ - પગ હલાવ્યા વિના. (૩) આકુંચનાદિ રહિત જયણાથી બેસે. (૪) જયણાથી વિધિપૂર્વક રાત્રિના સુવે અને પ્રકામ શય્યાદિનો પરિહાર કરે. (૫) પ્રયોજન હોય ત્યારે જ, અપ્રણીત, પ્રતર - સિંહ ભક્ષિતાદિ ખાય. (૬) મૃદુ અને કાલપ્રાપ્ત જ બોલે તો ક્લિષ્ટ, અકુશલાનુ બંધી, જ્ઞાનાવરણ આદિ કર્મો ન બાંધે. કેમકે નિરાશ્રવ અને વિહિત અનુષ્ઠાન પરત્વ હોય.

વળી - બધાં જીવોને આત્મવત્ જુએ. વીતરાગે કહેલ વિધિથી પૃથ્વી આદિ ભૂતોને જોતો, પ્રાણાતિપાતાદિ આશ્રયને રોકતો, ઇંદ્રિય અને મનનું દમન કરીને પાપકર્મ બંધ ન કરે. તેથી સંપૂર્ણપણે દયામાં જ પ્રયત્ન કરવો. આ જાણીને જ્ઞાનાભ્યાસની શું જરૂર ? એમ કોઈ શિષ્ય વિચારે, તો તેના વિભ્રમને નિવારવા કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૫૬ થી ૫૯ -

***(૫૬) "પહેલું જ્ઞાન અને પછી દયા" એ પ્રમાણે બધાં સંયત સ્થિત રહે. અજ્ઞાની શું કરશે ? તે શ્રેય કે પાપને શું જાણશે ?***

***(૫૭) સાંભળીને જ કલ્યાણને જાણશે, સાંભળીને જ પાપને જાણશે, બંનેને સાંભળીને, જે શ્રેય છે, તેનું આચરણ કરે.***

***(૫૮) જે જીવને જાણતો નથી, જે અજીવને જાણતો નથી. જીવાજીવને ન જાણતો. તે સંયમને કઈ રીતે જાણશે ?***

***(૫૯) જે જીવને પણ જાણે છે, અજીવને પણ જાણે છે. જીવાજીવને જાણતો, તે જ સંયમને જાણી શકશે.***

● વિવેચન - ૫૬ થી ૫૯ -

પહેલું જ્ઞાન - જીવનું સ્વરૂપ જાણીને તેના રક્ષણનો ઉપાય સમજવો તે. પછી તથાવિધ જ્ઞાન ભણીને દયા - સંયમ, તેની એકાંત ઉપાદેયતાથી ભાવથી તેમાં પ્રવૃત્તિ થાય છે. એ પ્રકારે જ્ઞાનપૂર્વક ક્રિયાના સ્વીકાર રૂપે બધાં પ્રવ્રજિત રહે. જે અજ્ઞાની છે - સાધ્યના ઉપાયના જ્ઞાનથી રહિત છે, તે શું કરશે ? અંધની માફક બધે પ્રવૃત્તિ - નિવૃત્તિ નિમિત્તનો અભાવ થશે. અથવા શું કરતો જાણે કે આ નિપુણ હિત કાલોચિત છે કે તેથી ઉલટું છે. તેથી તેનું કરેલું પણ ભાવથી ન કર્યા જેવું છે. કેમકે સમગ્ર નિમિત્તનો અભાવ છે. - x - તેથી જ્ઞાનાભ્યાસ કરવો જોઈએ. તથા કહે છે કે -

સાંભળીને સાધન - સ્વરૂપ - વિપાકને જાણે છે. મોક્ષને પામે છે અથવા કલ્યાણ એટલે દયા જે સંયમ સ્વરૂપ છે. તથા સાંભળીને જે પાપ - અસંયમ સ્વરૂપને જાણે છે. સાંભળ્યા વિના નહીં. જેથી આ પ્રમાણે જાણીને સાધુએ નિપુણ હિત કાલોચિતને આચરવું. આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે - જે પૃથ્વીકાયિકાદિ ભેદવાળા જીવોને જાણતો નથી. સંયમ ઉપઘાતી મધ - હિરણ્યાદિ અજીવને જાણતો નથી. તે જીવાજીવને ન જાણનારો સંયમને કઈ રીતે જાણશે ? તેથી જે જીવોને જાણે, અજીવોને પણ જાણે. એવો જીવાજીવનો જ્ઞાતા જ સંયમને જાણશે.

● સૂત્ર - ૬૦ થી ૭૧ -

***(૬૦) જે જીવને અને અજીવને, બંનેને વિશેષ રૂપે જાણે છે ત્યારે સર્વે જીવોની બહુવિધ ગતિને જાણે છે. (૬૧) જ્યારે સર્વે જીવોની બહુવિધ ગતિને જાણે છે, ત્યારે પુન્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે છે. (૬૨) જ્યારે પુન્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે છે ત્યારે જે દિવ્ય અને જે માનવીય ભોગ છે, તેનાથી વિરક્ત થાય છે. (૬૩) જ્યરે તે ઉક્ત ભોગોથી વિરક્ત થાય છે ત્યારે બાહ્ય અને અભ્યંતર સંયોગોનો ત્યાગ કરે છે. (૬૪) જ્યારે તે ઉક્ત સંયોગોનો ત્યાગ કરે છે. ત્યારે મુંડ થઈને અનગાર ધર્મમાં પ્રવ્રજિત થાય છે. (૬૫) જ્યારે ઉક્ત રીતે પ્રવ્રજિત થાય છે, ત્યારે ઉત્કૃષ્ટ સંવર રૂપ અનુત્તર ધર્મને સ્પર્શે છે. (૬૬) જ્યારે ઉક્ત અનુત્તર***


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***ધર્મને સ્પર્શે છે, ત્યારે અબોધિરૂપ પાપ દ્વારા કરેલ કર્મરજને ખંખેરી દે છે. (૬૭) જ્યારે ઉક્ત કર્મરજને ખંખેરી દે છે, ત્યારે સર્વત્રક જ્ઞાન અને દર્શનને પામી લે છે. (૬૮) જ્યારે સર્વત્રક જ્ઞાન - દર્શનને પામે, ત્યારે તે જિન અને કેવલી થઈને લોક અને અલોકને જાણે છે. (૬૯) જ્યારે એ રીતે લોકાલોકને જાણે છે, ત્યારે યોગનિરોધ કરીને શૈલેશીપણાને પામે છે. (૭૦) જ્યારે ઉક્ત રીતે શૈલેશીપણાને પામે છે, ત્યારે કર્મો ખપાવીને, રજમુક્ત થઈ, સિદ્ધિને પામે છે. (૭૧) જ્યારે ઉક્ત રીતે સિદ્ધિને પામે છે, ત્યારે લોકના મસ્તકે સ્થિત થઈને શાશ્વત સિદ્ધ થાય છે.***

**● વિવેચન - ૬૦ થી ૭૧ -**

હવે છઠ્ઠા અધિકારમાં ધર્મનું ફળ કહે છે - ગાથાર્થ અતિ સ્પષ્ટપણે કહેલ છે, તેથી વિવેચનમાં વૃત્તિનો માત્ર વિશેષાર્થ કહેલ છે - જયા - જે કાળમાં વિજાનાતિ - વિવિધને જાણે છે. તદા - તે કાળમાં. ગતિ - નરક ગતિ આદિ રૂપ, બહુવિધ - સ્વ કે પરના ભેદથી અનેક પ્રકારે સર્વ જીવોને જાણે છે. કેમકે યથાવસ્થિત જીવાજીવના જ્ઞાન સિવાય ગતિ પરિજ્ઞાનનો અભાવ છે. હવે ઉત્તરોત્તર ફળ વૃદ્ધિને કહે છેઃ- પુન્યપાપ તે બહુવિધ ગતિ નિબંધક છે. બંધ - જીવને કર્મના યોગથી દુઃખ દેનાર છે. મોક્ષ - તેના વિયોગથી સુખ રૂપ જાણે છે. નિર્વિન્તે - મોહના અભાવથી, સમ્યગ્ રીતે વિચારતા, અસાર દુસ્વરૂપતાથી વૈરાગ્ય પામે છે. ભોગ - શબ્દાદિ. સંયોગ - દ્રવ્યથી અને ભાવથી. અભ્યંતર - તે ક્રોધાદિ, બાહ્ય - તે હિરણ્ય આદિ. પ્રવ્રજતિ - પ્રકર્ષથી મોક્ષ પ્રતિ જાય છે, તેથી દ્રવ્યથી અને ભાવથી અણગાર કહેવાય છે. અણગાર - જેમને ઘર વિદ્યમાન નથી તે. ધર્મ - સર્વ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ રૂપ અર્થાત્ ચારિત્રધર્મ. સ્પૃશતિ - સારી રીતે ચારિત્રને પાળે છે. ધૂનોતિ - અનેકાર્થત્વથી કર્મરજને દૂર કરે છે. રજ - કર્મો જ આત્માને રંગવાથી રજ છે. અબોધિકલુષકૃતમ્ - અબોધિ કલુષ અર્થાત્ મિથ્યા દૃષ્ટિ વડે પામેલ. સાર્વત્રગ - તમામ જાણવા યોગ્ય. અધિગચ્છતિ - આવરણના અભાવે અધિકતાથી પામે છે. લોક - ચૌદ રાજ પ્રમાણ. શૈલેશી - ભવોપગ્રાહી કર્માંશોના ક્ષયને માટે કરેલ અવસ્થા વિશેષ. સિદ્ધિ - લોકાંતક્ષેત્ર રૂપ. નિરજ - સર્વે કર્મરજથી વિમુક્ત. લોકમસ્તક - ત્રિલોકની ઉપરવર્તી. શાશ્વત - કર્મબીજના અભાવથી અનુત્પત્તિ ધર્મા.

**● સૂત્ર - ૭૨ થી ૭૫ -**

***(૭૨) જે શ્રમણ સુખનો રસિક છે, સાતાને માટે આકુળ છે, અત્યંત નિદ્રા લેનાર છે, વારંવાર હાથ-પગ ધોનાર છે, તેની સુગતિ દુર્લભ છે. (૭૩) જે શ્રમણ તપોગુણમાં પ્રધાન છે, ઋજુમતિ છે, ક્ષાંતિ અને સંયમમાં રત છે, પરિષહોને જિતનાર છે, તેની સુગતિ સુલભ છે. (૭૪) તે પાછલી અવસ્થામાં પ્રવ્રજિત થયેલ હોય તો પણ જેને તપ, સંયમ, ક્ષાંતિ અને બ્રહ્મચર્ય પ્રિય છે, તે જલ્દી જ દેવલોકમાં જાય છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૭૫) એ રીતે દુર્લભ શ્રમણત્વને પામીને સમ્યક્ દૃષ્ટિ અને સદા યતનાશીલ સાધુ આ છજીવનિકાયની કર્મથી વિરાધના ન કરે.***

**• વિવેચન - ૭૨ થી ૭૫ -**

આ ધર્મફળ જેને દુર્લભ છે, તે બતાવે છેઃ- સુખ એટલે સંસાર સંબંધી વિષય, તેનો આસ્વાદક સાધુ હોય. શ્રમણ - દ્રવ્ય પ્રવ્રજિત, સાતાકુલ - ભાવિ સુખાર્થે વ્યાક્ષિપ્ત, નિકામશાયિ - સૂત્રાર્થની વેળાને પણ ઉલ્લંઘીને સુનાર. ઉત્સોલનાપ્રધાવી - ઘણાં જ જળ વડે પગ આદિને ધોનાર. દુર્લભ - દુષ્પ્રાપ્ય, સુગતિ - સિદ્ધિ પર્યન્ત, તાદૃશ - ભગવંતની આજ્ઞાનો લોપ કરનારા.

હવે જેને ધર્મફળ સુલભ છે, તેને બતાવે છેઃ- તપોગુણ - છટ્ઠ અટ્ઠમ આદિ તપોધનવાળા. ઋજુમતિ - માર્ગ પ્રવૃત્ત બુદ્ધિવાળો. સંયમરત - સંયમનું આસેવન કરનાર. પરીષહ - ભુખ, તરસ ઇત્યાદિ ગુણવાનને ભગવંતની આજ્ઞાકારી એવી સુગતિ સુલભ છે.

(ગાથા - ૭૪ એ પ્રક્ષેપ ગાથા છે. તેની વ્યાખ્યા વૃત્તિકાર કે ચૂર્ણિકારે કરેલ નથી.) આ મહાર્થ છ જીવનિકાયનો વિધિથી ઉપસંહાર કરે છે -

આ પ્રતિપાદિત અર્થરૂપ "છ જીવનિકાય" અધ્યયનની વિરાધના ન કરે. (કોણ ?) સમ્યગદૃષ્ટિ - તત્ત્વ શ્રદ્ધાવાન જીવ, સર્વકાલ પ્રયત્નવાળો મુનિ, દુર્લભ એવા શ્રામણ્યને પામીને. શ્રામણ્ય - છ જીવનિકાયના સંરક્ષણ રૂપ. કર્મણા - મન, વચન, કાયાની ક્રિયાથી પ્રમાદ વડે ખંડિત ન કરે. અપ્રમાત્તને જો કોઈ વખત વિરાધના થાય તો તે દ્રવ્ય વિરાધના છે, તેથી તેને અવિરાધના જાણવી. - x - x - વળી સૂક્ષ્મ જીવોની વિરાધના થતી નથી. શેષ કથન પૂર્વવત્ જાણવું.

અધિકૃત અધ્યયનના પર્યાય શબ્દોને બતાવે છે -

**• નિર્યુક્તિ - ૨૩૪ - વિવેચન -**

સમ્યગ્ જીવાજીવાભિગમ હેતુપણાથી એ પ્રમાણે આચારના ઉપદેશપણાથી યથાવસ્થિત ધર્મપ્રજ્ઞાપનાથી, ચારિત્રના નિમિત્તત્વથી ચારિત્ર ધર્મ છે. ધર્મ - તેના સાર ભૂતત્વથી તે શ્રુતધર્મ છે. અહીં આ ધર્મપ્રજ્ઞપ્તિ, ચારિત્ર ધર્મ ઇત્યાદિ શબ્દો એકાર્થિક છે. - x - x - અનુગમ કહ્યો. નયો પૂર્વવત્.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન - ૪ નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❁ અધ્યયન - ૫ "પિન્ડૈષણા" ❁

—— x —— x —— x —— x ——

હવે 'પિન્ડૈષણા' કહે છે. આનો સંબંધ આ છે - અનંતરાધ્યાયનમાં સાધુનો આચાર, છ જીવનિકાયને આશ્રીને થાય, તેમ કહેલું. અહીં તો ધર્મકાય રહેતા છ કાય રક્ષા થાય છે. ધર્મકાયના મુખ્યત્વે આહાર વિના સ્વસ્થતા ન રહે. તે આહાર સાવધ અને નિરવધ બે ભેદો છે. તેમાં નિરવધ આહાર સાધુએ લેવો. - x - એ સંબંધે આ અધ્યયન આવેલ છે. આ જ વાત બીજી રીતે ભાષ્યકાર કહે છે -

● ભાષ્ય - ૬૧ - વિવેચન -

અનંતર અધ્યયનમાં પ્રાણાતિપાત નિવૃત્તિ આદિ મૂલ ગુણ સમ્યક્ રીતે કહ્યા. પછી ઉત્તરગુણ પ્રસ્તાવથી આવેલ આ અધ્યયન છે. અહીં અનુયોગદ્વારનો વિષય પૂર્વવત્ કહેવો. હવે નામનિક્ષેપ કહે છે -

● નિર્યુક્તિ - ૨૩૫ થી ૨૪૫ - વિવેચન -

પિંડ અને એષણા એ 'દ્વિપદ' નામ છે. ઉક્ત સંબંધ આ અધ્યયનનો જાણવો, બંને પદના ચાર - ચાર નિક્ષેપા નામ આદિ કરવા. અધિકૃત પ્રરૂપણાને કહે છેઃ- નામપિંડ, સ્થાપનાપિંડ, દ્રવ્યપિંડ, ભાવપિંડ. નામ અને સ્થાપના ગૌણ છે. દ્રવ્યપિંડ તે ગોળ, ઓદન આદિ. ભાવપિંડમાં ક્રોધાદિ ચાર લેવા. હવે તેનો અન્વર્થ કહે છે - એકઠાં થયેલા અને થતા વિપાક પ્રદેશ એ બંનેના ઉદયથી સંચિત ક્રોધાદિ. સંસારી જીવોને જ્ઞાનાવરણ આદિ આઠ કર્મો વડે ચાર ગતિમાં જોડે છે, તેથી ક્રોધાદિ પિંડ છે. પિંડ કહ્યો.

હવે એષણા કહે છે - તેમાં પણ નામ, સ્થાપના છોડીને દ્રવ્ય એષણા કહે છે. તે ત્રણ ભેદે છે - સચિત્ત, અચિત્ત, મિશ્ર. અનુક્રમે તે દ્વિપદ, ચતુષ્પદ, અપદ અર્થાત્ મનુષ્ય, પશુ અને વૃક્ષને જાણવા. સુવર્ણમુદ્રા લેવાથી અચિત્ત દ્રવ્યૈષણા અને અલંકૃત દ્વિપદાદિ વિષયક મિશ્ર દ્રવ્યૈષણા જાણવી.

હવે ભાવૈષણા કહે છે - તે બે ભેદે, પ્રશસ્ત અને અપ્રશસ્ત. પ્રશસ્ત - જ્ઞાનાદિ એષણા, અપ્રશસ્ત - ક્રોધાદિ એષણા. હવે ચાલુ યોજના કહે છે - જ્ઞાનાદિને ઉપકારીપણાથી અહીં દ્રવ્યૈષણા વડે અધિકાર છે. તેની હેય અને ઉપાદેય બે રીતે અર્થયોજના "પિંડ નિર્યુક્તિ" થી જાણવી. તે પૃથક્ સ્થાપનાથી મેં વ્યાખ્યાયિત કરેલ છે, તેથી અહીં વ્યાખ્યા કરતા નથી.

પિન્ડૈષણાના ઉદ્‌ગમાદિ ભેદોને સંક્ષેપમાં નવ કોટીમાં કહે છે - પોતે સ્વયં ન હણે, ન રાંધે, ન ખરીદ કરે. બીજા પાસે ન હણાવે, ન રંધાવે, ન ખરીદાવે. હણનાર, રાંધનાર, ખરીદનારની અનુમોદના ન કરે, તે નવ. - x - આ નવે પ્રકારની પિન્ડૈષણા બે ભેદે કરાય છેઃ-

(૧) ઉદ્‌ગમકોટી (૨) વિશોધિ કોટી. તેમાં હણવું - હણાવવું - અનુમોદવું, રાંધવુ - રંધાવવું - અનુમોદવું ત જ ઉદ્‌ગમકોટી અને અવિશોધિ કોટી છે. ખરીદવું - ખરીદાવવું - અનુમોદવું એ ત્રણ વિશોધિકોટીમાં સમાય છે. આ જ વાત ભાષ્યકાર કહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે :- કોટી બે ભેદે છે, પૂર્વવત્. વિશોધિકોટીમાં ખરીદવું આદિ ત્રણ પ્રકારે છે, તે અનેક રીતે - ઓઘ ઔદ્દેશિકાદિ છે. છ કોટી કહે છે - સંપૂર્ણ જ ઔદ્દેશિક છેલ્લા ત્રણ છે. કર્મૌદ્દેશિક પાખંડ, શ્રમણ અને નિર્ગ્રન્થ વિષયક. પૂતિ - આહાર અને પાણી દોષિત હોય, તે જ છે. મિશ્ર ગ્રહણ કરવાથી પાખંડ શ્રમણ નિર્ગ્રન્થ એ ત્રણેનું સાથે છે. તે ચરમ પ્રાભૃતિકા અર્થાત્ બાદર છે. હવે રાગાદિ યોજનાથી કોટી સંખ્યા કહે છે -

નવ, અઢાર, સત્તાવીશ, ચોપન, નેવું, બસો સીતેર કોટી છે. ભાવાર્થ વૃદ્ધ સંપ્રદાયથી જાણવો. તે આ રીતે - નવ કોટીને રાગ અને દ્વેષ વડે ગુણતા ૧૮ થાય. તે નવને મિથ્યાત્વ, જ્ઞાન, અવિરતિથી ગુણતા - ૨૭ ભેદ થાય. ૨૭ને રાગ-દ્વેષથી ગુણતા - ૫૪ ભેદ. તે જ નવને દશવિધ શ્રમણ ધર્મથી ગુણતા વિશુદ્ધ ૯૦ ભેદ થાય. નેવું ને જ્ઞાન, દર્શન, ચારિત્રથી ગુણતાં ૨૭૦ ભેદો થાય. નામ નિષ્પન્ન નિક્ષેપ કહ્યો. - x - હવે સૂત્ર કહે છે -

## ❂ અધ્યયન - ૫ - ઉદ્દેશો - ૧ - ❂

——— x ——— x ——— x ——— x ———

● સૂત્ર - ૭૬, ૭૭ -

***(૭૬) ભિક્ષા કાળ પ્રાપ્ત થતાં અસંભ્રાંત અને અમૂર્છિત થઈને આ ક્રમ - યોગથી ભોજન - પાનની ગવેષણા કરે. (૭૭) ગામમાં કે નગરમાં ગોચરાગ્રને માટે પ્રસ્થિત મુનિ અનુદ્વિગ્ન અને અવ્યાક્ષિપ્ત ચિત્તથી ધીમે ધીમે ચાલે.***

● વિવેચન - ૭૬, ૭૭ -

શોભન પ્રકારે સ્વાધ્યાયકરણાદિથી વખત જતાં ભિક્ષા સમયે ભોજન - પાન શોધે. આમ કહીને કાળ ન હોય ત્યારે ગૌચરી જવાનો નિષેધ કર્યો. અલાભ અને આજ્ઞાખંડન વડે દૃષ્ટાદૃષ્ટનો વિરોધ થાય. ગોચરી વેળાએ આકુળ ન થવું, પણ ઉપયોગ રાખીને ચાલવું, અન્યથા નહીં. પિંડ અને શબ્દાદિમાં ગૃદ્ધ ન થાય. વિહિત અનુષ્ઠાન કરે, હવે કહેવાનાર ક્રમે સાધુને યોગ્ય ભાત અને ઓસામણ આદિ શોધે. જ્યાં જે રીતે ગવેષણા કરે, તે કહે છે - તે સંભ્રમ અને મૂર્છારહિત થઈ ગામમાં, નગરમાં, કર્બટ આદિમાં ગાયના ચરવાની માફક ચાલતો ઉત્તમ, મધ્યમ, અધમ કુળોમાં રાગ-દ્વેષ કર્યા વિના ભિક્ષાટન કરે. પ્રધાન એવો મુનિ અભ્યાહૃત, આધાકર્મ આદિનો ત્યાગ કરીને તેમાં વર્તે તે ભાવ સાધુ ધીમે ધીમે ચાલે, પ્રશાંત રહે, પરીષહાદિથી ડરે નહીં. - x - એષણામાં ઉપયોગ રાખીને ચાલે.

● સૂત્ર - ૭૮ થી ૮૩ -

***(૭૮) આગળ યુગપ્રમાણ પૃથ્વીને જોતો તથા બીજ, વનસ્પતિ, પ્રાણી, અચિત જળ અને માટીને વર્જતો ચાલે. (૭૯) અન્ય માર્ગ હોય તો સાધુ ખાડા વગેરે વિષય ભૂમિ ભાગ, ઠુંઠા અને કાદવવાળા માર્ગને છોડી દે, તેને સંક્રમીને ઉપરથી ન જાય. (૮૦) તે ખાડા આદિથી પડતો કે***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સ્ખલિત થતો પ્રાણી અને ભૂતોની કે ત્રસ - સ્થાવરની હિંસા કરે છે. (૮૧) તેથી સુસમાહિત સંયમી સાધુ અન્ય માર્ગ હોય તો તે માર્ગથી ન જાય, માર્ગ ન હોય તો જયણાપૂર્વક તે માર્ગે જાય. (૮૨) સંયમી સાધુ અંગારા, રાખ, તુષના ઢગલાં અને છાણ ઉપર સચિત રજયુક્ત પગથી તેને અતિક્રમીને ન જાય. (૮૩) વરસાદ વરસતો હોય, ધુમ્મસ પડી રહ્યું હોય, મહાવાત ચાલતો હોય, માર્ગમાં તિર્યંચ સંપાતિમ જીવ ઉડતા હોય તો ભિક્ષાર્થે ન જાય.*

● વિવેચન - ૭૮ થી ૮૩ -

સામે યુગમાત્ર એટલે શરીર પ્રમાણ અથવા ગાડાંના ઉંટડા પ્રમાણ દૈષ્ટિ જમીન ઉપર રાખી ચાલે. બીજા દિશાનો ઉપયોગ ન રાખે. બીજ અને હરિતને વર્જીને ચાલે. આના વડે વનસ્પતિના અનેક ભેદનો પરિહાર કહ્યો. તથા બે ઇંદ્રિયાદિ પ્રાણીઓ, અપ્કાય, પૃથ્વીકાય અને ચ શબ્દથી તેઉકાય અને વાયુકાય પણ જાણવા. (તેને પણ વર્જીને ચાલે) અહીં બતાવેલ દૈષ્ટિના માપ કરતાં લાંબી દૈષ્ટિએ જુએ તો બરાબર જીવરક્ષા ન થાય, ઘણું નજીક જોવું અશક્ય છે, માટે ધીમેથી જોઈને ચાલે. સંયમ વિરાધના પરિહાર કહ્યો.

હવે આત્મસંયમ વિરાધનાનો પરિહાર કહે છે - અવપાત એટલે ખાડા આદિ. વિષમ - ઉંચુ નીચું, સ્થાણુ - ઉભું ઠુંઠું, વિજ્લ - કાદવ. આ બધાંને પરિહરે. પાણી ઓળંગવા પત્થર કે લાકડાં ગોઠવેલ હોય તો ત્યાંથી જ જાય, કેમકે આત્મ અને સંયમ વિરાધના સંભવે છે. જો બીજો માર્ગ ન હોય તો જ ત્યાંથી ચાલે, તો જયણાપૂર્વક ચાલે.

ખાડા વગેરેમાં ચાલતા થતા દોષો - ખાડામાં પડે કે ઠોકર ખાય તો પોતાને તથા ત્યાં રહેલ સર્વે જીવોને પીડા પહોંચાડશે. એ જ પાત જૂદી રીતે કહે છે કે ત્રસ અથવા સ્થાવરોને પીડા કરશે. તેથી ભગવંતની આજ્ઞામાં રહેલ સંયત - સાધુ ઉક્ત માર્ગે ન જાય. પણ માર્ગના અભાવે અથવા લાંબે દૂર જવાની શક્તિ ન હોય તો માર્ગે સંભાળીને ચાલે ઇત્યાદિ - x -

હવે વિશેષથી પૃથ્વીકાયની જયણા કહે છે - કોલસાની રાશિ, એ પ્રમાણે રાખની, તુષની, છાણની રાશિ આદિ સૂત્રાર્થવત્ જાણવું. પૃથ્વીકાયની વિરાધના ન થાય, માટે તેના ઉપર ન ચાલે. અહીં જ અપ્કાય આદિની જયણા કહે છે - વરસતા વરસાદમાં ન જાય, ભિક્ષાર્થે પ્રવેશ્યા પછી વરસે તો ઢાંકેલ સ્થાને ઉભો રહે, માવહું કે મહાવાત ચાલતો હોય તો પણ રજ વિરાધના સંભવે છે, ઉડતા પતંગાદિ અથડાય ને મરે આવા કારણે જલ્દી - જલ્દી ન ચાલે.

● સૂત્ર - ૮૪ થી ૮૬ -

*(૮૪) બ્રહ્મચર્ય વશવર્તી શ્રમણ વૈશ્યાવાડાની નજીક થઈને ન જાય, કેમકે બ્રહ્મચારી અને દાંત સાધુને મનમાં અસમાધિ થઈ શકે છે. (૮૫) અનાયતનમાં વારંવાર ફરતાં મુનિને સંસર્ગથી વ્રતોની ક્ષતિ થાય અને*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***તેના શ્રામણ્યમાં સંશય થાય. (૮૬) તેથી આને દુર્ગતિવર્ધક દોષ જાણીને એકાંતના આશ્રયમાં રહેનાર મુનિ વેશ્યાલય સમીપ ન જાય.***

**● વિવેચન - ૮૪ થી ૮૬ -**

અનંતર સૂત્રમાં પહેલાં વ્રતની યાતના કહી, અહીં ચોથા વ્રતની યતના કહે છે - ગણિકાની ઘરની નીકટ ન જાય. કેમકે મૈથુન વિરતિ રૂપ બ્રહ્મચર્ય પાળવા જે સાધુ ઇચ્છે છે, તેને ત્યાં જતાં દર્શનથી ચિત્તમાં વ્યાક્ષેપ થાય. સાધુ ઇંદ્રિય અને નોઇંદ્રિયના દમનાર હોય, વેશ્યાગૃહ સમીપે જવાથી તેના રૂપના દર્શન કે સ્મરણ અપધ્યાનરૂપ કચરાથી જ્ઞાન અને શ્રદ્ધારૂપ જળને વિઘ્ન થતાં ચિતમાં વિક્રિયા થાય છે. આ દોષ એક વખત વૈશ્યાગૃહ સમીપે જવાથી કહ્યો. હવે વારંવાર જવાનો દોષ કહે છે -

અનાયતન એટલે વેશ્યા કે દુરાચારીના સ્થાન પાસે વરંવાર જતાં પ્રાણાતિપાત આદિ વ્રતોમાં ક્ષતિ થાય, આક્ષિપ્ત ચિત્તથી ભાવ વિરાધના થાય, શ્રમણ ભાવમાં દ્રવ્યથી રજોહરણાદિ ધારણ રૂપ અને ભાવથી વ્રત પ્રધાન હેતુમાં સંશય થાય, કદાચિત દીક્ષા છોડી દે.

પૂર્વાચાર્ય કૃત વ્યાખ્યા - વૈશ્યાદિગત ભાવથી મૈથુનની પીડા થાય. અનુપયોગથી એષણા કરતા હિંસા થાય, કોઈ પૂછે તો અસત્ય વચન બોલે, વેશ્યાના દર્શનની જિનાજ્ઞા ન હોવાથી અદત્તાદાન, મમત્વ કરવાથી પરિગ્રહ એમ બધાં વ્રતને ક્ષતિ પહોંચે. સાધુપણામાં પણ સંશય થાય. તેથી આ અનંતરોક્ત દુર્ગતિવર્ધન વચનો જાણીને મુનિ વૈશ્યાલય સમીપે જવાનો ત્યાગ કરે અને મોક્ષનો આશ્રય કરે. (શંકા) પહેલા વ્રતની વિરાધના પછી સીધી જ ચોથા વ્રતની વિરાધના કેમ કહી ? પ્રાધાન્ય જણાવવા માટે. બીજા વ્રતો કરતા તેની મહત્તા જણાવવા. હવે વિશેષથી કહે છે -

**● સૂત્ર - ૮૭ થી ૯૩ -**

***(૮૭) માર્ગમાં શ્વાન, નવપ્રસૂતા ગાય, ઉન્મત બળદ, અશ્વ, હાથી, બાલક્રિડાસ્થાન, કલહ અને યુદ્ધનો દૂરથી જ ત્યાગ કરે. (૮૮) મુનિ ઉન્નત, અવનત, હર્ષિત કે આકુળ થઈને ન ચાલે, પણ ઇંદ્રિયોના વિષયને દમન કરીને ચાલે. (૮૯) ઉચ્ચ-નીચ કુળોમાં ગૌચરીને માટે મુનિ સદા જલ્દી - જલ્દી ન ચાલે, હાસ્ય કરતા કે બોલતા બોલતા ન ચાલે. (૯૦) ઝરોખા, થિગ્ગલદ્વાર, સંધિ, જળગૃહ કે શંકા ઉત્પન્ન કરે તેવા સ્થાનને ઝાંકતો ન ચાલે, પણ તેનું વર્જન કરે. (૯૧) રાજા, ગૃહપતિ, આરક્ષકના રહસ્ય સ્થાનને તથા સંકલેશકર સ્થાનોને દૂરથી છોડી દે. (૯૨) પ્રતિકુષ્ટ કુળોમાં ન પ્રવેશે, મામક ગૃહને છોડી દે. અપ્રીતિકર કુળોમાં ન પ્રવેશે પણ પ્રીતિકર કુળોમાં જાય. (૯૩) આજ્ઞા લીધા વિના શણના બનેલ પડદા તથા વસ્ત્રાદિથી ઢાંકેલા દ્વારને સ્વયં ખોલે નહીં, કમાડ પણ ન ઉઘાડે.***

**● વિવેચન - ૮૭ થી ૯૩ -**

ગાથાર્થ કહ્યો જ છે. વિશેષ વૃત્તિ આ પ્રમાણે - સૂતા એટલે તાજી જ પ્રસૂતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસ - દર્પિત, ઉન્મત એવા બળદ, અશ્વ, હસ્તી, સંડિમ્મ - બાળક્રીડા સ્થાન, કલહ - ઝઘડા, યુદ્ધ - ખડ્ગ આદિને દૂરથી છોડવા, કેમકે આત્મસંયમ વિરાધના ન સંભવે. કુતરાદિ દ્વારા આત્મ વિરાધના, બાળક આદિના સ્થાનમાં સંયમ વિરાધના સંભવે છે ઇત્યાદિ. હવે વિધિ કહે છેઃ- ઉન્નુન્નત - દ્રવ્યથી આકાશમાં જોતો ન ચાલે, ભાવથી જાતિ આદિ અભિમાન ન કરે. અવનત - દ્રવ્યથી નીચું જોઈને ન ચાલે, ભાવથી લબ્ધિ આદિ રહિત હોવાથી દીનપણું બતાવતો ન ચાલે. અનાકુલ - ક્રોધ આદિ રહિત. દમયિત્વા - સ્પર્શાદિમાં રાગ-દ્વેષ રહિત. આ પ્રમાણે ન વર્તે તો ઘણાં દોષો સંભવે છે - દ્રવ્યોન્નતની લોકમાં હાંસી થાય છે. ભાવોન્નત ઇર્યા સમિતિ ન પાળે. ભાવ અવનત ક્ષુદ્ર સત્વ હોય. હસતો હોય તે સ્ત્રીના દર્શનથી આસક્ત લાગશે. અદાંત - દીક્ષાને યોગ્ય નથી.

વળી - ઉચ્ચકુળ એટલે દ્રવ્યથી ધોળેલા ઉંચા ઘરો, ભાવથી જાતિ આદિ યુક્ત. નીચ કુળ - દ્રવ્યથી ઝુંપડીવાસી, ભાવથી જાત્યાદિથી હીન. દોષ કહે છે - ઉભય વિરાધના અને લોક ઉપઘાતાદિ થાય. આમાં જ વિધિ કહે છેઃ- અવલોક - ઝરુખો, થિગ્ગલ - ચણી દીધેલ દ્વારાદિ. ઇત્યાદિ - x - ભિક્ષાર્થે જતાં વિશેષથી ન જુએ. કેમકે કંઈ નુકસાન થાય તો સાધુ ઉપર શંકા ઉપજે. રાજ્ઞ - ચક્રવર્તી આદિ, ગૃહપતિ - શ્રેષ્ઠી વગેરેના - x - રહસ્ય સ્થાનો, ગુહ્ય મંત્રણા સ્થાનોને - x - દૂરથી જ છોડી દે. વળી - પ્રતિકુષ્ટ - બે ભેદે (૧) ઇત્વર - સૂતક ગૃહ, (૨) યાવત્કાથિક - અભોજ્ય, આ ઘરોમાં ન પ્રવેશે કેમકે શાસનની લઘુતા થાય. મામક - ગૃહપતિએ આવવાની મનાઈ કરી હોય તેવા ઘર, ત્યાં ભંડન આદિ સંભવે છે. અપ્રીતિકુલ - જ્યાં પ્રવેશતા સાધુ પ્રત્યે અપ્રીતિ ઉપજે છે, તે ઘેર ન જાય. ત્યાં - x - સંકલેશનું નિમિત્ત થાય છે. પ્રીતિવાળા કુળમાં અનુગ્રહ માટે પ્રવેશે.

શાણી - અતસી કે વલ્કનો પડદો. પ્રાવાર - કંબલાદિ લક્ષણ. ઇત્યાદિથી બંધ દ્વારને સાધુ સ્વયં ન ઉઘાડે. કેમકે અંદર ગૃહસ્થો ભોજનાદિ ક્રિયા કરતા હોય તેમને દ્વેષ થાય. બારણાને ઉઘાડીને સાધુ ન જાય. જો અગાઢ પ્રયોજન હોય તો 'ધર્મલાભ' વિધિથી કહીને પ્રવેશ કરે.

● સૂત્ર - ૯૪ -

***ભિક્ષાર્થે પ્રવિષ્ટ થનાર સાધુ મળ - મૂત્રને ન અટકાવે. જો મળ - મૂત્રની બાધા થાય તો પ્રાસુક સ્થાન જોઈ, અનુજ્ઞા લઈ, વોસિરાવે.***

● વિવેચન - ૯૪ -

ગાથાર્થ કહ્યો. આ વિષયમાં વૃદ્ધ સંપ્રદાય આ પ્રમાણે છે - સાધુ ગૌચરી માટે જતાં પહેલાં મળ - મૂત્રની સંજ્ઞા ટાળીને નકીળે. જો તેમ ન કરેલ હોય કે કરવા છતાં ફરી શંકા થાય તો મળ - મૂત્રને રોકે નહીં. કેમકે મૂત્ર નિરોધમાં આંખને ઉપઘાત થાય, મળ નિરોધમાં જીવિતનો ઘાત થાય. વળી આત્મવિરાધના થાય. - x - તેથી સંઘાટકને પોતાના પાત્રા સોંપી વસતીમાંથી પાણી લઈને સંજ્ઞાભૂમિમાં વિધિથી મળ - મૂત્રનો ત્યાગ કરે. વિસ્તારથી જાણવા ઓઘ નિર્યુક્તિ જોવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૯૫ થી ૯૭ -

***(૯૫) નીચા દ્વારવાળા કે અંધારા ઓરડામાં ગૌચરી ન લે. કેમકે ત્યાં નેત્રો દ્વારા પોતાનો વિષય ગ્રહણ ન થાય, પ્રાણીને જોઈ ન શકે. (૯૬) જે કોઠામાં પુષ્પ, બીજ આદિ વિખરાયેલ હોય, જ્યાં તત્કાળ લીંપાયેલ હોય, ભીનું દેખાય, તો ત્યાં પ્રવેશ ન કરે. (૯૭) સંયમી સાધુ ઘેટા, બાળક, કુતરા કે વાછરડાને ઓળંગીને કે ખસેડીને તે ઓરડામાં પ્રવેશ ન કરે.***

● વિવેચન - ૯૫ થી ૯૭ -

જેમાં નિર્ગમ કે પ્રવેશ નીચો હોય, અંધારાવાળા ઓરડો હોય ત્યાં સાધુ ભિક્ષા ન લે. સામાન્યથી ત્યાં પડેલી વસ્તુ અંધારામાં ન દેખાય. અર્થાત્ જીવો દુષ્પ્રત્યુપેક્ષણીય થાય, ઇર્યાની શુદ્ધિ ન થાય. જ્યાં જાતિ પુષ્પાદિ, શાલિ બીજાદિ વીખરાયેલા હોય, જે પરિહરવા શક્ય ન હોય, તેવા કોઠાર કે દ્વારમાં તથા તાજુ લીંપણ હોય, ભીનાશ હોય, તે જોઈને તેને દૂરથી જ પરિવર્જે. શક્ય ન હોય તો ત્યાં ધર્મલાભ કહે. જેથી સંયમ અને આત્મ વિરાધનાનો દોષ લાગે. બાકી સુગમ છે.

● સૂત્ર - ૯૮ થી ૧૦૧ -

***ગૌચરી માટે પ્રવેશેલ સાધુ - (૯૮) આસક્તિપૂર્વક ન જુએ, અતિ દૂર ન જુએ, આંખો ફાડી-ફાડીને ન જુએ, કંઈ ભિક્ષા ન મળે તો પણ કંઈ બોલ્યા વિના પાછો ફરે. (૯૯) અતિભૂમિ ન જાય, કુળની ભૂમિને જાણીને મિત ભૂમિ સુધી જ જાય. (૧૦૦) વિચક્ષણ સાધુ ત્યાં જ ઉચિત ભૂભાગને પ્રતિલેખે, સ્નાને અને શૌચ સ્થાન તરફ દૃષ્ટિપાત ન કરે. (૧૦૧) સર્વેન્દ્રિય સમાહિત ભિક્ષુ સચિત પાણી અને માટી લાવવાનો માર્ગ તથા બીજ અને હરિતને વર્જીને ઉભો રહે.***

● વિવેચન - ૯૮ થી ૧૦૧ -

આ વિધિ વિશેષથી કહે છેઃ- સાધુ ગૃહસ્થને ઘેર સ્ત્રીની સાથે દૃષ્ટિ ન મેળવે. કેમકે તેથી રાગની ઉત્પત્તિ અને લોકોપઘાત દોષ થાય. દેનારના આગમન માત્ર દેશને જુએ, અન્યથા ચૌર આદિની શંકા થાય. ગૃહ પર્ષદામાં પણ ન જુએ, કેમકે મલીન વેશથી તેઓને અપ્રીતિ થાય. કંઈ ન મળે તો પણ દીન વચન ઉચ્ચાર્યા વિના ગૃહસ્થના ઘેરથી બહાર નીકળી જાય. ગૃહસ્થે અનુજ્ઞા ન આપી હોય, જ્યાં બીજા ભિક્ષાચરો ન જતાં હોય, તેવી ભૂમિમાં ગૌચરી ગયેલો સાધુ ન જાય. પણ ઉત્તમાદિ કુળ જાણીને અનુજ્ઞાત ભૂમિમાં જાય, જેથી અપ્રીતિ ન થાય. તે જ પરિમિત ભૂમિમાં સૂત્રોક્ત વિધિથી પ્રત્યુપેક્ષા કરે. અહીં વિચક્ષણ શબ્દથી કેવલ અગીતાર્થને ભિક્ષાટન નો પ્રતિષેધ કરેલ છે. સ્નાનાદિ ભૂમિને સંલોકે નહીં, તેથી પ્રવચનની લઘુતા થાય અને નગ્ન સ્ત્રીના દર્શનથી રાગાદિ ભાવ થાય. આદાન - માર્ગ, જળ અને માટી લાવવાનો માર્ગ. સચિતને પરિવર્જીને અનંતરોક્ત દેશમાં ઉભો રહે. શબ્દાદિ વિષયોથી અનાક્ષિપ્ત ચિત્ત થઈને રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● **સૂત્ર - ૧૦૨ થી ૧૦૪ -**

***(૧૦૨) સાધુ ત્યાં ઉભો હોય તો, દેવા માટે લવાયેલ ભોજન અને પાનમાં અકલ્પિત ગ્રહણ ન કરે. કલ્પતું હોય તે જ ગ્રહણ કરે. (૧૦૩) ભોજન લાવતી કોઈ ગૃહિણી, ભોજનને નીચે પાડે, તે દેનારને ના પાડી દે કે - મને તેવા પ્રકારનો આહાર ન કલ્પે. (૧૦૪) પ્રાણ, બીજ અને વનસ્પતિનું સંમર્દન કરતા આહાર લાવતી અસંયમકારિણીને જાણીને, તેવા આહારનું વર્જન કરે.***

● **વિવેચન - ૧૦૨ થી ૧૦૪ -**

ત્યાં - કુલોચિત ભૂમિમાં, ઉભા રહેલ સાધુને માટે ગૃહી પાન - ભોજન લાવે, તેમાં આ વિધિ છે - અનેષણીય ન લે, એષણીય આહાર ગ્રહણ કરે. કલ્પિક ગ્રહણ દ્રવ્યથી શોભન કે અશોભન હોય તો પણ અવિશેષથી ગ્રહણ કરે. વહોરાવવા આવતી ગૃહિણી કદાચિત્ તે દેશમાં અહીં - તહીં ભોજન - પાનને વેરતી આવે, તો તેને ભિક્ષાનો નિષેધ કરે. પ્રાયઃ સ્ત્રીઓ જ ભિક્ષા આપે છે, માટે અહીં સ્ત્રી કહ્યું છે. સિદ્ધાંતમાં કહેલ દોષ લાગવાથી "મારે આ રીતે ભિક્ષા લેવી ન કલ્પે" તેમ કહેવું. - x - સાધુ નિમિત્તે અસંયમકરણ શીલા જાણીને પગેથી બીજ, પ્રાણી આદિ કચડતી આવે, તેની પાસેથી પણ ભિક્ષા ન લે.

● **સૂત્ર - ૧૦૫ થી ૧૦૯ -**

***(૧૦૫ - ૧૦૬) એ જ પ્રમાણે એકમાંથી બીજા વાસણમાં નાખીને, સચિત્ત વસ્તુનો સંસ્પર્શ કરીને તથા સચિત પાણી હલાવીને, સચિત્ત પાણીમાં અવગાહન કરીને, ચલિત કરીને આહાર - પાણી લાવે તો મુનિ તેને નિષેધ કરીને કહે કે - "મને આ પ્રકારે લેવું ન કલ્પે." (૧૦૭) પુરોકર્મ - કૃત્ હાથથી, કડછીથી કે વાસણથી દેનારીને સાધુ નિષેધ કરીને કહે કે - મને આ પ્રકારે આહાર લેવો ન કલ્પે. (૧૦૮) એ પ્રમાણે હાથ વગેરે ભીના હોય, સ્નિગ્ધ હોય, રજ સહિત હોય, માટી - ખાર - હરતાલ - હિંગલોક - મનઃ શીલ - અંજન - લવણ (૧૦૯) ગેરુ - પીળી માટી - સફેદ માટી - ફટકડી - અનાજનું ભુંસુ - તુરંતનો પીસેલો લોટ - ફળના ટુકડા આદિથી સંસક્તમાં પણ જાણવું.***

● **વિવેચન - ૧૦૫ થી ૧૦૯ -**

કોઈ બીજા વાસણમાં નાંખીને વહોરાવે, તે પ્રાસુક હોય તો પણ વર્જે. તેમાં પ્રાસુક પ્રાસુકમાં નાંખે, પ્રાસક અપ્રાસુકમાં નાંખે, અપ્રાસુકમાં પ્રાસુક નાંખે અને અપ્રાસુકમાં અપ્રાસુક નાંખે. તેમાં જે પ્રાસુકમાં પ્રાસુક નાંખે તેમાં પણ થોડામાં થોડું, થોડામાં ઘણું, ઘણામાં થોડું, ઘણામાં ઘણું નાંખે, ઇત્યાદિ પિંડા નિર્યુક્તિથી જાણવું. તથા વાસણમાં નાંખી અદેય છ જીવનિકાયમાં આપે, સચિત્ત સંઘટ્ટ કરીને આપે ઇત્યાદિ - x - સાધુ ગ્રહણ ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાણીને પોતાની સન્મુખ હલાવીને આપે ઇત્યાદિ અહીં પાણીમાં નિયમથી અનંત વનસ્પતિ હોય તે પ્રાધાન્ય જણાવવા સચિત્તને ઘટ્ટન કરીને કહેવા છતાં ભેદ વડે લીધું - x - x - તેથી પાણીને ચલન કરીને - દુઃખ આપીને વહોરાવે. જેમકે ભાતનું ઓસામણ વગેરે, આવી ગ્રહણ ન કરે. પૂર્વકર્મ - સાધુ નિમિત્ત પહેલાં હાથ ધુવે. ઇત્યાદિનો નિષેધ કરે. એ પ્રમાણે કાચા પાણીવાળા ભીના હાથેથી, પાણીના ટીપા પડતા હોય, સસ્નિગ્ધ હાથેથી - કંઈક ભીના હાથ હોય, પૃથ્વીરાજથી યુક્ત હાથ વડે, કાદવયુક્ત હાથથી, એ પ્રમાણે ખાર આદિવાળા હાથે પણ કહેવું. તેમાં ઉષ - ક્ષાર ઇત્યાદિ. બાકી સુગમ છે.

● સૂત્ર - ૧૧૦, ૧૧૧ -

***(૧૧૦) અસંસૃષ્ટ હાથથી, કડછીથી કે વાસણથી આહારને ન ઇચ્છે, કે જ્યાં પશ્ચાત્કર્મ થાય. (૧૧૧) સંસૃષ્ટ હાથ - કડછી કે વાસણથી અપાતું જો તે એષણીય હોય તો સ્વીકારે.***

● વિવેચન - ૧૧૦ , ૧૧૧ -

અન્ન આદિથી અલિપ્ત હાથ વગેરેથી દેવાતું કેમ ન ઇચ્છે ? પશ્ચાત્કર્મ ન થાય તે માટે શુષ્ક મંડનાદિ વત્ અન્ય દોષ રહિત ગ્રહણ કરે. અન્ન આદિથી લિપ્ત હાથ આદિથી દેવાતું ગ્રહણ કરે, તે જો એષણીય હોય તો. અહીં વૃદ્ધ સંપ્રદાય આ છે - સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ પાત્ર, સાવશેષ દ્રવ્ય, સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ માત્ર, નિરવશેષ દ્રવ્ય, એ પ્રમાણે આઠ ભંગ છે. તેમાં પહેલો ભંગ સર્વોત્તમ છે. - x - પશ્ચાત્કર્મ દોષ થાય તો તે ન ચાલે.

● સૂત્ર - ૧૧૨ થી ૧૧૯ -

***(૧૧૨) જ્યાં બે સ્વામી કે ઉપભોક્તા હોય, તેમાંથી એક નિમંત્રણા કરે, તો મુનિ તે દેવાતા આહારને ન ઇચ્છે. બીજાનો અભિપ્રાયને જુએ. (૧૧૩) જો બંને સ્વામી કે ઉપભોક્તા હોય, બંને નિમંત્રણા કરે અને જો તે એષણીય હોય તો તેને સ્વીકારે. (૧૧૪) ગર્ભવતી સ્ત્રી માટે તૈયાર કરાયેલ વિવિધ પાન-ભોજન તેના ઉપભોગના હોય તો વર્જે, પણ જો ખાતા વધેલ હોય તો ગ્રહણ કરે. (૧૧૫) કદાચ પુરા મહિનાવાળી ગર્ભવતી મહિલા આહાર આપવાને માટે ઉભી હોય અને બેસે કે બેઠેલી હોય અને ઉભા થાય... (૧૧૬) તે આહાર - પાન સંયતને ન કલ્પે. તેથી દેનારીને નિષેધ કરીને કહે કે - "મને આવો આહાર કલ્પતો નથી." (૧૧૭) સ્તનપાન કરાવતી સ્ત્રી જો બાલક કે બાલિકાને રોતા છોડીને ભોજન - પાન લાવે. (૧૧૮) સંયતને તે આહાર - પાણી અકલ્પ્ય છે૦ આદિ ૧૧૬ મુજબ. (૧૧૯) જે આહાર - પાણીના કલ્પ્ય - અકલ્પ્યપણામાં શંકિત હોય, તે દેનારીનો મુનિ નિષેધ કરે અને કહે કે મને તેવા પ્રકારે કલ્પતુ નથી.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● વિવેચન - ૧૧૨ થી ૧૧૯ -

બે માણસ એક વસ્તુના સ્વામી હોય, તેમાં એક તે વસ્તુના દાન માટે નિમંત્રે, તો દેવાતા તે આહારને ઉત્સર્ગથી ન ઇચ્છે. પણ બીજાના અભિપ્રાયની રાહ જુએ. તેની દૃષ્ટિ - હોઠ આદિ આકારથી તેને આ દેવાતું દાન ઇષ્ટ છે કે નહીં તે જોઈને ગ્રહણ કરવા કે ન કરવા વિચારે. - x - બંને ખાતા કે ખવડાવતા હોય, બંને સ્વઇચ્છાથી નિમંત્રણા કરે ત્યારે આ વિધિ છે - જો એષણીય - દોષ રહિત હોય તો અપાતું ગ્રહણ કરે.

વિશેષ કહે છે - ગર્ભવતી માટે તૈયાર કરાયેલ અનેક પ્રકારના દ્રાક્ષપાન, ખંડ, ખાદ્યકાદિ હોય, તે ખવાતું હોય તો ન લેવું, જેથી તેણીને અલ્પપણાથી અભિલાષ નિવૃત્ત ન થતાં ગર્ભપતનાદિ દોષ ન થાય. પણ ખાદ્યા પછી વધેલ હોય તો સ્વીકારે. કેમકે તેણીનો અભિલાષ પુરો થયો હોય છે. એ પ્રમાણે નવ માસવાળી ગર્ભવતી સ્ત્રી સાધુ નિમિત્તે ઉભી થાય કે બેસે અને આહારાદિ આપે, તો તેવા ભોજન-પાન સંયતોને ન કલ્પે. અહીં સ્થવિર કલ્પીને તે દેનારી ઉઠ-બેસ કર્યા વિના આપે તો કલ્પે. જિનકલ્પીને તો ગર્ભ રહે તે પહેલાં દિવસથી સર્વથા અકલ્પ્ય જ છેં. બાળક કે બાલિકાને સ્તનપાન કરાવતી હોય તો, અહીં નપુંસક પણ સમજી લેવું. આ બાળક આદિને ભૂમિ ઉપર રડતાં મૂકીને જો ભોજન - પાન લાવે તો લેવા ન કલ્પે. વૃદ્ધ સંપ્રદાય એવો છે કે -

ગચ્છવાસી સાધુ, દુધ પીતા બાળકને મૂકીને વહોરાવે તો ન લે, પણ જો બીજી કોઈ સ્તનપાન કરાવતી હોય તો બાળક ન રડતો હોય તો આહારાદિ ગ્રહણ કરે, જો રડતો હોય તો ગ્રહણ ન કરે. જો બાળક ત્યારે સ્તનપાન ન કરતું હોય, પણ સ્તનપાન યોગ્ય હોય અને રડે તો લેવું ન કલ્પે, ન રડે તો લેવું કલ્પે. ગચ્છ નિર્ગત અર્થાત્ જિનકલ્પી મુનિ હોય તો ધાવવા યોગ્ય બાળક રડે કે ન રડે, સ્તનપાન કરતું હોય કે ન કરતું હોય, તો પણ તેણીના હાથે લેવું ન કલ્પે, ઇત્યાદિ - x - કેમકે બાળકને ભૂમિ ઉપર મૂકતા કે પાછો લેતા અસ્થિરપણું થાય તો બાળકને દુઃખ થાય અથવા બિલાડી નાના અસમર્થ બાળકને માંસનો લોચો સમજી પકડી લે. તેથી અનંતરોક્ત ભોજન - પાન સંયતોને અકલ્પિક છે. - x - x -

વધું શું કહેવું ? ઉપદેશનો સાર કહે છેઃ- જો આહાર - પાન કલ્પનીય કે અકલ્પનીય ધર્મ વિષયક હોવા વિશે શંકિત હોય - તે ઉદ્‌ગમ આદિ દોષયુક્ત છે કે નહીં, તેવી શંકા હોય તો તેવું લેવું ન કલ્પે. દેનારનો નિષેધ કરીને કહે - મને તે પ્રકારનું લેવું ન કલ્પે.

● સૂત્ર - ૧૨૦, ૧૨૧ -

***પાણીનો ઘડો, પત્થરની ઘંટી, પીઠ, શિલાપુત્ર, માટી આદિના લેપ કે શ્લેષ દ્રવ્યોથી અથવા બીજા કોઈ દ્રવ્યથી ઢાંકેલ વાસણનું મુખ શ્રમણ માટે ખોલીને આહાર દેનારીને નિષેધ કરે અને કહે કે મને આવા પ્રકારે આહાર લેવો ન કલ્પે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● વિવેચન - ૧૨૦, ૧૨૧ -

ગાથાર્થ કહ્યો જ છે. વિશેષ વૃત્તિ આ પ્રમાણે - દકવાર એટલે જળ કુંભ, પિહિત - ઢાંકેલ, નીસાએ - પ્રેષણી, પીઠક - કાષ્ઠ પીઠાદિ, લોઢ - શિલાપુત્રક, લેપ - માટીનો લેપ. તે સ્થગિત કે લિપ્તને શ્રમણાર્થે ખોલીને આપે, પોતાના માટે ખોલીને નહીં, આ રીતે આપેલું ન કલ્પે.

● સૂત્ર - ૧૨૨ થી ૧૨૯ -

***(૧૨૨) જો મુનિ આ જાણી લે કે સાંભળી લે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દાનાર્થે તૈયાર કરેલ છે.... (૧૨૩) તેવા પ્રકારના ભોજન - પાન સંયતોને અકલ્પ્ય છે, તે દેનારીને નિષેધ કરીને કહે કે મને આવા પ્રકારના આહારાદિ ન કલ્પે. એ જ પ્રમાણે (૧૨૪, ૧૨૫) પુન્યાર્થે તૈયાર કરેલ ન કલ્પે. (૧૨૬, ૧૨૭) વનીપકોને માટે તૈયાર કરેલ ન કલ્પે. (૧૨૮, ૧૨૯) શ્રમણના નિમિત્ત તૈયાર કરેલ હોય તે ન કલ્પે.***

● વિવેચન - ૧૨૨ થી ૧૨૯ -

અશન - ઓદનાદિ, પાનક - ઓસામણ આદિ, ખાદ્ય - લાડુ વગેરે, સ્વાદ્ય - હરડે આદિ, તે આમંત્રણ આદિથી જાણે અથવા બીજા પાસે સાંભળે કે આ આહાર દાનાર્થે - સાધુવાદ નિમિત્તે જે પાખંડીને કે દેશાંતરથી આવતા વણિક્ આદિને આપે છે, તેવા આહાર - પાનના દાનાર્થે પ્રવૃત્ત હોય તો તે સંયતોને કલ્પતા નથી. જો એ પ્રમાણેનું દાન આપે તો તેનો નિષેધ કરીને કહે કે મને તે પ્રકારનું કલ્પતું નથી.

એ પ્રમાણે 'પુન્યાર્થે' આપે - x - શિષ્ટકુળોમાં વસ્તુતઃ પુન્યાર્થે જ રાંધવાદિ પ્રવૃત્તિ થાય છે, માટે ત્યાં ભિક્ષા ન જ ગ્રહણ કરે. તેઓ પિતૃકર્મ આદિની રસોઈ સિવાય તુચ્છ માણસ માફક થોડી રસોઈ બનાવતા નથી એવી શંકાનો ઉત્તર આપતા કહે છે - પોતાને ખાવા જેટલું રાખી તે શિષ્ટજનો બાકી દેવા યોગ્ય પૂન્યાર્થે જ કાઢી મૂકેલ હોય તો તે આપે તો તે લેવું ન કલ્પે, પણ પોતના નોકરાદિ માટે પણ હોય તો તેમાંથી સાધુને લેવાનો નિષેધ નથી. કેમકે તેમાં આરંભ દોષ નથી, આરંભ દોષ લાગે તેવા ઇચ્છાનુસાર દાનનો જ નિષેધ છે ઇત્યાદિ - x - x - x -

વનીપક એટલે કૃપણ, તેને માટે બનાવેલ હોય તો સાધુ કહે કે અમને આ પ્રકારે આહાર લેવો ન કલ્પે. શ્રમણ અર્થાત્ નિર્ગ્રન્થ, શાક્ય આદિ, તેમના માટે બનાવેલ હોય તે પણ લેવાનો નિષેધ કરે.

● સૂત્ર - ૧૩૦, ૧૩૧ -

***(૧૩૦) સાધુ - સાધ્વી ઔદ્દેશિક, કીતકૃત, પૂતિકર્મ, આહૃત, અધ્યવતર, પ્રામિત્ય અને મિશ્રજાત આહાર ન લે. (૧૩૧) સંયમી સાધુ શંકિત આહારનો ઉદ્‌ગમ પૂછે કે આ કોના માટે કોણે બનાવેલ છે ? ઉત્તર સાંભળીને નિઃશંકિત અને શુદ્ધ આહાર ગ્રહણ કરે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**• વિવેચન - ૧૩૦, ૧૩૧ -**

ઉદ્દેશીને કરાયેલ તે ઔદ્દેશિક - ઉદ્દિષ્ટ કૃત કર્માદિ ભેદે છે. ક્રીતકૃત - દ્રવ્ય અને ભાવથી ક્રયક્રીત ભેદે. પૂતિકર્મ - સંભવતા આધાકર્મના અવયવ સંમિશ્ર રૂપ. અહૃત - સ્વ ગામેથી લાવેલ આદિ, અધ્યવપૂરક - પોતાને માટે બનાવેલમાં ઉમેરવા રૂપે. પ્રામિત્ય - સાધુ માટે છીનવીને દેવા રૂપ. મિશ્રજાત - પહેલાંથી જ ગૃહસ્થ અને સંયત માટે મિશ્ર રાંધેલ. આવો આહાર સાધુ વર્જે. - o - હવે સંશયને દૂર કરવા કહે છેઃ- ઉદ્ગમ તેની ઉત્પત્તિ રૂપ તે શંકિત અશનાદિના સ્વામી કે નોકરને પૂછે આ કોના માટે કે કોણે બનાવેલ છે ? ઇત્યાદિ. શુદ્ધ જાણે તો લે, અન્યથા દોષ લાગે.

**• સૂત્ર - ૧૩૨ થી ૧૩૯ -**

***(૧૩૨) જો અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, પુષ્પ અને હરિત દુર્વાદિથી ઉન્મિશ્ર હોય. (૧૩૩) તે ભોજન - પાન સંયમીને અકલ્પ્ય છે. દેનારીને તેનો નિષેધ કરીને કહે કે મને આવો આહાર કલ્પતો નથી.***

***એ જ પ્રમાણે (૧૩૪) જે અશન આદિ સચિત્તપાણી, ઉત્તિંગ કે પનક ઉપર રાખેલ હોય, (૧૩૫) તેવા ભોજન - પાન સંયતને ન કલ્પે૦ (૧૩૬) જે અશનાદિ અગ્નિ ઉપર નિક્ષિપ્ત કે સ્પર્શિત હોય, તો તેવા સંઘટ્ટા વાળા (૧૩૭) ભોજન - પાન સંયતને ન કલ્પે૦ એ જ પ્રમાણે ચૂલામાંથી ઇંધણ કાઢીને, અગ્નિ ઉજ્વાલિત કરીને, પ્રજ્વાલિત કરીને, અગ્નિને ઠંડો કરીને, અન્નનો ઉભાર જોઈને તેને થોડો ઓછો કરીને અથવા પાણી નાંખીને અથવા અગ્નિને નીચે ઉતારીને આપે તો તેવા ભોજન - પાન સંયતને માટે અકલ્પ્ય છે. દેનારીને નિષેધ કરીને કહે કે - મને આવો આહાર ન કલ્પે.***

**• વિવેચન - ૧૩૨ થી ૧૩૯ -**

ગાથાર્થ સ્પષ્ટ કહેલ છે. વિશેષ વૃત્તિ આ પ્રમાણે - પુષ્પ એટલે જાઈ, પાટલ આદિ. - x - x - જળ ઉપર નિક્ષિપ્ત બે ભેદે - અનંતર અને પરંપર. અનંતર તે નવનીત પૌદ્ગલિક આદિ, પરંપર - પાણીના ઘડા ઉપર મૂકેલ દહીં આદિનું વાસણ. - x - x - તેજસ્ - અગ્નિકાય, તેનો સંઘટ્ટો કરીને, જેટલામાં હું ભિક્ષા આપું, તેટલામાં અતિશય આતાપથી ઉદ્વાર્તે નહીં. એમ વિચારી સંઘટ્ટાપૂર્વક આપી દે. - x - x - ઉસ્સક્કિય જેટલામાં હું ભિક્ષા આપું, તેટલામાં ઠરી ન જાય માટે અગ્નિને ઉત્સિંચિત કરીને વહોરાવે. - x - x - ઉજ્જાલિય - એક વખત ઇંધણ ઉમેરે. પજ્જાલિય - વારંવાર ઇંધણ ઉમેરે. નિવ્વાવિય - દાહના ભયથી અગ્નિને બૂઝાવે. ઉસ્સિંચિય - અતિ ભરેલમાંથી ઉભરાવાના ભયે થોડું કાઢીને આપે. નિસ્સિંચય - અતિ ભરેલમાંથી થોડું પાણી ઉમેરીને તેમાંથી વહોરાવે. ઓવત્તિય - તે જ અગ્નિ ઉપર મૂકેલ વાસણથી વહોરાવે. ઓયારિય - દાહના ભયથી દાનાર્થે ઉતારીને આપે. અહીં કે બીજા સાધુ નિમિત્ત યોગથી અપાય તે ન કલ્પે તેથી સાધુ દેનારીને પ્રતિષેધ કરે૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૧૪૦ થી ૧૪૪ -

*(૧૪૦) જો કાષ્ઠ, શિલા કે ઇંટ સંક્રમણ કરવા માટે રાખેલ હોય અને તે અસ્થિર હોય તો (૧૪૧) સર્વેન્દ્રિય, સમાહિત ભિક્ષુ તેના ઉપર થઈને ન જાય, એ પ્રમાણે પ્રકાશરહિત અને પોલા માર્ગથી પણ ન જાય, કેમકે ભગવંતે તેમાં અસંયમ જોયેલ છે.*

*(૧૪૨ થી ૧૪૪) જો આહાર દેનારી, સાધુને માટે નિસરણી, ફલક, કે પીઠને ઉંચા કરીને માંચો, કીલક કે પ્રાસાદ ઉપર ચડે, ત્યાંથી ભોજન - પાન લાવે તો તેને સાધુ-સાધ્વી ગ્રહણ ન કરે. કેમકે તે રીતે ચઢતી તે સ્ત્રી પડી શકે, તેના હાથ-પગ ભાંગી શકે છે. પૃથ્વીજીવ કે પૃથ્વી આશ્રિત ત્રસ જીવોની હિંસા થઈ શકે છે. તેથી આવા મહાદોષો જાણીને સંયમી મહર્ષિ માલોપહૃત ભિક્ષા ન લે.*

● વિવેચન - ૧૪૦ થી ૧૪૪ -

ગૌચરીના અધિકારથી ગૌચરી માટે પ્રવેશતો. વરસાદ આદિમાં કોઈ કાળે સંક્રમણ માટે સ્થાપિત કાષ્ઠાદિ સ્થિર હોય જ નહીં તો સાધુ તેના ઉપર ન ચાલે. ત્યાં ચાલવાથી પ્રાણી વિરાધના સંભવતા અસંયમ થાય. તથા અપ્રકાશ અને અંદર સાર રહિત - પોલું હોય તો, શબ્દાદિમાં રાગ - દ્વેષ ન કરે. આ સૂત્રાર્થ કહ્યો. વળી નિસરણી આદિ ઉંચી કરીને માંચાદિ ઉપર સાધુને આહારાદિ આપવાને માટે ચડે, તો તેવા આહારાદિ સાધુ ન લે. તેમાં સૂત્રાર્થણાં કહ્યા મુજબ હાથ-પગ ભાંગવા આદિ દોષ છે. - x - આવા મહાદોષો જાણીને સાધુ તેવી માલોપહૃત ભિક્ષા ન લે.

● સૂત્ર - ૧૪૫ થી ૧૪૯ -

*(૧૪૫) સાધુ - સાધ્વી અપક્વ કંદ, મૂલ, પ્રલંબ, છેદેલ પાન, તુંબડુ અને આદુ લેવા ન કલ્પે. (૧૪૬) એ પ્રમાણે સત્તુચૂર્ણ, બોરનું ચૂર્ણ, તલપાપડી, ગોળની રાબ, પૂય-બાટી, બીજી પણ તેવી પ્રકારની વસ્તુ, (૧૪૭) જે વેચવાને માટે રાખી હોય, ઘણાં સમયથી ખૂલી પડી હોય, સચિત રજથી લિપ્ત હોય તો સાધુ એ પ્રમાણે દેનારીનો નિષેધ કરે કે મને આવા પ્રકારનો આહાર લેવો ન કલ્પે. (૧૪૮) ઘણાં બીજવાળા ફળ, ઘણાં કાંટાવાળા ફળ, આસ્થિક, તિંદુક, બિલ્લ, શેરડીના ટુકડા, પાપડી (ફલી), (૧૪૯) જેમાં ખાદ્યપદાર્થ ઓછો અને ત્યાજ્ય પદાર્થ અધિક હોય તેવું આપે તો લેવું ન કલ્પે.*

● વિવેચન - ૧૪૫ થી ૧૪૯ -

પ્રતિષેધના અધિકારથી જ કહે છે - કંદ - સૂરણ આદિ, મૂલ - વિદારિકાદિ, પ્રલંબ - તાલફળાદિ, તે કાચા કે છેદેલા હોય, પત્રનું શાક, છાણ અને મિંજ અંતર્વર્તી કે આર્દ્ર, આદુ કાચા હોય તો ત્યાગ કરે તે જ પ્રમાણે કોલચૂર્ણાદિ સૂત્રાર્થમાં કહ્યા મુજબના છોડે. કેવા ? શેરી - દુકાનમાં વેચાતા, અનેક દિવસના રાખેલા, તેથી જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૂળથી વ્યાપ્ત, આવા પ્રકારનું આપે તો લેવું ન કલ્પે - તેમ કહે.

ઘણાં ઠળીયા વાળું, પુદ્ગલ - માંસ, અનિમિષ - મત્સ્ય, ઘણાં કાંટાવાળું, આ કાળ આદિની અપેક્ષાથી લેવાનો નિષેધ છે. બીજા કહે છે - વનસ્પતિ અધિકારથી તેવા પ્રકારના 'ફળ' જાણવા. તેથી - અસ્થિક વૃક્ષફળ, તેંદુરુકી ફળ, શાલ્મલિ - વાલ આદિ ફલિ. તેના દોષ કહે છેઃ- તેમાં ખાવાનું થોડું અને ફેંકવાનું ઝાઝું હોય છે. તેથી દેનારીને નિષેધ કહીને કહે કે - મને તેવા પ્રકારે કલ્પતું નથી.

**● સૂત્ર - ૧૫૦ થી ૧૫૬ -**

***(૧૫૦) એ જ પ્રમાણે - સારું કે ખરાબ પાણી, ગોળના ઘડાનું ધોવાણ, લોટનું ધોવાણ, ચોખાનું ધોવાણ, તેમાંનું કોઈપણ તુરંતનું ધોયેલ હોય તો સાધુ તેને ગ્રહણ ન કરે. (૧૫૧) જો પોતાની મતિ કે દૃષ્ટિથી, પૂછીને કે સાંભળીને જે ધોવાણને જાણી લે કે આ ઘણાં વખતનું ધોયેલ છે, તથા નિઃશંક્તિ થઈ જાય તો (૧૫૨) અજીવ અને પરિણત જાણી સંયમી મુનિ તેને ગ્રહણ કરે. જો તે જળના વિષયમાં શંકિત થાય તો ચાખીને નિશ્ચય કરે. (૧૫૩) તે દાતાને કહે કે - ચાખવા માટે થોડું પાણી મને હાથમાં આપો આ પાણી અતિ ખાટું, દુર્ગંધી, મારી તરસ છીપાવવા અસમર્થ તો નથીને ? (૧૫૪) જો તે પાણી ઘણું ખાટું ઇત્યાદિ હોય તો દેનારીને ના પાડે કે આવું પાણી મને લેવું ન કલ્પે. (૧૫૫) જો તે પાણી અનિચ્છાથી અથવા અન્ય મનસ્કતાથી ગ્રહણ કરી લીધું હોય તો સ્વયં ન પીએ કે કોઈ બીજા સાધુને પીવા ન આપે. (૧૫૬) તે સાધુ એકાંતમાં જઈ, ત્યાં અચિત ભૂમિને જોઈને, જયણાપૂર્વક તે પાણી પરઠવી દે. પરઠવ્યા પછી સ્વસ્થાને આવી પ્રતિક્રમણ કરે.***

**● વિવેચન - ૧૫૦ થી ૧૫૬ -**

અશનવિધિ કહી, હવે પાન વિધિ કહે છેઃ જેમ સારા ખરાબ અશનમાં કહ્યું, તેમ પાનમાં કહે છે. ઉચ્ચ - વર્ણાદિયુક્ત દ્રાક્ષપાનાદિ. અવચ્ચ - વર્ણાદિ હીન, દુર્ગંધી, ઓસામણાદિ કે ગોળના ઘડાનું ધોવાણ. સંસ્વેદજ - લોટનું ધોવાણ. આ બધું અશનની માફક ઉત્સર્ગ - અપવાદ વડે ગ્રહણ કરે. આવું પાણી અપરિણત હોય તો પણ વર્જે. હવે તેની વિધિ કહે છે -

જો તે ચોખાનું ધોવાણ તુરંતનું જાણે. કઈ રીતે જાણે ? બુદ્ધિથી કે જોઈને. મતિ - તેના ગ્રહણની કર્મજા બુદ્ધિ. દર્શન - વર્ણાદિ પરિણત કે સૂત્રાનુસાર. ધોયાને કેટલો સમય થયો તે ગૃહસ્થને પૂછીને, જો ઘણો કાળ થયો જાણે તો તે નિઃશંકિત થાય છે, પછી ગ્રહણ કરે છે.

ઉષ્ણોદક આદિની વિધિઃ ઉષ્ણોદકને નિર્જીવ અને પરિણત જાણીને - ત્રણ ઉકાળાનું જાણીને, આવુ પાણી સંયત ગ્રહણ કરે. પણ તે દુર્ગંધી ન હોય, દેહને ઉપકારક હોય તેવું મતિથી જાણીને લે. જો તેને શંકા જાય તો તે જળ ચાખીને નિશ્ચય કરે. તેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિ સૂત્રાર્થમાં કહી છે. ચાખ્યા પછી સાધુને પ્રાયોગ્ય જાણે તો ગ્રહણ કરે, અગ્રાહ્ય હોય તો ન લે.

કદાચ ઘણું ખાટું હોય, અન્યચિત્ત આદિ કારણે ગ્રહણ થઈ જાય, તેને શરીરને અપકારક જાણીને ધર્મ શ્રદ્ધાથી ન પીએ. બીજાને પીવા પણ ન આપે. અહીં રત્નાધિકને પણ આપવાને નિષેધ જણાવ્યો. હવે તેને પરઠવવાની વિધિ કહે છે:- એકાંતમાં જઈને ચક્ષુ વડે દગ્ધદેશાદિ જોઈને. રજોહરણ વડે સ્થંડિલભૂમિ પ્રમાર્જીને, ત્વરા રહિત અને ત્રણ વખત "વોસિરે" બોલીને પરિષ્ઠાપના કરે. પરઠવ્યા પછી વસતિમાં આવીને ઇર્યાપથ પ્રતિક્રમે. આ બહાર જઈને આવતા નિયમકરણ સિદ્ધ પ્રતિક્રમણ છે, બહાર ગયા સિવાય પરઠવે તો પણ પ્રતિક્રમણનો નિયમ જણાવેલ છે.

**• સૂત્ર - ૧૫૭ થી ૧૬૧ -**

***(૧૫૭) ભિક્ષાર્થે ગયેલ સાધુ કદાચિત્ આહારનો પરિભોગ કરવા ઇચ્છે તો પ્રાસુક કોષ્ઠક કે ભિત્તિમૂલનું પ્રતિલેખન કરીને (૧૫૮) તે મેધાવી મુનિ અનુજ્ઞાપૂર્વક કોઈ આચ્છાદિત અને સંવૃત્ત સ્થળમાં પોતાના હાથને સારી રીતે પ્રમાર્જી, ત્યાં તે સંયત ભોજન કરે. (૧૫૯) ત્યાં તે ભોજન કરતો, આહારમાં ગોટલી, કાંટા, તૃણ, કાષ્ઠ, કાંકરા કે બીજી કોઈ તેવા પ્રકારની વસ્તુ હોય (૧૬૦) તેને બહાર કાઢીને ફેંકે નહીં, મુખમાંથી થૂંકીને ન છંડે, તેને હાથમાં લઈને એકાંતમાં ચાલ્યો જાય. (૧૬૧) અને એકાંતમાં જઈને અચિત્ત ભૂમિને પ્રતિલેખીને જયણાપૂર્વક પરઠવી દે, પરઠવ્યા પછી સ્વસ્થાને આવી પ્રતિક્રમણ કરે.***

**• વિવેચન - ૧૫૭ થી ૧૬૧ -**

એ પ્રમાણે અન્ન - પાન ગ્રહણ વિધિ જણાવીને ભોજનવિધિ કહે છે:- કદાચિત્ બીજા ગામે પ્રવેશતા ભોજન કરવાને ઇચ્છે, પાનક આદિની તૃષાથી અભિભૂત થયેલો સાધુ ત્યાં વસતિના અભાવે શૂન્ય મઠ આદિ હોય કે કોઈ ભીંતનો એક ભાગ હોય, ત્યાં ચક્ષુ વડે જોઈને અને રજોહરણથી પ્રમાર્જીને બીજાદિ રહિત ભૂમિ જોઈ, ત્યાં વિશ્રાંતિ માટે ત્યાંના સાગારિક પરિહારથી તેના સ્વામી પાસે તે મેધાવી સાધુ અનુજ્ઞા લઈને, ત્યાં કોષ્ઠકાદિમાં ઉપયુક્ત થઈને સાધુ ઇર્યા પ્રતિક્રમણ કરીને પછી મુખવસ્ત્રિકાથી વિધિપૂર્વક કાયાને પ્રેમાર્જીને ત્યાં રાગ-દ્વેષને દૂર કરીને ખાય. ત્યાં કોષ્ઠક આદિમાં ખાતા એવા સાધુને ઠળીયો કે કાંટો આદિ કોઈ ગૃહસ્થના પ્રમાદ દોષથી આવી જાય તો - x - x - તે ઠળીયા વગેરેને હાથેથી જ્યાં - ત્યાં ન ફેંકે. મુખ વડે થુંકે નહીં. જેથી વિરાધના ન થાય, પણ પૂર્વે દર્શાવિસ્લ વિધિ મુજબ એકાંતમાં જઈને પરઠવી દે.

**• સૂત્ર - ૧૬૨ થી ૧૭૧ -**

***(૧૬૨) કદાચિત્ ભિક્ષુ વસતિમાં આવીને ભોજન કરવાને ઇચ્છે તો પિંડપાત સહિત આવીને ભોજન ભૂમિનું પ્રતિલેખન કરે. (૧૬૩) વિનયપૂર્વક વસતિમાં પ્રવેશીને ગુરુની સમીપે આવે અને મુનિ ઇર્યાપથ***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*પ્રતિક્રમે. (૧૬૪, ૧૬૫) પછી તે સંયત સાધુ ગમનાગમનમાં અને ભોજન-પાન લેવામાં લાગેલ બધાં અતિચારોનું યથાક્રમે ઉપયોગપૂર્વક ચિંતન કરીને ઋજુપ્રજ્ઞ અને અનુદ્વિગ્ન સંયમી અવ્યાક્ષિપ્ત ચિત્તથી ગુરુની પાસે આલોચના કરે તથા જે રીતે ભિક્ષા લીધી હોય તે જ પ્રકારે નિવેદન કરે. (૧૬૬, ૧૬૭) જો આલોચના સમ્યક્ પ્રકારે ન થયેલ હોય અથવા જે આગળ - પાછળ કરી હોય, તેનું પ્રતિક્રમણ કરે. કાર્યોત્સર્ગ આમ ચિંતવે - અહો ! જિનેશ્વરોએ સાધુઓને મોક્ષ સાધનાના હેતુભૂત સંયમી - શરીર ધારણ કરવાને નિરવદ્ય વૃત્તિનો ઉપદેશ આપેલ છે.*

*(૧૬૮) કાયોત્સર્ગને નમસ્કાર મંત્ર દ્વારા પારિત કરીને જિન સંસ્તવ કરે, પછી સ્વાધ્યાયનો પ્રારંભ કરે, પછી ક્ષણવાર મુનિ વિશ્રામ લે. (૧૬૯) વિશ્રામ કરતો એવો તે કર્મ નિર્જરાના લાભનો અભિલાષી મુનિ આ હિતકર અર્થને ચિંતવે કે - જો કોઈ સાધુ મારા ઉપર અનુગ્રહ કરે તો હું તરી જાઉં. (૧૭૦) તે પ્રીતિભાવથી સાધુઓને યથાક્રમે નિમંત્રણા કરે. જો તેમનામાંથી કોઈ સાધુ ભોજન કરવા ઈચ્છે તો તેમની સાથે ભોજન કરે. (૧૭૧) જો કોઈ સાધુ આહાર લેવા ન ઇચ્છે તો તે એકલો જ પ્રકાશયુક્ત પાત્રમાં અને આહારના કણને નીચે છાંડ્યા વિના જયણાપૂર્વક ભોજન કરે.*

**● વિવેચન - ૧૬૨ થી ૧૭૧ -**

વસતિને આશ્રીને ભોજનવિધિ કહે છેઃ- કદાચ બીજા કારણોના અભાવમાં સાધુ વસતિમાં આવીને ભોજન કરવા ઇચ્છે તો આ વિધિ છે. વિશુદ્ધ આહારાદિ સહ વસતિમાં આવે, ત્યાં બહાર જ સ્થાનને જોઈને વિધિપૂર્વક ત્યાં રહી અન્ન-પાન તપાસી લે. તપાસીને નૈષેધિકી કરી - "નમો ખમાસમણાણં" બોલી, અંજલિ જોડીને વસતિમાં પ્રવેશે. પછી ગુરૂ સમીપે "ઇરિયા વહિયાએ૦" સૂત્ર બોલીને, કાયોત્સર્ગ કરે. તે કાયોત્સર્ગમાં અનુક્રમે સર્વે અતિચાર આલોવે. કયા અતિચાર ? ગમનાગમનના અતિચાર તથા ભોજન - પાનનાજે અતિચાર, તે સંયત સાધુ કાયોત્સર્ગમાં હૃદયમાં સ્થાપે. તે અકુટિલમતિ વાળો, બધે ભૂખ આદિનો જય કરી પ્રશાંત થઈ, અન્યત્ર ઉપયોગ રાખ્યા વિના વિધિપૂર્વક ગુરુની પાસે નિવેદન કરે. જે પ્રકારે કોઈ હાથ ધોતી હતી, તેની પાસે લીધું છે.

કદાચ કોઈ સૂક્ષ્મ દોષ અજાણપણાથી કે વિસરી જવાથી રહેલ હોય, પૂર્વકર્મ કે પશ્ચાત્કર્મ થયેલ હોય, તો ફરીથી આલોચના ઉત્તરકાળે તેને પ્રતિક્રમે તે સૂક્ષ્મ અતિચારને "ઇચ્છિત પડિક્કમિઉં ગોઅરચરિઆએ" ઇત્યાદિ સૂત્ર ભણીને કાયોત્સર્ગમાં રહીને આ પ્રમાણે ચિંતવેઃ- "અહો જિણેહિં અસાવજ્જા૦ ગાથા. જેનો ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ છે - 'અહો' વિસ્મયની વાત છે. અસાવદ્ય - અપાપ, દેસિયા - ઉપદેશેલ છે. મોક્ષસાધન - સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સાધન, સાધુને દેહને ધારણ કરવા માટે બતાવેલ છે. "નમો અરિહંતાણં" બોલીને કાયોત્સર્ગ પારીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"લોગસ્સ" સૂત્ર રૂપ જિન સંસ્તવ કરે. પછી પૂર્વેલ સ્વાધ્યાય પ્રસ્થાપિત ન હોય તો સ્વાધ્યાયને પ્રસ્થાપીને (સજ્ઝાય પઠાવીને) મંડલી ઉપજીવક તે જ કરે, જ્યાં સુધીમાં બીજા સાધુઓ આવે. કોઈ તપસ્વી આવે તો તે પણ સ્વાધ્યાય સ્થાપી વિશ્રાંતિ લે.

વિશ્રાંતિ લેતા મુનિ પરિણત ચિત્તથી આ પ્રમાણે ચિંતવે - કલ્યાણ પ્રાપ્ત કરાવનાર, નિર્જરાદિ અર્થ આનો છે તે લાભાર્થિક (વિચારે કે) મારી ઉપર અનુગ્રહ કરીને સાધુઓ પ્રાસુક ભોજન ગ્રહણ કરે તો હું ભાવસમુદ્રથી તરી જઈશ. એ પ્રમાણે વિચારીને ઉચિત વેળામાં આચાર્યને આમંત્રણા કરે, જો ગ્રહણ કરે તો સુંદર. જો તેઓ કહે કે - તુ જ આપ, તો તેટલામાં ગુરુ દ્વારા અનુજ્ઞાત સાધુને મનઃ પ્રણિધાનથી રત્નાધિકના ક્રમે નિમંત્રણા કરે, અથવા ગ્રહણના ઔચિત્યની અપેક્ષાથી કે બાળ આદિના ક્રમથી નિમંત્રણા કરે. જો તે ધર્મબંધુઓ ઇચ્છે તો સાધુ તેની સાથે ઉચિત સંવિભાગદાનથી સાથે ભોજન કરે. જો કોઈ ન ઇચ્છે તો સાધુ રાગાદિ રહિત થઈ એકલો ભોજન કરે. કઈ રીતે કરે ? માખી વગેરે જોઈ શકાય તેવા પ્રકાશવાળા (ખુલ્લા) પાત્રમાં, ઉપયુક્ત થઈને અને હાથ કે મુખમાંથી કંઈ ન પડે તે રીતે ભોજન કરે.

**● સૂત્ર - ૧૭૨ થી ૧૭૫ -**

***(૧૭૨) બીજાને માટે બનેલ, વિધિથી ઉપલબ્ધ જે આહાર તે તિક્ત, કટુક, કાષાયિત, અમ્લ, મધુર કે લવણ હોય, સંયમી તેને મધુ-ઘૃતની માફક સંતોષથી ખાય. (૧૭૩, ૧૭૪) મુધાજીવી ભિક્ષુ એષણા વિધિથી પ્રાપ્ત કરેલ આહાર અરસ કે વિરસ હોય, સૂચિ હોયકે અસુચિ, આર્દ્ર હોય કે શુષ્ક, મંથુ કે કુલ્માષ હોય, તે તેની અવહેલનાન કરે. પરંતુ મુધાજીવી સાધુ મુધાલબ્ધ અને પ્રાસુક આહારનો તે અલ્પ હોય કે ઘણો; દોષોને વર્જીને વાપરે.***

***(૧૭૫) મુધાદાયી દુર્લભ છે અને મુધાજીવી પણ દુર્લભ છે. મુધાદાયી અને મુધાજીવી બંને સદ્‌ગતિમાં જાય છે. - તેમ હું કહું છું.***

**● વિવેચન - ૧૭૨ થી ૧૭૫ -**

ભોજ્યને આશ્રીને વિશેષથી કહે છેઃ- તિક્ત - એલુક વાલુંકાદિ, કટુક - આદુ, ઓસામણાદિ. કષાય - વાલ આદિ, અમ્લ - છાસ વગેરે, મધુર - દુધ - મધ આદિ, લવણ - મીઠું - x - આ તિક્ત આદિ આગમોક્ત વિધિથી પ્રાપ્ત કરી, મોક્ષને માટે, તેના સાધિક જાણી મધ - ઘીની જેમ સંયત ખાય, પણ વર્ણાદિને માટે ન ખાય. અથવા ડાબેથી જમણી દાઢમાં પણ ન લઈ જાય.

અરસ - હિંગ આદિથી ન સંસ્કારેલ. વિરસ - રસ વગરના જૂના ઓદનાદિ, સૂચિત - વ્યંજનાદિ યુક્ત, અસૂચિત - વ્યંજન રહિત અથવા કહીને આપે કે કહ્યા વિના આપે. આર્દ્ર - પ્રચુર વ્યંજન, અથવા શુષ્ક કે સ્તોક વ્યંજન હોય. તે શું ? કહે છે- મંથુ - બોરનું ચૂર્ણ, કુલ્માષ - બાફેલા અડદ કે ચોળા. આ ભોજનનું શું ? વિધિ વડે મેળવીને સર્વથા ન નિંદે. અથવા એમ ન વિચારે કે - આટલા અલ્પ આહારથી મારું પેટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ ભરાશે ? અથવા ઘણું છે, પણ ફેંકી દેવા જેવું છે. - x - વિશેષ શું ? પ્રાસુક - નિર્જીવ બીજા કહે છે કે - वा શબ્દથી વિરસાદિ અર્થ લેવો. બહુપ્રાસુક - સર્વથા શુદ્ધ તેની હેલણા ન કરે. પણ એમ વિચારે કે - પણ એમ વિચારે કે - આ લોકો મારા જેવા અનુપકારીને આહાર આપે છે, તે જ સુંદર છે. મુધાલબ્ધ - કૌંટલાદિ વ્યતિરેકથી પ્રાપ્ત (કંઈ ઉપકાર કર્યા વિના મળેલ) મુધાજીવી - સર્વથા નિદાન રહિત જીવી, બીજા આચાર્ય કહે છે - જાતિ આદિથી ન જીવનાર. સંયોજનાદિ દોષ રહિત ભોજન કરે.

નિષ્કર્ષ કહે છે - મુધા દેનારા દુર્લભ છે. મુધા જીવનારા પણ દુર્લભ છે. બંને સિદ્ધિ ગતિમાં જાય છે. અથવા વચ્ચે એક દેવનો ભવ કરીને સુમાનુષત્વ પામીને પરંપરાએ જાય છે. - x -

અહીં 'ભાગવત'નું દૃષ્ટાંત છે. એક પરિવ્રાજક એક ભાગવતને ઘેર ગયો. તેને કહ્યું કે હું તારે ત્યાં ચોમાસુ રહીશ. રાખનારે કહ્યું કે મારે તમારું કંઈ કાર્ય ન કરવું. પરિવ્રાજકે તે કબુલ કર્યું. ભાગવતે તેને શય્યા, ભોજન, પાનાદિ આપ્યા. કોઈ વખતે ભાગવતનો ઘોડો ચોરાઈ ગયો. પ્રભાત થઈ જવાથી કાંટાની જાળમાં મૂકી દીધો. સવારે પરિવ્રાજકે ઘોડો જોયો. તેણે ભાગવતને કહ્યું. ભાગવત બોલ્યો - હવે તારી સેવા કરવાનું ફળ મને અલ્પ મળશે. મુધાદાયી આવા હોય.

મુધાજીવી નું ઉદાહરણઃ- એક રાજા ધર્મની પરીક્ષા કરે છે. એવો કયો ધર્મ છે જે સ્વાર્થ વિના ભોજન લે છે ? તેણે પરીક્ષા કરવા લાડવાનું દાન આપવા વિચાર્યું. કાર્પટિકોને પૂછ્યું - તમે શેના વડે જમો છો ? કોઈ કહે મુખેથી, કોઈ કહે પગેથી, કોઈ કહે હાથથી, કોઈ કહે લોકાનુગ્રહથી, સાધુ કહે હું મુધા - ફોગટ ખાઉં છું. રાજાએ પૂછ્યું - કેવી રીતે ? કથક બોલ્યો હું મુખેથી ખાઉં છું. લેખવાહક બોલ્યો - હું પગેથી ખાઉં છું ઇત્યાદિ - x - હું સંસારના વૈરાગ્યથી સંજાત છું, તેથી મુધા ખાઉ છું. રાજા તેનો ધર્મ સાચો માની આચાર્ય પાસે ગયો, તેણે દીક્ષા લીધી.

—— x —— x —— x —— x ——

## ❂ અધ્યયન - ૫ - ઉદ્દેશો - ૨ ❂

—— x —— x —— x —— x ——

૦પિન્ડૈષણાના પહેલાં ઉદ્દેશામાં જે ઉપયોગી વાત કહેવાની રહી ગઈ છે, તે આ ઉદ્દેશામાં કહે છે.

● સૂત્ર - ૧૭૬ -

***સંયત સાધુ લેપમાત્ર પર્યન્ત પાત્રને આંગળીથી સાફ કરી સુગંધયુક્ત હોય કે દુર્ગન્ધયુક્ત, બધું ખાઈ લે, શેષ પણ ન છાંડે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● **વિવેચન - ૧૭૬ -**

પ્રતિગ્રહ - પાત્ર, સાંલિખ્ય - પ્રત્યેક દેશથી નિરવયવ કરીને, કઈ રીતે - ચાટીને અલેપ કરે. સાધુ દુર્ગંધી કે સુગંધી ભોજન, ગંધના ગ્રહણથી રસ આદિ પણ લેવા. એ બધું સંપૂર્ણ ખાઈ જાય, સંયમ વિરાધના ન થાય માટે કંઈ પણ ન છોડે. આ અર્થની મહાનતા બતાવવા સૂત્રાર્ધમાં વિપરીત પણ કહ્યું. પ્રતિગ્રહ શબ્દ માંગલિક હોવાથી ઉદ્દેશોની આદિમાં મૂકેલ છે. - x -

● **સૂત્ર - ૧૭૭, ૧૭૮ -**

***વસતિમાં કે સ્વાધ્યાયભૂમિમાં બેઠેલો અથવા ભિક્ષાર્થે ગયેલો મુનિ અપર્યાપ્ત પદાર્થ ખાઈને, જો તેનાથી નિર્વાહ ન થઈ શકે તો કારણ ઉત્પન્ન થતાં પૂર્વોક્ત અને આ ઉત્તરવિધિથી ભોજન - પાનની ગવેષણા કરે.***

● **વિવેચન - ૧૭૭, ૧૭૮ -**

શય્યા - વસતિ, નૈષેધિકી - સ્વાધ્યાય ભૂમિ, અથવા શય્યા જ ખરાબ હોય તો તેના નિષેધથી નૈષેધિકી કહેવાય. તેમાં રહેલ સાધુને ગૌચરીમાં પૂરો આહાર ન મળેલ હોય, તપસ્વી થોડું થોડું ખાતો હોય, તેટલાથી તેનો નિર્વાહ ન થાય અથવા બિમાર હોય તો ઓછું ખાય. તેથી કારણ - વેદના ઉત્પન્ન થતાં પુષ્ટ આલંબત હોય તો ભોજન - પાનની ગવેષણા કરે. અન્યથા એક વખત ભોજન કરેલાં જ યતિ પૂર્વોક્ત ભિક્ષાકાળ સંપ્રાપ્ત થતાં, ચોથી ગાથા મુજબ ગૌચરી લેવા જાય.

● **સૂત્ર - ૧૭૯ થી ૧૮૮ -**

***(૧૭૯) ભિક્ષુ કાળે ભિક્ષાર્થે નીકળે, કાળે જ પાછો ફરે. અકાળે વર્જીને જે કાર્ય જ્યારે ઉચિત હોય, ત્યારે તે કાર્ય કરે. (૧૮૦) હે મુનિ ! તું અકાળમાં ભિક્ષાર્થે જાઓ છો, કાળનું પ્રતિલેખન ન કરે, ભિક્ષા ન મળે ત્યારે તું પોતાને ક્ષુબ્ધ કરે છે અને સંનિવેશની નિંદા કરે છે. (૧૮૧) ભિક્ષુ સમય થતાં ભિક્ષાટન કરે, ભિક્ષાર્થે પુરુષાર્થ કરે, ભિક્ષા પ્રાપ્ત ન થાય તો શોક ન કરે, તપ થયો માની ક્ષુધા પરીષહને સહન કરે.***

***(૧૮૨) આ પ્રમાણે ક્યાંય ભોજનાર્થે એકઠા થયેલા વિવિધ પ્રકારના પ્રાણી જુએ તો, તેની સન્મુખ ન જાય, પણ જયણાથી ગમન કરે.***

***(૧૮૩) ગૌચરી ગયેલ સાધુ ક્યાંય પણ બેસીને કે ઉભા રહીને ધર્મકથાનો પ્રબંધ ન કરે. (૧૮૪) તે અર્ગલા, પરિઘ, દ્વાર અને કમાડનો ટેકો લઈને ત્યાં ઉભો ન રહે. (૧૮૫, ૧૮૬) ભોજન કે પાણીને માટે આવેલ કે ગયેલ શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ કે વનીપકને ઉલ્લંઘીને સંયમી ગૃહસ્થના ઘરમાં ન પ્રવેશે અને આંખોની સામે ઉભો ન રહે, પણ એકાંતમાં જઈને ત્યાં ઉભો રહે. (૧૮૭) તે ભિક્ષાચારોને ઉલ્લંઘીને ઘરમાં પ્રવેશતા તે વનીપક અથવા બંનેમાં અપ્રીતિ થાય અથવા પ્રવચનની લઘુતા થાય છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૧૮૮) ગૃહસ્વામી દ્વારા તે ભિક્ષાચારોને દેવાનો નિષેધ કર્યા પછી અથવા આપી દીધા પછી, ત્યાંથી તે યાચકો ચાલ્યા જાય પછી સંયમી સાધુ ભોજન - પાનને માટે તે ઘરમાં પ્રવેશ કરે.***

**● વિવેચન - ૧૭૯ થી ૧૮૮ -**

કાલ - જે જે ગામાદિમાંનો ઉચિત ભિક્ષાકાળ હોય તે. ભિક્ષુ વસતિમાં ભિક્ષાર્થે જાય અને સ્વાધ્યાયનો ઉચિત કાળ થતાં પાછો આવે. અકાળને છોડી દેવો. જે કાળમાં સ્વાધ્યાયાદિ ન સંભવે તે અકાળ કહેવાય. સર્વે યોગના ઉપસંગ્રહાર્થે સમયે સમયે ઉચિત કાર્ય આચરે - ભિક્ષાના કાળે ભિક્ષા લે અને સ્વાધ્યાયાદિ કાળમાં સ્વાધ્યાય કરે. અકાળે ગૌચરી જવામાં શો દોષ ? અકાલચારી કોઈ સાધુ ગૌચરી ન મળતાં પોતે કહેશે કે આ સ્થંડિલ સંનિવેશ (ઉકરડા)માં ભિક્ષા ક્યાંથી મળે ? તેને કહેવું કે - હે ભિક્ષુ ! પ્રમાદ કે સ્વાધ્યાયના લોભથી અકાલે ચરે છે, કાળને જોતો નથી, શું આ ભિક્ષાકાળ છે ? અકાળે ચરવાથી આત્મા ખેદ પામશે, વધારે ભટકશે અથવા સંનિવેશની ગર્હા કરશે. ભગવંતની આજ્ઞા લોપશે. આ દોષ હોવાથી અકાળે ભિક્ષાટન ન કરવું, ભિક્ષા કાળે ભિક્ષાર્થે જવું.

બીજા આચાર્ય કહે છે - સ્મૃતિ કાળ જ ભિક્ષા કાળ છે. જેમાં ભિક્ષુકોને દેવા લોકો યાદ કરે તે સ્મૃતિકાળ. જંઘા બળ હોય તો વીર્યાચારને ન ઉલ્લંઘે પણ પુરુષાર્થ કરે. ન મળે તો અલાભની વિચારણા ન કરે. પણ વીર્યાચારની આરાધના થઈ તેમ વિચારે. ભિક્ષાટન તે માટે કરેલ છે. આહારાર્થે નહીં, તેમ વિચારે. અનશનાદિ તપ થયો તેવું સમ્યક્ વિચારે. કાળ યાતના કહી, હવે ક્ષેત્ર યતના કહે છેઃ- શોભન, ભેદથી વિવિધ પ્રકારના પ્રાણી બલીદાનાદિથી ભોજનાર્થે લવાયા હોય, તેમની સામે ન જાય. તેમને ત્રાસ થતાં અંતરાય, અધિકરણ આદિ દોષ લાગે. તેથી તે પ્રાણીને ઉદ્વેગાદિ કર્યા વિના જયણાથી ચાલે.

ભિક્ષાર્થે પ્રવેશેલ સાધુ, કોઈ ઘર કે દેવકુળાદિમાં બેસે નહીં. જેથી સંયમનો ઉપઘાત ન થાય. ધર્મકથાદિનો વિસ્તાર ન કરે. આના વડે એકાદ પ્રશ્નનો ઉત્તર આપવાની અનુજ્ઞા આપી. સંયતને ત્યાં લાંબો કાળ બેસવાથી અનેષણા, દ્વેષ આદિ પ્રસંગ આવે. ક્ષેત્ર યતના કહીને દ્રવ્ય યતના કહે છેઃ- અર્ગલા - આગળીયો, પરિઘ - નગરના દ્વારની ભોગળ, દ્વાર - બારણું, કપાટ - કમાડ, સાધુ ત્યાં ટેકો ન લે. લાઘવાતા કે વિરાધનાદિ દોષ લાગે. ગોચરાગ્રગત્ત - ભિક્ષાર્થે પ્રવિષ્ટ. મુનિ અને સંયત પર્યાય છે.

હવે ભાવ યતનાઃ- શ્રમણ - નિર્ગ્રન્થ૦ શેષ સૂત્રાર્થ મુજબ જાણવું. ઉક્ત શ્રમણાદિને ઉલ્લંઘીને ભિક્ષાર્થે ન પ્રવેશે. અથવા તેની દૃષ્ટિ પડે ત્યાં પણ ઉભા ન રહેવું. પણ એકાંતમાં થોડે દૂર જઈને મુનિ ઉભા રહે. અન્યથા આવા દોષ લાગે - દેનારને કે દેનાર અને શ્રમણાદિને અપ્રીતિ થાય, "આ લોકોનું કેવું અલોકજ્ઞપણું છે" એમ પ્રવચનની લઘુતા થાય કે અંતરાય દોષ લાગે. તેથી એમ ન કરવું. બાકી સૂત્રાર્થવત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૧૮૯ થી ૧૯૯ -

*(૧૮૯, ૧૯૦) જો કોઈ દાતા ઉત્પલ, પદ્મ, કુમુદ, માલતી કે અન્ય કોઈ સચિત પુષ્પનું છેદન કરીને ભિક્ષા આપે તો તે ભોજન - પાન સંયમી સાધુને માટે અકલ્પ્ય થાય છે. તેથી દેનારીને તેનો નિષેધ કરીને કહે કે - મને આ પ્રકારે આહાર કલ્પતો નથી. (૧૯૧, ૧૯૨) જો કોઈ દાતા ઉક્ત ઉત્પલાદિનું સંમર્દન કરીને આહાર આપે તો પણ ન કલ્પે, સાધુ તે આહારનો નિષેધ કરે.*

*(૧૯૩, ૧૯૪) અપરિણત કમલકંદ, પલાશ કંદ, કુમુદનાલ, ઉત્પલનાલ, કમલતંતુ, સરસવનાલ, અપક્વ ઇક્ષુખંડ કે વૃક્ષ, તૃણ અને બીજી લીલી વનસ્પતિના કાચા નવા પ્રવાલનો ત્યાગ કરે. (૧૯૫) તરુણી, તાજી અથવા એકવાર ભુંજેલી કાચી ફૂલી દેનારી સ્ત્રીને સાધુ નિષેધ કરે કે આવા પ્રકારે આહાર મને ન કલ્પે. (૧૯૬ થી ૧૯૯) આ જ પ્રમાણે ઉકાળ્યા વિનાના બોર, વાંસ-કરીર, કાશ્યપનાલિકા, અપક્વ તલપાપડી, કદંબનું ફળ - ૦ - ચોખાનો લોટ, વિકૃત ધોવાણ, નિર્વૃત જળ, તિલકૂટ, પોઈ, સાગ અને સરસવની ખલી એ બધાં અપક્વ ન લે. અપક્વ અને શસ્ત્ર અપરિણત કોળું, બીજેરુ, મૂળા, મૂળાના કંદને મનથી પણ ન ઇચ્છે. આ પ્રમાણે જ ફળનું ચૂર્ણ, બીજનું ચૂર્ણ, બહેડા, પ્રિયાલ ફળ પણ અપક્વ જાણીને ત્યાગ કરે.*

● વિવેચન - ૧૮૯ થી ૧૯૯ -

પરપીડા પ્રતિષેધ અધિકારથી આ કહે છે:- (સૂત્રાર્થ કહ્યો જ છે, વિશેષ વૃત્તિ આ પ્રમાણે છે:-) ઉત્પલ - નીલોત્પલાદિ, પદ્મ - અરવિંદ માગદંતિકા - મલ્લિકા, સચિત્ત - શાલ્મલીપુષ્પરાદિ, સંલુઞ્ચય - છેદીને આપે છે. સંમર્દ્ય - પૂર્વે છેદેલા જ અપરિણતનું મર્દન. - x - x - શાલૂક - ઉત્પલ કંદ, વિરાલિકા - પલાશકંદ. પર્વપાલ્લિ - પ્રતિ પર્વે વલ્લિ અથવા કંદ. મૃણાલિકા - પદ્મિની કંદથી નીકળેલ. સર્ષપનાલિકા - સિદ્ધાર્થકમંજરી, અનિર્વૃત્ત - સચિત. આ સચિત્ત ગ્રહણ બધે જ જોડવું.

પ્રવાલ - પલ્લવ, તૃણ - મધુર તૃણાદિ. બીજી પણ હરિત આર્યકાદિ જો અપરિણત હોય તો તેનું વર્જન કરે. તરુણ - અસંજાત, છિવાડી - માગ આદિની ફલી (શીંગ) આમ - અસિદ્ધ, સચેતન. સકૃત્ - એકવાર. કોલ - બદર, અસ્વિન્ન - ઘણાં જળના યોગથી વિકારાંતરને પામેલ. વેણુક - વાંસ કરેલા, કાસવનાલિઅ - શ્રીપર્ણીના ફળ તથા તિલપર્પટ - પીસેલા તલયુક્ત. નીમ - કાચા લીંમડાની લીંબોડીને ત્યાગે.

એ પ્રમાણે જ તાંદુલપિષ્ટ - ચોખાનો લોટ, વિકટ - શુદ્ધ જળ, તથા તપેલ પછી શીતીભૂત થયેલ. તપ્તાનિર્વૃત્ત - ત્રણ ઉકાળા વગરનું. પૂતિપિણ્યાક - સરસવનો ખોળ. એ બધું કાચુ હોય તો તજી દે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાવિઠ્ઠ - કોઠા ફળ, માતુલિંગ - બીજોરું, મૂલક - પાંદળાવાળો, મૂળનો કાંદો. એ બધાં અપકવ અને અશસ્ત્ર પરિણત હોય - સ્વકાય શસ્ત્રાદિથી વિધ્વસ્ત થયેલ ન હોય, અનંતકાયનાત્વથી ગુરુત્વ જણાવવા મૂળો - તેના પાન અને કંદ બંને લીધા. ફલમન્થૂ - બોરનું ચૂર્ણ, બીજમન્થૂ - યવ આદિનું ચૂર્ણ ઇત્યાદિ - x - x - અપરિણત હોય તો તેનો ત્યાગ કરે.

● સૂત્ર - ૨૦૦ થી ૨૦૩ -

***(૨૦૦) ભિક્ષુ સમુદાન ભિક્ષાચર્યા કરે. ઉચ્ચ-નીચ કુળોમાં જાય. પરંતુ નીચ કુળ છોડીને ઉચ્ચ કુળમાં ન જાય. (૨૦૧) પંડિત સાધુ દીનતા રહિત થઈને ભિક્ષાની એષણા કરે. ન મળે તો વિષાદ ન કરે, સરસ ભોજનમાં અમૂર્છિત રહે. માત્રાને જાણનાર મુનિ એષણામાં રત રહે. (૨૦૨) ગૃહસ્થના ઘેર અનેક પ્રકારના પ્રચુર ખાદ્ય તથા સ્વાદ્ય આહાર હોય. પણ ન આપે તો પંડિત મુનિ કોપ ન કરે. પણ એમ વિચારે કે ગૃહસ્થ આપે કે ન આપે, તેની ઇચ્છા. (૨૦૩) સંયમી સાધુ પ્રત્યક્ષ દેખાતા છતાં પણ શયન, આસન, વસ્ત્ર, ભોજન અને પાન ન દેનાર પર ક્રોધ ન કરે.***

● વિવેચન - ૨૦૦ થી ૨૦૩ -

સામુદાન - ભાવભૈક્ષ્યને આશ્રીને ભિક્ષુ વિચરે. ક્યાં ? સદા ઉચ્ચ-નીચ કુળોમાં. અગર્હિતત્વ છતાં વૈભવની અપેક્ષાથી પ્રધાન કે અપ્રધાન ઘરો. ક્રમાનુસાર સર્વકાળ ભિક્ષાર્થે વિચરે પણ નીચ કુળોને છોડીને વૈભવની અપેક્ષાથી વધુ લાભાર્થે ઋદ્ધિવાળા કુળોમાં ન જાય. અન્યથા આસક્તિ કે લોકમાં લઘુતાનો પ્રસંગ આવે. વળી - અદીન - દ્રવ્ય દૈન્ય સ્વીકારીને મ્લાનવદન. ન મળવા છતાં વિષાદ ન કરે. પંડિત - સાધુ, ભોજનમાં અગૃદ્ધ રહે. માત્રાજ્ઞ - આહારની માત્રા પ્રતિ એષણારત અર્થાત્ ઉદ્‌ગમ, ઉત્પાદના, એષણા પ્રતિ પક્ષપાતી. એ પ્રમાણે ભાવના કરે - બહુ - પ્રમાણથી પ્રભૂત. પરગૃહ - અસંયતાદિના ઘર. વિવિધ - અનેક પ્રકારના ખાદિમ, સ્વાદિમ. હોવા છતાં ન આપે તો સાધુ રોષ ન કરે. ગૃહસ્થની ઇચ્છા હોય તો આપે. બાકી સૂત્રાર્થમાં કહ્યું.

● સૂત્ર - ૨૦૪, ૨૦૫ -

***(૨૦૪) સ્ત્રી કે પુરુષ, બાલ કે વૃદ્ધ વંદના કરતા હોય તો તેની પાસે કોઈ પ્રકારે યાચના ન કરે, આહાર ન આપે તો તેને કઠોર વચન પણ ન કહે. (૨૦૫) વંદન ન કરે, તો તેના ઉપર કોપ ન કરે, વંદન કરે તો અહંકાર ન કરે. આ રીતે ભગવંતની આજ્ઞાનું અન્વેષણ કરનાર મુનિનું શ્રામણ્ય અખંડ રહે છે.***

● વિવેચન - ૨૦૪, ૨૦૫ -

સ્ત્રી કે પુરુષ, અપિ શબ્દથી નપુસંક પણ લેવા. તરુણ કે વૃદ્ધ કહેવાથી મધ્યમ વયના પણ લેવા. વંદન કરે તો આ ભદ્રક છે, માની યાચના ન કરે. અન્ન આદિના અભાવે કે માંગેલ ન આપે તો કઠોર શબ્દો ન કહે. કે - ફોગટ શું વંદન કરે છે ? - x

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- કોઈ ગૃહસ્થાદિ કદાચ ન વાંદે તો કોપે નહીં. રાજાદિ કોઈ વાંદે તો અભિમાન ન કરે.- x -

● **સૂત્ર - ૨૦૬ થી ૨૧૦ -**

***(૨૦૬, ૨૦૭) કદાચ કોઈ સાધુ સરસ આહાર પ્રાપ્ત કરીને લોભથી છુપાવી દે, ક્યાંક મને મળેલો આહાર ગુરુ જોઈને સ્વયં લઈ લેશે, મને નહીં આપે. એમ પોતાના સ્વાર્થને જ મોટો માનનાર સ્વાદ લોલુપ સાધુ ઘણાં પાપ કરે છે, સંતોષ ભાવ રહિત થઈ, નિર્વાણ પામતા નથી.***

***(૨૦૮ થી ૨૧૦) કદાચ કોઈ સાધુ વિવિધ પ્રકારના પાન અને ભોજન પામીને, સરસ પદાર્થ એકાંતે ખાઈ જાય અને વિવર્ણ તથા નીરસ આહાર લઈને આવે છે, જેથી શ્રમણો એવું જાણે કે આ મુનિ મોક્ષાર્થી છે, સંતુષ્ટ છે, પ્રાંતાહાર સેવી છે, રૂક્ષ વૃત્તિથી સંતુષ્ટ છે. ચોથો પૂજાર્થી, યશ - કીર્તિ પામવાનો અભિલાષી, માન - સન્માનની કામના કરનાર સાધુ ઘણાં પાપોને ઉપાર્જે અને માયાશલ્યને કરનાર થાય છે.***

● **વિવેચન - ૨૦૬ થી ૨૧૦ -**

સ્વપક્ષની ચોરીના પ્રતિષોધન માટે કહે છેઃ- કોઈ અત્યંત જઘન્ય, ઉત્કૃષ્ટ આહાર પામીને, આસક્તિથી "હું જ ખાઈ જવું" એથી અંતપ્રાંતાદિ આહારથી ઢાંકી દે છે. શા માટે ? જો આ આહાર બતાવીશ તો આચાર્યાદિ પોતે જ લઈ લેશે. હવે આનો દોષ કહે છે - પોતાના માટે જ ઘણાં પાપ પ્રધાન છે જેને તે આત્માર્થગુરુર્લુબ્ધ થઈ ક્ષુદ્ર ભોજનમાં ઘણાં પાપ માયા વડે કે દારિદ્ર વડે કરે છે. આ પરલોક સંબધી દોષ છે, આલોક સંબંધી દોષ કહે છે - આવા કોઈ આહારથી આલોકમાં પણ ધૃતિ ન પામે. અનંત સંસારીપણાને પામે છે. એ પ્રમાણે પ્રત્યક્ષ અપહાર કહ્યો. હવે પરોક્ષ કહે છે - કદાચ કોઈને પૂર્વવત્ આવા વિવિધ પાન - ભોજન મળે તો માર્ગમાં સારો - સારો આહાર ખાઈલે અને વર્ણાદિ રહિત અમ્બખલ આદિ, વિગત રસ - ઠંડા ભાત વગેરે વસતિમાં લાવે.

તે આવું શા માટે કરે ? બાકીના સાધુઓ એમ જાણે કે આ સાધુ મોક્ષાર્થી છે, લાભ - અલાભને સમાનપણે સેવે છે. અસાર અને રૂક્ષ ભોજન ખાઈને સંતોષ માને છે. આ પણ બધું શા માટે કરે ? તે કહે છે - પૂજાર્થે. આમ કરતાં બંને પક્ષમાં પૂજા થશે તેમ માને. યશને પામવાને. માન - સન્માનની ઇચ્છાથી એ પ્રમાણે કરે. તેમાં માન - વંદન, અભ્યુત્થાનાદિ નિમિત્ત, સન્માન - વસ્ત્ર, પાત્રાદિ લાભ નિમિત્ત. એવો તે ઘણાં જ પ્રધાન સંકલેશના યોગથી વર્તે છે, તેના ભારે પાપકર્મની આલોચના ન કરીને ભાવશલ્ય કરે છે.

● **સૂત્ર - ૨૧૧ થી ૨૧૬ -**

***(૨૧૧) પોતાના સંયમની રક્ષા કરતો સાધુ દારૂ, મેરક કે બીજા કોઈ પ્રકારના માદક રસ આત્મસાક્ષીથી ન પીએ. (૨૧૨) મને કોઈ જાણતું - જોતું નથી એમ વિચારી એકાંતમાં એકલો દારુ પીએ છે, તે ચોર***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*છે, તેના દોષ તમે જુઓ અને માયાચાર મારી પાસે સાંભળો.*

*(૨૧૩) તે ભિક્ષુની આસક્તિ, માયા-મૃષા અપયશ, અતૃપ્તિ અને અસાધુતા સતત વધી જાય છે. (૨૧૪) જેમ ચોર સદા ઉદ્વિગ્ન રહે છે, તેમજ દુર્મતિ સાધુ પોતાના દુષ્કર્મોથી સદા ઉદ્વિગ્ન રહે છે. આવો મદ્યપાયી મુનિ મરણાંત સમયમાં પણ સંવર આરાધી ન શકે. (૨૧૫) તે નથી આચાર્યની આરાધના કરી શકતો, નથી શ્રમણોની. ગૃહસ્થ પણ તેને દુશ્ચરિત્ર જાણી, તેની નિંદા કરે છે. (૨૧૬) આ પ્રમાણે અગુણપ્રેક્ષી અને ગુણોનો ત્યાગ કરનાર સાધુ મરણાંતે પણ સંવર ન આરાધી શકે.*

**● વિવેચન - ૨૧૧ થી ૨૧૬ -**

સુરા - લોટ આદિથી નિષ્પન્ન દારુ, મેરક - પ્રસન્ન નમક દારૂ, સુરા પ્રાયોગ્ય દ્રવ્યથી નિષ્પન્ન. માધંરસ - સીધુ આદિ રૂપ. તે સાધુ ન પીએ, કેમકે સર્વજ્ઞ ભગવંતો સદા જોઈ રહેલા છે. - x - શા માટે ન પીવે ? આત્માનો યશ જાળવવા. અહીં યશ એટલે સંયમ અર્થ છે. બીજા મતે આ ગ્લાનના અપવાદ વિષયક સૂત્ર છે.- x -

હવે તેના દોષ કહે છેઃ- ધર્મ સહાય રહિત કે અલ્પ સાગારિક સ્થિત એવો તે ચોર છે, કેમકે તેણે તીર્થંકર અદત્ત ગ્રહણ કરેલ છે. જો એકાંતમાં પીએ તો - x - પણ આલૌકિક અને પારલૌકિક માયા રૂપ દોષ લાગે તે મારી પાસેથી સાંભળો. અત્યંત આસક્તિરૂપ માયા - મૃષાવાદ તેના વધે છે. તેથી ઘણું જૂઠું બોલે છે. તે અનુબંધ દોષથી ભવ પરંપરાનો હેતુ છે. તથા સ્વપક્ષ - પરપક્ષનો અયશ થાય છે. અનિવાર્ણ, સતત અસાધુતા અને પરમાર્થથી ચરણ પરિણામ બાધના થાય છે. આવો સાધુ સદા અપ્રશાંત રહે છે, જેમ ચોર પોતાના દુશ્ચરિતથી રહે છે તેવો દુષ્ટબુદ્ધિ. ક્લિષ્ટસત્વ, ચરમકાળે પણ ચારિત્ર આરાધી શકતો નથી. કેમકે સદૈવ અકુશળ બુદ્ધિથી તેના બીજાનો અભાવ થાય છે.

અશુદ્ધ ભાવત્વથી તે આચાર્યને આરાધતો નથી એ રીતે શ્રમણોને પણ આરાધતો નથી. ગૃહસ્થો પણ તેના દુષ્ટશીલની ગર્હા કરે છે. - x - ઉક્ત પ્રકારે તેના પ્રમાદાદિ અગુણોને અને તેના શીલને જુઓ તથા અપ્રમાદાદિને સ્વગત ન સેવીને અને પરગતના દ્વેશથી છોડતો તેવો ક્લિષ્ટ ચિત્ત મરણાંતે પણ ચારિત્રને આરાધી શકતો નથી.

**● સૂત્ર - ૨૧૭ થી ૨૨૦ -**

*(૨૧૭, ૨૧૮) જે મેધાવી અને તપસ્વી સાધુ તપ કરે છે. પ્રણીત રસનો ત્યાગ કરે છે, જે મદ્ય અને પ્રમાદથી વિરત છે, અહંકાર રહિત છે, અનેક સાધુ દ્વારા પૂજિત વિપુલ અને અર્થસંયુક્ત કલ્યાણને સ્વયં જુઓ અને હું તેના ગુણોનું કીર્તન કરીશ, તે મારી પાસેથી સાંભળો. (૨૧૯) આ પ્રમાણે ગુણપ્રેક્ષી અને અગુણના ત્યાગી શુદ્ધાચારી સાધુ મરણાંતકાળે સંવરની આરાધના કરે છે. (૨૨૦) આચાર્યને આરાધે છે, શ્રમણોને પણ*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*આરાધે છે. ગૃહસ્થો પણ તેને તેવા પ્રકારે શુદ્ધાચારી જાણે છે, તેથી તેની પૂજા કરે છે.*

● વિવેચન - ૨૧૭ થી ૨૨૦ -

જો એમ છે તો આ દોષના પરિહારથી - તપ સૂત્ર કહે છે. મર્યાદાવર્તી સાધુ તપ કરે છે. સ્નિગ્ધને વર્જે છે, ઘૃતાદિને તજે છે. મદ્ય અને પ્રમાદથી વિરત રહે છે. ક્લિષ્ટ સત્વ જેવા અકૃત્ય નથી અને "હું તપસ્વી છું" તેવું અભિમાન ન કરે. આવા પ્રકારના સાધુનું કલ્યાણ - ગુણ સંપત્તિરૂપ સંયમ જુઓ. શું વિશિષ્ટ છે, તે કહે છે - અનેક સાધુ વડે સેવિત કે આચરિત, વિપુલ મોક્ષ સુખ આપનાર, તુચ્છતાદિના પરિહારથી નિરુપમ સુખરૂપ મોક્ષ સાધનત્વથી હું તેની સ્તુતિ કરીશ તે મારી પાસેથી સાંભળો.

એ પ્રમાણે સાધુ અપ્રમાદાદી ગુણોને જુઓ તથા તથા પ્રમાદાદી અગુણો તજનાર, શુદ્ધવૃત્તિ, ચરમકાળે પણ ચારિત્રને સદૈવ કુશળબુદ્ધિથી આરાધે છે. - x - તથા શુદ્ધ ભાવથી આચાર્ય અને શ્રમણોને આરાધે છે. ગૃહસ્થો પણ તે સાધુને ભાવશુદ્ધ જાણીને પૂજે છે.

● સૂત્ર - ૨૨૧ થી ૨૨૪ -

*(૨૨૧) જે સાધુ તપ ચોર, વચન ચોર, રૂપ ચોર, આચાર અને ભાવનો ચોર છે, તે કિલ્બિષિક દેવ યોગ્ય કર્મ કરે છે. (૨૨૨) દેવત્વ પ્રાપ્ત થવા છતાં કિલ્બિષિક દેવ પણે ઉત્પન્ન થયેલો તે, ત્યાં જાણતો નથી કે આ મારા કયા કૃત્યનું ફળ છે ? (૨૨૩) ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં એડમૂકતા અથવા નરક કે તિર્યંચ યોનિને પામશે, ત્યાં તેને બોધિ અતિ દુર્લભ થાય છે. (૨૨૪) આ દોષને જાણીને જ્ઞાતપુત્ર મહાવીરે કહેલ છે કે - મેધાવી અણુમાત્ર પણ માયામૃષા ન સેવે.*

● વિવેચન - ૨૨૧ થી ૨૨૪ -

સ્તેન અધિકારથી આ કહે છે - તપ, વચન આદિના ચોર ક્રિયાને પાળવા છતાં, તેવા ભાવ દોષથી કિલ્બિષિક કર્મ બાંધે છે. તપનો ચોર - તપ ન કરતો હોવા છતાં તપસ્વી સમાન જણાતા કોઈ પૂછે કે તમે તે ક્ષપક છો ? પૂજાદિ અર્થે કહે કે - હા, અથવા સાધુઓ તપસી જ હોય, અથવા મૌન રહે. એ પ્રમાણે વાણીનો ચોર - ધર્મકથકાદિ તુલ્ય હોય, રૂપનો ચોર તે રાજપુત્રાદિ તુલ્ય હોય, આચારનો ચોર - વિશિષ્ટ આચારવત્ તુલ્ય. ભાવનો ચોર - બીજાએ કહેલાં સિદ્ધાંત રહસ્યને પોતાના નામે કહે. આવો સાધુ દેવત્વ પામે તો પણ તેવા ક્રિયા પાલનથી કિલ્બિષિક પણે ઉત્પન્ન થાય. અવિશુદ્ધ અવધિને કારણે તે ત્યાં પણ જાણતો નથી કે આ મારા કયા કર્મનું ફળ છે ?

બીજા દોષો કહે છે - દેવલોકથી ચ્યવીને બોબડો મનુષ્ય થાય, પરંપરાએ નરક અને તિર્યંચ યોનિ પામે છે. તેને સર્વ સંપત્તિ નિબંધન રૂપ જિનધર્મની પ્રાપ્તિ દુર્લભ થાય છે. - x - હવે ઉપસંહાર કરતા કહે છેઃ- અનંતરોક્ત કિલ્બિષિકત્વાદિ પ્રાપ્તિરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોષ શ્રામણ્યમાં લાગતા જોઈને ભગવંત વર્ધમાને કહ્યું કે -સાધુ માયામૃષાવાદ છોડે.

● સૂત્ર - ૨૨૫ -

***સંયત અને પ્રબુદ્ધ ગુરુ પાસે ભિક્ષૈષણા વિશુદ્ધિ શીખીને ઇંદ્રિયોને સુપ્રણિહિત રાખનાર, તીવ્ર લજ્જા ગુણવાન્ થઈ તે ભિક્ષુ સંયમમાં વિચરણ કરે. - તેમ હું કહું છું.***

● વિવેચન - ૨૨૫ -

અધ્યયનના અર્થનો ઉપસંહાર કરતા કહે છે - ઉદ્‌ગમ આદિ રૂપ પિંડ માર્ગણા શુદ્ધિ ભણીને, કોની પાસે ? સાધુ પાસે, તત્ત્વ જાણનાર પાસે, ગીતાર્થ પાસે પણ દ્રવ્ય સાધુ પાસે નહીં. તેથી શું ? ભિક્ષૈષણામાં સાધુ શ્રોત્રાદિ વડે ગાઢ ઉપયુક્ત અને ઉત્કૃષ્ટસંયમી થઈ, આ પ્રકારે સામાચારીનું પાલન કરે. - x - x -

મુનિ દીપરત્નસાગરે કરેલ
અધ્યયન - ૫ - નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૬ - "મહાચાર કથા" ❂

—— x —— x —— x —— x ——

૦ હવે મહાચાર કથા આરંભે છે. તેનો સંબંધ આ છે - અનંતર અધ્યયનમાં સાધુની ભિક્ષાવિશુદ્ધિ કહી. અહીં આ ગૌચરીમાં ગયેલા સાધુએ પોતાનો આચાર મહાજને પૂછેલ હોય અને પોતે જાણતો હોય તો પણ ત્યાં વિસ્તારથી ન કહે, પણ ગુરુજી ઉપાશ્રયમાં કહેશે. તે જ અહીં કહે છે. આ સંબંધે આવેલ આ અધ્યયન છે. અનુયોગદ્વાર પૂર્વવત્ યાવત નામ નિષ્પન્ન નિક્ષેપ કહેવું. તેમાં મહાચાર કથા એ નામ છે. પૂર્વે કહેલ છે. તેનો અતિદેશ કહે છે -

**● નિર્યુક્તિ - ૨૪૬ - વિવેચન -**

પૂર્વે ક્ષુલ્લકાચાર કથામાં જ્ઞાનાચારાદિ કહ્યા. તે સર્વે અહીં કહેવું. તે આક્ષેપણી આદિ કથા કહેવી, ચ શબ્દથી તે જ પ્રતિપક્ષે મહત્ કહેવી. આચાર કથામાં મોટી અહીં પ્રસ્તુત છે. નામનિષ્પન્ન નિક્ષેપ કહ્યો. હવે સૂત્ર અનુગામમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું જોઈએ, તે આ છે -

**● સૂત્ર - ૨૨૬ થી ૨૩૦ -**

***(૨૨૬, ૨૨૭) જ્ઞાનદર્શન સંપન્ન, સંયમ અને તપમાં રત, આગમ સંપન્ન ગણિ - આચાર્યને ઉદ્યાનમાં પધારેલા જોઈને રાજા, રાજમંત્રી, બ્રાહ્મણ અને ક્ષત્રિય નિશ્ચલાત્મા થઈને પૂછે છે - આપના આચાર - ગોચર કેવા છે ? (૨૨૮, ૨૨૯) ત્યારે તે નિભૃત, દાંત, સર્વે પ્રાણી માટે સુખાવહ, શિક્ષાઓથી સમાયુક્ત અને પરમ વિચક્ષણ ગણિ તેમને કહે છે - ધર્માર્થની કામનાવાળા. નિર્ગ્રન્થોના ભીમ, દુરધિષ્ઠિત અને સર્વ આચાર ગોચર મારી પાસેથી સાંભળો. (૨૩૦) જો નિર્ગ્રન્થાચાર લોકમાં અત્યંત દુશ્ચર છે, આવો શ્રેષ્ઠ આચાર બીજે ક્યાંય કહેવાયેલ નથી, સર્વોચ્ચ સ્થાનના ભાગી સાધુઓનો આવો આચાર બીજે ન હતો, ન હશે.***

**● વિવેચન - ૨૨૬ થી ૨૩૦ -**

જ્ઞાન - શ્રુતજ્ઞાનાદિ, દર્શન - ક્ષાયોપશમિકાદિ, તેનાથી યુક્ત. સંયમ - પાંચ આશ્રવથી વિરમણાદિ, તપ - અનશનાદિ, રત - આસક્ત. જેને ગણ છે તેથી ગણી - આચાર્ય. આગમ સંપન્ન - વિશિષ્ટ શ્રુતધર. ક્વચિત સાધુ પ્રાયોગ્યમાં રહી ધર્મદશનાર્થે પ્રવૃત્ત થાય. રાજા - નરપતિ, અમાત્ય - મંત્રી, શ્રેષ્ઠી આદિને પૂછે છે. અસંભ્રાંત અંજલિ જોડીને - "આપનો ક્રિયા કલાપ શું છે ?"

તે રાજાદિ પાસે ગણી, ધર્મકાર્યને સ્થિર કરી, નિશ્ચલ રહી ઇંદ્રિયો તથા મનને દમન કરીને સર્વે જીવોને સુખ આપનાર, ગ્રહણ અને આસેવન રૂપ શિક્ષાથી, એકી ભાવે યુક્ત થઈને પંડિત - આચાર્ય કહે છે. આ ધર્માર્થકામોના, ધર્મ - ચારિત્ર ધર્માદિ, તેનો અર્થ - પ્રયોજન, મોક્ષને ઇચ્છે છે. કઈ રીતે ? વિહિત વિશુદ્ધ અનુષ્ઠાન કરીને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્માર્થિકામા - મુમુક્ષુ, જે બાહ્ય - અભ્યંતર ગ્રંથ રહિત છે, મારી પાસેથી તેમના ક્રિયા કલાપ સાંભળો. તે કર્મશત્રુ અપેક્ષાથી રૌદ્ર, સંપૂર્ણ. ક્ષુદ્રસત્ત્વો વડે દુરાશ્રય છે. આને સૂત્ર સ્પર્શ નિર્યુક્તિથી નિરૂપે છે. તેમાં ધર્મ નો નિક્ષેપ પૂર્વવત્ છે, વિશેષ લોકોત્તરને કહે છે -

**• નિર્યુક્તિ - ૨૪૭, ૨૪૮ - વિવેચન -**

ધર્મ - સામાન્યથી બાવીશ પ્રકારે છે. ગૃહસ્થ ધર્મ બાર ભેદે છે અને અણગાર ધર્મ દશ ભેદે છે. આ સંક્ષેપથી કહ્યું. વિસ્તારથી કહે છે - સ્થૂળ પ્રાણાતિપાત નિવૃત્તિ આદિ પાંચ અણુવ્રત, દિગ્વ્રતાદિ ત્રણ ગુણવ્રતો, સામયિક આદિ ચાર શિક્ષાપદો એ બાર ભેદે ગૃહી ધર્મ છે. આવશ્યકમાં તેનું સ્વરૂપ જોવું.

**• નિર્યુક્તિ - ૨૪૯, ૨૫૦ - વિવેચન -**

સાધુ ધર્મ કહે છે - ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય, બ્રહ્મચર્ય. તેનો ભાવાર્થ પહેલાં અધ્યયનતી જાણવો. આ ધર્મની વ્યાખ્યા કરી. હવે તેનો અર્થ કહે છેઃ- અર્થ નો નિક્ષેપો "નામાદિ" ચાર ભેદે છે. તે સામાન્યથી અર્થ છ ભેદે તદ્વ્યતિરિક્ત દ્રવ્યાર્થ છે અને વિશેષથી ચોસઠ ભેદે છે. તેનો અવયવાર્થ કહે છે -

**• નિર્યુક્તિ - ૨૫૧, ૨૫૨ - વિવેચન -**

યવ આદિ ધાન્ય, રત્ન, સુવર્ણ, ભૂમિગૃહાદિ સ્થાવર, ગાડુ વગેરે દ્વિપદ, ગાય આદિ ચતુષ્પદ, તામ્રકળશાદિ કુપ્ય. એ ઓઘથી છ પ્રકારનો અર્થ અનંતરોક્ત તીર્થંકર ગણધરો વડે પ્રરૂપિત છે. હવે તેને વિસ્તારથી કહે છેઃ- ચોવીશ પ્રકારનું ધાન્યાર્થ અને રત્નાર્થ જાણવું. સ્થાવરાર્થ ત્રણ ભેદે, પદાર્થ બે ભેદે, ચતુષ્પદાર્થ દશ ભેદે તથા કુપ્યાર્થ અનેક પ્રકારે છે. આ બધાં ધાન્યાદિ ભેદોને હવે વિસ્તારથી કહેશે.

**• નિર્યુક્તિ ૨૫૩ થી ૨૫૬ + વિવેચન -**

ધાન્યો ૨૪ ભેદે છે. યવ, ઘઉં, ચોખા, ડાંગર, સાઠી ચોખા, કોદરા, અણુંકા, કાંગ, રાલગ, તલ, મગ, અડદ, અળસી, કાળા ચણા, ત્રીપુટક, વાલ, મઠ, ચોળા, શેરડી, મસુર, તુવર, કુલથી, ધાણા અને વટાણા. એ પ્રમાણે બે ગાથાનો અર્થ છે. ધાન્ય વિભાગ કહ્યો, હવે રત્ન વિભાગ કહે છેઃ-

રત્નો ચોવીશ ભેદે છે - સોનુ, ત્રપુષ્, તાંબુ, ચાંદી, લોઢું, સીસું, હીરણ્ય, પાષાણ, હીરો, ચંદન, મણી, મોતી, પરવાળાં, શંખ, તીનીસ, અગરુ, અમીલ - ઉનનાં વસ્ત્રો, કાષ્ઠ, ચર્મ, હાથીદાંતાદિ, ચમરી ગાયના વાળ, સુગંધ, ઔષધાદિ દ્રવ્ય - પીપર આદિ. હવે સ્થાવરાદિ વિભાગ કહે છે -

**• નિર્યુક્તિ - ૨૫૭ + વિવેચન -**

ભૂમિ, ગૃહ અને તરુગણ એ ત્રણ ભેદે સ્થાવર જાણવા. પુનઃ ઓઘથી ત્રણ ભેદે સ્થાવર માનેલ છે. પુનઃ શબ્દ સ્વાગત ભેદો સૂચવે છે. તે આ પ્રમાણે - ભૂમિ એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્ર. તે ત્રણ ભેદે - સેતુ, કેતુ અને સેતુકેતુ. ગૃહ તે પ્રાસાદો. તે પણ ત્રણ ભેદે છે - ખોદેલા, માળવાળા અને ઉભયરૂપ. તરુગણના ભેદો - નાળીએર આદિના બગીચા. ચક્રઆરાથી બદ્ધ - ગાડાં આદિ, મનુષ્ય - દાસ આદિ. એ પ્રમાણે દ્વિપદ બે ભેદે છે. હવે ચતુષ્પદ કહે છેઃ-

**• નિર્યુક્તિ - ૨૫૮ + વિવેચન -**

ગાય, ભેંસ, ઉંટડી, બકરી, ઘેટી, અશ્વ, અશ્વતર, ઘોડા, ગધેડા, હાથી આ દશ ભેદે ચતુષ્પદ હોય છે. અશ્વ - વાલ્હીકાદિ દેશમાં ઉત્પન્ન જાતવાન્, અશ્વતર - વેગવાળા ઘોડા, સામાન્ય ઘોડા તે ઘોટકા.

**• નિર્યુક્તિ - ૨૫૯ + વિવેચન -**

વિવિધ ઉપકરણ, જેવા કે - તામ્ર કળશ, કડિલ્લ આદિ જાતિથી અનેકવિધ પણ વ્યક્તિથી કુપ્ય લક્ષણ થાય છે. અર્થ કહ્યો, છ ભેદ કહ્યા. ચોસઠ ભેદ ઓઘ અને વિભાગ વડે છે. અહીં દ્રવ્યાર્થ ઉપયોગી છે. હવે કામ કહે છે.

**• નિર્યુક્તિ - ૨૬૦, ૨૬૧ + વિવેચન -**

કામ ઓઘથી ચોવીશ ભેદે છે. તેમાં સંપ્રાપ્ત ચૌદ પ્રકારે છે અને અસંપ્રાપ્ત દશ ભેદે છે. સંક્ષેપમાં કહ્યું. હવે વિસ્તારથી કહે છે તેમાં અલ્પતર વક્તવ્યતાથી પહેલાં અસંપ્રાપ્ત કામ કહે છેઃ- જોયા વિના માત્ર કાને સાંભળીને તે તરફ કાન ખેંચાય. તેમાં અહો રૂપ આદિ ગુણ એ અભિનિવેશથી ચિંતન તે ચિંતા, શ્રદ્ધા - તેના સંગમનો અભિલાષ, સંસ્મરણ - સંકલ્પિત રૂપનું આલેખનાદિ દર્શન. તેના વિયોગમાં આહાર વગેરે વગેરે ઉપર અરતિ થાય. લજ્જાનો નાશ - વડીલના દેખતાં પણ દુરાચાર પ્રશંસે, પ્રમાદ - તેના માટે જ સર્વ આરંભમાં પ્રવર્તવું ઉન્માદ - નષ્ટચિત્તથી જેમ તેમ બોલે. ભાવનાસ્તંભ આદિને પણ સ્ત્રીના આલિંગનની બુદ્ધિથી ભેટવું.

**• નિર્યુક્તિ - ૨૬૨, ૨૬૩ + વિવેચન -**

શોકના અતિરેકથી મરણ થવું તે અસંપ્રાપ્ત કામનો દશમો ભેદ છે.

૦ હવે કામ સંપ્રાપ્ત થતાં જ ચૌદ ભેદ છે, તે સંક્ષેપથી કહે છેઃ- (૧) પ્રાપ્ત થતાં પહેલાં સ્ત્રીના સ્તન આદિનું અવલોકન કરે તે દૃષ્ટિ સેવા. અથવા દૃષ્ટિથી દૃષ્ટિનું મિલન. (૨) સંભાષણ - ઉચિત કાળે કામ કથા કરે. (૩) હસિત - વક્રોક્તિ. (૪) લલિત - પાશકાદિ ક્રીડા. (૫) ઉપગૂહિત (૬) દંત નિપાત. (૭) નખ નિપાત - નખથી ઘટ્ટનાદિ. (૮) ચુંબન (૯) આલિંગન - કંઈક સ્પર્શ કરવો, (૧૦) આદાન - સ્તનાદિ ગ્રહણ, (૧૧) કર - નાગરકાદિ પ્રારંભ યંત્ર, (૧૨) આસેવન - મૈથુન કિડા, (૧૩) સંગ (૧૪) અનંગ કિડાદિ - x - કામ કહ્યો. હવે ધર્મ આદિના સપત્નતા અને અસપત્નતા કહે છે -

**• નિર્યુક્તિ - ૨૬૪ થી ૨૬૭ - વિવેચન -**

(૨૬૪) ધર્મ, અર્થ અને કામ આ ત્રણે સાથે લઈએ તો પરસ્પર વિરોધી છે. તેવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લૌકિક - કુપ્રવચનમાં કહે છે. જેમકે અર્થનું મૂળ લોભ છે, ક્ષમા કામનું મૂળ છે આદિ - x - આ બધાં પરસ્પર વિરોધી છતાં જિનવચનાનુસાર કુશળબુદ્ધિના યોગથી વ્યવહારથી ધર્માદિ તત્વના સ્વરૂપને વિચરવાથી કે નિશ્ચયથી જોતાં પરસ્પર અવિરોધી થાય છે. તેમાં પહેલાં વ્યવહારથી અવિરોધ બતાવે છે -

(૨૬૫) જિનવચન યથાવત્ પરિણત થતાં અવસ્થા ઉચિત વિહિત અનુષ્ઠાનથી દર્શનાદિ શ્રાવક પ્રતિમાં સ્વીકારમાં નિરતિચાર પાલનથી ધર્મ થાય છે. કેમકે સ્વચ્છ આશય પ્રયોગ અને પુન્યબળથી તેમ કહ્યું. ઉચિત સ્ત્રીના સ્વીકારની અપેક્ષાથી વિશ્રંભથી કામ છે. હવે નિશ્ચય૦

(૨૬૬) નિરતિચાર ધર્મનું ફળ મોક્ષ છે. શું વિશિષ્ટ છે ? તે નિત્ય, અનન્યતુલ્ય, પવિત્ર, બાધવર્જિત છે. તે ધર્માર્થે મોક્ષની કામના કરતા સાધુઓ છે તેથી "ધર્માર્થકામા" એમ કહ્યું. હવે તેને જ દૃઢ કરે છે-

(૨૬૭) જન્માંતરલક્ષણ પરલોક, જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ છે જ નહીં. મોક્ષ - સર્વકર્મ ક્ષયરૂપ. તેવું અવિધિજ્ઞો કહે છે. તેનો ઉત્તર આપે છે - પરલોક આદિ છે જ. વીતરાગ વચન સત્ય છે, પૂર્વાપર અવિરોધી છે, પ્રવર છે. તે બીજે ક્યાંય નથી. - x - કંઈક સ્પર્શ નિર્યુક્તિ કહી. હવે બીજા સૂત્રનો અવસર છે. તેનો આ સંબંધ છે. અનંતર સૂત્રમાં નિર્ગ્રન્થની આચાર - ગોચરા કથા કહી. હવે આને જ ગુરુતાથી કહે છે. કપિલાદિ મતમાં ઉક્ત આચાર ગોચર નથી. લોકમાં તેનું આચરણ અતિદુષ્કર છે. આ વિપુલમોક્ષ હેતુત્વથી સંયમ સ્થાનને સેવે છે, જે જિનમત સિવાય બીજે ક્યાંય હતો નહીં અને હશે પણ નહીં.

**• સૂત્ર - ૨૩૧, ૨૩૨ -**

***બાળક હોય કે વૃદ્ધ, રોગી હોય કે નિરોગી, બધાં મુમુક્ષુ એ જિનગુણોનું પાલન અખંડ અને અસ્ફૂટિત રૂપે કરવું જોઈએ. તે ગુણો જે પ્રકારે છે તે પ્રકારે મારી પાસેથી સાંભળો. ઉક્ત આ ચારના અઢાર સ્થાનો છે. જે અજ્ઞ સાધુ આ અઢારમાંના કોઈ એક સ્થાનને પણ વિરાધે છે, તે નિર્ગ્રન્થતાથી ભ્રષ્ટ થઈ જાય છે.***

**• વિવેચન - ૨૩૧, ૨૩૨ -**

જે દ્રવ્ય - ભાવ બાળપણાથી વર્તે છે તે ક્ષુલ્લુક, દ્રવ્ય ભાવ થકી વૃદ્ધ તે અબાલવૃદ્ધ કહ્યા. વ્યાધિવાળા કે વગરના તે સરોગી અને નીરોગી, તેઓમાં અહીં કહેવાનાર જે ગુણો અખંડ અને અસ્ફૂટિત છે. અખંડ - દેશ વિરાધનાના ત્યાગથી, અસ્ફુટિત - સર્વ વિરાધનાના ત્યાગથી. આ ગુણો અગુણના પરિહારથી અખંડ અને અસ્ફૂટ થાય છે. તેથી અગુણો કહે છે - તે ૧૮ અસંયમ સ્થાનો છે, જેને આશ્રીને અજ્ઞો તેના સેવનથી અપરાધને પામે છે. કઈ રીતે અપરાધ કરે ? તેનાથી અન્યતર સ્થાનમાં વર્તતા પ્રમાદથી નિર્ગ્રન્થભાવ થકી નિશ્ચયનયથી સાધુતાથી દૂર થાય છે. આ જ અર્થને સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ વડે સ્પષ્ટ કરે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● નિર્યુક્તિ - ૨૬૮, ૨૬૯ + વિવેચન -

અઢાર સ્થાનોને આ આચાર કથામાં તીર્થંકર કહ્યાં છે, તેમાંનુ એક પણ સાધુ અંગીકાર કરે તો તે સાધુપણામાં ન રહી શકે. તે સ્થાનો બતાવે છે - (૧) પ્રાણાતિપાત નિવૃત્તિ આદિ અને રાત્રિ ભોજન વિરતિ રૂપ છ વ્રતો, (૨) છ કાય - પૃથ્વીકાયાદિ છ કાય, (૩) અકલ્પ - શિક્ષક સ્થાપના કલ્પાદિ જે કહેવાનાર છે. (૪) ગૃહસ્થ સંબંધી કાંસ્ય ભાજનાદિ, (૫) પલ્યંક - શયન વિશેષ, (૬) નિષધા - ઘરમાં એકાનેક રૂપ, (૭) સ્નાન - દેશ અને સર્વ ભેદથી, (૮) શોભા વર્જન - વિભૂષાનો ત્યાગ. આ બધાનું વર્જન કરે.

● સૂત્ર - ૨૩૩ થી ૨૩૫ -

***(૨૨૩) ભગવંત મહાવીરે તે ૧૮ સ્થાનોમાં પહેલું અહિંસા કહેલ છે, કેમકે અહિંસાને તેમણે સૂક્ષ્મરૂપે જોયેલ છે. સર્વે જીવો પ્રત્યે સંયમ રાખવો તે અહિંસા. (૨૩૪) લોકમાં જેટલાં ત્રસ કે સ્થાવર પ્રાણી છે, સાધુ - સાધ્વી, જાણતા કે અજાણતા, તેને ન હણે - ન હણાવે. (૨૩૫) બધાં જીવો જીવવા ઇચ્છે છે, મરવા નહીં. તેથી નિર્ગ્રન્થ સાધુ પ્રાણીવધને ભયંકર જાણીને તેનો ત્યાગ કરે.***

● વિવેચન - ૨૩૩ થી ૨૩૫ -

સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ કહી, હવે બીજા સૂત્રની વ્યાખ્યા કરે છે. તેનો સંબંધ આ છે- અઢાર સ્થાનોમાં ગુણો અખંડ અસ્ફૂટિત કરવા જોઈએ. તેની વિધિ કહે છે - તેમાં અઢાર સ્થાનગણમાં વ્રતષટ્કમાં તેના અનાસેવનદ્વારથી આ કહેવાનાર સ્વરૂપ પહેલું સ્થાન ભગવંત મહાવીરે કહેલ છે - "અહિંસા". સાધુ આધાકર્માદિના પરિભોગથી કરવું - કરાવવું આદિના ત્યાગથી સૂક્ષ્મ કહ્યું. માત્ર આગમ દ્વારથી કહ્યું નથી. પણ સાક્ષાત્ ધર્મ સાધકત્વથી પામેલ છે. આને જ નિપુણ કેમ કહે છે ? આને ભગવંત મહાવીરે સર્વભૂતિ વિષય સંયમ કહ્યો છે, બીજાએ નહીં. તે ઉદ્દિશ્યકૃત ભોગ વિધાનથી કહેલ છે. તે જ સ્પષ્ટ કરે છે - જગતમાં જેટલાં બે ઇંદ્રિયાદિ ત્રસ પ્રાણી કે પૃથ્વી આદિ સ્થાવરો છે, તેમને જાણીને રાગાદિથી અભિભૂત થઈ, હણવાની બુદ્ધિથી કે અજાણપણાથી પ્રમાદથી ન હણે, ન હણાવે, હણનારને ન અનુમોદે, માટે અહિંસાને નિપૂણા કહી. અહિંસા સુંદર શા માટે છે, તે બતાવે છે - બધાં જીવો પણ દુઃખિતાદિ ભેદવાળા જીવવાને ઇચ્છે છે, પ્રાણ પ્રિય હોવાથી મરવાને ઇચ્છતા નથી. તેથી પ્રાણવધને દુઃખનો હેતુ હોવાથી ભયંકર જાણીને સાધુઓ હિંસાને તજે.

● સૂત્ર - ૨૩૬, ૨૩૭ -

***સાધુ કે સાધ્વી પોતાને માટે કે બીજાને માટે ક્રોધાદિથી કે ભયથી હિંસક કે અસત્ય વચન ન બોલે, બીજાને ન બોલાવે. લોકમાં સમસ્ત સાધુ દ્વારા મૃષાવાદ ગર્હિત છે અને તે પ્રાણીઓને માટે અવિશ્વસનીય છે. તેથી મૃષાવાદનો પૂર્ણપણે ત્યાગ કરી દે.***


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● **વિવેચન - ૨૩૬, ૨૩૭ -**

પહેલું સ્થાન કહીને હવે બીજું સ્થાન કહે છેઃ- જેમકે પોતે બિમાર ન હોય છતાં બિમાર છે તેમ કહે. પરનિમિત્તે પણ તેમજ જાણવું તથા ક્રોધ - માન - માયા - લોભથી જૂઠું બોલે. જેમકે - 'માનથી' પોતે અબહુશ્રુત હોવા છતાં પોતાને બહુશ્રુત કહે, ગૌચરી જવાના પ્રમાદથી કપટ વડે કહે કે - "મારા પગ દુઃખે છે." ઇત્યાદિ - x - ભયથી - કંઈક ખોટું કર્યા પછી પ્રાયશ્ચિતના ભયથી ન કર્યું તેમ કહે. આ પ્રમાણે હાસ્ય આદિમાં પણ કહે. તેથી કહે છે - પરપીડાકારી એવું મૃષા સર્વથા ન બોલે, ન બોલાવે, બોલનારને ન અનુમોદે. લોકમાં મૃષાવાદ બધે જ બધાં સાધુ વડે નિંદિત છે, કેમકે બધાં વ્રતને અપકારી છે તથા લીધેલી પ્રતિજ્ઞા ન પાળવાથી કોઈ વિશ્વાસ ન કરે, તેથી સાધુ મૃષાવાદનો ત્યાગ કરે.

● **સૂત્ર - ૨૩૮, ૨૩૯ -**

***સંયમી સાધુ - સાધ્વી, સચિત કે અચિત્ત પદાર્થ, જે થોડો હોય કે ઘણો, દાંત ખોતરણી માત્ર પણ હોય, તે જે ગૃહસ્થના અવગ્રહમાં હોય, તેને યાચના કર્યા વિના સ્વયં ન ગ્રહણ કરે, બીજા પાસે ગ્રહણ ન કરાવે કે ગ્રહણ કરનારને ન અનુમોદે.***

● **વિવેચન- ૨૩૮, ૨૩૯ -**

બીજી સ્થાન વિધિ કહી, હવે ત્રીજી સ્થાન વિધિ કહે છે - દ્વિપદ આદિ સચિત્ત, હિરણ્યાદિ સચિત્ત હોય, પ્રમાણથી અને મૂલ્યથી અલ્પ હોય કે બહુ હોય, વધુ શું કહેવું? દાંત ખોતરણી કે તૃણાદિપણ સાધુ યાચના કર્યા વિના ન લે. તે સચિત્તાદિને વિરતપણાથી સંયત પોતે ગ્રહણ ન કરે, ન બીજા પાસે કરાવે કે ન તેવાને અનુમોદે.

● **સૂત્ર - ૨૪૦, ૨૪૧ -**

***અબ્રહ્મચર્ય લોકમાં ઘોર, પ્રમાદજનક અને દુરધિષ્ઠિત છે. સંયમ ભંગ કરનારા સ્થાનોથી દૂર રહેનાર મુનિ તેનું આચરણ ન કરે. આ અબ્રહ્મ અધર્મનું મૂળ છે, માહાદોષોનો પુંજ છે, તેથી નિર્ગ્રન્થ મૈથુન સંસર્ગનો ત્યાગ કરે છે.***

● **વિવેચન - ૨૪૦, ૨૪૧ -**

ત્રીજી સ્થાન વિધિ કહીને ચોથા સ્થાનની વિધિ કહે છે- અબ્રહ્મચર્ય એ રૌદ્ર અનુષ્ઠાનનો હેતુ હોવાથી રૌદ્ર છે. સર્વ પ્રમાદનું મૂળ હોવાથી પ્રમાદવત્ છે. જિનવચન વડે અનંત સંસાર હેતુ પણે જાણીને તેને દુસ્સેવ્ય કહ્યું. તેથી મનુષ્યલોકમાં મુનિઓ આચરતા નથી. કેવા મુનિ ? ચારિત્ર ભેદના સ્થાનરૂપ જાણીને તેનો ત્યાગ કરે. તે પાપનું મૂળ છે. તેમાં પરલોક સંબંધી અપાયો પણ છે, આ લોકમાં મોટો દોષ એ છે કે - તેનાથી ચોરી આદિ કરવા પડે છે. તેથી મૈથુન સંબંધ, સ્ત્રી સાથે વાત કરવી પણ વર્જે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૨૪૨ થી ૨૪૬ -

***(૨૪૨) જે જ્ઞાતપુત્રના વચનોમાં રત છે, તે સાધુ - સાધ્વી બિડલવણ, સામુદ્રિક લવણ, તેલ, ઘી, દ્રવગોળ આદિનો સંગ્રહ કરવા ન ઇચ્છે. (૨૪૩) આ સંગ્રહ લોભને જ વિઘ્નકારી પ્રભાવ છે. એમ હું માનું છું. જે કોઈ સાધુ કદાચિત્ કોઈ પદાર્થની સંનિધિની કામના કરે છે, તે ગૃહસ્થ છે, પ્રવ્રજિત નથી. (૨૪૪) જે કોઈ સાધુ વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ રાખે છે, તેને પણ તેઓ સંયમ અને લજ્જાની રક્ષાને માટે રાખે છે અને ઉપયોગ કરે છે. (૨૪૫) સમસ્ત જીવોના ત્રાતા જ્ઞાતપુત્રએ આ વસ્ત્રાદિને પરિગ્રહ કહ્યો નથી, પણ મહર્ષિઓએ "મૂર્છાને પરિગ્રહ" કહેલ છે. (૨૪૬) યથાવત્ વસ્તુ તત્ત્વજ્ઞ (સાધુ) બધી ઉપધિનું સંરક્ષણ કરવામાં મમત્વભાવ ન આચરે, (એટલું જ નહીં) તેઓ તેમના પોતાના શરીરનું પણ મમત્ત્વ ન કરે.***

● વિવેચન - ૨૪૨ થી ૨૪૬ -

ચોથી સ્થાન વિધિ કહી, હવે પાંચમી કહે છેઃ- બિડ એટલે ગોમૂત્રાદિ પક્વ, ઉદ્‌ભેદ - સામુદ્રાદિ લવણ અથવા બિડ - પ્રાસુક અને ઉદ્‌ભેદ - અપ્રાસુક, એમ બે ભેદે લવણ છે. તેલ, ઘી, ફાણિત - દ્રવગોળ આ લવણાદિ કે તેવી અન્ય વસ્તુની તે સાધુઓ સંનિધિ ન કરે. એટલે કે <u>પર્યુષિત (રાતવાસી) ન રાખે.</u> કોણ ? ભગવંતના વચનમાં આસક્ત સાધુ.

સંનિધિમાં દોષ શું ? ચારિત્રવિઘ્નકારી ચોથો કષાય તે લોભ, તેનો અનુભાવ, જેથી સંનિધિ કરે. એમ તીર્થંકરાદિએ કહેલ છે. જો કદાચ કોઈ થોડી પણ સંનિધિ કરે, તો તે ભાવથી ગૃહસ્થ છે, પ્રવ્રજિત નથી. કેમકે દુર્ગતિ નિમિત્ત અનુષ્ઠાનમાં પ્રવૃત્ત છે. જેના વડે આત્મા નરકાદિમાં લઈ જવાય તે સંનિધિ. - x - (શંકા) વસ્ત્રાદિ ધારણ કરતા સાધુને અસંનિધિ કઈ રીતે ? આગમોક્ત ચોલપટ્ટક આદિ વસ્ત્ર, પાત્ર, વર્ષાકલ્પાદિ કામળી, પાદપુંછન - રજોહરણ તે સંયમાર્થે છે. તેથી ઉલટું - x - સંયમ પાલનનો અભાવ છે. લજ્જાર્થે વસ્ત્ર ન હોય તો સ્ત્રી આદિને તથા વિશિષ્ટ શ્રુત પરિણતિ આદિ રહિતને નિર્લજ્જતા થાય અથવા સંયમ જ લજ્જા છે તેને માટે આ વસ્ત્રાદિ ધારણ કરે અને મૂર્છારહિત પરિભોગ કરે.

એમ હોવાથી આસક્તિ રહિત વસ્ત્ર ધારણાદિને પરિગ્રહ કહ્યો નથી કેમકે તેમાં બંધહેતુત્વનો અભાવ છે. કોણે નથી કહ્યો ? ઉદારક્ષત્રિય સિદ્ધાર્થના પુત્ર વર્ધમાન કે જે સ્વ - પર પરિત્રાણ સમર્થ છે, તેણે મૂર્છાને - ન હોવા છતાં વસ્ત્રાદિની આસક્તિને પરિગ્રહ કહ્યો છે. કેમકે બંધનો હેતુ છે. - x - x - વસ્ત્રાદિ અભાવ ભાવિની મૂર્છા વસ્ત્રાદિના ભાવમાં સાધુને કેમ નહીં થશે ? સમ્યગ્ બોધથી. ઉચિત ક્ષેત્ર અને કાળમાં આગમોક્ત વસ્ત્રાદિ સાથે પણ સાધુઓ છ જીવકાયના સંરક્ષણ માટે વસ્ત્રાદિના પરિગ્રહ છતાં તેમાં મમત્વ કરતા નથી, - x - ધર્મકાય અર્થાત્ શરીરમાં પણ તેઓ મમત્વ કરતા નથી. તે પ્રમાણે વસ્તુમાં પણ પરિગ્રહ ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● સૂત્ર - ૨૪૭ થી ૨૫૦ -

*(૨૪૭) અહો ! સર્વ બુદ્ધોએ સંયમને અનુકૂળ વૃત્તિ અને એક વાર ભોજન, આ નિત્ય તપોકર્મનો ઉપદેશ આપેલ છે. (૨૪૮) આજે ત્રસ અને સ્થાવર અતિસૂક્ષ્મ પ્રાણી છે, જેને રાત્રિમાં જોઈ શકાતા નથી, ત્યારે તે આહારની એષણા કઈ રીતે કરે ? (૨૪૯) જળથી આર્દ્ર, બીજેથી સંસક્ત આહારનો તથા પૃથ્વી ઉપર પડેલા પ્રાણીને દિવસના બચાવી શકાય, રાત્રે નહીં. પછી રાત્રિના નિર્ગ્રન્થ ભિક્ષાચર્યા કઈ રીતે કરી શકે ? (૨૫૦) જ્ઞાતપુત્રએ આ દોષને જોઈને કહ્યું કે સાધુ - સાધ્વી રાત્રિભોજન ન કરે. અર્થાત્ બધાં પ્રકારનો આહાર ન ખાય.*

● વિવેચન - ૨૪૭ થી ૨૫૦ -

પાંચમી સ્થાનવિધિ કહીને, હવે છટ્ઠાને આશ્રીને કહે છે - સર્વે દોષોને નિવારનાર ગુણોની વૃદ્ધિ કરનાર તપોનુષ્ઠાન બધાં તીર્થંકરે કહેલ છે. શું વિશેષ છે ? તે કહે છે- લજ્જા એટલે સંયમ, તેના સદૃશ અર્થાત્ સંયમ અવિરોધી. વૃત્તિ - દેહપાલન. જે ભોજનમાં દ્રવ્યથી અને ભાવથી એક ભક્ત હોય તે. દ્રવ્યથી એક સંખ્યા, ભાવથી - કર્મબંધનો અભાવ. તે દિવસે જ, રાગાદિ રહિતને હોય. - x - રાત્રિ ભોજનમાં હિંસાના સંભવથી કર્મબંધ દર્શાવે છે - પ્રત્યક્ષ દેખાતા સૂક્ષ્મ જીવો રાત્રિમાં ચક્ષુથી દેખાતા નથી, તો જીવોના ઘાત વિના કઈ રીતે ખાઈ શકે ? રાત્રિના એષણીય ભિક્ષા માટે ચરવું અસંભવ છે. હવે રાત્રિના ગ્રહણ કરવામાં દોષ કહે છે -

રાત્રિમાં ભિનાશમાં લીલ - ફૂગ હોય, સચિત બીજ યુક્ત હોય, એસામણ આદિમાં જીવો પડે, પૃથ્વી ઉપર સંપાતિમ જીવો સંભવે છે તેથી પરલોકભીરુ સંયમી તેને વર્જે છે ઇત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું - x - x - ઉપસંહાર કરતા કહે છે - અનંતરોક્ત પ્રાણી હિંસારૂપ અને અન્ય આત્મ - વિરાધનાદિ રૂપ દોષ જોઈને ભગવંત રાત્રિના સર્વાહારનો નિષેધ કર્યો.

● સૂત્ર - ૨૫૧ થી ૨૫૬ -

*(૨૫૧) સુસમાહિત સંયમી મન, વચન, કાય એ ત્રણ યોગ અને ત્રણ કરણથી પૃથ્વીકાયની હિંસા કરતા નથી. (૨૫૨) પૃથ્વીકાયની હિંસા કરતો એવો સાધુ તેને આશ્રયે રહેલ દેખાતા કે ન દેખાતા ત્રસ અને સ્થાવર પ્રાણીની પણ હિંસા કરે છે. (૨૫૩) તેથી તેને દુર્ગતિવર્ધક દોષ જાણીને યાવજ્જીવન પૃથ્વીકાયના સમારંભનો ત્યાગ કરે.*

*(૨૫૪ થી ૨૫૬) સુસમાહિત સંયમી અપ્કાયની હિંસા ન કરે૦ બાકીનો બધો સૂત્રાર્થ 'પૃથ્વીકાય'માં કહ્યા પ્રમાણે જાણવો.*

● વિવેચન - ૨૫૧ થી ૨૫૬ -

છ વ્રતનું વર્ણન કર્યું. હવે છ કાયને કહે છે - તેમાં પૃથ્વીકાયને આશ્રીને કહે છે: ખેડવા આદિ પ્રકારે મન, વચન, કાયાથી પૃથ્વીકાયની હિંસા ન કરે. ઉપલક્ષણથી ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવે, કરનારને અનુમોદે - x - હિંસા કોણ ન કરે ? સુસમાહિત સાધુઓ. અહીં જ હિંસા દોષને કહે છે - પૃથ્વીકાયને ખેડવા આદિ પ્રકારે જે હણે છે, તે પૃથ્વી આશ્રિત બેઇંદ્રિય પ્રાણીને તથા અપ્કાયાદિને પણ હણે છે તે ચક્ષુરિન્દ્રિય ગ્રાહ્ય હોય કે ન હોય. તેથી આ પ્રમાણે દોષને જાણીને સંસારને વધારનાર એવા પૃથ્વીકાય સમારંભનો જાવજ્જીવને માટે ત્યાગ કરે.

સાતમા સ્થાનની વિધિ કહીને, હવે આઠમા સ્થાનની વિધિ કહે છે - ઉક્ત પૃથ્વીકાયસૂત્ર જ અપ્કાયના આલાવાથી જાણવું.

**• સૂત્ર - ૨૫૭ થી ૨૬૦ -**

***(૨૫૭) સાધુ - સાધ્વી અગ્નિને જલાવવાની ઇચ્છા ન કરે, કેમકે તે બીજા શસ્ત્રોની અપેક્ષાએ તીક્ષ્ણ છે, ચોતરફથી દુરાશ્રય છે. (૨૫૮) તે અગ્નિ પૂર્વ - પશ્ચિમ - દક્ષિણ - ઉત્તર તથા ઉર્ધ્વ અને અધોબધિ દિશા તેમજ વિદિશામાં (બધાંને) બાળે છે. (૨૫૯) આ અગ્નિ પ્રાણીઓ માટે આઘાતપ્રદ છે, તેમાં કોઈ સંશય નથી, તેથી સંયમી પ્રકાશ અને તાપને માટે અગ્નિનો કિંચિત્ પણ આરંભ ન કરે. (૨૬૦) એ પ્રમાણે અગ્નિને દુર્ગતિવર્ધક દોષ જાણીને સાધુ જાવજ્જીવ અગ્નિકાય સમારંભને તજી દે.***

**• વિવેચન - ૨૫૭ થી ૨૬૦ -**

હવે નવમા સ્થાનની વિધિ કહે છે:- જાતતેજ - અગ્નિ, તે અગ્નિને મન વગેરેથી ન ઇચ્છે. પાપ - ઘણાં જીવોને અપકારીપણાથી અશુભ શું ન ઇચ્છે ? અગ્નિ પ્રગટાવવા કે વૃદ્ધિ કરવા. વિશેષ શું છે ? છેદ કરનારા બધાં શસ્ત્રો એક ધારવાળા તુલ્ય છે, અગ્નિ ચોતરફ ધારવાળું શસ્ત્ર છેતેથી જરાપણ આશ્રણીય નથી. આ જ વાત સ્પષ્ટ કરે છે - બધી જ દિશા - વિદિશામાં અગ્નિ બાળનારો થાય છે. એમ હોવાથી અગ્નિ સ્થાવર આદિને આઘાત હેતુ પણે હોવાથી આઘાતક જ છે, તેમાં સંશય નથી. તે કારણથી પ્રકાશ માટે કે શીતને દૂર કરવાને સાધુ કંઈ પણ સંઘટ્ટનાદિ ન આરંભે કેમકે તેથી સંયતત્વ દૂર થાય છે.

**• સૂત્ર - ૨૬૧ થી ૨૬૪ -**

***(૨૬૧) તીર્થંકરો વાયુના સમારંભને અગ્નિ સમારંભ તુલ્ય જ માને છે. આ સાવધ બહુલ છે. તેથી છ કાયના ત્રાતા સાધુ દ્વારા તે આસેવિત નથી. (૨૬૨) તેથી સાધુ તાલવૃંતથી, પત્રથી, વૃક્ષની શાખાથી હવા ખાવી (વાયુ કરવો) ન સ્વયં કલ્પે, ન કરાવવો કલ્પે. (૨૬૩) જે પણ વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ છે, તેના દ્વારા પણ વાયુની ઉદીરણા ન કરે. પરંતુ જયણાપૂર્વક વસ્ત્ર - પાત્રાદિ ઉપકરણને ધારણ કરે. (૨૬૪) તેથી વાયુનો દોષ દુર્ગતિવર્ધક જાણીને જીવન પર્યન્ત વાયુકાયના સમારંભનો ત્યાગ કરે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● વિવેચન - ૨૬૧ થી ૨૬૪ -

હવે દશમા સ્થાનની વિધિને આશ્રીને કહે છેઃ- અનિલ એટલે વાયુનો સમારંભ તાલવૃંતાદિથી કરવો, તેને તીર્થંકરો અગ્નિ સમારંભ સમાન જાણે છે. તે ઘણો પાપકારી હોવાથી સર્વકાળ તેને સુસાધુ ન આચરે, એમ બુદ્ધો કહે છે. વીંઝણા આદિ સ્વરૂપે - x - સાધુ સ્વયં હવા ખાવા ન ઇચ્છે, બીજા પાસે વીંઝણો ન નંખાવે, વીંજનારની અનુમોદના ન કરે. પોતાના ઉપકરણથી પણ વિરાધના ન કરે તે કહે છે - વસ્ત્રાદિ પૂર્વોક્ત ધર્મોપગરણથી પણ વાયુની ઉદીરણા ન કરે. કઈ રીતે ? અજ્યણાથી પડિલેહણાદિ ક્રિયા વડે. પણ પરિભોગ કે ધારણા પરિહારથી જયણા કરે. એમ હોવાથી સુસાધુ વાયુનો સમારંભ વર્જે. હવે ૧૧માં સ્થાનને આશ્રીને વિધિ કહે છે -

● સૂત્ર - ૨૬૫ થી ૨૭૦ -

***(૨૬૫ થી ૨૬૭) સુસમાહિત સંયમી મન-વચન-કાયાથી અર્થાત્ ત્રણ કરણ અને ત્રણ યોગથી વનસ્પતિકાયની હિંસા ન કરે. વનસ્પતિની હિંસા કરતો સાધુ, તેના આશ્રિત વિવિધ ચાક્ષુષ કે અચાક્ષુષ ત્રસ અને સ્થાવર પ્રાણીઓની હિંસા કરે છે. આને દુર્ગતિવર્ધક દોષ જાણીને સાધુગણ જાવજ્જીવ માટે વનસ્પતિકાયના સમારંભનો ત્યાગ કરે.***

***(૨૬૮ થી ૨૭૦) સુસમાહિત સાધુ ત્રસકાયિક જીવોની હિંસા ન કરે૦ ઇત્યાદિ સર્વ પાઠ વનસ્પતિકાયિક મુજબ જાણવો.***

● વિવેચન - ૨૬૫ થી ૨૭૦ -

વનસ્પતિ આદિ ત્રણ સૂત્રો વનસ્પતિના આલાવાથી જાણવો. તેનાથી ૧૧-મી સ્થાનવિધિ કહી. હવે ૧૨-મી સ્થાનવિધિ કહે છે- ત્રસકાય તે બેઇંદ્રિયાદિ રૂપ છે, આરંભ પ્રવૃત્તિથી તેની હિંસા ન કરે, મન-વચન-કાયાથી તેનું અહિત ચિંતન કરવા વડે, એ રીતે કરણ આદિ ત્રણ પ્રકારે સુસાધુ હિંસા ન કરે. તેમાં હિંસા દોષ કહે છેઃ- ત્રસકાયની આરંભ પ્રવૃત્તિ આદિ પ્રકારે હિંસા કરે, તો ત્રસને આશ્રીને રહેલા તેના સિવાયના બેઇંદ્રિય આદિ બીજા પ્રાણી અને પૃથ્વીકાયાદિ સ્થાવરોની હિંસા થાય છે આ પ્રમાણે દોષને દુર્ગતિ - સંસાર વધારનાર જાણીને જાવજ્જીવ ત્રસકાય આરંભનો ત્યાગ કરે.

● સૂત્ર - ૨૭૧ થી ૨૭૪ -

***(૨૭૧) જે આહાર આદિ ચાર પદાર્થ ઋષીઓને માટે અકલ્પ્ય છે, તેનું વિવર્જન કરતો સાધુ સંયમનું પાલન કરે. (૨૭૨) સાધુ - સાધ્વી અકલ્પનીય આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્રને ગ્રહણ કરવાની ઇચ્છા ન કરે, કલ્પનીય હોય તો ગ્રહણ કરે. (૨૭૩) જે સાધુ - સાધ્વી નિત્ય નિમંત્રણા કરીને દેવાતો, કીત, ઔદ્દેશિક અને આહૃત આહાર ગ્રહણ કરે છે, તે પ્રાણી વધને અનુમોદે છે. તેમ મહર્ષિએ કહેલ છે. (૨૭૪) તેથી***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***ધર્મજીવી સ્થિતાત્મા, નિર્ગ્રન્થ ક્રીતાદિ દોષયુક્ત અશન-પાન આદિનો ત્યાગ કરે.***

**● વિવેચન - ૨૭૧ થી ૨૭૪ -**

બારમી સ્થાનવિધિ કહી. છ કાયને પ્રતિપાદિત કર્યા. આના દ્વારા મૂલગુણો કહ્યા. હવે આની વૃત્તિભૂત ઉત્તરગુણનો અવસર છે. તે અકલ્પ આદિ છ ઉત્તર ગુણો છે. તેમાં અકલ્પ બે ભેદે છે - શિક્ષક સ્થાપના કલ્પ અને અકલ્પ સ્થાપના કલ્પ. તેમાં શિક્ષક સ્થાપના કલ્પ - તે પિંડનિર્યુક્તિ આદિ ન ભણેલા દ્વારા લવાયેલ આહારાદિ ન કલ્પે. - x - x - અકલ્પ સ્થાપના કલ્પ કહે છે:- જે ચાર સંયમકારીત્વથી સાધુને અકલ્પનીય છે, તે આહાર - શય્યા - વસ્ત્ર - પાત્ર, તેને તે વિધિપૂર્વક વર્જે, જો તે અયોગ્યનો ત્યાગ ન કરે તો સત્તર પ્રકારે સંયમ પાળી ન શકે. કેમકે તેના અત્યાગમાં સંયમનો અભાવ છે. આને જ સ્પષ્ટ કરે છે - આહારાદિ ચારે જો અકલ્પ્ય હોય તો તેને ગ્રહણ કરવા ન ઇચ્છે, કલ્પ્ય હોય તો ગ્રહણ કરે.

અકલ્પ્ય ગ્રહણમાં દોષ કહે છે - જે કોઈ દ્રવ્યલિંગધારી દ્રવ્ય સાધુ આદિ નિત્ય આમંત્રિત પિંડ ગ્રહણ કરે છે, તથા ક્રીત, ઔદ્દેશિક, આહૃત જેમ ક્ષુલ્લક આચાર કથામાં કહેલ છે, તેમ તે દ્રવ્ય સાધુ આદિ ત્રસ - સ્થાવર આદિના ઘાતને - દાતાની તેવી પ્રવૃત્તિને અનુમોદે છે. એ પ્રમાણે વર્ધમાન સ્વામીએ કહેલ છે. તેથી આવા અશનાદિ ચારે પણ જે ક્રીત આદિ દોષયુક્ત હોય તેને મહાસત્ત્વી, સંયમૈકજીવી સાધુ તજે છે.

**● સૂત્ર - ૨૭૫ થી ૨૭૭ -**

***(૨૭૫) કાંસામાં, કાંસ્ય પાત્રમાં, કુંડાકાર પાત્રમાં જે સાધુ અશન, પાન આદિ ખાય-પીએ છે, તે શ્રમણાચારથી પરિભ્રષ્ટ થઈ જાય છે. (૨૭૬) ગૃહસ્થ દ્વારા તે વાસણોને સચિત્ત જળથી ધોવામાં અને વાસણનું ધોયેલ પાણી ફેંકવામાં જે પ્રાણી નિહત થાય છે, તેમાં તીર્થંકરોએ અસંયમ જોયેલ છે. (૨૭૭) ગૃહસ્થના વાસણમાં ભોજન કરવાથી કદાચિત્ પશ્ચાત્કર્મ અને પુરઃ કર્મ દોષ સંભવે છે તેથી નિર્ગ્રન્થોને ગૃહસ્થના ભાજનમાં ભોજન કરવું ન કલ્પે.***

**● વિવેચન - ૨૭૫ થી ૨૭૭ -**

અકલ્પ કહ્યું, તેના અભિધાનથી તેરમાં સ્થાનની વિધિ કહી. હવે ચૌદમાં સ્થાનની વિધિ કહે છે:- કાંસાનો કટોરો આદિમાં તિલકાદિમાં, હાથીના પગના આકારના માટીના વાસણમાં અશન, પાનાદિ વાપરતો તે નિર્દોષ ગૌચરી હોય તો પણ સાધુતાથિ ભ્રષ્ટ થાય છે. કઈ રીતે ? અનંતર કહેલ પાત્રોમાં શ્રમણ ખાય, તો ગૃહસ્થ કાચા પાણીથી તેને ધુવે છે. તેથી સચિત્ત જળથી વાસણ ધોવામાં આરંભ થાય છે. કુંડા આદિમાં ધોયેલ જળના ત્યાગથી અપ્કાયાદિની હિંસાથી થાય છે. કેવળજ્ઞાનીએ જોયેલ છે કે ગૃહસ્થના પાત્રમાં ભોજન કરતા સાધુને અસંયમ થાય છે. વળી ગૃહસ્થનું વાસણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાપરતા પહેલાં કે પછી ગૃહસ્થ કાચું પાણી વાપરશે, તેથી - x - x - સાધુને તેનું વાસણ લેવું ન કલ્પે. તે જ કારણે તેવા વાસણમાં ગૌચરી ન કરે.

**• સૂત્ર - ૨૭૮ થી ૨૮૦ -**

***(૨૭૮) સાધુ અને સાધ્વીને માટે આસંદી, પલંગ, માંચા અને આસાલક ઉપર બેસવું કે સુવું અનાચરતિ છે. (૨૭૯) તીર્થંકર દેવો દ્વારા કથિત આચારનું પાલનકર્તા નિર્ગ્રન્થને બેસવું જ પડે તો પ્રતિલેખન કર્યા વિના આસંદી, પલંગ ઇત્યાદિ ઉપર બેસે કે સુવે નહીં. (૨૮૦) આ બધાં શયન, આસન ગંભીર છિદ્રવાળા હોય છે. તેમાં સૂક્ષ્મ પ્રાણીનું પ્રતિલેખન કરવું દુઃશક્ય હોય છે. તેથી આસંદી આદિ ઉપર બેસવું - સુવું વર્જિત છે.***

**• વિવેચન - ૨૭૮ થી ૨૮૦ -**

ગૃહસ્થના પાત્રમાં ભોજનથી થતાં દોષ કહ્યા, તેનાથી ચૌદમી સ્થાન વિધિ કહી. હવે પંદરમી સ્થાન વિધિ કહે છે - આસંદી આદિ પ્રસિદ્ધ છે. તેમાં આશાલક એટલે અવષ્ટંભયુક્ત આસન વિશેષ તે સાધુઓને અનાચરિત - ન સેવવા યોગ્ય છે. સાધુને તેમાં બેસવું, સૂવું ઇત્યાદિ ન કલ્પે. કેમકે તેમાં 'પોલાણ' હોય છે. તેનો અપવાદ કહે છે - निषधा - એક આદિ વસ્ત્રરૂપ છે. पीठक - નેતરની બનેલી. निर्ग्रन्थ - સાધુ. ચક્ષુ આદિ વડે પ્રત્યુપેક્ષિત ન હોય, તો બેસવું આદિ ક્રિયા ન કરે. કેવા નિર્ગ્રન્થો? તે કહે છે - તીર્થંકરે કહેલા અનુષ્ઠાનરત. અહીં અપડિલેહીત આસંદી આદિમાં બેસવા આદિનો નિષેધ કરવાથી ધર્મકથાદિમાં અને રાજકુળ આદિમાં પડિલેહણ કર્યા પછી બેસવું આદિની વિધિ કહી છે. તેમાંના દોષ કહે છે - અપ્રકાશવાળા સ્થાનમાં રહેલા પ્રાણીવાળા આસંદી આદિમાં તે જીવો દુષ્પ્રત્યુપેક્ષણીય થાય છે, બેસવા આદિથી તેમને પીડા થાય છે. તે કારણે સાધુઓ તેનો ત્યાગ કરે છે.

**• સૂત્ર - ૨૮૧ થી ૨૮૪ -**

***(૨૮૧) ભિક્ષાર્થે પ્રવેશેલ સાધુને (ગૃહસ્થને ઘેર) બેસવું સારું લાગે છે, તે આ પ્રકારના અનાચારને તથા અબોધિરૂપ ફળને પ્રાપ્ત થાય છે. (૨૮૨) ત્યાં બેસવાથી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવામાં વિપત્તિ, પ્રાણીના વધથી સંયમઘાત, ભિક્ષાચારોને અંતરાય અને ઘરનાને ક્રોધ ઉત્પન્ન થાય છે. (૨૮૩) વળી - બ્રહ્મચર્યની અગુપ્તિ થાય, સ્ત્રીઓ પ્રતિ પણ શંકા ઉપજે છે. તેથી આ કુશીલતા વધારનાર સ્થાનનો સાધુ દૂરથી જ ત્યાગ કરે, અપવાદે - (૨૮૪) વૃદ્ધત્વ ગ્રસ્ત, વ્યાધિથી પીડિત અને તપસ્વી એ ત્રણમાંથી કોઈને ગૃહસ્થના ઘેર બેસવું કલ્પે છે.***

**• વિવેચન - ૨૮૧ થી ૨૮૪ -**

પલ્યંક સ્થાન વિધિ કહી, તે કહેવાથી પંદરમું સ્થાન કહેવાયું હવે ૧૬-માં સ્થાનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રીને કહે છે - ભિક્ષાર્થે પ્રવેશેલ, જેને નિષધા કલ્પે છે, જે સાધુ ઘરમાં બેસવાનું આચરણ કરે છે. તે નિશ્ચે આવા કહેવાનાર લક્ષણ રૂપ અનાચારને પ્રાપ્ત કરે છે. મિથ્યાત્વરૂપ ફળ પામે છે.

હવે અનાચાર કહે છે - આજ્ઞા ખંડન દોષથી બ્રહ્મચર્યની વિપત્તિ થાય, સાધુના આચરણનો પ્રાણીના વધ થાય છે. કેમકે તેના સંબંધથી આધાકર્માદિકરણ થાય છે. વનીપકોને પ્રતિઘાત થાય. ગૃહસ્થ અને તેના સ્વજનોને સાધુને ક્રોધ થાય છે કે સ્ત્રી સાથે તેને સંબંધ શું છે ? તથા સ્ત્રીના ઇંદ્રિયાદિના અવલોકનથી સાધુને બ્રહ્મચર્યની અગુપ્તિ થાય. તેના વિકસ્વર નેત્રો જોઈને સ્ત્રીઓને તેના ઉપર શંકા થાય છે. ઉક્ત પ્રકારે અસંયમ વૃદ્ધિકારક થાય છે. તેથી આ અનાચારનો દૂરથી જ ત્યાગ કરવો.

સૂત્રમાં અપવાદ કહે છેઃ- ભિક્ષાર્થે પ્રવેશેલ સાધુને ઔચિત્ય થકી એક નિષધા કલ્પે છે, તેને તેના આસેવનમાં દોષ નથી. તો તે નિષધા કોને કલ્પે ? અત્યંત વૃદ્ધને, અતિ અશક્તને, વિકૃષ્ટ તપસ્વીને. આ ત્રણે ભિક્ષાટન કરતાં જ નથી. આ સૂત્ર આત્મલબ્ધિક સાધુનિ અપેક્ષાથી છે. તેમને પ્રાયઃ ઉક્ત દોષો સંભવતા નથી. તે ભિક્ષુકને અંતરાય ન કરે.

**● સૂત્ર - ૨૮૫ થી ૨૮૮ -**

***(૨૮૫) રોગી હોય કે નીરોગી, જે સાધુ સ્નાનને પ્રાર્થે છે, તેના આચારનું અતિક્રમણ થાય છે, તેના સંયમ શૂન્યરૂપ થઈ જાય છે. (૨૮૬) પોલી ભૂમિ અને ભૂમિની ફાટમાં સૂક્ષ્મ જીવો હોય છે. પ્રાસુક પાણીથી પણ સ્નાન કરનારો ભિક્ષુ તે જીવોને જળથી પ્લાવિત કરી દે છે. (૨૮૭) તેથી તે સાધુ - સાધ્વી શીતળ કે ઉષ્ણ જળથી સ્નાન ન કરે. તેઓ જાવજ્જીવ ઘોર અસ્નાન વ્રતમાં દૃઢતાથી સ્થિર રહે છે.***

***(૨૮૮) સંયમી સાધુ - સાધ્વી સ્નાન અથવા પોતાના શરીરનું ઉબટન કરવા માટે કલ્પ, લોધ્ર કે પદ્મરાગનો કદાપિ ઉપયોગ ન કરે.***

**● વિવેચન - ૨૮૫ થી ૨૮૮ -**

નિષધાસ્થાન વિધિ કહી. તે કહેવાથી ૧૬મું સ્થાન કહેવાયું. હવે ૧૭મું સ્થાન કહે છેઃ- વ્યાધિગ્રસ્ત કે રોગવિમુક્ત હોય, સ્નાન - અંગ પ્રક્ષાલનને પ્રાર્થે - સેવે. તેનાથી બાહ્યતપરૂપ આચારનું ઉલ્લંઘન થાય. અસ્નાન પરીષહને ન સહેવાથી પ્રાણિ રક્ષણાદિ સંયમનો પરિત્યાગ થાય છે. કેમકે અપ્કાય આદિની વિરાધના થાય.

પ્રાસુક જળથી સ્નાન કરવામાં કઈ રીતે સંયમનો ત્યાગ થાય ? તે કહે છે - પ્રત્યક્ષ દેખાતા સ્વરૂપવાળા સૂક્ષ્મ બેઇંદ્રિયાદિ પ્રાણી, પોલાણવાળી ભૂમિમાં કે તેવા પ્રકારની ફાટવાળી ભૂમિમાં સાધુના સ્નાનજળના ઢોળાવાની ક્રિયાથી પ્રાસુક જળથી પણ જીવો ભીંજાઈ જાય છે. તથા તેની વિરાધનાથી સંયમનો ત્યાગ થાય છે.

સૂત્રનો નિષ્કર્ષ કહે છેઃ- ઉક્ત દોષના પ્રસંગથી સાધુઓ સચિત્ત કે ઉષ્ણ જળથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્નાન ન કરે. તે સાધુ કેવા છે ? આજન્મ દુરનુચર સ્નાન વ્રતને આશ્રીને, તેના કર્તા હોવાથી. સ્નાન - પૂર્વોક્ત અથવા ચંદન કલ્કાદિ, ગંધદ્રવ્ય, કુંકુમકેસર, च શબ્દથી અન્ય આવા પ્રકારના ગાત્રના ઉદ્વર્તન નિમિત્તે કદાચિત્ પણ ન સેવે. જાવજ્જીવ એ પ્રમાણે ભાવસાધુ કહે.

● સૂત્ર - ૨૮૯ થી ૨૯૧ -

***(૨૮૯) નગ્ન, મુંડિત, દીર્ઘ વાળ અને નખોવાળા તથા મૈથુનથી ઉપશાંત સાધુને વિભૂષા કરવાનું શું પ્રયોજન ? (૨૯૦) વિભૂષા નિમિત્ત સાધુ - સાધ્વી ચીકણા કર્મ બાંધે છે, જેના કારણે તે દુસ્તર સંસાર સાગરમાં પડે છે. (૨૯૧) તીર્થંકર દેવો વિભૂષામાં સંલગ્ન ચિત્તને કર્મ બંધનનો હેતુ માને છે. આવું ચિત્ત સાવધ બહુલ છે. આ છકાયના ત્રાતા સાધુ - સાધ્વી દ્વારા આસેવિત નથી.***

● વિવેચન - ૨૮૯ થી ૨૯૧ -

અસ્નાન વિધિ કહી, તે કહેવાથી સત્તરમું સ્થાન કહ્યું. હવે અઢારમું શોભા વર્જન સ્થાન કહે છેઃ- "શોભામાં દોષ નથી૦" ઇત્યાદિ વચનથી, બીજાની આશંકા માટે કહે છે - નગ્ન - તુચ્છ વસ્ત્રવાળાને ઉપચારથી નગ્ન કહે છે. નિરુપચારિત નગ્ન કે જિન કલ્પિકને એટલે સામાન્યથી દ્રવ્યભાવથી મુંડને, બગલ આદિમાં લાંબા વાળવાળા, હાથ આદિના દીર્ઘ નખવાળા - x - x - x - મૈથુનથી ઉપશાંત થયેલ એવાને વિભૂષાથી શું કામ છે ? કંઈ નહીં. આ પ્રયોજનનો અભાવ જણાવીને તેના અપાયો કહે છે -

વિભૂષા નિમિત્તે સાધુ દારુણ કર્મ બાંધે છે. તે રૌદ્ર કર્મના કારણે સંસાર સાગરમાં પડે છે. કેવા ? અકુશલાનુબંધથી અત્યંત દીર્ઘ એવા. એ પ્રમાણે બાહ્ય વિભૂષાના અપાયો જણાવી સંકલ્પવિભૂષાના અપાયને કહે છે - મને આવી વિભૂષા પ્રાપ્ત થાય તેવું ચિત્તમાં થવું તીર્થંકરો તેને રૌદ્રકર્મબંધના હેતુભૂત અને ઘણું પાપકારી કહેલ છે. કુશલચિત્તપણાથી આત્મામાં આનંદ માનનારો સાધુ આર્ત્તધ્યાન કરાવનારું આ કૃત્ય કરતાં નથી.

● સૂત્ર - ૨૯૨, ૨૯૩

***વ્યામોહરહિત તત્ત્વદર્શી તથા તપ, સંયમ, આર્જવગુણમાં રત રહેનારા, તે પોતાના શરીરને ક્ષીણ કરી દે છે. પૂર્વકૃત્ પાપોનો ક્ષય કરે છે, અને નવા પાપ કરતા નથી. સદા ઉપશાંત, મમત્ત્વ રહિત, અકિંચન, અધ્યાત્મવિધાના અનુગામી, જગત્‌ના જીવોના ત્રાતા અને યશસ્વી છે, શરદઋતુના નિર્મળ ચંદ્રમાની સમાન સર્વથા વિમલ સાધુ સિદ્ધિને અથવા વૈમાનિકપણું પ્રાપ્ત કરે છે - તેમ હું કહું છું.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● વિવેચન - ૨૯૨ થી ૨૯૩ -

અઢારમું પદ કહ્યું, તે કહેતા ઉત્તરગુણો કહ્યા. હવે ઉક્ત ફળ પ્રદર્શનથી ઉપસંહાર કરતા કહે છે - તે તે ચિત્ત યોગથી આત્માને - શરીરને ક્ષીણ કરી દે છે. ઇત્યાદિ. કેવા જીવને ? યથાવત્ દર્શનવાળાને. તેને જ વિશેષથી કહે છે - અનશનાદિ લક્ષણ તપમાં રત. કેવા તપસ્વી ? જેને સંયમ અને આર્જવ ગુણો છે તેવા. - x - તેવા પોતાના પૂર્વકૃત્ પાપોને કંપાવી દે છે અને પ્રત્યગ્ર પાપોને તે સાધુ કરતા નથી. કેમકે તેઓ તેવા અપ્રમત્ત હોય છે. સદા ઉપશાંત અર્થાત્ સર્વકાળે ક્રોધરહિત. સર્વત્ર મમત્વ શૂન્ય, હિરણ્યાદિ મિથ્યાત્વદિ દ્રવ્યભાવ કિંચનતાથી વિમૂક્ત તે અકિંચન. સ્વવિદ્યા - પરલોકોપકારિણી કેવલ શ્રુતરૂપપણાથી સ્વ વિદ્યા વડે યુક્ત, શુદ્ધ પારલૌકિક યથવાળા, - x - ભાવમલ રહિત સાધુ સિદ્ધિને પામે અથવા કર્મો બાકી હોય તો સૌધર્માદિ વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ
અધ્યયન - ૬ - નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૭ - "વાક્યશુદ્ધિ" ❂

—— x —— x —— x —— x ——

૦હવે વાક્શુદ્ધિ નામે અધ્યયન કહે છે. તેનો આ સંબંધ છે - અહીં અનંતર અધ્યયનમાં ભિક્ષાર્થે પ્રવેશતા સાધુને સ્વ આચાર પૂછતા, તેનો જ્ઞાતા હોવા છતાં મહાજન સમક્ષ તેને વિસ્તારથી ન કહે, પણ ઉપાશ્રયમાં ગુરુ કહેશે તેમ કહેવું એ વાત જણાવી. અહીં બતાવશે કે ધર્મકથા કરનારે પહેલાં બોલતાં દોષ અને ગુણ શું થશે, તે જાણીને નિરવદ્ય વચન વડે ઉપદેશ આપવો. કહે છે કે - જે સાધુ સાવદ્ય કે નિરવદ્ય વચનનો ભેદ જાણતો નથી, તેને બોલવાની પણ આજ્ઞા નથી, તો ઉપદેશ ક્યાંથી આપે ? આ સંબંધે આ અધ્યયન આવેલ છે - x - તેમાં વાક્યશુદ્ધિ એ દ્વિપદ નામ છે, તેમાં "વાક્ય" નો નિક્ષેપ કરતા કહે છે -

**● નિર્યુક્તિ - ૨૭૦, ૨૭૧ - વિવેચન -**

નિક્ષેપ ચાર ભેદે - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી, વાક્ય વિષયક છે. તેમાં નામ અને સ્થાપના ગૌણ છે. દ્રવ્ય વાક્યમાં તદ્વ્યતિરિક્ત તે ભાષાદ્રવ્ય - બોલનારે ગ્રહણ કરેલ પણ ઉચ્ચારેલ નહીં તે ભાવવાક્ય - ભાષાદ્રવ્ય શબ્દ પણે પરિણત અને ઉચ્ચાર કરાતા છે. તે વાક્યના એકાર્થક નામો આ છે - વાક્ય, વચન, વાણી, સરસ્વતી, ભારતી, ગૌર્વાક્, ભાષા, પ્રજ્ઞાપની, દેશની વાગ્યોગ અને યોગ.

**● નિર્યુક્તિ - ૨૭૨, ૨૭૩ - વિવેચન -**

દ્રવ્ય ભાષા ત્રણ ભેદે છે - ગ્રહણમાં, નિસર્ગમાં, પરાઘાતમાં. ગ્રહણદ્રવ્ય ભાષા - કાય યોગથી ભાષાદ્રવ્યોનું ગ્રહણ નિસર્ગ૦ - તે જ ભાષા દ્રવ્યોનું વાક્યોગથી બહાર કાઢવું. પરાઘાત૦ - નિસૃષ્ટ ભાષા દ્રવ્યો વડે બીજાને તથા પરિણામ પમાડવા પ્રેરણા કરવાની ક્રિયા. આ ત્રણે ક્રિયા દ્રવ્યયોગના પ્રાધાન્યની વિવક્ષાથી દ્રવ્યભાષા કહેલી છે. ભાવભાષા ત્રણ ભેદે - દ્રવ્ય, શ્રુત, ચારિત્રમાં. તેમાં દ્રવ્યને આશ્રીને ઉપયુક્ત વડે બોલાય તે દ્રવ્યભાવ ભાષા. એ પ્રમાણે શ્રુતાદિમાં પણ કહેવું. આ ત્રણે પ્રકારની ભાષા બોલનારા દ્રવ્યભાવના પ્રધાનપણાની અપેક્ષાથી ભાવભાષા છે. અને તે ઓઘથી આરાધની છે. ચ શબ્દથી તે વિરાધના, ઉભય અને અનુભય છે. - x - x -

હવે 'આરાધની' આદિ ભેદ કહે છે -

પરલોકની પીડા ન થાય તે રીતે વસ્તુને કહે તે આરાધની ભાષા. તે દ્રવ્યવિષયા ભાવભાષા તે અત્ય ભાષા. દ્રવ્યથી કોઈ વિરાધની પણ સત્યભાષા હોઈ શકે. કેમકે પરપીડા સંરક્ષણ ફળ ભાવ આરાધના છે. મૃષા ભાષા વિરાધની છે. તે દ્રવ્યને અન્યથા કહેવું તે વિરાધના. મિશ્ર તે સત્યામૃષા ભાષા. અસત્યામૃષા તે ન આરાધની - ન વિરાધની. આ બધાનું સ્વરૂપ ઉદાહરણોથી સ્પષ્ટ થશે. તેમાં સત્યા ભાષા કહે છે -

**● નિર્યુક્તિ - ૨૭૪, ૨૭૫ - વિવેચન -**

સત્ય વાક્ય દશ પ્રકારે છે (૧) જનપદ સત્ય - વિવિધ દેશમાં બોલાતી ભાષા, ત્યાં તેવો વ્યવહાર ચાલતો હોવાથી તે - તે દેશ માટે તે જનપદ સત્ય છે. (૨) સંમત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્ય - કુમુદ, કુવલય, ઉત્પલ, તામરસ એ ચારે સમાન કાદવમાં ઉત્પન્ન થાય છે, છતાં અરવિંદને જ પંકજ કહે છે. (૩) સ્થાપના સત્ય - મુદ્રામાં કોતરાતા અક્ષરો, જેમકે આ સો રૂપિયાની નોટ છે. (૪) નામ સત્ય - જેમકે ધનને ન વધારતો છતાં 'ધનવર્દ્ધન' નામ હોય. (૫) રૂપસત્ય - ગુણ ન હોવા છતાં તેવું રૂપ હોય તે. (૬) પ્રતીત્ય સત્ય - અનામિકાનું દીર્ઘત્વ કે હૃસ્વત્વ - x - (૭) વ્યવહાર સત્ય -અનુદરા કન્યા, જેમ સુંદર કન્યા માટે અથવા ગર્ભ ન રહેતો હોય તેને કહે છે. (૮) ભાવ સત્ય - ધોળો બગલો, પાંચ વર્ણો છતાં શ્વેત વર્ણ મુખ્ય છે માટે (૯) યોગ સત્ય - છત્રના યોગથી છત્રી. (૧૦) ઔપમ્ય સત્ય - સમુદ્ર જેવું તળાવ.

હવે મૃષા વાક્ય કહે છે - (૧) ક્રોધ નિસૃતા - જેમ ક્રોધાભિભૂત પિતા કહે - તું મારો પુત્ર નથી. (૨) માન નિસૃતા - અભિમાનથી જૂઠું બોલે તે, (૩) માયા નિસૃતા - માયાથી અસત્ય (૪) લોભ નિસૃતા - વાણીયા, લેવા-વેચવાના ભાવ જૂદા બતાવે તે. (૫) પ્રેમ નિસૃતા - રાગથી કહે કે હું તારો દાસ છું (૬) દ્વેષ નિસૃતા - ઇર્ષ્યાથી જૂઠું બોલે (૭) હાસ્ય (૮) ભય (૯) કથા (૧૦) ઉપઘાત એ ચારે મૃષા ભાષા એ પ્રમાણે સમજી લેવી.

### • નિર્યુક્તિ - ૨૭૬ - વિવેચન -

હવે સત્યામૃષા અર્થાત્ મિશ્રા ભાષા કહે છે. (૧) ઉત્પન્ન મિશ્રા - જેમ કોઈ નગરમાં દશ બાળકો જન્મે, તેને ઓછા કે વધુ કહે. (૨) વિગત મિશ્રા - એ પ્રમાણે મરણને આશ્રીને પણ મિશ્ર ભાષા જાણવી. (૩) મિશ્રા સત્યામૃષા - જેમાં જન્મ - મરણ બંનેને આશ્રીને મિશ્રા ભાષા બોલાય. (૪) જીવ મિશ્રા - જીવતા અને મરેલા કૃમિ હોવા છતાં જીવતા છે તેમ કહેવું. (૫) અજીવ મિશ્રા - તે જ રીતે અજીવ વિષયક સત્યા મૃષા બોલે. (૬) જીવાજીવ મિશ્રા - જીવ અને અજીવ બંનેના વિષયમાં આવી મિશ્ર ભાષા બોલે. (૭) અનંત મિશ્રા - અનંત વિષયક જે સત્યામૃષા, જેમકે મૂળ, કંદ આદિનાં પાંદડામાં પ્રત્યેક વનસ્પતિના જીવો હોય તે બધાંને અનંતકાય કહેવાથી અનંત મિશ્ર. (૮) પરીત મિશ્રા - અનંત મિશ્રાની જેમ અહીં પ્રત્યેક કહે. (૯) અદ્ધામિશ્રા - કાળ વિષયક સત્યામૃષા, જેમકે રાત્રિના પહેલા પ્રહરે અડધી રાત થઈ ગઈ તેમ કહેવું. (૧૦) અદ્ધદ્ધ મિશ્રા - દિવસ અને રાત્રિનો એક ભાગ, તે સંબંધમાં મિશ્ર વાક્ય બોલવું તે૦ હવે અસત્યામૃષા ભાષા કહે છે -

### • નિર્યુક્તિ - ૨૭૭, ૨૭૮ - વિવેચન -

(૧) આમંત્રણી - હે દેવદત્ત ! તેમાં સાચુ કે જૂઠું કશું નથી. (૨) આજ્ઞાપની - આમ કરો. (૩) યાચની - ભિક્ષા આપો. (૪) પૃચ્છની - આમ કઈ રીતે ? (૫) પ્રજ્ઞાપની - હિંસા પ્રવૃત્ત દુઃખી થાય છે. (૬) પ્રત્યાખ્યાની - અદિત્સા ભાષા. (૭) ઇચ્છાનુલોમા - સહજ પ્રશ્નના ઉત્તરમાં 'હા' કહે. (૮) ભાષા.

અનભિગૃહીતા ભાષા - અર્થ વગરની ભાષા, જેમકે તુત્થ. અભિગૃહિતા ભાષા - અર્થયુક્ત ભાષા, જેમકે - ઘટ. સંશયકરણી ભાષા - અનેક અર્થ સાધારણ ભાષા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમકે - સેંધવ. વ્યાકૃતા - પ્રગટ ભાષા, જેમકે દેવદત્તનો ભાઈ. અવ્યાકૃતા - અપ્રગટ અર્થ વાળી, જેમકે - બાળકોની પીઠ થાબડે.

અસત્યામૃષા ભાષા કહી. હવે ઓઘથી આનો વિભાગ કહે છે -

**• નિર્યુક્તિ - ૨૭૯ થી ૨૮૧ - વિવેચન -**

સત્ય આદિ ભેદવાળી બધી ભાષા બે ભેદે છે - પર્યાપ્ત અને અપર્યાપ્ત એક પક્ષમાં સત્યા કે અસત્યા સ્થપાય તે પર્યાપ્તા, તે વ્યવહાર સાદની છે. તેથી વિપરીત તે અપર્યાપ્તા. જેમાં સત્યામૃષા અને અસત્યામૃષા ભાષા આવે, જે સ્વવિષયક વ્યવહાર સાદતી નથી. દ્રવ્યભાવ ભાષા કહી, હવે શ્રુતભાવ ભાષા કહે છે -

શ્રુતધર્મ વિષયક ભાવ ભાષા ત્રણ ભેદે છે - સત્યા, મૃષા અને અસત્યામૃષા. સમ્યગ્દૃષ્ટિ જ આગમમાં ઉપયુક્ત થઈ બોલે તે સત્ય. તે જ સમ્યગ્દૃષ્ટિ જીવ આગમમાં ઉપયોગ વિના પ્રમાદાદિથી જે કંઈ યુક્તિરહિત બોલે તે મૃષા ભાષા. - x - મિથ્યાદૃષ્ટિ પણ તે પ્રમાણે ઉપયુક્ત કે અનુપયુક્ત થઈને બોલે તે મૃષા જ છે. - x -

**• નિર્યુક્તિ - ૨૮૨, ૨૮૩ - વિવેચન -**

અસત્યામૃષા તે આગમની જે પરાવર્તના કરવી, તેની આમંત્રણી આદિ ભાષાના રૂપ પણે હોવાથી તે જ છે. પણ અવધિજ્ઞાન આદિ ત્રણમાં જે ઉપયોગ રાખતો બોલે તે અસત્યામૃષા જાણવી. કેમકે આમંત્રણી ભાષા માફક તેવા અધ્યવસાયમાં તેની પ્રવૃત્તિ છે. હવે ચારિત્ર વિષયક ભાષા કહે છે -

સત્યા અને મૃષામાં ચારિત્ર વિષયમાં બે જ ભાષાઓ જાણવી. ચારિત્ર પરિણામ વાળાને તેની વૃદ્ધિના નિબંધન રૂપ ભાષા તે દ્રવ્યથી અને બીજી ભાવમાં હોય છે. તે સત્ય ભાષા છે, કેમકે સજ્જનોનું હિત કરે છે. મૃષા તે ચારિત્ર રહિતની તેની વૃદ્ધિના નિબંધનરૂપ જાણવી૦ હવે શુદ્ધિ કહે છે -

**• નિર્યુક્તિ - ૨૮૪ થી ૨૮૮ -**

શુદ્ધિ ચાર પ્રકારે - નામશુદ્ધિ, સ્થાપનાશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ અને ભાવશુદ્ધિ. આ પ્રત્યેકની પ્રરૂપણા કરવી. તેમાં પહેલા બે છોડીને હવે દ્રવ્યશુદ્ધિ કહે છે - દ્રવ્યશુદ્ધિ ત્રણ ભેદે છે. તદ્દ્રવ્યશુદ્ધિ, આદેશ દ્રવ્યશુદ્ધિ અને પ્રાધાન્ય દ્રવ્યશુદ્ધિ. (૧) જે દ્રવ્ય બીજા દ્રવ્ય સાથે જોડાયા વિના શુદ્ધ થાય તે તદ્દ્રવ્યશુદ્ધિ. (૨) આદેશથી મિશ્ર થાય તે આદેશ દ્રવ્યશુદ્ધિ, બે ભેદે છે - અન્યત્વથી અને અનન્યત્વથી. અન્યત્વ - જેમકે શુદ્ધ વસ્ત્ર ધારી દેવદત્ત. અનન્યત્વ - જેમકે, શુદ્ધ દાંતવાળો દેવદત્ત. હવે પ્રાધાન્ય દ્રવ્યશુદ્ધિ કહે છે - વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં જે મનોજ્ઞતા એટલે કમનીયતા કે યથાભિપ્રાય અનુકૂળતા તે પ્રાધાન્ય શુદ્ધિ. જેમકે પ્રાયઃ સફેદ વર્ણ, મધુર રસ આદિ સૌને ગમે છે. - x - હવે ભાવશુદ્ધિ -

ભાવશુદ્ધિ પણ ત્રણ ભેદે છે - (૧) તે જ ભાવમાં તે તદ્ભાવશુદ્ધિ. આદેશથી તે આદેશ ભાવશુદ્ધિ, પ્રાધાન્યથી તે પ્રાધાન્ય ભાવશુદ્ધિ, તેમાં અનન્યભાવશુદ્ધિ તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદ્‌ભાવશુદ્ધિ - જેમાં બીજા ભાવની સહાય ન હોય. જેમકે ભૂખ્યાને અન્નનો અભિલાષ થાય. આદેશ મિશ્રા શુદ્ધિ તે અન્યાન્ય વિષયા છે. અહીં બે ભેદ છે - અન્યત્વ અને અનન્યત્વથી. - x - હવે પ્રધાનભાવશુદ્ધિ કહે છે -

દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ સંબંધી જે વિશુદ્ધિ તે પ્રાધાન્ય આદેશ છે. આ દર્શનાદિના આદિશ્યતામાં પ્રધાન, તે પ્રધાનભાવ શુદ્ધિ. દર્શનાદિમાં ક્ષાયિક જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ પ્રધાન ભાવશુદ્ધિ. આ ચારેના પ્રભાવે સાધુ કર્મમળથી વિશુદ્ધ થાય છે તેથી તેને પ્રધાન ભાવશુદ્ધિ કહે છે. તે વિશુદ્ધિ થતાં મુક્ત થાય છે. શુદ્ધિ કહી. ભાવશુદ્ધિ વડે અહીં અધિકાર છે, તે વાક્યશુદ્ધિથી થાય છે.

**● નિર્યુક્તિ - ૨૮૯ થી ૨૯૩ -**

જેનાથી વાક્ય શુદ્ધ બોલાય, તેનાથી સંયમની શુદ્ધિ થાય છે. શુદ્ધિ એટલે નિર્મળ થવું, પણ હિંસા અર્થ ન લેવો. આત્મામાં કલુષભાવ જે દુષ્ટ અભિસંધિરૂપ છે, તે ન લેવો. તે કારણે આ પ્રવચનમાં ભાવ શુદ્ધિનું નિમિત્ત વાક્યશુદ્ધિ છે, તેથી તેમાં પ્રવર્તન કરવું.

વચનવિભક્તિમાં કુશળ એટલે બોલવા યોગ્ય અને ન બોલવા યોગ્ય એ બે પ્રકારે જાણનારો, તે પ્રમાણે બોલીને સંયમમાં વર્તનારો અને અહિંસાપ્રવૃત્ત ચિત્તવાળો છે. તેણે - x - ખરાબ વાક્યનું જ્ઞાન મેળવવા પણ પ્રયત્ન કરવો, જેથી ખરાબ વચન બોલવાથી વિરાધના થાય તો પરલોકમાં પીડા થાય તે ખ્યાલ રહે. - x - x -

વચન વિભક્તિમાં અકુશળ એટલે આ બોલવું કે ન બોલવું તેનાથી અજાણ. તે ઉત્સર્ગાદિ ભેદથી અજાણ્યો, જો કંઈ ન બોલીને મૌન રહે, તો વાક્‌ગુપ્તિ ન પામે. તેથી વિપરીત વચન વિભક્તિનો જ્ઞાતા, ઉત્સર્ગાદિ ભેદ વચનને જાણનારો આખો દિવસ બોલવા છતાં સિદ્ધાંત વિધિથી બોલતો વાગ્‌ગુપ્ત જ છે. હવે વચન વિભક્તિમાં જે કુશળ છે, તેની ઓઘથી વચનવિધિ કહે છે -

વચન ઉચ્ચારણ કાલે બુદ્ધિ વડે વિચારીને પછી બોલે. જેથી મારું વચન કોઈને પીડાકારી ન થાઓ - x - બુદ્ધિને અનુસારીને વિચારીને બોલે૦ હવે સૂત્ર આલાપકનો અવસર છે. તેથી સૂત્ર કહે છે -

**● સૂત્ર - ૨૯૪ થી ૨૯૭ -**

***(૨૯૪) પ્રજ્ઞાવાન્‌ સાધુ ચારે ભાષાઓને બધાં પ્રકારે જાણીને બે ઉત્તમ ભાષાનો શુદ્ધ પ્રયોગ કરવો શીખે અને બે ભાષાઓ સર્વથા ન બોલે. (૨૯૫) જે ભાષા સત્ય પણ અવક્તવ્ય છે, જે સત્યામૃષા અને મૃષા છે તથા જે અસત્યા મૃષા છે પણ તીર્થંકર દેવો દ્વારા અનાચીર્ણ છે, તેને પણ પ્રજ્ઞાવાન સાધુ ન બોલે. (૨૯૬) જે અસત્યામૃષા અને સત્યભાષા અનવદ્ય, અકર્કશ અને અસંદિગ્ધ છે, તેને સમ્યક્‌ પ્રકારે વિચારીને બોલે. (૨૯૭) સત્યામૃષા ભાષા પણ ન બોલે, જેનો અર્થ આમ છે કે બીજો ? એ પ્રમાણે સંદિગ્ધ હોય.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● વિવેચન - ૨૯૪ થી ૨૯૭ -

ભાષા ચાર ભેદે જ છે. તેના સિવાયની કોઈ ભાષા નથી. સત્યાદિ ભાષાને બધાં પ્રકારોથી જાણીને બુદ્ધિમાન સાધુ સત્યા અને અસત્યામૃષા બે જ ભાષા બોલે. શુદ્ધ પ્રયોગમાં જેના વડે કર્મો ઓછાં થાય તે જ વિનય, એમ જાણી પહેલી બે ભાષા બોલે. પણ મૃષા કે સત્યામૃષા ભાષા સર્વથા ન બોલે. તે વિનયને જ કહે છે - જે સત્યા ભાષા છે, તે પદાર્થના તત્ત્વ અંગીકાર કરીને સાવધપણે હોય તે ન બોલવી. - x - સત્યામૃષા, જેમકે દશ બાળકો જન્મ્યા આદિ, મૃષા ભાષા સંપૂર્ણપણે અને જે તીર્થંકર ગણધરો વડે અનાચરિત અસત્યામૃષા ભાષા પણ અવિધિપૂર્વક સ્વરાદિ પ્રકારથી પ્રજ્ઞાવાન સાધુ ન બોલે.

ન બોલવા યોગ્ય ભાષા કહી, હવે બોલવા યોગ્ય ભાષા કહે છે - અસત્યામૃષા અને સત્યા ભાષા, તે પણ સાવધ અને કર્કશ હોઈ શકે, તેથી કહે છે - અપાય અને અતીશય ઉક્તિથી મત્સર રહિત સ્વપર ઉપકારી ભાષા બુદ્ધિથી વિચારીને, સંદેહ રહિત, વિના વિલંબે બીજા સમજે તેવી ભાષામાં પ્રજ્ઞાવાન્ સાધુ બોલે.

હવે સત્યા તથા અસત્યામૃષા ભાષાના પ્રતિષોધાર્થે કહે છે - - x - જે વચન વડે મોક્ષ, જે શાશ્વત છે, તેને નીચું પાડે એટલે સાધુને મોક્ષગુણ પામવા ન દે, તેવું કર્કશ અને સાવધ વાચન જે સત્યામૃષા છે, તે ન બોલે અને તે વચન સત્ય હોય તો પણ ન બોલે. (શંકા) સત્યામૃષાના નિષેધથી તેવી સત્યાભાષાનું સાવધત્વ પણ સમજાઈ જાય છે, તો અલગ કેમ કહ્યું ? મોક્ષ પીડા કર એવું સૂક્ષ્મ પણ અર્થને સ્વીકારીને કોઈપણ ભાષા ન બોલવી, તેવો અતિશય બતાવે છે.

● સૂત્ર - ૨૯૮ થી ૩૦૦ -

***(૨૯૮) જે મનુષ્ય સત્ય દેખાતી અસત્ય વસ્તુનો આશ્રય કરીને બોલે છે, તેનાથી પણ તે પાપથી સ્પૃષ્ટ થાય છે, તો જે મૃષા બોલે છે, તેના પાપનું કહેવું જ શું ? (૨૯૯) તેથી અમે જઈશું, અમે કહીશું, અમારું અમુક કામ અવશ્ય થશે, હું કરીશ કે આ તે અવશ્ય કરશે. (૩૦૦) આ અને આવી બીજી ભાષાઓ જે ત્રણે કાળ સંબંધમાં શંકિત હોય તેને ધૈર્યવાન્ સાધુ ન બોલે.***

● વિવેચન - ૨૯૮ થી ૩૦૦ -

હવે મૃષાભાષા સંરક્ષણાર્થે કહે છેઃ- અતથ્ય વસ્તુ મૂર્તિ રૂપે બોલે અર્થાત્ પુરુષ વેશમાં રહેલ સ્ત્રી, પુરુષની ભાષા બોલતી હોય, ત્યારે કોઈ જ્ઞાતા કહે કે આ સ્ત્રી ગાય છે કે આવે છે. આવું બોલનારને બોલવાના સમયે જ જૂઠ બોલવાનું પાપ બંધાઈ જાય છે. તો જાણીને જીવોપઘાતકારી ભાષા બોલનારને કેટલો દોષ લાગે ? તે અમૂર્ત વસ્તુ અંગીકાર કરીને બોલતો પણ બંધાય છે. જેમકે - અમે કાલે અહીંથી જઈશું જ૦ ઇત્યાદિ - x - જે ભાષા - x - ભાવિષ્યકાળ વિષયક હોય, તેમાં અંતર્મુહૂર્તાદિ ઘણાં વિઘ્ન પણે છે તેથી તે ભાષા ત્રણે કાળમાં શંકાવાળી છે. - x - x - એ પ્રમાણે જે આવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકિતા ભાષા છે, તેનો પણ ધીર પુરુષ ત્યાગ કરે. કેમકે જો ખોટું પડે તો જૂઠનો દોષ લાગે અને વિઘ્ન થતાં ન જવાય તો ગૃહસ્થો નિંદા કરે. તેથી સાધુએ અવસર મુજબ જ બોલવું.

**● સૂત્ર - ૩૦૧ થી ૩૦૩ -**

***(૩૦૧) અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી જે અર્થને ન જાણતો હોય, તે વિષયમાં "આ એ પ્રકારે છે" તેમ ન બોલે. (૩૦૨) અથવા જેના વિષયમાં શંકા હોય ત્યાં "આ એ પ્રકારે છે" તેમ ન કહે. (૩૦૩) પરંતુ ત્રણે કાળ સંબંધી જે અર્થ નિઃશંકિત હોય, તેના વિષયમાં "આ એ પ્રકારે છે" એવો નિર્દેશ કરે.***

**● વિવેચન - ૩૦૧ થી ૩૦૩ -**

સૂત્રાર્થ કહેલ જ છે. વિશેષ વૃત્તિ આ પ્રમાણે - अतीते - ભૂતકાળમાં, प्रत्युत्पन्ने - વર્તમાન કાળમાં, अनागते - ભાવિ કાળમાં. જે અર્થને પોતે બરાબર ન જાણે, તે ન બોલે. આનાથી અજ્ઞાત ભાષણનો પ્રતિષેધ કર્યો. શંકાવાળી વાતમાં પણ નિશ્ચયાત્મક ન બોલે. આના વડે શંકિત ભાષણનો પ્રતિષેધ કર્યો. જો નિઃશંકિત હોય તો અનવધ વચન બોલે.

બીજા આચાર્ય કહે છે - તેમાં પરિમિત વાચાનો નિર્દેશ છે.

**● સૂત્ર - ૩૦૪ થી ૩૧૩ -**

***(૩૦૪ થી ૩૦૬) તે પ્રમાણે જે ભાષા કઠોર હોય, ઘણાં પ્રાણીનો ઘાત કરનારી હોય, તે સત્ય હોય તો પણ ન બોલવી, તેનાથી પાપકર્મનો બંધ થાય છે. એ પ્રમાણે કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી, ચોરને ચોર ન કહે. ઉક્ત અર્થથી કે બીજા એવા અર્થથી કોઈ પ્રાણી પીડિત થાય છે, તે અર્થને આચાર સંબંધી ભાવદોષને જાણનાર પ્રજ્ઞાવાન સાધુ કદાપિ ન બોલે.***

***(૩૦૭) એ પ્રમાણે જ પ્રજ્ઞાવાન સાધુ રે ગોલ ! રે હોલ ! ઓ કુતરા! હે ભિખારી ! ઇત્યાદિ ન બોલે. (૩૦૮ થી ૩૧૦) સ્ત્રીને હે દાદી ! હે નાની ! હે માં ! હે માસી ! હે પુત્રી ! એમ ન બોલાવે. તથા હે હાલા ! હે હલે ! હે અન્ને ! હે ભટ્ટે ! હે ગોલે! એવા શબ્દોથી પણ ન બોલાવે. પરંતુ યથાયોગ્ય ગુણ, દોષ, વય આદિનો વિચાર કરીને એકવાર કે વારંવાર તેણીને તેના નામ કે ગોત્રથી આમંત્રિત કરે.***

***(૩૧૧ થી ૩૧૩) પુરુષને હે દાદા ! હે નાના ! હે પરદાદા! હે પિતા! હે કાકા ! હે મામા! ઇત્યાદિ નામોથી કે હે હલ ! હે અન્ન ! હે ભટ્ટ ! હે સ્વામી ! હે હોલ ! હે ગોલ! હે વૃષલ ! એવા શબ્દોથી આમંત્રિત ન કરે. પરંતુ યથાયોગ્ય ગુણ, દોષ, વય આદિનો વિચાર કરી એકવાર કે વારંવાર તેમના નામ કે ગોત્રથી બોલાવે.***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● **વિવેચન - ૩૦૪ થી ૩૧૩ -**

તે પ્રમાણે જ નિષ્ઠુર, ભાવ સ્નેહરહિત, મહાભૂતોપઘાતવતી ભાષા ન બોલે. જેમ કોઈ કુળપુત્રને કહેવું કે તું દાસ છો. એ પ્રમાણે બહારથી સત્ય દેખાતી, તેવા ભાવવાળી ભાષા ન બોલવી કે જે ભાષાથી અકુશલ બંધ થાય છે. તે પ્રમાણે કાણાને કાણો ઇત્યાદિ ન કહેવો. કેમકે તેનાથી અપ્રીતિ, લજ્જાનાશ, સ્થિર રોગબુદ્ધિ આદિ વિરાધનાદિ દોષ સંભવે છે. એ પ્રમાણે બીજું કંઈપણ બોલતા તે બીજો દુઃખ પામે. તેવા કોઈપણ પ્રકારે બીજાનું મન દુઃખાતું હોય તો આચારભાવના દોષને જાણનારો, મર્યાદાવર્તી સાધુ ન બોલે. તે પ્રમાણે હોલ, ગોલ ઇત્યાદિ ભાષા પણ પ્રજ્ઞાવાન્ સાધુ ન બોલે. આ હોલાદિ શબ્દો તે - તે દેશ પ્રસિદ્ધ નૈષ્ઠુર્યાદિ વાચક શબ્દો હોવાથી તેનો પ્રતિષેધ કર્યો.

એ પ્રમાણે સ્ત્રી - પુરુષનો સામાન્યથી ભાષણ પ્રતિષેધ કરીને હવે સ્ત્રીને આશ્રીને કહે છેઃ- હે આર્યિકા, હે અંબા ઇત્યાદિ આ આમંત્રણ વચનો છે, બાકી સૂત્રાર્થમાં કહ્યું છે. વળી હે હલે ! હે ભટ્ટે ! તથા હે ગોલે ! આ બધાં વિવિધ દેશની અપેક્ષાથી આમંત્રણ વચનો છે, જે ખુશામતના કે તોછડાઈના વચનો છે. તેથી સ્ત્રીઓને આવા શબ્દોથી આમંત્રવી નહીં. એ રીતે બોલાવતા તેણીને પ્રેમ કે દ્વેષ થાય અને પ્રવચનની લાઘવતા થાય છે. જો તેમ ન બોલાવે, તો કેમ બોલાવે ? કારણ વશાત્ તેણીને નામથી બોલાવે. નામ ન આવડે તો ગોત્રથી બોલાવે. વય, દેશ, ઐશ્વર્યાદિ અપેક્ષાથી ગુણ - દોષ વિચારીને બોલાવે. - x - x - અથવા લોકોપઘાત ન થાય, તેમ બોલાવે. સ્ત્રીને આશ્રીને આલાપના કહી, હવે પુરુષને આશ્રીને કેમ બોલાવે ? તે કહે છે -

હે આર્યક ! હે પ્રાર્યક ! ઇત્યાદિ, ભાવાર્થ સ્ત્રીઓની માફક જ જાણવો. હે હલ! હે ભર્તા ! હે ગોલ ! ઇત્યાદિ સંબોધન વડે પુરુષને ન બોલાવે. અહીં પણ ભાવાર્થ આદિ પૂર્વવત્ જાણવું.

● **સૂત્ર - ૩૧૪ થી ૩૧૮ -**

***(૩૧૪ થી ૩૧૬) પંચેન્દ્રિય પ્રાણી જ્યાં સુધી તે માદા છે કે નર, તે નિશ્ચયથી ન જાણે, ત્યાં સુધી તેને 'જાતિ' થી ઓળખાવે. એ પ્રમાણે મનુષ્ય, પશુ-પક્ષી કે સર્પાદિને જોઈને આ સ્થૂળ છે કે બહુ જાડો છે, વધ્ય છે કે પાક્ય છે એ પ્રમાણે ન બોલે. પ્રયોજનથી બોલવું પડે તો તેને પરિવૃદ્ધ, ઉપચિત, સંજાત, પ્રીણિત, મહાકાય ઇત્યાદિ કહે. (૩૧૭, ૩૧૮) એ પ્રમાણે પ્રજ્ઞાવાન મુનિ -આ ગાય મહાકાય યોગ્ય છે, વાછડા નાથવા યોગ્ય કે વાહ્ય છે, રથ યોગ્ય છે. એ પ્રમાણે ન બોલે. બોલવું જ પડે તો આ યુવાન બળદ છે. આ દૂધ દેનારી છે કે આ લઘુ કે મોટો કે સંવહન બળદ છે, એ પ્રમાણે બોલે.***

● **વિવેચન - ૩૧૪ થી ૩૧૮ -**

હવે પંચેન્દ્રિય તિર્યંચને આશ્રીને બોલવાની વિધિ કહે છે - ગાય આદિ પ્રાણીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગમાં રહેલ જોઈને આ ગાય જ છે, બળદ નથી, એમ વિશેષથી જાણ્યા વિના ન બોલે. માર્ગમાં પ્રશ્નાદિ પ્રયોજન ઉત્પન્ન થતાં જાતિને આશ્રીને બોલે. જેમકે ગોરૂપ જાતિ આદિ. અન્યથા વિપરીત લિંગે બોલાતા મૃષાવાદનો દોષ લાગે. ગોવાળને પણ દ્વેષ થાય. અહીં આક્ષેપ - પરિહાર કહે છે -

(શંકા) જો લિંગભેદથી દોષ લાગે તો પૃથ્વી વગેરે નપુંસક હોવા છતાં કેમ પુરુષ કે સ્ત્રી નિર્દેશ પ્રવર્તે છે. જેમકે પત્થર, માટી, કરક, જ્વાલા, મુર્મુર, કૃમિ, જળો, કીડી, ભ્રમર ઇત્યાદિ ? આચાર્ય કહે છે - જનપદ સત્ય અને વ્યવહાર સત્યથી એમ કહેવામાં દોષ નથી. પરંતુ પંચેન્દ્રિયોમાં આ વાત સ્વીકાર્ય નથી. ગોવાળ આદિ પણ આ ભેદો જાણે છે, તેની વિપરીત બોલવાથી તેમને સાધુ પ્રત્યે અપ્રીતિ જન્મે છે.

તે પ્રમાણે મનુષ્યમાં વૃદ્ધ આદિ હોય, પશુમાં બકરો, પક્ષીમાં હંસ આદિ, સરિસૃપાદિમાં, આ અત્યંત માંસલ છે, પ્રકર્ષથી મેદવાળા છે. વધ યોગ્ય કે પકાવવા યોગ્ય છે. ઇત્યાદિ ન બોલે, તેનાથી અપ્રીતિ, અવ્યાપત્તિ, આશંકાદિ દોષ થાય છે. કારણ ઉત્પન્ન થાય તો આમ બોલે - આ શરીરે સ્થૂળ છે ઇત્યાદિ - x - x - બોલે. પણ અન્ય ભાષાનો ત્યાગ કરે.

તે પ્રમાણે ગાયોને દોહવાનો સમય થયો છે, ગોધલા નાથવા યોગ્ય છે, રથમાં જોડવા યોગ્ય છે, ઇત્યાદિ ભાષા ન બોલે. કેમકે તેથી અધિકરણ અને લાઘવ આદિ દોષ લાગે. કારણે બોલવું જ પડે તો - આ ગોધો યુવાન છે, કે નાનો છે અથવા ગાય રસદા છે ઇત્યાદિ સૂત્રાર્થમાં કહ્યા પ્રમાણે બોલે.

● **સૂત્ર - ૩૧૯ થી ૩૨૮ -**

***(૩૧૯ થી ૩૨૨) આ પ્રકારે ઉધાનમાં, પર્વતો પર, વનોમાં જઈને મોટા વૃક્ષોને જોઈને પ્રજ્ઞાવાન સાધુ આમ ન બોલે કે આ વૃક્ષ પ્રાસાદ, સ્તંભ, તોરણ, ઘર, પરિઘ, અર્ગલા, નૌકા, જલકુંડી યોગ્ય છે. પીઠ, કાષ્ઠપત્ર, હળ, મયિક, યંત્રયષ્ટિ, ગાડીના પૈડાની નાભિ કે ગંડિકા માટે આ કાષ્ઠ ઉપયુક્ત થઈ શકે છે, તેમ ન બોલે. આસન, શયન, યાન અને ઉપાશ્રય માટે ઉપયુક્ત કોઈ કાષ્ઠ છે - એવી ભૂતોપઘાતી ભાષા પ્રજ્ઞાસંપન્ન સાધુ ન બોલે.***

***(૩૨૩, ૩૨૪) કારણવશ ઉધાન, પર્વત કે વનોમાં હોય તો તે પ્રજ્ઞાવાન સાધુ ત્યાંના મોટા વૃક્ષ જોઈને એમ બોલે કે - આ વૃક્ષો ઉત્તમ જાતિના, દીર્ઘ, ગોળ, મહાલય, શાખા અને પ્રશાખાવાળા, દર્શનીય કહે.***

***(૩૨૫, ૩૨૬) તથા આ ફળ પરિપક્વ થયા છે, પકાવીને ખાદ્ય છે, એ પ્રમાણે સાધુ - સાધ્વી ન બોલે. તથા આ ફળ કાલોચિત છે, તેમાં ગોટલી બંધાણી નથી, આ બે ટુકડા કરવા યોગ્ય છે, આ પ્રમાણે પણ ન બોલે. બોલવું જ પડે તો આ વૃક્ષ ફલોનો ભાર સહન કરવા અસમર્થ છે, બહુ નિર્વર્તિત ફળવાળા છે, બહુ સંભૂત કે ભૂતરૂપ છે, એમ બોલે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૩૨૭, ૩૨૮) એ પ્રમાણે આ ધાન્ય - ઔષધિ પાકી ગઈ છે, લીલી કે છાલવાળી છે, કાપવા કે ભુંજવા કે સેકીને ખાવા યોગ્ય છે, તેમ ન કહે. જો પ્રયોજનવશ બોલવું જ પડે તો આ ઔષધિઓ અંકુરિત, પ્રાયઃ નિષ્પન્ન, સ્થિરીભૂત, ઉપઘાતથી પાર થઈ છે, કર્ણ ગર્ભમાં છે કે બહાર નીકળેલ છે. અથવા પરિપક્વ બીજવાળા થયા છે, તેમ બોલે.***

**• વિવેચન - ૩૧૯ થી ૩૨૮ -**

સૂત્રાર્થ કહેલ જ છે. અહીં માત્ર વિશેષ વૃત્તિ જ નોંધીએ છીએ - ઉદ્યાન - જનક્રીડા સ્થાન, મહત્ - મોટા પ્રમાણવાળા, પ્રજ્ઞાવાન - સાધુ. અલં - (આ વૃક્ષો) પર્યાપ્ત છે. કોના માટે ? પ્રાસાદાદિ બનાવવા માટે. અહીં એક સ્તંભવાળો તે પ્રાસાદ. સ્તંભ તે થાંભલો. તોરણ - નગરના તોરણ, ગૃહ - કુટિર. પરિઘ - નગરના દ્વારમાં, અર્ગલા - ગોપુરકના પાટાદિનો આગળીયો. ઉદકદ્રોણી - અરહટ્ટની જલધારિકા - x - ચંગબેર - કાષ્ઠપાત્રી, નંગલ - હળ. મયિક - વાવેલ બીજોનું આચ્છાદન. નાભિ - શકી, રથ કે ગંડિકાના ચક્રનો મધ્યભાગ. ગંડિકા - સોનીની અધિકરણી કે સ્થાપની. આસન - આસંદક, શયન - પલ્યંકાદિ. યાન - યુગ્ય આદિ, ઉપાશ્રય - વસતિ કે દ્વાર પાત્રાદિમાં આ વૃક્ષો યોગ્ય છે. આવી સત્વોને પીડાકારી ભાષા પ્રજ્ઞાવાન સાધુ ન બોલે. તેનાથી તે વનસ્વામી વ્યંતરાદિ કોપ પામે, વૃક્ષ છેદનની અનુમોદનાનું પાપ લાગે, સાધુઓને બોલવાનું ભાન નથી તેમ કહે.

અહીં વિધિ કહે છે - સૂત્રાર્થમાં કહ્યા મુજબ પૂર્વવત્ બોલે જાતિમંત - ઉત્તમ જાતિના અશોકાદિ, દીર્ઘ - નાળિયેરી આદિ, વૃત્ત - નંદિ વૃક્ષાદિ, મહાલય - વડ આદિ. પ્રજાત શાખા - ઉત્પન્ન ડાળોવાળા વિટપિન - પ્રશાખાવાળા કે દર્શનીય કહે. એ પણ પ્રયોજન હોય, ત્યાં વિશ્રાંતિ લેવા બેઠો હોય તે સાધુએ, બીજા કોઈને માર્ગ બતાવવા કહેવું પડે ત્યારે બોલે, તે સિવાય નહીં.

હવે ફળને આશ્રીને સૂત્ર કહે છેઃ- ફલ - આમ્રફળ, પક્વ - પાકેલા, પાકખાદ્ય - ગોટલી બંધાયેલ, ખાડા નાંખીને કોદરા કે પરાળ નાંખીને પકાવીને ખાવા યોગ્ય. ઇત્યાદિ ન બોલે. અતિશય પાકથી ગ્રહણ કાળીને યોગ્ય છે, અસ્થિ બંધાયા નથી - કોમળ છે, પેશી વગેરે બે ફાડચાં કરવા યોગ્ય છે. ઇત્યાદિ ન બોલે. તેમાં ફળનો નાશ થવો કે ગૃહસ્થ તેમાં વધુ મહેનત કરે કે સાધુને અનુમોદનાનું પાપ લાગે ઇત્યાદિ દોષ લાગે.

જો બોલવાનું પ્રયોજન હોય તો એમ કહે કે - અતિ ભારથી આ વૃક્ષો ફળોને ધારણ કરવા સમર્થ નથી, ઇત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. વિશેષ એ કે - બહુ નિર્વર્તિત એટલે જેના ઠળીયા બંધાયા છે તેવા ફળો. આના વડે પાકીને ખાવા યોગ્ય છે તેમ કહ્યું. બહુ સંભૂત - અતિશય પાકેલા હોવાથી ગ્રહણ કરવા યોગ્ય છે. આના વડે 'વેળા' નો ઉચિતાર્થ કહ્યો. ભૂતરૂપ - અબદ્ધ ઠળીયાવાળા અર્થાત્ કોમળ ફળ રૂપ, આના વડે ટાલાદિ અર્થ કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔષધિ - શાલિ આદિ રૂપ, નીલાચ્છવ્ય: થી વાલ, ચોળા આદિ ફળ લક્ષણ કહ્યા. તેને લણવા યોગ્ય આદિ કહેવામાં પૂર્વવત્ દોષો થાય છે. પ્રયોજન કે માર્ગ દેખાડવાદિમાં આ પ્રમાણે કહે - રૂઢ એટલે ઉગેલા, બહુસંભૂત - નિષ્પન્નપ્રાય, સ્થિર - નિષ્પન્ન, ઉત્સૃત - ઉપઘાતથી નીકળેલ, ગર્ભિત - શીર્ષ ન નીકળેલ, પ્રસૂત - શીર્ષ નીકળેલ ઇત્યાદિ બોલે -

● સૂત્ર - ૩૨૯, ૩૩૦ -

***એ પ્રમાણે સાધુ સંખડી - જમણવાર અને કૃત્ય - મૃતભોજન જણીને આ કરણીય છે, ચોર વધ્ય છે, નદી તરવા યોગ્ય છે કે ઘાટવાળી છે એવું ન બોલે.જો પ્રયોજનવશ બોલવું પડે તો - સંખડીને સંખડી કહે, ચોરને પ્રણિતાર્થ, તીર્થ - ઘાટ ઘણાં સમ છે, એ પ્રમાણે વિચારને બોલે.***

● વિવેચન - ૩૨૯, ૩૩૦ -

વચન વિધિના પ્રતિષેધ અધિકારમાં અનુવર્તતું આ બીજું કહે છે - સંખડિ - જેમાં જીવોનું આયુ નાશ પામે છે તે. કરણીય - પિતૃ આદિ માટે કરવું, આવું ન બોલે. આમ બોલતા મિથ્યાત્વ વૃદ્ધિ થાય છે. ચોર વધ્ય છે, એમ ન કહે, તેથી અનુમતિને કારણે નિશ્ચયાદિ દોષ લાગે. આપગા એટલે નદી. એવી ભાષા બોલવાથી, અધિકરણ વિઘાતાદિ દોષ લાગે. કારણે એ પ્રમાણે બોલે કે - સંખડી એ સંકીર્ણ જમણવાર છે. ઇત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

● સૂત્ર - ૩૩૧ થી ૩૩૩ -

***આ નદીઓ જળથી પૂર્ણ ભરેલી છે, શરીરથી તરવા યોગ્ય છે, નૌકા દ્વારા પાર થઈ શકે છે, પ્રાણીઓ કિનારે બેસી સુખેથી તેનું પાણી પી શકે છે - એ પ્રમાણે ન બોલે. પણ પ્રયોજનવશ બોલવું પડે તો પ્રાય: જળથી ભરેલી, અગાધ, ઘણી નદીઓના પ્રવાહને હટાવનારી, ઘણાં વિસ્તૃત જળવાળી છે. એ પ્રમાણે પ્રજ્ઞાવાન ભિક્ષુ બોલે.***

***એ પ્રમાણે સાવધ વ્યાપાર બીજાને માટે કરાયેલ હોય કે કરાતો હોય કે કરાશે, એ પ્રમાણે જાણી મુનિ સાવધ વચન ન બોલે.***

● વિવેચન - ૩૩૧ થી ૩૩૩ -

વાગ્વિધિનો પ્રતિષેધ અધિકાર જ કહે છે:- નદી પૂર્ણ ભરેલી ન કહેવી, કેમકે તેથી તેમાં ઉતરતા માણસો પાછા ઘેર જશે. કાયતરણીયા - શરીર તરણ યોગ્યા, એમ ન કહે કેમકે સાધુ વચનને માંગલિક સમજી, લોકો તેમાં પ્રવર્તશે, નાવથી ઉતરવા યોગ્ય છે, એવું ન બોલે, કેમકે તેથી બીજી રીતે જવામાં વિઘ્ન થશે, તેમ સમજીને તેમાં પ્રવર્તશે. તેવું જ પાણી પી શકાય તેવો કિનારો બોલવામાં જાણવું. પ્રયોજન હોય તો સાધુ શું બોલે ? ઘણી ભરેલી નદી ઇત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. વિસ્તીર્ણોદક - પોતાના તટને પલાળવામાં પ્રવૃત્ત જળવાળી. ઇત્યાદિ ભાષા સાધુ બોલે. કેમકે આવેલો કોઈ કંઈ પૂછે, ત્યારે "હું નથી જાણતો" તેમ કહે, તો પ્રત્યક્ષ મૃષાવાદીત્વથી ગૃહસ્થને દ્વેષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ થાય. વાગ્વિધિ પ્રતિષેધ અધિકારથી જ આ કહે છે - સાવધ વ્યાપારનું વચન પારકાને માટે ત્રણે કાળ સંબંધી, જાણીને ન બોલે.

● સૂત્ર - ૩૩૪, ૩૩૫ -

***કોઈ સાવધકાર્ય થઈ રહેલ હોય તો તેને જોઈને - સારું કર્યુ, સારું પકાવ્યું, સારું છેદ્યુ, સારું હરાયું, સારું થયું - મર્યો, સુનિષ્ઠિત, સુલષ્ટિત ઇત્યાદિ સાવધ વચનો મુનિ ન બોલે. પણ બોલવું પડે તો - પ્રયત્નથી પકાવેલ છે, છેદેલ છે, કાપેલ છે, એ પ્રમાણે બોલે. શૃંગારાદિ કર્મબંધ હેતુક કન્યા સૌંદર્ય જોઈને એમ કહે કે - પ્રયત્નપૂર્વક લાલનપાલન કરાયેલ છે, તથા આ પ્રહાર ગાઢ છે, એવા નિર્દોષ વચન બોલે.***

● વિવેચન - ૩૩૪ થી ૩૩૫ -

ત્યાં રહીને આ પ્રમાણે ન બોલે - સભાની બાંધણી સારી છે. સહસ્રપાકાદિ સુષ્ઠુ પક્વ છે. વનાદિ સારી રીતે છેદ્યા છે, ક્ષુદ્રનું ધન સારી રીતે હરાયુ છે, દુશ્મન મર્યો તે ઠીક થયું, અભિમાનીનું ધન ઠીક વપરાયું, કન્યા બહુ સુંદર છે, ઇત્યાદિ સાવધ વચનને મુનિ વર્જે. કેમકે તેમાં અનુમતિ આદિ દોષ લાગે. નિરવધ વચન ન વર્જે. આણે સારી વૈયાવચ્ચ કરેલ છે. સારું બ્રહ્મચર્ય પાળેલ છે, સારી રીતે સ્નેહબંધન છેદ્યુ છે, આ શૈક્ષનું ઉપકરણ ઉપસર્ગમાં ગયું તે ઠીક, પંડિત મરણથી સાધુ મર્યા તે સારું છે. અપ્રમત્તપણે મુનિપણું પાળી કર્મનો અંત કર્યો તે સારું છે. આ મુનિની ક્રિયા ઘણી સુંદર છે ઇત્યાદિ. હવે આની અપવાદ વિધિ કહે છે -

ગૃહસ્થે પાપ કરીને બનાવેલ વસ્તુમાં મુનિ મૌન રહે. પણ અપવાદે બોલવું પડે તો, જેમકે - બિમાર માટે ઓસડ લાવવા જરૂર કહે કે પ્રયત્નથી સારું પકાવેલ છે - x - વન પ્રયત્નથી છેદાયુ છે, જેથી સાધુને લીલું ઘાસ આદિ ન નડે. આ સુંદર કન્યાએ પ્રયત્નથી દીક્ષા લીધી છે.- x -

● સૂત્ર - ૩૩૬ થી ૩૩૯ -

***(૩૩૬) આ વસ્તુ સર્વોત્કૃષ્ટ છે, બહુમૂલ્ય છે, અતુલ છે, આના જેવી બીજી કોઈ વસ્તુ નથી. આ વસ્તુ અવિક્રેય છે, અવર્ણનીય છે, અપ્રીતિકર છે ઇત્યાદિ વચનો ન બોલે. (૩૩૭) હું તમારો બધો સંદેશો અવશ્ય કહી દઈશ. અથવા તમે તેને આ બધો સંદેશો આપજો, એમ ન બોલે. પરંતુ પૂર્વાપર વિચારીને બોલે, જેથી કર્મબંધ ન થાય. (૩૩૮) સારું થયું - ખરીદ્યુ, સારું થયું વેચ્યું, આ ખરીદવા યોગ્ય નથી, આ ખરીદવા યોગ્ય છે. આ વસ્તુ લઈલો, આ વેંચી દો આવા વ્યવસાયિક વચનો ન બોલે. (૩૩૯) અલ્પમૂલ્ય કે બહુમૂલ્ય વસ્તુ ખરીદવા કે વેચવાના વિષયમાં પૂછે તો પ્રસંગ ઉપસ્થિત થતાં સાધુ - સાધ્વી નિરવધ વચન બોલે.***

● વિવેચન - ૩૩૬ થી ૩૩૯ -

ક્યારેક વ્યવહારના સંબંધમાં કોઈ પૂછે કે ન પૂછે તો પણ આ પ્રમાણે ન બોલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- આ વસ્તુ સ્વભાવથી સુંદર છે, મોંઘુ છે, આવી વસ્તુ બીજે ક્યાંય નહીં મળે, આ અસંસ્કૃત છે, બીજે પણ આ મળે જ છે. આના અનંતગુણ છે, અપ્રીતિકર છે, ઇત્યાદિ ન બોલે તેથી અધિકરણ અને અંતરાયાદિ દોષ લાગે છે. વળી - કોઈએ કોઈને સંદેશો મોકલ્યો કે તારે આ બધું કહેવું ત્યારે હા, હું કહીશ, એમ ન બોલે. કેમકે તે પ્રમાણે જ સ્વર - વ્યંજનાદિ કહેવા અશક્ય છે. એ રીતે બીજાને સંદેશો આપવાનો હોય ત્યારે પણ ન બોલે કે - હા હું કહીશ. અસંભવ હોવાથી મૃષાવાદનો દોષ લાગે. તેથી દરેક સ્થાને મુનિએ વિચારણા કરીને બધાં કાર્યમાં જેનો જેટલો સંભવ અને શક્ય હોય તે જ બોલવું.

કોઈકે કંઈક ખરીધુ જોઈને, સારી ખરીદી કરી તેમ ન બોલે. એ રીતે કોઈ કંઈ વેચે તો તે જોઈને સારું વેચ્યુ એમ પણ ન બોલે. અથવા આ ખરીદવા યોગ્ય છે અથવા ખરીદવા યોગ્ય નથી એમ પણ ન કહે. આ ગોળ વગેરે ખરીદ, આગામી કાળે મોંઘા થશે એમ ન બોલે. ઘી આદિ આગામી કાળે મોંઘા થશે એમ કહીને વેપાર સંબંધી વચન મુનિ ન બોલે. તેનાથી અપ્રીતિ અને અધિકરણાદિ દોષ લાગે.

હવે અહીં વિધિ કહે છે - અલ્પમૂલ્યમાં કે બહુમૂલ્યમાં, ખરીદમાં કે વેચાણમાં, વ્યાપારના કારણે કોઈ કંઈ પૂછે તો નિરવધ વચન બોલે અથવા અમને આ સંબંધે બોલવાનો અધિકાર નથી તેમ કહે.

**● સૂત્ર - ૩૪૦ થી ૩૪૨ -**

***(૩૪૦) એ પ્રમાણે ધીર અને પ્રજ્ઞાવાન સાધુ, અસંયમીને બેસ, આવ, આમ કર, સૂઈ જા, ઉભો રહે, ચાલ્યો જા - એવું ન કહે.***

***(૩૪૧, ૩૪૨) આ ઘણાં અસાધુ લોકમાં સાધુ કહેવાય છે. પરંતુ નિર્ગ્રન્થો અસાધુને - "આ સાધુ છે" એમ ન કહે. સાધુને જ "આ સાધુ છે" એમ કહે. જ્ઞાન અને દર્શનથી સંપન્ન તથા સંયમ અને તપમાં રત એવા સદ્ગુણોથી સમાયુક્ત સંયમીને જ સાધુ કહે.***

**● વિવેચન - ૩૪૦ થી ૩૪૨ -**

તે પ્રમાણે જ અસંયમ - અર્થાત્ ગૃહસ્થને ધીર - સંયત - અહીં જ બેસો, અહીં આવો, આ સંચયાદિ કરો, નિદ્રા વડે સુવો, ઉભા રહો, બહારગામ જાઓ. - પ્રજ્ઞાવાન સાધુ આ પ્રમાણે ને બોલે.

ઘણા આ ઉપલભ્યમાન સ્વરૂપવાળા આજીવક આદિ અસાધુ, નિર્વાણ સાધક યોગને આશ્રીને પ્રાણી મૃષાવાદનો પ્રસંગ આવે. પણ સાધુને જ સાધુ કહેવા. તેને સાધુ ન કહેવા તેમ નહીં. કેમકે ઉપબૃંહણા અતિચારના દોષનો સંભવ થાય. કેવા સાધુને - સાધુ કહે ? સંયમમાં સમૃદ્ધ, તપમાં યથાશક્તિ રત અને ગુણ સંયુક્ત સંયતને સાધુ કહે. પણ દ્રવ્ય લિંગધારીને સાધુ ન કહેવા.

**● સૂત્ર - ૩૪૩ થી ૩૪૭ -**

***(૩૪૩) દેવો, મનુષ્યો કે તિર્યંચોનો પરસ્પર સંગ્રામ થાય ત્યારે***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***અમુકનો વિજય થાય કે અમુકનો વિજય ન થાય - એમ ન બોલે. (૩૪૪) વાયુ, વૃષ્ટિ, શરદી, ગરમી, ક્ષેમ, સુભિક્ષ અથવા શિવ, એ ક્યારે થશે ? અથવા તે ન થાઓ, એમ ન બોલે. (૩૪૫) મેઘ, આકાશ કે મનુષ્યને "આ દેવ છે - આ દેવ છે", એવી ભાષા ન બોલે. આ મેઘ ચડેલો છે કે ઉન્નત છે, આ મેઘમાલા વરસી પડી છે, એમ ન બોલે. (૩૪૬) સાધુ નભ અને મેઘને અંતરિક્ષ તથા ગુહ્યાનુચરિત એમ કહે. તથા ઋદ્ધિમાન મનુષ્યને જોઈને - "આ ઋદ્ધિશાળી છે" એવું કહે.***

***(૩૪૭) એ પ્રમાણે - જે ભાષા સાવધનું અનુમોદન કરનારી હોય, જે નિશ્ચયકારિણી તથા પરોપઘાતકારિણી હોય, તેને ક્રોધ - લોભ - ભય કે હાસ્યવશ પણ સાધુ - સાધ્વી ન બોલે.***

**● વિવેચન - ૩૪૩ થી ૩૪૭ -**

દેવ અને અસુરો, નરેન્દ્રાદિ, મહિષાદિ તિર્યંચોના સંગ્રામમાં અમુક દેવાદિનો જય થાઓ કે ન થાઓ - એમ ન કહે. તેમાં અધિકરણ અને સ્વામી આદિને દ્વેષ થાય છે. મલય - મારુતાદિ વાયુ. વર્ષા, રાજાના વિગ્રહ શૂન્ય, સુભિક્ષ, ઉપસર્ગ રહિત આદિ ક્યારે થશે કે નહીં થાય, તે ધર્માદિ અભિભૂત સાધુ ન બોલે. મૃષાવાદનો દોષ લાગે. ઇત્યાદિ - x - તે પ્રમાણે મેઘ કે આકાશ કે માનવને આશ્રીને "દેવ-દેવ" એમ ન કહે. મેઘને ઉન્નત જોઈને "ઉન્નત દેવ" એમ ન કહે. આકાશાદિને પણ દેવ ન કહે, કેમકે તેથી મિથ્યાવાદ, લાઘવતાદિ દોષ લાગે. તો કઈ રીતે બોલે ? ઉન્નત જોઈને સંમૂર્છિત, ઉન્નત કે પયોદ એમ કહે અથવા 'બલાહક વૃષ્ટ' એમ કહે.

હવે 'નભ'ને આશ્રીને કહે છે - તેને અંતરિક્ષ કહેવું અથવા મેઘને ગુહ્યાનુચરિત અર્થાત્ સુરસેવિત કહે. સંપત્તિવાન મનુષ્યને જોઈને શું ? તે કહે છે - 'આ ઋદ્ધિમાન છે' એમ બોલે. વ્યવહારથી મૃષાવાદાદિના પરિહારાર્થે તેમ કહે. તે પ્રમાણે સાવધ અનુમોદિની વાણી ન બોલે, જેમકે - "સારું થયું કે ગામ નાશ પામ્યું" આમ જ - એવી નિશ્ચયા કે સંશયકારી, પરોપઘાતિની ભાષા ન બોલે. એ પ્રમાણે ક્રોધથી, લોભથી આદિ ન બોલે, અહીં માન-માયા, રાગાદિ પણ સમજી લેવા. સાધુ હસતા હસતા પણ વાણી ન બોલે, કેમકે તેથી ઘણો કર્મ બંધ થાય.

**● સૂત્ર - ૩૪૮ થી ૩૫૦ -**

***(૩૪૮) જે મુનિ શ્રેષ્ઠ વચનશુદ્ધિનું સમ્યક્ સંપ્રેક્ષણ કરીને દોષયુક્ત ભાષાને સર્વદા સર્વથા છોડી દે તથા પરિમિત અને દોષ રહિત વચન પૂર્વાપર વિચારને બોલે છે, તે સત્પુરુષો મધ્યે પ્રશંસાય છે.***

***(૩૪૯) છ જીવનિકાય પ્રતિ સંયત તથા શ્રામણ્યભાવમાં સદા યત્નશીલ પ્રબુદ્ધ સાધુ ભાષાના દોષ અને ગુણોને જાણીને, તથા દોષયુક્ત સુસમાહિત છે. ચાર કષાયથી જે રહિત છે, અનિશ્રિત છે, તે પૂર્વકૃત્ પાપ-મલનો નાશ કરીને ઉભયલોકનો આરાધક થાય, તેમ હું કહું છું.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● **વિવેચન - ૩૪૮ થી ૩૫૦ -**

વાક્યશુદ્ધિનું ફળ કહે છે - સદ્વાક્ય શુદ્ધિ કે સ્વવાક્યશુદ્ધિને રાખીને સાધુ બોલે અને યથોક્ત લક્ષણા દુષ્ટ વાણીનો ત્યાગ કરે. સ્વર અને પરિમાણથી મિત, દેશ કાળથી અદુષ્ટ અને વિચારીને બોલે તો સાધુની મધ્યે પ્રશંસા પામે છે. તેથી ઉક્ત લક્ષણા દોષો અને ગુણોને યથાવત્ જાણીને તે દુષ્ટ ભાષાનો સદા પરિવર્જક થઈ, છ જીવનિકાયમાં સંયત થઈ, શ્રમણ ભાવમાં ચારિત્ર પરિણામમાં પ્રવૃત્તિ કરે. સર્વકાળ ઉદ્યુક્ત રહે, એ રીતે બોલે જે પરિણામે સુંદર અને મનોહારી હોય.

હવે ઉપસંહાર કરતા કહે છે - વિચારીને બોલનાર તથા સુપ્રણિહિત ઇંદ્રિય, ક્રોધાદિ નિરોધકર્તા, દ્રવ્યભાવથી નિશ્રા રહિત અર્થાત્ પ્રતિબંધ વિમુક્ત એવો તે પાપમાલ - જન્માંતરકૃત કર્મોને દૂર કરીને મનુષ્યલોકમાં વાણીસંયમથી માન પામે છે, પરલોકનો આરાધક થાય છે, અનંતર કે પરંપર ભવે મોક્ષ પામે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન - ૭ - નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૮ - "આચારપ્રણિધિ" ❂

—— x —— x —— x —— x ——

૦વાક્યશુદ્ધિ અધ્યયન કહ્યું. હવે 'આચારપ્રણિધિ' કહે છે. તેનો સંબંધ છે - અનંતર અધ્યયનમાં સાધુએ વચનના ગુણ - દોષ જાણીને નિર્દોષ વચન બોલવું એમ કહ્યું. અહીં તે નિરવધ વચન આચારમાં પ્રણિહિતને હોય છે, તેમાં યત્નવાન્ થવું જોઈએ એમ કહે છે. કહ્યું છે કે - પ્રણિધાન રહિત નિરવધ વચન પણ સાવધતુલ્ય જાણવું, આત્મામાં રહીને જે બોલે તે જ સંવૃત્ત વચન છે. આ સંબંધે આ અધ્યયન આવેલ છે. - x - 'આચાર પ્રણિધિ' એ દ્વિપદ નામ છે. આચારનો અતિદેશ કરી પ્રણિધિ કહે છે -

● નિર્યુક્તિ - ૨૯૪ - વિવેચન -

જે પૂર્વે ક્ષુલ્લિકાચાર કથામાં કહેલ આચાર જ ઓછો - વત્તો કર્યા વિના જ અહીં કહેવો. નામ - સ્થાપનાને છોડીને હવે પ્રણિધિ કહે છે. તે બે ભેદે છે - દ્રવ્ય વિષયક અને ભાવ વિષયક. તેમાં દ્રવ્યપ્રણિધિ -

● નિર્યુક્તિ - ૨૯૫ થી ૨૯૯ - વિવેચન -

દ્રવ્ય વિષયક પ્રણિધિ તે નિધાનાદિ જમીનમાં દાટ્યા હોય તે આદિ શબ્દ ભેદ સૂચક છે. માયા પ્રયુક્ત આ દ્રવ્યો તે દ્રવ્ય પ્રણિધિ. જેમકે પુરુષ સ્ત્રીના વેશે પ્રલાયનાદિ કરે તે. ભાવપ્રણિધિ બે ભેદે - ઇંદ્રિય પ્રણિધિ અને નોઇંદ્રિય પ્રણિધિ. ઇંદ્રિય પ્રણિધિ બે ભેદે - પ્રશસ્ત અને નોપ્રશસ્ત.

પ્રશસ્ત ઇંદ્રિય પ્રણિધિ - શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ, આ ઇંદ્રિયોના ઇષ્ટ - અનિષ્ટ વિષયોમાં ચક્ષુ આદિ ઇંદ્રિયો રાગ કે દ્વેષ ન કરી માધ્યસ્થ લક્ષણ રહે તે પ્રશસ્ત ઇંદ્રિય પ્રણિધિ છે. અન્યથા અપ્રશસ્ત છે. તેમાં દોષ કહે છે - શ્રોત્રેન્દ્રિય રજ્જ વડે, સાંકળ વડે બાંધે, તેમ શબ્દ ગૃદ્ધ જીવ શબ્દગુણ સમુત્થિત દોષને અનુપયુક્ત થઈને ગ્રહણ કરે. તેથી વધ, બંધાદિ પામે છે. હવે બાકીની ઇંદ્રિયોનો અતિદેશ કરીને કહે છે -

જેમ આ શબ્દ વિષયક શ્રોત્રેન્દ્રિયને આશ્રીને દોષ કહ્યો, એ જ ક્રમ ચક્ષુ આદિ ચારે ઇંદ્રિયો વડે દોષ કહેવો. તેને માટે દૃષ્ટાંત કહે છે - જે સાધુને ઇંદ્રિયો દુષ્પ્રણિહિત હોય, તો તેનું કરેલું તપ મોક્ષમાં ન લઈ જતાં ઉલટે માર્ગે લઈ જાય છે. જેમ અસ્વવશ અશ્વો વડે સારથી અને રથને લઈ જાય છે. ઇંદ્રિય પ્રણિધિ કહી.

હવે નોઇંદ્રિય પ્રણિધિ કહે છે -

● નિર્યુક્તિ - ૩૦૦ થી ૩૦૪ -

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારનું સ્વરૂપ અનંતાનુબંધી આદિ ભેદથી પૂર્વવત્ છે એ ચાર મહાભય સમાન છે. કેમકે સમ્યગ્ દર્શનાદિ પ્રતિબંધરૂપ છે. ઉદયના નિરોધ વડે જે શુદ્ધાત્મા નો રોધ કરે છે, તેનાથી આત્માનું મન સાથે એકપણું અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુશળ પરિણામ થવાથી તે નોઇંદ્રિય પ્રણિધિ કહેવાય છે. તેનો નિરોધ ન કરવાથી આ દોષો થાય છે -

જે કોઈ વ્યવહાર તપસ્વીને ક્રોધાદિ અનિરુદ્ધ છે તે તપ કરતા બાલતપસ્વી સમાન તે ઉપવાસનું પારણું કરતાં ઘણો આરંભ કરનાર જીવ છે, તે ગજસ્નાનવત્ પરિશ્રમ કરે છે. તે ઉપવાસ, છટ્ઠ આદિ નિમિત્તે ક્રોધાદિ કરીને ઘણો કર્મબંધ કરે છે.

આ જ અર્થને સ્પષ્ટતર કરે છે - દ્રવ્યથી શ્રમણભાવને પાળે છે, જેના ક્રોધાદિ કષાયો ઉત્કટ છે, તેનું શ્રામણ્ય શેરડીના ફૂલની જેમ નિષ્ફળ છે, કેમકે તેને નિર્જરા થતી નથી.

ઉપસંહાર કરતા કહે છે - અનંતરોક્ત ઇંદ્રિય - નોઇંદ્રિય બંને પ્રણિધિ નિર્દોષ હોય છે, જો - x - બાહ્ય અને અભ્યંતર ચેષ્ટાવાળા તેના ઇંદ્રિય અને કષાયો તેના કબ્જામાં હોય, તો શુદ્ધ પ્રણિધિ છે. અન્યથા અશુદ્ધ પ્રણિધિ જાણવી. એમાં પણ તત્વ દૃષ્ટિએ અભ્યંતર ચેષ્ટા વધુ જરૂરી છે, તેથી તે વધુ પ્રશસ્ત છે. અપ્રશસ્તવાળા અધ્યવસાયથી ઉદ્ગત હોય તે પ્રણિધિ અચારુ છે - સુંદર નથી. તે જ કહે છે -

માયા સ્થાન યુક્ત, ઋદ્ધયાદિ ગારવ યુક્ત, ઇંદ્રિય - નોઇંદ્રિયનો નિગ્રહ કરે છે તો તે અપ્રશસ્ત છે. કેમકે માયાથી ઇર્ષ્યાદિને પડિલે હે, દ્રવ્ય ક્ષાંત્યાદિથી આસેવન, ઋદ્ધયાદિનો ગારવ કરે તે અપ્રશસ્ત જ ઇંદ્રિય - નોઇંદ્રિયનો નિગ્રહ કરે છે. - x -

હવે પ્રશસ્તાપ્રશસ્ત પ્રણિધિના ગુણ દોષ -

**• નિર્યુક્તિ - ૩૦૫ થી ૩૦૯ -**

જ્ઞાનાવરણીયાદિ ભેદથી કર્મરજને બાંધે છે, જે અપ્રશસ્ત પ્રણિધિમાં રહેલ છે, તે જ આઠ પ્રકારની કર્મરજને ખપાવે છે, જે પ્રશસ્ત પ્રણિધિ યુક્ત હોય છે. સંયમાદિને માટે પ્રણિધિ પ્રયોજવી જોઈએ તે કહે છે - દર્શન, જ્ઞાન, ચારિત્ર જેમાં છે તે સંપૂર્ણ સંયમ છે. તે સાધવા પ્રશસ્ત પ્રણિધિ યોજવી, તથા તેનાથી વિરુદ્ધ સ્થાનોને વર્જવા જોઈએ. જો તેમ ન કરે તો આ દોષો લાગે - દિક્ષા લઈ સુપ્રણિધિ ન રાખે તો સંયમને ન જાણતો સંયત સંયમને વિરાધે છે. જેમ ભાન વિનાનો, નિસૃષ્ટ અંગવાળો યત્ન ન કરતો કાંટાવાળા માર્ગે જાય અને પડીને દુઃખ પામે છે, તેમ આ સંયત નાશ પામે છે. તેથી ઉલટું સુપ્રણિહિત સાધુ આશ્રવદ્ધારને સંવૃત્ત કરીને કર્મબંધાદિથી લિપ્ત થતો નથી. તપ પ્રણિધિ વડે પૂર્વના કર્મોને પણ બાળે છે. જેમ અગ્નિ શુષ્ક તૃણોને બાળે છે. એ રીતે અપ્રશસ્ત પ્રણિધિ દુઃખદ અને પ્રશસ્ત પ્રણિધિ સુખદ છે. તેથી અપ્રશસ્તનો ત્યાગ કરીને સાધુ પ્રશસ્ત પ્રણિધિમાં યત્ન કરે. આચારપ્રણિધિ કહી. હવે સૂત્ર આલાવાનો અવસર છે - x - x - તેથી સૂત્ર કહે છે -

**• સૂત્ર - ૩૫૧ -**

***આચાર પ્રણિધિને પામીને ભિક્ષુએ જે પ્રકારે જે કરવું જોઈએ તે પ્રકારે હું તમને કહીશ, તે તમે અનુક્રમથી મારી પાસેથી સાંભળો.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● વિવેચન - ૩૫૧ -

સૂત્રાર્થ કહેલ છે. વિશેષ એ કે ગૌતમાદિને બોલાવીને કહે છે.

● સૂત્ર - ૩૫૨ થી ૩૬૨ -

***(૩૫૨, ૩૫૩) પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ તથા તૃણ, વૃક્ષ, બીજ અને ત્રસ પ્રાણીને જીવ છે, એમ મહર્ષિ મહાવીરે કહેલ છે. તેમના પ્રતિ મન, વચન, કાયાથી સદા અહિંસામય વ્યાપારપૂર્વક રહેવું જોઈએ. એ પ્રમાણે તે સંયત થાય છે. (૩૫૪) સુસમાહિત સંયમી ત્રણ કરણ અને ત્રણ યોગથી પૃથ્વી, ભિત્તિ, શિલા, માટી, ઢેફાનું ભેદન કે સંલેખન ન કરે.***

***(૩૫૫) સંયમી સાધુ શુદ્ધ પૃથ્વી અને સચિત રજ સંસૃષ્ટ આસને ન બેસે અથવા અવગ્રહ યાચીને, પ્રમાર્જીને ત્યાં બેસે. (૩૫૬) સંયમી સાધુ જળ, વર્ષાજળ અને હીમનું સેવન ન કરે. તપ્ત પ્રાસુક ઉષ્ણ જળને જ ગ્રહણ કરે. (૩૫૭) સચિત્ત જળથી ભીંજાયેલ પોતાના શરીરને ન લુંછે, ન મસળે, તથાભૂત શરીરને જોઈને તેનો સ્પર્શ ન કરે.***

***(૩૫૮) સાધુ અંગારા, અગ્નિ, જ્વાલા, ચિનગારી આદિને ન સળગાવે, ન હલાવે કે ન બુઝાવે. (૩૫૯) તાલવૃંત્ત, પાંદડા, વૃક્ષની શાખા કે સામાન્ય પંખાથી પોતાના શરીરને કે બાહ્ય પુદ્ગલને પણ હવા ન કરે. (૩૬૦, ૩૬૧) તૃણ, વૃક્ષ, ફળ, મૂળને છેદે નહીં, વિવિધ પ્રકારના સચિત્ત બીજોને મનથી પણ ઇચ્છા ન કરે. વનકુંજોમાં બીજો, હરિત, પાણી, ઉત્તિંગ અને પનક ઉપર ઉભો ન રહે.***

***(૩૬૨) મુનિ વચન કે કર્મથી ત્રણ પ્રાણીની હિંસા ન કરે. સર્વે જીવોની હિંસાથી અટકેલો સાધુ વિવિધ સ્વરૂપવાળા જગત્‌ને જુએ.***

● વિવેચન - ૩૫૨ થી ૩૬૨ -

પૃથ્વી આદિ પાંચે એકેન્દ્રિય કાર્યો પૂર્વવત ત્રસ પ્રાણી તે બેઇંદ્રિય જીવો છે, તેમ ભગવંતે કે ગણધરે કહેલ છે. તેથી પૃથ્વી આદિના અહિંસા વ્યાપારથી સાધુએ નિત્ય રહેવું, મન - વચન - કાયાથી એ પ્રમાણે વર્તનારો સંયત અહિંસક થાય છે, અન્યથા થતો નથી. એ પ્રમાણે સામાન્યથી છજીવનિકાયની અહિંસાથી સંયતત્વ કહી વિશેષથી કહે છે -

શુદ્ધ પૃથ્વી, કિનારાની માટી, પાષાણ શિલા, ઢેફાને ભેદે નહીં કે ખોતરે નહીં. ભેદ - બે ટુકડા કરવા, સંલેખના - કંઈક ખોતરવું. મન, વચન, કાયાથી સુસમાહિત સાધુ આવી હિંસા ન કરે. તથા શસ્ત્ર વડે અચિત્ત ન થયેલ પૃથ્વી ઉપર આંતરા વિના ન બેસે. તથા ઘણી ધૂળ ભેગી થઈ હોય તેવી પીઢિકા ઉપર ન બેસે, ન સુવે. અચેતન પૃથ્વી આદિ હોય તો રજોહરણથી પ્રમાર્જીને બેસે, પણ પહેલાં તેની અનુજ્ઞા લે.

હવે અપ્કાય વિધિ કહે છે - પૃથ્વીથી ઉદ્‌ભવેલ સચિત જળ ન વાપરે. તથા કરા, વર્ષા, હીમને પણ ન સેવે. તો કઈ રીતે વર્તે ? ઉકાળેલ પાણી, ત્રણ ઉકાળાનું હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવું, માત્ર ઉષ્ણોદક નહીં, તેવા પાણીને ગ્રહણ કરે. ઉપલક્ષણથી ધોવાણનું પાણી અચિત હોય તો યાચીને લે. તથા નદીને ઉતરતા કે ભિક્ષાર્થે નીકળેલ સાધુ વરસાદથી ભીંજાયેલા શરીરવાળો કે સ્નિગ્ધ થાય, તો વસ્ત્ર કે તૃણાદિથી શરીર લુંછે નહીં. પરંતુ કાયાને ઉદકાર્દ્રાદિ રૂપ જોઈને મુનિ કંઈપણ ન સ્પર્શે.

હવે તેઉકાય વિધિ કહે છે - જ્વાલા રહિત અગ્નિ, લોહપિંડ ગત અગ્નિ, છિન્ન જ્વાલા, ઉલ્કા, ચીનગારીને સાધુ પ્રદીપ્તાદિ ન કરે, કંઈક સંચાલિત ન કરે, અગ્નિને બુઝાવે નહીં. હવે વાયુકાય વિધિ કહે છેઃ- તાલવૃંત, પદ્મિની પાત્રાદિ, વૃક્ષની શાખા રૂપાદિ વીંઝણાથી પોતાના શરીરને કે ઉષ્ણોદકાદિ બાહ્ય પુદ્‌ગલોને વીંઝે નહીં - હવા ન દે.

હવે વનસ્પતિ વિધિ કહે છેઃ- દર્ભાદિ તૃણ, કદંબાદિ વૃક્ષ, કોઈ વૃક્ષાદિના ફળ કે મૂળને ન છેદે. તથા શસ્ત્રથી ઉપહત ન થયેલા અનેક પ્રકારના બીજને મનથી પણ મન પ્રાર્થે, પછી ખાવાની તો વાત જ ક્યાં ? તથા વનનિકુંજોમાં ઉભો ન રહે. કેમકે સંઘટ્ટનાદિ દોષ લાગે. પ્રસારિત શાલિ આદિમાં કે દ્રર્વાદિમાં ન ઉભો રહે કેમકે ત્યાં હંમેશા અનંતકાય વનસ્પતિ રહે છે. પાણીમાં હંમેશા લીલ રહે છે, તથા સાપનું છત્ર, જમીન ઉપર સેવાળ હોય ત્યાં સાધુ ન બેસે. - ૦ - ત્રસકાય વિધિ કહે છે -

બેઇંદ્રિયાદિ ત્રસ પ્રાણીની હિંસા ન કરે. કઈ રીતે ? વાચા અથવા કાયા વડે. મન તેમાં અંતર્ગત હોવાથી ગ્રહણ કરેલ નથી. એ પ્રમાણે જીવહિંસાથી અટકેલો નરકાદિ ગતિરૂપ સર્વ જગત્‌ને કર્મ પરતંત્રતાવાળુ નિર્વેદન માટે જુએ.

**● સૂત્ર - ૩૬૩ થી ૩૬૬ -**

***(૩૬૩) સંયમી સાધુ, જેને જાણીને સર્વ જીવો પ્રત્યે દયાનો અધિકાર બને છે, તે આઠ સૂક્ષ્મોને સારી રીતે જોઈને જ બેસે, સુવે કે ઉભો રહે. (૩૬૪) તે આઠ સૂક્ષ્મો કયા છે ? ત્યારે મેધાવી અને વિચક્ષણ સાધુ આ પ્રમાણે કહે - (૩૬૫) સ્નેહ સૂક્ષ્મ, પુષ્પ સૂક્ષ્મ, પ્રાણી સૂક્ષ્મ, ઉત્તિંગ સૂક્ષ્મ, પનક સૂક્ષ્મ, બીજ સૂક્ષ્મ, હરિત સૂક્ષ્મ અને અંડ સૂક્ષ્મ. (૩૬૬) બધી ઇંદ્રિયોના વિષયમાં રાગ-દ્વેષ રહિત સંયમી સાધુ આ પ્રકારે તે આઠ સૂક્ષ્મ જીવોને સર્વ પ્રકારે સદા અપ્રતમ રહેતો યાતના કરે.***

**● વિવેચન - ૩૬૩ થી ૩૬૬ -**

સ્થૂળ વિધિ કહી, હવે સૂક્ષ્મ વિધિ કહે છે - આઠ સૂક્ષ્મો છે, તેને જોઈને ઉપયોગપૂર્વક બેસે, ઉભે કે સુવે. સંયતો જ્ઞપરિજ્ઞાથી જાણે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી જીવોમાં દયાધિકારી થાય, અન્યથા દયાનો અધિકાર ન કહેવાય. તે જોઈને તદ્‌રહિત ઉપર જ આસનાદિ કરે. અન્યથા તેને અતિચાર લાગે. આ આઠ સૂક્ષ્મો કયા છે ? દયાધિકારીત્વથી સંયત અવશ્ય પૂછે. આના વડે દયાધિકાર અને તેમાં યત્ન કરવાનું કહ્યું. તે જ તેને ઉપકારક કે અપકારક હોવાથી પૂછે છે. 'મેધાવી' શબ્દ કહીને મર્યાદાવર્તી વડે તે જાણીને તેની પ્રરૂપણા કરવી. એ પ્રમાણે જ શ્રોતાને તેની ઉપાદેય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિ થાય છે. સ્નેહ સૂક્ષ્મ - ઓસ, હીમ, કરા ઇત્યાદિ. પુષ્પ સૂક્ષ્મ - વડે કે ઉદુંબરના પુષ્પો, પ્રાણિ - સૂક્ષ્મ અનુદ્ધર કુંથુઆ, ઉત્તિંગ સૂક્ષ્મ - કીડાના નગરા અને બીજા સૂક્ષ્મ જીવો. પનક સૂક્ષ્મ - વરસાદમાં જમીન કે લાકડા ઉપર પંચવર્ણી જે પનક-લીલ થાય છે તે. બીજ સૂક્ષ્મ - શાલિ આદિ બીજના મુખમૂલમાં કણિકા, હરિત સૂક્ષ્મ - અત્યંત નવા ફુંટેલ પૃથ્વી સમાન વર્ણવાળા, અંડ સૂક્ષ્મ - માખી, કીડી, ગરોળી આદિના ઇંડા.

ઉક્ત પ્રકારે આ સૂક્ષ્મો જાણીને સૂત્રાદેશથી યથાશક્તિ સ્વરૂપ સંરક્ષણાદિ વડે સાધુ, નિદ્રાદિ પ્રમાદ રહિત થઈ મન, વચન, કાયાથી સંરક્ષણ પ્રતિ યત્ન કરે સર્વકાળ શબ્દાદિમાં રાગ-દ્વેષ ન કરે.

● સૂત્ર - ૩૬૭ થી ૩૭૮ -

***(૩૬૭) સંયત સાધુ - સાધ્વી સદૈવ મનોયોગપૂર્વક પાત્ર, કંબલ, શય્યા, ઉચ્ચારભૂમિ, સંસ્તારક કે આસનને પડિલેહે. સંયમી ઉચ્ચાર, પ્રસ્રવણ, કફ, નાકના મેલ, પરસેવો આદિને પ્રાસુક ભૂમિનું પ્રતિલેખન કરીને જયણાપૂર્વક પરઠવે. (૩૬૯) ભોજન કે પાણીને માટે ગૃહસ્થના ઘેર પ્રવેશતો સાધુ જયણાથી ઉભો રહે, પરિમિત બોલે અને રૂપમાં મનને ડામાડોળ ન કરે. (૩૭૦) સાધુ કાનથી ઘણું સાંભળે છે, આંખોથી ઘણું જુએ છે, પણ બધું જોયેલ - સાંભળેલને કહી દેવું ઉચિત નથી. (૩૭૧) જો જોયેલ-સાંભળેલ ઘટના ઔપઘાતિક હોય તો ન કહેવી તથા કોઈપણ ઉપાયથી ગૃહસ્થોચિત આચરણ ન કરે.***

***(૩૭૨) ભોજન સ-રસ છે કે નીરસ, સારું છે કે ખરાબ, મળેલ છે કે નહીં, તેવું કોઈ પૂછે કે ન પૂછે, તો પણ ન કહે. (૩૭૩) ભોજનમાં ગૃદ્ધ ન થાય, વ્યર્થ ન બોલતો ઉંછ ભિક્ષા લે. અપ્રાસુક, ક્રીત, ઔદ્દેશિક, આહૃત આહારનો પણ ઉપયોગ ન કરે. (૩૭૪) સંયત સાધુ અણુમાત્ર પણ સંનિધિ ન કરે. સદૈવ મુધાજીવી અસંબદ્ધ અને જનપદને નિશ્રિત રહે. (૩૭૫) રૂક્ષવૃત્તિ, સુસંતુષ્ટ, અલ્પેચ્છક, થોડા આહારથી તૃપ્ત થનાર હોય. તે જિન પ્રવચન સાંભળીને ક્રોધભાવને ન પામે. (૩૭૬) કાનોને સુખકર શબ્દોમાં રાગભાવ ન સ્થાપે. દારુણ અને કર્કશ સ્પર્શને શરીરથી સમભાવે સહે.***

***(૩૭૭, ૩૭૮) ભુખ, તરસ, દુઃશય્યા, શીત, ઉષ્ણ, અરતિ, ભયને મુનિ અવ્યથિત પણે સહન કરે, દેહદુઃખ મહાફળકારી છે. સૂર્ય અસ્તથી, પૂર્વમાં સૂર્યોદય ન થાય, ત્યાં સુધી, બધાં પ્રકારના આહાર આદિ પદાર્થોની મનથી પણ સાધુ ઇચ્છા ન કરે.***

● વિવેચન - ૩૬૭ થી ૩૭૮ -

સિદ્ધાંત વિધિથી, શક્તિ હોય ત્યાં સુધી અન્યૂનાતિરિક્ત પોતાના પાત્ર, કંબલ, ઉપકરણાદિ, શય્યા, સંથારો, સ્થંડિલાદિ પડિલેહે. - x - x - તથા ઉચ્ચાર, પ્રસ્રવણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લેષ્મ ઇત્યાદિને પહેલાં આંખો વડે અચિત્ત જગ્યા જોઈને પછી સંયત તેને વોસિરાવે. ઉપાશ્રય સ્થાન વિધિ કહી. હવે ગોચર પ્રવેશને આશ્રીને કહે છે - બીજાને ઘેર ભોજન, પાન અર્થે કે ગ્લાનાદિ માટે ઔષધાર્થે જાય ત્યારે ગવાક્ષાદિનું અવલોકન ન કરતો. ઉચિત દેશે ઉભો રહે, યતના પૂર્વક આગમન પ્રયોજનાદિ ટુંકમાં જણાવે. દેનાર સ્ત્રીનું રૂપ મનથી પણ ન જુએ. રસાદિમાં પણ મન ન કરે.

ગૌચરી ગયેલાને કોઈ કંઈ પૂછે તો એ પ્રમાણે કહે કે - કાનો વડે અનેક પ્રકારે શોભન કે અશોભન શબ્દો સાંભળે છે, અનેક પ્રકારે શોભન - અશોભન ભેદે આંખ વડે રૂપને જુએ છે. એ પ્રમાણે જોયેલ - સાંભળેલ બધાંને સ્વ, પર કે ઉભય હીતને માટે ન કહે, જેમકે મેં તારી પત્નીને રોતી જોઈ કે સાંભળી હતી. - x - તેનાથી તે ગૃહસ્થના ઘરમાં કલેશ થતાં ચારિત્રમાં ઉપઘાત થાય. પરંતુ બંનેને હિતકારી હોય તે કહેવું. જેમકે - તમારા શિષ્યને મેં રાજાને શાંતી પમાડતો જોયો. આ જ વાતને સ્પષ્ટ કરતા કહે છે -

બીજાથી સાંભળેલ હોય કે પોતે જોયેલ હોય, તો પણ ઔપઘાતિક વચન ન બોલે. જેમકે - 'તું ચોર છે' અથવા કોઈ પણ ઉપાયે સૂક્ષ્મ ભાંગાએ પણ ગૃહસ્થનો સંબંધ ન કરે. અર્થાત્ તેના બાળકને રમાડવું કેત તેના વ્યાપાર સંબંધી પોતે કંઈ પણ ન આચરે. ગૃહસ્થને ઘેર બધાં રસથી યુક્ત રસોઈ હોય કે બગડી ગયેલું નિરસ ભોજન હોય, તો પણ આ સારું છે કે નઠારું છે. એવું પોતે બીજાને પૂછતાં પણ ન કહે. પોતાને મળેલ કે ન મળેલ હોય તો પણ કંઈ ન કહે.

સારા ભોજનમાં રક્ત બનીને ઐશ્વર્યવાળા કુળ ન શોધે. પણ અજાણ્યા ઘરોમાં મોટેથી ધર્મલાભ બોલતો પ્રવેશ કરે, ત્યાં સચિત્ત કે મિશ્ર ભોજન ન લે. વેચાતું લાવેલ કે સાધુ માટે બનાવેલું કે સાધુ માટે દૂરથી આણેલું તેવું દોષિત ભોજન ન લે. આ વિશોધિ-અવિશોધિકારી બતાવી. પૂર્વોક્ત સ્વરૂપની સંનિધિ ન કરે, મુધાજીવી રહે. પદ્મિનીપત્ર અને ઉદકવત્ ગૃહસ્થોથી અસંબદ્ધ રહે. આવા પ્રકારનો થઈ જગત્‌ના સ્થિર-અસ્થિર જીવોનું રક્ષણ કરોત વિચરે.

વાલ, ચણા આદિ રૂક્ષવૃત્તિથી અસંતુષ્ટ રહે, અલ્પેચ્છા - ન્યૂન ઉદરતાથી આહાર ત્યાગી, સુભર થાય. - x - સ્વપક્ષના ક્રોધ વિપાકના પ્રતિપાદક વીતરાગ વચનને સાંભળીને ક્રોધભાવ ન પામે. કેમકે ક્રોધથી જીવ અસુરપણાનું કર્મ બાંધે છે. જો કોઈ અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ આક્રોશ કરે તો સાધુ વિચારે કે તે મારો કોઈ અપરાધ કરતો નથી. પણ આ મારા પૂર્વ કર્મનો જ દોષ છે, તેમ સહન કરવાથી જ નિર્જરા થાય છે.

કર્ણ સુખના હેતુથી વેણુ-વીણાદિ સંબંધી શબ્દોમાં રાગ ન કરે. અનિષ્ટ કઠિન સ્પર્શને કાયા વડે સહન કરતાં તે દ્વેષ ન કરે. આ રીતે આદિ - અંતના રાગ-દ્વેષનું નિરાકરણ કરીને બધાં ઇંદ્રિય વિષયોમાં રાગ-દ્વેષનો પ્રતિષેધ જાણવો. વળી ભુખ, તરસ, વિષમ ભૂમ્યાદિ શય્યા, શીતોષ્ણ, મોહનીયોદ્‌ભવ અરતિ, વ્યાઘ્રાદિથી થતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભય, અદીનમનવાળો થઈ, શરીરમાં આ દુઃખ થાય છે, પણ શરીર અસાર છે, સમ્યક્ રીતે સહન કરતાં મોક્ષ ફળદા થાય તેમ વિચારે. સૂર્ય અસ્ત થાય - અદૃશ્ય થાય અને સવારે ન ઉગે ત્યાં સુધી સર્વ કોઈ આહારને મનમાં પણ ન પ્રાર્થે. પછી વચન - કર્મનું કહેવું જ શું ?

**● સૂત્ર - ૩૭૯ થી ૩૯૦ -**

***(૩૭૯) સાધુ આહાર ન મળે કે નીરસ મળે ત્યારે બબડાટ ન કરે, ચંચળતા ન કરે, અલ્પભાષી, મિતભોજી અને ઉદરનો દમન કરનાર થાય, થોડું મળે તો પણ દાતાને ન નિંદે. (૩૮૦) કોઈ જીવનો તિરસ્કાર ન કરે, ઉત્કર્ષ પણ પ્રગટ ન કરે, શ્રુત - લાભ - જાતિ - તપ અને બુદ્ધિનો મદ ન કરે. (૩૮૧) જાણતા કે અજાણતા કોઈ અધાર્મિક કૃત્ય થઈ જાય તો તુરંત પોતાને તેનાથી રોકે તથા બીજી વખત તે કાર્ય ન કરે. (૩૮૨) અનાચાર સેવીને તેને ન છુપાવે કે ન અપલાપ કરે, પણ સદા પવિત્ર થઈ પ્રગટ ભાવે, અસંસક્ત અને જિતેન્દ્રિય રહે.***

***(૩૮૩) મુનિ મહાન આત્મા આચાર્યના વચનને સફળ કરે. તે આચાર્યના કથનને સારી રીતે ગ્રહણ કરી, કાર્ય દ્વારા સંપન્ન કરે. (૩૮૪) જીવનને અધ્રુવ અને આયુને પરિમિત જાણીને તથા સિદ્ધિ માર્ગમાં વિશેષ રૂપે જ્ઞાન પામીને ભોગોથી નિવૃત્ત થઈ જાય. (૩૮૫) પોતાનું બળ, પરાક્રમ, શ્રદ્ધા અને આરોગ્યને જોઈને તથા ક્ષેત્ર અને કાળને જાણીને, પોતાની આત્માને ધર્મકાર્યમાં નિયોજિત કરે. (૩૮૬) જ્યાં સુધી જરા ન પીડે, રોગ વધે નહીં, ઇંદ્રિયો ક્ષીણ ન થાય, ત્યાં સુદી ધર્મનું સમ્યક્ આચરણ કરે.***

***(૩૮૭ થી ૩૯૦) ક્રોધ, માન, માયા, લોભ, પાપવર્ધક છે. આત્મા હિતનો ઇચ્છુક, આ ચારે દોષોનું અવશ્ય વમન કરે. ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો, માયા મૈત્રીનો અને લોભ સર્વનો વિનાશ કરનાર છે. ક્રોધને ઉપશમથી હણે, માનને માર્દવતાથી જીતે, માયાને આર્જવ ભાવથી અને લોભને સંતોષથી જીતે. અનિગૃહીત ક્રોધ અને માન તથા પ્રવર્ધમાન માયા અને લોભ, આ ચારે સંક્લિષ્ટ કષાયો પુનર્જન્મના મૂળને સિંચે છે.***

**● વિવેચન - ૩૭૯ થી ૩૯૦ -**

કદાચ દિવસે આહાર ન મળેલ હોય તો પણ સાધુ કંઈ જ બડબડાટ ન કરે, સર્વત્ર સ્થિર રહે. કારણે પરિમિત બોલે, મિત ભોક્તા બને, જે-તે વસ્તુથી આજીવિકા કરે. થોડું મળે તો દાતારને નિંદે નહીં.

મદ વર્જનાર્થે કહે છે - આત્માથી બહાર ન જાય. આત્માનો સમુત્કર્ષ ન બતાવે, હું આવો છું, એ પ્રમાણે શ્રુત અને લાભથી મદ ન કરે. જેમકે - હું પંડિત છું, હું લબ્ધિવાળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છું તથા હું જાતિ સંપન્ન છું, તપસ્વી છું, બુદ્ધિમાન છું, હું કુળવાન છું ઇત્યાદિ રૂપ મદ ન કરે - x -

જાણતા કે અજાણતા કંઈક રાગ-દ્વેષ વડે મૂલોત્તર ગુણ વિરાધનાથી આત્માને સંવરે. ભાવથી આલોચનાદિ વડે નિવર્તે. અનુબંધ દોષથી ફરી તેને ન આચરે. તે જ કહે છે - સાવધ યોગને સેવીને ગુરુ પાસે આલોચના કરે, કંઈ ગોપવે નહીં કે અપલાપ ન કરે. કેવો થઈને ? અકલુષિત મતિ, સદા પ્રગટભાવ, અપ્રતિબદ્ધ થઈને અને ઇંદ્રિયોના પ્રમાદને દૂર કરે. અમોઘ૦ આચાર્ય કે જ્ઞાનાદિ ગુણોથી મહાન સાધુઓ જે કહે, તે વચનને શિષ્ય અમૂલ્ય સમજીને સ્વીકારે અને ક્રિયા વડે અમલમાં મૂકે.

જીવનને અનિત્ય અને મરણાશંક્તિ જાણીને, સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર રૂપ મોક્ષને જાણીને બંધેક હેતુ ભોગોથી દૂર થાય. કદાચ આયુ વચ્ચે ન તુટે તો પણ પરિમિત વર્ષાદિવાળું જોઈને ભોગો છોડે.

ઉપદેશાધિકારમાં આનું સમર્થન કરતાં કહે છે - વૃદ્ધાવસ્થા જ્યાં સુધી પીડે નહીં, ક્રિયા સામર્થ્ય શત્રુ રૂપ વ્યાધિ વધે નહીં, ત્યાં સુધી ચારિત્ર ધર્મને સારી રીતે આચરવો. તેનો ઉપાય કહે છે - ક્રોધાદિ ચાર પાપના હેતુ હોવાથી પાપવર્દ્ધક છે, તેથી આત્માના હિતને ઇચ્છતો એવો આ ક્રોધાદિ દોષને છોડી દે. તેમાં જ બધી સંપત્તિ છે. ન છોડવામાં આલોકના અપાયો કહે છે - ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. કેમકે ક્રોધવચનથી તેનો ઉચ્છેદ જોયો છે. માન વિનયનાશક છે, માયા મિત્રોનો નાશ કરે છે, લોભ બધાંનો નાશ કરે છે, ત્રણે તદ્ભાવ - ભાવી છે.

જો એમ છે તો ઉપશમથી ક્રોધને હણવો, ઉદયનો નિરોધ અને ઉદય પ્રાપ્તને વિફળ કરે. માનજો માર્દવ વડે જય કરે. માયાનો અશઠ ભાવથી જય કરે, લોભને નિસ્પૃહત્વથી જીતે. હવે ક્રોધાદિના જ પરલોકના અપાયો કહે છેઃ- ક્રોધાદિ ચારે સંપૂર્ણ, અશુભ ભાવથી કિલષ્ટ કષાયો વડે પુનઃ જન્મના મૂલને સિંચે છે.

**સૂત્ર - ૩૯૧ થી ૪૦૦ -**

***(૩૯૧) સાધુ, રત્નાધિકો પ્રત્યે વિનયી બને, ધ્રુવશીલતાને કદાપિ ન ત્યાગે, કાચબાની જેમ આલીન - પ્રલીન ગુપ્ત થઈને તપ અને સંયમમાં પરાક્રમ કરે. (૩૯૨) સાધુ નિદ્રાને બહુ ન કરે, અતિ હાસ્યને પણ વર્જિત કરે, પારસ્પારિક વિકથામાં રમણ ન કરે, સદા સ્વાધ્યાયમાં રત રહે. (૩૯૩) સાધુ આળસ રહિત થઈ શ્રમણ - ધર્મમાં યોગોને સદૈવ નિયુક્ત કરે, કેમકે શ્રવણ ધર્મમાં સંલગ્ન સાધુ અનુત્તર અર્થને પામે છે. (૩૯૪) જેના દ્વારા આલોક - પરલોકમાં હિત થાય છે, જેથી સુગતિ પામે છે. બહુશ્રુતને તે પર્યુપાસે, પૂછીને અર્થ નિશ્ચય કરે.***

***(૩૯૫) જિતેન્દ્રિય મુનિ પોતાના હાથ, પગ, શરીરને સંયમિત કરીને આલીન અને ગુપ્ત થઈને ગુરુ સમીપે બેસે. (૩૯૬) આચાર્યાદિને પળખે, આગળ કે પૃષ્ઠ ભાગે તથા ગુરુના પગ સાથે પગ અડાડી ન બેસે.***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૩૯૭) સાધુ પૂછ્યા વિના ન બોલે, ગુરુ બોલતા હોય તો વચ્ચે ન બોલે, ચુગલી ન કરે, માયા - મૃષાનું વર્જન કરે. (૩૯૮) જે ભાષા બોલતા અપ્રીતિ થાય કે બીજો જલ્દી કુપિત થાય, એવી અહિત કર્તા ભાષા સર્વથા ન બોલે. (૩૯૯) આત્માર્થી સાધુ પરિમિત, દૃષ્ટ, અસંદિગ્ધ, પરિપૂર્ણ, વ્યક્ત, પરિચિત, અજલ્પિત અને અનુદ્વિગ્ન ભાષા બોલે. (૪૦૦) આચાર અને ભગવતી સૂત્ર ધારક, દૃષ્ટિવાદના અધ્યેતા સાધુ વચનથી સ્ખલિત થઈ જાય તો મુનિ તેમનો ઉપહાસ ન કરે.***

**● વિવેચન - ૩૯૧ થી ૪૦૦ -**

સાધુએ કષાયના નિગ્રહાર્થે આમ કરવું - ચિરદીક્ષિતાદિનો અભ્યુત્થાનાદિ રૂપ વિનય કરવો. ૧૮૦૦૦ શીલાંગના પાલનરૂપ ને યથાશક્તિ ન છોડે. કાચબા માફક અંગોપાંગોને સમ્યક્ સંયમિત કરે, તપ - પ્રધાન સંયમમાં પ્રવર્તે. વળી પ્રકામશાયી ન થાય. અતીવ હાસ્યરૂપને વર્જે, રાહસ્યિક કથામાં રમણ ન કરે, પણ વાચનાદિ સ્વાધ્યાયમાં સદા રત હોય, એવા પ્રકારનો તે સાધુ થાય. મન, વચન, કાય ત્રણ પ્રકારના વ્યાપાર રૂપને ક્ષાંત્યાદિ શ્રમણ ધર્મમાં યોજે, આળસને તજે, કાલાદિ ઔચિત્યથી નિત્ય, સંપૂર્ણ, સર્વત્ર, પ્રધાન ઉપસર્જન ભાવથી કે અનુપ્રેક્ષાકાળે - મનોયોગ, અધ્યયનકાળે - વચન યોગ, પડિલેહણ કાળે - કાયયોગને યોજે. તેનું ફળ કહે છે - એ પ્રમાણે દશવિધ શ્રમણ ધર્મમાં વ્યાપૃત્ત, અનુત્તર જ્ઞાનાદિરૂપ ભાવાર્થને પામે છે.

આજ વાત કહે છે - આલોક એટલે અકુશલ પ્રવૃત્તિ દુઃખના નિરોધથી, પરલોક - કુશલના અનુબંધથી ઉભય લોકનું હિત થાય છે. જેથી સદ્ગતિમાં જઈને પરંપરાએ સિદ્ધિને પામે છે. ઉક્ત સિવાયના સાધન - ઉપાયને કહે છેઃ- આગમવૃદ્ધને સેવે, સેવતા એવાને પૂછે અપાયરક્ષક અને કલ્યાને કરનારા અવિતથ અર્થનો નિશ્ચય કરે.

હાથ, પગ અને કાયાનો સંયમ કરીને, જિતેન્દ્રિય, એકાગ્ર અને આલીનગુપ્ત થઈને ગુરુ પાસે મુનિ બેસે. કંઈક ઉપયુક્ત રહે. પણ ગુરુના પડખામાં, આગળ કે પાછળ ન બેસે. કેમકે તેનાથી અનુક્રમે અવિનય, વંદનમાં અંતરાય, અદર્શનાદિ દોષ લાગે છે. ગુરુ પાસે ઉરુ ઉપર ઉરુ કરીને ન બેસે. તેથી અવિનય થાય છે. કાયપ્રણિધિ કહી.

હવે વાક્પ્રણિધિ કહે છે - પૂછ્યા વિના અકારણ ન બોલે, ગુરુ બોલતા હોય તો વચ્ચે ન બોલે, પરોક્ષ (પાછળથી) દોષો ન બોલે, માયા પ્રધાન મૃષાવાદનો ત્યાગ કરે. વળી - જે બોલવાથી બીજાને અપ્રીતિ થાય તથા બીજાને રોષ ચડે, ઉભય લોક વિરુદ્ધ એવા પ્રકારના વચનને સર્વાવસ્થામાં મુનિ ન બોલે. તે કેમ બોલવું ? બરાબર નજરે જોયેલ હોય, શંકા રહિત હોય, સ્વરાદિથી પ્રતિપૂર્ણ હોય, વ્યક્ત પરિચિત, ન જોરથી - ન ધીમેથી, ન ઉદ્વેગકર એવી ભાષા પણ મુનિ વિચારીને બોલે.

પ્રસ્તુત ઉપદેશાધિકાર કહે છેઃ- આચાર સૂત્ર ધર અર્થાત્ સ્ત્રીલિંગાદિનો જ્ઞાતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રજ્ઞપ્તિધર - તેને વિશેષથી જાણતો એવો તથા દૃષ્ટિવાદને ભણેલો, પ્રકૃતિ પ્રત્યયલોપ આગમ વર્ણવિકાર કાળ કારકાદિને જાણતો છતાં અશુદ્ધ ઉચ્ચાર કરે તો મુનિએ હસવું નહીં કે તે કંઈ ભણ્યો નથી, તેમ ન કહે. ઇત્યાદિ - x - x -.

**● સૂત્ર - ૪૦૧ થી ૪૧૦ -**

***(૪૦૧) નક્ષત્ર, સ્વપ્ન ફળ, યોગ, નિમિત્ત, મંત્ર, ભોજનાદિ ગૃહસ્થને ન કહે, કેમકે તે પ્રાણી હિંસાના સ્થાન છે.***

***(૪૦૨) બીજાને માટે બનેલ, ઉચ્ચારભૂમિથી યુક્ત, સ્ત્રી - પશુથી રહિત શય્યા અને આસનનું સેવન કરે. (૪૦૩) જો ઉપાશ્રય વિવિક્ત હોય તો માત્ર સ્ત્રીઓ વચ્ચે ધર્મ ન કહે. ગૃહસ્થ પરીચય ન કરે, સાધુ સાથે જ પરીચય કરે. (૪૦૪) જેમ કુકડાના બચ્ચાને બિલાડાનો સતત ભય રહે છે, એ જ રીતે બ્રહ્મચારીને સ્ત્રી શરીરથી ભય રહે. (૪૦૫) ભીંતમાં ચીતરેલ સ્ત્રી કે વિભૂષિત સ્ત્રીને ટીકી - ટીકીને ન જુએ, કદાચ દૃષ્ટિ પડી જાય તો દૃષ્ટિ એ રીતે પાછી ખેંચે, જે રીતે સૂર્ય પ્રતિ પડેલી દૃષ્ટિ ખેંચી લે.***

***(૪૦૬) જેના હાથ, પગ, છેદાયેલ હોય, કાન - નાકથી વિકલ હોય એવી ૧૦૦ વર્ષની સ્ત્રીનો સંસર્ગ પણ બ્રહ્મચારી તજી દે. (૪૦૭) આત્મગવેષા પુરુષને માટે વિભૂષા, સ્ત્રી સંસર્ગ અને સ્નિગ્ધ રસયુક્ત ભોજન તાલપુટવિષ સમાન છે. (૪૦૮) સ્ત્રીઓના અંગ, પ્રત્યંગ, સંસ્થાન, મધુર વાણી, કટાક્ષ પ્રત્ય સાધુ ધ્યાન ન આપે, કેમકે તે કામરાગ વિવર્ધક છે. (૪૦૯) શબ્દાદિ પુદ્‌ગલોનું પરિણમન અનિત્ય જાણીને, મનોજ્ઞ વિષયોમાં સાધુ રાગભાવ ન સ્થાપે. (૪૧૦) તે શબ્દાદિ પુદ્‌ગલના પરિણમનને જેવા છે તેવા જાણીને પોતાના પ્રશાંત આત્માથી તૃષ્ણા રહિત થઈને વિચરણ કરે.***

**● વિવેચન - ૪૦૧ થી ૪૧૦ -**

ગૃહસ્થો અશ્વિની આદિ નક્ષત્ર સંબંધે પૂછે, સ્વપ્નનું શુભાશુભ ફળ પૂછે, વશીકરણાદિ યોગ, અતીતાદિ નિમિત્ત, વૃશ્ચિક મંત્રાદિ, ઔષધ આદિ પૂછે તો તે બીજા જીવોને પીડારૂપ જાણીને સાધુ ગૃહસ્થને ન કહે. તેમની અપ્રીતિ નિવારણાર્થે એટલું કહે કે - આ કહેવું તે સાધુનો અધિકાર નથી.

સાધુ નિમિત્તે ન બનાવેલ વસતિરૂપ સ્થાન, સંસ્તારક, પીઠક આદિ સાધુ ન વાપરે. આને જ વિશેષથી કહે છે - ઉચ્ચાર પ્રસુવણ આદિ ભૂમિયુક્ત હોય કેમકે તેના વિના વારંવાર જવું પડે તો નિર્ગમનાદિ દોષ લાગે છે, તે સ્થાન સ્ત્રી - પશુ - પંડક વર્જિત હોય, સ્ત્રી આદિ આલોકન રહિત હોય તો સેવે. આવી વસતીને સેવવામાં ધર્મકથાની વિધિ કહે છે - જો તે સ્થાન અન્ય સાધુથી રહિત હોય, એકલા પુરુષયુક્ત જ હોય તો ત્યાં સ્ત્રીઓ મધ્ય ધર્મકથા ન કહે, કેમકે શંકાદિ દોષ થાય. ઔચિત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણીને પુરુષોને કહે. જો એકલો ન હોય તો સ્ત્રીઓને પણ કહે. ગૃહસ્થ પરિચય ન કરવો,. કેમકે તેમના સ્નેહાદિ દોષનો સંભવ છે. સાધુ સાથે પરિચય કરે. કેમકે કલ્યાણ મિત્રના યોગથી કુશલપક્ષની વૃદ્ધિ થાય છે. જરૂર પડે અને ગૃહસ્થ પરિચય કરે તો પણ સ્ત્રી પરિચય ન જ કરવો. કેમકે જેમ કુકડાના બચ્ચાને બીલાડીથી ભય છે, તેમ સાધુને સ્ત્રી શરીરથી ભય છે, મડદું પણ વિકાર કરાવે.

જો એમ છે, તેથી - ચિત્રમાં રહેલ સ્ત્રી શરીર પણ ન નીરખે. અથવા અલંકૃત કે અનલંકૃત સચેતન સ્ત્રીને પણ ન જુએ. કદાચ જોવાઈ જાય તો, જેમ સૂર્ય જોઈને નજર ફેરવી લે, તેમ સ્ત્રીને જોઈને ફેરવી લે. કેટલું વધુ કહેવું ? છેદાયેલા હાથ - પગવાળી, નાક-કાન કાપેલી, સો વર્ષની સ્ત્રીને પણ ન જોવાય, તો તરુણ સ્ત્રીને તો ચારિત્રધન એ મહાધન છે, તેમ જાણીને જેમ ચોરથી દૂર રહે, તેમ સ્ત્રીથી દૂર રહેવું. વળી સાધુ વસ્ત્ર આદિ વિભૂષા ન કરે, કોઈપણ પ્રકારે સ્ત્રી સંબંધ, પ્રણીત રસનું ભોજન, આદિ જો સાધુ ત્યાગે નહીં, તો તેને પરલોકનું હિત ચિંતવામાં અમૃત સમાન સાધુપણું મૂકીને હળાહળ ઝેર સમાન સંસાર ભ્રમણ પ્રાપ્ત થાય.

મસ્તક આદિ અંગ, નયન, આદિ પ્રત્યંગ, તેનો વિન્યાસ વિશેષ તથા શોભન, વાણી સ્ત્રી સંબંધી છે તે ન જુએ. કેમ તે કામરાગ વધારનાર છે. તેનું નિરીક્ષણ કરતાં મોહના દોષથી મૈથુનનો અભિલાષ વધે છે. તેથી જ પૂર્વે સ્ત્રીના નિરીક્ષણનો પ્રતિષેધ કરેલ છે. અહીં પ્રાધાન્ય બતાવ્યું છે. તેથી જ પૂર્વે સ્ત્રીના નિરીક્ષણનો પ્રતિષેધ કરેલ છે. અહીં પ્રાધાન્ય બતાવ્યું.

શબ્દાદિ વિષયોમાં, અનુકૂળ ઇંદ્રિયોમાં રાગ ન કરે. એ રીતે અમનોજ્ઞમાં દ્વેષ ન કરે. (શંકા) આ પૂર્વે કહ્યું જ છે, છતાં ફરી કેમ કહ્યું ? કારણવિશેષથી વિશેષતા જણાવવા. શબ્દાદિ વિષય સંબંધી પરિણામની અનિત્યતાથી, જિનવચનાનુસાર, બીજા પરિણામોને જાણીને - મનોજ્ઞ એવા વિષયો ક્ષણમાં અમનોજ્ઞરૂપે પરિણમે છે. અમનોજ્ઞ મનોજ્ઞ થાય છે. તેથી રાગ - દ્વેષના નિમિત્તો તુચ્છ છે. આ જ વાતને સ્પષ્ટ કરે છે. શબ્દ આદિ વિષય અંતર્ગત્ ઉક્ત લક્ષણ પરિણામો જાણીને શબ્દાદિનો અભિલાષ છોડીને વિચારે. ક્રોધાદિ દૂર કરીને ઉપશાંત ભાવે રહે.

**● સૂત્ર - ૪૧૧ થી ૪૧૪ -**

***(૪૧૧) જે શ્રદ્ધાથી નિષ્ક્રમણ કરે, ઉત્તમ પર્યાય સ્થાનને સ્વીકારે તે જ શ્રદ્ધાથી આચાર્ય સંમત ગુણોની અનુપાલના કરે.***

***(૪૧૨) જે મુનિ આ સૂત્રોક્ત તપ, સંયમ યોગ, સ્વાધ્યાય યોગમાં સદા અધિષ્ઠ રહે, તે પોતાની અને બીજાની રક્ષા કરવામાં એ જ રીતે સમર્થ થાય, જે રીતે સેનાથી ઘેરાયેલ સર્વાયુધોથી સજ્જ શૂરવીર.***

***(૪૧૩) સ્વાધ્યાય અને સદ્ધ્યાનમાં રત, ત્રાતા, નિષ્પાપ ભાવવાળા અને તપોરત મુનિના પૂર્વકૃત કર્મ, અગ્નિ દ્વારા તપાવાયેલ સોના ચાંદી માફક વિશુદ્ધ થાય છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૪૧૪) જે પૂર્વોક્ત ગુણોથી યુક્ત છે, દુઃખોને સહે છે, જિતેન્દ્રિય છે, શ્રુતથી યુક્ત છે, મમત્વરહિત અને અકિંચન છે, તેઓ કર્મરૂપી મેઘ દૂર થઈ જતાં, વાદળા રહિત ચંદ્ર જેવા શોભે છે - તેમ હું કહું છું.***

**● વિવેચન - ૪૧૧ થી ૪૧૪ -**

જે પ્રધાનગુણ સ્વીકારવારૂપ શ્રદ્ધાથી અવિરતિરૂપ કાદવથી નીકળેલ છે, પ્રવ્રજ્યારૂપ પ્રધાન સ્થાનોને પામેલ છે. તે જ શ્રદ્ધાથી પતિત થયા વિના પ્રયત્નપૂર્વક વધતી જતી શ્રદ્ધાથી મૂળ ગુણાદિરૂપ અને તીર્થંકરાદિ બહુમત તે ગુણોને પાળે. તે આચાર્ય સંમત હોય, પણ સ્વ આગ્રહથી કલંકિત નહીં. હવે આચાર પ્રણિધિનું ફળ કહે છેઃ- અનશનાદિ તપ, પૃથ્વી આદિ વિષયક સંયમ વ્યાપાર, વાચનાદિ વ્યાપાર ને સર્વકાળ તપ વગેરે કરે. અહીં તપના ગ્રહણ છથાં સ્વાધ્યાય યોગની પ્રાધાન્યતા જણાવવા અગલ મૂકેલ છે. શેષ કથન સૂત્રાર્થવત્ જાણી લેવું.

હવે સૂત્રોક્ત વાતને સ્પષ્ટ કરે છે - સ્વાધ્યાય જ સદ્ધ્યાન તે સ્વાધ્યાયસદ્ધ્યાન. તેમાં આસક્ત, સ્વ - પર - ઉભયને રક્ષણ કરવાના સ્વભાવવાળા, લબ્ધિ આદિ અપેક્ષા રહિતાથી શુદ્ધ ચિત્ત, અનશનાદિમાં યથાશક્તિ રત સાધુ જન્માંતરમાં સંચિત કર્મમલને વિશુદ્ધ કરે છે.

અનંતરોક્ત ગુણવાન સાધુ પરીષહ વિજેતા, શ્રોત્રેન્દ્રિયને પરાજિત કરેલ, વિદ્યાવાન, મમત્વ રહિંત, દ્રવ્યભાવ કિંચન રહિત તે જ્ઞાનાવરણીયાદિ કર્મ મેઘ દૂર થતાં નિર્મળ ચંદ્રવત્.શોભે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન - ૮ - નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૯ - "વિનય સમાધિ" ❂

—— x —— x —— x —— x ——

૦હવે વિનય સમાધિ નામે અધ્યયન કહે છે, આનો સંબંધ આ છે - અનંતર અધ્યયનમાં નિરવધ વચન આચારમાં પ્રણિહિતનું હોય છે. તેમાં યત્નવાન્ થવું, તેમ કહ્યું અહીં આચારપ્રણિહિત યથોચિત વિનયયુક્ત જ હોય તે કહે છે - x - આ સંબંધે આવેલ આ અધ્યયન છે. - x - તેમાં 'વિનય સમાધિ' એ દ્વિપદ નામ છે, તેનો નિક્ષેપ કહે છે -

**• નિર્યુક્તિ - ૩૧૦ થી ૩૧૪ - વિવેચન -**

વિનય તથા સમાધિ બંનેના નામાદિ ભેદથી ચાર - ચાર નિક્ષેપા થાય છે. તેમાં નામ અને સ્થાપનાને છોડીને દ્રવ્ય વિનય કહે છેઃ- દ્રવ્ય વિનયમાં જ્ઞશરીર - ભવ્ય શરીર - વ્યતિરિક્તમાં તિનિશ - વૃક્ષનું દૃષ્ટાંત છે. તે રથના અંગાદિમાં જ્યાં - જ્યાં જેમ - જેમ નમાવાય છે. ત્યાં - ત્યાં તેમ - તેમ પરિણામે છે, કેમકે તેવી તેની યોગ્યતા છે. સુવર્ણ પણ કટક - કુંડલાદિ ભેદે વળવાથી તે દ્રવ્યોને દ્રવ્ય વિનય કહે છે.

હવે ભાવ વિનય કહે છે - લોકોપચાર વિનય - લોક પ્રતિપતિ રૂપ છે. અર્થ પ્રાપ્તિ માટે કામ નિમિત્તે, ભય નિમિત્તે, મોક્ષ નિમિત્તે એ પ્રમાણે 'લોકોપચાર' આદિ પાંચ ભેદે વિનય કહ્યો. હવે તેનો વિસ્તારાર્થ -

(૧) લોકોપચાર વિનય - ઘેર આવેલાની સામે ઉભા થવું, અંજલિ જોડવી, આસન આપવું, અતિથિ પૂજા, આહારાદિ દાનથી જે ઔચિત્ય જાળવવું તે. દેવતા પૂજા, યથાભક્તિ બલિ આદિ ઉપચાર રૂપ અને વૈભવોચિત કરવી. (૨) અર્થ વિનય - રાજા આદિની સમીપે રહેવું, તેની ઇચ્છાને આરાધવી. વિશિષ્ટ રાજાને દેશ કાળાનુરૂપ મદદ કરવી, રાજાને અભ્યુત્થાન, અંજલિ, આસનાદિ આપવા. તે બધું ધનને માટે કરવું. (૩) કામ આદિ વિનય - અર્થ વિનયની જેમ કામ વિનય કહેવો. અનુક્રમથી (૪) ભય વિનય કહેવો. તે આ પ્રમાણે - વેશ્યાદિને કામને માટે જ તેને રાજી રાખવા જે કરાય તે. ભયથી સ્વામીનો વિનય કરે. (૫) મોક્ષ વિનય - તે પાંચ પ્રકારે છે, તે હવે કહેવાશે.

**• નિર્યુક્તિ ૩૧૫ થી ૩૨૩ -**

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઔપચારિક - પ્રતિરૂપ યોગ વ્યાપાર આ મોક્ષ વિનય - મોક્ષ નિમિત્ત પાંચ ભેદે છે, તેમ જાણવું.

(૧) દર્શન વિનય - ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો અને સર્વે પર્યાયો જે અગુરુલઘુ આદિ, જે પ્રકારે તીર્થંકર દેવે તે ભાવોને કહ્યા છે, તે પ્રકારે મનુષ્યો તેની શ્રદ્ધા કરે, શ્રદ્ધાથી જે કર્મોને દૂર કરે છે તેથી તે દર્શન વિનય છે.

(૨) જ્ઞાન વિનય - અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત કરે, ગૃહીત જ્ઞાનની આવર્તના કરે, જ્ઞાન વડે સંયમ કૃત્યોને કરે, એ પ્રમાણે જ્ઞાની નવા કર્મો ન બાંધે, પૂર્વે બાંધેલાને દૂર કરે, જ્ઞાન વડે કર્મો દૂર થાય છે તેથી જ્ઞાન વિનય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) ચારિત્ર વિનય - પૂર્વે બાંધેલા આઠ પ્રકારના કર્મોના સંઘાતને ખાલી કરે છે, સાધુ ક્રિયામાં યત્નવાળો હોવાથી નવા કર્મો બાંધે નહીં. એ રીતે ચારિત્રથી વિનય, ચારિત્ર વડે વિનીતકર્મા થવાથી ચારિત્ર વિનય છે.

(૪) તપો વિનય - તપ વડે અજ્ઞાનને દૂર કરે છે, આત્માને સ્વર્ગ કે મોક્ષ તરફ લઈ જાય છે, તેનાથી તપો વિનીત થાય તે તપો વિનય છે.

(૫) ઉપચાર વિનય - તે સંક્ષેપથી બે ભેદે છે - પ્રતિરૂપ યોગ - યોજન વિનય અને અનાશાતના વિનય. વિસ્તારથી કહે છેઃ- 'પ્રતિરૂપ' એટલે ઉચિત વિનય ત્રણ ભેદે છે - કાયાથી, વચનથી, મનથી. અનુક્રમે તે આઠ, ચાર ભેદે છે. કાયાકાદિ અષ્ટવિધની પ્રરૂપણા હવે કરે છે.

કાયિક - ઉભા થવું, પ્રશ્નાદિમાં અંજલિ જોડવી, આસન આપવું, પીઠકાદિ લાવવા, અભિયોગ - ગુરુની આજ્ઞાનું પાલન કરવું, કૃતિકર્મ - વંદન, શુશ્રૂષા - વિધિવત્ સ્થાને રહીને સેવવા તે, આવતાની સામે જવું. જતા હોય ત્યારે પાછળ જવું. એ આઠ ભેદે કાય વિનય છે. વાચિક - હિતકારી બોલવું, જે પરિણામે સુંદર હોય. મિત - થોડા અક્ષરથી બોલવું, અનિષ્ઠુર - કઠોર નહીં તેવી વાણી બોલવી. વિચારીને બોલવું તે વાચિક વિનય છે. માનસિક - અકુશળ મનનો નિરોધ, આર્ત્ત ધ્યાનનો પ્રતિષેધ. ધર્મધ્યાનાદિ પ્રવૃત્તિથી કુશળ મનની ઉદીરણા કરવી.

પ્રતિપત્તિ રૂપ વિનય શા માટે ? કોનો ?

**● નિર્યુક્તિ - ૩૨૪ થી ૩૨૭ - વિવેચન -**

પ્રતિરૂપ એટલે ઉચિત વિનય. તે - તે વસ્તુની અપેક્ષાથી પ્રાયઃ આત્માથી જૂદો અને મુખ્ય અનુવૃત્તિ રૂપે જાણવો. આ બાહુલ્યથી છદ્મસ્થાનો જાણવો. અપ્રતિરૂપ વિનય - અપર અનુવૃત્તિરૂપ છે, તે કેવલીને જ હોય. કેમકે તેઓને તે જ પ્રકારે કર્મો દૂર થાય છે. ઇત્યાદિ - x - ઉપસંહાર કહ્યો. તેના પ્રભેદ બાવન છે, એવું તીર્થંકરો કહે છે. હવે અનાશાતના વિનય કહે છે -

તીર્થંકર, સિદ્ધ, કુલ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર અને ગણિ સંબંધી તેર પદો છે. તેમાં વિશેષ આ પ્રમાણેઃ- કુલ - નાગેન્દ્ર આદિ, ગણ - કોટિક આદિ, ક્રિયા - અસ્તિવાદ રૂપ, ધર્મ - શ્રુતધર્માદિ, જ્ઞાન - મતિ આદિ, જ્ઞાનિ - જ્ઞાનવાળા, સ્થવિર - સીદાતા હોય તેને સ્થિર કરવા, ગણિ - ગણ ના અધિપતિ. આ તેર પદોની અનાશાતના આદિથી ચાર વડે ગુણતાં બાવન થાય છે. (૧) તીર્થંકર આદિની અનાશાતના એટલે સર્વથા હીલણા ન કરવી. (૨) તેમના ઉચિત ઉપચાર રૂપ તે ભક્તિ. (૩) તેમના જ અંતરભાવના પ્રતિબંધ રૂપ છે. (૪) વર્ણ સંજ્વલના - તીર્થંકર આદિના જ સદ્‌ભૂત ગુણોનું કીર્તન. આ પ્રકારે તીર્થંકરાદિ તેર ને ચાર વડે ગુણતા અનાશાતનાદિ ભેદે બાવન ભેદ થાય.

હવે સમાધિ કહે છે. નામ, સ્થાપનાને છોડીને દ્રવ્યાદિ સમાધિ -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**● નિર્યુક્તિ - ૩૨૮ - વિવેચન -**

દ્રવ્ય એ જ સમાધિ, તે દ્રવ્યસમાધિ. અથવા શરીરને દુઃખરૂપ ન થાય અથવા દુધ, ગોળ, કે ત્રિફળાદિથી નિરોગતા આવે તે દ્રવ્ય સમાધિ. ત્રાજવામાં તોલવાથી વજનમાં જે સમપણું કરે, તેને દ્રવ્ય સમાધિ કહે છે. હવે ભાવ સમાધિ - પ્રશસ્ત ભાવની અવિરોધીરૂપ ચાર ભેદે - દર્શન, જ્ઞાન, તપ અને ચારિત્ર. તેમાં દર્શનાદિ એકલામાં કે ચારે ગુણોમાં આત્માની સાથે સર્વથા અવિરોધ હોવો જોઈએ.

આ પ્રમાણે નામ - નિક્ષેપ કહ્યો.

—— x —— x —— x —— x ——

# ۞ અધ્યયન - ૯, ઉદ્દેશો - ૧ ۞

—— x —— x —— x —— x ——

૦સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ યુક્ત સૂત્ર કહેવું જોઈએ. તે આ -

**● સૂત્ર - ૪૧૫ -**

***જે સાધુ માન, ક્રોધ, માયા કે પ્રમાદથી ગુરુ સમીપે વિનય શીખતો નથી, તે માનાદિ જ તેના જ્ઞાનાદિ વૈભવનો, વાંસનાફળની સમાન વિનાશને માટે થાય છે.***

**● વિવેચન - ૪૧૫ -**

જાતિ આદિ નિમિત્ત માનથી, અક્ષાંતિલક્ષણ ક્રોધથી. કપટરૂપ માયાથી, નિદ્રાદિ પ્રમાદથી, શું ? તે કહે છે - આચાર્યાદિની પાસે આસેવન શિક્ષા ભેદરૂપ વિનય ન શીખે. તેમાં સ્તંભ - માનથી, હું જાતિ આદિ યુક્ત કઈ રીતે જાત્યાદિ હીન પાસે શીખું. એ રીતે ક્રોધથી - કોઈવાર ભૂલ કરતા ગુરુ ઠપકો આપે તો રોષથી ન ભણે. માયાથી - મન શૂળ છે એવા બહાને ન ભણે. પ્રમાદથી - ભણવાના સમયે ઉંઘી જાય અથવા પ્રમાદવશ બની ગુરુ કહે તે ન સાંભળે. આ ક્રમ એટલે બતાવ્યો છે કે ભણવામાં તે પ્રમાણે દોષો વિઘ્નરૂપ બને છે. તે જ સ્તંભાદિથી ગુરુ પાસે વિનય શીખતો નથી. - x - અહીં સ્તંભાદિ વિનય શિક્ષા વિઘ્ન હેતુ, તે જડમતિને અસંપત્તિનો ભાવ થાય છે. કેમ? ગુણ લક્ષણ ભાવપ્રાણના વિનાશને માટે થાય છે. જેમ - કીચક - વાંસ, તેનું ફળ તેના નાશ માટે થાય, તેની જેમ જાણવું.

**● સૂત્ર - ૪૧૬ થી ૪૨૪ -**

***(૪૧૬) જે સાધુ, ગુરુની 'આ મંદબુદ્ધિ છે, અલ્પવયસ્ક છે, અલ્પ શ્રુત છે'' એમ જાણીને હીલના કરે છે, તે મિથ્યાત્વ પામીને ગુરુની આશાતના કરે છે. (૪૧૭) કેટલાંક ગુરુ સ્વભાવથી જ મંદ હોય છે. કોઈ અલ્પવયસ્ક પણ શ્રુત અને બુદ્ધિથી સંપન્ન હોય છે. તે આચારવત્ અને ગુણોમાં સુસ્થિતાત્મા, હેલણા કરીને ઇંધણની જેમ ગુણોને ભસ્મ કરી દે છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૪૧૮) જે કોઈ સર્પનું બચ્ચુ સમજીને તેની કદર્થના કરે છે, તે તેના અહિતને માટે થાય છે, એ પ્રમાણે જ તે મંદબુદ્ધિ એકેન્દ્રિયાદિ જાતિ પથે ગમન કરે છે. (૪૧૯) અત્યંત ક્રુદ્ધ આશીવિષ સર્પ જીવનનાશથી વધારે બીજું શું કરી શકે ? પરંતુ અપ્રસન્ન આચાર્ય અબોધિનું કારણ બને, મોક્ષ ન મળે.***

***(૪૨૦) જે પ્રજ્વલિત અગ્નિને મસળે છે, આશીવિષ સર્પને કુપિત કરે છે અથવા જીવિતાર્થી હોવા છતાં વિષભક્ષણ કરે છે, આ બધી ઉપમા ગુરૂની આશાતના સાથે તુલ્ય છે. (૪૨૧) કદાચ તે પ્રચંડ અગ્નિ ન બાળે, કુપિત આશીવિષ સર્પ પણ ન ડસે, કે હળાહળ ઝેર પણ ન મારે, પરંતુ ગુરુની અવહેલનાથી કદાપિ મોક્ષ ન સંભવે.***

***(૪૨૨) જે પર્વતને મસ્તકથી ભેદવા ઇચ્છે છે, સુતેલા સિંહને જગાડે છે, ભાલાની અણી પર પ્રહાર કરે છે, આ બધાંની ઉપમા ગુરુની આશાતના વડે સમાન છે. (૪૨૩) કદાચ કોઈ મસ્તકથી પર્વતને ભેદી નાંખે, કદાચ કુપિત સિંહ પણ ન ખાઈ જાય, કદાચ ભાલાની અણી પણ પ્રહાર કર્તાને ન ભેદે, પરંતુ ગુરુની હેલણાથી મોક્ષ કદાપિ ન સંભવે.***

***(૪૨૪) આચાર્ય અપ્રસન્ન થવાથી બોધિલાભ થતો નથી, તેમની આશાતનાથી મોક્ષ ન મળે, તેથી નિરાબાધ સુખનો ઇચ્છુક, ગુરુની પ્રસન્નતા અભિમુખ રમણ કરે.***

**● વિવેચન - ૪૧૬ થી ૪૨૪ -**

જે કોઈ દ્રવ્ય સાધુ અને અગંભીર હોય, ગુરુને ક્ષયોપશમની વિચિત્રતાથી તંત્રયુક્તિથી આલોચનામાં અસમર્થ, સત્પ્રજ્ઞારહિત જાણીને, તથા અપ્રાપ્ત વયવાળા છે, એવું બીજું કારણ સ્થાપીને આ બાળક જેવા છે, આગમ ભણ્યા નથી એમ જાણીને અસૂયાથી કે અસૂયાવિના પણ ખિંસા - અપમાન કરે, જેમકે - મશ્કરીમાં કહે, અહો! તેમ તો બહું ભણ્યા છો, વયોવૃદ્ધ છો, બહુશ્રુત છો. અથવા ઇર્ષ્યાથી બોલે કે તમે મંદબુદ્ધિ છો એણ આસાતના કરવાથી મિથ્યાત્વ પામે છે. માટે ગુરુની હીલણા ન કરવી. એ રીતે તત્ત્વ ન જાણવાથી બોલનારા શિષ્યો ગુરુની લઘુતા કરે છે. એકની આશાતનાથી બધાંની આશાતના કરે છે. પોતાના સમ્યગ્દર્શનનો હ્રાસ કરે છે. - x - તેથી ગુરુની આશાતના ન કરવી.

કર્મના વૈચિત્ર્યથી કેટલાંક ગુરુ વયોવૃદ્ધ છતાં સદ્‌બુદ્ધિરહિત હોય, કેટલાંક નાના સાધુ પણ અમંદ - બુદ્ધિવાળા હોય છે. તેઓ શ્રુતથી કે બુદ્ધિથી સમ્યક્ પ્રજ્ઞાવાન હોય છે. અથવા ભાવિની વૃત્તિ આશ્રીને અલ્પશ્રુત ગુરુ હોય પણ સર્વથા જ્ઞાનાદિ આચારયુક્ત, ગુણોમાં - સંગ્રહ કરનારા, સારા ભાવમાં આત્માને રમણતા કરાવનારા હોય, તેથી તેમની હીલના ન કરવી. જેમ અગ્નિ ઇંધણને બાળી નાંખે છે, તેમ ગુરુ આશાતનાથી જ્ઞાનાદિ ગુણ સંઘાત પણ ભસ્મસાત્ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષથી ડહર - બાળ સમજીને ગુરુની હીલના કરવાનો દોષ જે બાળ સમજીને કિલિંચનાદિથી કદ્ગર્થના કરે છે, તો જેમ નાનો સાપ પણ તેવી કદર્થનાથી અહિતને માટે થાય છે, તેમ કારણે અપરિણતને આચાર્ય પણ સ્થાપેલા હોય, તેની હીલનાથી શિષ્ય બેઇંદ્રિયાદિ જાતિરૂપ સંસારે ભટકે.

અહીં દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકનું મોટું અંતર બતાવે છે - સાપ પણ કોપાયમાન થાય તો જીવન નાશ - મૃત્યુતી વધુ શું કરે ? કંઈ નહીં. પણ આચાર્યની હીલના - અનનુગ્રહમાં પ્રવૃત્ત અબોધિ પામે, તે નિમિત્તે મિથ્યાત્વ સંચિત કરે, એ રીતે ગુરુની આશાતનાથી મોક્ષ ન થાય પણ અબોધિ સંતાન અનુબંધથી અનંત સંસારનું ઉપાર્જન થાય છે. વળી જે બળતા અગ્નિને ઉલ્લંઘે અથવા સાપને કોપાયમાન કરે અથવા જીવવાને અર્થે ઝેર ખાય, તેનાથી જે નુકસાન થાય તેમ ગુરુ સંબંધી આશાતનાથી પણ તેવા જ નુકસાનને પામે. અહીં જ વિશેષથી કહે છે કે - કદાચ મંત્રાદિ પ્રતિબંધથી તેને અગ્નિ ભસ્મસાત્ ન કરે, કોપાયેલો સાપ ડસે નહી કે કદાચ હળાહળ ઝેર પણ મારી ન નાંખે, એવું કદાચ બની જાય, પણ ગુરુની આશાતના કરનારનો મોક્ષ તો ન જ થાય.

કોઈ કદાચ મસ્તક વડે પર્વતને ભેદવા ઇચ્છે, સુતેલા સીંહને પર્વતની ગુફામાં જઈ જગાડે, અથવા પ્રહરણ વિશેષના અગ્ર ભાગથી હાથને પ્રહાર કરે, આવી ઉપમા ગુરુની આશાતનાથી પૂર્વવત્ કહેવી. અહીં વિશેષ કહે છે - કદાચ કોઈ વાસુદેવાદિ પ્રભાવના અતિશયથી મસ્તક વડે પર્વતને ભેદી નાંખે, મંત્રાદિના સામર્થ્યથી કોપાયમાન સિંહ પણ ન ખાઈ જાય, દેવના અનુગ્રહથી પ્રહરણ વિશેષનો પ્રહાર પણ લાગે નહીં, એવું કદાચ બની જાય, પણ ગુરુ આશાતનાથી મોક્ષ ન જ થાય.

એ પ્રમાણે અગ્નિ આદિની આતના કરતાં ગુરુની આશાતના વધારે હોય છે, તે અતિશય પ્રદર્શનાર્થે કહે છે - શિષ્યથી આચાર્ય અપ્રસન્ન હોય તો તે મોક્ષ ન પામે, તેથી અવ્યાબાધ સુખનો અભિલાષી શિષ્ય ગુરુના પ્રસાદને ઇચ્છતો, ગુરુને અનુકૂળ વર્તન કરે.

**● સૂત્ર - ૪૨૫ થી ૪૩૧ -**

***(૪૨૫) જે પ્રમાણે આહિતાગ્નિ બ્રાહ્મણ વિવિધ આહુતી અને મંત્રપદોથી અભિષિક્ત કરેલ અગ્નિને નમસ્કાર કરે છે, તે પ્રકારે શિષ્ય અનંતજ્ઞાનયુક્ત થઈ જાય તો પણ આચાર્યની વિનયથી ભક્તિ કરે.***

***(૪૨૬) જેમની પાસે ધર્મ પદો શીખે, હે શિષ્ય ! તેના પ્રત્યે વિનય કરો. મસ્તકે અંજલિ કરી, કાયા - વાણી - મનથી સદૈવ સત્કાર કરો.***

***(૪૨૭) કલ્યાણભાગી માટે લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય એ વિશોધિસ્થાન છે. તેથી જે ગુરુ મને સતત શિક્ષા આપે છે, તેની હું સતત પૂજા કરું.***

***(૪૨૮, ૪૨૯) જેમ રાત્રિને અંતે પ્રદીપ્ત થતો સૂર્ય સંપૂર્ણ ભરતને***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***પ્રકાશિત કરે છે, તે રીતે આચાર્ય શ્રુત, શીલ અને પ્રજ્ઞાથી ભાવોને પ્રકાશિત કરે છે અને દેવોની વચ્ચે ઇંદ્ર શોભે તેમ સાધુમાં આચાર્ય શોભે છે. જેમ મેઘોથી મુક્ત અત્યંત નિર્મળ આકાશમાં કૌમુદીના યોગથી યુક્ત નક્ષત્ર, તારાથી પરિવૃત ચંદ્રમાં શોભે, તેમ આચાર્ય સાધુ મધ્યે શોભે છે.***

***(૪૩૦, ૪૩૧) અનુત્તર જ્ઞાનાદિની સંપ્રાપ્તિનો ઇચ્છુક, ધર્મકામી સાધુ, જ્ઞાનાદિ રત્નોની મહાન ખાણ, સમાધિ યોગ, શ્રુત, શીલ, પ્રજ્ઞાથી સંપન્ન મહર્ષિ આચાર્યોની આરાધના કરે, તેમને વિનયથી પ્રસન્ન રાખે. મેધાવી સાધુ આ સુભાષિત વચનોને સાંભળીને અપ્રમત્ત રહે તો એવો આચાર્યની શુશ્રૂષા કરે એ રીતે અનેક ગુણો આરાધી તે અનુત્તર સિદ્ધિને પ્રાપ્ત કરે છે - એમ હું કહું છું.***

**● વિવેચન - ૪૨૫ થી ૪૩૧ -**

જેમ યજ્ઞ કરનારો બ્રાહ્મણ, વેદી બનાવીને અગ્નિને નમસ્કાર કરે, વેદીમાં ઘી વગેરેની આહુતિ આપે. 'અગ્નેય સ્વાહા' મંત્ર ભણીને આહુતિ આપે. મંત્ર વડે અભિષેક કરે. અગ્નિની જેમ આચાર્યને શિષ્યએ વિનયપૂર્વક સેવવા જોઈએ. કેવો શિષ્ય ? સ્વ પર પર્યાયની અપેક્ષાથી અનંત વસ્તુને જાણતો અનંતજ્ઞાનયુક્ત છે. તો પછી સામાન્ય જ્ઞાની શિષ્ય કેમ ગુરુ વિનય ન કરે ? આ જ વાતને સ્પષ્ટ કરે છે -

જેની પાસે પોતે ધર્મપદોને શીખે, તેની સમીપે જતાં તેનો વિનય કરે. કઈ રીતે? સત્કાર કરે, અભ્યુત્થનાદિ કરે, મસ્તક કે અંજલિ જોડે. શરીર - વાણી - મસ્તકથી વાંદે. એ રીતે શિષ્યને આમંત્રીને ગુરુ કહે છે કે - ભાવાસક્તિ રૂપંથી સદૈવ ગુરુનો સત્કાર કરે. માત્ર સૂત્રગ્રહણ કાળે જ નમસ્કાર કરે તેમ નહીં. જો તેમ ન કરે તો કુશલાનુબંધનો વ્યવચ્છેદ થાય.

એ પ્રમાણે મનમાં કરવું, તે કહે છે - અપવાદ ભયરૂપ લજ્જા, અનુકંપા, પૃથ્વી આદિ જીવ વિષયક સંયમ, વિશુદ્ધ તપોનુષ્ઠાન, આ લજ્જાદિ ચારે ગુણોથી કુમાર્ગને દૂર કરી કુશલ પક્ષ પ્રવર્તકત્વથી કલ્યાણને ભજનાર જીવો કર્મમલને દૂર કરે છે. આના વડે એમ સૂચવે છે કકે ગુરુ પોતાના શિષ્યને નિરંતર સુમાર્ગે દોરે છે, હું તેવા ગુરુને સતત પૂજુ છું. તેનાથી વધારે પૂજવા યોગ્ય મારે કોઈ નથી. ગુરુને સૂર્યની ઉપમા આપે છે, જેમ પ્રભાતનો સૂર્ય તમામ ભરત ક્ષેત્રને પ્રકાશે છે, તેમ સૂર્ય જેવા આચાર્ય સૂત્રના જ્ઞાનથી તથા સદાચારની બુદ્ધિથી જીવાદિ તત્ત્વને પ્રકાશે છે, માટે ગુરુને સેવવા યોગ્ય છે, તેથી સુશિષ્યો વડે વિચરતા ગુરુ સામાનિક દેવો વગેરે મધ્યે જેમ ઇંદ્ર શોભે છે, તેવી રીતે પોતે શોભે છે. એ પ્રમાણે કારતક પૂનમનો ચંદ્ર રાત્રિના નક્ષત્રો તથા તારા મધ્યો શોભે તેમ આચાર્ય મુનિ સમુદાયમાં શોભે છે. માટે ગુરુ પૂજવા યોગ્ય છે.

જ્ઞાનાદિ ભાવરત્નોની અપેક્ષાએ આચાર્ય મોટી ખાણ સમાન છે. મોક્ષના વાંછક મહર્ષિ છે, કઈ રીતે ? ધ્યાન વિશેષ સમાધિ યોગથી દ્વાદશાંગના અભ્યાસથી, પરદ્રોહના વિરતિરૂપ ઔત્પાત્તિકી બુદ્ધિથી. આવા અનુત્તર જ્ઞાનાદિને એવા પ્રકારના આચાર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસેથી પામવાની ઇચ્છાથી વિનય વડે આરાધે તે પણ એક વખત નહીં, અનેક વખત. ગુરુ તે સંતોષે, તે પણ જ્ઞાનાદિ ફળ માટે નહીં, પણ નિર્જરાર્થે આરાધે.

મેધાવી આ પ્રમાણે બોધ વચનો સાંભળીને, આચાર્યની સેવામાં તત્પર બનીને ગુરુ આરાધના ફળ અપ્રમત રહીને તેમની આજ્ઞા પાલન કરી મેળવે. એ પ્રમાણે ગુરુ શુશ્રૂષા રક્ત અનેક જ્ઞાનાદિ આરાધીને, અનુત્તર સિદ્ધિને પામે. ઇત્યાદિ - x -

—— x —— x —— x —— x ——

## ۞ અધ્યયન - ૯, ઉદ્દેશો - ૨ ۞

—— x —— x —— x —— x ——

● સૂત્ર - ૪૩૨, ૪૩૩ -

***વૃક્ષના મૂળથી સ્કંધ ઉત્પન્ન થાય છે, સ્કંધથી શાખા ઉગે છે, શાખાથી પ્રશાખા નીકળે છે. પછી તે વૃક્ષને પત્ર, પુષ્પ, ફળ અનેરસ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે ધર્મવૃક્ષનું મૂળ વિનય છે, તેનું પરમ રસયુક્ત ફળ મોક્ષ છે. તે વિનય દ્વારા સાધુ કીર્તિ, શ્રુત અને મોક્ષને જલ્દી પ્રાપ્ત કરે છે.***

● વિવેચન- ૪૩૨, ૪૩૩ -

વિનય અધિકારનો આ બીજો ઉદ્દેશો છે. તેનું આ પહેલું સૂત્ર છે - વૃક્ષના મૂળથી થળથી ઉત્પન્ન થાય છે. - x - તેની ભ્રમ સમાન શાખા ઉત્પન્ન થાય. ઉક્ત શાખાથી તેના અંશરૂપ પ્રશાખા જન્મે છે. તથા તેના વડે પાંદડા ઉગે છે. પછી તે વૃક્ષના પુષ્પ, ફળ અને રસ ક્રમથી થાય છે. આ દૃષ્ટાંત આપી, તેનું દાર્ષ્ટાન્તિક કહે છેઃ- વૃક્ષના મૂળની જે ધર્મરૂપ કલ્પવૃક્ષનું મૂળ વિનય છે. તેના ફળ રસ સમાન મોક્ષ છે, સ્કંધાદિ સમાન દેવલોક કે સુકુલમાં ગમનાદિ છે. તેથી વિનય કરવો જોઈએ. શું વિશેષ છે ? વિનય વડે સર્વત્ર શુભપ્રવાદરૂપ કીર્તિ તથા અંગ પ્રવિષ્ટાદિ પ્રશંસા પાત્ર રૂપ સંપૂર્ણ શ્રુતને પામે છે.

● સૂત્ર - ૪૩૪, ૪૩૫ -

***જે ક્રોધી છે, મૃગ સમાન અજ્ઞ છે, અહંકારી છે, દુર્વાદી છે, કપટી અને શઠ છે, તે અવિનીતાત્મા સંસાર સ્રોતમાં, જળમાં પડેલા કાષ્ઠની માફક પ્રવાહિત થતો રહે છે. કોઈપણ ઉપાયથી વિનયમાં પ્રેરિત કરાયેલો જે મનુષ્ય કુપિત થઈ જાય છે, તે દિવ્યલક્ષ્મીને દંડથી રોકનાર થાય છે.***

● વિવેચન - ૪૩૫, ૪૩૬ -

અવિનયવાન્ ના દોષો કહે છે - જે ચંડ, અજ્ઞ - હિતને કહે તો પણ રોષાયમાન થાય, જાત્યાદિમદથી ઉન્મત, અપ્રિયવક્તા, માયા યુક્ત, સંયમ યોગોમાં અનાદર વાળો, આ બધાં દોષોથી વિનય કરતો નથી, તેવો પાપી સંસાર સ્રોતમાં સકલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્યાણના નિબંધન રૂપ વિનયથી રહિત થઈ તણાય છે. કઈ રીતે ? જેમ નદીના પ્રવાહમાં પડેલ લાકડું.

વળી - ગુરુ એકાંત મૃદુ વચનાદિ ઉપાયો વડે શિષ્યને વિનયની પ્રેરણા કરતાં તે રોષિત થાય તો તે દેવતાઈ લક્ષ્મી જે આવતી હોય તેને કાષ્ઠમય દંડ વડે નિવારે છે. અર્થાત્ વિનય એ સંપત્તિનું નિમિત્ત છે, તેમાં સ્ખલિત થતાં કોઈને સમજાવે, તે ગુણ પણ રોષ કરવાથી વસ્તુતઃ સંપત્તિનો નિષેધ છે. જેમ લક્ષ્મીએ કુરૂપે આવી પ્રાર્થ્યા, કૃષ્ણે તેના ગુણ જોઈને સ્વીકારી લીધી.

**● સૂત્ર - ૪૩૬, ૪૩૭ -**

***એ પ્રમાણે જે ઔપવાહ્ય હાથી અને ઘોડા અવિનીત હોય છે, તેઓ સેવાકાળમાં દુઃખ ભોગવતા તથા ભાર વહનાદિ નિમ્ન કાર્યોમાં જોડવામાં આવે છે અને જે હાથી અને ઘોડા સુવિનીત હોય છે, તેઓ સુખને અનુભવતા મહાન યશ અને ઋદ્ધિને પામતા જોવા મળે છે.***

**● વિવેચન - ૪૩૬, ૪૩૭ -**

અવિનયના દોષો દર્શાવવા કહે છે - આ વિનય રહિત, આત્મજ્ઞાનથી રહિત, ઔપવાહ્ય - રાજાદિના વલ્લભ એવા કર્મ કરો - હાથી, ઘોડા, પાડા વગેરે. તેનું શું ? અવિનય દોષથી ઉભયલોકમાં ભાર વેંઢારનાર અને સંકલેશ રૂપ દુઃખને અનેકાર્થે અનુભવતા, કર્મ કરભાવ પ્રાપ્ત કરે છે. આમનો જ વિનય ગુણ કહે છે - આ જ વિનયવંત, આત્મરૂપ, રાજાદિના હાથી, ઘોડા વગેરે આહ્લાદ સુખને અનુભવે છે. વિશિષ્ટ આભૂષણ, ભોજન આદિં ભાવથી પ્રાપ્ત ઋદ્ધિક અને વિખ્યાત સદ્ગુણવાળા થાય છે.

**● સૂત્ર - ૪૩૮ થી ૪૪૦ -**

***તે જ પ્રમાણે આ લોકમાં જે અવિનિત નર - નારી હોય છે, તેઓ ચાબુકાદિ પ્રહારથી ઘાયલ, ઇંદ્રિય વિકલ, દંડ અને શસ્ત્રથી જર્જરિત, અસભ્ય વચનોથી તાડિત, કરુણ, પરાધીન, ભૂખ અને તરસથી પીડિત થઈને દુઃખનો અનુભવ કરતા જોવાય છે અને જેઓ સુવિનીત નર-નારી છે, તેઓ ઋદ્ધિને પામીને મહાયશસ્વી બની સુખી થતાં દેખાય છે.***

**● વિવેચન - ૪૩૮ થી ૪૪૦ -**

આ જ વિનય - અવિનયનું ફળ મનુષ્યને આશ્રીને કહે છે - તિર્યંચની-જેમ અવિનીત આત્મા, આ મનુષ્ય લોકમાં નર - નારી દુઃખ અને અપમાનને પામે છે, તે પૂર્વવત્. છાતા - કસના ઘાતથી વ્રણ અંકિત શરીરવાળા, નાસિકાદિ ઇંદ્રિય છેદાયેલા એવા તે પારદારિકાદિ થાય છે તથા વેત્રદંડાદિ, ખડ્ગાદિ શસ્ત્રો વડે ચોતરફથી દુર્બળ ભાવને પામેલા તથા ખર કર્કશ વચનથી પરિજીર્ણ, એવા પ્રકારના થઈને દીન, પરવશ, દયા ખાવા યોગ્ય, સ્વાભિપ્રાય રહિત, ભુખ - તરસાદિથી વ્યાપ્ત, થોડા દાન વડે અન્નાદિ નિરોધ પામે. એ પ્રમાણેના દુઃખો અવિનીત આલોકમાં પામે પરલોકમાં પ દુઃખિતતર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય. હવે વિનયનું ફળ કહે છે - વિનીત તિર્યંચ માફક સુવિનીત આત્મા - આ લોકમાં નર - નારી વિનયથી શુદ્ધિ પામીને મહાયશવાળા આદિ થાય છે. વિશેષ એ - સ્વ આરાધિત રાજા કે ગુરુજન વડે ઉભયલોકમાં સફળતાને પામે છે.

**● સૂત્ર - ૪૪૧, ૪૪૨ -**

***એ પ્રમાણે અવિનીતાત્મા જે દેવ, યક્ષ એ ગુહ્યક હોય, તેઓ પરાધીનતા - દાસત્વ પામીને દુઃખ ભોગવતા જોવા મળે છે અને જે દેવ, યક્ષ, ગુહ્યક સુવિનિત હોય છે, તેઓ ઋદ્ધિ અને મહાન યશને પામીને સુખને અનુભવતા જોવા મળે છે.***

**● વિવેચન - ૪૪૧, ૪૪૨ -**

હવે આ જ વિનય અને અવિનયનું ફળ દેવને આશ્રીને કહે છેઃ- જેમ ભવાંતરમાં વિનય ન કરેલા નર - નારીની જેમ વૈમાનિકો, જ્યોતિષ્કો, વ્યંતરો, ભવનવાસીઓ તેઓ આગમરૂપ ભાવચક્ષુથી જોતા દુઃખ ભોગવનારા છે. કેમકે બીજાની આજ્ઞામાં રહે છે, બીજાની ઋદ્ધિ આદિ જોઈને દુઃખી છે તથા તેઓ અભિયોગ્ય - કર્મકરપણાને પ્રાપ્ત થાય છે.

વિનયનું ફળ કહે છે - પૂર્વવત્ જન્માંતરમાં કરેલા વિનયથી અર્થાત્ નિરતિચાર ધર્મારાધનથી ઉક્ત દેવો સુખને ભજનારા થાય છે. જેમકે - અરહંતના કલ્યાણકાદિમાં, દેવાધિપની ઋદ્ધિથી, વિખ્યાત ગુણોથી.

**● સૂત્ર - ૪૪૩ થી ૪૪૭ -**

***જે સાધક આચાર્ય - ઉપાધ્યાયની સેવા - શુશ્રૂષા કરે છે, તેમના વચનોનું પાલન કરે છે, તેમની શિક્ષા, જળથી સિંચાતા વૃક્ષ જેમ વધે છે.***

***જે ગૃહસ્થો આલોકના નિમિત્તે કે સુખોપભોગને માટે પોતાને કે બીજાને માટે શિલ્પકલા કે નૈપુણ્ય કલા શીખે છે. લલિતેન્દ્રિય વ્યક્તિ પણ કળા શીખતી વખતે શિક્ષક દ્વારા ઘોર બંધ, વધ અને દારુણ પરિતાપને પામે છે. તો પણ તેઓ ગુરુના નિર્દેશાનુસાર વર્તતા તે શિલ્પાદિને માટે પ્રસન્નતાપૂર્વક તે શિક્ષક ગુરુની પૂજા, સત્કાર અને નમસ્કાર કરે છે. તો પછી જે સાધુ શ્રુતગ્રાહી છે, અનંત હિતના ઇચ્છુક છે, તેનું તો કહેવું જ શું? તેથી આચાર્ય જે કહે તેનું ભિક્ષુ ઉલ્લંઘન ન કરે.***

**● વિવેચન - ૪૪૩ થી ૪૪૭ -**

એ પ્રમાણે નારકોને છોડીને વ્યવહારથી જેમાં સુખ-દુઃખ સંભવે છે. તેમાં વિનય - અવિનયનું ફળ કહ્યું. હવે વિશેષથી લોકોત્તર વિનયનું ફળ કહે છે - જે આચાર્ય અને ઉપાધ્યાયના પૂજા પ્રધાન વચન કરણશીલ છે, તે પુન્યવાનોને ગ્રહણ આસેવન રૂપ શિક્ષા વૃદ્ધિને પામે છે. જેમ જળથી સિંચિત વૃક્ષો વૃદ્ધિ પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આને મનમાં ધારીને વિનય કરવો જોઈએ, તે કહે છે - સ્વ નિમિત્તે આના વડે મારી આજીવિકા થશે, એ પ્રમાણે પરનિમિત્તે - પુત્ર, પૌત્રાદિ આ કુંભારાદિ શિલ્પ અને આલેખ્ય કળાદિ નૈપુણ્ય ગ્રહણ કરશે એમ વિચારી અસંયમનો અન્ન પાનાદિના આલોકના ભોગને માટે તે શીખે છે. જે શીખતા એવા તેમને નિગડાદિ વડે બંધ, કષ આદિથી વધ, રૌદ્ર પરિતાપ, આના દ્વારા જનિન - નિર્ભર્ત્સના વચન શીખવનાર ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે. શિલ્પાદિ ગ્રહણમાં તે ગર્ભેશ્વર રાજપુત્રાદિને આશ્રીને આ કહ્યું.

તેઓ પણ શિલ્પાદિ શીખતી વેળા બંધાદિના કારક ગુરુને પૂજે છે. મધુર વચનોથી અભિનંદે છે. શિલ્પ શીખવાના નિમિત્તે વસ્ત્રાદિ વડે સત્કારે છે, અંજલિ જોડવા આદિથી નમસ્કાર કરે છે તથા માને છે કે ગુરુની આજ્ઞા માનીશું તો જ કળા આવડશે ઇત્યાદિ - x -

જો આ રાજપુત્રાદિ આલોકના નિમિત્તે પણ આટલું કષ્ટ ભોગવે છે તો જે સાધુ પરમ પુરુષ પ્રણિત આગમ ગ્રહણના અભિલાષી છે, મોક્ષની કામનાવાળા છે, તેમણે તો વિશેષે ગુરુને પૂજવા જોઈએ. તે માટે એકાંત હિતકારક ગુરુ જે કહે તે બધાં વચનને સાધુ ન ઉલંઘે, તેથી તે સર્વ લાભને મેળવે છે.

**● સૂત્ર - ૪૪૮ થી ૪૫૨ -**

***સાધુ આચાર્યથી નીચી શય્યા કરે, નીચી ગતિ કરે, નીચા સ્થાનમાં ઉભો રહે. નીચું આસન કરે, નીચે થઈને પાદ વંદન કરે અને અંજલિ કરે. કદાચ આચાર્યના શરીરને કે ઉપકરણોને પણ સ્પર્શ થઈ જાય તો કહે - મારો અપરાધ ક્ષમા કરો, ફરી આવું નહીં થાય.***

***જે પ્રમાણે દુષ્ટ બળદ ચાબુક દ્વારા પ્રેરિત કરાતા રથને વહન કરે છે, તે પ્રમાણે દુર્બુદ્ધિ શિષ્ય પણ આચાર્યોના વારંવાર કહેવાથી કાર્ય કરે છે. (વસ્તુતઃ) ગુરુ એકવાર બોલાવે કે વારંવાર, બુદ્ધિમાન શિષ્ય આસને બેસીને જ ઉત્તર ન આપે, પરંતુ જલ્દી જ આસન છોડીને શુશ્રૂષા સાથે તેમની વાત સાંભળીને સ્વીકારે.***

***કાળ, ગુરુ અભિપ્રાય, ઉપચારો તથા દેશાદિને હેતુઓથી સારી રીતે જાણીને તદનુકૂળ ઉપાયોથી તે - તે કાર્યોને સંપાદિત કરે.***

**● વિવેચન - ૪૪૮ થી ૪૫૨ -**

હવે વિનયના ઉપાયો કહે છે - સંસ્તારક રૂપ આચાર્યની શય્યાની પાસે નીચી શય્યા કરે. આચાર્યની ગતિથી નીચી ગતિ કરે - તેમની પાછળ બહુ દૂર કે બહુ જલ્દી ન ચાલે. આચાર્યથી નીચા સ્થાને બેસે. તથા નીચા - લઘુતર પીઠિકાએ કદાચ કોઈ કારણ હોય તો બેસે, ત્યારે પણ પૂર્વે આચાર્યની અનુજ્ઞા લે, અન્યથા ન બેસે. આચાર્યના ચરણમાં સમ્યક્ રીતે મસ્તક નમાવીને વાંદે, અવજ્ઞાથી નહીં. કદાચ પ્રશ્ન પૂછવાનો થાય તો કાયા નમાવી, મસ્તકે અંજલી જોડીને પૂછે પણ ઠુંઠાની જેમ અક્કડ થઈને ન પૂછે. એમ કાય વિનય કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે વચન વિનય કહે છે - દેહને સ્પર્શતી વેળા, આચાર્ય જો કદાચ તેવા સ્થાને બેઠા હોય અને તેમના વસ્ત્રાદિને સંઘટ્ટો થઈ જાય તો મિથ્યાદુષ્કૃત પૂર્વક અભિવંદીને "મારો અપરાધ ક્ષમા કરો" એમ કહે મંદભાગ્ય એવો મારો આ દોષ છે, ફરી ભૂલ કરીશ નહીં. બુદ્ધિમાન સિષ્ય આ સ્વયં કરે છે, પણ જે તેવા નથી તે કઈ રીતે વર્તે ?

તે કહે છે - જેમ ગળીયો બળદ પરોણાથી વિંધાઈને કોઈ રથ આદિને વહે છે, એ પ્રમાણે અહિતાવહ બુદ્ધિ શિષ્ય, આચાર્યાદિના અભિરુચિત કાર્યોને વારંવાર કહ્યા પછી પૂરા કરે છે.

આવા કૃત્યો મુનિને ન શોભે તો કહે છે - શરદ ઋતુ સંબંધી જે કાળ, તે સંબંધી છંદ ઉપચાર - આરાધના પ્રકાર, દેશાદિ સંબંધી ઉપચાર, તેવા તેવા ઉપાયો જોઈને સાધુએ ગૃહસ્થને કંઈ ન કહેવું. જેમકે - શરદ ઋતુમાં પિત્તને હરનારું ભોજન કરવું. અનુકૂળ હવાવાળા સ્થાને સુવું ઇત્યાદિ - x - x - (ગાથા - ૪૫૧) પ્રક્ષેપ ગાથા છે, તેની કોઈ વૃત્તિ નથી.

● સૂત્ર - ૪૫૩ થી ૪૫૫ -

***અવિનીતને વિપત્તિ અને વિનીતને સંપત્તિ પ્રાપ્ત થાય છે. જેને આ બંને પ્રકારે જ્ઞાત છે, તે જ કલ્યાણકારી શિક્ષાને પ્રાપ્ત થાય છે.***

***જે મનુષ્ય ચંડ છે, પોતાની મતિનો ગર્વી છે, જે પિશુન છે, સાહસિક છે, ગુરુ આજ્ઞા પાલનથી હીન છે, શ્રમણધર્મથી અદૃષ્ટ છે, વિનયમાં અનિપુણ છે, અસંવિભાગી છે, તેમને કદાપિ મોક્ષ પ્રાપ્ત ન થાય.***

***જે ગુરુ આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરે છે, જે ગીતાર્થ છે, વિનયમાં કોવિદ છે, તેઓ આ દુસ્તર સંસાર સાગરને તરીને, કર્મોનો ક્ષય કરીને સર્વોત્કૃષ્ટ ગતિમાં ગયા છે - તેમ હું કહું છું.***

● વિવેચન - ૪૫૩ થી ૪૫૫ -

અવિનીતને જ્ઞાનાદિ ગુણોની વિપત્તિ અને વિનિતને તેની સંપ્રાપ્તિ થાય. વિનય - અવિનય બંને જ્ઞાન સમજવાની શક્તિ હોય, તે બુદ્ધિથી વિચારીને ગ્રહણ - આસેવનરૂપ શિક્ષાને પામે છે. કેમકે ભાવથી ઉપાદેયનું પરિજ્ઞાન છે. આને જ દૃઢ કરવા વિનીતનું ફળ કહે છે - જે સાધુ ક્રોધી હોય, ઋદ્ધિ ગૌરવમાં સ્થિત હોય, પાછળથી ચુગલી કરનાર હોય, તે જોવામાં પુરુષ હોય પણ ભાવથી ન હોય, અકૃત્ય કરતો હોય, ગુરુ આજ્ઞે માને નહીં, શ્રુતાદિ ધર્મોને સમ્યગ્ રીતે પામેલ ન હોય, વિનયના વિષયમાં અપંડિત હોય, કંઈ મળે તો સંવિભાગ ન કરતો હોય. આવા અધમને મોક્ષ ન મળે. પણ સમ્યગ્દૃષ્ટિ ચારિત્રવંતને આવા પ્રકારના સંક્લેશના અભાવે મોક્ષ મળે.

વિનયના ફળને કહેવા ઉપસંહાર કરે છે. આચાર્યાદિની આજ્ઞામાં રહેનારો, શ્રુતાર્થધર્મી - ગીતાર્થ હોય. વિનય કરવામાં પંડિત હોય તે મહાસત્ત્વી આ પ્રત્યક્ષ દુસ્તર સંસાર સમુદ્રને તરી જઈને ચરમભવ અને કેવલિત્વને પામે છે. પછી ભાવોપગ્રાહી સર્વે કર્મો ખપાવીને સિદ્ધિ નામે ઉત્તમ ગતિમાં જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૯, ઉદ્દેશો - ૩ ❂

——x——x——x——x——

● સૂત્ર - ૪૫૬ થી ૪૬૨ -

***(૪૫૬) જે પ્રકારે આહિતાગ્નિ અગ્નિની શુશ્રૂષા કરતો જાગૃત રહે છે, તે પ્રકારે આચાર્યની શુશ્રૂષા કરતો જે જાગૃત રહે છે, આચાર્યના આલોકિત અને ઇંગિતને જાણીને તેમના અભિપ્રાયની આરાધના કરે છે, તે પૂજ્ય થાય છે.***

***(૪૫૭) જે શિષ્ય આચારને માટે વિનય કરે છે, આચાર્યની શુશ્રૂષા કરતો વચન ગ્રહણ કરે, ઉપદેશાનુસાર કાર્ય કરવા ઇચ્છે છે અને જે ગુરુની આશાતના નથી કરતો તે પૂજ્ય થાય છે.***

***(૪૫૮) અલ્પવયસ્ક હોવા છતાં પર્યાયમાં જે જ્યેષ્ઠ છે, તો રત્નાધિકોની પ્રતિ જે સાધુ વિનય કરે છે, નમ્ર રહે છે, સત્યાવાદી છે, ગુરુ સેવા કરે છે, ગુરુ વચનનું પાલન કરે છે, તે પૂજ્ય થાય છે.***

***(૪૫૯) સંયમ યાત્રાના નિર્વાહાર્થે સદા વિશુદ્ધ, સામુદાયિક, અજ્ઞાત, ઉંછ, ભિક્ષાચર્યા જે કરે છે, જે ન મળે તો વિષાદ કરતાં નથી અને મળે તો પ્રશંસા કરતા નથી તે પૂજ્ય થાય છે.***

***(૪૬૦) જે સાધુ સંસ્તારક શય્યા, આસન, ભોજન અને પાણીનો અતિલાભ થવા છતાં અલ્પેચ્છા રહે, એ પ્રમાણે જે પોતાને સંતુષ્ટ રાખે તથા જે સંતોષ ધ્યાન જીવનમાં રત છે, તે પૂજ્ય છે.***

***(૪૬૧) મનુષ્ય લાભની આશામાં લોઢાના કાંટાને ઉત્સાહથી સહે છે, પરંતુ જે લાભની આશા વિના કાનોમાં પ્રવિષ્ટ થનારા તીક્ષ્ણ વચનમય કાંટાને સહી લે છે, તે જ પૂજ્ય થાય છે.***

***(૪૬૨) લોઢાનો કાંટો મુહૂર્ત માટે જ દુઃખદાયી થાય છે, પરંતુ તે પણ સુખપૂર્વક કાઢી શકાય છે. પણ વાણીથી નીકળેલા દુર્વચનકંટક મુશ્કેલીથી ઉદ્ધરાય છે, તે વૈરાનુબંધી અને મહાભયકારી હોય છે.***

● વિવેચન - ૪૫૬ થી ૪૬૨ -

જગતમાં વિનીત પૂજ્ય થાય, તે દર્શાવવા કહે છેઃ- આચાર્ય - સૂત્રાર્થ દાતા. કે તેના સ્થાને રહેલ અથવા બીજા જ્યેષ્ઠાર્ય, તેનું શું ? જેમ બ્રાહ્મણ અગ્નિને સમ્યક્ સેવો, ઉપચારથી તે - તે કૃત્ય પૂર્ણ કરે. - x - તેમ તે આચાર્ય અથવા રત્નાધિકારને આશ્રીને કહે છે, તેમનો વિનય કરે. પ્રતિ જાગરણનો ઉપાય કહે છે - નિરીક્ષિત અને અન્યથાવૃત્તિ લક્ષણ જાણીને સાધુ આચાર્યનો અભિપ્રાય આરાધે છે. જ્યારે ઠંડીમાં પ્રાવરણ તરફ જુએ, તો સાધુ તે લાવી આપે. બળખો આદિ જોઈને સુંઠ આદિ લાવી આપે. આવો સાધુ પૂજ્ય - કલ્યાણભાગી થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત અધિકારમાં કહે છે - જ્ઞાનાદિ આચાર નિમિત્તે ગુરુનો વિનય કરે. ગુરુ વચન સાંભળવા ઇચ્છા કરે. તેઓ બોલે, ત્યારે તેમના વચનને ગ્રહણ કરે, તેનું આચરણ કરે. શિષ્ય માયા રહિત થઈ, શ્રદ્ધાવડે કરવાને ઇચ્છતો તે વિનય કરે. અન્યથા કરવાથી આચાર્યની આશાતના થાય છે. તેથી જે ગુરુની આશાતના ન કરે તે જગત્‌માં પૂજ્ય છે.

જ્ઞાનાદિ ભાવ રત્નોથી જે ઉંચા છે, તેમનો યથોચિત વિનય કરે કદાચ તેઓ ઉંમર અને શ્રુતથી નાના હોય, પણ પર્યાય જયેષ્ઠ હોય તો તેમનો વિનય કરે. એ પ્રમઆમે ગુણાધિક પ્રતિ નમીને વર્તે, અવિરુદ્ધ બોલે, વંદનશીલ રહે, એ પ્રમાણે ગુરુ નિર્દેશ કરણશીલ છે તે પૂજ્ય છે.

અજ્ઞાત - પરિચય ન કરીને, તે ભાવઉંછ છે. ગૃહસ્થોદ્ધરિતાદિને ભ્રમણ કરીને લાવે પછી ખાય. જ્ઞાતને ત્યાંથી ન લે. તે પણ ઉદ્‌ગમ આદિ દોષ રહિત લે, દોષિત ન લે. તે પણ સંયમનો ભાર વહનકર્તા શરીરને પાલન માટે લે, અન્યથા નહીં. આ આહાર પણ જુદી જુદી જગ્યા ફરીને લે. આહાર ન મળે કે ઓછો મળે, તો ખેદ ન કરે કે હું મંદભાગ્ય છું અથવા આ દેશ અશોભન છે. સારો આહાર મળે તો પ્રસંશા ન કરે.

સંથારો, શય્યા આદિમાં મૂર્છા ન રાખે, પરિભોગથી અતિરિક્ત ન લે, અતિ લાભ થાય તો પણ આત્માને સંતોષમાં રાખે. તે પૂજ્ય થાય.

ઇંદ્રિય સમાધિ દ્વારથી પૂજ્યતા કહે છે - લોઢાનો કાંટો દુઃખદાયી છે, તેમ છતાં અર્થને માટે ઉદ્યમ કરે છે, તે માટે વાણીરૂપ કાંટાને પણ સહન કરે. - x - સાધુએ પરમાર્થ સાધવાનો હોવાથી તેણે તો વિશેષ પ્રકારે કડવા વચનો સહેવા જોઈએ. ઇત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું - x - x -.

● **સૂત્ર - ૪૬૩ થી ૪૭૦ -**

***(૪૬૩) આવતા એવા કટુ વચનોના આઘાત કાનમાં પહોંચતા જ દૌર્મનસ્ય ઉત્પન્ન કરે છે. પરંતુ જે વીરપુરુષોમાં પરમ અગ્રણી જિતેન્દ્રિય પુરુષ, તેને પોતાનો ધર્મ માનીને સહન કરે છે, તે પૂજ્ય છે.***

***(૪૬૪) જે મુનિ પીઠ પાછળ કદાપિ કોઈનો અવર્ણવાદ બોલતા નથી, તથા પ્રત્યક્ષ વિરોધી, નિશ્ચયકારિણી, અપ્રીયકારિણી ભાષા ન બોલે તે પૂજ્ય છે.***

***(૪૬૫) જે લોલુપ નથી, કૌકુત્ચ્ય, માયા કે પૈશુન્ય કરતો નથી, દીનવૃત્તિ કરતો નથી, પોતાની પ્રશંસા કરતો - કરાવતો નથી અને કુતુહલ કરતો નથી, તે પૂજ્ય છે.***

***(૪૬૬) મનુષ્ય ગુણોથી સાધુ છે, અગુણોથી અસાધુ છે, તેથી સાધુને યોગ્ય ગુણોનું ગ્રહણ કરે અને અસાધુ ગુણોને છોડે. આત્માને આત્માથી જાણીને જ રાગદ્વેષમાં મધ્યસ્થ રહે છે, તે જ પૂજ્ય થાય છે.***

***(૪૬૭) આ પ્રમાણે નાનો હોય કે મોટો, સ્ત્રી હોય કે પુરુષ, દીક્ષિત***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***હોય કે ગૃહસ્થ, તેની હીલના કે ખિંસા ન કરે તથા જે અહંકાર કે ક્રોધનો ત્યાગ કરે તે પૂજ્ય છે.***

***(૪૬૮) સન્માનિત કરાયેલ આચાર્ય, સાધુને સતત સન્માનિત કરે છે. જેમ પિતા પોતાની કન્યાને કરે છે. યત્નપૂર્વક યોગ્ય કુળમાં સ્થાપિત કરે છે, તે સન્માનાર્હ, તપસ્વી, જિતેન્દ્રિય, સત્યપરાયણનું સન્માન કરે તે પૂજ્ય છે.***

***(૪૬૯) જે મેધાવી મુનિ તે ગુણસાગર ગુરુના સુભાષિત સાંભળીને તદનુસાર આચરે છે, જે પાંચ મહાવ્રતરત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, ચાર કષાયથી રહિત છે, તે પૂજ્ય છે.***

***(૪૭૦) જિનમત નિપુણ અને અભિગમ કુશળ મુનિ આ લોકમાં સતત ગુરુની પરિચર્યા કરીને પૂર્વકૃત કર્મરજને ક્ષય કરી ભાસ્વર અને અતુલ સિદ્ધિ ગતિને પામે છે-- તેમ હું કહું છું.***

**● વિવેચન - ૪૬૩ થી ૪૭૦ -**

એકીભાવથી અભિમુખ આવીને પડતાં કઠોરાદિ વચન પ્રહાર કાનમાં પડતા પ્રાયઃ અનાદિભાવના અભ્યાસથી દુષ્ટ મનોભાવ જન્માવે છે. પ્રાણીના આવા પ્રકારના વચનના ઘાતને ધર્મ સમજી, અશક્તિ આદિથી નહીં પણ સમતાના પરિણામ પામીને, દાન સંગ્રામ શૂરની અપેક્ષાથી પ્રધાન શૂર એવો જિતેન્દ્રિય થઈને જે સહન કરે, પણ ક્રોધ ન કરે તે પૂજ્ય છે.

પાછળથી અવર્ણવાદ ન કરે, અપકારીને કડવું વચન ન કહે, આ અશોભન છે એવી અને શ્રોતાને મૃત નિવેદન રૂપ અપ્રિય ભાષા ન ક્યારેય ન બોલે તે પૂજ્ય. તથા આહારાદિમાં અલુબ્ધ, ઇંદ્ર જાળ આદિ કૌત્કુચ્ય રહિત, કપટ શૂન્ય, છેદ-ભેદ ન કરનાર, આહારાદિ ન મળે તો પણ શુદ્ધવૃત્તિ વાળો, બીજાને અકુશળ ભાવનાથી ન ભાવતો, હું કેવો પ્રશંસવા યોગ્ય છું, તેમ ન કહે. પોતાના ગુણો પોતે જ બીજા આગળ ન વર્ણવે, નર્તકાદિમાં અકૌતુક છે, તે પૂજ્ય છે.

અનંતરોક્ત વિનયાદિ ગુણ યુક્ત સાધુ કહેવાય અને ઉક્ત ગુણ વિપરીત તે અસાધુ કહેવાય. તેથી ગુણોને ધારણ કર અને અસાધુ ગુણોનો ત્યાગ કર. એ પ્રમાણે જાણીને રાગ-દ્વેષ રહિત થાય તે પૂજ્ય છે.

તે પ્રમાણે જ - નાનો, મોટો કે મધ્યમ હોય; પુરુષ, સ્ત્રી કે નપુંસક હોય; પ્રવ્રજિત, ગૃહસ્થ કે અન્યતીર્થિક હોય; તેમાં રોષથી કે અસૂયાથી એક વખત અપમાન તે હીલના, વારંવાર તે ખિંસા. તેના નિમિત્ત ભૂત માન અને રોષને તજીને, તે પૂજ્ય નિદાનના ત્યાગથી તત્ત્વતઃ કાર્ય ત્યાગથી રહે તે પૂજ્ય છે.

જેઓ અભ્યુત્થાનાદિ સત્કારથી નિરંતર શિષ્યોને શ્રુતોપદેશ પ્રતિ પ્રેરવાથી, યત્ન વડે કન્યાની માફક સ્થાપે છે, તે પ્રમાણે આચાર્યો શિષ્યને સૂત્રાર્થવિદી જાણીને મોટા આચર્યપદે સ્થાપે છે.. આવા પ્રકારના ગુરુને જે અભ્યુત્થાનાદિ વડે સન્માને છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનને યોગ્ય તપસ્વી થઈ જિતેન્દ્રિય બનીને લોભ રહિત થાય છે, તે સાધુ જગતમાં પૂજ્ય થાય છે.

તે અનંતરોક્ત ગુરુના ગુણ સમુદ્ર સંબંધી પરલોકોપરકારિણી સુભાષિતો સાંભળીને મેધાવી મુનિ પંચમહાવ્રત, મનોગુપ્તિ આદિને આચરતો ક્રોધાદિ કષાય રહિત થાય તે પૂજ્ય છે. હવે ફળ બતાવી ઉપસંહાર કહે છે -

આચાર્યાદિ રૂપ પૂજ્યોને આ મનુષ્યલોકમાં નિરંતર વિધિપૂર્વક આરાધીને, આગમમાં પ્રવીણ અભિગમ કુશળ મુનિ, પૂર્વકૃત આઠ પ્રકારના કર્મો ખપાવીને, જ્ઞાનતેજથી દીપતા, અનન્ય સદૃશ સિદ્ધિ ગતિ પામે છે. અથવા જન્માંતરથી સુકુલમાં જન્મ પામીને મોક્ષે જાય છે.

——— x ——— x ——— x ——— x ———

## ۞ અધ્યયન - ૯, ઉદ્દેશો - ૪ ۞

——— x ——— x ——— x ——— x ———

૦હવે ચોથો ઉદ્દેશાનો આરંભ કરે છેઃ-

**● સૂત્ર - ૪૭૧, ૪૭૨ -**

***આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે કે, તે ભગવંતે આ પ્રમાણે કહ્યું છે કે - અહીં નિશ્ચે સ્થવિર ભગવંતોએ ચાર વિનય સમાધિસ્થાન કહેલા છે. સ્થવિર ભગવંતોએ કયા ચાર વિનય સમાધિસ્થાન કહેલા છે ? - x - તે આ છેઃ- વિનય સમાધિ, શ્રુત સમાધિ, તપ સમાધિ, આચાર સમાધિ જે જિતેન્દ્રિય છે, પંડિત છે, પોતાના આત્માને સદા વિનય, શ્રુત, તપ અને આચાર, એ ચાર સમાધિ સ્થાનોમાં નિરત રાખે છે.***

**● વિવેચન - ૪૭૧, ૪૭૨ -**

સામાન્યથી કહેલ વિનયને વિશેષથી દર્શાવવા માટે આ કહે છે - હે આયુષ્યમાન! મેં સાંભળેલ છે કે - તે ભગવંતે આ પ્રમાણે કહેલ છે ઇત્યાદિ છ જીવનિકાયમાં છે, તેમ કહેવું. આ ક્ષેત્ર કે પ્રવચનમાં બીજે પણ બીજા તીર્થંકરના પ્રવચનમાં ગણધરો વડે અને ભગવંતો વડે વિનય સમાધિ રૂપ ચાર ભેદો પ્રરૂપેલ છે. ભગવંત પાસે સાંભળીને ગ્રંથ રૂપે રચેલ છે. તે કેટલાં છે ? - x - વિનય સમાધિ આદિ ચાર છે.

તેમાં સમાધાન તે સમાધિ. પરમાર્થથી આત્માનું હિત, સુખ અને સ્વાસ્થ્ય જેના વડે થાય તે સમાધિ. વિનયમાં કે વિનયથી સમાધિ તે વિનય સમાધિ. એ પ્રમાણે બાકીના ત્રણેમાં કહેવું. આ જ વાત શ્લોકવડે સંગૃહિત કરી છે. વિનય - યથોક્ત લક્ષણ, શ્રુત - અંગ આદિ, તપ - બાહ્ય આદિ, આચાર - મૂલગુણ આદિ. સર્વકાળ, સમ્યક્ પરમાર્થ વેદી, શું કરે છે ? આત્માને અનેકાર્થત્વથી આભિમુખ્યતાથી વિનયાદિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોજે છે. કોણ તે યોજો છે ? ચક્ષુ આદિ ભાવ શત્રુને જિતેલા, તેઓ જ પરમાર્થથી પંડિત છે.

● સૂત્ર - ૪૭૩ થી ૪૭૫ -

***વિનય સમાધિ ચાર પ્રકારે હોય છે.તે આ પ્રમાણે - (૧) અનુશાસિત શિષ્ય, આચાર્યના વચનને સાંભળવા ઇચ્છે છે. (૨) અનુશાસનને સમ્યક્‌પણે સ્વીકારે છે. (૩) શાસ્ત્રને આરાધે છે, (૪) આત્મ પ્રશંસક હોતો નથી. આ વિષયમાં શ્લોક પણ છે- આત્માર્થી મુનિ હિતાનુશાસનની પ્રેક્ષા કરે, સાંભળે, તેમાં જ અધિષ્ઠિત થાય, ઉન્માદથી ઉન્મત્ત ન થાય - કે હું વિનય સમાધિમાં પ્રવીણ છું.***

● વિવેચન - ૪૭૩ થી ૪૭૫ -

વિનય સમાધિ નિશ્ચે ચાર ભેદે છે. જ્યારે જ્યારે પ્રેરણા કરે ત્યારે ત્યારે તે અનુશાસનનો અર્થી બની સાંભળવાની ઇચ્છા કરે. ઇચ્છાપ્રવૃત્તિથી તેને સમ્યગ્ - અવિપરીત અનુશાસનતત્ત્વને યથા વિષય જાણો. વિશિષ્ટ પ્રતિપત્તિથી જ વેદને આરાધે. વેદ એટલે શ્રુતજ્ઞાન, તે યથોક્ત અનુષ્ઠાન કરીને સફળ કરે. તેથી જ વિશુદ્ધ પ્રવૃત્તિથી આત્મા જ સમ્યક્ પ્રકર્ષથી ગૃહીત જેના વડે હું વિનીત સુસાધુ છું ઇત્યાદિ ન વિચારે. - x - x - વિનય સમાધિમાં છંદ વિશેષ છે, તે આ છેઃ- આ લોક પરલોકનું હિત જેનાથી થાય તેવા આચાર્યના ઉપદેશને સાંભળવાને ઇચ્છે છે. અનેકાર્થપણાથી તે વિષયને જાણે છે. જાણીને તે પ્રમાણે કરે છે. ગુણ પ્રાપ્ત કરીને પૂજતા અહંકાર કરતો નથી. આવો મોક્ષાર્થી સાધુ વિનય સમાધિવાળો જાણવો.

● સૂત્ર - ૪૭૬ થી ૪૭૮ -

***શ્રુત સમાધિ ચાર ભેદે હોય છે. તે આ પ્રમાણે - (૧) મને શ્રુત પ્રાપ્ત થશે, તેથી અધ્યયન કરવું ઉચિત છ. (૨) હું એકાગ્રચિત્ત થઈશ તેથી અધ્યયન કરવું ઉચિત છે. (૩) આત્માને સ્થાપિત કરીશ માટે અધ્યયન કરવું ઉચિત છે. (૪) બીજાને સ્વભાવમાં સ્થાપિત કરીશ માટે અધ્યયન કરવું ઉચિત છે. આ ચોથું પદ છે. અહીં એક શ્લોક છે. જ્ઞાન થાય, એકાગ્ર ચિત્ત થાય, સ્થિત થાય છે, બીજાને સ્થિર કરે છે. અનેક પ્રકારે શ્રુતનું અધ્યયન કરી, શ્રુત સમાધિમાં રત થઈ જાય છે.***

● વિવેચન - ૪૭૬ થી ૪૭૮ -

શ્રુત સમાધિ કહે છેઃ- શ્રુત સમાધિ નિશ્ચે ચાર ભેદે છે. તે આ પ્રમાણે (૧) મને આચારાદિ દ્વાદશાંગનું શ્રુતજ્ઞાન થશે, એ બુદ્ધિથી અધ્યયન કરે, પણ ગૌરવ આદિ આલંબનથી ન ભણે. (૨) અધ્યયન કરતો હું એકાગ્રચિત્ત થઈશ, પણ વિપ્લુતચિત્તે ન ભણે. (૩) અધ્યયન ન કરતાં ધર્મતત્ત્વને જાણીને આત્માને શુદ્ધધર્મમાં સ્થાપીશ, એ આલંબનથી અધ્યયન કરે. (૪) અધ્યયનના ફળથી સ્વયં ધર્મમાં સ્થિત થઈ, બીજા શિષ્યોને ધર્મમાં સ્થાપવા માટેના આલંબનથી ભણે. - x - શ્લોકઃ- અધ્યયનથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન થાય છે, પછી એકાગ્ર આલંબન થાય છે. વિવેકથી ધર્મમાં સ્થિત થાય છે. સ્વયં ધર્મમાં સ્થિતપણાથી બીજાને પણ સ્થાપે. વિવિધ પ્રકારના શ્રુતને ભણીને શ્રુત સમાધિમાં આસક્ત થાય છે.

● સૂત્ર - ૪૭૯, ૪૮૦ -

***તપ સમાધિ ચાર ભેદે હોય છે. તે આ પ્રમાણે - (૧) આલોકના પ્રયોજનથી તપ ન કરે (૨) પરલોકના પ્રયોજનથી તપ ન કરે (૩) કીર્તિ, વર્ણ, શબ્દ અને શ્લોકને માટે તપ ન કરે. (૪) નિર્જરા સિવાયના બીજા કોઈપણ ઉદ્દેશ્યથી તપ ન કરે. આ ચોથું પદ છે. અહીં શ્લોક છે - સદૈવ વિવિધ ગુણવાળા તપમાં જે રત રહે છે, તે પૌદ્ગલિક ફળની આશા રાખતા નથી, કર્મ નિર્જરાર્થી હોય છે. તપ વડે પૂર્વકૃત પાપોને ખપાવે છે અને સદૈવ તપસમાધિથી યુક્ત રહે છે.***

● વિવેચન - ૪૭૯, ૪૮૦ -

હવે તપ સમાધિ કહે છે - તે ચાર ભેદે છે. તે આ પ્રમાણે - (૧) આલોક નિમિત્તે લબ્ધિ આદિની વાંછાથી અનશનાદિરૂપ તપ ધર્મિલની જેમ ન કરે. (૨) જન્માંતરના ભોગ નિમિત્તે બ્રહ્મદત્તની જેમ તપ ન કરે. (૩) કીર્તિ - સર્વ દિશાવ્યાપી સાધુવાદ, વર્ણ - એક દિશા વ્યાપી, શબ્દ - અર્દ્ધ દિશા વ્યાપી, શ્લાઘા - તે જ સ્થાને થાય. આ કીર્તિ આદિને માટે તપ ન કરે. પણ માત્ર કર્મ નિર્જરાને માટે જ તપ કરે. ઇચ્છા રહિતપણે જેમ કર્મ નિર્જરા ફળ થાય, તે રીતે જ તપ કરે. હવે શ્લોક કહે છે - વિવિધ ગુણ તપોરત જ. અનશનાદિ અપેક્ષાથી અનેક ગુણ જે તપ, તેમાં સદા રત રહે, આલોકાદિમાં આશા રહિત, કર્મ નિર્જરાર્થી થઈ, એવા વિશુદ્ધ તપ વડે લાંબા કાળના સંચિત કર્મો દૂર કરે અને નવા ન બાંધે. - x -

● સૂત્ર - ૪૮૧ થી ૪૮૪ -

***આચાર સમાધિ નિશ્ચે ચાર ભેદે હોય છે. તે આ - (૧) આ લોકના નિમિત્તે આચાર પાલન ન કરે. (૨) પરલોકના નિમિત્તે આચાર પાલન ન કરે. (૩) કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લાઘા નિમિત્તે આચાર પાલન ન કરે. (૪) આર્હત્ હેતુ સિવાયના બીજા કોઈ હેતુ નિમિત્તે આચાર પાલન ન કરે. આ ચોથું પદ છે. અહીં શ્લોક છે:- જે જિનવચનમાં રત છે, તે બડબડાટ કરતાં નથી, જે જ્ઞાનથી પરિપૂર્ણ છે અને જે અતિશય આત્માર્થી છે, તે મન અને ઇંદ્રિયોનું દમન કરનાર મુનિ આચાર સમાધિ દ્વારા સંવૃત્ત થઈને મોક્ષને અત્યંત નિકટ કરનારો હોય છે.***

***સુવિશુદ્ધ અને પોતાને સુસમાહિત રાખનાર સાધુ ચારે સમાધીઓને જાણીને, પોતાને માટે વિપુલ, હિતકર, સુખાવહ અને કલ્યાણકર મોક્ષપદને પામે છે. જન્મ-મરણથી મુક્ત થઈ જાય છે. નરક આદિ બધાં પર્યાયોને સર્વથા તજી દે છે અથવા શાશ્વત સિદ્ધ થઈ જાય છે. અથવા અલ્પ કર્મવાળો મહર્દ્ધિક દેવ થાય છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● **વિવેચન - ૪૮૧ થી ૪૮૪ -**

આચાર સમાધિ કહે છે. ભેદોની વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. आर्हत - અરહંત સંબંધી હેતુ વડે, અનાશ્રવત્વ આદિથી. आचार - અહીં મૂલગુણ, ઉત્તર ગુણ - x - जिनवचनरत - આગમમાં આસક્ત, अतिन्तिन - એક વખત કંઈ કહેતા ઇર્ષ્યાથી વારંવાર ન બોલવું તે. आयतमायतार्थिक - અત્યંત મોક્ષાર્થી. संवृत्त - સ્થગિત આશ્રવ દ્વાર. भावसंधक - મોક્ષની નીકટ આત્માને કરનાર.

હવે સર્વ સમાધિ ફળ કહે છે - અનંતરોક્ત સમાધિ જાણીને સુવિશુદ્ધ મનવચન કાયાથી, સુસમાહિત આત્મા સત્તર ભેદે સંયમમાં રહે, આવા ધર્મરાજ્યને પામીને વિસ્તીર્ણ હિત અને ભાવિમાં અક્ષય સુખનો સમૂહ તથા આત્માનું ક્ષેમ પદ પામે છે - x - x -. તેને જ સ્પષ્ટ કરતાં કહે છે - સંસારથી આવો સાધુ મુક્ત થાય છે. નારકી વગેરે સંબંધી વર્ણ સંસ્થાનાદિ સર્વથા ત્યજે છે અને ફરી ગ્રહણ ન કરવાથી શાશ્વત સુખવાળા સિદ્ધ પદને મેળવે છે. ઇત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન - ૯ - નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❂ અધ્યયન - ૧૦ - "સભિક્ષુ" ❂

—— x —— x —— x —— x ——

૦હવે "સભિક્ષુ" અધ્યયન કહે છે. તેનો સંબંધ આ છે - અહીં અનંતર અધ્યયનમાં આચાર પ્રણિહિત યથોચિત વિનય સંપન્ન થાય છે, તેમ કહ્યું. અહીં કહેશે કે - નવે અધ્યયનના અર્થમાં જે વ્યવસ્થિત છે, તે સમ્યગ્‌ભિક્ષુ છે. એ સંબંધે આ અધ્યયન આવેલ છે. - x - x - અહીં 'સભિક્ષુ' એ અધ્યયનનું નામ છે. તેથી 'સ' કાર અને ભિક્ષુનો નિક્ષેપો કહેવો. તેમાં 'સ' કારનો નિક્ષેપ કહે છે -

• **નિર્યુક્તિ - ૩૨૯ થી ૩૩૨ -**

નામ સકાર તે 'સ' કાર એવું નામ, સ્થાપના સકારને 'સ' કારની સ્થાપના, દ્રવ્ય સકાર અને ભાવ સકાર બતાવે છે. તેમાં દ્રવ્ય તે આગમ નોઆગમ જ્ઞશરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત પ્રશંસાદિ વિષયક દ્રવ્ય સકાર, ભાવ સકાર જીવ સકારમાં ઉપયુક્ત છે. અહીં જ્ઞશરીર - ભવ્ય શરીર - તદ્વ્યતિરિક્ત પ્રશંસાદિ વિષયક દ્રવ્ય સકાર ઉપયોગી છે.

નિર્દેશ, પ્રશંસા, અસ્તિભાવ એ ત્રણ અર્થમાં સકાર છે. તેમાં નિર્દેશમાં સોઽનાન્તર ઇત્યાદિ. પ્રશંસામાં આ 'સત્પુરુષ' છે ઇત્યાદિ. અસ્તિભાવમાં 'સદ્‌ભૂત' ઇત્યાદિ અહીં નિર્દેશ અને પ્રશંસા એ બંનેમાં જે સકાર છે, તેનો આ અધ્યયનમાં ઉપયોગ છે, એ જ દર્શાવે છે.

પૃથ્વી આદિ પદાર્થો છે, તેનું રક્ષણ કરવું. પ્રસ્તુત શાસ્ત્રમાં અનુષ્ઠેય અને તીર્થંકરાદિ કથિત છે, તે ભાવોને યથાશક્તિ દ્રવ્યથી અને ભાવથી આચરીને છેવટ સુધી પાળે, તે ભાવોને યથાશક્તિ દ્રવ્યથી અને ભાવથી આચરીને છેવટ સુધી પાળે, તે ભિક્ષુ છે. તે અર્થમાં જે ભિક્ષણશીલ છે, પણ ઉદરભરણાર્થે જીવતો નથી તે ભિક્ષુ છે. 'સ ભિક્ષુ' નિર્દેશમાં સકાર છે.

હવે 'પ્રશંસા'માં કહે છે - ચરક, મરુક, શાક્યાદિ, ભિક્ષણશીલ છે પણ સાધુના ગુણ ન હોવાથી તેમને અહીં ન લેવા. આ અધ્યયનમાં બતાવેલા ગુણવાળો સાધુ હોય, તે ભિક્ષુ જાણવો. સત્ ભિક્ષુ તે અભિક્ષુ. આ પ્રમાણે પ્રશંસા અને નિર્દેશ અર્થમાં સકાર કહ્યો. હવે ભિક્ષુનું વર્ણન.

• **નિર્યુક્તિ - ૩૩૩ થી ૩૩૭ -**

'ભિક્ષુ' નો નામાદિ નિક્ષેપ કરવો. નિરુક્ત ભિક્ષુ જ કહેવા. તથા એકાર્થિક પર્યાય શબ્દો કહેવા. લિંગ - સંવેગ આદિ. અગુણી ભિક્ષુ ન લેવા પણ ગુણસ્થિતને જ લેવા. અહીં પ્રતિજ્ઞા આદિ પાંચ અવયવો કહેવાશે. આ દ્વાર ગાથા સંક્ષેપથી કહી. હવે વિસ્તારથી અનુક્રમે કહેવાશે.

નામભિક્ષુ સ્થાપના ભિક્ષુ, દ્રવ્ય ભિક્ષુ અને ભાવ ભિક્ષુ. તેમાં પહેલા બેને છોડીને દ્રવ્યભિક્ષુ કહે છે - તે આગમ - નોઆગમ - જ્ઞશરીર ભવ્ય શરીર તદ્વ્યતિરિક્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક ભવિકાદિ ભેદે છે. બીજા પણ ભેદ છે. હવે દ્રવ્ય ભિક્ષુનું લક્ષણ કહેશેઃ- ભેદક તે પુરુષ, ભેદન - પરસુ આદિ, ભેદવા યોગ્ય તે કાષ્ઠ આદિ. આ ભેદક આદિ ત્રણેનું સ્વરૂપ પૃથક્ કહેવાશે.

જેમ સુતાર આદિ ભેદન ભેત્તવ્ય સંયુક્ત થઈ - ક્રિયા વિશિષ્ટ વિદારણ આદિ કાષ્ઠ સમન્વિત દ્રવ્ય ભિક્ષુ, તે દ્રવ્યને ભેદે છે. તથા બીજા પણ દ્રવ્યભિક્ષુ - અપારમાર્થિકા છે. કોણ ? જેઓ ભિક્ષણશીલ છે, તેઓ પાપ સ્થાનથી અનિવૃત્ત છે તેવા પાચક છે. તેના બે ભેદો છે - ગૃહસ્થો અને બીજા વેશધારી. તેને બતાવે છે -

ગૃહસ્થો નિત્ય આરંભક છે, તેઓ છ જીવનિકાયનો આરંભ કરનારા અને ભોળા લોકોને ઠગનારા છે. 'અમે ભૂદેવ છીએ' લોકના હિતને માટે જન્મ્યા છીએ માટે અમને ગાય, વસ્ત્ર વગેરે આપો. એ પ્રમાણે કરનારને ગૃહસ્થ ભિક્ષુ જાણવા. દ્રવ્ય ભિક્ષણશીલત્વથી તે દ્રવ્યભિક્ષુ છે. આ બ્રાહ્મણો અને બાવા વગેરે આજીવિકા માટે દ્રવ્યાદિ ભેગું કરે છે, તે બાવા તથા બ્રાહ્મણોનો હેતુ દ્રવ્ય માટે હોવાથી તે દ્રવ્યભિક્ષુ જાણવા.

ગૃહસ્થ દ્રવ્ય ભિક્ષુ કહ્યા, હવે વેશધારીને બતાવે છે -

● **નિર્યુક્તિ - ૩૩૮ થી ૩૪૧ -**

શાક્ય ભિક્ષુ આદિ અતત્ત્વને તત્ત્વ માનનારા હોવાથી પ્રશમ આદિ ચિહ્ન શૂન્ય, પૃથ્વી આદિ સ્થાવર અને બેઇંદ્રિયાદિ ત્રસનો નિત્ય વધ કરવામાં રક્ત કેમકે બ્રહ્મચારી અને સંચય કરનારા છે.તેથી અપ્રધાનત્વથી દ્રવ્ય ભિક્ષુ છે. સંચય કરવાથી આ અબ્રહ્મચારી છે. તેથી સંચય કહે છે - દાસિ આદિ દ્વિપદ, ગાય આદિ ચતુષ્પદ, હિરણ્યાદિ ધન, શાલિ આદિ ધાન્ય, કુપ્ય, આ બધામાં મન - વચન - કાયાથી કરવું - કરાવવું અને અનુમોદવુંમાં આસક્ત રહે છે.

(શંકા) સદ્ભૂત ગુણના અનુષ્ઠાનથી શું આવા ન હોય ? (સમાધાન) સચિત્ત ભોજી, તે પણ માંસ અને અપ્કાયાદિ ભોજી છે કેમકે તેનો નિષેધ નથી. સ્વયં રાંધનારા તાપસાદિ, ઉદ્દિષ્ટભોજી. આ બધાં દુર્ગુણો શાક્યાદિમાં છે. તેવા જ બીજા તપસ્વી પણ છે. પિંડવિશુદ્ધિના અપરિજ્ઞાનથી આમ કહ્યું. ત્રણ યોગ, ત્રણ કરણના પરિગ્રહમાં આસક્ત કહ્યા, તે બતાવે છે -

કરણત્રિક - મન, વચન, કાયા રૂપ છે. યોગ ત્રિક - કૃત, કારિત, અનુમતિ રૂપ છે. પોતાના માટે સપાય પ્રવૃત્તિથી શરીરની પુષ્ટિ કરે છે. અને મિત્રાદિના ઉપભોગ સાધનને માટે, તથા ઉભય સાધનાર્થે, એ રીતે પોતાના અર્થે અને પ્રયોજન વિના પણ આર્ત્તધ્યાન, ચિંતન, કઠોર, ભાષણ, લક્ષ વેધનાદિથી પ્રાણાતિપાત આદિમાં પ્રવૃત્ત શાક્ય આદિને દ્રવ્ય ભિક્ષુ જાણવા. સ્ત્રી સંયોગાદિ શુદ્ધ તપોનુષ્ઠાનના અભાવથી અબ્રહ્મચારી છે -

દાસી આદિના પરિગ્રહથી પરિણામ અશુદ્ધ થાય, તેથી શાક્યાં સાધુ નથી. શુદ્ધ તપના અભાવે તાપસાદિ કુતીર્થિકો અબ્રહ્મચારી છે. બ્રહ્મ શબ્દથી શુદ્ધ તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવો, માટે અબ્રહ્મચારી. દ્રવ્ય ભિક્ષુઓ કહ્યા. હવે ભાવ ભિક્ષુ કહે છે -

● નિર્યુક્તિ - ૩૪૨ થી ૩૪૫ -

ભાવ ભિક્ષુ બે ભેદે છે - આગમથી અને નોઆગમથી. તેમાં આગમથી એટલે ભિક્ષુ પદાર્થજ્ઞ, તેમાં ઉપયુક્ત ભિક્ષુગુણનો સંવેદક વળી નોઆગમથી ભાવ ભિક્ષુ થાય છે. એ પ્રમાણે ભિક્ષુનો નિક્ષેપ કહ્યો. હવે નિરુક્ત કહે છે - ભિક્ષુનું નિશ્ચિત એટલે ખરેખરું શબ્દના અર્થવાળું રૂપ બતાવવું એટલે ભેદક, ભેદન અને ભેતવ્ય એમ કહેવાતા ત્રણ ભેદો વડે ત્રણ પ્રકારના છે. તે જ વાતને સ્પષ્ટ કરે છે -

ભેદક તે અહીં આગમમાં ઉપયુક્ત સાધુ છે. તથા બાહ્ય અને અભ્યંતર તપના ભેદથી વર્તે છે. ભેતવ્ય - ભેદવા યોગ્ય, જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના કર્મો. તે ભુખ આદિ દુઃખના હેતુ પણે છે, તેથી ભુખ શબ્દ જોડવો. તેથી નિરુક્ત - જે શાસ્ત્રની રીતિએ તપસ્યા કરીને કર્મને ભેદે તેને ભિક્ષુ જાણવો.

જે ભુખને વેદે તે ભિક્ષુ. ભાવથી તેવા ગુણોમાં યત્ન કરે તેથી તે યતિ કહેવાય, અન્યથા નહીં. સત્તર પ્રકારના સંયમનો અનુષ્ઠાયી હોવાથી સંયમ ચરક છે. સંસારને પરીત કરવાથી તે જ ભવાંત કહેવાય છે, અન્યથા ન કહેવાય.

હવે બીજા પ્રકારે નિરુક્ત ને કહે છે -

જે ભિક્ષા માત્રથી સર્વથા શુદ્ધ વૃત્તિ જેની છે, ભિક્ષાના આચારવાળો છે, તેથી તે ભિક્ષુ છે. આ પ્રસંગથી બીજા ભિક્ષુ શબ્દના પર્યાયો છે તેનું નિરુક્ત કહે છે. કર્મ ખપાવવાથી ક્ષપણ કહેવાય. સંયમ તપમાં એટલે સંયમમાં તપ મુખ્ય છે, તે સંયમ-તપને આદરવાથી તપસ્વી કહેવાય છે. એ પ્રમાણે બીજા પણ પર્યાયો હોય તો તેના અર્થથી ભિક્ષુ શબ્દનું નિરૂક્ત થાય છે. હવે એકાર્થિક દ્વાર કહે છે -

● નિર્યુક્તિ - ૩૪૬ થી ૩૪૮ -

વિશુદ્ધ સમ્યગ્દર્શનાદિના લાભથી ભાવસમુદ્રને તરવાથી તે તીર્ણ કહેવાય છે. તાય - સુદૃષ્ટ માર્ગને કહેવો, તે તાય જેને છે તે તાયી. અર્થાત્ સુપરિજ્ઞાત દેશનાથી શિષ્યોને તારે. દ્રવ્ય - રાગદ્વેષ રહિત. વ્રતી - હિંસાદિથી વિરત. ક્ષાંત - ક્ષમાને કરે છે તે. ઇંદ્રિયાદિને દમે છે તે દાંત, વિરત - વિષય સુખથી નિવૃત્ત. જગત્‌ને ત્રિકાળ અવસ્થામાં માને છે તે મુનિ તપથી પ્રધાન તે તાપસ અપવર્ગમાર્ગના પ્રજ્ઞાપક તે પ્રરૂપક, ઋજુ - માયા રહિત કે સંયમી. ભિક્ષુ - પૂર્વવત્, બુદ્ધ - તત્ત્વને જાણનાર. યતિ - ઉત્તમ આશ્રમી કે પ્રયત્નવાન. વિદ્વાન - પંડિત. તથા -

પ્રવ્રજિત - પાપથી છુટેલો, અનગાર - દ્રવ્ય અને ભાવ આગાર રહિત, પાખંડી - પાશથી છુટેલો, ચરક - પૂર્વવત્ બ્રાહ્મણ - વિશુદ્ધ બ્રહ્મચારી, પરિવ્રાજક - પાપને વર્જનારા, શ્રમણ આદિ - પૂર્વવત્.

સાધુ - નિર્વાણ સાધક યોગની સાધનાથી સાધુ, રૂક્ષ - સ્વજનાદિમાં સ્નેહના વિરહથી રૂક્ષ. ભવસમુદ્રથી તરવાનો અર્થી - તીરાર્થી. આ બધાં નામે ભિક્ષુના એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થવાળા છે, તે તપસંયમમાં રક્ત એવા ભાવ સાધુના નામો જાણવા. એકાર્થિક દ્વાર કહ્યું. હવે લિંગ દ્વાર -

● **નિર્યુક્તિ - ૩૪૯, ૩૫૦ -**

સંવેગ - મોક્ષ સુખની અભિલાષા, નિર્વેદ - સંસાર વિષયં, વિષય વિવેક - વિષયનો પરિત્યાગ, સુશીલ સંસર્ગ - શીલવત્ વડે સંસર્ગ. આરાધના - ચરમકાળે નિર્યાપણરૂપ, તપ - યથાશક્તિ અનશનાદિનું સેવન, જ્ઞાન - યથાવસ્થિત પદાર્થ વિષયક. દર્શન - નિસર્ગ આદિ. ચારિત્ર - સામાયિકાદિ. વિનય - જ્ઞાનાદિનો. - તથા - ક્ષાંતિ - આક્રોશાદિના શ્રાવવા છતાં પણ ક્રોધનો ત્યાગ. જાત્યાદિ ભાવ છતાં પણ માન ત્યાગથી માર્દવ, બીજાએ કપટ કર્યા છતાં માયાનો ત્યાગ તે આર્જવ, ધર્મોપગરણમાં પણ અમૂર્છા તે વિમુક્તતા. અશનાદિ ન મળે તો પણ અદીનત રહે. ક્ષુધા આદિ પરષહ આવે તો પણ સહન કરે તે તિતિક્ષા. અવશ્ય કરણીય યોગમાં નિરતિચારતા તે આવશ્યક પરિશુદ્ધિ. આ જે ગુણો બતાવ્યા તે ભાવસાધુના લિંગો છે.

- ૦ - હવે અવયવદ્વાર કહે છે -

● **નિર્યુક્તિ - ૩૫૧ થી ૩૫૯ -**

આ અધ્યયનમાં કહેલ ગુણવાળો ભિક્ષુ ભાવસાધુ થાય છે, તેનું સ્વરૂપ આ છે - આ ગુણોથી રહિત સાધુ ન કહેવાય. આ અમારો પક્ષ - પ્રતિજ્ઞા છે. અહીં પક્ષ ધર્મ શું છે ? એવી આશંકાથી કહે છે - અવિદ્યમાનગુણ તે અગુણ, તેનો ભાવ તે તત્ત્વ, તેથી આ હેતુ છે, અધ્યયન ગુણશૂન્યના ભિક્ષુત્વનો નિષેધ છે, તે સાધ્ય છે. અહીં દૃષ્ટાંત શું છે ? અહીં નિદર્શન શું છે ? તે આશંકાથી કહે છે - સુવર્ણ - સ્વગુણ રહિત સોનું ન કહેવાય, તેમ સાધુના ગુણથી રહિત તે સાધુ ન કહેવાય. હવે સુવર્ણના ગુણો કહે છે -

*(નોંધઃ- સુવર્ણના ગુણો વગેરેનો જે વિષય અહીં રજૂ થયેલો છે, તેનો અમે સાર માત્ર રજૂ કરેલ છે, કેમકે અમને દાર્ષ્ટાન્તિક માટે આ દૃષ્ટાંત વર્તમાન કાળાનુસારે અપ્રસ્તુત લાગે છે છતાં નિર્યુક્તિકાર અને વૃત્તિકારશ્રીના બહુમાન ભાવથી નોંધ લીધેલી છે.)*

વિષઘાતી, રસાયણ, મંગલ રૂપ, નરમ, તપતા પીગળી જાય, વજનમાં ભારે, અગ્નિથી બળી ન જાય, કાટ વગેરેથી બગડી ન જાય, ઇત્યાદિ ગુણો સુવર્ણમાં છે. હવે તેનો સાર કહે છે -

સોનાની ચાર પ્રકારે પરીક્ષા કરવી. કષ, છેદ, તાપ અને તાડના. તેનાથી નિશ્ચિત થતું સુવર્ણ જ પોતાના કાર્યનું સાધક છે.

પૂર્વોક્ત ગુણોવાળું સોનું છે, પણ કસોટી આદિમાં જે ગુણો ન દેખાડે તે અશુદ્ધ છે, તેથી તે સોનું ન કહેવાય. એ પ્રમાણે રજોહરણાદિ રાખવા માત્રથી સાધુ ન કહેવાય અને ભીખ માંગીને ખાય, તેટલા માત્રથી ભિક્ષુ ન કહેવાય.

જે સાધુ ઔદ્દેશિક આહાર કરે, છકાયનો હિંસક હોય, પૃથ્વીકાયાદિનો આરંભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે કે અનુમોદે, નજરે દેખાતા પ્રાણી જીવોને દુઃખ આપે, વિના કારણે એક જ સ્થાને મઠ બાંધીને રહે, તેથી સંસારની મૂર્છા થાય, તેને સાધુ કેમ કહેવાય ? હવે નિગમન કહે છે -

આ અધ્યયનમાં બતાવેલા ભિક્ષુના ગુણો મૂળગુણ રૂપ જ કહ્યા. તે ગુણવાળો જ ભિક્ષુ છે. તથા ઉત્તરગુણ પાલક અને ચારિત્ર ધર્મમાં પ્રસન્નતા ધારક તે ભાવ ભિક્ષુ છે.

નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો. હવે સૂત્રાલાયક નિષ્પન્નનો અવસર છે. તેમાં સૂત્ર ઉચ્ચારવું જોઈએ. તે આ પ્રમાણે -

● સૂત્ર - ૪૮૫ થી ૪૮૯ -

***(૪૮૫) જે તીર્થંકર ભગવંતની આજ્ઞાથી પ્રવ્રજિત થઈને નિર્ગ્રન્થ પ્રવચનમાં સદા સમાહિત ચિત રહે છે, જે સ્ત્રીઓને વશીભૂત થતો નથી, વમન કરેલા વિષય ભોગોને ફરી સેવતો નથી, તે ભિક્ષુ છે.***

***(૪૮૬) જે સચિત્ત પૃથ્વીને ખોદતો નથી, બીજા પાસે ખોદાવતો નથી, સચિત્ત પાણી પીતો નથી કે પીવડાવતો નથી. અગ્નિને સળગાવતો નથી કે બીજા પાસે સઘાવડાવતો નથી તે ભિક્ષુ છે.***

***(૪૮૭) જે વીંઝણા આદિથી હવા કરતો નથી કે કરાવતો નથી, વનસ્પતિનું છેદન કરતો નથી કે કરાવતો નથી, બીજ આદિનું સદા વિવર્જન કરતો સચિત્તનો આહાર કરતો નથી, તે ભિક્ષુ છે.***

***(૪૮૮) ભોજન બનાવવામાં પૃથ્વી, તૃણ અને કાષ્ઠનેં આશ્રિતા રહેલા ત્રસ અને સ્થાવર જીવોનો વધ થાય છે. તેથી જે ઔદ્દેશિકાદિ દોષવાળા આહારનો ઉપભોગ કરતો નથી, તથા જે સ્વયં રાંધતો નથી કે બીજા પાસે રંધાવતો નથી, તે ભિક્ષુ છે.***

***(૪૮૯) જો જ્ઞાતપુત્ર ભગવંત મહાવીરના વચનોમાં રુચિ રાખીને છ કાયિક જીવોને આત્મવત્ માને છે, જે પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. જે પાંચ આશ્રવોનું સંવરણ કરે છે, તે ભિક્ષુ છે.***

● વિવેચન - ૪૮૫ થી ૪૮૯ -

દ્રવ્ય કે ભાવ ગૃહથી પ્રવ્રજ્યા સ્વીકારીને નીકળવું. તીર્થંકર કે ગણધરના ઉપદેશથી યોગ્યતા હોય ત્યારે નીકળે. કઈ રીતે ? તીર્થંકર અને ગણધરના વચનથી તત્વને જાણીને, સર્વકાળે ચિત્તથી અતિ પ્રસન્ન થઈને અર્થાત્ પ્રવચનમાં જ અભિયુક્ત થાય અને તેનાથી વિપરીત હોય તો તેના સમાધાનનો ઉપાય કહે છે - સર્વે અસત્કાર્યોના નિબંધન રૂપ. તેને કદાપિ વશ ન થાય. તેને વશ થયેલ જ નિયમથી વમેલાને ફરી પીએ છે. બુદ્ધ વચનથી ચિત્તના સમાધાન થકી સર્વથા સ્ત્રીવશ પણાના ત્યાગથી, કેમકે આ ઉપાય વડે અન્ય ઉપાય અસંભવે છે, તેથી પરિત્યક્ત એવા વિષય - જંબાલને જરા પણ આભોગથી કે અનાભોગથી ન સેવે તે ભિક્ષુ અર્થાત્ ભાવભિક્ષુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સચેતન આદિ રૂપ પૃથ્વીને સ્વયં ખોદે નહીં, બીજા પાસે ખોદાવે નહીં, ખોદતા એવાને અનુમોદે નહીં. એ પ્રમાણે બધે જાણવું. સચિત્ત પાણી ન પોતે પીવે, ન બીજાને પવીડાવે. અગ્નિ, છ જીવનો ઘાતક છે. કોની જેમ ? તે કહે છેઃ- ખડ્ગાદિ શસ્ત્ર અને ઉજ્વાલિત અગ્નિની જેમ. તેને સ્વયં ન સળગાવે, બીજા પાસે ન સળગાવડાવે, જે આવો છે, તે ભિક્ષુ છે.

(શંકા) છ જીવનિકાયાદિમાં બધાં અધ્યયનોમાં આ અર્થ કહેલ છે, તો ફરી કેમ કહ્યો ? (સમાધાન) ઉક્તાર્થ અનુષ્ઠાનરત જ ભિક્ષુ છે. તે જણાવવા માટે કહ્યું, તેથી તેમાં દોષ નથી.

વાયુના હેતુ માટે વસ્ત્રના છેડાથી પોતાને સ્વયં ન પવન નાંખે, ન બીજા પાસે નંખાવે. હરિત - લીલુ ઘાસ વગેરે પોતે છેદે નહીં, બીજા પાસે ન છેદાવે. બીજ - હરિત ફળ રૂપ, ઘઉં આદિને સર્વકાળ સંઘટ્ટનાદિ ક્રિયા વડે તજી દે. કદાચિત્ અપ્રષ્ટ આલંબનથી સચિત્તને ન આહારે - ન ખાય, તે ભિક્ષુ છે.

ઔદ્દેશિકાદિના પરિહારથી ત્રસ - સ્થાવરનો પરિહાર કરે છે - બેઇંદ્રિય આદિ, પૃથ્વી આદિનું હનન થાય છે. શેનાથી ? ઔદ્દેશિક કરવામાં વિશેષ શું ? પૃથ્વી, તૃણ, કાષ્ઠ નિશ્રિત - તેના સમારંભથી, જો એમ છે તો ઔદ્દેશિક, કૃત આદિ બીજા સાવધ ન ભોગવે, માત્ર એટલું જ નહીં, પણ સ્વયં રાંધે નહીં, બીજા પાસે રંધાવે નહીં, રાંધનારને અનુમોદે નહીં, એવો તે ભિક્ષુ છે.

વીતરાગે કહેલ, વિધિ પ્રમાણે ચારિત્ર ભાવનાને પ્રિય માનીને મહાવીર પ્રભુના વચનાનુસાર પૃથ્વી આદિ છ કાયને પણ પોતાના જીવ જેવા પ્રિય ગણે, પંચમહાવ્રતને પાળે, પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રયને છોડીને પાંચ ઇંદ્રિયોને અંકુશમાં રાખે તે ભાવ ભિક્ષુ છે.

● સૂત્ર - ૪૯૦ થી ૪૯૪ -

***(૪૯૦) જે ચાર કષાયોનું વમન કરે છે, તીર્થંકરોના પ્રવચનમાં સદા ધ્રુવયોગી રહે છે, અકિંચન છે, સ્વયં સોના અને ચાંદીથી મુક્ત છે, ગૃહસ્થનો યોગ કરતો નથી, તે ભિક્ષુ છે.***

***(૪૯૧) જે સમ્યગ્દૃષ્ટિ છે, જે સદા અમૂઢ છે, જ્ઞાન - તપ - સંયમમાં આસ્થાવાન છે, તથા તપથી પાપકર્મોને નષ્ટ કરે છે અને જે મન, વચન, કાયાથી સુસંવૃત્ત છે, તે ભિક્ષુ છે.***

***(૪૯૨) પૂર્વોક્ત એષણા વિધિથી વિવિધ અશન, પાન, ખાદિમ, સ્વાદિમને પામીને "આ કાલે કે પરમદિવસે કામ આવશે" એવા વિચારથી જે તે આહારને સંચિત ન કરે, ન કરાવે તે ભિક્ષુ.***

***(૪૯૩) પૂર્વોક્ત પ્રકારે વિવિધ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ પામીને જે પોતાના સાધર્મિક સાધુને નિયંત્રિત કરીને ખાય છે, તથા ભોજન કરીને સ્વાધ્યાયમાં રત રહે છે, તે જ ભિક્ષુ છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૪૯૪) જે કલહ ઉત્પન્ન કરનારી કથા ન કરે અને કોપ પણ ન કરે, જેની ઇંદ્રિયો નિભૃત રહે છે, જે પ્રશાંત રહે છે. જે સંયમમાં ધ્રુવયોગી છે, ઉપશાંત રહે છે અને જે ઉચિત કાર્યનો અનાદર કરતો નથી, તે ભિક્ષુ છે.***

**● વિવેચન - ૪૯૦ થી ૪૯૪ -**

ક્રોધાદિ ચારે કષાયોને તેના પ્રતિપક્ષના અભ્યાસથી સદા વમે છે. ધ્રુવયોગી - ઉચિત નિત્ય યોગવાળા થાય છે. તીર્થંકરના વચન વડે ચારિત્રમાં સ્થિર ભાવવાળો થાય છે. ગાય, ભેંસ આદિ ચતુષ્પદની ઉપાધિથી રહિત હોય સોનુ, રૂપુ ન રાખે અને ગૃહસ્થના સંબંધોને સર્વ પ્રકારે તજી દે, તે ભાવ ભિક્ષુ છે.

સમ્યગ્ દૃષ્ટિ બનીને ચિત્તમાં શંકા ન કરે. મૂઢતાને છોડે અને ત્યજી દેવા યોગ્ય અથવા ગ્રહણ કરવા યોગ્ય જે પદાર્થનું જ્ઞાન છે, તેમાં તથા જે ઇંદ્રિયથી ન જણાય, ત્યાં બુદ્ધિથી વિચારીને માને તથા બંને પ્રકારનો તપ જે કર્મ મળને દૂર કરવામાં સમર્થ છે, તેને તથા નવા કર્મો ન આવે તેવા સંયમને વિશે દૃઢ ભાવ રાખે. અને તે તપ વગેરેથી પૂર્વના પાપોને ઉત્તમ વૃત્તિથી, ત્રણ ગુપ્તિથી ગુપ્ત બની દૂર કરે તે ભિક્ષુ છે.

પૂર્વ ઋષિના વિધાનથી પૂર્વોક્ત સ્વરૂપના અશન અને પાનને તથા અનેક પ્રકારના ખાદ્ય અને સ્વાદ્યને પામીને, પ્રયોજનથી કાલે કે પરમ દિવસે કામ આવશે, તેમ માની અશનાદિને ન સ્વયં રાખે કે ન બીજા પાસે રખાવે કે રાખનારને ન અનુમોદે. જે સર્વથા સંનિધિનો પરિત્યાગ કરનાર બને તે ભિક્ષુ છે.

વળી, તે પ્રમાણે જ અશન, પાન અને વિવિધ ખાદ્ય, સ્વાદ્યને પૂર્વવત્ પામીને શું કરે ? સમાન આધર્મિક સાધુને નિમંત્રીને ખાય, સ્વ આત્મતુલ્યતાથી તેનું વાત્સલ્ય સિદ્ધ કરે અને ભોજન કરીને સ્વાધ્યાય રત બને. ચ શબ્દથી બાકીના અનુષ્ઠાન રત બને તે ભિક્ષુ છે.

ભિક્ષુના લક્ષણના અધિકારથી જ કહે છેઃ-

કલહ પ્રતિબદ્ધ કથા ન કરે. સદ્વાદ કથાદિમાં પણ બીજા ઉપર કોપ ન કરે. પરંતુ ઇંદ્રિયોને વશમાં રાખીને રાગાદિ રહિત રહે. પૂર્વોક્ત સંયમમાં સર્વકાળ મન - વચન - કર્મના લક્ષણથી યુક્ત અર્થાત્ યોગયુક્ત થઈ પ્રતિભેદમાં ઔચિત્યથી પ્રવૃત્ત થાય તથા કાયાની અપળતાદિ રહિત - અનાકુળ થાય, ઉચિત કૃત્યમાં અનાદરવાળો ન થાય. બીજા કહે છે ક્રોધાદિને ઘટાડે, તે ભિક્ષુ છે.

**● સૂત્ર - ૪૯૫ થી ૪૯૯ -**

***(૪૯૫) જે સાધુ ઇંદ્રિયોને કાંટા સમાન ખુંચનારા આક્રોશ વચનો, પ્રહારો, તર્જનાઓ અને અતિ ભયોત્પાદક અટ્ટહાસ્યોને સહેનાર તથા સુખ - દુઃખને સમભાવપૂર્વક સહન કરી લે, તે ભિક્ષુ છે.***

***(૪૯૬) જે સાધુ શ્મશાનમાં પ્રતિમા અંગીકાર કરીને ત્યાંના અતિ ભયોત્પાદક દૃશ્યોને જોઈને ભયભીત થતો નથી, તથા વિવિધ ગુણો***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***અને તપમાં રત રહે છે, જે શરીરની પણ આકાંક્ષા નથી કરતા તે મુમુક્ષ ભિક્ષુ છે.***

***(૪૯૭) જે મુનિ વારંવાર દેહનો વ્યુત્સર્ગ અને મમત્વ ત્યાગ કરે છે જે કોઈના દ્વારા આક્રોશ કરતા કે પીટાતા અથવા શસ્ત્રાદિથી ક્ષત - વિક્ષત કરાવા છતાં પણ પૃથ્વીની સમાન સર્વસહા - ક્ષમાશીલ રહે છે. જે કોઈ પ્રકારનું નિયાણું નથી કરતો, કૌતુક નથી કરતો તે જ ભિક્ષુ છે.***

***(૪૯૮) જે સાધુ પોતાના શરીરથી પરીષહોને જીતીને જાતિપથ થકી પોતાનો ઉદ્ધાર કરી લે છે, જે જન્મ મરણરૂપ સંસારને મહાભય જાણીને શ્રમણવૃત્તિને યોગ તપશ્ચર્યામાં રત રહે છે, તે ભિક્ષુ છે.***

***(૪૯૯) જે સાધુ હાથથી, પગથી, વાણીથી અને ઇંદ્રિયોથી સંયત છે, અધ્યાત્મમાં રત છે, જેની આત્મા સમ્યક્ રૂપથી સમાધિસ્થ છે અને જે સૂત્ર તથા અર્થને વિશેષ રૂપે જાણે છે, તે ભિક્ષુ છે.***

**● વિવેચન - ૪૯૫ થી ૪૯૯ -**

નિશ્ચે જે મહાત્મા સમ્યક્પણે ઇંદ્રિયોના દુઃખ હેતુ કાંટાને સહન કરે છે, તે સ્વરૂપથી કહે છે - આક્રોશ, પ્રહાર અને તર્જતા. તેમાં આક્રોશ - ચકારાદિથી, પ્રહાર - કશ આદિથી, તર્જતા - અસૂયાદિથી તથા અત્યંત રૌદ્ર ભયજનક શબ્દો જે સ્થાનમાં સપ્રહાસ છે તે લેવા તથા વૈતાલાદિ વડે કરાયેલ આર્ત્તનાદ અર્થાત્ અટ્ટહાસ્યને સહન કરે. અહીં ઉપસર્ગો થતાં સુખ-દુઃખને સમ્યક્ સહે - જે અચલિત સામાયિક ભાવ છે, તે ભિક્ષુ છે -

આ જ વાતને સ્પષ્ટ કરે છે - 'માસ' આદિ રૂપ પ્રતિમાને વિધિવત્ સ્વીકારીને, શ્મશાનમાં ભૈરવ ભયોને જોઈને, રૌદ્ર ભય હેતુને પામીને, વૈતાલ આદિ રૂપ શબ્દાદિ સાંભળીને ભય ન રાખે. સર્વકાળ મૂળ ગુણાદિ અનશનાદિમાં આસક્ત થઈ સર્વકાળ રહે, શરીરની પણ કાંક્ષા ન કરે, નિસ્પૃહતાથી વર્ત્તે. જે આવે છે, તે ભિક્ષુ છે.

એકવાર નહીં પણ હંમેશા નિર્મમત્વ બની શરીરની વિભૂષા આદિ છોડીને, કોઈના આક્રોશથી કે મારથી અથવા તલવારના ઘાથી કે કૂતરા, શીયાળ કરડી ખાવાથી મુનિ ક્રોધાયમાન ન થતાં પૃથ્વી માફક સર્વ કંઈ સહન કરે, પણ રાગ-દ્વેષ ન કરે, બીજા ભવમાં ભોગોની આશા ન રાખે, નટ વગેરેના કૌતુક ન જુએ, તે ભાવભિક્ષુ છે.

ભિક્ષુ સ્વરૂપના અભિધાનના અધિકારથી જ કહે છે - એકલા મન, વચનથી નહીં પણ કાયા સાથે એટલે મન, વચન, કાયાથી સિદ્ધાંતની નીતિએ જે સુખા આવે તે સહન કરે. તે બાવીસે પરીષહો ક્ષુધાદિને સંતોષથી સહન કરે અને જન્મ-મરણના માર્ગથી આત્માને બચાવે, જન્મ-મરણને સંસારમાં મહાભયનું કારણ જાણી તપમાં રત રહે અને સાધુપણામાં નિર્મળ ભાવના રાખે તે ખરો ભિક્ષુ છે.

તથા હાથથી સંયત, પગથી સંયત એટલે કારણ વિના કાચબા માફક લીન થઈને રહે. કારણે સમ્યક્ રીતે જાય. વાક્સંયત - અકુશલ વચનનો નિરોધ, કુશળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચનની ઉદીરણા કરે. ઇંદ્રિયોના વિષયથી નિવૃત્ત થાય, પ્રશસ્ત ધ્યાનમાં આસક્ત બને, ધ્યાન આપાદક ગુણોમાં આત્માને સુસમાહિત કરે, સૂત્રાર્થને યથાવસ્થિત વિધિથી ગ્રહણ કરે અને જે યથાવષય સમ્યગ્ હોય તેને જાણે. તે ભિક્ષુ છે.

● સૂત્ર - ૫૦૦ થી ૫૦૫ -

*(૫૦૦) જે સાધુ વસ્ત્રાદિ ઉપધિમાં મૂર્છિત નથી, અગૃદ્ધ છે, અજ્ઞાત કુળોથી ભિક્ષાની એષણા કરે છે, સંયમને નિસ્સાર કર દેનારા દોષોથી રહિત છે, ક્રય - વિક્રય અને સંનિધિથી રહિત છે તથા બધાં પ્રકારના સંગોથી મુક્ત છે, તે ભિક્ષુ છે.*

*(૫૦૧) જે ભિક્ષુ લોલુપતા રહિત છે, રસોમાં ગૃદ્ધ નથી, અજ્ઞાત કૂળોમાં ભિક્ષાચારી છે, અસંયમી જીવનની આકાંક્ષા કરતાં નથી, ઋદ્ધિસત્કાર અને પૂજાનો ત્યાગ કરે છે, જે સ્થિતાત્મા છે અને છળથી રહિત છે, તે ભિક્ષુ છે.*

*(૫૦૨) 'પ્રત્યેક વ્યક્તિના પુન્ય - પાપ પૃથક્ પૃથક્ હોય છે' એમ જાણીને, જે બીજાને એમ નથી કહેતા કે કુશીલ છે. તથા જેનાથી બીજો કુપિત થાય, એવી વાત પણ કરતા નથી અને જે પોતાની આત્માને સર્વોત્કૃષ્ટ માનીને અહંકાર કરતો નથી, તે ભિક્ષુ છે.*

*(૫૦૩) તે જાતિનો મદ ન કરે, રૂપનો મદ ન કરે, લાભનો મદ ન કરે, શ્રુતનો મદ ન કરે, જે બધાં મદોનો ત્યાગ કરી કેવળ ધર્મ - ધ્યાનમાં રત રહે છે, તે ભિક્ષુ છે.*

*(૫૦૪) જે મહામુનિ શુદ્ધ ધર્મનો ઉપદેશ કરે છે, સ્વયં ધર્મમાં સ્થિત થઈને બીજાને ધર્મમાં સ્થાપિત કરે છે. જે પ્રવ્રજિત થઈને કુશિલ લિંગને છોડી દે છે તથા હાસ્યોત્પાદક કુતુહલ પૂર્ણ ચેષ્ટા કરતો નથી, તે ભિક્ષુ છે.*

*(૫૦૫) પોતાના આત્માને સદા શાશ્વત હિતમાં સુસ્થિત રાખનારો પૂર્વોક્ત ભિક્ષુ આ અશુચિ અને અશાશ્વત દેહવાસને સદાને માટે છોડી દે છે, તથા જન્મ - મરણના બંધનનું છેદન કરી અનુપરાગમન નામક સિદ્ધિગતિને પામે છે - - તેમ હું કહું છું.*

● વિવેચન - ૫૦૦ થી ૫૦૫ -

વસ્ત્રાદિ રૂપ ઉપધિ વિષયક મોહત્યાગથી - અમૂર્છિત. પ્રતિબંધ ભાવથી અગૃદ્ધ બની ભાવ પરિશુદ્ધ થઈ અજ્ઞાત વૃત્તિથી ચરે. સંયમ - સારતા અપાદક દોષ રહિત, દ્રવ્ય ભાવ ભેદ ભિન્ન ક્રય - વિક્રય અને પર્યુષિત સ્થાનથી નિવૃત્ત, દ્રવ્ય - ભાવ સંગથી અપગત છે, તે ભિક્ષુ છે.

અલોલ - અપ્રાપ્તની પ્રાર્થના ન કરે, સાધુ રસોમાં ગૃદ્ધ ન બને અને લાભમાં અપ્રતિબદ્ધ રહે, ઉંછવૃત્તિથી ચરે, ભાવ ઉંછ પૂર્વવત્ છે, વિશેષ એ કે ત્યાં ઉપધિને આશ્રીને કહેલ, અહીં માટે કહેલ છે. અસંયમી જીવિતની આકાંક્ષા ન કરે, આમર્ષૌષધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ રૂપ ઋદ્ધિ, વસ્ત્રાદિથી સત્કાર, સ્તવનાદિ વડે પૂજનનો ત્યાગ કરે છે. તે અર્થ માટે પ્રયત્ન ન કરે. સ્થિતાત્મા જ્ઞાનાદિમાં પુરુષાર્થ કરે, તે ભિક્ષુ છે.

પોતાના શિષ્ય સિવાય બીજાને "આ કુશિલ છે" તેવા અપ્રીત્યાદિ દોષ વચનો ન કહે, પોતાના શિષ્યોને પણ શિક્ષાગ્રહણ બુદ્ધિથી જ કહે. સામાના ગમે તેવા અપરાધમાં પણ કોપ ન કરે. કેમકે પ્રત્યેક પુન્ય - પાપ બીજાના સંબંધી નથી. પોતાના જ છે. પોતાના ગુણોનો અહંકાર ન કરે, તે ભિક્ષુ છે.

મદના પ્રતિષેધને માટે કહે છે - હું બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું એવો જાતિ મદ ન કરે. હું રૂપવાન છું એવો મદ ન કરે ઇત્યાદિ - x - આના વડે કુળમદાદિને પણ જાણવા. આ બધાં મદનો પરિત્યાગ કરીને આગમમાં કહ્યા મુજબ ધર્મધ્યાન રત બને, તે ભિક્ષુ છે.

શુદ્ધ ધર્મ પદને પરોપકારને માટે મુનિ કહે, તેને જ શીલવાન જાણવો. પણ બીજો નહીં. પોતે ધર્મમાં સ્થિત રહે, બીજાને સુબોધ આપી ધર્મી બનાવે. પોતે દીક્ષા લઈને કુશીલ લિંગનો - આરંભાદિ કુશીલ ચેષ્ટાનો ત્યાગ કરે, બીજાને હાસ્યકારી ભાંડ ચેષ્ટાના કૃત્યો ન કરે, તે ભિક્ષુ છે.

ભિક્ષુ ભાવનું ફળ કહે છે - પ્રત્યક્ષ દેખાતી કેદરૂપ કાયાને વીર્ય અને લોહીથી બનેલી જાણીને તથા થોડા કાળમાં નાશ પામનારી જાણીને તેની મમતા ત્યાગી મોક્ષ સાધન રૂપ સમ્યગ્ દર્શનાદિ છે, તેમાં એકાંત સુસ્થિત રહે. તેવા ભાવ ભિક્ષુ સંસારના બંધન છોડીને અજરામર પદ નામે, સિદ્ધિ ગતિને પામે, નિશ્ચલ સ્થાનમાં રહે. - x - x-

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન - ૧૦ નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✪ ચૂલિકા - ૧ - "રતિવાક્ય" ✪

—— x —— x —— x —— x ——

૦ હવે ઓઘથી બે ચૂડાને કહે છે - તેનો સંબંધ આ પ્રમાણે છે. અનંતર અધ્યયનમાં ભિક્ષુગુણયુક્ત જ ભિક્ષુ કહ્યો. આવા પ્રકારનો તે કદાચિત્ કર્મની પરતંત્રતાથી અને કર્મના બલત્વથી સીદાય, તો તેનું સ્થિરીકરણ કરવું જોઈએ. અર્થાધિકારવત્ બે ચૂડા કહે છે. તેમાં 'ચૂડા' શબ્દના અર્થને જણાવતા કહે છે -

● **નિર્યુક્તિ - ૩૬૦, ૩૬૧ -**

નામ, સ્થાપના સુગમ છે, તેને છોડીને દ્રવ્યાદિ વિષયક ચૂડાનો નિક્ષેપ કહે છે. વળી તે ચૂડા બે છે. દશવૈકાલિકની ચૂડા આચારની પાંચ ચૂડાવત ઉત્તરતંત્ર છે, શ્રુત ગૃહિતાર્થ જ છે. ઉક્ત - અનુક્ત અર્થનો સંક્ષેપ કરતી આ ચૂડાઓ છે. તેમાં દ્રવ્ય ચૂડાદિની વ્યાખ્યા કહે છેઃ- દ્રવ્ય ચૂડા આગમ, નોઆગમ, જ્ઞશરીરથી વ્યતિરિક્ત સચિત્તાદિ ત્રણ ભેદે છે. તેમાં સચિત્ત - કુકડાની કલગી, ઉચિત્ત - મણિ ચૂડા, મિશ્ર - મયૂરશીખા. ક્ષેત્ર ચૂડા તે લોકનિષ્કુટ ઉપરવર્તી છે, તે મેરુની ચૂડાદિ છે. આદિ શબ્દથી અધોલોકના સ્તમંતક, તિર્છાલોકના મેરુની ચૂડા, ઉર્ધ્વલોકમાં સિદ્ધિશિલા છે.

● **નિર્યુક્તિ - ૩૬૨ થી ૩૬૮ -**

ઉચિત કાળથી કંઈક અધિક તે અતિરિક્ત, અધિક માસ કે વર્ષ તે કાલ ચૂડા છે. ભાવ ચૂડા - ક્ષાયોપશમિક ભાવમાં છે, તે પણ બે ભેદે છે - ક્ષાયોપશમિકત્વથી શ્રુતની જાણવી. તેમાં પહેલી "રતિવાક્ય ચૂડા" છે. - x - નિક્ષેપમાં 'રતિવાક્ય' એ દ્વિપદ નામ છે. તેમાં 'રતિ' નો નિક્ષેપ કહ છે. તેમાં પણ નામ અને સ્થાપનાને છોડીને દ્રવ્ય અને ભાવ રતિને કહે છે.

દ્રવ્ય રતિમાં તદ્વ્યતિરિક્ત બે ભેદે છે - કર્મ દ્રવ્યરતિ અને નોકર્મ દ્રવ્યરતિ. કર્મ દ્રવ્યરતિ તે રતિ વેદનીયકર્મ છે. એ બદ્ધ અને અનુદય અવસ્થાને ગ્રહણ કરે છે. નોકર્મ દ્રવ્યરતિ તે શબ્દાદિ દ્રવ્યો છે. તે રતિના કારણરૂપ છે. ભાવરતિ - તે જ રતિ વેદનીય કર્મના ઉદયથી થાય છે. એ પ્રમાણે અરતિ પણ દ્રવ્ય અને ભાવથી જાણવી.

રતિનો નિક્ષેપ કહ્યો. હવે વાક્ય નો અતિ દેશ કહે છે. 'વાક્ય' પૂર્વ વાક્ય શુદ્ધિ અધ્યયનમાં અનેક પ્રકારે કહે છે. ચારિત્ર રૂપ ધર્મ રતિ જનક છે. તે વાક્યોને લેવા. અહીં રતિ નામવાળું વર્ણન સારી રીતે સહન કરવાથી ગુણ કરવાવાળી 'ચૂડા' થાય, તે બતાવે છે -

જેમ રોગીને શરીરમાં ગુમડાં થતાં નસ્તર આદિ મૂકવા પડે, તો તેને ફાયદો થાય છે, જેને અજીર્ણ થયું હોય તેને અપથ્ય ખોરાક અટકાવતાં તે હીતકારી થાય અને ભાવિમાં રોગ મટે, માટે તે સુંદર છે. તે દૃષ્ટાંત વડે અહીં બોધ આપે છે - આઠ પ્રકારના કર્મરૂપી દુઃખી એવા સંસારી ભાવ રોગી જીવોને તે રોગો દૂર કરવા, ઉક્ત સંયમ રૂપ ચિકિત્સામાં સ્નાનનો નિષેધ તથા લોચાદિનું કષ્ટ પહેલાં દેખાય. પણ તેથી શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મમાં રતિ થાય અને અધર્મ ઉપર અરતિ થાય. છેવટે તેનાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષ પ્રાપ્તિ થાય છે, તે જ સ્પષ્ટ કરે છે -

સ્વાધ્યાય, સંયમ, તપ, વૈયાવચ્ચ અને ધ્યાન યોગમાં જે આસક્ત થાય છે અને અસંયમમાં આસક્ત થતાં નથી, તે સિદ્ધિ પામે છે. તેથી ચારિત્ર ધર્મમાં રતિજનક અને અસંયમ સ્થાનમાં અરતિજનક જે વાક્યોને આ અધ્યયનમાં કહેલ છે, તે સાધુએ જાણવા જોઈએ.

નામ નિક્ષેપો કહ્યો. હવે સૂત્રાલાપકમાં - x - x - સૂત્ર કહે છે -

● સૂત્ર - ૫૦૬ -

***હે સાધકો ! આ નિર્ગ્રન્થ પ્રવચનમાં જે પ્રવ્રજિત થયેલ છે, પણ કદાચિત દુઃખ ઉત્પન્ન થતાં સંયમમાં તેમનું ચિત્ત અરતિયુક્ત થઈ જાય, તેથી તે સંયમનો પરિત્યાગ કરવા ઇચ્છે છે, પણ સંયમ તજ્યો નથી તેને પહેલાં આ અઢાર સ્થાનોનું સમ્યક્ પ્રકારે આલોચન કરવું જોઈએ.***

***આ અઢાર સ્થાનો અશ્વ માટે લગામ, હાથી માટે અંકુશ, જહાજ માટે પતાકા સમાન છે. જેમકે - (૧) દુઃષમ આરામાં જીવન દુઃખમય છે. (૨) ગૃહસ્થના કામ ભોગ અસાર અને અલ્પકાલિક છે. (૩) મનુષ્ય પ્રાયઃ કપટ બહુલ છે.***

***(૪) મારું આ દુઃખ ચિરકાળ સ્થાયી નહીં હશે. (૫) સંયમ છોડવાથી નીચજનોનો પુરસ્કાર સત્કાર કરવા પડશે. (૬) સંયમ છોડીને ઘેર જવું એટલે - વમન કરેલાને ફરી પીવું. (૭) - નીચ ગતીઓમાં નિવાસનો સ્વીકાર કરવો. (૮) ગૃહવાસમાં ગૃહસ્થોને માટે શુદ્ધ ધર્મ નિશ્ચે દુર્લભ છે. (૯) ત્યાં આતંક - વ્યાધિ, તેના વધનું કારણ થાય છે. (૧૦) ત્યાં સંકલ્પ - વિકલ્પ વધને માટે થાય છે. (૧૧) ગૃહવાસ ક્લેશયુક્ત છે અને મનુપર્યાય ક્લેશ રહિત છે. (૧૨) ગૃહવાસ બંધ છે અને શ્રમણપર્યાય મોક્ષ છે. (૧૩) ગૃહવાસ સાવધ છે પણ મુનિ પર્યાય નિરવધ છે. (૧૪) ગૃહસ્થના કામભોગ બહુજન સાધારણ છે. (૧૫) પ્રત્યેકના પુન્ય - પાપ પોતપોતાના છે. (૧૬) મનુષ્યોનું જીવન ઘાસના અગ્રભાગે સ્થિત જળબિંદુ સમાન ચંચળ છે, નિશ્ચે અનિત્ય છે. (૧૭) મેં પૂર્વે ઘણાં જ પાપકર્મો કર્યા છે. (૧૮) ઓહ! દુષ્ટ ભાવથી આચરિત તથા દુષ્પરાકમથી અર્જિત પૂર્વકૃત પાપકર્મોના ફળ ભોગવ્યા પછી જ મોક્ષ થાય છે, ભોગવ્યા વિના નહીં. અથવા તપ દ્વારા તે પૂર્વ કર્મોનો ક્ષય કરવાથી જ મોક્ષ થાય છે.***

● વિવેચન - ૫૦૬ -

અહીં જિન પ્રવચનમાં નિશ્ચે તે ભિન્ન ક્રમ અમે દર્શાવીએ છીએ. પ્રવ્રજિત - સાધુને શીત આદિ શારીરિક, સ્ત્રી - નિષધો આદિ માનસિક દુઃખથી સંયમમાં અરતિ પ્રાપ્ત ચિત્તથી ઉદ્વેગ પામીને સંયમમાં કંટાળો આવે છે. તે જ વાત વિશેષથી કહે છેઃ- સંયમથી નીકળીને ઘેર જવાની ઇચ્છા કરે છે. પરંતુ તે રીતે ઉત્પ્રવ્રજિત થવા ઇચ્છનારને હવે કહેવાનાર એવા અઢાર સ્થાનોને સમ્યગ્તયા આલોચવો જોઈએ, જનારે પ્રાયઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનર્થકને વિચારવું જોઈએ. આ સ્થાનોને વિશેષથી કહે છે - તે ઘોડાને લગામરૂપ, હાથીને અંકુશરૂપ અને વહાણમાં પટ્ટતુલ્ય છે. અર્થાત્ ઉન્માર્ગ પ્રવૃત્ત ઘોડા આદિને આ લગામ આદિ નિયમનના હેતુરૂપ છે, તેમ સંયમથી ઉન્માર્ગમાં પ્રવૃત્ત ભવ્ય જીવોને તે નિયમન રૂપ છે. તેથી તે સમ્યક્ વિચારવા યોગ્ય છે.

શિષ્યને આમંત્રીને કહે છે કે - (૧) અધમ કાળમાં કાળના દોષથી પ્રકર્ષથી ઉદાર ભોગની અપેક્ષાથી જીવવું પ્રાણીને દુષ્કર છે. રાજા આદિને પણ અનેક દુઃખો પડે છે. ઉદાર ભોગ રહિતતાથી વિડંબના પ્રાયઃ કુગતિ હેતુ બને છે, તો ગૃહસ્થાશ્રમ વાળાએ તો વારંવાર વિચારવું જોઈએ.

(૨) ગૃહસ્થના કામ ભોગ દુઃષમ કાળમાં અતિ તુચ્છ, ફોતરા જેવા અસાર અને અલ્પકાલીન હોય છે. મદન કામ પ્રધાન શબ્દાદિ વિષયો પરિણામે કટુ વિપાકી છે, દેવ જેવા નથી, એવા ગૃહાશ્રમથી શો લાભ ? તેમ વિચારે.

(૩) દુઃષમ કાળમાં મનુષ્યો પ્રાયઃ ઘમાં કપટી છે. વિશ્વાસ રાખવા લાયક નથી, વિશ્વાસ રહિતને સુખનો અંશ પણ ક્યાંથી હોય ? માયા બંધ હેતુત્વથી દારુણ બંધ થાય, એવા ગૃહાશ્રમને શો લાભ ? તેમ વિચારે.

(૪) આ દુઃખ ચિરકાળ રહેનારું નથી. કયું દુઃખ ? સાધુપણું પાળતા શરીર અને મનનું દુઃખ જે પરીષહથી આવે છે તે. વેદનીય કર્મ દૂર થતાં સંયમ રાજ્ય પ્રાપ્ત થતાં સુખ મળશે. જો થોડા દુઃખ માટે સંયમને છોડી દઈશ તો મહાન દુઃખ નરકમાં ભોગવવા પડશે, તેમ વિચારે.

(૫) દીક્ષા લીધેલાને ધર્મના પ્રભાવથી રાજા આદિ અભ્યુત્થાન આદિ દ્વારા પૂજે છે. જો દીક્ષા છોડીશ તો પેટ ભરવા તથા પાપ છુપાવવા માટે સામાન્ય માણસની પણ ખુશામત કરવાનો પણ વખત આવશે. અધર્મી રાજા દેશમાં બળજબરીથી વેઠ કરાવતાં સખત મજુરી કરવી પડે છે.

(૬) ઉલટી કરેલા આહારને કુતરા કે શિયાળાદિ અધમ પ્રાણી ખાય છે. તેમ દીક્ષા લીધા પછી ફરી ભોગો ભોગવાતા લોકમાં નિંદ્ય થાય છે.

(૭) નરક, તિર્યંચ રૂપ અધોગતિમાં વસવાના કર્મ બંધાય છે.

(૮) ગૃહસ્થાવાસમાં પ્રમાદને લીધે ધર્મ આદરવો ઘણો દુર્લભ છે. પુત્ર, સ્ત્રી, મિત્ર આદિ બધું ફાંસારૂપ છે, માટે ગૃહવાશ કહ્યો. સ્નેહનું બંધન અનાદિ ભવ અભ્યાસથી મોહનું કારણ છે, તેમ વિચારવું.

(૯) સદ્યોઘાતી આતંક અને વિષૂચિકાદિ રોગ ધર્મબંધુ રહિત ગૃહસ્થને વિનાશને માટે થાય છે. આ વધ અનેકના વધનો હેતુ થાય છે.

(૧૦) ઇષ્ટ - અનિષ્ટ વિયોગ - પ્રાપ્તિ જ માનસ આતંક તે ગૃહસ્થને હોય. તથા તેવી ચેષ્ટાના યોગથી મિથ્યા વિકલ્પના અભ્યાસથી વધાર્થે થાય.

(૧૧) ગૃહાશ્રમ કૃષિ, વાણિજ્યાદિ કલેશકારી છે, પંડિતો વડે ગર્હિત છે. શીત, ઉષ્ણ, શ્રમ, તથા ઘી, મીઠું આદિની ચિંતામાં પડવું પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૨) તેના કરતાં દીક્ષા ઉપકલેશ રહિત છે, અનારંભીને કુચિંતા હોતી નથી, વિદ્વાનોએ સાધુપણાને પ્રશંસેલ છે, તે વિચારવું.

(૧૩) ગૃહવાસ એ કોશીટાના કીડાની માફક બંધરૂપ છે.

(૧૪) સાધુપણું નિરંતર કર્મના બંધનથી વિમુક્તવત્ છે.

(૧૫) ગૃહવાસ સાવધ છે - પ્રાણાતિપાતાદિ પ્રવૃત્તિ યુક્ત છે.

(૧૬) સાધુપણું અહિંસાદિના પાલનત્વથી નિરવધ છે, તે વિચારે.

(૧૭) ગૃહસ્થના કામભોગો ચૌરાદિવત્ અતિ જન - સાધારણ છે.

(૧૮) પુન્ય - પાપ પ્રત્યેકે પ્રત્યેકના પોતાના છે, તે ભોગવવા જ પડે છે. પાપના કારણમાં વિચારતા - મન, વચન, કાયાથી અનેક પ્રકારે જ્ઞાનાવરણીય આદિ દુ:ખરૂપ કર્મો બંધાય છે, પૂર્વ જન્મે બાંધેલ, પ્રમાદ - કષાય - દુશ્ચરિત જનિત, મિથ્યાત્વ - અવિરતિ - જનિત તે દુષ્પરાક્રાંત, ઇત્યાદિ - x - x - x - આવા કર્મો વેદીને જ પછી મોક્ષ થશે. વેધા વિના મોક્ષ ન મળે આના દ્વારા સર્વ કર્મના છેદથી જ મોક્ષ થાય, તે જણાવ્યું.- x - x - અથવા અનશન અને પ્રાયશ્ચિત્તાદિથી કે વિશિષ્ટ ક્ષાયોપશમિક શુભ ભાવરૂપ તપથી કર્મનો વિનાશ થાય છે. - x - x - તપોનુષ્ઠાન જ શ્રેય છે.

ઉક્ત અઢાર સ્થાનના સંગ્રહ માટે અહીં શ્લોક છે -

● સૂત્ર - ૫૦૭ થી ૫૧૪ -

*(૫૦૭) જ્યારે અનાર્ય - સાધુ ભોગોને માટે ચારિત્ર ધર્મને છોડે છે, ત્યારે તે ભોગોમાં મૂર્છિત બનેલો અજ્ઞ પોતાના ભાવિને સમ્યક્ સમજતો નથી.*

*(૫૦૮) જ્યારે કોઈ સાધુ ઉત્પ્રવ્રજિત થાય છે, ત્યારે તે બધાં ધર્મોથી પરિભ્રષ્ટ થઈને એવી રીતે પસ્તાવો કરે છે, જે રીતે આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકના વૈભવથી ચ્યુત થઈને પૃથ્વી ઉપર પડેલો ઇંદ્ર.*

*(૫૦૯) જ્યારે સાધુ પ્રવ્રજિત હોય ત્યારે વંદનીય હોય છે, તે જ સંયમ છોડીને અવંદનીય થઈ જાય છે, ત્યારે તે એ જ પ્રકારે પસ્તાવો કરે છે, જે રીતે પોતાના સ્થાનથી ચ્યવેલ દેવ.*

*(૫૧૦) પ્રવ્રજિત સ્થિતિમાં સાધુ પહેલાં પૂજ્ય હોય છે. તે જ પછી ઉત્પ્રવ્રજિત થઈને અપૂજય થઈ જાય છે, ત્યારે તે રાજ્યથી ભ્રષ્ટ થયેલ રાજાની જેમ પરિતાપ કરે છે.*

*(૫૧૧) પ્રવ્રજિત સ્થિતિમાં પહેલા સાધુ માનનીય હોય છે, તે જ ઉત્પ્રવ્રજિત થઈને અમાનવીય થઈ જાય છે, ત્યારે કર્બટમાં નજર કેદ કરાયેલ શેઠની માફક પસ્તાવો કરે છે.*

*(૫૧૨) ઉત્પ્રવ્રજિત વ્યક્તિ યૌવનવય વ્યતીત થઈ જતાં જ્યારે વૃદ્ધ થઈ જાય છે, ત્યારે કાંટાને ગળી ગયેલા મત્સ્યની જેમ પસ્તાવો કરે છે.*

*(૫૧૩) ઉત્પ્રવ્રજિત વ્યક્તિ દુષ્ટ કુટુંબની કુત્સિત ચિંતાઓથી પ્રતિહત થાય છે, ત્યારે તે બંધનમાં બદ્ધ હાથીની જેમ પસ્તાવો કરે છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***(૫૧૪) પુત્ર અને સ્ત્રીથી ઘેરાયેલો, મોહની પરંપરાથી વ્યાપ્ત તે ઉત્પ્રવ્રજિત થયા પછી કાદવમાં ફસાયેલા હાથીની જેમ પરિતાપ કરે છે.***

**● વિવેચન - ૫૦૭ થી ૫૧૪ -**

આ પ્રમાણે અઢાર સ્થાનો સમજાવવા છતાં સાધુ ચારિત્ર ધર્મ ત્યજી દે, તે અનાર્ય - મ્લેચ્છ ચેષ્ટાવાળો, શા માટે ? શબ્દાદિ ભોગના નિમિત્તે, તો તે ધર્મત્યાગી તે ભોગમાં મૂર્છિત અજ્ઞાની આગામી કાળે સૂત્રાર્થને સમ્યક્ રીતે જાણી શકતો નથી. આ જ વાતને દર્શાવે છે -

ઉત્પ્રવ્રજિત - સંયમ સુખ વિભૂતિથી ભ્રષ્ટ થાય છે. કોની જેમ ? જેમ ઇંદ્રાસનથી ભ્રષ્ટ થયેલ ઇંદ્ર પૂર્વેનું સુખ વિચારતા પસ્તાય છે - x - x - ક્ષાંતિ આદિ સર્વ ધર્મોના આસેવન કરવા છતાં જ્યારે પ્રતિજ્ઞા પાલન કરતો નથી, ત્યારે લૌકિકથી અથવા ગૌરવાદિથી પરિભ્રષ્ટ થાય છે. પતિત થયેલો એવો તે કંઈક મોહ શાંત થતા, મેં આવું અકાર્ય કેમ કર્યું એ પ્રમાણે પસ્તાવો કરે છે.

જ્યારે શ્રમણ પર્યાયમાં હોય ત્યારે રાજા આદિને વંદ્ય હોય છે, પણ પછી દીક્ષા છોડીને, કોઈ ઇંદ્રએ કાઢી મૂકેલ સ્થાન ભ્રષ્ટ દેવીની જેમ પસ્તાય છે. તથા દીક્ષામાં હોય ત્યારે શ્રામણ્યના સામર્થ્યથી લોકો દ્વારા વસ્ત્ર, ભોજનાદિથી પૂજ્ય હોય છે, પણ દીક્ષા છોડીને, જેમ રાજ્યથી ભ્રષ્ટ રાજા ભોગથી રહિત બનીને પસ્તાય તેમ તે પસ્તાય છે.

પહેલાં તે માનનીય હતો, શીલના પ્રભાવે બધાં અભ્યુત્થાનાદિ કરતા હતા પણ પછી દીક્ષા છોડતા અમાન્ય થાય ત્યારે મહાક્ષુદ્ર સંનિવેશમાં કેદ શ્રેષ્ઠીની જેમ પરિતાપને અનુભવે છે.

જ્યારે તે સંયમ તજેલો વયના પરિણામથી વૃદ્ધ થાય છે, યૌવન વીતી જાય છે, ત્યારે ભોગોના કટુ વિપાકથી, લોહકંટકથી વિંધાયેલા મત્સ્યની જેમ તે પાછળથી પરિતાપ અનુભવે છે.

જેમ છુટ્ટો હાથી સાંકળે બંધાવાથી પસ્તાય છે, તેમ સાધુ ભ્રષ્ટ થઈ ઘેર જતાં ખરાબ કુટુંબને સમજાવતા શાંત ન થાય તો પસ્તાય છે.

વિષયસેવન માટે સાધુપણું છોડીને સ્ત્રી અને પુત્ર ઉપર મોહ વધતાં, ગૃહસ્થની ધર્મક્રિયા પણ ભૂલી જતાં, કાદવમાં ખુંચેલા વન્ય હાથી માફક પસ્તાય છે. કે એરેરે ! મેં આ કેવું મૂર્ખ કૃત્ય કર્યું ?

**● સૂત્ર - ૫૧૫ થી ૫૨૦ -**

***(૫૧૫) જો હું ભાવિતાત્મા અને બહુશ્રુત થઈને જિનોપદિષ્ટ શ્રામણ્ય પર્યાયમાં રમણ કરત તો આજે હું ગણિ - આચાર્ય હોત.***

***(૫૧૬) સંયમરત મહર્ષિને માટે મનુ પર્યાય દેવલોક સમાન છે. જે સંયમમાં રત થતાં નથી, તેને મહા નરક સમાન થાય છે. તેથી -***

***(૫૧૭) મુનિ પર્યાયમાં રત રહેનારનું સુખ દેવો સમાન ઉત્તમ જાણીને તથા રત ન રહેનારનું દુઃખ નરકસમાન તીવ્ર જાણીને પંડિતમુનિ મુનિ***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***પર્યાયમાં જ રમણ કરે.***

***(૫૧૮) જેની દાઢાઓ કાઢી લેવાઈ હોય તે ઘોર વિષધરની સાધારણ અજ્ઞાની જન પણ અવહેલના કરે છે, તેમ ધર્મભ્રષ્ટ, શ્રામણ્યલક્ષ્મી રહિત, બુઝેલ યજ્ઞાગ્નિ સમાન નિસ્તેજ અને દુર્વિહિત સાધુને કુશીલો પણ નિંદે છે.***

***(૫૧૯) શ્રમણ ધર્મથી ચ્યુત, અધર્મસેવી અને ચારિત્રને ભંગ કરનાર, આ લોકમાં જ અધર્મી કહેવાય છે, તેમનો અપયશ અને અપકીર્તિ થાય છે, સામાન્ય લોકોમાં પણ દુર્નામ થાય છે, અંતે તેની અધોગતિ થાય છે.***

***(૫૨૦) તે સંયમભ્રષ્ટ સાધુ આવેશપૂર્ણ ચિત્તથી ભોગ ભોગવીને તથાવિધ ઘણાં અસંયમ કૃત્યો સેવીને દુઃખપૂર્ણ અનિષ્ટ ગતિમાં જાય છે, વારંવાર જન્મ-મરણ કરવા છતાં તેને બોધિ સુલભ થતી નથી.***

**● વિવેચન - ૫૧૫ થી ૫૨૦ -**

કોઈ બુદ્ધિમાન સાધુ દીક્ષા છોડીને આ પ્રમાણે પરિતાપ કરે છે - જો હું આજ સુધી સાધુ હોત તો આચાર્ય હોત, પ્રશસ્ત યોગ ભાવનાથી બહુશ્રુત - બહુ આગમયુક્ત થાત. અહીં જનિદેશિત શબ્દથી તીર્થંકર જ લેવા.

દીક્ષા છોડવા ઇચ્છતાના સ્થિરીકરણાર્થે કહે છે - સારા સાધુનો દીક્ષા પર્યાય દેવલોક સમાન છે. કેમકે દેવલોકમાં પ્રેક્ષણાદિમાં લીન થઈને નિશ્ચિત બેઠા છે. તેમ સાધુ સ્થિર મનથી પડિલેહણાદિ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે. પણ જે અસ્ત છે - ભાવથી સમાચારીમાં અશક્ત છે. વિષયાભિલાષી અને ભગવંતના વેશના વિડંબક છે, ક્ષુદ્રસત્ત્વ છે. તેમને સાધુપણું રૌરવાદિ તુલ્ય મનના અતિશય દુઃખથી ભયકારી લાગે છે.

ઉપસંહાર કરતાં આનું નિગમન કહે છે - પૂર્વે કહ્યા મુજબ દેવતા પ્રમાણે સાધુના પ્રશમાદિ ગુણોનું સુખ ચારિત્ર પર્યાયમાં રક્ત અને પડિલેહણાદિ ક્રિયામાં યત્ન કરનારને સુખરૂપ છે. અને ચારિત્રમાં અરતિ કરનારને નરક તુલ્ય છે, તેથી આલોક - પરલોકમાં ઘણાં સુખ-દુઃખ વિચારીને પંડિત પુરુષે નિરંતર ચારિત્ર પર્યાયમાં રમણતા કરવી.

ચારિત્ર પર્યાયથી ચ્યુત થનારના ઐહિક દોષ કહે છે - શ્રમણધર્મથી ચ્યુતને તપોલક્ષ્મી નાશ પામે, બુઝાયેલ અગ્નિવત્ તે ભ્રષ્ટ સાધુ ઝાંખા લાગે છે, લોકો તેની હીલના કરે છે ઇત્યાદિ - x -.

એ પ્રમાણે ભ્રષ્ટ શીલના હવે ઉભય લોકના દોષોને બતાવે છેઃ- આ લોકમાં જ અધર્મ, અપયશ અને અપકીર્તિ થાય છે. લોકો કહે છે કે આનું નામ પણ લેવા યોગ્ય નથી. તુચ્છ માણસો પણ આવું કહે તો ઉત્તમ લોકોનું તો કહેવું જ શું ? ઉત્પ્રવ્રજિત થયા પછી સ્ત્રી આદિ નિમિત્તે છકાય જીવની હિંસા કરનારા થાય છે. ખંડિત ચારિત્રને કારણે ક્લિષ્ટ કર્મ બાંધે છે. અને નરકમાં જાય છે.

આના જ વિશેષ અપાયોને કહે છે - તે ઉત્પ્રવ્રજિત શબ્દાદિ ભોગો ભોગવીને, ધર્મ નિરપેક્ષતાથી પ્રગટ ચિત્તે અજ્ઞોચિત અધર્મ ફળને કરીને કૃષિ આદિ આરંભરૂપ અધર્મ, અસંતોષી થઈને, મરીને અનિષ્ટ ગતિને પામે છે. જિનધર્મની પ્રાપ્તિ પણ તેને દુર્લભ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**● સૂત્ર - ૫૨૧ થી ૫૨૪ -**

***(૫૨૧) દુઃખથી યુક્ત અને ક્લેશમય મનોવૃત્તિવાળા આ જીવનું નરક સંબંધી પલ્યોપમ અને સાગરોપમ આયુ પણ સમાપ્ત થઈ જાય છે, તો હે જીવ ! મારું આ મનોદુઃખ તો છે જ કેટલું ?***

***(૫૨૨) મારું આ દુઃખ દીર્ઘકાળ સુધી રહેવાનું નથી. કેમકે જીવોની ભોગતૃષા અશાશ્વત છે. જો તે આ શરીરથી તૃપ્ત ન થઈ, તો મારા જીવનના અંત સમયે તે અવશ્ય મટી જશે.***

***(૫૨૩) જેનો આત્મા આ પ્રકારે નિશ્ચિત હોય છે, તે શરીરને તો છોડી શકે છે, પણ ધર્મશાસન છોડી શકતો નથી. આવા દૃઢપ્રતિજ્ઞને, વેગપૂર્ણ ગતિથી આવતા વાયુથી અવિચલિત મેરુ પર્વતવત્ તેની ઇંદ્રિયો અવિચલિત રહે છે.***

***(૫૨૪) બુદ્ધિમાન મનુષ્ય આ પ્રમાણે સમ્યક્ વિચારી, વિવિધ પ્રકારના લાભ અને તેના ઉપાયોને વિશેષરૂપે જાણીને, ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને જિનવચનનો આશ્રય લે છે, - - તેમ હું કહું છું.***

**● વિવેચન - ૫૨૧ થી ૫૨૪ -**

એ પ્રમાણે છે, તો દુઃખ ઉત્પન્ન થયાં પછી આમ વિચારીને દીક્ષા ન છોડે, તે કહે છે - નરકને પામેલ જીવો - x - એકાંત ક્લેશ પામે છતાં નરકનું પલ્યોપમ કે સાગરોપમ આયુનો પણ ક્ષય કરે છે, તો પછી મને આ સંયમની અરતિથી નિષ્પન્ન મનોદુઃખ કેટલું માત્ર છે ?

વિશેષથી આ જ કહે છે - મને આ સંયમમાં અરતિજનિત દુઃખ લાંબે કાળ રહેવાનું નથી, કેમકે પ્રાયઃ વિષયતૃષ્ણા યૌવનકાળમાં જ રહેનારી છે અથવા વૃદ્ધાવસ્થામાં પણ મનમાં તો આ તૃષ્ણા રહેવાની જ છે, તો પછી ખોટી આકુળતાથી શો લાભ ? મૃત્યુ સાથે તે મટી જ જશે.

આનું જ ફળ કહે છે - જે સાધુનો આત્મા ઉક્ત વિચારણાથી દૃઢ થઈ જાય, તે પોતાના દેહનો ત્યાગ કરશે પણ ધર્માજ્ઞાને નહીં છોડે. તેવા ધર્મમાં નિશ્ચિત સંયમ સ્થાનથી ચલિત થતાં નથી. - x - x -

હવે ઉપસંહાર કરતા કહે છેઃ- આ પ્રમાણે અધ્યયનમાં કહેલ દુષ્પ્રજીવિત્વ આદિને આરંભથી અંત સુધી યથાવત્ વિચારીને સમ્યગ્ બુદ્ધિમાન મનુષ્ય સમ્યગ્ જ્ઞાનાદિનો આય અને તેના સાધન પ્રકાર એવા કાળ, વિનય આદિ ઉપાયોને અનેક પ્રકારે જાણીને, ત્રણ ગુપ્તિ અને યથાપ્રવૃત્તકરણથી ગુપ્ત થઈને અરહંત ઉપદેશમાં યથાશક્તિ ક્રિયાપાલન રત થાય. જેનાથી તે મોક્ષને પામે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**ચૂલિકા - ૧ - નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ◎ ચૂલિકા - ૨ - "વિવિક્તચર્યા" ◎

—— x —— x —— x —— x ——

૦પહેલા ચૂડા અધ્યયનની વ્યાખ્યા કરી, હવે બીજીને કહે છે - આનો ઓઘથી સંબંધ પ્રતિપાદિત કરેલ જ છે. વિશેષ એ છે કે - અનંતર અધ્યયનમાં સીદાતા સાધુનું સ્થિરીકરણ કહ્યું. અહીં વિવિક્તચર્યા કહે છે. તેનો સંબંધ ભાષ્યકાર કહે છે -

**● ભાષ્ય - ૬૩ - વિવેચન -**

ચૂડાનો અધિકાર વિસ્તારથી રતિવાક્ય ચૂડામાં કહ્યો. - x - બીજા ચૂડા અધ્યયનમાં આદાનપદથી "ચૂલિકા" નામ છે. ઇત્યાદિ - x - સૂત્રાલાયકના નિક્ષેપાદિની પ્રસ્તાવાનુસાર સ્પર્શના - કિંચિત્ વ્યાખ્યાદિ રૂપ થાય છે. સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારવું જોઈએ. તે આ પ્રમાણે છે -

**● સૂત્ર - ૫૨૫ થી ૫૨૮ -**

***(૫૨૫) હું તે ચૂલિકાને કહીશ, જે શ્રુત છે, કેવલિભાષિત છે, જેને સાંભળીને પુન્યશાળી જીવોની ધર્મમાં મતિ ઉત્પન્ન થાય છે.***

***(૫૨૬) ઘણાં લોકો અનુસ્રોત - સંસાર સમુદ્રમાં પ્રતિ પ્રસ્થાન કરી રહ્યા છે, પરંતુ જે મુક્ત થવા ઇચ્છે છે, જેને પ્રતિસ્રોત - સંયમ પ્રવામાં ગતિ કરવાનું લક્ષ્ય પ્રાપ્ત થાય છે, તેણે પોતાના આત્માને પ્રતિસ્રોત પ્રતિ લઈ જવો.***

***(૫૨૭) અનુસ્રોત સંસાર છે, પ્રતિસ્રોત તેનો ઉત્તાર છે. સાધારણ સંસારીજનને અનુસ્રોત ચાલવામાં સુખાનુભૂતિ થાય, પરંતુ સુવિહિત સાધુઓને માટે આશ્રવ પ્રતિસ્રોત થાય છે. - તેથી -***

***(૫૨૮) આચાર પાલનમાં પરાક્રમ કરીને તથા સંવરમાં પ્રચુર સમાધિયુક્ત થઈને, સાધુઓએ પોતાની ચર્યા, ગુણો તથા નિયમો પ્રતિ દૃષ્ટિપાત કરવો જોઈએ.***

**● વિવેચન - ૫૨૫ થી ૫૨૮ -**

હું ભાવ ચૂડાને કહીશ - પ્રકર્ષથી અવસરપ્રાપ્ત અભિધાન લક્ષણથી કહીશ. શ્રુત તે કેવલિભાષિત છે. આ ચૂડામાં શ્રુતજ્ઞાન વર્તે છે અને આ કેવલિભાષિત - કેવલિ વડે પ્રરૂપિત છે. વૃદ્ધવાદ આ પ્રમાણે છે -

કદાચિત્ આર્યા વડે અસહિષ્ણુ એવા કુરગડુ પ્રાયઃ સંયતને ચાતુર્માસિકાદિમાં ઉપવાસ કરાવ્યો. તે આરાધનાથી તે મૃત્યુ પામ્યો. હું ઋષિઘાતિકા છું, એમ ઉદ્વિગ્ન થઈને તેણીએ તીર્થંકરને પૂછવા વિચાર્યું. ગુણથી આવર્જિતા દેવી તેણીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ ગઈ. તેણીએ ભગવંતને પૂછ્યું - હું સાધુના મરણથી ઘાતક છું કે નહીં? ભગવંતે તેણીને આ ચૂડા સંભળાવી (જે તેણીએ ગ્રહણ કરી.) તેમાં વિશેષ એટલું કે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ચૂડા સાંભળીને કુશલાનુબંધી પુણ્યયુક્ત પ્રાણીને અચિંત્ય ચિંતામણી સમાન ચારિત્ર ધર્મમાં ભાવથી શ્રદ્ધા ઉપજે છે. આ ચારિત્ર અને ચારિત્રબીજને ઉપજાવે છે તે માટે આ પહેલું સૂત્ર કહ્યું.

આ જ પ્રતિજ્ઞાસૂત્ર છે. આ અધ્યયનમાં ચર્યા ગુણ બતાવે છે. તેની પ્રવૃત્તિમાં મૂળ પાદભૂત આ કહે છે - નદીના પૂરના પ્રવાહમાં પડેલા કાષ્ઠવત્ વિષય રૂપ કુમાર્ગ દ્રવ્યક્રિયા આનુકૂલ્યથી પ્રવૃત્ત તથાવિધ અભ્યાસથી ઘણાં લોકો તથાપ્રસ્થાનથી ઉદધિગામી થાય. દ્રવ્યથી તે જ નદીમાં ક્યારેક દેવતાના નિયોગથી પ્રતિશ્રોત પ્રાપ્તિના લક્ષ્યથી કહ્યું. ભાવથી તો વિષયાદિ વિપરીતપણાથી કેટલાંક સંયમ લક્ષ્યને પામીને પ્રતિસ્રોત - વિષયાદિને દૂર કરીને સંયમ લક્ષ્ય અભિમુખ જ જીવ પ્રવર્તે. સંસાર સમુદ્રમાં પરિહારથી મુક્તપણે સાધુ વડે થવાને માટે પ્રવર્તે. ત્યાં ક્ષુદ્રજન આચરીત કૃત્યોને પોતાના મનમાં પણ ન લાવીને તેનાથી દૂર રહેવું અને આગમ ભણવામાં એક ચિત્તે તત્પર રહેવું. - x - x - x - x - x -

અધિકૃત્ આ ગાથાને સ્પષ્ટ કરતાં હવે કહે છે -

કર્મના બોજથી વિષય સુખમાં લીન થવું. તે નીચી જગ્યામાં જેમ પાણી જાય તેમ જવાનું જ છે, તે અનુશ્રોત કહેવાય છે. તેથી વિપરીત ઇંદ્રિય વિજય તે પરમાર્થ સાધનરૂપ કાયા વચન અને મનનો વ્યાપાર તે આશ્રય વ્રત ગ્રહણ રૂપ ઉત્તમ સાધુને છે. આ સંસાર તે વિષય સુખ છે. તે ભોગવતાં પાછો સંસાર છે. જેમ વિષ એ મૃત્યુ છે માટે તે વિષયની ઇંદ્રિયોને રોકવી તે પ્રતિશ્રોત એટલે સંસારથી બચીને મોક્ષમાં જઈ શકે છે.

આ પ્રમાણે ઇંદ્રિયનો નિરોધ સંસારથી પાર ઉતારનાર છે, એમ સમજીને સાધુએ જ્ઞાનાદિ પંચાચારમાં પરાક્રમ વાપરવું. ઇંદ્રિય નિરોધથ સમાધિ બહુલ મુનિએ પાછા પડવાનું ન થાય, ચારિત્ર નિર્મળ રહે. માટે ભિક્ષુ ભાવના સાધનરૂપ અનિયતવાસ, દ્રવ્યચર્યા પાળવી. મૂળ ગુણ અને ઉત્તર ગુણને યોગ્ય સમયે વિધિ અનુસાર પાળવા, તે ભાવચર્યા છે. તે સાધુઓએ જાણવા યોગ્ય છે. તે સમ્યગ્ જ્ઞાન આસેવન અને પ્રરૂપણારૂપે છે.

**● સૂત્ર - ૫૨૯ થી ૫૩૩ -**

***(૫૨૯) અનિયત વાસ, સમુદાન ચર્યા, અજ્ઞાતકુળોથી ભિક્ષાગ્રહણ એકાંત સ્થાનમાં નિવાસ, અલ્પ ઉપધિ અને કલહ વિવર્જન. આ વિહારચર્યા ઋષિઓને માટે પ્રશસ્ત છે.***

***(૫૩૦) આકીર્ણ અને અવમાન નામક ભોજનું વિવર્જન તથા પ્રાયઃ દૃષ્ટિસ્થાનથી લવાયેલ ભોજન - પાનનું ગ્રહણ ઋષિઓ માટે પ્રશસ્ત છે. ભિક્ષુ સંસૃષ્ટકલ્પથી જ ભિક્ષાચર્યા કરે.***

***(૫૩૧) સાધુ મદ્ય અને માંસનો અભોજી હોય, અમત્સરી હોય,***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*વારંવાર વિગઈઓનું સેવન ન કરનાર હોય, વારંવાર કાર્યોત્સર્ગ કરનારો અને સ્વાધ્યાયને માટે યોગોદ્વહનમાં પ્રયત્નશીલ હોય.*

*(૫૩૨) સાધુ ગૃહસ્થને એવી પ્રતિજ્ઞા ન કરાવે કે આ શયન, આસન, શય્યા, નિષદ્યા, ભોજન - પાન આદિ હું પાછો આવું ત્યારે મને જ આપવા. કોઈ ગામ, નગર, કુળ, દેશ કે કોઈપણ સ્થાનમાં મમત્વ ન કરે.*

*(૫૩૩) મુનિ ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરે, અભિવાદન, વંદન અને પૂજન પણ ન કરે. મુનિ સંક્લેશ રહિત સાધુઓ સાથે રહે, જેથી તેના ચારિત્રાદિ ગુણોની હાનિ ન થાય.*

**● વિવેચન - ૫૨૯ થી ૫૩૩ -**

ચર્યા કહે છે. માસ કલ્પાદિ વડે અનિયત વાસ, ઉદ્યાનાદિમાં વાસ તથા અનેક સ્થાનેથી યાચના કરીને ભિક્ષાર્થે ફરે. વિશુદ્ધ ઉપકરણ ગ્રહણ વિષયક, વિજન એકાંત સેવનાર, સ્તોક ઉપધિ સેવનાર, ત્યાં રહેનારને ભાંડવાનું છોડવું, શ્રવણ - કથન આદિનું પરિવર્જન કરવું.

વિહારચર્યા - વિહરણ સ્થિતિ કે વિહરણ મર્યાદા. આવા પ્રકારની હોય તો સાધુને પ્રશસ્ત છે. તેથી સાધુને ભણવામાં વિક્ષેપ ન થાય અને ભગવંતની આજ્ઞાના પાલનથી ભાવચરણ સાધનથી પવિત્ર છે.

આ સાધુઓની વિહારચર્યા અંગે નિર્યુક્તિકાર કહે છે -

**● નિર્યુક્તિ - ૩૬૯, ૩૭૦ - વિવેચન -**

સાધુની વિહાર ચર્યાનો અધિકાર હોવાથી તે સાધુ કહેવાય છે. તેથી સાધુનો અધિકાર કહેવાય છે. દ્રવ્ય અને ભાવથી વિચાર કરવો, તે દ્રવ્ય અને ભાવ ચર્યાનો નિક્ષેપો છે. ભવ્ય શરીર એ - x - દ્રવ્ય સાધુનું ઉપલક્ષણ છે. દ્રવ્ય નિક્ષેપાનો અધિકાર પૂર્વે આવી ગયો છે. ભાવથી દ્વાર વિચારતા સંયત ગુણને અનુભવનાર ભાવ સાધુ પોતે છે. તેથી આ અધ્યયનમાં ભાવ સાધુનું ઉદ્યાન, આરામ આદિમાં નિવાસથી અનિયત ચર્યા જાણવી. તે પણ વિશિષ્ટ અભિગ્રહ રૂપ એટલે ઉત્કટ આસન આદિથી રહેવું, તે જાણવી. હવે સૂત્રના સ્પર્શથી કહે છે -

વ્યાખ્યા સૂત્ર માફક જાણવી, અવયવનો અનુક્રમ ગાથા ભંગના ભયથી નથી કર્યો, તથા અર્થથી સૂત્રના ઉપન્યાસ માફક જાણવો. ઋષિઓની વિહાર ચર્યા પ્રશંસવા યોગ્ય છે.

આકીર્ણ એટલે જ્યાં રાજાનું કૂળ અથવા સંખડી હોય ત્યાં સાધુએ ન જવું. તે કહે છે - હાથીના પગમાં અફળાવવું, ઘોડાની લાત વગેરેથી સાધુના સંગને નુકસાન થાય. સાધુના ભયથી ભાગી જતાં બીજા જીવોને પીડારૂપ થાય. તેથી ગૌચરીમાં અલાભ થાય અથવા દોષિત આહાર મળે. પ્રાયઃ જોયા વિનાનું ભોજન મળે. તેથી ભાત, ઓસામણ, કાંજી વગેરે જોઈને લેવા, વળી ગૃહસ્થે પોતાના માટે ભોજન લેતા હાથ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરડેલા હોય, તે હાથથી લેવું. સંસૃષ્ટ તે કાચું ગોરસ વગેરેથી વાસણ કે હાથ ખરડાયેલા હોય તો સાધુ લેવા યત્ન કરે આને માટે આઠ ભંગો બતાવેલા છે.- x -

ઉપદેશાધિકારથી જ આ કહે છે:- સાધુએ મદ્ય અને માંસને દુર્ગતિનું કારણ સમજીને છોડી દેવા. (શંકા) કાંજી, છાશ વગેરે પણ સંધાનથી ભાત વગેરે મળેલા છે, તેથી તે પ્રાણીના અંગ હોવાથી ત્યાજ્ય છે. માટે ન ખાવી જોઈએ. (સમાધાન) તમારું કહેવું બરાબર નથી. છાશ પ્રવાહી અને પ્રાણીનું અંગ હોવાથી તે મદ્ય - માંસની તુલના ન પામે. લોકશાસ્ત્રથી પણ તેમ સિદ્ધ થતું નથી. સંધાન અને પ્રાણીના અંગની તુલના યોગ્ય છે, મર્યાદા ઉલ્લંઘન સમાન છે, જેમ સ્ત્રી અને માતા બંને દેખાવમાં સમાન છતાં એક ભોગ્ય છે, બીજી પૂજ્ય છે, તે વિવેક નષ્ટ થઈ જશે. તેમ પ્રાણીનું અંગ તે દુધ, તેની બનેલ છાશ તે માંસની તુલ્ય ન થાય. ઇત્યાદિ - x - સાધુ બીજાનો દ્વેષી ન થાય, વારંવાર વિગઈ ન વાપરે, વિગઈના પરિભોગ માટે કાર્યોત્સર્ગ કરે. સ્વાધ્યાય અને તપમાં પ્રયત્ન કરે, તેમ ન કરે તો ઉન્માદાદિ દોષ લાગે.

માસકલ્પ વગેરે કરીને વિહાર કરતાં, ગૃહસ્થ પાસે એવી પ્રતિજ્ઞા ન કરાવે કે મને આ સ્થાનાદિ વાપરવા આપશો જ. (શું ?) શયન, આસન, શય્યા, નિષધા અથવા તે કાળને આશ્રીને અનુકૂળ ભોજન, જેમકે - ઉનાળો હોય તો ખાંડ ખાજા, દ્રાક્ષનું પાણી વગેરેની જો કબુલાત કરાવે તો મમત્વનો દોષ લાગે. વળી આ ગામમાં, શ્રાવક કુળમાં અથવા અયોધ્યા જેવા નગરમાં મધ્ય દેશ વગેરે એટલે ગામ, કુળ, નગર, દેશ વગેરે સ્થળમાં ક્યાંય પણ મારા પણાનો મોહ ન કરે. પોતાના ઉપકરણાદિમાં પણ મમત્વ ન રાખે.

ઉપદેશ અધિકારથી જ કહે છે - સાધુ ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરે, કારણ કે સાધુ પાસે ગૃહસ્થ સેવા કરાવે તો સાધુનું ચારિત્ર નષ્ટ થાય અને ગૃહસ્થને પણ દોષ લાગે. તેમ સાધુ વસ્ત્રાદિથી પણ સત્કાર ન કરે. જો તેમ કરે તો ઉપરોક્ત દોષો જ લાગુ પડે છે. આ દોષો દૂર કરવાને માટે જ ગૃહસ્થોની સેવા ન કરનારા એવા ઉત્તમ સાધુઓનો સાધુ સંસર્ગ કરે કે જેથી પોતાના મહાવ્રત આદિનું રક્ષણ થાય. જો ગૃહસ્થનો રાખનાર સાધુ સાથે રહે તો સંસારી કૃત્યની અનુમોદનાનું પાપ લાગે. આ પદ ભવિષ્યના વિષય માટે જ છે. જે વખતે પ્રવચન કાળમાં સંક્લિષ્ટ સાધુનો અભાવ છે.

● સૂત્ર - ૫૩૪ થી ૫૪૦ -

***(૫૩૪) કદાચિત્ ગુણોમાં અધિક અથવા ગુણોમાં સમાન નિપુણ સહાયક સાધુ ન મળે તો પાપકર્મોને વર્જિત કરતો, કામભોગોમાં અનાસક્ત રહીને એકલો જ વિચરણ કરે.***

***(૫૩૫) વર્ષાકાળમાં ચાર માસ અને અન્ય ઋતુઓમાં એક માસ રહેવાનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે. તેથી જ્યાં ચાતુર્માસ કે માસકલ્પ કરેલ હોય ત્યાં બીજા વર્ષે ચાતુર્માસ કે માસકલ્પ રહેવું ન જોઈએ. સૂત્રનો અર્થ જે***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*પ્રકારે આજ્ઞા આપે, ભિક્ષુ તે જ પ્રકારે સૂત્રના માર્ગથી ચાલે.*

*(૫૩૬) જે સાધુ રાત્રિના પહેલા અને છેલ્લા પ્રહરમાં પોતાના આત્માનો પોતાના આત્મા દ્વારા સંપ્રેક્ષણ કરે છે કે - મેં શું કરવા યોગ્ય કૃત્ય કરેલ છે ? મારા માટે કયું કૃત્ય બાકી રહેલ છે ? તે કયું કાર્ય છે, જે મારા દ્વારા શક્ય છે, પરંતુ હું પ્રમાદવશ કરતો નથી ?*

*(૫૩૭) શું મારી સ્ખલનાને બીજું કોઈ જુએ છે ? અથવા શું મારી ભૂલને હું સ્વયં જોઉં છું ? અથવા કોઈ સ્ખલના હું તજી નથી રહ્યો ? આ પ્રમાણે આત્માનું સમ્યક્ અનુપ્રેક્ષણ કરતો મુનિ અનાગત કાળમાં કોઈ પ્રકારનો પ્રતિબંધ ન કરે.*

*(૫૩૮) જ્યાં પ્રતિલેખન, પ્રતિક્રમણ આદિ જે ક્રિયાઓમાં પણ કાયાથી, વાણીથી અથવા મનથી પોતાને દુષ્પ્રયુક્ત જુએ, ત્યાં જ તે ક્રિયામાં ધીર સાધક સ્વયં જલ્દી અટકી જાય, જેમ જાતિવાન અશ્વ, લગામ ખેંચતા જ શીઘ્ર અટકી જાય છે.*

*(૫૩૯) જે જિતેન્દ્રિય, ધૃતિમાન, સત્પુરુષના મન, વચન, કાયાના યોગ સદા આવા પ્રકારના રહે છે, તેને લોકમાં પ્રતિબુદ્ધજીવી કહે છે. તે પ્રતિબુદ્ધજીવી જ વાસ્તવમાં સંયમી જીવન જીવે છે.*

*(૫૪૦) સમસ્ત ઇંદ્રિયોને સુસમાહિત કરીને આત્માની સતત રક્ષા કરવી જોઈએ. કેમકે અરક્ષિત આત્મા જન્મ-મરણની પરંપરાને પ્રાપ્ત થાય છે અને સુરક્ષિત આત્મા બધા દુઃખોથી મુક્ત થઈ જાય છે - - તેમ હું કહું છું.*

**● વિવેચન - ૫૩૪ થી ૫૪૦ -**

અસંક્લિષ્ટની સાથે વસવું તેમ કહ્યું. અહીં વિશેષ કહે છે - કદાચ કાળના દોષથી સંયમ અનુષ્ઠાનમાં કુશળ અને પરલોક સાધવામાં તત્પર એવા બીજા કોઈ સંગાથી ન મળે, અર્થાત્ સંગાથી જ્ઞાનાદિ ગુણમાં અધિક હોય કે સમાન પણ હોય કે સહેજ ઓછા ગુણવાળા હોય, પણતે ઉત્તમ કંચન જેવો હોય તેની સોબત કરવી. પણ ત્રણમાં એકે ન મળે, અને જ્યાં ત્યાં ગૃહસ્થના પરિચય કરનાર જોવામાં આવે તો તેમનો સંસર્ગ ન કરતાં અથવા કંટાળી હતાશ ન થતાં પોતે એકલો પણ વિચરે. કેવી રીતે ? તે કહે છે - પાપના કારણ એવા ખરાબ કૃત્યોને છોડીને સૂત્રોક્ત ઉત્તમ આચાર વડે, ઉચિત વિહાર વડે વિચરે. અને ઇચ્છાકામ વગેરે વિષયની વાંછતાથી સંભાળતો વિચરે પણ પાસત્થા વગેરેની કુસંગતિમાં ન રહે. જો રહે તો તેની દુષ્ટતા પણ પોતાને લાગે.

બીજાઓ પણ કહે છે કે - સાપની સાથે વિચરવું સારું, તથા શઠ આત્માવાળા શત્રુ સાથે પણ રહેવું સારું પણ અધર્મયુક્ત ચપળ એવા મૂર્ખ પાપી મિત્રો સાથે રહેવું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તવું તે ઘણું જ ખરાબ છે.

કદાચ સાપ કોપિત થાય, તો મૃત્યુ આપે તથા તલવારવાળા શત્રુઓ લાગ જોઈને મારી નાખે પણ કુમાર્ગે ચાલતા પુરુષની સાથે સોબત કરતાં આલોક પરલોક બંનેમાં હણાવું પડે છે.

પરલોકનું વિરુદ્ધ કાર્ય કરનારને દૂરથી જ તજવા. જે પોતે દુર્ગતિમાં જાય, તે બીજાને હીત કરનારો કેવી રીતે થાય ?

બ્રહ્મ હત્યા, દારૂપાન, ચોરી કરવી, ભણાવનારા ગુરુની સ્ત્રીનો સંગ કરવો વગેરે મહાન પાપ પાપીઓની સોબત કરનારા માણસોને થાય.

૦હવે વિહાર કાલમાન કહે છે - જ્યાં ચોમાસુ કે માસ કલ્પ કરેલ હોય, ત્યાં સાધુએ બીજે વર્ષે ન રહેવું અર્થાત્ બે વર્ષ છોડીને પછી ચોમાસુ કરે. તેથી વધુ શું કહેવું? પણ દરેક રીતે સિદ્ધાંતમાં કહેલાં માર્ગે સાધુ ચાલે, તેમ પૂર્વ અને પછી એ બંનેમાં વિરોધ ન આવે, એવો યુક્તિ એ પ્રમાણ તથા પરમાર્થ સાધનરૂપ ઉત્સર્ગ અપવાદ સહિત જેમ શાસ્ત્રમાં કહેલ હોય. તે પ્રમાણે વર્તે એટલે જરૂર પડતા કારણે રહેવું પડે તો પ્રતિમાસ સાધુ સંથારો, ગૌચરી આદિ બદલતો રહે. તે પ્રમાણે વાંદણા, પ્રતિક્રમણ આદિમાં પણ વિધિસર અનુષ્ઠાન કરતો રહે, પણ લોકહેરીથી ખેદ પામીને મૂકી ન દે. જો મૂકી દે તો આશાતના થાય. આ પ્રમાણે જુદે જુદે સ્થાને વિચરતો આ તેનો ગુણોનો ઉપાય હવે બતાવે છે. -

૦મેં શું કર્યું અને મારે શું કરવાનું છે ? તે મધ્યરાત્રિએ ઉઠીને વિચારવું. ઉંમરના પ્રમાણમાં મારે શું શક્ય છે ? અને તે પ્રમાણે હું કેટલું આચરું છું ? એ બધું શાસ્ત્રરીતીથી વિચારવું. જો તેમ ન કરે તો ગયેલો કાળ ફરીથી આવવાનો નથી.

૦ - તથા - હું કેટલે અંશે સ્ખલિત થયો છું. અને તે મારું વિપરીત વર્તન બીજે કોઈ જુએ છે ? તે જોનારો સ્વપક્ષનો છે કે પરપક્ષનો ? મારો આત્મા પોતે જુએ છે કે નહીં ? વળી મારી સ્ખલના સુધારું છું કે નહીં ? એવું ઉત્તમ આગમમાં કહેલી વિધિઓ સારી રીતે હંમેશાં તપાસતો રહે, તેમ ભવિષ્યકાળના પાપનો પ્રબંધ પણ ન કરે.

૦ કઈ રીતે ? જે સાધુને આ પ્રમાણે ભૂલ કબૂલ કરવાનું એટલે મન, વચન, કાયાથી ધર્મ ઉપધિના પ્રતિલેખન આદિમાં પોતાની ભૂલ થયેલી જુએ, તો ધીરજવાળો થઈને, પોતાની ભૂલ સુધારી લે, જેમ ઉત્તમ જાતિનો સારી ચાલવાળો ઘોડ કોઈ સ્થાને ઠોકર ખાય, પણ તુરંત સાવધાન થઈને પોતાના માલિકને બચાવી લે, તેમ ઉત્તમ સાધુ પોતાની થયેલી ભૂલને સુધારી લે છે.

૦ જે પૂર્વરાત્રિ ઇત્યાદિ અધિકારના ઉપસંહારને માટે કહે છે - જે સાધુને પોતાના હીતની વિચારવાની પ્રવૃત્તિ રૂપ મન, વચન, કાયાનો વેપાર છે, તે સાધુ પોતાની ઇંદ્રિયોને જીતીને સંયમમાં ધૃતિ રાખી પ્રમાદનો જય કરે છે, તે સત્પુરુષની લોકોમાં નિત્ય પ્રશંસા થાય છે. એટલે જ્યારથી તેણે દીક્ષા લીધી, સામાયિક ઉચ્ચર્યુ, તે મરતાં સુધી તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તમ ચારિત્રથી લોકો તેને પ્રતિબુદ્ધ જીવી કહે છે. તે જ સંયમ જીવિતથી જીવે છે.

૦ શાસ્ત્રનો ઉપસંહાર કરતાં ઉપેદશ સર્વસ્વ કહે છે - આત્માને નિશ્ચયથી શક્તિ અનુસાર હંમેશાં પરલોકના અપાયથી બચાવવો જોઈએ. કેવી રીતે ? સ્પર્શન આદિ બધી ઇંદ્રિયોને વિષયમાં કુમાર્ગે જતાં અટકાવીને સમાધિવાળા થવું. જો તે પ્રમાણે આત્માની રક્ષા કરવામાં ન આવે તો જન્મમરણના માર્ગરૂપ સંસારમાં ભ્રમણ કરવું પડે, પણ સૂત્રમાં લખ્યા પ્રમાણે અપ્રમાદપણે આત્માની રક્ષા કરવામાં આવે, તો શરીર અને મનના અનેક પ્રકારના દુઃખોથી મૂકાય છે, જેથી જન્મ મરણ ફરીથી ન થાય, અને એકાંત શ્રેષ્ઠ શાંતિપદની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે સુધર્મા સ્વામી કહે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન - ૧૦ નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શેષ વક્તવ્યતા - કથન

• **નિર્યુક્તિ - ૩૭૧, ૩૭૨ + વિવેચન -**

(૩૭૧) અધ્યયન છ મહિને આર્ય મનકે ભણ્યું. છ માસના પર્યાયથી તે સમાધિપૂર્વક કાળ પામ્યા.

(૩૭૨) શચ્યંભવસૂરિએ આંખથી આનંદના અશ્રુ મૂક્યાં ત્યારે યશોભદ્ર સ્વામીએ પૂછ્યું. શચ્યંભવસૂરિએ વિચારણા કથન કર્યું.

આર્ય મનકે આ અધ્યયનને છ માસે ભણ્યું. આર્ય - ત્યાગવા યોગ્ય પાસેથી શીઘ્ર દૂર થાય તે. 'મનક' એ મુનિનું નામ છે. તેમનું આયુ દીક્ષા લીધા પછી છ માસ હતુ. તેટલામાં આ સૂત્ર ભણીને આગમોક્ત વિધિથી શુભલેશ્યાના ધ્યાન વડે સ્વર્ગવાસ પામ્યા. જેમ મનક મુનિએ દશવૈકાલિક સૂત્ર ભણી આરાધના કરી તેમ બીજાઓને પણ તે ભણવાથી આરાધના થાઓ.

જ્યારે તેનું મરણ થયું ત્યારે મનક મુનિના ગુરુ શચ્યંભવ સૂરિએ આંખમાંથી આંસુ મૂક્યા કે તેણે સારી રીતે સૂત્ર આરાધના કરી. ગુરુની આંખના આંસુ જોઈને તેમના પ્રધાન શિષ્ય યશોભદ્રસૂરિએ પૂછ્યું કે સાધુને રાગ ન હોય છતાં એક શિષ્યના મરણથી આપને આવો સંસારને સ્નેહ કેમ ? ગુરુએ કહ્યું, આ ગૃહસ્થપણાનો મારો પુત્ર છે. તેણે સારી રીતે આરાધના કરી તેથી મને હર્ષના આંસુ આવ્યા છે. બધાં શિષ્યોને પસ્તાવો થયો કે - આપે અમને પહેલાં કેમ ન કહ્યું ? જો કહ્યું હોત તો તમે બધાં સેવા ન કરાવત, તો તેને વૈયાવચ્ચનો લાભ ન મળત.

આ દશવૈકાલિક સૂત્ર તેના છ માસના અલ્પ આયુ માટે મેં ઉદ્ધરેલ છે. તે વખતે સંઘે જાણ્યું. ભવિષ્યમાં પડતાં કાળમાં ઘણાં જીવોને આ ટુંકામાં સારવાળું સૂત્ર લાભકારક થશે, તેથી સૂત્રને કાયમ રહેવા દો. એ પ્રમાણે સંઘે ગુરુને પ્રાર્થના કરી.

અનુગમ કહ્યો. હવે નયો કહે છે. તે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ સૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત ભેદથી સાત નયો સામાન્યથી છે. તેનું સ્વરૂપ આવશ્યકમાં બતાવેલ છે, ત્યાંથી જાણવું.

અહીં સ્થાન ખાલી ન રહે તે માટે પૂજ્યપાદ હરિભદ્રસૂરિજીએ સંક્ષેપથી જણાવતાં જ્ઞાનનય અને ક્રિયાનયનું વિવરણ કરેલ છે.

(અમે અમારા અનુવાદમાં આ જ્ઞાનનય, ક્રિયાનય, બંનેનો સમન્વય ઇત્યાદિ બધાં વિષયનો અનુવાદ છોડી દીધેલ છે.)

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શ્રી દશવૈકાલિક સૂત્રનો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## 卐 ભાગ - ૩૬-મો પૂર્ણ 卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
| --- | --- |
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org